**અર્થ**:–કામધેનુ, કલ્પવૃક્ષ અને ચિંતામણિ જેવી ચીજો ખોટી હોવા છતાં મેં તેના ઉપર આસકિત કરી—તે મેળવવા પ્રયાસ કર્યો; પરંતુ પ્રત્યક્ષ સુખ આપી શકનાર જૈનધર્મને વિષે મેં આસકિત ન કરી; હે પ્રભુ ! મારી મૂર્ખાઈ તો જુઓ ! ! !

## વિપર્યાસ બુદ્ધિ.

**सद्भोगलीला न च रोगकीला,**
**धनागमो नो निधनागमश्च ।**
**दारा न कारा नरकस्य चित्ते,**
**व्यचिंति नित्यं मयकाऽधमेन ॥ २० ॥**

મેં ભોગ સારા ચિંતવ્યા તે રોગ સમ ચિંત્યા નહિ,
આગમન ઇચ્છયું ધનતણું પણ મૃત્યુને પ્રીછયું નહિ;
નહિ ચિંતવ્યું મેં નર્ક કારાગ્રહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશામહીં ભય માત્ર હું ભુલી ગયો.

**અર્થ**:–મારા અંતરમાં સુંદર ભોગને મેં અધમે ચિંતવ્યા, પરંતુ રોગની ખાણ તરીકે તેની મેં ચિંતવના ન કરી, ધન પ્રાપ્તિનો મેં વિચાર કર્યો, પરંતુ તે મૃત્યુને બોલાવવા જેવું છે તે ભૂલી ગયો; સ્ત્રીઓનો ઉહાપોહ કર્યો, પરંતુ તે નરકનું બંદીખાનું છે તેનું ભાન મને અધમને કદિ પણ ન થયું.

## મારા જન્મની નિષ્ફળતા.

**स्थितं न साधोर्हृदि साधुवृत्तात्,**
**परोपकारान्न यशोऽर्जितं च ।**
**कृतं न तीर्थोद्धरणादिकृत्यं**
**मयामुधा हारितमेव जन्म ॥ २१ ॥**

હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારના યશ પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થના ઉદ્ધાર આદિ કોઈ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે આ લક્ષ ચોરાશીતણા ફેરા ફર્યા.

**અર્થ**:–સારા વર્તનથી ઉત્તમ પુરૂષના હૃદયમાં મેં સ્થાન ન મેળવ્યું, બીજાનું ભલું કરી મેં કીર્તિ પણ પ્રાપ્ત ન કરી, તીર્થોદ્ધારાદિક કાર્યો પણ મેં ન કર્યા, મેં તો મારો જન્મ વ્યર્થ ગુમાવ્યો ! !

## સંસારસમુદ્રનો પાર ઉતારવા માટે સાધનનો અભાવ.

वैराग्य रंगो न गुरुदितेषु,
न दुर्जनानां वचनेषु शांतिः ।
नाऽध्यात्मलेशो मम कोऽपि देव.
तार्यः कथंकारमयं भवाब्धिः ॥ २२ ॥

ગુણ વાણીમાં વૈરાગ્યકેરો રંગ લાગ્યો નહિ અને,
દુર્જનતણાં વાકયો મહીં શાંતિ મળે કયાંથી મને?
તરૂં કેમ સંસાર આ અધ્યાત્મ તો છે નહિ જરી,
તુટેલ તળીયાનો ઘડો જળથી ભરાયે કેમ કરી ?

**અર્થ**:–ગુરૂમહારાજનાં વચનથી મારા મનમાં વૈરાગ્યનો રંગ જામ્યો નહિ, તેમજ દુર્જનનાં વાકયો સાંભળી હું શાંતિ રાખી શકયો નહિ; હે દેવ ! અધ્યાત્મ જ્ઞાન જેવું તો મારામાં જરા પણ છેજ નહિ, ત્યારે આ સંસારસમુદ્ર મારાથી કેવી રીતે તરી શકાશે ?

## ભૂત, વર્તમાન તથા ભવિષ્ય ત્રણે જન્મ હું તો હાર્યો !!

**पूर्वे भवेऽकारि मया न पुण्य-**
**मागामिजन्मन्यपि, नो करिष्ये ।**
**यदीद्रशोऽहं मम तेन नष्टा,**
**भुतोदूभवद्भाविभवत्रयीश ॥ २३ ॥**

મેં પરભવે નથી પુણ્ય કીધું ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો કયાંથી થશે હે નાથજી;
ભૂત ભાવીને સાંપ્રત ત્રણે ભવ નાથ હું હારી ગયો,
સ્વામિ ત્રિશંકુ જેમ હું આકાશમાં લટકી રહ્યો.

**અર્થ**:–આગલા ભવમાં મેં કાંઈ પુણ્ય કર્યું નહિ; તેમ હવે ભવિષ્યમાં કરી શકીશ પણ નહિ; હે ત્રણ જગતના નાથ ! હું તો આવો હોઈને મારા ભૂત વર્તમાન તથા હવે પછીના બધા જન્મો વ્યર્થ ગયા–નાશ પામ્યા (પૂર્વ ભવે પુણ્ય કર્યું હોત તો અહીં ધર્મ કરી શકત. અહીં ધર્મ કરત તો આગળના ભવમાં સારી સામગ્રી મળત, તેથી ત્યાં પણ ધર્મ કરી શકત; આમ ન થવાથી મારા તો ત્રણે ભવ બગડ્યા.)

## પ્રભુનું સર્વજ્ઞત્વ સુચન.

किं वा मुधाऽहं बहुधा सुधाभुक्-
पूज्य त्वगग्रे चरितं स्वकीयं ।
जल्पामि यस्मात् त्रिजगत्स्वरुप-
निरुपकस्त्वं कियदेतदत्र ॥ २४ ॥

અથવા નકામું આપ પાસે નાથ શું બકવું ઘણું,
હે દેવતાના પૂજ્ય ! આ ચારિત્ર મુજ પોતાતણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું તો માહરૂ શું માત્ર આ ?
જ્યાં કોઇનો હિસાબ નહિ ત્યાં પાઈનીતો વાત કર્યાં.

**અર્થ**:–દેવોને પૂજવા યોગ્ય હે પ્રભુ ! મારૂં ચારિત્ર આપની સન્મુખ હું આથી વધારે નકામું કેટલુંક કહું ? કારણ કે આપતો ત્રણ જગતનાં સત્ય સ્વરૂપને પ્રત્યક્ષ દેખી શકો છો, તો પછી મારૂં ચારિત્ર આપ જાણો તેમાં તો શું નવાઈ ?

## છેલ્લી આંતરિક વિજ્ઞપ્તિ.

दीनोद्धारधुरंधरस्त्वदपरो नास्ते मदन्यः कृपा-
पात्रं नात्र जने जिनेश्वर तथाप्येतां न याचे श्रियम् ।
किंत्वर्हन्निदमेव केवलमहो सद्बोधिरत्नं शिवम् ।
श्रीरत्नाकरमंगलै कनिलय श्रेयस्करं प्रार्थये ॥ २५ ॥

તમારાથી ન સમર્થ અન્ય દીનનો ઉદ્ધારનારો પ્રભુ,
મ્હોરાથી નહિ અન્યપાત્ર જગમાં જોતાં જડે હે વિભુ;
મુક્તિ મંગળસ્થાન તોય મુજને ઇચ્છા ન લક્ષ્મીતણી,
આપો સમ્યગરત્ન શ્યામ જીવને તો તૃપ્તિ થાયે ઘણી.

**અર્થ**:–હે જિનેશ્વર ! આપના જેવો રંકને ઉદ્ધારનાર કોઈ પ્રભુ નથી, તેમ મારા જેવું કૃપાનું પાત્ર પણ કોઇ નથી; તો પણ હું કાંઈ આપની પાસેથી ધન માગતો નથી; પરંતુ મોક્ષરૂપી લક્ષ્મીનાં સમુદ્ર સમાન તથા મંગળમય એક સ્થાન એવા હે જિનેશ્વર પ્રભુ ! હું તો ફક્ત સર્વ શ્રેયઃસાધક સમ્યક્ત્વરત્નનીજ પ્રાર્થના કરું છું.

# સમાપ્ત.

# શ્રી પુન્ય પ્રકાશનું સ્તવન.

## દુહા.

સકલ સિદ્ધિ દાયક સદા ।। ચોવિશે જીનરાય ।। સહ-
ગુરૂ સામિની સરસતી ।। પ્રેમે પ્રણમું પાય ।। ૧ ।। ત્રિભુ-
વનપતિ ત્રિશલા તણો ।। નંદન ગુણ ગંભીર ।। શાસન
નાયક જગ જયો ।। વર્ધમાન વડવીર ।। ૨ ।। એક દિન
વીર જીણંદને ।। ચરણે કરી પ્રણામ ।। ભવિક જીવના હિત
ભણી ।। પુછે ગૌતમ સ્વામિ ।। ૩ ।। મુક્તિ માર્ગ આરા-
ધીએ ।। કહો કિણ પરે અરિહંત ।। સુધા સરસ તવ વચન
રસ ।। ભાખે શ્રી ભગવંત ।। ૪ ।। અતિચાર ઓળોઇએ ।।
વ્રત ધરીએ ગુરૂ સાખ ।। જીવ ખમાવો સયળ જે ।। ચોનિ
ચોરાશી લાખ ।। ૫ ।। વિધિશું વળી વોસરાવિએ ।। પાપ
સ્થાન અઢાર ।। ચાર શરણ નિત્ય અનુસરો ।। નિંદો દુરિ-
તાચાર ।। ૬ ।। શુભ કરણી અનુમોદીએ ।। ભાવ ભલો મન
આણ ।। અણસણ અવસર આદરી ।। નવપદ જપો સુજાણ
।। ૭ ।। શુભ ગતિ આરાધન તણા ।। એ છે દશ અધિ-
કાર ।। ચિત્ત આણીને આદરો ।। જેમ પામો ભવ પાર ।।૮।।

## ।। ઢાળ ૧ લી ।।

## ।। એ છિંડી કીહાં રાખી ।। એ દેશી ।।

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ ।। એ પાંચે આ-
ચાર ।। એહ તણા ઇહિ ભવ પરભવના ।। આળોઇએ અતિ-

ચાર રે ।। પ્રાણી જ્ઞાન ભણેા ગુણ ખાણી ।। વીર વદે એમ વાણી રે પ્રા૦ ।।૧।। એ આંકણી ।। ગુરૂ એાળવીએ નહિ, ગુરૂ વિનયે ।। કાળે ધરી બહુ માન ।। સૂત્ર અર્થ તદુભય કરી સૂધાં ।। ભણીએ વહી ઉપધાન રે ।। પ્રા૦ ૨ ।। જ્ઞાનેા પગરણ પાટી પેાથી ।। ઠવણી નેાકારવાળી ।। તેહ તણી કીધી આશાતના ।। જ્ઞાન ભક્તિ ન સંભાળીરે ।। પ્રા૦ ૩ ।। ઇત્યાદિક વિપરીતપણાથી ।। જ્ઞાન વિરાધ્યું જેહ ।। આભવ પરભવ વળી રે ભવેા ભવ ।। મિચ્છા દુક્કડં તેહ રે ।। પ્રા૦ ૪ ।। સમકિત લ્યેા શુદ્ધ જાણી ।। વીર વદે એમ વાણી રે ।। પ્રા૦ ।। સ૦ ।। જિન વચને શંકા નવિ કીજે ।। નવિ પરમત અભિલાખ ।। સાધુતણી નિંદા પરિહરજો ।। ફળ સંદેહ મ રાખ રે ।। પ્રા૦ ।। ૫ ।। મૂઢપણું છંડેા પરશંસા ।। ગુણવંતને આદરીએ ।। સામીને ઘરમે કરી થીરતા ।। ભક્તિ પ્રભાવના કરીએ રે ।। પ્રા૦ ।। સ૦ ।। ૬ ।। સંઘ ચૈત્ય પ્રાસાદ તણેા જે ।। અવર્ણવાદ મનલેાખ્યેા ।। દ્રવ્ય દેવકેા જે વિણસાંડયેા ।। વિણસંતાં ઉવેખ્યેા રે ।। પ્રા૦ ।। સ૦ ।। ૭ ।। ઇત્યાદિક વિપરીતપણાથી ।। સમકિત ખંડયું જેહ ।। આભવ૦ ।। મિચ્છા૦ પ્રા૦ ।। ૮ ।। ચારિત્ર લ્યેા ચિત્ત આણી ।। પાંચ સુમતિ ત્રણ ગુપ્તિ વિરાધી ।। આઠે પ્રવચન માય ।। સાધુતણે ઘરમે પરમાદે ।। અશુદ્ધ વચન મન કાય રે ।। પ્રા૦ ।। ચા૦ ।। ૯ ।। શ્રાવકને ઘરમે સામાયક ।। પેાસહમાં મન વાળી ।। જે જયણા પૂર્વક એ

આઠે ।। પ્રવચન માય ન પાળી રે ।।પ્રા૦।। ચા૦ ।।૧૦।। ઇત્યાદિક વિપરીતપણાંથી ।। ચારિત્ર ડોળ્યું જેહ ।। આ ભવ૦ ।। મિછા૦ પ્રા૦ ।। ચા૦ ।। ૧૧ ।। બારે ભેદે તપ નવિ કીધો ।। છતે જોગે નિજ શકતે; ધર્મે મન વચ કાયા વીરજ ।। નવિ ફોરવીઉં ભગતે રે૦ ।। પ્રા૦ ।। ચા૦ ।।૧૨।। તપ વીરજ આચારે એણી પરે ।। વિવિધ વિરાધ્યાં જેહ ।। આભવ૦ ।।મિ૦।। પ્રા૦ ।। ચા૦ ।।૧૩।। વળીય વિશેષે ચારિત્ર કેરા ।। અતિચાર આળોઇએ ।। વીરજિનેસર વયણ સુણીને ।। પાપ મેલ સવી ધોઇએરે ।। પ્રા૦ ।। ચા૦ ।। ૧૪ ।।

## ।। ઢાળ ૨ જી ।।

### ।। પામી સુગુરૂ પસાય ।। એ દેશી ।।

પૃથ્વી પાણી તેઉ ।। વાયુ વનસ્પતિ ।। એ પાંચે થાવર કહ્યાં એ ।। ૧ ।। કરી કરસણ આરંભ ।। ખેત્ર જે ખેડીયાં ।। કુવા તળાવ ખણાવીયાએ ।। ૨ ।। ઘર આરંભ અનેક ।। ટાંકાં ભોંયરાં ।। મેડી માળ ચણાવીઆ એ ।। ૩ ।। લીંપણ ગુંપણ કાજ ।। એણી પરે પરપરે ।। પૃથ્વીકાય વિરાધીયા એ ।। ૪ ।। ધોયણ નાહણ પાણી ।। ઝીલણ અપકાય ।। છોતી ધોતી કરી દુહવ્યાએ ।। ૫ ।। ભાઠીગર કુંભાર ।। લોહ સોવનગરા ।। ભાડભુંજા લિહાળાગરાએ ।। ૬ ।। તાપણ શેકણ કાજ ।। વસ્ત્ર નિખારણ ।। રંગણ રાંધણ રસવતીએ ।। ૭ ।। એણી પરે કર્માદાન ।। પરે પરે કેળવી ।। તેઉ

વાયુ વિરાધીયાએ ॥ ૮ ॥ વાડી વન આરામ ॥ વાવી વનસ્પતિ ॥ પાન ફુળ ફળ ચુંટીયાંએ ॥ ૯ ॥ પુંખ પાપડી શાક ॥ શેકયાં સૂકવ્યાં ॥ છેદ્યાં છુંદ્યા આથીઆંએ ॥૧૦॥ અળશીને એરંડ ॥ ઘાણી ઘાલીને ॥ ઘણા તિલાદિક પીલીયા એ ॥ ૧૧ ॥ ઘાલી કોલું માંહે ॥ પીલી શેરડી ॥ કંદમૂળ ફળ વેચીયાંએ ॥ ૧૨ ॥ એમ એકેંદ્રિ જીવ ॥ હણ્યા હણાવીયા ॥ હણતાં જે અનુમોદિયાએ ॥ ૧૩ ॥ આભવ પરભવ જેહ ॥ વળીય ભવોભવે ॥ તે મુજ મિચ્છાદુક્કડંએ ॥ ૧૪ ॥ કમી સરમીયા કીડા ॥ ગાડર ગંડોલા ॥ એળ પુરા અલશીયાંએ ॥ ૧૫ ॥ વાળા જળો ચુડેલ ॥ વિચળીત રસ તણા ॥ વળી અથાણાં પ્રમુખના એ ॥ ૧૬ ॥ એમ બેઇંદ્રિ જીવ ॥ જે મેં દુહવ્યાં ॥ તે મુજ મિચ્છાદુક્કડંએ ॥ ૧૭ ॥ ઉધેહી જુ લીખ ॥ માંકડ મંકોડા ॥ ચાંચડ કીડી કુંથુઆએ ॥ ૧૮ ॥ ગદ્ધીઆં ધીમેલ ॥ કાન ખજુરીયા ॥ ગીંગોડા ધનેરીંયાએ ॥૧૯॥ એમ તેઇંદ્રિ જીવ ॥ જે મેં દુહવ્યા ॥ તે મુજ મિચ્છાદુક્કડંએ ॥૨૦॥ માખી મછર ડાંસ ॥ મસા પતંગીયાં ॥ કંસારી કોલીયાવડાએ ॥ ૨૧ ॥ ઢીંકણ વિંછુ તીડ ॥ ભમરા ભમરીયો ॥ કોતાંબગ ખડમાંકડીએ ॥ ૨૨ ॥ એમ ચૌરિંદ્રિ જીવ ॥ જે મેં દુહવ્યા ॥ તે મુજ મિચ્છાદુક્કડંએ ॥૨૩॥ જળમાં નાખી જાળરે ॥ જળચર દુહવ્યા ॥ વનમાં મૃગ સંતાપીયાએ ॥ ૨૪ ॥ પીડયા પંખી જીવ ॥ પાડી પાસમાં

॥ પોપટ ઘાલ્યા પાંજરે એ ॥ ૨૫ ॥ એમ પંચેંદ્રી જીવ ॥
જે મેં દુહવ્યા ॥ તે મુજ મિચ્છાદુક્કડંએ ॥ ૨૬ ॥

## ॥ ઢાળ ૩ જી ॥

### ॥ વાણી વાણી ।હતકારીજી ॥ એ દેશી ॥

ક્રોધ લોભ, ભય હાસ્યથીજી ॥ બોલ્યા વચન અસત્યા ॥ કુડ કરી ધન પારકાંજી ॥ લીધાં જેહ અદત્તરે ॥ જિનજી મિચ્છાદુક્કડં આજ ॥ તુમ સાખે મહારાજરે ॥ જિનજી ॥ દેઈ સારૂં કાજરે ॥ જિનજી ॥ મિચ્છાદુક્કડં આજ ॥૧॥ એ આંકણી ॥ દેવ મનુજ તિર્યંચનાજી ॥ મૈથુન સેવ્યાં જેહ ॥ વિષયા રસ લંપટ પણેજી ॥ ઘણું વિડંબ્યો દેહરે ॥ જિનજી ॥ ૨ ॥ પરિગ્રહની મમતા કરીજી ॥ ભવે ભવે મેળી આથ ॥ જે જીહાંની તે તીહાં રહીજી ॥ કોઈ ન આવી સાથરે ॥ જીનજી૦ ॥ ૩ ॥ રયણી ભોજન જે કર્યાજી ॥ કીધાં ભક્ષ અભક્ષ ॥ રસના રસની લાલચેજી ॥ પાપ કર્યાં પ્રત્યક્ષરે ॥ જીનજી૦ ॥ ૪ ॥ વ્રત લેઈ વિરાધીયાંજી ॥ વળી ભાગ્યાં પચ્ચખાણ ॥ કપટ હેતુ કીરીયા કરીજી ॥ કીધાં આપ વખાણરે ॥ જિનજી૦ ॥ ૫ ॥ ત્રણ ઢાળ આઠે દુહેજી ॥ આળોયા અતિચાર ॥ શિવ ગતિ આરાધન તણોજી ॥ એ પહેલો અધિકારરે ॥ જિનજી૦ ॥ ૬ ॥

## ॥ ઢાળ ૪ થી ॥

### ॥ સાહેલડીની દેશી ॥

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે ॥ અથવા દ્યો વ્રત-બાર તો ॥ યથાશક્તિ વ્રત આદરી સાહેલડીરે ॥ પાળો

નિરતિચાર તો ॥ ૧ ॥ વ્રત લીધાં સંભારીએ ॥ સા૦ ॥ હૈડે ધરીય વિચારતો ॥ શિવગતિ આરાધન તણો ॥ ॥ સા૦ ॥ એ બીજો અધિકારતો ॥ ૨ ॥ જીવ સર્વે ખમાવીએ ॥ સા૦ યોની ચોરાશી લાખતો ॥ મન શુધ્ધે કરી ખામણાં ॥ સા૦ ॥ કોઈ શું રોષ ન રાખતો ॥ ૩ ॥ સર્વ મિત્ર કરી ચિંતવો ॥ સા૦ ॥ કોઈ ન જાણો શત્રુતો ॥ ॥ રાગ દ્વેષ એમ પરિહરો ॥ ॥ સા૦ ॥ ત્રીજે જન્મ પવિત્રતો ॥ ૪ ॥ સાધી સંઘ ખમાવીએ ॥ સા૦ ॥ જે ઉપની અપ્રિતિતો ॥ સજ્જન કુટુંબ કરો ખામણાં ॥ સા૦ ॥ એ જિન શાસન રીતિતો ॥ ૫ ॥ ખમીએ ને ખમાવીએ ॥ સા૦ ॥ એહજ ધર્મનું સારતો ॥ શિવ ગતિ આરાધન તણો ॥ સા૦ ॥ એ ત્રીજો અધિકાર તો ॥ ૬ ॥ મૃષાવાદ હિંસા ચોરી ॥ સા૦ ॥ ધન મૂર્છા મૈથુનતો ॥ ક્રોધ માન માયા તૃષ્ણા ॥ સા૦ ॥ પ્રેમ દ્વેષ પૈશૂનતો ॥ ૭ ॥ નિંદા કળહ ન કીજીએ ॥ સા૦ ॥ કુડો ન દીજે આળ તો ॥ રતિ અરતિ મિથ્યા તજે ॥ સા૦ ॥ માયામોસ જંજાળતો ॥ ૮ ॥ ત્રિવિધ ત્રિવિધ વોસરાવિયે ॥ સા૦ ॥ પાપસ્થાન અઢારતો ॥ શિવગતિ આરાધન તણો ॥ સા૦ ॥ એ ચોથો અધિકારતો ॥ ૯ ॥

## ॥ ઢાળ ૫ મી ॥

### ॥ હવે નિસુણો ઇહાં આવીયાએ ॥ એ દેશી ॥

॥ જન્મ જરા મરણે કરી એ ॥ એ સંસાર અસારતો

ા કર્યા કર્મ સહુ અનુભવે એ ।। કોઈ ન રાખણ હારતો ા ૧ ।। શરણ એક અરિહંતનું એ ।। શરણ સિદ્ધ ભગવંત તો ।। શરણ ધર્મ શ્રી જૈનનો એ ।। સાધુ શરણ ગુણવંત તો ।। ૨ ।। અવર મોહ સવિ પરિહરિએ ।। ચાર શરણ ચિત્ત ધાર તો ।। શિવગતિ આરાધન તણો એ ।। એ પાંચમો અધિકારતો ।। ૩ ।। આભવ પરભવ જે કર્યાં એ ।। પાપ કર્મ કોઈ લાખ તો ।। આતમ સાખે તે નિંદીએ એ ।। પડિકમીએ ગુરૂ સાખતો ।। ૪ ।। મિથ્યા મતિ વર્તાવિયા એ ।। જે ભાખ્યા ઉત્સૂત્ર તો ।। કુમતિ કદાગ્રહને વશે એ ।। જે ઉથાપ્યાં સૂત્ર તો ।। ૫ ।। ઘડ્યા ઘડાવ્યાં જે ઘણાંએ ।। ઘંટી હળ હથીયાર તો ।। ભવ ભવ મેળી મુકીયાં એ ।। કરતાં જીવ સંહારતો ।।૬।। પાપ કરીને પોષીયાં એ ।। જનમ જનમ પરિવારતો ।। જનમાંતર પોહોત્યા પછીએ ।। કોઈએ ન કીધી સારતો ।। ૭ ।। આ ભવ પરભવ જે કર્યાં એ ।। એમ અધિકરણ અનેક તો ।। ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ એ ।। આણી હૃદય વિવેક તો ।।૮।। દુષ્કૃતનિંદા એમ કરીએ ।। પાપ કરો પરિહાર તો ।। શિવગતિ આરાધન તણો એ ।। એ છઠ્ઠો અધિકાર તો ।।૯।।

## ।। ઢાળ ૬ ઠી ।।

### આદિ તું જોઇને આપણી ।। એ દેશી ।।

ધન ધન તે દિન માહરો ।। જીહાં કીધો ધર્મ ।। દાન

શિયળ તપ આદરી ।। ટાળ્યાં દુષ્કર્મ ।। ધન૦ ।। ૧ ।। શેત્રુંજાદિક તીર્થની ।। જે કીધી જાત્ર ।। ।। જુગતે જીનવર પૂજીયા ।। વળી પોખ્યા પાત્ર ।। ધન૦ ।। ૨ ।। પુસ્તક જ્ઞાન લખાવીયાં ।। જિનઘર જિન ચૈત્ય ।। સંઘ ચતુર્વિધ સાચવ્યા ।। એ સાતે ખેત્ર ।। ધન૦ ।। ૩ ।। પડિકમણા સુપરે કર્યાં ।। અનુકંપા દાન ।। સાધુ સૂરિ ઉવઝાયને ।। દીધા બહુ માન ।। ધન૦ ।। ૪ ।। ધર્મ કાજ અનુમોદીએ ।। એમ વારંવાર ।। શિવગતિ આરાધન તણેા ।। એ સાતમેા અધિકાર ।। ધન૦ ।। ૫ ।। ભાવ ભલેા મન આણીએ ।। ચિત્ત આણી ઠામ ।। સમતા ભાવે ભાવીએ ।। એ આતમરામ ।। ધન૦ ।। ૬ ।। સુખ દુઃખ કરણ જીવને ।। કેાઈ અવર ન હેાય ।। કર્મ આપ જે આચર્યાં ।। ભેાગવિએ સેાય ।। ધન૦ ।। ૭ ।। સમતા વિણ જે અનુસરે ।। પ્રાણી પુન્ય કામ ।। છાર ઉપર તે લીપણું ।। ઝાંખર ચિત્રામ ।। ધન૦ ।। ૮ ।। ભાવ ભલીપરે ભાવીએ ।। એ ધર્મનેા સાર ।। શિવગતિ આરાધન તણેા ।। આઠમેા અધિકાર ।। ધન૦ ।। ૯ ।।

## ।। ઢાળ ૭ મી ।।

### ।। રૈવત ગિરિ ઉપરે ।। એ દેશી ।।

હવે અવસર જાણી ।। કરીએ સંલેખણ સાર ।। અણસણ

આદરીએ ।। પચખી ચારે આહાર ।। લલુતા સવિમુકી ।। છાંડી મમતા અંગ ।। એ આતમ ખેલે ।। સમતા જ્ઞાન તરંગ ।। ૧ ।। ગતિ ચારે કીધા ।। આહાર અનંત નિશંક ।। પણ તૃપ્તિ ન પામ્યેા ।। જીવ લાલચીઓ રંક ।। દુલહેા એ વળી વળી ।। અણુસણુનેા પરિણામ ।। એહથી પામીજે ।। શિવ-પદ સુરપદ ઠામ ।। ૨ ।। ધન ધના શાલિભદ્ર ।। ખંધેા મેઘકુમાર ।। અણુસણુ આરાધી ।। પામ્યા ભવનેા પાર ।। શિવમંદિર જાશે ।। ।। કરી એક અવતાર ।। આરાધન કેરેા ।। એ નવમેા અધિકાર ।। ૩ ।। દશમે અધિકારે ।। મહામંત્ર નવકાર ।। મનથી નવિ મૂકેા ।। શિવ સુખ ફલ સહકાર ।। એ જપતાં જાયે ।। દુર્ગતિ દોષવિકાર ।। સુપરે એ સમરેા ।। ચૌદ પુરવનુંસાર ।। ૪ ।। જનમાંતર જાતાં ।। જો પામે નવકાર ।। તેા પાતીક ગાળી ।। પામે સુર અવતાર ।। એ નવપદ સરિખેા ।। મંત્ર ન કેાઈ સાર ।। ઈહ ભવ ને પરભવે ।। સુખ સંપતિ દાતાર ।। ૫ ।। જુઓ ભીલ ભીલડી ।। રાજારાણી થાય ।। નવપદ મહિમાંથી ।। રાજસિંહ મહારાય ।। રાણી રત્નવતી બેહુ ।। પામ્યાં છે. સુરભોગ ।। એક ભવ પછી લેશે ।। શિવવધુ સંજોગ ।। ૬ ।। શ્રીમતીને એ વળી ।। મંત્ર ફળ્યો તતકાળ ।। ફણીધર ફીટીને ।। પ્રગટ થઇ કુલ માળ ।। શિવકુમરે જોગી ।। સોવન પુરૂષેા કીધ ।। એમ એણે મંત્રે ।। કાજ ઘણાનાં સિદ્ધ ।। ૭ ।। એ દશ અધિકારે ।। વીર જિનેશ્વર ભાખ્યેા

॥ આરાધન કેરો ॥ વિધિ જેણે ચિત્તમાં રાખ્યો ॥ તેણે પાપ પખાળી ॥ ભવ ભય દૂરે નાખ્યો ॥ જિન વિનય કરંતા ॥ સુમતિ અમૃતરસ ચાખ્યો ॥ ૮ ॥

## ॥ ઢાળ ૮ મી ॥

### ॥ નમો ભવિ ભાવશું એ ॥ એ દેશી ॥

સિદ્ધારથ રાય કુળ તિલો એ ॥ ત્રિશલા માત મલ્હારતો ॥ અવનિ તળે તમે અવતર્યાએ ॥ કરવા અમ ઉપકાર ॥ જયો જિનવીરજીએ ॥ ૧ ॥ મેં અપરોધ કર્યા ઘણાએ ॥ કહેતાં ન લહુ પારતો ॥ તુમ ચરણે આવ્યા ભણી એ ॥ જો તારે તો તાર ॥ જયો૦ ॥ ૨ ॥ આશ કરીને આવીયો એ ॥ તુમ ચરણે મહારાજ તો ॥ આવ્યાને ઉવેખશો એ ॥ તો કેમ રહેશે લાજ ॥ જયો૦ ॥ ૩ ॥ કરમ અલુજણ આકરાં એ ॥ જનમ મરણ જંજાળતો ॥ હું છું એહથી ઉભગ્યો એ ॥ છોડવ દેવ દયાળ ॥ જયો૦ ॥ ૪ ॥ આજ મનોરથ મુજ ફળ્યા એ ॥ નાઠાં દુઃખ દંદોળતો ॥ તુઠ્યો જિન ચોવીશમો એ ॥ પ્રગટ્યા પુન્ય કલ્લોલ ॥ જયો૦ ॥ ૫ ॥ ભવ ભય વિનય તુમારડો એ ॥ ભાવ ભક્તિ તુમ પાયતો ॥ દેવ દયા કરી દીજીએ એ ॥ બોધ બીજ સુપસાય ॥ જયો૦ ॥ ૬ ॥

## ॥ કળશ ॥

ઇય તરણુ તારણુ સુગતિ કારણુ ॥ દુઃખ નિવારણુ જગ જયેા ॥ શ્રીવીરજિનવર ચરણુ થુણુતાં ॥ અધિક મન ઉલ્લટ થયેા ॥ ૧ ॥ શ્રીવિજયદેવસૂરીંદ પટધર ॥ તીરથ જંગમ ઇણેજગે ॥ તપગચ્છપતિ શ્રીવિજયપ્રભસૂરિ ॥ સૂરિ તેજે ઝગમગે ॥ ૨ ॥ શ્રીહીરવિજય સૂરિ શિષ્ય વાચક ॥ કીર્ત્તિવિજય સુરગુરૂ સમેા ॥ તસ શિષ્ય વાચક વિનય-વિજયે ॥ થુણ્યેા જિન ચેાવીશમેા ॥ ૩ ॥ સય સત્તર સંવત ઓગણત્રીશે ॥ રહી રાંદેરચેામાસએ ॥ વિજયદશમી વિજય કારણ ॥ કિયેા ગુણ અભ્યાસએ ॥ ૪ ॥ નર ભવ આરાધન ॥ સિદ્ધિસાધન ॥ સુકૃત લીલવિલાસએ ॥ નિર્જરા હેતે સ્તવન રચિયું ॥ નામે પુન્યપ્રકાશ એ ॥ ૫ ॥ ઇતિ શ્રી. શ્રી. શ્રી. શ્રી. શ્રી.

# પદ્માવતી આરાધના.

હવે રાણી પદ્માવતી ॥ જીવરાશી ખમાવે ॥ જાણુપણું જગતે ભલું ॥ ઇણ વેળા આવે ॥ ૧ ॥ તે મુજ મીચ્છામી દુક્કડં ॥ અરિહંતની શાખ, જે મેં જીવ વિરાધીયા ॥ ચઉરાશી લાખ ॥ તે મુજ ॥ ૨ ॥ સાત લાખ પૃથ્વીતણા ॥ સાતે અપકાય ॥ સાત લાખ તેઉકાયના ॥ સાતે વળાવાય ॥ તે. ॥ ૩ ॥ દશ પ્રત્યેક વનસ્પતિ ॥

ચઉ દહ સાધારણ ।। બી ત્રિ ચઉરિંદ્રિ જીવના ।। બે બે લાખ વિચાર ।। તે. ।। ૪ ।। દેવતા તિર્યંચ નારકી ।। ચાર ચાર પ્રકાશી ।। ચઉદહ લાખ મનુષ્યના ।। એ લાખ ચોરાશી ।। તે. ।। ૫ ।। ઇણ ભવ પરભવે સેવીયા ।। જે પાપ અઢાર ।। ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરૂં ।। દુર્ગતિના દાતાર ।। તે. ।। ૬ ।। હિંસા કીધી જીવની ।। બોલ્યા મૃષાવાદ ।। દોષ અદત્તાદાનના ।। મૈથુન ઉન્માદ ।। તે. ।। ૭ ।। પરિગ્રહ મેલ્યો કારમો ।। કીધો ક્રોધ વિશેષ ।। માન માયા લોભ મેં કીયાં ।। વળી રાગને દ્વેષ ।। તે. ।। ૮ ।। કલહ કરી જીવ દુહવ્યા ।। કીધાં કુડાં કલંક ।। નિંદા કીધી પારકી ।। રતિ અરતિ નિઃશંક ।। તે. ।। ૯ ।। ચાડી કીધી ચોતરે ।। કીધો થાપણ મોસો ।। કુગુરૂ કુદેવ કુધર્મનો ।। ભલો આણ્યો ભરોસો ।। તે. ।। ૧૦ ।। ખાટકીને ભવે મેં કીયા ।। જીવ નાના વિધ ઘાત ।। ચીડીમાર ભવે ચરકલાં ।। માર્યા દિન રાત ।। તે. ।। ૧૧ ।। કાજી મુલ્લાંને ભવે ।। પઢી મંત્ર કઠોર ।। જીવ અનેક જબ્બે કીયા ।। કીધાં પાપ અઘોર ।। તે. ।। ૧૨ ।। માછીને ભવે માછલાં ।। ઝાલ્યાં જળ વાંસ ।। ધીવર ભીલ કોળી ભવે ।। મૃગ પાડ્યા પાસ ।। તે. ।। ૧૩ ।। કોટવાળને ભવે મેં કીયા ।। આકરા કર દંડ ।। બંદીવાન મરાવીયા ।। કોરડા છડી દંડ ।। તે. ।। ૧૪ ।। પરમાધામીને ભવે ।। કીધાં નારકી દુઃખ

।। છેદન ભેદન વેદના ।। તાડન અતિ તિક્ષ્ણ ।। તે. ।।૧૫।। કુંભારને ભવે મેં કીયા ।। નીમાહ પચાવ્યાં ।। તેલી ભવે તીલ પીલીયા ।। પાપે પીંડ ભરાવ્યાં ।। તે. ।। ૧૬ ।। હાલી ભવે હળ ખેડીયાં ।। ફાડ્યાં પૃથ્વીનાં પેટ ।। સુડ નિદાન ઘણા કીધાં ।। દીધાં બળદ ચપેટ ।। તે. ।। ૧૭ ।। માળીને ભવે રોપીયાં ।। નાના વિધ વૃક્ષ ।। મુળ પત્ર ફલ પુલનાં ।। લાગ્યાં પાપ તે લક્ષ ।। તે. ।। ૧૮ ।। અધોવાઇઆને ભવે ।। ભર્યાં અધિક ભાર ।। પોઠી પુંઠે કીડા પડ્યા ।। દયા નાણી લગાર ।। તે. ।। ૧૯ ।। છીપાને ભવે છેતર્યા ।। કીધા રંગણ પાસ ।। અગ્નિ આરંભ કીધા ઘણા ।। ધાતુર્વાદ અભ્યાસ ।। તે. ।। ૨૦ ।। શૂરપણે રણ ઝુંઝતાં ।। માર્યાં માણસ વૃંદ ।। મદિરા માંસ માખણ ભખ્યાં ।। ખાધાં મુળ ને કંદ ।। તે. ।। ૨૧ ।। ખાણ ખણાવી ધાતુની ।। પાણી ઉલેચ્યાં ।। આરંભ કીધા અતિ ઘણાં ।। પોતે પાપજ સંચ્યાં ।। તે. ।। ૨૨ ।। કર્મ અંગાર કીયા વળી ।। ઘરમેં દવ દીધા ।। સમ ખાધા વીતરાગના ।। કુડા કોસજ કીધા ।। તે. ।। ૨૩ ।। બીલ્લી ભવે ઉંદર લીયા ।। ગીરોલી હત્યારી ।। મુઢ ગમાર તણે ભવે ।। મેં જુ લીખ મારી ।। તે. ।। ૨૪ ।। ભાડભુંજતણે ભવે ।। એકેંદ્રિય જીવ ।। જ્વારી ચણા ગહું શેકીયા ।। પાડંતા-રીવ ।। તે. ।। ૨૫ ।। ખાંડણ પીસણ ગારના ।। આરંભ અનેક ।। ગંધણ છંધણ અગ્નિનાં ।। કીધાં પાપ ઉદ્રેક ।। તે.

॥ ૨૬ ॥ વિકથા ચાર કીધી વળી ॥ સેવ્યા પાંચ પ્રમાદ ॥ ઇષ્ટ વિયોગ પાડ્યા ઘણા ॥ રૂદન વિષવાદ ॥ તે. ॥ ૨૭ ॥ સાધુ અને શ્રાવક તણાં ॥ વૃત લહીને ભાંગ્યાં ॥ મુળ અને ઉત્તર તણાં ॥ મુજ દુષણ લાગ્યાં ॥ તે. ॥ ૨૮ ॥ સાપ વીંછી સિંહ ચીવરા ॥ શકરા ને સમળી ॥ હિંસક જીવ તણે ભવે ॥ હિંસા કીધી સબળી ॥ તે. ॥ ૨૯ ॥ સુવાવડી દુષણ ઘણાં ॥ વળી ગર્ભ ગળાવ્યા ॥ જીવાણી ઘોળ્યાં ઘણાં ॥ શીળ વ્રત ભંજાવ્યાં ॥ તે. ॥ ૩૦ ॥ ભવ અનંત ભમતાં થકાં ॥ કીધા દેહ સંબંધ ॥ ત્રિવિધ ત્રિવિધ કરી વોસીરૂં ॥ તીણશું પ્રતિબંધ ॥ તે. ॥ ૩૧ ॥ ભવ અનંત ભમતાં થકાં ॥ કીધાં પરિગ્રહ સંબંધ ॥ ત્રિવિધ ત્રિવિધ કરી વોસીરૂં ॥ તીણશું પ્રતિબંધ ॥ તે. ॥ ૩૨ ॥ ભવ અનંત ભમતાં થકાં ॥ કીધાં કુટુંબ સંબંધ ॥ ત્રિવિધ ત્રિવિધ કરી વોસીરૂં ॥ તીણશું પ્રતિબંધ ॥ તે. ॥ ૩૩ ॥ ઇણી પરે ઇહ ભવ પરભવે ॥ કીધાં પાપ અખત્ર ॥ ત્રિવિધ ત્રિવિધ કરી વોસીરૂં ॥ કરૂં જન્મ પવિત્ર ॥ તે. ॥ ૩૪ ॥ એણી વિધે એ આરાધના ॥ ભવિ કરશે જેહ ॥ સમય સુંદર કહે પાપથી ॥ વળી છુટશે તેહ ॥ તે. ॥ ૩૫ ॥ રાગ વરાડી જે સુણે ॥ એહ ત્રીજી ઢાલ ॥ સમયસુંદર કહે પાપથી ॥ છુટે વત્તાળ ॥ તે. ॥ ૩૬ ॥

---

# ।। અથ શત્રુંજય લઘુકલ્પ. ।।

---

**अइमुत्तयकेवलिणा, कहिअं सेत्तुंजतित्थमाहप्पं ॥**
**नारयरिसिस्स पुरओ, तं निसुणह भावओ भविआ ॥१॥**

**શબ્દાર્થ**:—હે ભવ્યજનો! અતિ મુક્ત મુનીએ નારદ ઋષિની આગલ શત્રુંજય તીર્થનું મહાત્મ્ય કહ્યું છે, તેને તમે ભાવથી સાંભલેા.

**सेत्तुंजे पुंडरीओ, सिद्धो मुणिकोडीपंचसंजुत्तो ॥**
**चित्तस्स पुण्णिमाए, सो भन्नइ तेण पुंडरिओ ॥ २ ॥**

**શબ્દાર્થ**:— શત્રુંજય ઉપર પુંડરિક ગણધર પાંચ ક્રોડ સાધુ સહિત ચૈત્રમાસની પુનમે સિદ્ધ થયા છે, તેથી તે પર્વતનું નામ પુંડરિક કહેવાય છે. ।। ૨ ।।

**नमि विनमि रायाणो, सिद्धो कोडिहिं दोहीं साहुणं ॥**
**तह दविड वालीखिल्ला, निव्वुआ दसव कोडिओ ॥ ३ ॥**

**શબ્દાર્થ**:—નમિ અને વિનમિ રાજા બે ક્રોડ સાધુ-સહિત ફાગણ સુદી ૧૦ સિદ્ધ થયા, તેમજ દ્રાવિડ અને વાલીખિલ બે બંધુ મુનિયેા દશક્રોડ સાધુ સાથે કારતક સુદી ૧૫ સિદ્ધ થયા છે. ।। ૩ ।।

**पज्जन्नसंबपमुहा, अद्धट्ठाओ कुमारकोडिओ ॥**
**मह पंडवांवि पंचय, सिद्धिगया नारयरिसि य ॥ ४ ॥**

**शब्दार्थ**:–પ્રદ્યુમન સાંબ વિગેરે સાડા આઠ ક્રોડ કુમારો સહિત ફાગણ સુદી ૧૩ તેમજ પાંચ પાંડવો ૨૦) ક્રોડ સાથે આસો સુદી ૧૫ અને નારદઋષિ એકાણું લાખ સહિત જેઠ સુદ ૧૫ સિદ્ધિ પદ પામ્યા. ॥ ૪ ॥

**थावच्चा सुय सेलं-गाय मुणिणोवि तह राममुणि ॥**
**भरहो दसरहपुत्तो, सिद्धा वंदामि सेत्तुंजे ॥ ५ ॥**

**शब्दार्थ**:–થાવચ્ચા પુત્ર મુનિ દશહજાર સાથે. શુક-મુનિ હજાર સાથે, શૈલકમુનિ પાંચસો સાથે, તેમજ દશર-થના પુત્ર રામમુનિ અને ભરતમુનિ ત્રણ ક્રોડ મુનિ સાથે ચૈતર વદ ૧૪ શત્રુંજય ઉપર સિદ્ધ થયા છે, તેમને હું વાંદુ છું. ॥ ૫ ॥

**अन्नेवि खवियमोहा, उस भाइविसालवंससंभूआ॥**
**जे सिद्धा सेत्तुंजे, तं नमह मुणि असंखिज्जा ॥ ६ ॥**

**शब्दार्थ**:–બીજા પણ મોહને ખપાવનારા અને ઋષ-ભાદિકના વિશાલ વંશમાં ઉત્પન્ન થયેલા જે મુનિયો શત્રુંજય ઉપર સિદ્ધ થયા છે તે અસંખ્યાતા મુનિયોને હું વાંદુ છું. ॥ ૬ ॥

**पंनास जोयणाइं, आसी सेत्तुंजयवित्थडो मूले ॥**
**दसजोयण सिहरतले, उच्चत्तं जोयणा अट्ठ ॥ ७ ॥**

**શબ્દાર્થ**:–મૂલમાં શત્રુંજયનો વિસ્તાર પચાસ જોજન હતો, શિખર ઉપર દશ જોજન અને ઉંચપણે આઠ જોજન હતો. ॥ ૭ ॥

**जं लहइ अन्नतित्थे, उग्गेण तवेण बंभचेरेण ॥**
**तं लहइ पयत्तेणं, से-तुंजगिरिम्मी निवसंते ॥ ८ ॥**

**શબ્દાર્થ**:–અન્યતીર્થમાં ઉગ્રતપથી અથવા બ્રહ્મચર્યથી જે ફલ પ્રાપ્ત થાય તે ફલ પ્રયત્ને શત્રુંજય ઉપર વસવાથી થાય છે. ॥ ૮ ॥

**जं कोडिए पुन्नं, कामिय आहारभोइआ जेउ ॥**
**जं लहइं तत्थ पुन्नं, एगो वासेण सेत्तुंजे ॥ ९ ॥**

**શબ્દાર્થ**:–ઇચ્છીત ભોજન વડે ક્રોડ માણુસને જમાડવાથી જે પુણ્ય થાય, તે પુણ્ય શત્રુંજય ઉપર એક ઉપવાસ કરવાથી થાય છે. ॥ ૯ ॥

**जं किंची नामतीत्थं, सग्गे पायाले माणुसे लोए ॥**
**तं सव्वमेव दिट्ठं, पुंडरिए वंदिए संते ॥ १० ॥**

**શબ્દાર્થ**:—સ્વર્ગ, પાતાલ અથવા મનુષ્ય લોકમાં જે કોઈ પણ નામ માત્ર તીર્થ હોય, તે સર્વ ફક્ત શત્રુંજયને વાંદવાથી દીઠાં જાણવાં, ॥ ૧૦ ॥

**पडिलाभंते संघं, दिट्ठमदिट्ठेय साहूसेत्तुंजे ॥**
**कोडिगुणं च अदिट्ठे, दिट्ठेअ अणंतयं होई ॥ ११ ॥**

**શબ્દાર્થ**—શત્રુંજય પર્વતને દીઠા અણદીઠા પણ તેના સન્મુખ ચાલવાથી ચતુર્વિધ સંઘની ભક્તિ કરવા જેટલું પુણ્ય થાય છે, ન દેખવાથી ક્રોડ ગણું અને દેખવાથી અનંતગણું થાય છે. ॥ ૧૧ ॥

**केवलनाणुप्पत्ती, निव्वाणं आसि जत्थ साहूणं ॥**
**पुंडरिए वंदित्ता, सव्वे ते वंदिया तत्थ ॥ १२ ॥**

**શબ્દાર્થ**:—જ્યાં સાધુઓને જ્ઞાનની ઉત્પત્તિ અને મોક્ષપ્રાપ્તિ હોય છે; ત્યાં તે પુંડરિકગિરિને વંદન કરવાથી તે સર્વે મુનિયોને વાંદ્યા જાણવા. ॥ ૧૨ ॥

**अट्ठावयं समेए, पावा चंपाइं उज्जंत नगे य ॥**
**वंदिता पुन्न फलं, सयगुणं तंपि पुंडरीए ॥ १३ ॥**

**શબ્દાર્થ**—ઋષભ દેવનું મોક્ષ ક્ષેત્ર અષ્ટાપદ, જિન સિદ્ધક્ષેત્ર સમેતશિખર, વીરપ્રભુનું મોક્ષસ્થાન પાવાપુરી, વાસુપૂજ્યનું સિદ્ધક્ષેત્ર ચંપાનગરી અને નેમનાથનું મોક્ષ-સ્થાન ગિરનાર, એ સર્વ તીર્થને વાંદવાથી સો ગણું પુણ્ય પુંડરિક તીર્થને ભેટવાથી થાય છે. ॥ ૧૩ ॥

**पूआ करणे पुन्नं, सयगुणं सयगुणं च पडिमाए ॥**
**जिणभवणेण सहस्सं, णंतगुणं पालणे होइ ॥ १४ ॥**

**શબ્દાર્થ**—પૂજા કરવાથી જે પૂણ્ય થાય તે એક ગણું, તેથી સો ગણું પ્રતિમા ભરાવવાથી થાય છે, તેથી જિન ભુવન કરાવવાથી હજારગણું અને અનંતગણું ફલ તીર્થરક્ષાથી હોય છે ॥ ૧૪ ॥

**पडिमं चेइहरं वा, सि-त्तुंजगिरीस्स मत्थए कुणइ ॥**
**भूत्तूण भरहवासं, वसइ सग्गेण निरुवसग्गे ॥ १५ ॥**

**શબ્દાર્થ**—જે માણસ શત્રુંજય પર્વત ઉપર પ્રભુની પ્રતિમા અથવા જિનમંદિર કરાવે છે, તે માણસ ભરત ક્ષેત્રનું રાજ્ય ભોગવીને સ્વર્ગ અથવા મોક્ષ પામે છે. ॥ ૧૫ ॥

**नवकार पोरिसीए, पुरिमड्ढे गासणं च आयामं ॥**
**पुंडरीयं च सरंतो फलकंखी कूणइ अभत्तट्ठं ॥ १६ ॥**

**શબ્દાર્થ**—ફલની ઇચ્છા કરનારો નોકારસીનું, પોરસીનું, પુરિમઢનું, એકાસણાનું અને આંબલીનું એટલાનું પચ્ચખ્ખાણ કરે તેમજ પુંડરિકનું સ્મરણ કરતો છતો ઉપવાસ કરે. ॥ ૧૬ ॥

**छट्ठ ट्ठम दसम दुवा-लसाण मास द्धमास खवणाणं ॥**
**तिगरणसुद्धो लहइ, सि-तुंज्जं संभरंतोअ ॥ १७ ॥**

**શબ્દાર્થ**—છઠ્ઠ, અઠ્ઠમ, દશમ દુવાલસ, પક્ષક્ષમણ અને સક્ષમણ. એ સર્વ કરવાનું ફલ મન, વચન અને કાયાથી શુદ્ધ એવો જે માણસ શત્રુંજયને સંભારે તે પામે છે. ॥૧૭॥

**छट्ठेणं भत्तेणं, अपाणेणं तु सत्त जत्ताइं ॥**
**जो कुणइ सेत्तुंजे, तइय भवे लहइ सो मुक्खं ॥ १८ ॥**

**શબ્દાર્થ**—જે માણસ ચોવીહાર છઠ્ઠભક્તે શત્રુંજયની સાત જાત્રા કરે છે. તે ત્રીજા ભવે મોક્ષ પામે છે. ॥ ૧૮ ॥

**अज्जवि दीसइ लोए, भत्तं चईउण पुंडरीयनगे ॥**
**सग्गे सुहेण वच्चइ, सीलविहूणोवि होऊणं ॥ १९ ॥**

**શબ્દાર્થ**—આજ પણ લોકમાં દેખાય છે કે, જે માણસ સીલરહિત છતો પણ પુંડરિક ગિરિ ઉપર અનશન કરે છે તે સુખે સ્વર્ગમાં જાય છે. ॥ ૧૯ ॥

**छत्तं ज्झय पडागं, चामर भिंगार थालदाणेण ॥**
**विज्जाहरोअ हवइ, तह चक्की होइ रहदाणा ॥ २० ॥**

**શબ્દાર્થ**—માણસ છત્ર ધ્વજા, પતાકા, ચામર, કલશ અને થાલ એ વસ્તુઓનાં દાનથી વિદ્યાધર થાય છે અને રથદાનથી ચક્રવર્તી પદ પામે છે. ॥ ૨૦ ॥

**दस वीस तीस चत्ता, लख्खपन्नासा पुष्फदामदाणेण ॥**
**लहइ चउत्थ छट्ठ-ट्ठम दसम दुवालस फलाइं ॥ २१ ॥**

**શબ્દાર્થ**—દશલાખ, વીશલાખ, ત્રીશલાખ, ચાલીશ-લાખ, અથવા પચાસલાખ પુષ્પની માલાના દાનથી (ચડાવાથી) અનુક્રમે એક ઉપવાસનું, બે ઉપવાસનું, ત્રણ ઉપવાસનું, ચાર ઉપવાસનું અથવા પાંચ ઉપવાસનું ફલ થાય છે. ॥૨૧॥

**धूवे पख्खुववासो, मासख्खमणं कपूरधूवंमि ॥**
**कित्तिय मासख्खमणं, साहूपडिलाभिए लहइ ॥ २२ ॥**

**શબ્દાર્થ**—કૃષ્ણ અગુરૂના ધુપથી પંદર દિવસના

ઉપવાસનું ફલ અને કર્પૂરના ધૂપથી એક માસના ઉપવાસનું ફલ થાય છે. વલી સાધુને શુદ્ધ આહારાદિક આપવાથી કેટલાક માસના ઉપવાસનું ફલ થાય છે. ॥ ૨૨ ॥

**न वितं सुवन्न भूमी-भूसणदाणेण अन्नतित्थेसु ॥**
**जं पावइ पुन्य फलं, पुआ न्हवणेण सित्तुंजे ॥ २३ ॥**

**શબ્દાર્થ**—શત્રુંજય ઉપર તીર્થપતિને પૂજા ન્હાવણ કરાવવાથી જેટલું પુણ્યફલ પ્રાપ્ત થાય, તેટલું પુણ્યફલ બીજા તીર્થમાં સુવર્ણ, ભૂમી અથવા આભૂષણનાં દાનથી પણ ન થાય. ॥ ૨૩ ॥

**कंतार चोर सावय, समुद्द दारिद्द रोग रिओ रुद्दा ॥**
**मुच्चंति अविग्घेणं, जे से-तुंज्जं धरंति मणे ॥ २४ ॥**

**શબ્દાર્થ**—જે માણસ મનમાં શત્રુંજયનું ધ્યાન કરે છે તે માણસ અરણ્યના; ચોરના, સિંહાદિકના, સમુદ્રના; દારિદ્રના રોગના, શત્રુના અને ભયંકર અગ્નિના ભયને નિવિઘ્નપણે ત્યજી દે છે. ॥ ૨૪ ॥

**सारावली पयन्नध, गाहाओ सुअहरेण मणिआओ ॥**
**जो पढइ गुणइ निसुणई, सो लहइ सि-तुंज्जजत्तफलं ॥ २५ ॥**

**શબ્દાર્થ**—શ્રુતધરે સારાવલી નામના પ્રજ્ઞાપના સૂત્રમાં જે ગાથાઓ કહી છે, તેને જે માણસ ભણે છે, ગણે છે અથવા સાંભલે છે, તે શત્રુંજયની જાત્રાના ફલને પામે છે. ॥૨૫॥

॥ ઇતિ શત્રુંજય લઘુકલ્પ સમાપ્ત ॥

———:o:———

શ્રી ગૌતમાય નમઃ

# અથ શ્રીસિદ્ધગિરિસ્તુતિઃ

દોહા—૧૦૮

શ્રી આદીશ્વર અજર અમર, અવ્યાબાધ અહનીશ;
પરમાતમ પરમેસરૂ, પ્રણમું પરમ મુનીશ; ૧
જય જય જગપતિ જ્ઞાનભાન, ભાસિત લોકાલોક;
શુદ્ધસ્વરૂપ સમાધિમય, નમિત સુરાસુરથોક. ૨
શ્રીસિદ્ધાચલ મંડણો, નાભિનરેસર નંદ;
મિથ્યામતિ મત ભંજણો, ભવિકુમુદાકર ચંદ. ૩
પૂર્વ નવાણું જસ શિરે, સમવસર્યા જગનાથ;
તે સિદ્ધાચલ પ્રણમિયે, ભકતે જોડી હાથ. ૪
અનંત જીવ ઇણ ગિરિવરે, પામ્યા ભવનો પાર;
તે સિદ્ધાચલ પ્રણમિયે, લહિયે મંગલમાલ. ૫
જસ શિર મુકુટ મનોહરૂ, મરૂદેવીનો નંદ;
તે સિદ્ધાચલ પ્રણમિયે, ઋદ્ધિ સદા સુખવૃંદ. ૬
મહિમા જેહનો દાખવા, સુરગુરૂ પણ મતિમંદ;
તે તીરથેશ્વર પ્રણમીએ, પ્રગટે સહજાનંદ. ૭
સત્તાધર્મ સમારવા, કારણ જેહ પડૂર;
તે તીરથેશ્વર પ્રણમીએ, નાસે અઘ સવિ દૂર. ૮

કર્મકાટ સવિ ટાલવા, જેહનું ધ્યાન હુતાશ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પામીજે સુખવાસ. ૯
પરમાનંદ દશા લહે, જસ ધ્યાને મુનિરાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, પાતક દૂર પલાય. ૧૦
શ્રદ્ધાભાસન રમણતા, રત્નત્રયીનું હેતુ;
તે તીરથેશ્વર પ્રણમીયે, [૧]ભવ મકરાકર સેતુ. ૧૧
મહાપાપી પણ નિસ્તર્યા, જેહનું ધ્યાન સુહાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, સુર નર જસ ગુણગાય. ૧૨
પુંડરીક ગણધર પ્રમુખ; સિધ્યા સાધુ અનેક;
તે તીરથેશ્વર પ્રણમીયે, આણી હૃદય વિવેક. ૧૩
ચંદ્રશેખર સ્વસાપતિ, [૨]જેહને સંગે સિદ્ધ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પામી જે નિજ ઋદ્ધ. ૧૪
જલચર ખેચર તિરિય સવે, પામ્યા આતમ ભાવ;
તે તીરથેશ્વર પ્રણમીયે, ભવજલ તારણ નાવ. ૧૫
સંઘયાત્રા જેણે કરી, કીધા જેણે ઉદ્ધાર;
તે તીરથેશ્વર પ્રણમીયે, છેદીજે ગતિચાર. ૧૬
પુષ્ટિશુદ્ધ સંવેગ રસ, જેહને ધ્યાને થાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, મિથ્યામતિ સવિ જાય. ૧૭

---

૧ ભવસાગર તરવા સેતુ સમાન. ૨ સ્વભગિનીનો ભોગી.

સુરતરૂ[૧] સુરમણિ[૨] સુરગવી[૩], સુરઘટ[૪] સમજસ ધ્યાવ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પ્રગટે શુદ્ધ સ્વભાવ. ૧૮
સુરલોકે સુરસુંદરી, મળી મળી થોકે થોક;
તે તીરથેશ્વર પ્રણમીયે, ગાવે જેહના પ્રશ્લોક[૫]. ૧૯
યોગીશ્વર જસ દર્શને, ધ્યાન સમાધિ લીન;
તે તીરથેશ્વર પ્રણમીયે, હુઆ અનુભવ રસ લીન. ૨૦
ભાનું ગગને સૂર્ય શશી, દિયે પ્રદક્ષિણા નિત્ય;
તે તીરથેશ્વર પ્રણમીયે, મહિમા દેખણ ચિત્ત. ૨૧
સુર અસુર નર કિન્નરા, રહે છે જેહની પાસ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પામે લીલવિલાસ. ૨૨
મંગલકારી જેહની, મૃત્તિકા [૧]હારિ ભેટ;
તે તીરથેશ્વર પ્રણમીયે, કુમતિ કદાગ્રહ મેટ. ૨૩
કુમતિ [૨]કૌશિક જેહને, દેખી ઝાંખા થાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, સવિ તસ મહિમા ગાય. ૨૪
સૂરજ કુંડના નીરથી, આધિ વ્યાધિ પલાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, જસ મહિમા ન કહાય. ૨૫
સુંદર ટુંક સોહામણી, મેરૂસમ પ્રાસાદ;
તે તીરથેશ્વર પ્રણમીયે, દૂર ટલે વિખવાદ. ૨૬

---

૧ કલ્પવૃક્ષ. ૨ ચિન્તામણિ. ૩ કામધેનુ. ૪ કામકુંભ. ૫ ગુણ-વર્ણન.
૧ મનોહર. ૨ ઘુવડ.

દ્રવ્ય ભાવ વૈરી તણા, જિહાં આવે હોય શાંત;
તે તીરથેશ્વર પ્રણમીયે, જાયે ભવની ભ્રાંત. ૨૭
જગહિતકારી જિનવરા, આવ્યા એણે ઠામ;
તે તીરથેશ્વર પ્રણમીયે, જસ મહિમા ઉદ્દામ. ૨૮
નદી શેત્રુંજી સ્નાનથી, મિથ્યા મળ ધોવાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, સવી જનને સુખદાય. ૨૯
આઠ કર્મ જે સિદ્ધગિરે, ન દીયે તીવ્ર વિપાક;
તે તીરથેશ્વર પ્રણમીયે, જિહાં નવિ આવે કાક. ૩૦
સિદ્ધશિલા [૧]તપનીય મય, રત્નસ્ફાટિક ખાણ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પામ્યા કેવલનાણ. ૩૧
સોવન રૂપા રત્નની, ઔષધિ જાત અનેક;
તે તીરથેશ્વર પ્રણમીયે, ન રહે પાતક એક. ૩૨
સંયમધારી સંયમે, પાવન હોય જિણ ખેત્ર;
તે તીરથેશ્વર પ્રણમીયે, દેવા નિર્મલ નેત્ર. ૩૩
શ્રાવક જિહાં શુભ દ્રવ્યથી, ઉત્સવ પૂજા સ્નાત્ર;
તે તીરથેશ્વર પ્રણમીયે, પોષે પાત્ર સુપાત્ર. ૩૪
સાહમ્મીવત્સલ પુણ્ય જિહાં, અનંત ગણું ફલેવાય.
તે તીરથેશ્વર પ્રણમીયે, સોવન ફૂલ વધાય. ૩૫
સુંદર જાત્રા જેહની, દેખી હરખે ચિત્ત;
તે તીરથેશ્વર પ્રણમીયે, ત્રિભુવનમાંહે વિદિત.[૨] ૩૬

---

૧ સુવર્ણમય. ૨ પ્રસિદ્ધ–પ્રખ્યાત.

પાલીતાણું પુર ભલું, સરોવર સુંદર પાલ;
તે તીરથેશ્વર પ્રણમીયે, જાયે સકલ જંજાલ. ૩૭

મનમોહન પાગે ચઢે, પગ પગ કર્મ ખપાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, ગુણ ગુણિભાવ લખાય; ૩૮
જેણે ગિરિ રૂંખ સોહામણાં, કુંડે નિર્મલ નીર;
તે તીરથેશ્વર પ્રણમીયે, ઉતારે ભવતીર.[1] ૩૯
મુક્તિમંદિર સોપાન સમ, સુંદર ગિરિવર પાજ;
તે તીરથેશ્વર પ્રણમીયે, લહિયે શિવપુર રાજ. ૪૦
કર્મ કોટિ અઘ વિકટભવ, દેખી ધ્રુજે અંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે, દિન દિન ચઢતે રંગ. ૪૧
ગૌરી ગિરિવર ઉપરે, ગાવે જિનવર ગીત;
તે તીરથેશ્વર પ્રણમીયે, સુખે શાસનરીત. ૪૨
કવડ યક્ષ રખવાલ જસ, અહોનિશ રહે હજુર;
તે તીરથેશ્વર પ્રણમીયે, અસુરાં[2] રાખે દૂર. ૪૩
ચિત્ત ચાતુરી ચક્રેસરી, વિઘ્ન વિનાસણહાર;
તે તીરથેશ્વર પ્રણમીયે, સંઘ તણી કરે સાર. ૪૪
સુરવરમાં મઘવા[3] યથા, ગ્રહગણમાં જિમ ચંદ;
તે તીરથેશ્વર પ્રણમીયે, તિમ સવિ તીરથ ઈંદ. ૪૫

---

૧ ભવપાર. ૨ હલકા દેવ. ૩ ઈન્દ્ર.

દીઠે દુર્ગતિ વારણેા, સમર્થા સારે કાજ;
તે તીરથેશ્વર પ્રણમીયે, સવિ તીરથ શિરતાજ. ૪૬
પુંડરીક પંચ કેાડીશું, પામ્યા કેવલનાણ;
તે તીરથેશ્વર પ્રણમીયે, કર્મ તણી હેાય હાણ. ૪૭
મુનિવર કેાડી દસસહિત, દ્રાવિડ ને વારિખેણ;
તે તીરથેશ્વર પ્રણમીયે, ચઢિયા શિવ નિસ્રેણ. ૪૮
નમિ વિનમિ વિદ્યાધરા, દેાય કેાડી મુનિ સાથ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પામ્યા શિવપુર આથ. ૪૯
ઋષભવંશીય નરપતિ ઘણા, ઇણે ગિરિ પહેાતા મેાક્ષ;
તે તીરથેશ્વર પ્રણમીયે, ટાલ્યા ઘાતિકદેાષ. ૫૦
રામ ભરત બિહું બાંધવા, ત્રણ કેાડી મુનિયુત્ત;
તે તીરથેશ્વર પ્રણમીયે, ઇણેગિરિ શિવ સંપત્ત. ૫૧
નારદ મુનિવર નિર્મલેા, સાધુ એકાણું લાખ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પ્રવચન પ્રગટ એ ભાખ. ૫૨
સાંબ પ્રદ્યુમ્ન ઋષિ કહ્યા, સાડિ આઠ કેાડી;
તે તીરથેશ્વર પ્રણમીયે, પૂર્વકર્મ વિછેાડી. ૫૩
થાવચ્ચાસુત સહસશું, અણસણ રંગે કીધ;
તે તીરથેશ્વર પ્રણમીયે, વેગે શિવપદ લીધ. ૫૪
શુક પરમાચારજ વળી, એક સહસ અણગાર;

તે તીરથેશ્વર પ્રણમીયે, પામ્યા શિવપુર દ્વાર. ૫૫
શૈલ સૂરિ મુનિ પાંચસે, સહિત હુઆ શિવનાહ[૧];
તે તીરથેશ્વર પ્રણમીયે, અંગે ધરી ઉત્સાહ. ૫૬
ઇમ બહુ સિધ્ધા ઇણે ગિરે, કહેતાં નાવે પાર;
તે તીરથેશ્વર પ્રણમીયે, શાસ્ત્રમાંહે અધિકાર. ૫૭
બીજ ઇહાં સમકિત તણું, રોપે આતમ ભોમ;
તે તીરથેશ્વર પ્રણમીયે, ટાલે પાતક સ્તોમ.[૨] ૫૮
બ્રહ્મ સ્ત્રી ભ્રૂણ[૩] ગોહત્યા, પાપે ભારિત જેહ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પહોતા શિવપુર ગેહ. ૫૯
જગ જેતાં તીરથ સવે, એ સમ અવર ન દીઠ;
તે તીરથેશ્વર પ્રણમીયે, તીર્થમાંહે ઉક્કિઠ.[૪] ૬૦
ધન ધન સોરઠ દેશ જિહાં, તીરથમાંહે સાર;
તે તીરથેશ્વર પ્રણમીયે, [૫]જનપદમાં શિરદાર. ૬૧
અહોનિશ આવત ઢુંકડા, તે પણ જેહને સંગ,
તે તીરથેશ્વર પ્રણમીયે; પામ્યા શિવ વધુ રંગ. ૬૨
વિરાધક જિન આણના, તે પણ હુવા વિશુદ્ધ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પામ્યા નિર્મલ બુદ્ધ. ૬૩

---

૧ નાથ. ૨ સમુદાય. ૩ બાળ—ગર્ભ. ૪ ઉત્કૃષ્ટ. દેશ.

મહામ્લેચ્છ શાસનરિપુ, તે પણ હુઆ ઉપસંત;[૧]
તે તીરથેશ્વર પ્રણમીયે, મહિમા દેખી અનંત. ૬૪

મંત્ર યોગ અંજન સવે, સિદ્ધ હુવે જિણ ઠામ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પાતકહારી નામ. ૬૫

સુમતિ સુધારસ વરસતે, કર્મદાવાનલ સંત;
તે તીરથેશ્વર પ્રણમીયે, ઉપશમ તસ ઉલ્લસંત. ૬૬

શ્રુતધર નિતુ નિતુ ઉપદિશે, તત્વાતત્વ વિચાર;
તે તીરથેશ્વર પ્રણમીયે, ગ્રહેગુણયુત આતાર.[૨] ૬૭

પ્રિયમેલક ગુણગણતણું, કીરતિકમલા[૩] સિંધુ;
તે તીરથેશ્વર પ્રણમીયે, કલિકાલે જગબંધુ. ૬૮

શ્રી શાંત્તિ તારણ તરણ, જેહની ભક્તિ વિશાલ;
તે તીરથેશ્વર પ્રણમીયે, દિન દિન મંગલમાલ. ૬૯

શ્વેતધ્વજ જસ ફરકતી, ભાખે ભવિને એમ;
તે તીરથેશ્વર પ્રણમીયે, ભ્રમણ કરો છો કેમ ? ૭૦

સાધક સિદ્ધદશા ભણી, આરાધે એક ચિત્ત;
તે તીરથેશ્વર પ્રણમીયે, સાધન પરમ પવિત્ત. ૭૧

સંઘપતિ થઈ એહની, જે કરે ભાવે યાત્ર;
તે તીરથેશ્વર પ્રણમીયે, તસ હોય નિરમલ ગાત્ર. ૭૨

---

૧ ઉપશાન્ત. ૨ સાંભળનાર. ૩ લક્ષ્મી.

શુદ્ધાતમ ગુણ રમણતા, પ્રગટે જેહને સંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે, જેહનો જસ અભંગ. ૭૩
રાયણવૃક્ષ સોહા ભણો, જિહાં જિનેશ્વર પાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, સેવે સુરનરરાય. ૭૪
પગલાં પૂજી ઋષભનાં, ઉપશમ જેહને ચંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે, સમતા પાવન અંગ. ૭૫
વિદ્યાધરજ મલે બહુ, વિચરે ગિરિવર શૃંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે, ચઢતે નવરસ રંગ. ૭૬
માલતી મોગર કેતકી, પરિમલ મોહે ભૃંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પૂજે ભવિ એકંગ. ૭૭
અજિત જિનેસર જિહાં રહ્યા, ચોમાસું ગુણગેહ;
તે તીરથેશ્વર પ્રણમીયે, આણી અવિહડ નેહ. ૭૮
શાંતિ જિનેસર સોલમા, સોલ કષાય કરી અંત;
તે તીરથેશ્વર પ્રણમીયે, ચાતુરમાસ રહંત. ૭૯
નેમ વિના જિનવર સવે, આવ્યા છે જિણ ઠામ;
તે તીરથેશ્વર પ્રણમીયે, શુદ્ધ કરે પરિણામ. ૮૦
નમિ નેમિ જિન અંતરે, અજિતશાંતિ સ્તવકીધ;
તે તીરથેશ્વર પ્રણમીયે, નંદિષેણ પ્રસિદ્ધ. ૮૧
ગણધર મુનિ ઉવજ્ઝાય તિમ, લાભ લહ્યા કેઈ લાખ;
તે તીરથેશ્વર પ્રણમીયે, જ્ઞાન અમૃતરસ ચાખ. ૮૨

નિત્ય ઘંટા ટંકારવે, રણઝણે ઝલ્લરી નાદ;
તે તીરથેશ્વર પ્રણમીયે, દુંદુભી માદલવાદ. ૮૩
જિણે ગિરે ભરતનરેશ્વરે, કીધો પ્રથમ ઉદ્ધાર,
તે તીરથેશ્વર પ્રણમીયે, મણિમય મૂરતિ સાર. ૮૪
ચૌમુખ ચઉગતિ દુઃખ હરે, સોવનમય સુવિહાર;[1]
તે તીરથેશ્વર પ્રણમીયે, અક્ષય સુખ દાતાર. ૮૫
ઇત્યાદિક મહોટા કહ્યા, સોલ ઉદ્ધાર સફાર;
તે તીરથેશ્વર પ્રણમીયે, લઘુ અસંખ્ય વિચાર. ૮૬
દ્રવ્યભાવ વૈરી તણો, જેહથી થાયે અંત;
તે તીરથેશ્વર પ્રણમીયે, શત્રુંજય સમરંત. ૮૭
પુંડરીક ગણધર હુઆ, પ્રથમ સિદ્ધ ઇણે ઠામ;
તે તીરથેશ્વર પ્રથમીયે, પુંડરીક ગિરિ નામ. ૮૮
કાંકરે કાંકરે ઇણે ગિરિ, સિદ્ધ હુઆ સુપવિત્ત;
તે તીરથેશ્વર પ્રણમીયે, સિદ્ધખેત્ર સમચિત્ત. ૮૯
મલ દ્રવ્યભાવ વિશેષથી, જેહથી જાયે દૂર;
તે તીરથેશ્વર પ્રણમીયે, વિમલાચલ સુખપૂર. ૯૦
સુરવરા બહુ જે ગિરે, નિવસે નિરમલ ઠાણ;
તે તીરથેશ્વર પ્રણમીયે, સુરગિરિ નામ પ્રમાણ. ૯૧

---

૧ સુંદર પ્રાસાદ–જિનભુવન.

પરવત સહુમાંહે વડો, મહાગિરિ તેણે કહંત;
તે તીરથેશ્વર પ્રણમીયે, દરશન લહે પુણ્યવંત. ૯૨

પુણ્ય અનર્ગલ જેહથી, થાયે પાપ વિનાશ;
તે તીરથેશ્વર પ્રણમીયે, નામ ભલું પુણ્ય રાશ. ૯૩

લક્ષ્મીદેવી જે ભણ્યેા, કુંડે કમલ નિવાસ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પદ્મનામ સુવાસ. ૯૪

સવિ ગિરિમાં સુરપતિ સમેા, પાતક પંક વિલાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, પર્વત ઇંદ્ર વિખ્યાત. ૯૫

ત્રિભુવનમાં તીરથ સવે, તેમાં મોટેા એહ;
તે તીરથેશ્વર પ્રણમીયે, મહાતીરથ જસ રેહ. ૯૬

આદિ અંત નહિં જેહની, કેાઈ કાલે ન વિલાય,
તે તીરથેશ્વર પ્રણમીયે, શાશ્વતગિરિ કહેવાય. ૯૭

ભદ્ર ભલા જે ગિરિવરે, આવ્યા હેાય અપાર,
તે તીરથેશ્વર પ્રણમીયે, નામ સુભદ્ર સંભાર. ૯૮

વીર્યવધે શુભ સાધુને, પામી તીરથ ભક્તિ,
તે તીરથેશ્વર પ્રણમીયે, નામે જે દૃઢશક્તિ. ૯૯

શિવગતિ સાધે જે ગિરે, તે માટે અભિધાન,
તે તીરથેશ્વર પ્રણમીયે, મુક્તિનિલયગુણ ખાણ. ૧૦૦

ચંદ સુરજ સમકિતધરા, સેવ કરે શુભ ચિત્ત,
તે તીરથેશ્વર પ્રણમીયે, પુષ્પદંત વિદિત. ૧૦૧

ભિતિ ન રહે ભવજલ થકી, જે ગિરિ લહે નિવાસ,
તે તીરથેશ્વર પ્રણમીયે, મહાપદ્મ સુવિલાસ. ૧૦૨

ભૂમિધરા જે ગિરિવરે, ઉદધિ ન લોપે લીહ,[1]
તે તીરથેશ્વર પ્રણમીયે, પૃથિવી પીઠ અનીહ. ૧૦૩

મંગલ સવિ મલવાતણું, પીઠ એહ અભિરામ,
તે તીરથેશ્વર પ્રણમીયે, ભદ્રપીઠ જસ નામ. ૧૦૪

મૂલ જસ પાતાલમેં, રત્નમય મનોહાર,
તે તીરથેશ્વર પ્રણમીયે, પાતાલ મૂલ વિચાર. ૧૦૫

કર્મ ક્ષય હોયે જિહાં, હોય સિદ્ધ સુખકેલ,
તે તીરથેશ્વર પ્રણમીયે, અકર્મ કરે મન મેલ. ૧૦૬

કામિત સવિ પૂરણ હોયે, જેહનું દરિસણ પામ,
તે તીરથેશ્વર પ્રણમીયે, સર્વકામ મન ઠામ. ૧૦૭

ઇત્યાદિક એકવીશ ભલાં, નિરૂપમ નામ ઉદાર,
જે સમર્યાં પાતક હરે, આતમ શક્તિ અનુહાર. ૧૦૮

---

૧ મર્યાદા.

## કળશ.

ઇમ તીર્થ નાયક, સ્તવન લાયક, સંથુણ્યેા શ્રીસિદ્ધગિરિ, અઠોત્તરસય ગાહ સ્તવને, પ્રેમ ભકતે મનધરી, શ્રી કલ્યાણસાગર સૂરિ શિષ્યે, શુભ જગીશે સુખકરી, પુણ્યમહેાદય સકલ મંગલ, વેલી સુજસે જયસિરી ॥ ઇતિ સિદ્ધ ગિરિ સ્તુતિ સંબંધી ૧૦૮ દેાહા સંપૂર્ણ.

---

# શ્રી પંચ પરમેષ્ઠા ચૈત્યવંદન.

બાર ગુણે અરિહંત દેવ, પ્રણમિજે ભાવે,
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુખ દેાહગ જાવે. ૧

આચારજ ગુણ છત્રીશ, પચવીશ ઉવજ્ઝાય,
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં શિવસુખથાય. ૨

અષ્ટોતર શત ગુણ માલએ, એમ સમરેા નવકાર,
ધીરવિમલ પંડિતતણેા, નય પ્રણમે નિત સાર. ૩

---

## ॥ અથ શ્રી ચોવિશ જિન સમકિતભવ ગણુતીનું ચૈત્યવંદન ॥

॥ પ્રથમ તીર્થંકર તણા હુવા, ભવ તેર કહીજે ॥
શાંતિતણા ભવ બાર સાર, નવ ભવ નેમ લહીજે ॥૧॥
દશ ભવ પાસજિણુંદને, સત્તાવીશ શ્રીવીર ॥ શેષ
તીર્થંકર ત્રિહું ભવે, પામ્યા ભવજલ તીર ॥ ૨ ॥
જ્યાંથી સમકિત ફરસીયું, ત્યાંથી ગણીએં તેહ ॥
ધીરવિમલ પંડિત તણેા, જ્ઞાનવિમલ ગુણ ગેહ ॥૩॥ ઇતિ

## શ્રી ચોવીશ જિન લંછન ચૈત્યવંદન.

વૃષભ લંછન ૠષભદેવ, અજીત લંછન હાથીઃ
સંભવ લંછન ઘોડલેા, શિવપુરનો સાથી. ॥ ૧ ॥

અભિનંદન લાંછન કપિ, કૈાંચ લંછન સુમતિઃ
પદ્મ લંછન પદ્મ પ્રભુ, વિશ્વદેવા સુમતિ ॥ ૨ ॥

સુપાર્શ્વ લંછન સાથીયેા, ચંદ્રપ્રભુ લંછન ચંદ્રઃ
મગર લંછનસુવિધિપ્રભુ, શ્રીવચ્છશીતલજીણુંદ ॥૩॥

લંછન ખડગી શ્રેયાંસને, વાસુપૂજ્યને મહિષઃ
સૂવરલંછનપ્રભુવિમલદેવ, ભવિયાંતે નમોશિશ ॥૪॥

સિંચાણેા જિન અનંતને, વજ્રલંછન શ્રીધર્મ:
શાંતિ લંછન મરગલેા, રાખે ધર્મનેા મર્મ. ॥૫॥
કુંથુનાથ જિન બેાકડેા, અરજિન નંદાવર્ત્ત:
મલ્લિ કુંભ વખાણીએ, સુવ્રત કચ્છપ વિખ્યાત. ॥૬॥
નમિ જિનને નીલેા કમલ, પામીએ પંકજમાંહિ,
શંખ લંછન પ્રભુ નેમજી, દિસે ઉંચે આંહી. ॥૭॥
પાર્શ્વનાથજીને ચરણ સર્પ, નીલવરણ શેાભિત:
સિંહ લંછન કંચનતણું, વર્દ્ધમાન વિખ્યાત. ॥૮॥
એણીપરેલંછનચિંતવી એ, એાલખીએ જિનરાય,
જ્ઞાનવિમલપ્રભુ સેવતાં, લક્ષ્મીરતન સૂરિરાય ॥૯॥

## ચેાવિશ જિનના વર્ણનું ચૈત્યવંદન.

પદ્મપ્રભુ ને વાસુપૂજ્ય, દાય રાતા કહિએ:
ચંદ્રપ્રભુ ને સુવિધીનાથ, દેા ઉજ્વલ લહીએ. ॥૧॥
મલ્લીનાથ ને પાર્શ્વનાથ, દેા નીલા નીરખ્યા:
મુનિસુવ્રત ને નેમનાથ, દેા અંજન સરીખા. ॥૨॥
સેાળે જીન કંચન સમા, એવા જિન ચેાવીશ:
ધીરવિમળપંડીતતણેા, જ્ઞાનવિમળ કહે શિષ્ય. ॥૩॥

# ।। અથ વિચરતા જિનનું ચૈત્યવંદન ।।

।। સીમંધર પ્રમુખ નમું, વિહરમાન જિન વીશ ।।
ઋષભાદિક વલી વંદીયેં, સંપઈ જિન ચોવીશ ।।૧।।
સિદ્ધાચલ ગિરનાર આબુ, અષ્ટાપદ વલિ સાર ।।
સમેતશિખર એ પંચતીર્થ, પંચમી ગતિ દાતાર ।।૨।।
ઉર્ધ્વ લોકે જિનહર નમું, તે ચોરાશી લાખ ।। સહસ
સત્તાણું ઊપરેં, ત્રેવિશ જિનવર ભાંખ ।।૩।। એકશો
બાવન કોડિ વલી, લાખ ચોરાણું સાર ।। સહસ ચુમ્મા
લી સાતશેં, શાઠ જિન પડિમા ઊદાર ।।૪।। અધોલોકેં
જિનભવન નમું, સાત કોડિ બહોંતેર લાખ ।। તેરશેં
કોડિ નેવ્યાશી કોડિ, શાઠ લાખ ચિત્ત રાખ ।।૫।। વ્ય
ંતર જ્યોતિષીમાં વલી એ, જિન ભવન અપાર ।। તે
ભવિ નિત્ય વંદન કરો, જેમ પામો ભવપાર ।।૬।।
તિર્છા લોકેં શાશ્વતાં, શ્રીજિનભવનવિશાલ ।। બત્રીશ
શેં ને ઓગણસાઠ, વંદૂં થઈ ઉજમાલ ।।૭।। લાખ ત્રણ
એકાણું સહસ, ત્રણશેં વીશ મનોહાર ।। જિનપડિમા
એ શાશ્વતી, નિત્ય નિત્ય કરૂં જુહાર ।। ૮ ।। ત્રણ
ભુવનમાંહે વલી એ, નામાદિક જિન સાર ।। સિદ્ધ
અનંતા વંદીયેં, મહોદય પદ દાતાર ।। ૯ ।। ઇતિ ।।

## ।। અથ શ્રીશંખેશ્વર પાર્શ્વજિન છંદ ।।

।। સેવો પાસ સંખેસરો મન શુદ્ધેં, નમો નાથ નિશ્ચેં કરી એક બુદ્ધેં ।। દેવિ દેવલાં અન્યને શું નમો છો, અહો ભવ્યલોકો ભુલાં કાં ભમો છો ।। ૧ ।। ત્રિલોકના નાથને શું તજે છો, પડ્યા પાશમાં ભૂતને કાં ભજે છો ।। સુરધેનુ છંડી અજા શુ અજે છો, મહાપંથ મૂકી કુપંથે વ્રજે છો ।। ૨ ।। તજે કોણ ચિંતામણિ કાચમાટે, ગ્રહે કોણ રાસભને હસ્તિ સાટેં ।। સુરદ્રુમ ઉપાડી કુણ આક વાવે, મહા મુઢ તે આકુલા અંત પાવે ।। ૩ ।। કિહાં કાંકરો ને કિહાં મેરૂશૃંગં, કિહાં કેશરીને કિહાં તે કુરંગં।। કિહાં વિશ્વનાથં કિહાં અન્ય દેવા, કરો એકચિત્તેં પ્રભુ પાસ સેવા ।।૪।। પુજે દેવ પ્રભાવતી પ્રાણનાથં, સહુ જીવને જે કરે છે સનાથં ।। મહા તત્વ જાણી સદા જેહ ધ્યાવે, તેનાં દુઃખ દારિદ્ર દૂરેં પલાયે ।।પા। પામી માનુષોને વૃથા કાં ગમો છો, કુશીલેં કરી દેહને કાં દમો છો।। નહિં મુક્તિવાસં વિના વીતરાગં, ભજે ભગવંતં તજે દૃષ્ટિરાગં ।।૬।। ઉદયરત્ન ભાંખે સદા હેત આણી, દયાભાવ કીજેં પ્રભુ દાસ જાણી।। આજ માહરે મોતીડે મેંહ વુઠા, પ્રભુ પાસ સંખેશ્વરો આપ તૂઠા ।। ૭ ।।

# ।। શંખેશ્વર પાર્શ્વજિન ચૈત્યવંદન ।।

સકલભવિજનચમત્કારી, ભારીમહિમાજેહનો; નિખિલ આતમરમા રાજીત, નામજપીએ તેહનો; દુષ્ટ-કર્માષ્ટકગંજરીજે, ભવિકજનમનસૂખકરોં; નિત્ય જપજપીએ પાપ ખપીએ, સ્વામીનામશંખેશ્વરો, ।।૧।। બહુપુન્ય રાશિદેશકાશી, તથ્થનયરીવણારસી; અશ્વસેન-નરાજા રાણી વામા, રૂપેરતિતનુસારીખીઃ તસકુખેસુપન ચૌદ સુચિત, સ્વર્ગથી પ્રભુ અવતર્યોઃ નિત્યજાપજપી-એપાપખપીએ, સ્વામીનામ શંખેશ્વરો ।। ૨ ।। ત્રણલોકતરૂણીમનપ્રમોદી, તરૂણવયજબઆવીયા, તબમાત-તાતને પ્રસન્નચિતે, ભામિની પરણાવીઆ, કમઠશઠકૃત અગ્નિકુંડે, નાગબલતો ઉદ્ધર્યોઃ નિત્યજાપજપીએ, પાપ-ખપીયે, સ્વામીનામશંખેશ્વરો ।।૩।। પોષમાસે કૃષ્ણપક્ષે, દશમી દિન પ્રભુજનમિયોઃ સુરકુમરીસુરપતિ ભક્તિભાવે, મેરૂશ્રૃંગેસ્થાપિયો, પ્રભાતેપૃથ્વીપતિ પ્રમોદે, જન્મમહો-ચ્છવ અતિ કર્યો, નિત્યજાપજપિએ પાપખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ।।૪।। પોસવદીએકાદશી દિન, પ્રવજ્યા જિન આદરે; સુર અસુર રાજ ભક્તિસાજ,

સેવના ઝાઝી કરે; કાઉસગ્ગ કરતા દેખી કમઠે, ક્રોધ-પરિસહ આકરોઃ નિત્યજાપજપીએ પાપખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ॥ ૫ ॥ તવ ધ્યાન ધારારૂઢ જિનપતિ, મેઘધારે નવિચલ્યોઃ તિહાં ચલિત આસન ધરણ આયો, કમઠ પરિસહ અટકલ્યોઃ દેવાધિદેવનિ કરે સેવા, કમઠનેકાઢીપરોઃ નિત્યજાપજપીએ પાપખપીએ સ્વામી નામ શંખેશ્વરો ॥ ૬ ॥ ક્રમે પામી કેવળજ્ઞાનકમળા, સંઘચઉવિહ સ્થાપીને, પ્રભુ ગયા મોક્ષે સમેતશિખરે, માસઅણસણ પાળીને, શિવ રમણીરંગે રમે રસીએા, ભવિકતસસેવા કરો, નિત્યજાપજપીએ પાપખપીએ, સ્વામીનામશંખેશ્વરો ॥ ૭ ॥ ભૂત પ્રેત પિશાચવ્યંતર, જલણજલોદર ભય ટળે, રાજરાણી રમાપામે, ભક્તિ ભાવ જે મળે, કલ્પતરૂથી અધિક દાતા, જગતત્રાતા જયકરો, નિત્યજાપજપીએ પાપખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ॥ ૮ ॥ જરાજર્જરી ભૂતયાદવ, સૈન્ય, રોગનિવારતા, વઢીયાર દેશે નિત વિરાજે, ભવિક જીવને તારતાઃ એ પ્રભુતણાં પદપદ્મસેવા, રૂપકહે પ્રભુતા વરોઃ નિત્યજાપજપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ॥ ૯ ॥

# ।।અથ ત્રૈલોક્યપ્રકાશાખ્યં જિનચૈત્યવંદનમ્।।

## ।। અથવા ચૈત્યવન્દનચતુર્વિંશતિકા ।।

( ।। શાર્દ્દૂલવિક્રીડિત છંદઃ ।। )

## ।। અથ શ્રીઋષભદેવચૈત્યવંદન પ્રારંભ ।।

સદ્ભક્ત્યા નતમૌલિનિર્જરવર ભ્રાજિષ્ણુમૌલિ પ્રભા, સંમિશ્રારૂણ દીપ્તિશોભિચરણામ્ભોજદ્વયઃસર્વદા।। સર્વજ્ઞઃ પુરૂષોત્તમઃ સુચરિતો ધર્માર્થિનાં પ્રાણિનામ, ભૂયાદભૂરિવિભૂતયે મુનિપતિઃ શ્રીનાભિસુનુર્જિનઃ।।૧।। સદ્બોધોપચિતાઃ સદૈવ દધતા પ્રૌઢપ્રતાપશ્રિયો, યેના-જ્ઞાનતમોવિતાનમખિલં વિક્ષિપ્રમન્તઃ ક્ષણમ્ । શ્રી શત્રુંજયપૂર્વશૈલશિખરં ભાસ્વાનિવોદ્ભાસયન્, ભવ્યા-મ્ભોજહિતઃ સ એષ જયતુ શ્રીમારૂદેવઃ પ્રભુઃ ।। ૨ ।। યો વિજ્ઞાનમયો જગત્રયગુરૂર્યં સર્વલોકા શ્રિતાઃ સિદ્ધિ-ર્યેનવૃતા સમસ્તજનતા યસ્મૈ નતિં તન્વતે ।। યસ્મા-ન્મોહમતિર્ગતા મતિભૃતાં યસ્યૈવ સેવ્યં વચો, યસ્મિન્ વિશ્રવગુણાસ્તમેવ સુતરાં વન્દે યુગાદીશ્વરમ ।। ૩ ।।

## ॥ અથ શ્રીઅજિતપ્રભુચૈત્યવંદનપ્રારંભઃ ॥

( માલિની છંદઃ )

સકલસુખસમૃદ્ધિર્યસ્ય પાદારવિન્દે, વિલસતિ ગુણરક્તા ભક્તરાજીવ નિત્યમ્ ॥ ત્રિભુવનજનમાન્યઃ શાન્તમુદ્રાભિરામઃ સ્તજયતિ જિનરાજસ્તુંગતારંગતીર્થે ॥ ૧ ॥ પ્રભવતિ કિલ ભવ્યો યસ્ય નિર્વર્ણનેન, વ્યપગતદુરિતૌઘઃ પ્રાપ્તમોદપ્રપંચ ॥ નિજબલજિતરાગદ્વેષ ક્લિદ્વેષિવર્ગ, તમજિતવરગોત્રં તીર્થનાથં નમામિ ॥૨॥ નરપતિજિતશત્રોર્વંશરત્નાકરેન્દુઃ, સુરપતિયાતિમુખ્યૈર્ભક્તિકક્ષૈઃ સમર્ચ્યઃ ॥ દિનપતિરિવ લોકેઽપાસ્તમોહાન્ધકારો, જિનપતિરજિતેશઃ પાતુ વા પુણ્યમૂર્તિઃ ॥૩॥

---

## ॥અથ શ્રીસંભવજિનચૈત્યવંદન પ્રારંભઃ॥

( સ્રગ્ધરા છંદઃ )

યદ્ભક્ત્યાસક્તાચિત્તાઃ પ્રચુરતરભવભ્રાન્તિમુક્તા મનુષ્યાઃ સંજાતાઃ સાધુભાવોલ્લસિત્તનિજગુણાન્વેષિણઃ સદ્ય એવ ॥ સ શ્રીમાન્ સંભવેશઃ પ્રશમરસમયો

વિશ્વવિશ્વોપકર્તા, સદ્ભૂભર્તા દિવ્યદીપ્તિઃ પરમપદકૃતે સેવ્યતાં ભવ્યલોકાઃ ।। ૧ ।। શુકલધ્યાનોદકેનોજ્જ્વલમતિશયત, સ્વચ્છભાવાદ્ભુતેન, સ્વસ્માદાદૃત્ય વૃત્તં શિવપદનિગમં કર્મપંકપ્રપંચમ્ । નીરન્ધ્રં દૂરયિત્વા પ્રકૃતિમુપગતો નિર્વિકલ્પસ્વરૂપઃ, સેવ્યસ્તાર્ક્ષ્યધ્વજોડસૌજગતિ જિનપતિર્વીતરાગઃ સદૈવ ।। ૨ ।। વાધૌ વિદ્યોતિરત્નપ્રકર ઇવ પરિભ્રાજતે સર્વકાલે, યસ્મિન્નઃ શેષદોષવ્યપગમવિશદે શ્રી જિતારેસ્તનૂજે । દુષ્પાપો દુષ્ટસત્ત્વૈઃ સ્ફુટગુણનિકરઃશુદ્ધબુદ્ધિક્ષમાદિઃ કલ્યાણ શ્રીનિવાસઃ સ ભવતિ વદતાભ્યર્ચનીયો ન કેષામ્ ।।૩।।

---

## ।। અથ શ્રીઅભિનન્દનજિનચૈત્યવંદન ।।

( દ્રુતવિલમ્બિતં છન્દઃ )

।। વિશદશારદસોમસમાનનઃ કમલકોમલચારૂવિલોચનઃ । શુચિગુણઃ સુતરામભિનન્દનો, જયતુ નિર્મલતાંચિતભૂધનઃ ।।૧।। જગતિ કાન્તહરિશ્વરલાંછિત, ક્રમ સરોરૂહ ભૂરિકૃપાનિધે । મમ સમીહિતસિદ્ધિવિધાયકં, ત્વદપરં કમપીહ ન તર્કયે ।। ૨ ।। પ્રવરસંવર સંવરભૂ-

પતે, સ્તનય નીતિવિચક્ષણ તે પદમ્ । શરણમસ્તુ જિનેશ નિરંન્તરં, ૩ચિરભક્તિસુયુક્તિભૃતો મમ ॥૩॥

---

## ॥ અથ સુમતિજિનચૈત્યવંદન ॥

( ઉપેન્દ્રાવજ્રા છન્દઃ )

॥ સુવર્ણવર્ણો હરિણા સવર્ણો, મનોવનં મે સુમતિર્બલીયાન્ ॥ ગતસ્ततો દુષ્ટકુદ્રષ્ટિરાગ, દ્વિપેન્દ્ર નૈવ સ્થિતિરત્ર કાર્યા ॥ ૧ ॥ જિનેશ્વરો મેગનરેન્દ્રસૂનુ, ર્ધ્નોપમો ગર્જતિ માનસે મે ॥ અહો ગુરૂદ્વેષહુતાશનત્વા, મસૌ શમં નેષ્યતિ સખ્ય એવ ॥ ૨ ॥ ઇતઃ સુદૂરંત્રજ દુષ્ટબુદ્ધે, સમં દુરાત્મીયપરિચ્છદેન । સુબુદ્ધિભર્તા સુમતિર્જિનેશો, મનોરમઃ સ્વાન્તમિતોમદીયમ્ ॥૩॥

---

## ॥ અથ શ્રીપદ્મપ્રભાજનચૈત્યવંદન ॥

( ભુજંગપ્રયાતં છન્દઃ )

॥ ઉદારપ્રભામણ્ડલૈર્ભાસમાનઃ, કૃતાત્યન્તદુર્દાન્ત-દોષાપમાનઃ ॥ સુસીમાગંજઃ શ્રીપતિર્દેવદેવઃ, સદા

મે મુદ્રાભ્યર્ચનીયસ્ત્વમેવ ॥ ૧ ॥ યદીયં મનઃ પંકજં નિત્યમેવ, ત્વયાલંકૃતં ધ્યેયરૂપેણ દેવ । પ્રધાનસ્વરૂપં તમેવાતિપુણ્યં, જગન્નાથ જાનામિ લોકે સુધન્યમ્ ॥ ॥ ૨ ॥ અતોઽધીશ પદ્મપ્રભાનન્દધામ, સ્મરામિ પ્રકામં તવૈવાંગ નામ । મનોવાન્છિતાર્થપ્રદં યોગિગમ્યં, યથા ચકવાકો રવેર્ધામ રમ્યમ્ ॥ ૩ ॥

---

## ॥ અથ શ્રીસુપાર્શ્વજિનચૈત્યવંદન ॥

( તોટક છન્દઃ )

॥ જયવન્તમનન્તગુણૈર્નિભૃતં, પૃથિવીસુતમદ્ભુતરૂપભૃતમ્ । નિજવિર્યવિનિર્જિતકર્મબલં, સુરકોટિસમાશ્રિતપત્કમલમ્ ॥ ૧ ॥ નિરૂપાધિકનિર્મળસૌખ્યનિધિં, પરિવર્જિતવિશ્વદુરન્તવિધિમ્ ભવવારિનિધેઃ પરપારમિતં, પરમોજ્જ્વળચેતનયોન્મિલિતમ્ ॥ ૨ ॥ કળધૌતસુવર્ણશરીરધરં, શુભપાર્શ્વસુપાર્શ્વજિનપ્રવરમ્ ॥ વિનયાવનતઃ પ્રણુમામિ સદા, હૃદયોદ્ભવભૂરિતરપ્રમુદા ॥ ૩ ॥

---

## ।। અથ શ્રીચન્દ્રપ્રભજિનચૈત્યવંદન ।।

( વંશસ્થ છન્દઃ )

અનન્તકાન્તિપ્રકરેણ ચારૂણા, કલાધિપેનાશ્રિતમા-
ત્મસામ્યતઃ। જિનેન્દ્ર ચન્દ્રપ્રભદેવમુત્તમં, ભવન્તમેવા-
ત્મહિતં વિભાવયે ।। ૧ ।। ઉદારચારિત્રનિધે જગત્પ્રભો,
તવાનનામ્ભોજવિલોકનેન મે। વ્યથા સમસ્તાસ્તમિ-
તોદિતં સુખં, યથા તમિસ્રા દિનમર્કતેજસા ।। ૨ ।।
સદૈવ સંસેવનતત્પરે જને, ભવન્તિ સર્વેઽપિ સુરાઃ
સુદૃષ્ટયઃ। સમગ્રલોકે સમચિતવૃત્તિના, ત્વયૈવ સંજાત
મતો નમોઽસ્તુ તે. ।। ૩ ।।



## ।। અથ શ્રીસુવિધિજિનચૈત્યવંદન પ્રારંભ ।।

( વસંતતિલકા છન્દ )

વિશ્વાભિવન્દ્ય મકરાંકિતપાદપદ્મ, સુગ્રીવજાત
જિનપુંગવ શાન્તિસદ્મ। ભવ્યાત્મતારણપરોત્તમયાન-

પાત્ર, માં તારયસ્વ ભવવારિનિધેર્વિરૂપાત્ ॥ ૧ ॥ નિઃશેષદોષવિગમોદ્ભવમોક્ષમાર્ગં, ભવ્યાઃ શ્રયન્તિ ભવદાશ્રયતો મુનીન્દ્ર । સંસેવિતઃ સુરમણિર્બહુધા જનાનાં, કિં નામ નો ભવતિ કામિતસિદ્ધિકારી ॥ ૨ ॥ વિજ્ઞં કૃપારસનિધિં સુવિધે સ્વયંભૂ, મત્વા ભવન્તમિતિ વિજ્ઞપયામી તાવત । દેવાધિદેવ તવ દર્શનવલ્લભોઽહં, શશ્વદ્ભવામિ ભુવનેશ તથા વિધેહી ॥ ૩ ॥

——:o:——

## ॥ અથ શ્રીશીતલજિન ચૈત્યવંદન ॥

( શાર્દૂલવિક્રીડિતં છન્દઃ )

કલ્યાણાંકુરવર્ધને જલધરં સર્વાંગિસંપત્કરં, વિશ્વવ્યાપિયશઃકલાપકલિતં કૈવલ્યલીલાશ્રિતમ્ । નન્દાકુક્ષિસમુદ્ભવં દૃઢરથક્ષોણીપતેર્નન્દનં, શ્રીમત્સુરતબન્દિરે જિનવરં વન્દે પ્રભું શીતલમ્ ॥ ૧ ॥ વિશ્વજ્ઞાનવિશુદ્ધસિદ્ધિપદવીહેતુપ્રબોધં, દધદ્ભવ્યાનાં વરભક્તિરક્તમનસાં ચેતઃ સમુલ્લાસયન્ । નિત્યાનન્દમયઃ પ્રસિદ્ધસમયઃ સદ્ભૂત સૌખ્યાશ્રયો, દુષ્ટાનિષ્ટતમઃ પ્રણાશતરણિર્જીયાજ્જિનઃશીતલઃ ॥૨॥ સદ્ભક્ત્યા

ત્રિદશેશ્વરૈઃ કૃતનુતિભાસ્વદ્ગુણાલંકૃતિઃ, સત્કલ્યાણુ-
સમદ્યુતિઃ શુભમતિઃ કલ્યાણકૃત્સંગતિઃ ॥ શ્રીવત્સાંકસ-
મન્વિતસ્ત્રિભુવનત્રાણે ગૃહીતવ્રતો, ભૂયાદ્ભક્તિમતાં
સદૈષ વરદઃ શ્રીશીતલસ્તીર્થકૃત્ ॥ ૩ ॥

---

## ॥ અથ શ્રીશ્રેયાંસજિનચૈત્યવંદન ॥

( હરિણી છન્દઃ )

ચિરપરિચિતા ગાઢવ્યામા સુબુદ્ધિપરાઙ્મુખી,
નિજબલપરિસ્ફુર્ત્યોદગ્રા સમગ્રતયા મમ । વ્યપગતવતી
દુરં દુષ્ટા સ્વનિષ્ઠ કૃદ્દષ્ટિતા, અપચિતસહાઃ સદ્યો ભૂત્વા
યદીયસુદૃષ્ટિતઃ ॥ ૧ ॥ નિરૂપમમુખશ્રેણીહેતુર્નિરાકૃત·
દુર્દશા, શુચિતરગુણગ્રામાવાસા નિસર્ગમહોજ્જવલા ॥
હૃદયકમલે પ્રાદુર્ભુતા સુતત્ત્વરૂચિર્મમ, વિદલિતભવ-
ભ્રાન્તિર્યસ્યાપ્યજસ્ત્રમનુસ્મૃતેઃ ॥૨॥ ઉપકૃતિમતિર્દાને
દક્ષો નિરસ્તજગદ્વ્યથઃ, સમુચિતકૃતિર્વિજ્ઞાનાંશુપ્રકા-
શિતસત્પથઃ । નૃપગણગુરોર્વિષ્ણોર્વંશે પ્રભાકરસંનિભઃ,
સ ભવતુ મમ શ્રેયાંસો નઃ પ્રબોધસમૃદ્ધયે ॥ ૩ ॥

---

## ।। અથ શ્રીવાસુપૂજ્યજિનચૈત્યવંદન ।।

( રથોદ્ધતા છન્દઃ । )

પૂર્ણચન્દ્રકમનીયદીધિતિભ્રાજમાનમુખમદ્ભુત-
શ્રિયમ । શાન્તદાષ્ટમલિરામયેષ્ટિતં, શિષ્ટજન્તુપરિ-
વેષ્ટિતં પરમ્ ।। ૧ ।। નષ્ટદુષ્ટ મતિભિર્યમીશ્વરં,
સંસ્મરદ્ભિરિહ ભૂરિભિર્નૃભિઃ । ક્ષીણમોહસમયાદન-
ન્તરા, પ્રાપિ સત્યપરમાત્મરૂપતા ।। ૨ ।। પાર્થિવેશવસુ-
પૂજ્યવેશ્મનિ, પ્રાપ્તપુણ્યજનુષં જગત્પ્રભુમ્ । વાસુપૂ-
જ્યપરમેષ્ઠિનં સદા, કે સ્મરન્તિ ન હિતં વિપશ્ચિતઃ ।।૩।।

( ત્રિભિઃ સંટંકઃ । )

---

## ।। અથ શ્રીવિમલજિનચૈત્યવંદન ।।

।। મંદાક્રાન્તા છન્દઃ ।।

સંસારેઽસ્મિન્મહતિ મહિમામેયમાનન્દિરૂપં, ત્વાં
સર્વજ્ઞં સકલસુકૃતિશ્રેણિસંસેવ્યમાનમ્ । દૃષ્ટવા સમ્ય-
ગ્વિમલસદસજ્જ્ઞાનધામ પ્રધાનં, સંપ્રાપ્તોઽહં પ્રશમ-

સુખદં સંભૃતાનન્દવીચિમ્ ॥૧॥ યે તુ સ્વાભિન્ કુમતિપિહિતસ્ફારસદ્બોધમૂઢાઃ સૌમ્યાકારાં પ્રતિકૃતિમપિ પ્રેક્ષ્ય તે વિશ્વપુજ્યામ્। દ્વેષોદ્ભૂતેઃ કલુષિતમનોવૃત્તયઃ સ્યુઃ પ્રકામં, મન્યે તેષાં ગતશુભદશાં કા ગતિર્ભાવિનીતિ ॥ ૨ ॥ શ્યામાસૂનો પ્રતિદિનમનુસ્મૃત્ય વિજ્ઞાનીવાક્યં હિત્વાનાર્યં કુમતિવચનં યે ભુવિ પ્રાણભાજઃ। પૂર્ણાનન્દોલ્લસિતહૃદયાસ્ત્વાં સમારાધયન્તિ, શ્લાઘ્યાચારાઃપ્રકૃતિસુભગાઃસન્તિધન્યાસ્ત એવ ॥ ૩ ॥

---

## ॥ અથ શ્રીઅનન્તજિનચૈત્યવંદન ॥

( સ્ત્રિગ્વિણી છન્દઃ )

॥ યસ્ય ભવ્યાત્મનો દિવ્યચેતોગૃહે, સર્વદાનન્તચિન્તામણિર્દ્યોતતે। યાન્તિ દુરે સ્વતસ્તસ્ય દુષ્ટાપદો, વિશ્વવિજ્ઞાનવિત્તં ભવેદક્ષયમ ॥ ૧ ॥ યસ્તુ સર્વજ્ઞરૂપં સ્વરૂપસ્થિતં, વીક્ષ્ય સદ્ભાવતઃ સિંહસેનાત્મજમ્। અદ્ભુતામોદસંદોહસંપૂરિતો, મન્યતે ધન્યમાત્મીય નેત્રદ્વયમ ॥ ૨ ॥ સોઽપવર્ગાનુગામિસ્વભાવોજ્જ્વલાં,

વ્યુઢમિથ્યાત્વવિદ્રાવણે તત્પરામ । બન્ધુરાત્માનુભૂતિ-
પ્રકાશોદ્યતાં, શુદ્ધસમ્યક્ત્વ સંપત્તિમાલમ્બતે ॥ ૩ ॥

---

## ॥ અથ શ્રીધર્મનાથજિનચૈત્યવંદન ॥

( કામક્રીડા છન્દઃ )

॥ ભાસ્વજ્જ્ઞાનં શુદ્ધાત્માનં ધર્મેશાનં સદ્ધ્યાનં,
શક્ત્યા યુક્તં દોષોન્મુક્તં તત્ત્વાસક્તં સદ્ભક્તમ્ ।
શશ્વચ્છાન્તં કીર્ત્યા કાન્તં ધ્વસ્તધ્વાન્તં વિશ્રામં,
ક્ષિપ્રાવેશં સત્યાદેશં શ્રીધર્મેશં વન્દધ્વમ્ ॥ ૧ ॥
નિઃશેષાર્થપ્રાદુષ્કર્તા । સિદ્ધૈર્ભર્તા સંધર્તા, દુર્ભાવાનાં
દૂરે હર્તા દીનોદ્ધર્તા સંસ્મર્તા । સદ્ભક્તેભ્યો મુક્તેર્દાતા
વિશ્વત્રાતા નિર્માતા, સ્તુત્યો ભક્ત્યા વાચોયુક્ત્યા ચેતો-
વૃત્ત્યા ધ્યેયાત્મા ॥ ૨ ॥ સમ્યગ્દૃગ્ભિઃસાક્ષાદ્દૃષ્ટો
મોહાસ્પૃષ્ટો નાકૃષ્ટઃ સ્રોતોગ્રાહૈઃ સંપન્નન્યેષ્ટઃ સાધુશ્રેષ્ટઃ
સત્પ્રેષ્ઠઃ । શ્રદ્ધાયુક્તસ્વાન્તૈર્જુષ્ટો નિત્યં તુષ્ટો નિર્દુષ્ટ,
સ્ત્યાન્યો નૈવ શ્રીવજ્રાંકો નષ્ટાતંકો નિઃશંકઃ ॥ ૩ ॥

---

## ।। અથ શ્રીશાન્તિનાથજિનચૈત્યવંદન ।।

( દ્રુતવિલમ્બિત છન્દઃ )

।। વિપુલનિર્મલકીર્તિભરાન્વિતો, જયતિ નિર્જર-
નાથનમસ્કૃતઃ । લઘુવિનિર્જિતમોહધરાધિપો, જગતિ
યઃ પ્રભૂશાંન્તિજિનાધિપઃ ।। ૧ ।। વિહિતશાન્તસુધાર-
સમજ્જનં, નિખિલદુર્જયદોષવિવર્જિતમ્ । પરમપુ-
ણ્યવતાં ભજનીયતાં, ગતમનન્તગુણૈઃ સહિતં સતામ્
।। ૨ ।। તમચિરાત્મજમીશમધીશ્વરં, ભવિકપદ્મવિબો-
ધદિનેશ્વરમ્ । મહિમધામ ભજામિ જગત્રયે, વરમનુત્ત-
રસિદ્ધિસમૃદ્ધયે ।। ૩ ।।

———o———

## ।। અથ શ્રીકુન્થુનાથજિનચૈત્યવંદન ।।

( ગીતપદ્ધતિ છન્દઃ )

।। જય જય કુન્થુજિનોત્તમ સત્તમતત્વનિધાન,
ધર્મિજનાંજનવલ્લભમાનસમાનસહંસમાન । જ્ઞાનાચ્છા-
દકમુખ્યમહોદ્ધતકર્મવિમુક્ત, વિષમવિષયપરિભોગ-
વિરક્ત શુભાશયયુક્ત ।। ૧ ।। જય જય વિશ્વજનીન

મુનિવ્રજમાન્ય વિશુદ્ધ, ચેતન ચારૂચરિત્રપવિત્રિત લોકવિબુદ્ધ । નિરૂપમમેરૂમહીધરધીર નિરન્તરમેવ, ગર્વવિવર્જિતસર્વસુપર્વ વિનિર્મિતસર્વ ॥ ૨ ॥ જય જય સુરનરેશ્વરચન્દનકલ્પ, જિનેશવિશ્વવિભાવવિનાશકવીતવિકલ્પ ॥નિર્મળકેવલબોધવિલોકિતલોકાલોક, પ્રાદુર્ભૂતમહોદયનિર્વૃતિ નિત્યવિશોક ॥ ૩ ॥

---

## ॥ અથ શ્રીઅરનાથજિનચૈત્યવંદન ॥

( રામગિરિરાગેણ ગીયતે )

દિવ્યગુણધારકં ભવ્યજનતારકં, દુરિતમતિવારકં સુકૃતિકાન્તમ્ । જિતવિષમસાયકં સર્વસુખદાયકં, જગતિ જિનનાયકં પરમશાન્તમ્ ॥ ૧ ॥ સ્વગુણપર્યાયસંભીલિતં નૌમિ તં, વિગતપરભાવપરિણતિમખણ્ડમ્ । સર્વસંયોગવિસ્તારપારંગતં, પ્રાપ્તપરમાત્મરૂપં પ્રચણ્ડમ્ ॥ દિ૦ ॥ ૨ ॥ સાધુદર્શનવૃતં ભાવિકં પ્રસ્તુતં પ્રાતિહાર્યાષ્ટકોદ્ભાસમાનમ્ । સતતમુક્તિપદં સર્વદા પૂજિતં શિવમહી સાર્વભૌમપ્રધાનમ્ ॥ દિ૦ ॥ ત્રિભિર્વિશેષકમ્ ।

---

## ।। અથ શ્રીમલ્લિજિનચૈત્યવંદન ।।

( ગેયપદ્ધતિ રાગ )

કુમ્ભસમુદ્ભવ સંમદાકર । ગુણવર હે મલ્લિજિનોત્તમ દેવ જય જય વિશ્વપતે ।।૧।। કૃત્યાકૃત્યવિવેકિતા જિન સમુચિતા । હે ત્વયિ જાગર્તિ જિનેશ જય જય વિશ્વપતે ।। ૨ ।। નિત્યાનન્દમકાશિકા ભ્રમનાશિકા । હે તવ શુભદૃષ્ટિ રતીશ જય જય વિશ્વપતે ।। ૩ ।। શુદ્ધિનિબન્ધનસન્નિધે સદ્ગુણનિધે હે વર્જિતસર્વવિકાર જય જય વિશ્વપતે ।। ૪ ।। નિજનિરૂપાધિકસંપદા શોભિત સદા,હે નિર્મલધર્મધુરીણ જયજય વિશ્વપતે।।૫।।

---

## ।। અથ શ્રીમુનિસુવ્રતજિનચૈત્યવંદન ।।

( અન્યગેયપદ્ધતિરાગઃ )

ઉત્તમચેતન ધર્મસમૃદ્ધ જગત્પતે નિત્યાડનિત્યપદાર્થનિચયવિલસન્મતે । નિજવિક્રમજિતમોહમહોદ્ભટભૂપતે શ્રીપદ્માતનુજાત સુજાતહરિધ્યુતે ।। ૧ ।। શ્રીમુનિસુવ્રત સુવ્રતદેશક સજ્જનાઃ કૃતસદ્ગુરૂશુભ વાકયસુધારસમજ્જના, યે પ્રણમન્તિ ભવન્તમનન્ત-

સુખાશ્રિતં કેવલમુજ્જ્વલભાવમખણ્ડમનિન્દિતમ્ ॥ ૨ ॥ તે નિઃસંશયમેવ જગત્રયવન્દિતાઃ સદ્ભાવેન ભવન્તિ સૂદૃષ્ટયા નન્દિતાઃ કૃત્યં સ્વોચિતમેવ યતઃ કિલ કારણં,જનયતિ નાત્મવિરૂદ્ધમિહાસાધારણમ્ ॥૩॥

॥ ત્રિભિર્વિશેષકમ્ ॥

---

## ॥ અથ શ્રીનમિનાથજિનચૈત્યવંદન ॥

( પંચચામર છન્દઃ )

નમીશ નિર્મલાત્મરૂપ સત્યરૂપ શાશ્વતં, પરોર્ધ્વસિદ્ધિસૌધમૂર્ધ્નિસત્સ્વભાવતઃ સ્થિતમ્। વિધાય માનસાબ્જકોશદેશમધ્યવર્તિનં, સ્મરામિ સર્વદા ભવન્તમેવ સર્વદર્શિનમ્ ॥ ૧ ॥ પ્રપુલ્લન્કૈંચલાંછનપ્રભુતતેજસોડધ તે, દિવાકરસ્ય વા મહેશ્વરાભિદર્શનેન મે। પ્રમાદવર્ધિની સુદુર્મતિર્નિશેવ દુર્ભગા ગતા, પ્રણાશમાશુ હૃત્કજે વિનિદ્રતાડભવત્ ॥ ૨ ॥ નિરસ્ત દોષદુષ્ટકષ્ટકાર્યભર્ત્યસંસ્તવો ભવે। ભવે ભવત્પદાબ્જુજૈકસેવકઃ પ્રભો। ભવેયમીદૃશં ભૃશં મદીયચિતચિન્તિતં, તવ પ્રસાદતો ભવત્વવન્ધ્યમેવ સત્વરમ ॥ ૩ ॥

## ।। અથ શ્રીનેમિનાથજિનચૈત્યવંદન ।।

( ઉપજાતી છન્દઃ )

વિશુદ્ધવિજ્ઞાનભૃતાં વરેણ્ય શિવાત્મજેન પ્રશમાકરેણ । યેન પ્રયાસેન વિનૈવ કામં વિજિત્ય વિક્રાન્તરં પ્રકામમ્ ।। ૧ ।। વિહાય રાજ્યં ચપલસ્વભાવં રાજીમતિં રાજકુમારિકાં ચ । ગત્વા સલીલં ગિરિનારશૈલં ભેજે વ્રતં કેવલમુક્તિયુક્તમ્ ।। ૨ ।। નિઃશેષયોગીશ્વરમૌલિરત્નં, જિતેન્દ્રિયત્વે વિહિતપ્રયત્નમ્ । તમુત્તમાનન્દનિધાનમેકં, નમામિ નેમિં વિલસદ્વિવેકમ્ ।। ૩ ।।

---

## ।। અથ શ્રીપાર્શ્વનાથજિનચૈત્યવંદન ।।

( પંચચામરં છન્દઃ )

શ્રયામિ તં જિનં સદા મુદા પ્રમાદવર્જિતં સ્વકીયવાગ્વિલાસતો જીતોરૂમેઘગર્જિતમ્ । જગત્પ્રકામિકામિતપ્રદાનદક્ષમક્ષતં પદં દધાન મુચ્ચકૈરકૈતવોપલક્ષિતમ્ ।। ૧ ।। સતામવદ્યભેદકં પ્રભૂતસંપદાં પદં વલક્ષપક્ષસંગતં જનેક્ષણક્ષણપ્રદમ । સદૈવ યસ્ય દર્શનં વિશાં વિમર્દિતૈનસાં નિહંત્યશાતજાતમા ત્મભક્તિરક્ત-

ચેતસામ્ ॥ ૨ ॥ અવાપ્ય યત્પ્રસાદમાદિતઃ પુરૂશ્રિયો નરા ભવન્તિ મુક્તિગામિનસ્તતઃ પ્રભાપ્રભાસ્વરાઃ। ભજેયમાશ્વસેનિદેવદેવમેવ સત્પદં, ચમાનસેન શુદ્ધ બોધવૃદ્ધિલાભદમ્ ॥ ૩ ॥

## ॥ અથ શ્રીવીરજિનચૈત્યવંદન ॥

( પૃથ્વીછન્દઃ )

વરેણ્યગુણવારિધિઃ પરમનિવૃતઃ સર્વદા સમસ્ત-કમલાનિધિસુરનરેન્દ્રકોટિશ્રિતઃ । જનાતિસુખદાયકો વિગતકર્મવારો જિનઃ સુમુક્ત જનસંગમ સ્ત્વમસિ વર્ધમાનપ્રભો ॥ ૧ ॥ જિનેદ્ર ભવતોઽદ્ભૂતં મુખમુદાર બિમ્બસ્થિતં, વિકારપરિવર્જિતં પરમશાન્તમુદ્રાકિ-તમ્ । નિરીક્ષ્ય મુદિતેક્ષણઃ ક્ષણમિતોઽસ્મિ યદ્ભાવનાં જિનેશ જગદીશ્વરોઽભવતુ સૈવ મે સર્વદા ॥ ૨ ॥ વિવેકીજનવલ્લભં ભુવિ દુરાત્મનાં દુર્લભં દુરન્તદુરિત-વ્યથા,ભરનિવારણેતત્પરમ્ । તવાંગ પદ પદ્મયોયુગર્મ-નિન્દ્ય વીરપ્રભો પ્રભૂતસુખસિદ્ધયે મમ ચિરાય સંપશ્યતામ્ ॥ ૩ ॥

હીનપુણ્યા ન પશ્યન્તિ, રાગાન્ધાસ્તત્ત્વસંસ્થિતિમ્ઃ। લાભેઽલાભફલં ચૈવ, લભન્તે તે નરાધમાઃ ॥

ઇતિ ચૈત્યવંદનચતુર્વિંશતિકા સમાપ્તઃ ।

## ।। અથ સામાન્યજિન ચૈત્યવંદનં ।।

જયજય તું જિનરાજ આજ, મલિએો મુજ સ્વામી; અવિનાશી અકલંકરૂપ, જગ અંતર જામી ।। ૧ ।। રૂપા રૂપી ધર્મદેવ, આતમ આરામી ।। ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવલીલા પામી. ।।૨।। સિદ્ધ બુદ્ધ તુમ વંદતાં- સકલ સિદ્ધિવર બુદ્ધ; રામપ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમરિદ્ધ. ।।૩।। કાલ બહુ સ્થાવર ધરે, ભમિયેા ભવમાંહિ; વિકલેંદ્રિયમાંહિ વસ્યેા, સ્થિરતા નહિં કયાંહિં,।।૪।।તિરિયંચપંચેંદ્રિય માંહિ દેવ, કરમે હું આવ્યેા, કરી કુકર્મ નરકે ગયેા, તુમ દરિ સણ નવિ પાયેા.।।૫।।૬મિ અનંત કાલે કરિએે, પામ્યેા નર અવતાર, હવે જગ તારણ તું હી મલ્યેા, ભવજલ પાર ઉતાર. ।।૬।। ઈતિ ચૈત્ય વંદન સંપૂર્ણઃ

---

## ।। અથ પાર્શ્વનાથ સ્તોત્ર ।।

નમદેવ નાગેંદ્ર મંદારમાલા; મરિંદ છટા ઘૌત પાદાર વિંદં; પરાનંદ સંદર્ભ લક્ષ્મી સનાથં, સ્તુવે દેવ ચિંતામણી પાર્શ્વનાથં ।।૧।। તમેા રાસી વિત્રાસને

વાસરેસં, હત કલેસલેશ શ્રિયાંસં નિવેસં ; ક્રમાલિન પદ્માવતિ પ્રાણ નાથં. સ્તુવે૦ ॥૨॥ નવશ્રી નિવાસં નવાંભો ધનિલં, નતાનાં સ્વશ્રી દાનદાને સલિલં; ત્રિલોકસ્ય પૂજ્યં ત્રિલોકસ્ય નાથં, સ્તુવે દેવ ચિંતામણિ. ॥૩॥ હત વ્યાધિનૃ પસ્યાશ્વસેનસ્યવં, જના નામનો માનસે રાજહંસં; પ્રભાવ પ્રભાવાહિનિ સિંધુ નાથં. સ્તુ૦॥૪॥ હતવ્યાધિ વૈતાલ ભૂતા દિદોષં, કૃતા શેષ પૂણ્યાવલિ પૂણ્ય પોષં, મુખ શ્રી પરાભુત દોષાધિન નયં. સ્તુવે૦ ॥૫॥ કલૌ ભાવિનિ કલ્પવૃક્ષોપમાનાં, જગત્પાલને સંતતિસાવધાનં, ચિરંમેદ પાટં સ્થિતં વિશ્વનાથં. સ્તુવે૦ ॥૬॥ ઈતિ નાગેંદ્ર નરામર વંદિતં, પદાંભોજ મવર્તિતે. જા, દેવ કુલપાટ કચ્છ; સજયતિ ચિંતામણિ પાર્શ્વનાથં. ॥૭॥ ઈત પાર્શ્વનાથ સ્તોત્રં સમાપ્ત,

---

## ॥ અથ પર્યુષણા નમસ્કાર ॥

પર્વ પજુસણ ગુણ નિલો, નવ કલ્પિ વિહાર; ચ્યાર માસાંતર થીર રહે, એહીંજ અર્થ ઉદાર ॥ ૧ ॥ અશાઢ સુદિ ચઉદસ થકિ, સંવચ્છરી પચાસ; મુનિવર

દીન સિત્તેરમે; પડિકમતા ચઉમાસ ॥ ૨ ॥ શ્રાવક પણ સમતા ધરિએ, કરે ગુરૂના બહુ માન, કલ્પસૂત્ર સુવિહીત મુખે, સાંભલિએ એક તાન ॥ ૩ ॥ જીનવર ચૈત્ય જુહારિએ, ગુરૂભક્તિ સુવિશાલ, પ્રાએ અષ્ટ ભવાંતરે; વરિએ શિવ વરમાલ ॥ ૪ ॥ દરપણથી નિજ રૂપને, જોઇ સુદૃષ્ટિરૂપ; દરપણ અનુભવ અરપણે, જ્ઞાન રયણ મુનિ ભૂપ ॥ ૫ ॥ આત્મસ્વરૂપ વીલોકતાંએ, પ્રગટયો મિત્ર સ્વભાવ; રાય ઉદાઈ ખાંમણા, પર્વ પજુસણ દાવ. ॥ ૬ ॥ નવ વખાણ પૂંજી સૂણે, શુકલ ચતુર્થિ સિમા; પંચમિ દિન વાંચે સુંણે, હોય વિરાધક નિમા. ॥ ૭ ॥ એ નહિ પરવે પંચમિ, સરવ સમાણિ ચોથે; ભવભિરૂ મુનિ માનસ્યે, ભાખ્યુ અરિહા નાથે. ॥ ૮ ॥ શ્રુત કેવલિ વયણા સુણીએ, લહિ માનવ અવતાર; શ્રી શુભવિરને શાસને, પામે જય જયકાર. ॥ ૯ ॥ ઇતી પર્યુષણા નમસ્કાર સંપૂર્ણ,

---

## પાર્શ્વનાથનો શ્લોક.

ક્ષિતિ મંડલ મુકુટં, ધાર્મિક નિકટં, વિશ્વ પ્રગટં;
ચારૂ ભટ્ટં, ભવરેણુ સમિરં, જલનિધિ તિરં;

સુર ગિરિ ધિરં, ગંભિરંઃ જગ ત્રય સરણું, દુર મતિ હરણું; દુર ધર ચરણું, સુખ કરણું; શ્રી પાર્શ્વજીનેદ્રં, નત નાગેદ્રં;નમત સુરેદ્રં,ક્રિતભદ્રંઃ ૧

## નેમનાથનો શ્લોક.

રાજં યેાન સમિહતે ગજગટા ટંકાસં રાજિતઃ
નૈવાકયં ક્ષતિ ચારૂ ચંદ્રવદનિ લિલાવતિ યેાગિનંઃ
યહ સંસાર મહા સમુદ્ર મથને ભાવિયમં પાચલેઃ
સેાયં નેમિ જીનેશ્વરેા વિજયતે યેાગિદ્ર ચુડામણિઃ

## ચિંતામણી પાર્શ્વનાથનો શ્લોક.

શ્રિમત માલવ દેસ ભેામિ લલના ભાલે સ્થલે,
ભુસણું: સેવેયં મક્ષિસ્વરં જીન પતે પાર્શ્વ
પ્રમેાદં પદં; આધિ વ્યાધિ વિનાસનં દુખ હરં,
મિથ્યા અપવાદં ન નામઃ દુષ્ટ મલેચ્છ;
રિપુ કષ્ટ હરણું શ્રી પાર્શ્વ ચિંતામણીઃ

## ।। અથ ચૈત્યવંદન ।।

શ્રી સિદ્ધચક્ર આરાધિયેં, આસેા ચૈતર માસ,
નવદિન નવ આંબિલ કરી, કીજે ઓલી ખાસ, ।। ૧ ।।

કેશર ચંદન ઘશિ ઘણાં કસ્તુરી બરાસ, જુગંતે જિનવર પૂજ્આ, મયણાં મન ઉંલ્લાસ. ॥૨॥ પૂજા અષ્ટ પ્રકારની, દેવ વંદન ત્રણ કાલ ॥ મંત્ર જપે ત્રણ કાલનો, ગણણું તેર હજાર. ॥ ૩ ॥ કષ્ટ ટલ્યું ઉબર તણું, જપતા નવપદ ધ્યાંન; શ્રી શ્રીપાલ નરીંદ થયા, વાધ્યો બમણો વાન. ॥૪॥ સાતમેં મહીપતિ સુખ લહ્યાં, પોહતા નિજ આવાસ. પુણ્યેં મુક્તવધુ વરયાં, પાંમ્યા લીલ વિલાસ. ॥ ૫ ॥ ઇતિ. પ્રથમ ચૈત્યવંદન. ॥ ૧ ॥

## ॥ અથ દ્વિતીય ચૈત્યવંદન લિખ્યતે ॥

બાર ગુણ અરિહંતના, તેમ સિદ્ધના આઠ છત્રીસ ગુણ આચાર્યના, જ્ઞાન તણા ભંડાર. ॥ ૧ ॥ પચવીશ ગુણ ઉપાધ્યાયના, સાધુ સત્યાવીશ; શ્યામ વર્ણ તનુ શોભતા, જિન શાસનના ઇશ. ॥ ૨ ॥ નાણ નમું એકાવનેં, દર્શનના શડશઠ; સિત્તેર ગુણ ચારિત્રના, તપના બાર પ્રધાન. ॥ ૩ ॥ એમ નવપદ જુગતેં કરી, તિન શત અડગુણ થાય, પૂજે જે ભવિ ભાવસું, તેનાં પાતક જાય. ॥ ૪ ॥ પૂજ્યા મયણાંસુંદરીયેં, તેમ

નરપતિ શ્રીપાલઃ પુણ્યેં મુક્તિ સુખ લહ્યાં, વરત્યાં મંગલ માલ. ॥ ૫ ॥ ઇતિ સંપૂર્ણ.

## ॥ અથ ચૈત્યવંદન લિખ્યતે ॥

શ્રી સેત્રુંજે સીણગારહાર, શ્રી આદિ જિનંદ; નાભીરાયા કુલ ચંદ્રમા, મારૂ દેવાનંદ. ॥ ૧ ॥ કાશ્યપ ગોત્ર ઇક્ષ્યવાકવંસ, વિતિતાનો રાય; ધનુષ પાંચસે દેહમાન, સોવન સમ કાય. ॥ ૨ ॥ વૃષભ લંછન ધુર-વંદિયેંએ, સંઘ સકલ સુભ રીત; અઠાઇધર આરા-ધિએ, આગમવાણિ વિનિત. ॥ ૩ ॥ ઇતિ પ્રથમ ॥૧॥

---

પ્રણમું શ્રી દેવાધિદેવ, જીનવર શ્રી મહાવીર; સુરનર સેવે સંતદંત, પ્રભુ સાહસ ધિર. ॥ ૧ ॥ પરવ પજૂસણ પુન્યથી, પામી ભવિ પ્રાણી; જૈન ધરમ આરાધિએ, સમકિત હિત જાણી. ॥ ૨ ॥ શ્રી જીન-પ્રતિમા પુજીએ, કિજેં જન્મ પવિત્ર; જીવ યત્ન કરી સાંભલો, પ્રવચન વાણી વિનિત. ॥ ૩ ॥ ઇતિ દ્વીતિયા. ॥ ૨ ॥

---

કલ્પતરૂવરકલ્પસૂત્ર, પુરે મનવંછિત; કલ્પધર ધુરથી સુંણેા, શ્રી વીરચરીત્ર. ॥ ૧ ॥ ક્ષત્રીકુંડે નરપતિ, સિદ્ધારથ રાય; રાણી ત્રીસલાતણી કુખે, કંચન સમ કાય. ॥ ૨ ॥ પુષ્પોતરવરથી ચવિએ, ઉપન્યા પુન્ય પવિત્ર; ચતુરા ચઉદ સુપન લહે, ઉપજે વિનય વિનીત. ॥૩॥ ઈતિ ત્રતિય ॥ ૩ ॥

---

સુપન વિધિ કહે સુત હેાસે, ત્રિભુવન સિણગાર; તે દિનથી રીદ્ધે વધ્યા, ધન અખુટ ભંડાર. ॥ ૧ ॥ સાઢાસાત દિવસ અધિક, જનમ્યા નવ માસે; સુરપતિ કરે મેરૂ સીખરે, એાચ્છવ ઉલ્લાસે ॥ ૨ ॥ કુંકુંમ હાથા દિજિયેંએ, તેારણ ઝાકઝમાલ; હરખે વિર ઝુલરાવિએં, વાણિ વિનિત રસાલ. ॥ ૩ ॥ ઈતિ ચતુર્થ. ॥ ૪ ॥

---

જિનનિ બહિન સુદર્શના, ભાઈ નંદિ વર્દ્ધન; પરણિ જસેાદા પદ્મનિ, વિર સુકેામલ રત્ન. ॥ ૧ ॥ દેઈ દાન સંવચ્છરી, લેઈ દિક્ષા સ્વામી; કર્મ ખપી થયા કેવલી, પંચમ ગતિ પામી. ॥ ૨ ॥ દિવાલી દિવસ

થકીએ, સંઘ સકલ સુભરીત; અઠમ કરી તેલા ધરી, સુણ્યે એકણ ચિત. ॥ ૩ ॥ ઇતિ પંચમ, ॥ ૫ ॥

---

પાસ જિણેસર નેમનાથ, સમુંદ્ર શ્રીવીષ્ણુકુમાર, સુણીએ આદિશ્વર ચરીત્ર, વલી જીનના અંતર. ॥૧॥ ગૌતમાદિકથીરાવલી, સુધ સમાચારી; પરમહિત ચોથેદિને, ભાંખ્યો ગણધારી. ॥ ૨ ॥ જ્ઞાન દરસન ચારીત્રતપએ, જિનધર્મ જિનચિત; જિન પ્રતિમા જિન સારીખી, વંદૂ સદા વિનિત. ॥૩॥ ઈતિ ષષ્ટમ ॥ ૬ ॥

---

પર્વરાજ સંવચ્છરી, દિન દિન પ્રત્યે સેવો; શ્લોક બારસેં કલ્પસૂત્ર, સુણેા વીર મુનિ મુખ એવો. ॥ ૧ ॥ પરમ પટોધર બાર બોલ, ભાખ્યા ગુરૂ હિર; સંપ્રતિ શ્રી વીજયસેન સુંરી, ગચ્છગણધિર. ॥ ૨ ॥ જિન શાસન સોભા કરૂએ, પ્રીતીવીજય કહે સીસ; વિનયવિજય કહે વીરને; ચરણે નામું સીસ. ॥ ૩ ॥ ઈતિ સપ્તમ. ॥ ૭ ॥

---

વડા કલ્પપુરવદિને, ધરે કલ્પને લાવો; રાતિ જગા પ્રમુખે કરી, શાસન સોહાવો. ॥૧॥ હયગય સીણગારી કરી, કુમર લાવો ગુરૂ પાસે; વડા કલ્પદિન સાંભલો, વિર ચરીત્ર ઉલ્લાસે. ॥ ૨ ॥ છઠ દ્વાદસ તપ કીજીયેં, ધરીયેં સુભ પરીણામ; સાહમી વચ્છલ પરભાવના. પૂજ અભિરામ ॥ ૩ ॥ જિન ઉતમ ગૌતમ પ્રત્યેએ, કહેન્યો એકવીસવાર; ગુરૂમુખ પદમે ભાવસું, સુણેતો પામે પાર. ॥ ૪ ॥ ઈતિ અષ્ટમ. ॥ ૮ ॥

---

નવ ચોમાસી તપ કરયા, ત્રણ માસી દોય; દોય દોય અઢિમાસી તિમ, દોઢમાસી હોય. ॥ ૧ ॥ બહોતરપાસ ખમણ કરયા, માસ ખમણ કરયા બાર; ખટમાસી આદર્યા; બાર અઠમ તપ સાર. ॥ ૨ ॥ ખટમાસીએકતિમકર્યો. પણ દિન ઓણ ખટમાસ; બસે ઓગણત્રીસ છઠ ભલા, દિક્ષા દિન એક ખાસ. ॥ ૩ ॥ ભદ્ર પ્રતિમા દોયતિમ, પારણ દિન જાસ; દ્રવ્યાહાર પાનક કહ્યો, ત્રણસે ઓગણપંચાસ. ॥ ૪ ॥ છદ્મસ્થે ઈણીપરે રહ્યા, સહ્યાપરીસહઘોર, સુકલ ધ્યાન અનલે કરી, બાલ્યાં કર્મ કઠોર, ॥ ૫ ॥ સુકલ ધ્યાન અંતર રહ્યાએ, પામ્યા

કેવલ નાણ; પદ્મવિજય કહે પ્રણમતાં, લહિએનિતુ કલ્યાણ. ॥ ૬ ॥ ઈતિશ્રી પર્યુષણ ચૈત્ય. સમાપ્ત.

## ॥ સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન ॥

શ્રીસિદ્ધચક્ર આરાધતાં; સુખ સંપત્તિ લહિએ; સુરતરૂ સુરરમણી થકી, અધિકજ મહિમા કહિએ ॥૧॥ અષ્ટકર્મ હાંણી કરી, શિવ મંદીર રહીએ; વિધિ શું નવપદ ધ્યાનથી, પાતીક સવી દહિએ ॥ ૨ ॥ સિદ્ધચક્ર જે સેવશે, એકમના નરનાર; મન વાંછિત ફલ પામશે, તે સવિ ત્રિભોવન મોજાર ॥ ૩ ॥ અંગ દેશ ચંપા પુરી, તસ કેરો ભૂપાલ; મયણા સાથે તપ તપે, તે કુંવર શ્રીપાલ ॥ ૪ ॥ સિદ્ધ ચક્રજીના નમન થકી, જસ નાઠા રોગ; તતક્ષણ ત્યાંથી તે લહે, શિવસુખ સંજોગ ॥ ૫ ॥ સાતસેં કોડી હોતા, હુવા નિરોગી જેહ; સોવનવાને જલહલે, જેહની નીરૂપમ દેહ ॥ ૬ ॥ તેણે કારણ તમે ભવી જનો, મહઉઠી ભકતે; આસો માસ ચૈત્ર થકી, આરાધો જુગતે ॥ ૭ ॥ સિદ્ધ ચક્ર ત્રણ કાલના, વંદો વલી દેવ; પડિકમણું કરી ઉભયકાલ, જિનવર મુની સેવ ॥ ૮ ॥ નવપદ ધ્યાન હૃદયે ધરો,

પ્રતિપાલો ભવિ શીયલ; નવપદ આંબિલ તપ તપો, જેમ હોય લીલમ લીલ ॥ ૯ ॥ પહેલો પદ અરિહંતનો, નિત્ય કીજે ધ્યાન; બીજે પદ વલી સિદ્ધનો, કરીએ ગુણ ગામ ॥ ૧૦ ॥ આચારજ ત્રીજે પદે, જપતાં જય જયકાર; ચોથો પદ ઉવઝાયનો, ગુણ ગાઉ ઉદાર ॥૧૧॥ સરવસાધુ વંદુ સહી, અઢી દ્વીપમાં જેહ; પંચમ પદમાં તે સહી, ધરને ધરી સનેહ ॥ ૧૨ ॥ છઠે પદે દરસણ નમું, દરશન અજવાલું; જ્ઞાન પદ નમું સાતમેં, તેમ પાપ પખાલું ॥ ૧૩ ॥ આઠમે પદ રૂડે જપું, ચારિત્ર સુસંગ, નવમેં પદ બહુ તપ તપો, જિમ ફલ લહો અભંગ ॥ ૧૪ ॥ એહી નવપદ ધ્યાનથી, જપતાં નાઠે કોડ, પંડિત ધીર વિમલ તણો, નય વંદે કર જોડ ॥૧૫॥

---

## નેમનાથનું ચૈત્યવંદન.

નેમી જિનેસર ગુણ નીલો, બ્રહ્મચારી સિરદાર ॥ સહસ પુરૂષશું આદરી, દીક્ષા જિનવર સાર ॥ ૧ ॥ પંચાવનમેં દિન લહ્યા, નિરૂપમ કેવલનાણ ॥ ભવિક જીવ પડિબોધવા, વિચરે મહિયલ જાણ ॥ ૨ ॥ વિહાર કરંતા આવિયાએ, બાવીસમા જિનરાય ॥ દ્વારિકા

નયરી સમોસર્યા, સમવસરણ તિહાં થાય ॥ ૩ ॥ બાર પરખદા તિહાં મલી, ભાખે જિનવર ધર્મ ॥ સર્વ પર્વ તિથિ સાચવો, જિમ પામો શિવ શર્મ ॥ ૪ ॥ તવ પૂછે હરિ નેમને, ભાંખો દિન મુજ એક ॥ થોડો ધર્મ કર્યા થકી, શુભ ફલ પામુ અનેક ॥ ૫ ॥ નેમ કહે કેશવ સુણો, વરસ દિવસમાં જોય ॥ માગશિર સુદી એકાદશી, એ સમો અવર ન કોય ॥ ૬ ॥ ઇણ દિન કલ્યાણક થયાં, નેઉ જિનના સાર ॥ એ તિથિ વિધિ આરાધતાં, સુવૃત થયા ભવપાર ॥ ૭ ॥ તે માટે મોટી તિથિ, આરાધો મન શુદ્ધ ॥ અહો રત્તો પોસહ કરો, મન ધરી આતમ બુદ્ધ ॥ ૮ ॥ દોઢસો કલ્યાણક તણું એ, ગણણું ગણો મન રંગ ॥ મૌન ધરી આરાધીયે, જિમ પામો સુખસંગ ॥ ૯ ॥ ઉજમણું પણ કીજીએ, ચિત્ત ધરી ઉલ્લાસ ॥ પૂંઠાને વીંટાંગણા, ઇત્યાદિક કરો ખાસ ॥ એમ એકાદશી ભાવશું, આરાધે નર રાય ॥ ક્ષાયિક સમકિતનો ધણી, જિન વંદી ઘેર જાય ॥ ૧૦ ॥ એકાદશી ભવિયણ ધરો એ, ઉજ્વલ ગુણ જિમ થાય ॥ ક્ષમાવિજય જસ-ધ્યાનથી, શુભ સુરપતિ ગુણ ગાય ॥ ૧૧ ॥

---

## દીવાલીનું ચૈત્યવંદન.

મગધ દેશ પાવાપૂરિ, પ્રભુ વિર પધાર્યા ॥ સોલ પહોરદિએ દેશના, ભવિજીવને તાર્યા ॥૧॥ ભૂપ અઢારે ભાવે સુંણે, અમૃત જીસી વાણી ॥ દેશના દિએરય-ણીએ, પરણ્યા સિવરાંણિ ॥ ૨ ॥ રાય ઉઠિ દિવા કરે, અજવાલા હેતે ॥ અમાવાસ્યા તે કહિ, તે દિન દિવાકિજે ॥ ૩ ॥ મેરૂ થકિ આવ્યા ઇંદ્ર, હાથે લેઈ દિવિ ॥ મેરા ઈયાદિન સફલગ્રહિ, લોક કહે સવિજીવિ ॥ ૪ ॥ કલ્યાણક જાણિ કરી, દિવા તે કિજે ॥ જાપ જપો જિનરાજનો, પાતિક સવિ છિજે ॥ ૫ ॥ બિજે દિન ગૌતમ સુંણી, પામ્યા કેવલજ્ઞાન ॥ બાર સહસ ગુણણુ ગુણે, ઘર હોસે ક્રોડ કલ્યાણ ॥ ૬ ॥ સુરનર કિંન્નર સહુ મિલી, ગૌતમને આપે ॥ ભટ્ટારક પદવિ, સહુ સાખે થાપે ॥૭॥ જુહાર ભટ્ટારક થકિ, લોક કરે જુહાર ॥ બેનિભાઈજી માડિયા, નંદિવર્ધન સાર ॥ ૮ ॥ ભાઈ બિજ તિહાંથકિ, વિરતણો અધિકારિ ॥ જય વિજયગુરૂ સંપદા, મેરૂ દિઓમનોહારી ॥ ૯ ॥

## આદિજીનનું ચૈત્યવંદન.

કલ્પવૃક્ષની છાંહડી, નાનડીએ રમતો ॥ સોવન

હિંડોલે હીંચતો, માતાને મન ગમતો ॥ ૧ ॥ સો દેવી બાલક થયા, રૂષભજી ક્રીડે ॥ વ્હાલા લાગો છો પ્રભુ, હૈડા સુંભીડે ॥ ૨ ॥ જીનપતિ યૌવન પામીઆ, ભાવે સુભગવાન ॥ ઈંદ્રે ધાલ્યો માંડવો, વિવાહનો સામાન ॥ ૩ ॥ ચોરી બાંધી ચીહુદીસી, સુરગોરી આવે ॥ સુનંદાસુમંગલા, પ્રભુજીને પરણાવે ॥ ૪ ॥ ભરતે બીંબ ભરાવીએઆએ, સ્થાપ્યા શત્રુંજય ગીરીરાય ॥ શ્રી વિજયપ્રભસુરી મહિમા ઘણો, ઉદયરત્ન ગુણ ગાય ॥ ૫ ॥

## શ્રી બાવન જીનાલયનું ચૈત્યવંદન.

સુદિ આઠમ ચંદ્રાનન, સર્વજ્ઞય ગણી જે ॥ રૂષભાનન સુદિ ચૈાદસે, શાસ્વત નામ ભણી જે ॥ ૧ ॥ અંધારી આઠમદીને. વર્ધમાન જીન નમીએ, વારી ખેણ વદ ચૈાદસે, નમતા પાપ નિગમીએ ॥ ૨ ॥ બાવન જિનાલય તપ એ, ગુણણુ ગણો સુખકાર ॥ શ્રી શુભવીરને શાસને, કરીએ એક અવતાર ॥ ૩ ॥

## બીજનું ચૈત્યવંદન.

દુવિધ ધર્મ જેણે ઉપદિશ્યો, ચોથા અભિનંદનઃ બીજે જન્મ્યા તે પ્રભુ, ભવ દુઃખ નિકંદન ॥ ૧ ॥

દુવિધધ્યાન તુમે પરિહરો, આદરો દોય ધ્યાન; એમ પ્રકાશ્યું સુમતિ જિને, તે ચવિયા બીજ દિન ॥ ૨ ॥ દોય બંધન રાગ દ્વેષ, તેહને ભવિ તજીયે; મુજપરે શીતલ જિન કહે, બીજ દિન શિવ ભજીયે ॥ ૩ ॥ જીવાજીવ પદાર્થનું, કરી નાણ સુજાણ; બીજ દિન વાસુપૂજ્ય પરે, લહો કેવલનાણ ॥ ૪ ॥ નિશ્ચય નય વ્યવહાર દોય, એકાંત ન ગ્રહીયે; અરજિન બીજ દિને ચવી, એમ જન આગળ કહીયે ॥ ૫ ॥ વર્તમાન ચોવીશીએ, એમ જિન કલ્યાણ; બીજ દિને કેઈ પામીયા, પ્રભુ નાણ નિર્વાણ ॥ ૬ ॥ એમ અનંત ચોવિશીએ, હુઆ બહુ કલ્યાણ, જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખ ખાણ ॥ ૭ ॥

---

## જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન.

ત્રિગડે બેઠા વીર જિન, ભાખે ભવિજન આગે;
ત્રિકરણશું ત્રિહું લોકજન, નિસુણો મન રાગે. ૧
આરાહો ભલિભાતસેં, પાંચમ અજુવાલી;
જ્ઞાન આરાધન કારણેં, એહજ તિથિ નિહાલી. ૨
જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર;

જ્ઞાન આરાધનથી લહે, શિવપદ સુખ શ્રીકાર. ૩
જ્ઞાન રહિત ક્રિયા કહી, કાશ કુસુમ ઉપમાન;
લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પ્રધાન ૪
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કરે કર્મનો છેહ;
પૂર્વ કોડિ વરસાં લગે, અજ્ઞાને કરે તેહ. ૫
દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન;
જ્ઞાનતણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન. ૬
પંચ માસ લઘુ પંચમી, જાવજ્જીવ ઉત્કૃષ્ટ;
પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભ દૃષ્ટિ ૭
એકાવન હી પંચનો એ, કાઉસ્સગ્ગ લોગસ્સ કેરો;
ઉજમણું કરો ભાવશું, ટાલે ભવ ફેરો ૮
એણીપેરે પંચમી આરાધિએ, આણિભાવ અપાર;
વરદત્ત મંજરી પરે, રંગવિજય લહો સાર. ૯

---

## અષ્ટમીનું ચૈત્યવંદન.

મહાશુદિ આઠમને દિને, વિજયા સુત જાયો; તેમ ફાગણ શુદિ આઠમે, સંભવ ચ્યવિ આયો ॥ ૧ ॥ ચૈતર વદની આઠમે, જન્મ્યા ઋષભ જિણંદ. દીક્ષા પણ એ દીન લહી, હુઆ પ્રથમ મુનિચંદ ॥ ૨ ॥ માધવ શુદ્દિ

આઠમ દિને, આઠ કર્મ કર્યાં દૂર; અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર ॥ ૩ ॥ એહીજ આઠમ ઉજલી, જનમ્યા સુમતિ જિણંદ; આઠ જાતિ કલશેં કરી, ન્હવરાવે સુરઇંદ ॥ ૪ ॥ જનમ્યા જેઠ વદી આઠમે, મુનિસુવ્રતસ્વામી; નેમ અષાઢ શુદિ આઠમે, અષ્ટમી ગતિ પામી ॥ ૫ ॥ શ્રાવણ વદની આઠમે, નમિ જનમ્યા જગભાણ; તેમ શ્રાવણ શુદી આઠમે, પાસજીનું નિર્વાણ ॥ ૬ ॥ ભાદ્રવા વદી આઠમ દિને, ચવિયા સ્વામી સુપાસ; જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવ વાસા॥૭॥

---

## શ્રી એકાદશીનું ચૈત્યવંદન.

શાસન નાયક વીરજી, પ્રભુ કેવલ પાયો; સંઘ ચતુર્વિધ થાપવા, મહસેન વન આવ્યો. ॥ ૧ ॥ માધવ શીત એકાદશી, સોમલ દ્વિજયજ્ઞ; ઇન્દ્રભૂતિ આદે મળ્યા, એકાદશ વિજ્ઞ. ॥ ૨ ॥ એકાદશશેં ચઉ ગુણે, તેહનો પરીવાર, વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર. ॥ ૩ ॥ જીવાદિક સંશય હરીએ, એકાદશ ગણધાર; વીરે થાપ્યા વંદીએ, જીન શાસન જયકાર. ॥ ૪ ॥ મલ્લી જન્મ અરમલ્લી પાસ, વરચરણ વિલાસી;

ઋષભ અજિત સુમતી નમી, મલ્લી ઘનઘાતી વિનાશી ॥ ૫ ॥ પદ્મ પ્રભુ શિવવાસ પાસ, ભવભવના તોડી, એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘળી જોડી. ॥ ૬ ॥ દશક્ષેત્રે ત્રિહું કાળના, ત્રણસે કલ્યાણ; વરસ અગીયાર એકાદશી, આરાધો વરનાણ ॥ ૭ ॥ અગીયાર અંગ લખાવીએ, એકાદશ પાઠાં; પૂંજણી ઠવણી વીંટણી, મસીંકાગળ કાંઠાં. ॥ ૮ ॥ અગીઆર અવૃત છાંડવા એ, વહેા પડીમા અગીયાર; ખીમાવિજય જીનશાસને, સફળ કરેા અવતાર ॥ ૯ ॥

---

## ઉપદેશકનું ચૈત્યવંદન.

કોધે કાંઈ ન નીપજે ॥ સમકિતતે લુંટાય, સમતાં રસથી જીલીએ ॥ તો વેરી કોઈ ન થાય ॥ ૧ ॥ વાહાલા સું વઢીએ નહીં, છટકી ન દીજે ગાલ ॥ થોડે થોડે છંડીએ, જીમ છંડે સરોવર પાર ॥ ૨ ॥ અરિહંત સરખી ગોઠડી, ધર્મ સરીખેા સ્નેહ, રત્ન સરીખા બેસણા, ચંપક વરણી દેહ ॥ ૩ ॥ ચંપકે પ્રભુજીન પુજીયા, ન દીધું મુનીને દાન ॥તપ કરી કાયા ન સોષવી, કીમ પામસેા નીરવાણ ॥ ૪ ॥ આઠમ પાખી ન ઓલખી, એમ કરે

શું થાય ॥ ઉન્મત્ત સરખી માંકડી, ભોય ખણંતી જાય ॥ ૫ ॥ આંગણે મોતી વેરીયા, વેલે વીટાણી વેલ ॥ હીર વીજયગુરૂ હીર લેા, મારૂ હૈડુ રંગની રેલ. ॥ ૬ ॥

---

## નવપદનું ચૈત્યવંદન.

પહેલે દિન અરિહંતનું ॥ નીત્ય કીજે ધ્યાન,
બીજે પદ વળી સિધનું, કીજે ગુણગાન. ॥ ૧ ॥
આચારજ ત્રીજે પદે, જપતાં જય જયકાર,
ચેાથે પદે ઉપાધ્યાયના, ગુણ ગાએા ઉદાર. ॥ ૨ ॥
સકલ સાધુ વંદેા સહી, અઢીદ્વીપમાં જેહ,
પંચમપદ આદર કરી, જપને ધરી સસનેહ ॥ ૩ ॥
છઠે પદ દર્સન નમેા, દર્સ અજ વારેા,
નમેા નાણ પદ સાતમે, જીમ પાપ પખાલેા. ॥ ૪ ॥
આઠમે પદ આદર કરી, ચારીત્ર સુ ચંગ,
પદ નવમે બહુ તપ તણેા, ફલ લીજે અભંગ ॥ ૫ ॥
એણી પરે નવપદ ભાવ સું એ, જપતા નવ નવ કેાડ ॥
પંડીત શાંતી વિજય તણેા, શીષ્ય કહે કર જોડ ॥૬॥

---

## પંચમીનું ચૈત્યવંદન.

બાર પરખદા આગળે, શ્રી નેમી જીનરાય,
મધુર ધ્વની દીયે દેશનાં, ભવિજનને હિતદાય ॥ ૧ ॥
પંચમી તપ આરાધીએ, જીમ લહીએ જ્ઞાન અપાર
કાર્તિક સુદી પંચમી ગ્રહો, હરખ તણો બહુમાન ॥૨॥
પાંચ વર્ષ ઉપર વળી, પંચ માસ લગે જાણ ॥
અથવા જાવજ્જીવ લગે, આરાધો ગુણ ખાણ ॥૩॥
વરદત્તને ગુણમંજરી, પંચમી આરાધિ,
અંતે આરાધન કરી, શીવપુરીને સાધી ॥૪॥
ઇણી પરે જે આરાધશે એ, પંચમી વિધી સંયુક્ત ॥
જીન ઉત્તમપદ પદ્મને, નમી થાય શીવ ભક્ત ॥૫॥

---

## એકસો સીત્તેર જીન ચૈત્યવંદન.

સોળ જીનવર શ્યામળા, રાતા ત્રીસ વખાણ;
લીલા મરકત મણી સમા, અડત્રીસ ગુણ ખાણ ॥૧॥
પીળા કંચનવર્ણ સમા, છત્રીસ જીનચંદ;
શંખવર્ણ સોહામણું, પચાસે સુખકંદ ॥૨॥
સિત્તેર સોજીન વંદીએ એ, ઉતકૃષ્ટા સમકાળ;
અજીતનાથ વારે હુવા, વંદુ થઈ ઉજમાળ ॥૩॥

નામ જપંતા જીન તણું, દુર્ગતી દુરે જાય;
ધ્યાન ધ્યાતાં પરમાત્માનું, પરમ મહોદય થાય ॥૪॥
જીનવર નામે જશ ભલો, સફળ મનોરથ સાર,
શુદ્ધ પ્રતીતિ જીનતણી, શીવ સુખ અનુભવ પાર ॥૫॥

—o—

## શ્રી મલ્લિનાથજીન ચૈત્યવંદન.

પુરૂષોતમ પરમાતમા, પરમ જ્યોતિ પરધાન,
પરમાનંદ સ્વરૂપ રૂપ, જગમા નહી ઉપમાન ॥૧॥
મરકત રત્ન સમાન વાન, તનુ કાંતિ બિરાજે,
મુખ સોહા શ્રીકાર દેખી, વિધુમંડળ લાજે ॥૨॥
ઈંદી વરદલ નયન સયલ, જન આનંદકારી,
કુંભરાય કુલભાણ ભાલ, દીધીતિ મનોહારી ॥૩॥
સુર વધુનર વધુ મલિ મલિ, જીનગુણ ગણગાતી,
ભક્તિ કરે ગુણવંતની, મીથ્યા અધધાતી ॥૪॥
મલ્લિ જીણંદપદ પદ્મનીએ, નિત્ય સેવા કરે જેહ ॥
રૂપ વિજયપદ સંપદા, નિશ્ચય પામે તેહ ॥૫॥

—o—

॥ ૐ ॥

# ॥ અથ શ્રી જ્ઞાનપંચમીની ઢાલો પ્રારંભ ॥

## ॥ ઢાલ ૧ લી ॥

જાલમ જોગીડારે ॥ એ દેશિ ॥ શ્રી વાસુપૂજ્ય જીને-સર વયણથી રે ॥ રૂપ કુંભ કંચન કુંભ મુનિદોય ॥ રોહિણી મંદીર સુંદર આવીયારે ॥ નમી ભવ પુછે દંપતી સોય ॥૧॥ ચઉ નાણિ વયણે દંપતી મોહીયાં રે ॥ એ આંકણિ ॥ રાજા રાણિ નિજ સુત આઠનારે ॥ તપ ફલ નિજ ભવ ધારી સંબંધ, વિનય કરી પુછે મહારાજનેરે ॥ ચાર સુતાના ભવ પ્રબંધ ॥ ચ૦ ॥ ૨ ॥ રૂપવંતિ શિયલવંતિ ને ગુણવંતિરે ॥ સર-સ્વતી જ્ઞાનકલા ભંડાર ॥ જન્મથી રોગ શોક દિઠો નથિરે ॥ કુંણ પુન્યે લીધો એહ અવતાર ॥ ચ૦ ॥ ૩ ॥

---

## ॥ ઢાલ ૨ જી ॥

વાલાજી વાગે છે વાંસલિરે ॥ એ દેશી ॥ ગુરૂ કહે વૈતાઢ્ય ગિરિવરૂરે ॥ પુત્ર વિદ્યાધરી ચ્યાર ॥ નિજ આયુ જ્ઞાનીને પુછીયુંરે ॥ કરવા સફલ અવતાર ॥ ૧ ॥ અવધારો એમ વીનતિરે ॥ એ આંકણી ॥ ગુરૂ કહે જ્ઞાન ઉપયોગથી રે ॥ એક દિવસનું આયુ ॥ એહવાં વચન શ્રવણે સૂણ્યારે ॥ મનમાં વીમાસણ થાએ ॥ અ૦ ॥ ૨ ॥ થોડામાં કારજ ધર્મનારે ॥ કીમ કરીએ મુનિરાજ ॥ ગુરૂ કહે જોગ અસંખ્ય

છેરે ।। જ્ઞાનપંચમી તુમકાજ ।। અ૦ ।। ૩ ।। ક્ષણુ અરધે સવી અગ ટલેરે ।। સુભ પરિણામે સાધ્ય ।। કલ્યાણુક નવ જિન તણાં રે ।। પંચમી દીવસે આરાધ ।। અ૦ ।। ૪ ।।

---

## ।। ઢાલ ૩ જી ।।

જઇને કેજો ।। એ દેશિ ।। ચૈત્ર વદી પંચમી દીને, સૂણેા પ્રાણિજીરે ।। ચવીયા ચંદ્રપ્રભૂ સ્વામી ।। લહે સુખ ઠામ ।। સૂણુ પ્રાણિજી રે ।। ૧ ।। એ આંકણિ ।। અજિત સંભવ અનંતજી ।। સૂ૦ ।। પંચમી સુદી શિવ ધામ ।। શુભ પરિણામ ।। સૂ૦ ।। ૧ ।। વૈશાખ શુદ્દિ પંચમી દીને ।। સૂ૦ ।। સંજમ લિયેા કુન્થુનાથ ।। બહુ નર સાથ ।। સૂ૦ ।। જેષ્ઠ શુદ્દિ પંચમી વાસરે ।। સૂ૦ ।। મુગતિ પામ્યા ધર્મનાથ ।। શીવપુરી સાથ ।। સૂ૦ ।। ૨ ।। શ્રાવણ શુદ્દિ પંચમી દીને ।। સૂ૦ ।। જનમ્યા નેમ સુરંગ ।। અતિ ઉછરંગ ।। સૂ૦ ।। માગશર વદ પંચમી દીને ।। સૂ૦ ।। સુવિધિ જન્મ શુભ સંગ ।। પુન્ય અભંગ ।। સૂ૦ ।। ૩ ।। કાર્તિક વદ પંચમી તિથી ।। સૂ૦ ।। સંભવ કેવલ જ્ઞાન ।। કરેા બહુ માન ।।સૂ૦।। દશ ક્ષેત્રેં નેંઉ જીના ।। સૂ૦ ।। પંચમી દિનનાં કલ્યાંણુ ।। સુખનાં નિધાન ।। સૂ૦ ।। ૪ ।।

---

## ॥ ઢાલ ૪ થી ॥

હાંરે મારે જોબનિયા ॥ એ દેશી ॥ હાંરે મારે જ્ઞાની ગુરૂનાં ॥ વયણ સુણી હીતકારજો ॥ ચ્યાર વિદ્યા ધરી પંચમી વિધિશું આદરેરે લોલ ॥ ૧ ॥ એ આંકણિ ॥ હાંરે મારે શાશન દેવતા પંચમ જ્ઞાન મનોહારજો ॥ ટાલીરે આશાતના દેવ વંદન સદારે લોલ ॥ ૨ ॥ હાંરે મારે તપ પૂરણથી ॥ ઉજમણાનો ભાવજો ॥ એહવે વિધુત યોગે ॥ સુરપદવી વર્યા રે લોલ ॥ ૨ ॥ હાંરે મારે ધર્મ મનોરથ આલસ તજતાં હોયજો ॥ ધન્ય તે આતમ અવીલંબી કારજ કરયાં રે લોલ ॥ ૪ ॥ હાંરે મારે દેવ થકિ તુમ કુખે લિંયો અવતાર જો ॥ સાંભલી રોહિણી જ્ઞાન આરાધન ફલ ઘણાં રે લોલ ॥ ૫ ॥ હાંરે મારે ચ્યારે ચતુરા વિનય વિવેક વિચારજો ॥ ગુણ કેતાં ઓલખાયે તુમ પુત્રી તણાં રે લોલ ॥ ૬ ॥

---

## ॥ ઢાલ ૫ મી ॥

આસણુનારે જોગી ॥ એ દેશિ ॥ જ્ઞાની વચણથી ચ્યારે બેહની ॥ જાતિસ્મરણ પામ્યારે ॥ જ્ઞાની ગુણવંતા ॥ ત્રીજા ભવમાં ધારણા કીધી ॥ સિધ્યાં મનનાં કામ રે ॥ જ્ઞાની ગુણવંતા ॥ ૧ ॥ એ આંકણી ॥ શ્રીજિનમંદીર પંચ મનોહર ॥ પંચવરણ જિન પડિમારે ॥ જ્ઞા૦ ॥ જિનવર આગમને અનુસારે ॥ કરીએ ઉજમણાં મહીમારે ॥ જ્ઞા૦ ॥

॥ ૨ ॥ પંચમી આરાધન તિથી પંચમી ॥ કેવલનાણ તે થાએરે ॥ જ્ઞા૦ ॥ શ્રી વિજયલક્ષ્મીસૂરિ અનુભવ નાણેં ॥ સંઘ સયલ સુખદાયારે ॥ જ્ઞાની૦ ॥ ૩ ॥ ઇતિ પંચમી તપ સ્તવન ઢાલેા સંપૂર્ણ ॥

---

# દસ પચ્ચખ્ખાણનું સ્તવન.

॥ દુહા ॥ સિદ્ધારથ નંદન નમું. મહાવીર ભગવંત ॥ ત્રિગડે બેઠા જિનવરૂ, પરખદાણાર મિલંત ॥ ૧ ॥ ગણધર ગૌતમ તિણે સમે, પુછે શ્રી જિનરાય ॥ દસ પચ્ચખાણ કીસાં કહ્યાં, કીહાં કવણ ફલ થાય ॥ ૨ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ સીમંધરકર ॥ શ્રી જિનવર ઇમ ઉપદીશે, સાંભલ ગૌતમ સ્વામ ॥ દશ પચ્ચખાણ કીધાં થકાં, લહીએ અવિચલ ઠામ ॥ ૧ ॥ શ્રી ॥ [૧]નવકારશી [૨]બીજી પેારિસી [૩]સાઢપેારિશી, [૪]પુરિમઢ્ઢ ॥ [૫]એકાસણુ [૬]નિવિકહી, [૭]એકલઠાણું, [૮]દિવઢ્ઢ ॥ શ્રી૦ ॥ ૨ ॥ દત્તિ [૯]આંબેલ, [૧૦]ઉપવાસ સહિ, એહજ દશ પચ્ચખાણ ॥ એહના ફલ સૂણેા ગૌતમા, જુજુંઆં કરૂં વખાણ ॥ શ્રી ॥ ૩ ॥ રત્નપ્રભા શર્કરાપ્રભા, વાલુપ્રભા ત્રીજીય જાણ ॥ પંકપ્રભા ધુમપ્રભા, તમપ્રભા તમતમા ઠામ ॥ શ્રી ॥ ૪ ॥ નરક સાતે રહિસહી, કરમ કઠન કરે જોર ॥ જીવ કરમ વશ કરે જૂદા, ઉપજે તિણહીજ ઠોર ॥ શ્રી ॥ ૫ ॥ છેદન ભેદન તાડના,

ભુખ તૃષા વલી ત્રાસ ।। રોમ રોમ પીડા કરે, પરમાધા-
ભીનો ત્રાસ ।। શ્રી ।। ૬ ।। રાત દિવસ ક્ષેત્ર વેદના, તિલ
ભર નહીં તિહાં સુખ ।। કિયાં કરમ તિહાં ભોગવે, પામે
જીવ બહુ દુખ ।। શ્રી ।। ૭ ।। એક દિનની નવકારસી, જે
કરે ભાવ વિશુંદ્ધ ।। સો વરસ નરકનો આઉખો, દૂરી કરે
જ્ઞાની બુદ્ધ ।। શ્રી ।।૮।। નિત્યે કરે નવકારશી, તે નર નરકે
નહી જાય ।। ન રહે પાપ વળી પાછલા, નિર્મળ હોવેજી
કાય ।। શ્રી ।। ૯ ।।

## ।। ઢાલ ।। ૨ ।। વિમલાસર તિલો ।। એ દેશી ।।

સુણ ગૌતમ પોરિસી કિયા, મહામોટો ફલ હોય ।।
ભાવશું જે પોરિસી કરે, દુર્ગતિ છેદે સોય ।। સુ० ।। ૧ ।।
નરક માંહે જીવ નારકી; વરસ એક હજાર ।। કરમ ખપાવે
નરકમાં, કરતાં બહુત પુકાર ।। ૨ ।। દુર્ગતિ માંહે નારકી,
દશ હજાર પરિમાણ ।। નરકનો આઉ ખિણ એકમેં, સાઢ
પોરસી કરેહાણ ।। ૩ ।। પુરિમઢ કરતાં જીવડાં, નરકે તે
નહીં જાય ।। લાખ વરસ કરમના કટે, પુરિમઢ કરત ખપાય
।। ૪ ।। લાખ વરસ દસ નારકી, પામે દુઃખ અનંત ।।
એટલા કરમ એકાસણે, દુરિ કરે મન ખંત ।। ૫ ।। એક
કોડિ વરસાં લગે, કરમ ખપાવે જીવ ।। નિવિ કરતાં ભાવશું,
દુર્ગતિ હણે સદીવ ।।૬।। દસ કોડી જીવ નરકમેં, જીતરો કરે
કર્મ દૂર ।। તિતરો એકલઠાણુહિ, કરે સહી ચકચુર ।।

૭ ॥ દત્તિ કરંતાં પ્રાણીયા, સો કોડે પરિમાણ ॥ ઇતરાં વરસ દુર્ગતિ તણાં, છેદે ચતુર સુજાણ ॥ ૮ ॥ આંબિલનો ફલ બહુ કહ્યો, કોડી દસ હજાર ॥ કરમ ખપાવે ઇણી પરે, ભાવે આંબિલ અધિકાર ॥ ૯ ॥ કોડી હજાર દસ વરસ સહી, દુખ સહે નરક મઝાર ॥ ઉપવાસ કરે એક ભાવસું, પામે મુક્તિ દુવાર ॥ ૧૦ ॥

**॥ ઢાલ ॥ ૩॥ કોઇકે વર માગે સિતા ભણી ॥ એ દેશી ॥**

લાખ કોડી વરસાં લગે, નરકે કરતા બહુ રીવરે ॥ છઠ્ઠનું તપ કરતાં થકાં, નરક નિવારે જીવરે ॥ ૧ ॥ સુંણ ગૌતમ ગણધર સહી ॥ નરક વિષે દશ કોડી લાખહી, જીવ લહે તિહાં અતિ દુખરે ॥ તે દુખ અઠ્ઠમ તપ હુંતી, દૂરકરે પામે સુખરે ॥ સુ૦ ॥ ૨ ॥ છેદન ભેદન નારકી, કોડા કોડી વરસ સોઇરે ॥ સુ૦ ॥ દુર્ગતિ કર્મને પરિહરે, દશમેં એટલો ફલ હોઇરે ॥ સુ૦ ॥ ૩ ॥ નિત્ય ફાસુ જલ પીવતાં, કોડાકોડી વરસનાં પાપરે ॥ સુ૦ ॥ દૂર કરે ખીણ એકમાં, જીવ નિશ્ચયે નિરધારરે ॥ સુ૦ ॥ ૪ ॥ એતો વલી અવિશેષે ફલ કહ્યો, પંચમી કરતાં ઉપવાસરે ॥ સુ૦ ॥ તેતો પામે જ્ઞાન પાંચ ભલાં, કરતાં ત્રિભુવન ઉજ્જાસરે ॥ સુ૦ ॥ ॥ ૫ ॥ ચૌદશ તપ વિધિ શું કરે, ચૌદ પૂરવનો હોય ધારરે ॥ સુ૦ ॥ બાહ્ય તપ એકાદશી, કરતાં લહીયે શિવ-વાસરે ॥ સુ૦ ॥ ૬ ॥ અષ્ટમી તપ આરાધતાં, જીવ ન ફરે

ઇણ સંસારરે ।। સુ૦ ।। ઇમ અનેક ફલ તપ તણા, કહેતાં વલી નાવે પારરે ।। સુ૦ ।। ૭ ।। મન વચન કાયાયે કરી, તપ કરે જે નરનારીરે ।। સુ૦ ।। અનંત ભવના પાપથી, છુટે જીવડો નિરધારરે ।। સુ૦ ।। ૮ ।। તપ હુંતિ પાપી તર્યા, નિસ્તર્યો અરજુન માલીરે ।। સુ૦ ।। તપ હુંતિ દિન એકમાં, શીવ પામ્યા ગજસુકમાલરે ।। સુ૦ ।। ૯ ।। તપના ફલ સૂત્રે કહ્યાં, પચખાણ તણા દશ ભેદરે ।। શુ૦ ।। અવર ભેદ પણ છે ઘણા, કરતાં છેદે તીન વેદરે ।। સુ૦ ।। ૧૦ ।।

।। કલશ ।। પચખાણ દસ વિધ ફલ પ્રરૂપ્યાં, મહાવીર જિન દેવએ ।। જે કરે ભવિયણ તપ અખંડિત, તાસ સુરપતી સેવ એ।। સંવત વિધુ ગુણ અશ્વશશિ વળી, પોશ શુદ દશમી દીને ।। પદ્મ રંગ વાચક શિષ્ય તસ ગણિ, રામચંદ તપ વિધિ ભણે ।। ઇતિ શ્રી પચ્ચખાણ સ્તવન.

---

# બીજનું સ્તવન.

।। દુહા ।। સરસ વચન રસ વરસતિ, સરસતિ કલા ભંડાર ।। બીજ તણો મહિમા કહું, જિમ કહ્યો શાસ્ત્રમોઝાર ।। જંબુદ્વિપના ભરતમાં, રાજગૃહી નગરી ઉદ્યાન ।। વીર જિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન ।। ૨ ।। શ્રેણિક નામે ભૂપતિ, બેઠા બેસણ ઠાય ।। પુછે શ્રી જિનરાયને, દ્યો ઉપદેશ મહારાય ।। ૩ ।। ત્રિગડે બેઠા ત્રિભુવનપતિ,

દેશના દિયે જીનરાય ।। કમલ સકોમલ પાંખડી, ઈમ જિનવર હૃદય સોહાય ।। ૪ ।। શશિ પ્રગટે જિમ તે દિને, ધન તે દિન સુવિહાણ ।। એક મને આરાધતાં, પામે પદ નિર્વાણ ।। ૫ ।।

।। ઢાલ ।।૧।। કલ્યાણક જીનનાં કહું સુણ પ્રાણીજીરે, અભિનંદન અરિહંત ।। એ ભગવંત ભવિપ્રાણીજીરે, ।। મહાશુદ બીજને દીને ।। સુ૦ ।। પામ્યા શીવ સુખસાર ।। હરખ અપાર ।। ભવિ૦ ।। ૧ ।। વાસુપૂજ્ય જિન બારમા ।। સુ૦ ।। એહજ તિથે નાણ ।। સફલ વિહાણ ।।ભવી૦।। અષ્ટ કરમ ચુરણ કરી ।। સુણે૦ ।। અવગાહન એકવાર ।। મુગતિ મોઝાર ।। ભ૦ ।। અરનાથ જીનજી નમું ।।સુણે૦।। અષ્ટાદશમો અરિહંત ।। એ ભગવંત ।। ભવિ૦ ।। ઉજ્વલ તિથિ ફાગુણની ભલી ત સુણે૦ ।। વરીયા શીવ વધુ સાર ।। સુંદર નાર ।। ભવિ૦ ।। ૩ ।। દશમા શીતલ જિનેસરૂ ।। સુણે૦ ।। પરમ પદની વેલ ।। ગુણની ગેલ ।। ભવિ૦।। વૈશાખ વદી બીજને દિને ।। સુ૦ ।। મુકયો સરવ એ સાથ ।। સુરનરનાથ ।। ભવિ૦ ।। ૪ ।। શ્રાવણ સુદની બીજ ભલી.

સુણે૦ ।। સુમતિનાથ જિનદેવ ।। સારેસેવ ।। ભવિ૦ ।। ઈણ તિથિએ જિનભલા ।। સુ૦ ।। કલ્યાણક પંચસાર ।। ભવનોપાર ।। ભવિ૦ ।। ૫ ।।

॥ ઢાલ ॥ ૨ ॥ જગપતિ જિન ચોવીસમોરે લાલ, એ ભાખ્યો અધિકારરે ॥ ભવિકજન ॥ શ્રેણિક આદે સહું મલ્યારે લાલ ॥ શક્તિ તેણે અનુસારરે ભવિકજન, ભાવ ધરીને સાંભળોરે લાલ ॥ આરાધો ધરી ખંતરે ॥ ભવિક૦ ॥ ૧ ॥ દોયવરસ દોયમાસનીરે લાલ, આરાધો ધરી હેતરે ॥ ભ૦ ॥ ઉજમણું વિધિશું કરોરે લાલ, બીજ તે મુગતિ મહંતરે ॥ ભ૦ ॥ ભા૦ ॥ ૨ ॥ મારગ મિથ્યા દુરે તજોરે લાલ, આરાધો ગુણના થોકરે ॥ ભ૦ ॥ વીરની વાણી સાંભલીરે લાલ, ઉછરંગ થયો બહુ લોકરે ॥ ભ૦ ॥ ભ૦ ॥ ૩ ॥ ઇણિ બીજે કેઈ તર્યારે લાલ, વળી તરશે કેઈ શેષરે ॥ ભ૦ ॥ શશિનિધિ અનુમાનથીરે લાલ, સઈલા નાગધર અંકરે ॥ ભ૦ ॥ ૪ ॥ અસાડ શુદી દશમી દીનેરે લાલ; એ ગાયો સ્તવન રસાલરે ॥ ભવિ૦ ॥ નવલ વિજય સુપસાયથીરે લાલ, ચતુરને મંગલ માલરે॥ ભ૦ ॥ ભા૦ ॥ ૫ ॥

॥ કલશ ॥ ઇય વીર જિનવર, સયલ સુખકર, ગાયો અતિ ઉલટ ભરે ॥ અસાડ ઉજ્વલ દશમી દિવશે; સંવત અઢાર અઠ્ઠોત્તરે ॥ બીજ મહીમા એમ વરણ્યો, રહી સિદ્ધપુર ચોમાસુએ ॥ જેહ ભવિક ભાવે ભણે ગુણે, તસ ઘર લીલ વિલાસએ ॥ ૧ ॥

# અથ પંચમી સ્તવન.

॥ ઇડર આંબા આંબલીરે ॥ એ દેશી ॥

॥ ઢાલ ॥ ૧ ॥ શ્રી ગુરૂ ચરણ નમી કરીરે, પ્રણમી સરસ્વતી માય ॥ પંચમી તપ વિધિશું કરોરે, નિર્મલ જ્ઞાન ઉપાય ॥ ભવિક જન કીજે એ તપસાર ॥ ૧ ॥ જનમ સફલ નિરધાર ॥ ભવિક૦ ॥ લહીએ સુખશ્રીકાર ॥ ભવિક૦ કીજે૦ ॥ એ આંકણી ॥ સમવસરણ દેવે રચ્યુંરે, બેઠા નેમી જિણંદ ॥ બારે પરખદા આગલેરે, ભાખે શ્રી જિનચંદ ॥ ભ૦ ॥ ૨ ॥ જ્ઞાન વડો સંસારમાંરે, શિવપુરનો દાતાર ॥ જ્ઞાનરૂપી દીવો કહ્યોરે, પ્રગટયો તેજ અપાર ॥ ભવિક૦ ॥ ॥ ૩ ॥ જ્ઞાન લોચન જબ નિરખીયેરે, તવ દેખે લોક અલોક ॥ પસુઆપરે તે માનવીરે, જ્ઞાન વિના સવિ ફોક ॥ ભવિક૦ ॥ ૪ ॥ જ્ઞાની શ્વાસોશ્વાસમાંરે, કરમ કરે જે નાસ ॥ નારકીના તે જીવનેરે, કોડિ વરસસુ વિલાસ ॥ ભવિક૦ ॥ ૫ ॥ આરાધક અધિકો કહ્યોરે, ભગવતી સૂત્ર મઝાર ॥ કીરીઆ વંતને આગલેરે, જ્ઞાન સકલ સિરદાર ॥ ભવિક૦ ॥ ૬ ॥ કષ્ટ ક્રિયા તો સહુ કરેરે, તેહથી નહિ કોઈ સિદ્ધ ॥ જ્ઞાન ક્રિયા જબ દોહો મિલેરે, તબ પામો બહુલી રિદ્ધ ॥ ભવિકજન૦ ॥ ૭ ॥ કુણે આરાધિ એહવીરે, કોઇને ફલી તતકાલ ॥ તેહ ઉપર તુમે સાંભલોરે

એહની કથા રસાલ ।। ભવિક૦ ।। ૮ ।। જંબુદ્વિપ સોહા-
મણોરે, ભરતક્ષેત્ર અભિરામ ।। પદ્મપુર નગરે શોભતોરે,
અજિતસેન રાય નામ ।। ભવિક૦ ।। ૯ ।। શીલ સૌભાગી
આગલેરે; યશોમતિ રાણીનાર ।। વરદત્ત બેટો તેહનોરે,
મૂરખમાં શિરદાર ।। ભવિક૦ ।। ૧૦ ।। માત પિતા મન
રંગશુંરે, મુકે અધ્યાપક પાસ ।। પણ તેહને નવી આવડેરે,
વિદ્યા વિનય વિલાસ ।। ભવિક૦ ।। ૧૧ ।। જિમ જિમ
યૌવન જાગતોરે, તિમ તિમ તનુ બહુ રોગ ।। કોઢ થયો
વળી તેહનેરે, વિસમા કરમના ભોગ ।। ભવિક૦ ।। ૧૨ ।।
આદરીએ આદર કરીરે, સૌભાગ્ય પંચમી સાર ।। સુખ
સઘલાં સેહેજે મિલેરે, પામે જ્ઞાન અપાર ।। ભવિક૦ ।। ૧૩ ।।

।। દુહા ।। તિલકપુર શેઠ વસે તિહાં, સિંહદાસ
ગુણવંત ।। જૈનધરમ કરતા લહે, કંચનકોડિઅનંત ।। ૧ ।।
કપુરતિલકા સુંદરી, ચાલે કુલ આચાર ।। તેહની કુંખે
અવતરી, ગુણમંજરી વરનાર ।। ૨ ।। મુગી થઈ તે બાલિકા,
વચન વદે નહીં એક ।। જિમ જિમ અતિ ઔષધ કરે,
તિમ તિમ તનું બહું રોગ ।। ૩ ।। સોલવરસ તેહને થયાં,
પરણે નહિં કુમાર ।। એહને કોઈ વંછે નહીં, સ્વજનાદિક
પરિવાર ।। ૪ ।।

।। ઢાલ ।। ૨ ।। બન્યોરે કુંવરજીનો સેહરો ।। એ દેશી ।।
એહવે આવી સમોસર્યા, શ્રી વિજયસેન સુરિંદરે ।।

જ્ઞાની ગુરૂને વાંદવા, પુત્ર સહિત ભૂપ વૃંદરે, ।। સું૦ ।। ૧ ।।
સદ્દગુરૂ દીએ દેશનારે, સાંભલો ચતુરસુજાણુરે ।। સુંદર૦ ।।
જ્ઞાન ભણો ભવિ ભાવસું, જિમ લહો કોડી કલ્યાણુરે ।।
સું૦ સ૦ ।। ૨ ।। સિંહદાસ સુત આપણો, આવીનમ્યો
કરજોડીરે ।। સું૦ ।। વિધિશું વાંદી દેશના, સાંભલવાના
કોડરે ।। સું૦ ।। સ૦ ।। ૩ ।। સું૦ ।। જ્ઞાન આશાંતના
જે કરે, તે લહે દુખ અનેકરે ।। સું૦ ।। વાચા પણ નવિ
ઉપજે, બાલપરે વિવેકરે ।। સું૦ ।। સ૦ ।। ૪ ।। સું૦ ।।
ઈહિ ભવ પરભવ દુખ લહે, દુષ્ટ કુષ્ટાદિક રોગરે ।। સું૦ ।।
પરભવ પુત્ર ન સંપજે, કલત્રાદિક વિયોગરે ।। સું૦ ।। સ૦
।। ૫ ।। સું૦ ।। સિંહદાસ પુછે હવે, નિજ બેટીની વાતરે
।। સું૦ ।। શો કરમે રોગ ઉપનો, તે કહો સકલ અવદાતરે
।। સું૦ ।। સ૦ ।। ૬ ।। સું૦ ।। ગુરૂ કહે શેઠજી સાંભલો,
પુરવભવ વિરતંતરે ।। સું૦ ।। ધાતકી ખંડ મધ્ય ભરતમાં,
ખેટક નગર નિરખંતરે ।। સું૦ ।। સ૦ ।। ૭ ।। સું૦ ।।
જિનદેવ વણિક વસે તિહાં, સુંદરી નામે નારરે ।। સું૦ ।।
પાંચ બેટા ગુણ આગલા, ચાર સુતા મનોહારરે ।। સું૦ ।।
સ૦ ।। ૮ ।। સું૦ ।। એક દિન ભણવા મુકીયા, હુંશધરી
મન માંહીરે ।। સું૦ ।। ચપલાઇ કરે ચોગુણી, ન ભણે
હરખે ઉચ્છાહિરે ।। સું૦ ।। સ૦ ।। ।। ૯ ।। સું ।। શીખા-
મણ પંડયો દીએ, આવી રૂએ માતા પાસરે, ।। સું૦ ।। કોપ
કરી વલતુ કહે, બેઠા રહો ઘરવાસરે ।। સું૦ ।। સ૦ ।। ૧૦

સું૦ ।। ચુલામાંહિ નાખિયાં, પુસ્તકપાટી સોયરે ।। સું૦ ।। રીસે ધમધમતી કહે, આખર મરશે સહુ કોયરે ।। સું૦ ।। ૧૧ ।। સું૦ ।। કંથ કહે નારિ પ્રત્યે, કોણ દીએ કન્યાદાનરે ।। સું૦ ।। મુરખ ગુણ ગ્રહેનહિ, ન લહે આદર માનરે ।। સું૦ ।। સ૦ ।। ૧૨ ।। સું ।। બિહુ જણ માહિ બોલતાં, ક્રોધ વસ્યો વિકરાલરે ।। સું૦ ।। જિનદેવે માર્યું મૂશલું, મરણ પામી તતકાલરે ।। સું૦ ।। સ૦ ।। ૧૩ ।। સું૦ ।। તેહ મરી ગુણમંજરી, અવતરી તાહરે ગેહરે ।। સું૦ ।। જાતિ સમરણ ઉપનું, પ્રગટી પુન્યની વેલરે ।। સું૦ ।। સ૦ ।। ૧૪ ।। સું૦ ।। સાચું સાચું સહુ કહે. જ્ઞાન ભણ્યો ગુણ ખાણરે ।। સું૦ ।। તપનો જો ઉદ્યમ કરો, તો લહો કેવલ નાણરે ।। સું૦ ।। સ૦ ।। ૧૫ ।।

।। દુહા ।। પાંસઠ મહિના કીજીએ, માસ માસ ઉપવાસ ।। પોથી થાપો આગલે, સ્વસ્તિક પુરો ખાસ ।। ૧ ।। પાંચ પાંચ ફલ મુકીએ, પાંચ જાતિનાં ધાન ।। પાંચ વાટી દીવો કરો, પાંચ ઢોઉંપકવાન ।। ૨ ।। કુસુમ ભલાં આણીં કરી, ધુપ પૂજા કરી સાર ।। નમો નાણસ્સ ગુણણું ગણો, ઉત્તર દિશિ દોય હજાર ।। ૩ ।। ભક્તિકરે સાહમ્મી તણી, શક્તિ તણે અનુસાર ।। જીનવર જુગતે પુજતાં, પામે મોક્ષદુવાર ।। ૪ ।। બાર ઉપવાસ ન કરી શકે, વરસ માંહિ દીન એક ।। જાવ જીવ આરાહિયે, આણી પરમ વિવેક ।।૫।।

॥ ઢાળ ॥ ૩ ॥ ચુડલે યૌવન ઝલ રહ્યો ॥ એ દેશી ॥

॥ રાયજન ॥ મુનીવર દીએ ધર્મદેશના, સુણીએ દેઈ કાન ॥ રા૦ ॥ આલસ મુકી આદરો, અજુઆલો નિજ જ્ઞાન ॥ રા૦ ॥ મુ૦ ॥ ૧ ॥ રાયપૂછે હરખેકરી, સાંભલો ગુરૂ ગુણવંતા ॥ રાયજન ॥ વરદત્તે કર્મ કીરયાં કર્યા, કોઢે અંગ ગલંત ॥ રા. ॥ ૨ ॥ ભવિક જીવ હિત કારણે, ગુરૂ કહે મધુરી વાણી ॥ રા. ॥ પૂરભવની વારતા, સાંભલો ચતુર સુજાણિ ॥ રાયજન ॥ મુ૦ ॥ ૩ ॥ જંબુદ્વીપ ભરતક્ષેત્રમાં, શ્રીપુરનગર વિસાલ ॥ રા. ॥ વસુ શેઠના સુત બે ભલા; વસુસાર વસુદેવ નિહાલ ॥ રા. ॥ ૪ ॥ વનરમતાં ગુરૂ વાંદિયા; શ્રી મુનિ સુંદરસુરિ ॥ રા. ॥ સાંભલતાં સંજમ લીયે, તપ કરે આનંદપુર ॥ રા. ॥ ૫ ॥ સકલ કલાગુણ આગલો, લઘુભાઇ અતિસાર ॥ રા. ॥ વસુદેવને કીધો પાટવી, પંચસયાં સિરદાર ॥ રા. ॥ ૬ ॥ પગ પગ પુછે તેહને, સૂત્ર અરથ નિરધાર ॥ રા. ॥ પલક એક ઉંઘે નહીં, તવ ચિંતે અણગાર ॥ રા. ॥ ૭ ॥ પાપ લાગ્યું મુજ કીહાં થકી, એવડો શો કંઠ શોષ ॥ રા. ॥ મૂઢ મૂરખ સંસારમાં, કાયા કરે નિજ પોષ ॥ રા૦ ॥ ૮ ॥ બાર દિવસ મૌને રહ્યો, પ્રગટ થયો તવ પાપ ॥ રા૦॥ જેવાં કરમ જે કો કરે. તે લહે સઘલાં આપ ॥ રા૦ ॥ ૯ ॥ તુજ કુલે આવી અવતર્યો, દીપા૦યો તુજ વંશ ॥ રા૦ ॥ વૃદ્ધભાઇ મરી ઉપન્યો, માન સરોવર હંસ ॥ રા૦ ॥ ૧૦ ॥ સયલ

કથા સુણતાં લહ્યો, જાતિ સમરણ બાલ ।। રા૦ ।। ધન ધન જ્ઞાની ગુરૂ મિલ્યા, રોગ થયા આલમાલ ।। રા૦ ।। ૧૧ ।। વિધિસાથે પંચમી કરે, રાજાદિક પરિવાર ।। રા૦ ।। રોગ ગયા સવિ તેહના, જિમ જાયે તડકે ઠાર ।। રા૦ ।। ૧૨ ।। સ્વયંવર મંડપ માંડીયો, પરણી એક હજાર ।।રા૦।। હરખ્યો વરદત્ત ઇમ કહે, જૈનધરમ જગ સાર ।। રા૦ ।। ૧૩ ।। રાજ થાપી નિજપૂત્રને, સાધે શિવપુરસાથ ।। રા૦ ।। અજિતસેન ચારિત્ર લીયો, સાચા શ્રીગુરૂ હાથ ।। રા૦ ।। ૧૪ ।। સુખ વિલસે સંસારના, વરતાવે નિજ આણ ।। રા૦ ।। પુત્ર જનમએ હવે થયો, ઉગ્યો અભિનવ ભાણ ।। રા૦ ।। ૧૫ ।।

।। દુહા ।। ગુણમંજરી સુંદર ભઈ, પરણી સા જિનચંદ ।। ચારિત્ર સાધી નીરમલું, પામે વૈજ્યંતસુરિંદ ।। વરદત્ત મનમાં ચિંતવે, આપું સુતને રાજ ।। હવે હું સંજમ આદરૂ, સાધુ આતમ કાજ ।। ૨ ।। અશુભ ધ્યાન દુરે કરે, ધરતો જીનવર ધ્યાન ।। કાલ ધરમ પામી ઉપન્યો, પુષ્કલાવતી વિજયપ્રધાન ।। ૩ ।।

।। ઢાલ ૪ ।। સહીયાં હે પીઉ ચાલીયો ।। એ દેશી ।।

।। સૌભાગ્ય પંચમી આદરો, જિમ પામો હો સુખ સઘલાં વડવીરતો ।। ચોથ ભત્તે શુદ્ધી પંચમી. વ્રત ધરલું હો ભોંયે સુવું ધીરતો ।। સૌ. ।। ૧ ।। ત્રણ કાલ દેવ વાંદીએ, કીજે દીજે હો ગુરૂને બહુ માનતો ।। પડિક્કમણાં દોય વારનાં, જિમ વાધે હો ઉત્તમ ગુણ જ્ઞાનતો ।। સૌ.

॥ ૨ ॥ નયરી પુંડરીગીણી સોહતી, વિરાજે હો અમરસેન ભુપાલતો ॥ તસ ધરણી શીલે સતીગુણવતી, કુખે હો અવતરીયો બાલતો ॥ સૌ. ॥ ૩ ॥ સજ્જન સંતોષી સામટાં, નામ થાપેહો સુરસેન અભિરામતો ॥ ચંદ્રકલા જેમ વાધતી, તેમ સાથે હો, વાધે નિજ નામતો ॥ સૌ. ॥ ૪ ॥ યોવન વય જાણી પિતા, સો કન્યા હો પરણાવી સારતો ॥ રાજ દેઈ નિજ પુત્રને, અમરસેન પહોતોહો પરલોક મોજારતો ॥ સૌ૦ ॥ ૫ ॥ શ્રી સિમંધર આવ્યા સાંભલી, વાંદવાને હો આવે તીહાં ભૂપ તો ॥ જ્ઞાન આરાધન દેશના, દેખાડે હો વરદત્ત સ્વરૂપતો ॥ સૌ૦ ॥ ૬ ॥ સૂરસેન હવે વિનવે, પ્રભુ પ્રકાશો હો તે કુણ વરદત્ત તો ॥ સકલ વાત માંડી કહી, તપ માંડયો હો કીજે રંગ રત્તતો ॥ સૌ૦ ॥ ૭ ॥ જિનવર વાંદી આવીઆ, સંવેગે હો મુકે ઘર ભારતો ॥ સિંહતણી પરે આદરી, જિણે લહીએ હો ભવજલનો પાર તો ॥ સૌ૦ ॥ ૮ ॥ પંચમહાવ્રત આદર્યો, સહસ વરસે હો પામે કેવલજ્ઞાનતો ॥ અવિચલ સુખ એણે લહ્યાં, ઈમ નિસુણીહો આરાધો જ્ઞાનતો ॥ સૌ૦ ॥ ૯ ॥ જંબુદ્વીપ માહે વલી, વિજય રમણી હો નગરી ચોસાલ તો ॥ અમરસેન અમરાવતી, પુણ્ય પ્રગટયો હો આવ્યોએ બાલ તો ॥ સૌ૦ ॥ ૧૦ ॥ ગુણમંજરી જીવ ઉપન્યો, રાજને હો હુઓ ઉછરંગ તો ॥ રાજકરે નિજ તાતનું, પ્રેમે પરણે હો કન્યા સુખ સંગ તો ॥ સૌ૦ ॥ ૧૧ ॥ એક દીન મનમાં

ચિંતવે, હું તો સાધુ હો નિજ આતમ કાજ તો ।। ચાર સહસ્સ બેટા થયા, પાટ આપે હો નિજસુત શિરતાજતો ।। સૌ૦ ।। ૧૨ ।। સિંહતણી પરે નીકલે, લાખ પૂરવ હો સંયમ શીરતાજતો ।। તપ તપે અતિ આકરા, કેવલ પામી હો લહે શિવરાજતો ।। સૌ૦ ।। ૧૩ ।।

।। ઢાલ ।। ૫ ।। રાગ ધનાશ્રી ।। ઋજ્ઞનાની ।।

તપ ઉંજવણું એણી પરે સુણીએ, વિત સારૂ ધન અરચોજી ।। પાંચમ દિન પામી કીજીએ, જ્ઞાનાદિકને આચરોજી ।। પાંચ પ્રતી સિદ્ધાંતની સારી, પાઠાં પાંચ રૂમાલજી।। અડીયો લેખણ પાટી પોથી, ઠવણી કવલી ઘો લાલજી ।।૧।। સ્નાત્ર મહોત્સવ વિધિશું કીજે, રાતીજગે ગીત ગાઓજી ।। ચૈત્યાદિકની પૂજા કરતાં, જીનવરના ગુણ ગાઓજી ।। ગુણ મંજરી વરદત્ત તણીપેરે, કીજે ત્રિકરણ શુદ્ધજી ।। એ વિધ કરતાં થોડે કાલે, લહીએ સઘળી રિદ્ધજી ।। ૨ ।। વાસકુંપી ધુપ ધાણુ વલિ કીજીયે, ઝરમર પાંચ મંગાવોજી ।। ગુરૂને વાંદી પુસ્તકને પુજી, સામી સામીણો નોતરાવોજી ।। ગુરૂને તેડી બે કરજોડી, આદરસું વોહોરાવોજી ।। પારણું કીજે લાહો લીજે, પાંચમ તપ ઉજવાવોજી ।। ૩ ।। નેમિ જિણેસર અતિ અલવેસર, કેશર વર સમ કાયાજી, એ ઉપદેશ સુણીને સમજ્યા, જ્ઞાન લોચન દેખાયાજી ।। વરદત્ત ગણધર આગે કહીએ, લહીએ ભવિજન પ્રાણીજી ।। સૌભાગ્ય પંચમી તપ

આરાધો, નિસુણી જીનવર વાણીજી ॥ ૪ ॥ દેહ નિરોગી સોભાગી થાએો, પાએો રંગરસાલજી ॥ મુરખપણું દૂરે છાંડો, માંડો જ્ઞાન વિશાલજી ॥ સૌભાગ્ય પંચમી જે નર કરશે, તે વરશે મંગલ માલજી ॥ ગજરથ છોડો સુંદર મંદિર, મણિમય ઝાકઝમાલજી ॥ ૫ ॥ સંવર સત્તર અઠ્ઠાવન માંહિ, સિદ્ધપુર રહી ચોમાસુંજી ॥ કાર્તિક શુદ્ધી પાંચમ દીને ગાયો, સફલ ફલી મુજ આસજી ॥ તપગચ્છ નાયક દિનકર સરીખા, શ્રીવિજયપ્રભ સુરિંદાજી ॥ શ્રીવિજયરત્ન સુરીશ્વર રાજે, પ્રણમે પરમાનંદાજી ॥ ૬ ॥ કલશ ॥ ઇમ નેમિ જીનવર સયલ સુખકર, ઉપદિશે ભવિ હીત કરો ॥ તપગચ્છ નાયક શિવસુખદાયક, લાયક માંહી પુરંદરો ॥ શ્રી લાભકુશલ વિબુધ સુખકર, વીર કુશલ પંડિત વરો ॥ સૌભાગ્ય કુશલ સુગુરૂ સેવક, કેશવ કુશલ જયકરો ॥ ઇતિ શ્રી સૌભાગ્યપંચમી સ્તવન સંપૂર્ણમ્ ॥

# આઠમનું સ્તવન.

દોહા ॥ પંચ તીરથ પ્રણમું સદા, સમરી શારદ માય ॥ અષ્ટમી સ્તવન હરખે રચું, સુગુરૂ ચરણ પસાય ॥૧॥

॥ ઢાલ ॥ ૧ ॥ હાંરે લાલા જંબુદ્વીપના ભરતમાં, મગધ દેશ મહંતરે ॥ લા૦ ॥ અષ્ટમી તીથી મનોહરૂ ॥

હાંરે લાલા ।। ચેલણા રાણી સુંદરી, શિયલવતી સીરદારરે ।। લા૦ ।। શ્રેણિક સુત બુધ છાજતા, નામે અભય કુમારરે ।। લા૦ ।। અ ।। ૨ ।। હાં૦ વર્ગણા આઠ મીટે એહથી ।। એહ સાધે સુખ નિધાનરે ।। લાલા ।। અષ્ટ મદ ભાજે વજ્ર છે, પ્રગટે સમકિત નિધાનરે ।। લા૦ ।। અ૦ ।। ૩ ।। હાં૦ અષ્ટ ભય નાસે એહથી, બુદ્ધિ તણેા ભંડારરે ।। લાલા ।। અષ્ટ પ્રવચન જે સંપજે, ચારીત્ર તણેા આગારરે ।। લા૦ ।। અ૦ ।। ૪ ।। હાં૦ અષ્ટમી આરાધન થકી, અષ્ટ કરમ કરે ચકચુરરે ।। લાલા૦ નવનિધિ પ્રગટે તસ ઘરે, સંપુરણ સુખ ભરપુરરે ।। લા૦ ।। અ૦ ।। ૫ ।। અડદૃષ્ટિ ઉપજે એહથી, શીવ સાધે ગુણ અંકુરરે ।। લાલા ।। સિદ્ધના આઠગુણ સંપજે, શીવ કમલા રૂપ સ્વરૂપરે ।। ।। લા૦ ।। આ૦ ।। ૬ ।।

।। ઢાલ ।। ૨ ।। જીહેા રાજગૃહી રળીયામણી, જીહેા વિચરે વીર જીણંદ ।। જીહેા સમવસરણ ઇંદ્રે રચ્યું, જીહેા સુરાસુરની વૃંદ ।। ૧ ।। જગત સહુ વંદેા વીર જીણંદ ।। એ આંકણી ।। જીહેા દેવરચીત સિંહાસણે ।। જીહેા બેઠા વીર જીણંદ ।। જીહેા અષ્ટ પ્રાતિહારજ શેાભતા ।। જીહેા ભામંડલ ઝલકંત ।। જગત૦ ।। ૨ ।। જીહેા અનંત ગુણી જીનરાજજી, જીહેા પરઉપગારી પ્રધાન ।। જીહેા કરૂણા સિંધુ મનેાહરૂ, જીહેા ત્રિલેાકે જગભાણ ।। જગત૦ ।। ૩ ।। જીહેા ચેાત્રીશ અતિશય વિરાજતા, જીહેા વાણી ગુણ

પ્રાંત્રીસ ।। જીહો બારે પરખદા ભાવશું, જીહો ભગતે નમાવે શીસ ।। જગત૦ ।। ૪ ।। જીહો મધુરી ધ્વની દીયે દેશના, જીહો જીમરે અસાઢોરે મેઘ ।। જીહો અષ્ટમી મહિમા વરણુવે, જીહો જગત બંધુ કહે તેમ ।। જગત૦ ।। ૫ ।।

।। ઢાલ ।। ૩ ।। રૂડીને રઢિયાલીરે વાલા તારી દેશનારે, તેતો જોજન લગે સંભળાય ।। ત્રિગડે વિરાજેરે જિન દીયે દેશનારે, શ્રેણીક વંદે પ્રભુના પાય ।। અષ્ટમી મહિમા કહો કૃપા કરીરે, પુછે ગોયમ અણગાર ।। અષ્ટમી આરાધન ફલ સિધનુંરે ।। ૧ ।। વીર કહે તીથી મહિમા એહનોરે, ઋષભનું જનમકલ્યાણ ।। ઋષભ ચારિત્ર હોય નીરમલુંરે, અજિતનું જનમ કલ્યાણ ।। અ૦ ।। ૨ ।। સંભવ ચ્યવન ત્રીજા જિનેસરૂરે, અભિનંદન નિવારણ ।। સુમતિ જનમ સુપાર્શ્વ ચ્યવન છેરે. સુવિધિ નેમિ જનમ કલ્યાણ ।। અ૦ ।। ૩ ।। મુનિસુવ્રત જનમ અતિગુણ નિધિરે, નમી શીવપદ લીયું સાર ।। પાર્શ્વનાથ નિર્વાણ મનોહરૂરે, એ તિથિ પરમ આધાર ।। અ૦ ।। ૪ ।। ગૌતમ ગણધર મહિમા સાંભલીરે, અષ્ટમીં તિથિ પરિમાણ ।। મંગલ આઠતણી ગુણ માલિકારે, તસઘેર શીવ કમલા પરધાન ।। અ૦ ।। ૫ ।।

।। ઢાલ ।। ૪ ।। આવશ્યક નિર્યુક્તિએ ભાસે. મહાનિશિથી સૂત્રેરે ।। ઋષભ વંશ ધુર વીરજી આરાધે, શીવસુખ પામે પવીત્રરે ।। શ્રા જિનરાજ જગત ઉપગારી ।।એ આંકણી ।।

॥ એ તિથી મહિમા વીરજી પ્રકાશે, ભવિક જીવને ભાસેરે, શાસન તારૂં અવિચલ રાજે, દિનદિન દોલત વાધેરે, ॥શ્રી૦॥ ૨ ॥ ત્રિસલારે નંદન દોષ નિકંદન, કર્મ શત્રુને જિત્યારે ॥ તીર્થંકર માહંત મનોહર. દોષ અઢારને વરજ્યારે ॥ શ્રી૦ ॥ ૩ ॥ મન મધુકર જિનપદ પંકજ લીનો, હરખી નીરખી પ્રભુધ્યાઉરે ॥ શિવકમલા સુખ દીયો પ્રભુજી, કરૂણાનંદ પદ પાવુંરે ॥ શ્રી૦ ॥ ૪ ॥ વૃક્ષ અશોક સુર કુસુમની વૃષ્ટિ, ચામર છત્ર વિરાજેરે ॥ આસન ભામંડલ જિનદીપે, દુંદુભી અંબર ગાજેરે ॥ શ્રી૦ ॥ ૫ ॥ બંભાત બંદર અતિય મનોહર, જીનપ્રાસાદ ઘણા સોહિએરે ॥ બિંબ સંખ્યાનો પારન લેવું, દર્શન કરી મન મોહિએરે ॥ શ્રી૦ ॥ ૬ ॥ સંવત અઢાર ઓગણચાલિસ વર્ષે, આશ્વિન માસ ઉદારોરે, શુકલપક્ષ પંચમી ગુરૂવારે, સ્તવન રચ્યું છે ત્યારેરે ॥ શ્રી૦ ॥ ૭ ॥ પંડિત દેવ સોભાગી બુદ્ધિ લાવણ્ય, રતન સોભાગી તેણે નામરે ॥ બુદ્ધિ લાવણ્ય લીયો સુખ સંપુરણ, શ્રી સંઘને કોડ કલ્યાણુર ॥ શ્રી૦ ॥ ૮ ॥

---

# અથ અષ્ટમી સ્તવન.

॥ દુહા ॥ જય હંસાસણી શારદા, વરદાતા ગુણવંત ॥ માતા મુજ કરૂણા કરી, મહિયલ કરો મહંત ॥૧॥ સોલ

કલા પૂરણ શશિ, નિર્જિત એણે મુખેણ ।। ગજગતિ ચાલે ચાલતી, ધારતી ગુણવર શ્રેણ ।। ૨ ।। કવિ ઘટના નવનવિ કરે, કેવલ આણી ખંત ।। માતા તુજ સુપસાઉલે, પ્રગટે ગુણ બહુ ભ્રાંત ।। ૩ ।। માતા કરૂં તુજ સાન્નિધે, અષ્ટમી સ્તવન ઉદાર ।। શત મુખે જીભે કો સ્તવે, તુજ ગુણ નાવે પાર ।। ૪ ।।

।। ઢાલ ।। ૧ ।। નવમા નેમિ જિણંદને ।। એ દેશી ।।

અષ્ટમી તીથી ભવિ આચરો, સ્થિરકરી મન વચ કાયારે ।। ધ્યાન ધરમનું ધ્યાઈએ, ટાળીએ દુષ્ટ અપાયરે ।। ।। આ૦ ।। ૧ ।। પોસહ પણ ધરીએ સહી, સમતા ગુણ આદરીયેરે ।। રાજ્યકથાદિક વરજીએ, ગુણીજન ગુણ આચરીયેરે ।। અ૦ ।। ૨ ।। ષટ લેશ્યામાંહે કહી, આદ્ય ત્રિહું અપ્રશસ્તરે ।। વરજો સજ્જન દૂર એ, ધરો ત્રિહું અંત પ્રશસ્તરે ।। અ૦ ।। ૩ ।। શલ્ય ત્રિહું દૂરે તજો, વરજો કુમતી કુનારીરે ।। સદ્ગતિ કેરી નિવારીકા, દુર્ગતિ કેરી એ બારીરે ।। આં૦ ।। ૪ ।। રમીએ સુમતિ નારીસું, કરીએ દાન સહાયરે ।। મૈત્રી પ્રમોદ કરૂણાદિક, ધરીએ દિલ સુખદાયરે ।। ૫ ।। વાંચના પૃચ્છના તિમ વલી, અનુપ્રેક્ષા ધર્મ સંગરે ।। પરાવર્ત્તના પંચ ભેદ એ, કરીએ ધરી મનરંગરે ।। અ૦ ।। ૬ ।। જ્ઞાનાવરણીય દર્શના, વરણી વેદનીય તેમરે ।। મોહ આયુ નામ ગોત્રએ. આઠમું

અંતરાયરે ।। આ૦ ।। ૭ ।। એ અષ્ટ કર્મ વિનાશિની, અષ્ટમી તિથિ જિન ભાખીરે ।। આરાધનાદિક એ ક્રિયા, માનવ ગતિ એક સાખીરે ।। અ૦ ।। ૮ ।।

।। ઢાલ ।। ૨ ।। મુનિવર આર્યસુહસ્તીરે ।। એ દેશી ।।

બાસઠ માર્ગણા દ્વારરે પ્રભુજીએ કહ્યાં, સુંદર સુલલિત વયણથીએ ।। તેહમાં દશ દ્વારરે મોક્ષ જિનશ્વરે કહિયા, અવરમાં નવિ લહ્યાં એ ।। ૧ ।। તિણ કારણ દિવ્ય મોક્ષરે, કારણ સુખ તણા, પામે માનવ ભવથકી એ ।। દુલહો દશ દૃષ્ટાંતરે, લહિય મનુજ ભવ, હારો મત વિષય થકી એ ।। ૨ ।। પંચ ભરત મજારરે, પંચ ઐરવ્રત, પંચ મહાવિદેહમાં એ ।। પંનર કર્મ ભૂમિ રે, નાણી જિનવરે, ધર્મ કહ્યાં નહિ અન્યમાં એ ।। ૩ ।। ક્રોધ માનને માયારે, લોભ તિમ વલી, એ ચારે દુખદાઇયા એ ।। અપ્રત્યાખ્યાનાદિકરે, કરતાં ભેદ એ, સોલ હોએ તન્હે ભાઇઆએ ।। ૪ ।। થોડાપણ એકષાંયરે, કીધાં દુખ દીએ, મિત્રાનંદ તણી પરે એ ।। તે માટે તન્હે દુરરે, હૃદયથકી વલી, જેમ અનુક્રમે શિવ સુખ વરો એ ।। ૫ ।। અષ્ટમી તિથિ આરાધેરે, અષ્ટ પ્રવચન, માતા આરાધક કહુ એ ।। અનુક્રમે લહે નર્વાણરે, એ તિથિ આરાધે, મુક્તિ રમણી, સન્મુખ જુવે એ ।। ૬ ।। અભય દાન સુપાત્રરે, અષ્ટમી પર્વણી, દિજે અઢલક ચિત્તશું એ ।। પામે બહૂલી ઋદ્ધિરે, પરમ પ્રમોદશું, લીજે લાહો વિત્તશું એ ।। ૭ ।।

।। કલશ ।। શ્રી પાર્શ્વજિન પસાય ઈણિપેરે, સંવત સતર અઢાર એ ।। વૈશાખ સુદી વર અષ્ટમી દિન, કુમતિ દિનપતિ વાર એ ।। શ્રી શુભવિજય ઉવઝાય જયકર, શિષ્ય ગંગવિજય તણેા ।। નયશિષ્ય પભણે ભક્તિ રાગે, લહ્યો આનંદ અતિ ઘણેા ।।૧।। ઇતિ શ્રી અષ્ટમી સ્તવનમ્।।

---

# ।।મૈાન એકાદસી સ્તવનમ્ ।। ઢાલ. ૧ ।।

।। વૈરાગી થયેા ।। એ દેશી ।।

પ્રણમી પુછે વીરનેરે, શ્રી ગેાયમ ગણરાય ।
મૃગશિર સુદિ એકાદશીરે, તપથી શું ફલ થાયરે ।।
જિનવર ઉપદિશે, તિહાં સાંભલે સહુ સમુદાયરે ।। જિ૦ ।।૧।।
વીર કહે ગેાયમ સુણેારે, હરિ આગલ કહ્યો નેમ,
તેમ તુંમ આગળ હું કહુંરે, સાંભલેા મનધરી પ્રેમરે ।।જિ૦ ।।૨।।
દ્વારિકા નયરી સમેાસર્યારે, એકદિન નેમિ જિણુંદ ।।
કૃષ્ણ આવ્યા તિહાં વાંદવારે, પુછે પ્રશ્ન નરિંદરે ।। જિ૦ ।।૩।।
વર્ષ દિવસનાં દિન મિલીરે, તિનસેા સાઠ કહંત ।।
તેહમાં દિન કુણ એહવેારે, તપથી બહુ ફલ હુંતરે ।। જિ૦ ।।૪।।
મૃગશિર શુદિ એકાદશીરે, વર્ણવી શ્રી જગનાથ ।।
દેાઢસેા કલ્યાણુક થયાંરે, જિનનાં એકણ સાથરે ।। જિ૦ ।।૫।।
શ્રી અરજિન દીક્ષા ગ્રહીરે, "નમિ" ને કેવલ નાણ, ।।
જન્મદીક્ષા કેવલ લહ્યારે, શ્રીમલ્લિ જગભાણુરે ।। જિ૦ ।।૬।।

વર્તમાન ચોવિશીનારે, ભરતે પંચ કલ્યાણ ।।
એ પાંચ ભરતે થઇરે, પંચાધિક વીશ જાણરે ।। જિ૦ ।।૬।।
પાંચે ઐરવતે મિલીરે, કલ્યાણક પંચ પંચ ।।
દશ ક્ષેત્ર સહુ એ મિલીરે, પચ્ચાસ કલ્યાણક સંચરે ।। જિ૦ ।।૮।।
અતીત અનાગત કાળનારે, વર્તમાનનાવલી જેહ ।।
દોઢસો કલ્યાણક કહ્યારે, ઉત્તમ ઇણદિન એહરે ।। જિ૦ ।।૯।।
જે એકાદશી તપ કરેરે, વિધિ પૂર્વક ગુણ ગેહ ।।
દોઢસો ઉપવાસો તણોરે, ફલ લહે ભવિયણ તેહરે ।।જિ૦।।૧૦।।

---

।। ઘોડી તો આવી તારા દેશમાં મારૂજી ।। એ દેશી ।। ઢાલ ।।૨।।
હવે એકાદશી તપ તણો માધવજી, વિધિ કહું નિર્મલ,
બુદ્ધિ હો ગુણરાગી નરેશ્વર સાંભલો જાદવજી, દેવ જુહારો
દેહરે ।।મા૦।। ગુરૂવંદો ભાવ વિશુદ્ધિ હો ।।ગુ૦।।૧।। અહોરત્તો
પોસહ કરી ।।મા૦।। ગુરૂ મુખે કરો પચ્ચખ્ખાણહો ।।ગુ૦।।
દેવ વંદો ત્રણ ટંકના ।।મ૦।। સાંભલો સદગુરૂ વાણીહો ।।ગુ૦ ૨।।
દોઢસો કલ્યાણક તણો ।।મા૦।। ગુણનો ગુણો એક મનેહો ।।ગુ૦।।
ભણણ ગુણણ કિરીયા વિના ।।મા૦।। નવિ બોલે અન્ય વચનહો।।૩।।
મૌન ગ્રહો નિશીદિવસનો ।।મા૦।। રાખો શુભ પરિણામહો ।।ગુ૦।।
મૌન એકાદશી તે ભણી ।।મા૦।। નિરૂપમ એવું નામહો ।।ગુ૦।।૪।।
પ્રથમ દિને એકાસણું ।।મા૦।। પારણે એહિજ રીત હો ।।ગુ૦।।
બારવર્ષ તપ ઇમ કરે ।।મા૦।। શુદ્ધ ધર્મશું પ્રીત હો ।।ગુ૦।।૫।।

અંગ અગ્યારે તે ભણે ।।મા०।। પડિમા તપ અગ્યાર હો ।।ગુ०।।
પ્રતિમાસે ઉપવાસનો ।।મા०।। તપ કરે નિરૂપમ વાર હો ।।ગુ०।।૬।।
સુવ્રતશેઠ તણી પરે ।।મા०।। મન રાખે સ્થિરતા જોગ હો ।।ગુ.।।
તો એકાદશી દશમે ભવે ।।મા०।। લહે શિવવધુ સંજોગ હો।।ગુ०।।૭।।

---

।। દેશી લલનાની ।। ઢાલ. ।। ૩।।

હવે ઉજમણું તપ તણું, એકાદશી દિનસાર લલના,
દિન ઉગ્યારે દેહરે, સ્નાત્ર પૂજા અધિકાર લલના ।।
ભગવંત ભાખે હરિભણી ।। ૧ ।।
ઢાંણું ઢાવિયે દેહરે, ધાન્ય ઇગ્યાર પ્રકાર ।। લ० ।।
શ્રીફલ ફોફલ સુખડી, નવ નવી ભાત ઇગ્યાર લ० ।। ભ० ।।૨।।
કેસર સુખડ ઘોતીયાં, કાંચન કલશ શૃંગાર લ. ।।
ધૂપ ધાણાને વાટકી, અંગલુહણ ઘન સાર ।। લ० ભ० ।।૩।।
અંગ ઇગ્યારે લિખાવીયે, પુઠાને રૂમાલ ।। લ० ।।
ઝાખી દોરા દાબડી, લેખણ કાંબી નિહાલ ।। લ० ।। ભ० ।।૪।।
ઝીલમલ ચંન્દ્રુઆ ભલા, ઠવણી સ્થાપના કાજ ।। લ० ।।
પાટી જપમાલા ભલી, વાસના વટુઆ સાજ ।। લ० ।। ભ०।।૫।।
ભીજણા ને વળી પૂજણા, કવલી કોથળી તામ ।। લ० ।।
રેશમની પાટી રૂયડી, મુહપતી જયણા કામ ।। લ० ।। ભ० ।।૬।।
જ્ઞાનના ઉપગરણ ભલા, ઇગ્યાર ઇગ્યાર માન ।। લ० ।।
સાધર્મિક ઇગ્યારને, પોષીજે પકવાન ।। લ० ।। ભ० ।।૭।।

તે સાંભલી હરિ હરખીયા, આદરે વ્રત પચ્ચખ્ખાણ ।। લ૦ ।।
તિથિ એકાદશી તપ કરે, બાર વર્ષ ગુણ ખાણ ।। લ૦ ।। ભ૦ ।।૮।।
તીર્થંકર પદ તિણ થકી, ગોત્ર નિકાચિત કીધ ।। લ૦ ।।
અમમ નામે જિન બારમા, હોસી તપ ફલ સીધ ।।લ૦।।ભ૦ ।।૯।।
ઇણ વિધી શ્રીવીરે કહ્યો, એ અધિકાર અશેષ ।। લ૦ ।।
તેહ ભણી તપ તુમે આદરો, લેશે સુખ સુવિશેષ ।।લ૦।।ભ૦।।૧૦।।

---

।। કલશ ।। શ્રીવીરજિનવર સયલ સુખકર વરણવી એકાદશી, તે સુણીય વાણી ભવિક પ્રાણી તપ કરણ મન ઉલ્લસી ।। જશવંત સાગર સુગુણ આગર શિષ્ય જિનેન્દ્ર-સાગરે, એકાદશી યહ સ્તવન કીધો, સુણીય ભવિયણ આદરે ।। ૧ ।।

---

# અથ એકાદશીનું સ્તવન.

।। ચોપાઇની દેશી ।।

।। સમવસરણ બેઠા ભગવંત, ધર્મ પ્રકાશે શ્રીઅરિ-હંત ।। બારે પરખદા બેઠી રૂડી, માગશર સુદી અગીયારસ વડી ।। ૧ ।। મલ્લિનાથનાં તીન કલ્યાણક, જન્મ દીક્ષાને કેવલજ્ઞાન ।। અર દીક્ષા લીધી રૂડી ।। માગશર સુદી અગી-યારસ વડી ।। ૨ ।। નમીને ઉપન્યું કેવલજ્ઞાન, પાંચ કલ્યાણક

અતિ પ્રધાન ।। એ તિથિની મહિમા વડી ।। મા૦ ।। ૩ ।। પાંચ ભરત ઐરવ્રત ઇમહીજ, પાંચ કલ્યાણક હુવે તિમહીજ ।। પચાસની સંખ્યા પરગડી ।। મા૦ ।। ૪ ।। અતીત અનાગત ગણુતા એમ, દોઢસો કલ્યાણક થાય તેમ ।। કુણ તિથિ છે એ તિથિ જેવડી ।। મા૦ ।।પા। અનંત ચોવિશી ઇણ પરે ગણેા, લાભ અનંત ઉપવાસ તણેા ।। એ તિથી સહુંશીર એ ખડી ।। મા૦ ।। ૬ ।। મૌન પણે રહ્યા શ્રી મલ્લિનાથ, એક દિવસ સંયમ વ્રત સાથ ।। મૌન તણી પરે વ્રત ઇમ વડી ।। મા૦ ।। ૭ ।। આઠ પોહોરી પોસો લીજીયે, ચૌવિહાર વિધીશું કીજીએ ।। પણ પ્રમાદ ન કીજે ઘડી ।। મા૦ ।। ૮ ।। વર્ષ ઇગ્યાર કીજે ઉપવાસ, નવજીવ પણ અધિક ઉલ્લાસ ।। એ તીથી મોક્ષ તણી પાવડી ।। મા૦ ।। ૯ ।। ઉજમણું કીજે શ્રીકાર, જ્ઞાનનાં ઉપગરણ ઇગ્યાર ઇગ્યાર ।। કરેા કાઉસગ્ગ ગુરૂ પાયે પડી ।। મા૦ ।। ।।૧૦।। દેહેરે સ્નાત્ર કીજે વલી, પોથી પુજો જે મન રળી ।। મુક્તિ પુરી કીજે ઢુંકડી ।। મા૦ ।। ૧૧ ।। મૌન અગીયારસ મોટું પર્વ, આરાધ્યાં સુખ લહીએ સર્વ ।। વ્રત પચ્ચખ્ખાણ કરેા આખડી ।। મા૦ ।। ૧૨ ।। જેસલ સોલ ઇકિયાસી સમે, કીધું સ્તવન સહુ મનગમે ।। સમય સુંદર કહે દાહડી ।। મા૦ ।। ૧૩ ।।

# શ્રી વીશ સ્થાનકનું સ્તવન.

।। હાંરે મારે પ્રણમું સરસ્વતી માગું વચન વિલાસજો, વીશરે તપ સ્થાનક મહિમા ગાઇશુંરે લોલ ।। હાંરે મારે પ્રથમ અરિહંત પદ લોગસ્સ ચોવીસજો, બીજેરે સિદ્ધ સ્થાનક પન્નર ભાવશુંરે લોલ ।। ૧ ।। હાં૦ ત્રીજે પવયણુસું ગણુસો લોગસ્સ સાતજો, ચઉથેરે આયારિયાણું છત્રીસનો સહીરે લોલ ।। હાં૦ ।। થેરાણુંપદ પંચમેં દસ ઉદ્ધારજો, છઠેરે ઉવજ્ઝાયાણું પચવીસનો સહીરે લોલ ।। હાં૦ ।। ૨ ।। સાતમે નમોલોએ સવ્વસાહુ સત્તાવીસજો, આઠમે નમોનાણસ્સ પંચે ભાવશુંરે લોલ ।। હાં૦ ।। નવમે દરિસણુ સડસઠ મનને ઉદ્ધારજો, દશમે નમો વણયસ્સ દસ વખાણીએરે લોલ ।। ૩ ।। હાં૦ ।। અગીઆરમે નમો ચારિત્તસ્સ લોગસ્સ સત્તરજો, બારમે નમો બંભસ્સ નવગુણે સહીરે લો૦ ।। હાં૦ ।। ક્રીરિયાણું પદ તેરમે વલી પચવીસજો, ચઉદમે નમો તવસ્સ બાર ગુણે સહીરે લો૦ ।। ૪ ।। હાં૦ પંદરમે નમો ગોયમસ્સ અઠ્ઠાવીસજો, નમો જિણાય ચઉવીસ ગણુશું સોલમેરે લો૦ ।। સત્તરમે નમો ચારત્ત લોગસ્સ સીત્તેરજો, નાણુસ્સનો પદ ગણુશું એકાવન અઢારમેરે લો૦ ।। ૫ ।। હાં૦ ઓગણીસમે નમો સુઅસ્સ પીસ્તાલીસજો, વીસમે નમો તિત્થસ્સ વીસ ભાવસુંરે લો૦ ।। હાં૦ તપનો મહિમા ચારસેં ઉપર વીસજો, ષટમાસે એક ઓલી પૂરી

કીજીએરે લો૦ ।। ૬ ।। હાં૦ તપ કરતાં વળી ગણીયે દોયહજારને, નવકારવાલી વીસે સ્થાનક ભાવસુંરે લો૦ ।। હાં૦ પ્રભાવના સંઘ સ્વામી વચ્છલ સારને, ઉજમણું વીધી કીજીએ વિનય લીજીયેરે લો૦ ।। ૭ ।। તપનો મહીમાં કહ્યો શ્રી વીર જીનરાયને, વિસ્તારે ઇમ સંબંધ ગોયમ સ્વામીનેરે લો૦ ।। હાં૦ તપ કરતાં વલી તીર્થંકર પદ હોય ને, દેવગુરૂ ઇમ કાંતિ સ્તવન સોહામણોરે લો૦ ।। ૮ ।। ઇતીશ્રી વીસ સ્થાનક સ્તવન સંપૂર્ણમ્ ।।

---

# અથ શ્રી છ આવશ્યકનું સ્તવન.

।। દુહા ।। ચોવીસે જિનવર નમું, ચતુર ચેતના-કાજ ।। આવશ્યક જિણ ઉપદિશ્યા, તે થુણસ્યું જિનરાજ ।। ૧ ।। આવશ્યક આરાધીયે, દીવસ પ્રત્યે દોયવાર ।। દુરિત દોષ દૂરે ટલે, એ આતમઉપકાર ।। ૨ ।। સામાયિક ચઉવિસથ્થો. વંદન પડિકમણેણ ।। કાઉસગ્ગ પચ્ચખાણુકરે, આતમ નિર્મળ એણ ।। ૩ ।। ઝેર જાય જિમ જાંગુલી, મંત્ર તણો મહિમાય ।। તેમ આવશ્યક આદરે, પાતક દુર પલાય ।। ૪ ।। ભાર તજી જિમ ભારવહી, હેલે હળવો થાય ।। અતિચાર આલોયતાં,-જન્મ દોષ તિમ જાય ।। ૫ ।।

॥ ઢાલ ॥ ૧ ॥ કપુર હોયે અતિ ઉજલુંરે ॥ એ દેશી ॥

॥ પહેલું સામાયિક કરોરે, આણી સમતા ભાવ ॥ રાગ દ્વેષ દૂરે કરોરે, આતમ એહ સ્વભાવરે ॥ પ્રાણી સમતા છે ગુણ ગેહ ॥ એતો અભીનવ અમૃત મેહરે ॥ પ્રાણી૦ ॥ ૧ ॥ આપે આપ વિચારીએરે, રમીએ આપ સ્વરૂપે ॥ મમતા જે પરભાવ નીરે, વીષમાં તે વીષ કુપરે, ॥ પ્રાણી૦ ॥ ૨ ॥ ભવ ભવ મેળવી મુકીયાંરે, ધન કુટુંબ સંજોગ ॥ વાર અનંતી અનુભવ્યાંરે, સવિ સંજોગ વિજોગરે ॥ પ્રાણી૦ ॥ ૩ ॥ શત્રુ મિત્ર જગકો નહીંરે, સુંખ દુઃખ માયા જાલ ॥ જો જાગે ચિત્ત ચેતનારે, તો સવી દુઃખ વિસરાલરે ॥ પ્રાણી૦ ॥૪॥ સાવદ્ય જોગ સવી પરીહરોરે, એ સામાયીક રૂપ ॥ હુઆ એ પરીણામથીરે, સિદ્ધ અનંત અરૂપરે ॥ પ્રાણી૦ ॥ ૫ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ સાહેલડીની ॥ એ દેશી ॥

॥ આદીશ્વર આરાહીયે સાહેલડીરે, અજિત ભજો ભગવંત તો ॥ સંભવનાથ સોહામણા ॥ સા૦ ॥ અભીનંદન અરીહંત તો ॥ ૧ ॥ સુમતી પદ્મપ્રભુ પુજીએ ॥સા૦॥ સમરૂં સ્વામી સુપાર્શ્વતો ॥ ચંદ્રપ્રભ ચીત્ત ધારીએ ॥સા૦॥ સુવિધિ સુવિધિ ઋદ્ધિ વાસતો ॥ ૨ ॥ શીતલ ભૂતલ દીનમણી ॥ સા૦ ॥ શ્રી પુરણ શ્રેયાંસતો ॥ વાસુપૂજ્ય સુર

પૂજીઆ ।। સા૦ ।। વિમલ વિમલ જસ હોતતો ।। ૩ ।। કરૂં અનંત ઉપાસના ।। સા૦ ।। ધર્મ ધર્મ ધુર ધારતો ।। શાંતી કુંથુ અર મલ્લિ નમું ।। સા૦ ।। મુનીસુવ્રત વડવીર તો ।। ૪ ।। ચરણ નમું નમીનાથના ।। સા૦ ।। નેમીશ્વર કરૂં ધ્યાન તો ।। પાર્શ્વનાથ પ્રભુ પૂજીએ સાહેલડીરે, વંદુ શ્રીવર્દ્ધમાન તો ।। ૫ ।। એ ચોવીસે જીનવરા ।। સા૦ ।। ત્રિભુવન કરણ ઉદ્યોતતો ।। મુક્તિ પંથ જેણે દાખ૦યો ।। ।। સા૦ ।। નિર્મલ કેવલ જ્યોતિ તો ।। ૬ ।। સમકિત શુદ્ધ એહથી હોય ।। સા૦ ।। લીજે ભવનો પાર તો ।। બીજું આવશ્યક ઈશ્યું ।। સા૦ ।। ચઉવીસથ્થો સાર તો ।। ૭ ।।

।। ઢાંલ ।। ૩ ।। ગીરિમાં ગોરો ગીરૂઓએ ।। એ દેશી ।।

।। બે કર જોડી ગુરૂ ચરણે દેઉં વાંદણાંરે ।। આવશ્યક પચવીશ ધારોરે, ચારવાર ગુરૂચરણે, મસ્તક નામીએરે ।। બાર કરી આવર્ત ખામોરે ।। ધારોરે ધારોરે દોષ બત્રીશ નિવારીએરે ।। ૧ ।। ખામોરે ખામોરે વલી તેત્રીસ આશાતનારે ।। ૨ ।। ગીતાર્થ ગુણી ગીરૂઅ ગુરૂને વંદતાંરે, નીચ ગોત્ર ક્ષય જાયે થાયેરે, થાયેરે થાયેરે ઉંચ ગોત્રની અરજનારે ।। ૩ ।। આણ ઓલંગે કોઈ ન જગમાં તેહનીરે, પરભવ લહે સૌભાગ્યે ભાગ્યેરે ।। ભાગ્યરે ભાગ્યરે દીપે જગમાં તેહનુંરે ।। ૪ ।। કૃષ્ણરાય મુનિવરને દીધાં વાંદણાંરે, ક્ષાયિક

સમકિત સાર પામ્યારે, પામ્યારે પામ્યારે તીર્થંકર પદ પામશેરે ।। ૫ ।। શીતલ આચાર્ય જિમ ભાણેજનેરે, દ્રવ્ય વાંદણા દીધ ભાવેરે, ભાવેરે ભાવેરે દેતાં વલી કેવલ લહ્યુંરે ।। ૬ ।। એ આવશ્યક ત્રીજું એણીપેરે જાણજોરે, ગુરૂવંદણ અધીકાર કરજોરે ।। કરજોરે કરજોરે વિનયભક્તિ ગુણવંતનીરે ।। ૭ ।।

।। ઢાલ ।। ૪ ।। ચેતન ચેતોરે ચેતના ।। એ દેશી ।।

।। જ્ઞાનાદિક જિનવર કહ્યાંરે, જે પાંચે આચાર તો ।। દોય વાર તે દીન પ્રતિરે, પડીક્કમીએ અતિચાર ।। જયો જિન વીરજીરે ।।૧।। આલોઇને પડિક્કમીરે, મિચ્છામી દુક્કડં દેય ।।મન વચ કાયા શુદ્ધ કરીરે, ચારિત્ર ચોખું કરેય ।। જયો૦ ।।૨।। અતિચાર શલ્ય ગોપવેરે, ન કરે દોષ પ્રકાશ ।।માછી મલ્લ તણી પરેરે, તે પામે પરિહાસ ।।જયો૦।। શલ્ય પ્રકાશે ગુરૂ મુખેરે, હોય તસ ભાવ વિશુદ્ધ ।। તે હસી હારે નહીંરે, કરે કર્મશું યુદ્ધ ।। જયો૦ ।।૩।। અતિચાર ઈમ પડિક્કમીરે, ધર્મ કરો નિઃશલ્ય ।। જિતપતાકા તિમ વરોરે, જિમ જગ પલ્લહી મલ્લ ।। જયો૦ ।। ૫ ।। વંદિતુ વિધિશું કહોરે, તિમ પડિકમણા સૂત્ર ।। ચોથું આવશ્યક ઈસ્યુરે, પડિક્કમણા સૂત્ર પવિત્ર ।। જયો૦ ।। ૬ ।।

॥ ઢાલ ॥ ૫ ॥ હવે નિસુણો ઇહાં આવીયા ॥ એ દેશી ॥

॥ વૈદ્ય વિચક્ષણ જેમ હરે એ, પહેલાં સોલ વિકારતો ॥ દોષ શેષ પછી રૂઝવાએ, કરે ઔષધ ઉપચાર તો ॥ ૧ ॥ અતિ ચાર વણ રૂઝવાએ, કાઉસ્સગ્ગ તિમ હોય તો ॥ નવપલ્લવ સંયમ હુવે એ, દૂષણ નવી રહે કોય તો ॥ ૨ ॥ કાયાની સ્થિરતા કરી એ, ચપલ ચિત્ત કરો ઠામતો ॥ વચન જોગ સવિ પરિહરિએ, રમીએ આતમરામ તો ॥ ૩ ॥ શ્વાસ ઉશ્વાસાદિક કહ્યાએ, જે સોલે આગાર તો ॥ તેહ વિના સવિ પરિહરો એ, દેહ તણા વ્યાપાર તો ॥ ૪ ॥ આવશ્યક એ પાંચમું એ, પંચમ ગતિ દાતાર તો ॥ મનશુદ્ધે આરાધીયે એ, લહીએ ભવનો પાર તો ॥ ૫ ॥

॥ ઢાલ ॥ ૬ ॥ વાલમ વહેલારે આવજો ॥ એ દેશી ॥

॥ સુગુણ પચ્ચખ્ખાણ આરાધજો, એહ છે મુક્તિનું હેતરે ॥ આહારની લાલચ પરિહરો, ચતુર ચિત્ત તું ચેતરે ॥ સુ० ॥ ૧ ॥ શલ્ય કાઢયું વણ રૂજ વ્યું, ગઈ વેદના દૂરરે ॥ પછી ભલા પથ્ય ભોજન થકી, વધે દેહ જેમ નૂરરે ॥ સુ० ॥ ૨ ॥ તિમ પડિક્કમણ કાઉસ્સગ્ગથી, ગયો દોષ સવી દુષ્ટરે ॥ પછી પચખાણ ગુણ ધારણે, હોય ધર્મ તનુ પુષ્ટરે ॥ સુ० ॥ ૩ ॥ એહથી કર્મ કાદવ ટલે, એહ છે સંવર રૂપરે ॥ અવિરતિ કુપથી ઉદ્ધરે, તપ અકલંક સ્વરૂપરે ॥ ૪ ॥ પૂર્વ જન્મ તપ આચર્યો, વિશલ્યા થઈ નારરે ॥ જેહના નવણના નીરથી, શમે સકલ વિકારરે ॥ સુ० ॥ ૫ ॥ રાવણે શક્તિ શસ્ત્રે હણ્યો, પડ્યો

લક્ષ્મણ સેજરે ।। હાથ અડતાં સચેતન થયો, વિશલ્યા તપ તેજરે ।। સુ૦ ।। ૬ ।। છઠું આવશ્યક કહ્યું. એહવું તે પચ્ચખાણુરે ।। છએ આવશ્યક જેણે કહ્યાં, નમું તે જગ ભાણુરે ।।સુ૦ ।।૭।।

।। કલશ ।। તપગચ્છનાયક મુક્તિદાયક શ્રીવિજયદેવ સૂરિશ્વરો ।। તસપદ દીપક મોહ ઝીપક, શ્રી વિજય પ્રભ સુરી ગણધરો ।। શ્રીકીર્ત્તિવિજય ઉવઝાય સેવક, વિનયવિજય વાચક કહે ।। છ આવશ્યક જે આરાધે, તેહ શિવ સંપદ લહે ।। ૧ ।। ઇતિ ષડાવશ્યક સ્તવનં ।।

---

# અથ ષટ્પર્વી મહાત્મ્ય સ્તવન

શ્રીગુરૂપદ પંકજ નમીરે, ભાંખું પર્વ વિચાર ।। આગમ ચરિત્રને પ્રકરણે રે, ભાખ્યો જેમ પ્રકારો રે ।। ભવિયણ સાંભલો ।। ૧ ।। નિદ્રા વિકથા ટાલીરે, મુકી આમળો ।। એ આંકણી ।। ચરમ જિણંદ ચોવીશમોરે, રાજગ્રહી ઉદ્યાન ।। ગૌતમ ઉદ્દેશી કહેરે, જિનપતિ શ્રી વર્દ્ધમાનરે ।। ભવિ૦ ।। ૨ ।। પક્ષમાં ષટ તિથિ પાળીએરે, આરંભાદિક ત્યાગ ।। માસમાં ષટ પર્વી તિથિરે, પોસહ કેરા લાગરે ।। ભવિ૦ ।। ૩ ।। દુવિધ ધર્મ આરાધવારે, બીજ તે અતિ મનોહાર ।। પંચમી નાણ આરાધવા રે, અષ્ટમી કર્મ ક્ષયકારરે ।। ભવિ૦ ।। ૪ ।। ઇગ્યારસ ચૌદશી તિથિરે, અંગ પૂર્વને કાજ ।। આરાધી શુભ ધર્મનેરે, પામો અવિચાલ રાજરે ।। ભવિ૦ ।। ૫ ।। ધને-

શ્વર પ્રમુખે થયા રે, આરાધ્યાં રે એહ ।। પામ્યા અવ્યા-
બાધનેરે, નિજગુણ રિદ્ધિ વરેહરે ।। ભવિ૦ ।। ૬ ।।
ગૌતમ પૂછે વીરનેરે, કહો તેનો અધિકાર ।। સાંભળી પર્વ
આરાધવારે, આદર હોય અપારરે ।। ભવિ૦ ।। ૭ ।।

।। ઢાલ ।। ૨ ।। એકવીસાની ।। એ દેશી ।।

।। ધનપુરમાં રે, શેઠ ધનેશ્વર શુંભમતિ ।। શુદ્ધ
શ્રાવકરે, પર્વ તિથે પોસહ વ્રતી ।। ધનશ્રી તસરે, પત્ની
નામ સોહામણો ।। ધનસાર સૂતરે, શેઠ તેહનો જન્મનો
કામણો ।। ૧ ।। ત્રોટક ।। કામણો નિજહિત કારણુમાટે,
શેઠજી આઠમ દિને ।। લઈ પોસહ શૂન્ય ઘરમાં, રહ્યા
કાઉસગ્ગ સ્થિરમને ।। ઇણ અવસરે સોહમ ઇંદો, બેઠો નિ-
જસુર પર્ષદા ।। કરે પ્રશંસા શેઠની ઇમ, સાંભલે સહુ સુર
તદા ।। ૨ ।। જો ચળાવે રે સુરપતિ જઈને આપ હિ, પણ
શેઠજીરે પોસહમાંહિ ચલે નહિં ।। ઇમ નિસુણી રે મિથ્યા-
ત્વી એક ચિંતવે ।। હું ચળાવું રે જઇને હરકોઈ કૌતુકે
।। ૩ ।। ત્રોટક ।। શેઠના મિત્રનું રૂપ કરીને, કોટી સુવર્ણનો
ઢગ કરી, કહે લ્યો એ શેઠ તો પણ, નવિ ચળ્યા જેમ
સુરગિરિ ।। પછી પત્નીનું રૂપ કરીને, આલિંગનાદિક બહુ
કરે ।। અનુકૂલ ઉપસર્ગે તોહીશેઠજી, ધ્યાન અધિકેરૂ ધરે
।। ૪ ।। કરે બિહામણુંરે તાપ પ્રમુખ દેખાડતો, નારીને સુત
રે આવી ઇણિપરે ભાખતો । પારો પોસહરે અવસર તુમ-

ચો બહુ થયો ।। તબ શેઠજીરે ચિંતવે કાલ કેતો થયો ।। ૬ ।। ત્રોટક ।। સજ્ઝાયને અનુસાર કરીને, જાણ્યું છે હજી રાત એ ।। પોસહ હમણાં પારીયે કિમ, નવી થયો પ્રભાત એ ।। તબ પિશાચનું રૂપ કરીને, ચામડિ ઉતાડતો ।। ઘાત ઉછાલન શિલા સ્ફાલન, સાયરમાંહિ નાંખતો ।। ઈમ પ્રતિકૂલ રે, ઉપસર્ગે પણ નવિ ચળ્યા ।। પ્રાણાંતરે અષ્ટમી વ્રતથી નવી ચળ્યા ।। તબ તે સુર રે માગ માગ મુખ ઈમ કહે ।। પણ ધ્યાનમાંરે તે વાત પણ નવીલહે. ।। ૭ ।। ત્રોટક ।। તવ તેણે રત્ન અનેક કોટિ, વૃષ્ટિ કીધી જાણીએ ।। બહુ જણા પર્વ આરાધવાને, સાદરા ગુણખાણએ ।। રાજા પણ તે દેખી મહિમા, શેઠને માને ઘણું ।। કહે ધન્ય ધન્ય શેઠજી તુમ, સફલ જીવિત હું ગણું ।। ૮ ।।

।। ઢાલ ।। ૩ ।। સાહેલડી ।। એ દેશી ।।

।। તેહ નગરમાંહે વસે ।। સાહેલડીરે ।। ત્રણ પુરૂષ ગુણવંત તો ।। ઘાંચી હાલિ એક ધોબી સાહેલડીરે, ષટપર્વી પાલંત તો ।। ૧ ।। સાધર્મિક જાણી કરી ।। સા० ।। શેઠ કરે બહુ માનતો ।। પારણે અશન વસન તથા ।। સા० ।। દ્રવ્યતણું બહુ દાન તો ।। ૨ ।। સાધર્મિક સગપણ વડુ ।। સા० ।। એ સમ અવર ન કોઈ તો ।। શેઠ સંગે તે ત્રણ જણા ।। સા० ।। સમકિત દૃષ્ટિ હોય તો ।। ૩ ।। એક દિન ચૌદસને દિને સાહેલડીરે, રાય ધોબીને ગેહતો ।। ચિવર

રાય રાણી તણાં ।। સા૦ ।। મોકલિયાં વરનેહ તો ।। ૪ ।। આજ જ ધોઈ આપજ્યો ।। સા૦ ।। મહોચ્છવ કૌમુદી કાલ તો ।। રજક કહે સુણો માહરે ।। સા૦ ।। કુટુંબ સહિત વ્રત પાલ તો ।। ૫ ।। ધોવું નહિ ચૌદસ દિને ।। સા૦ ।। તવ નૃપ બોલે જાણતો ।। નૃપ આણાયે નિયમ સો ।। સા૦ ।। જેહથી જાયે પ્રાણ તો ।। ૬ ।। સજ્જન શેઠ પણ ઈમ કહે ।। સા૦ ।। એહમાં હઠ નવિ તાણતો ।। રાજકોપ અપભ્રાજના ।। સા૦ ।। ધર્મ તણી પણ હાણતો ।। ૭ ।। વળી રાયાભિયોગેણં ।। સા૦ ।। છે આગાર પચ્ચખાણ તો ।। તવ ધોબી ચિત્ત ચિંતવે ।।સા૦।। દૃઢતા વિણ ધર્મ હાણતો ।।૮।। ધોવું નવિ માન્યું તિણે ।। સા૦ ।। રાયે સુણી તે વાત તો ।। કુટુંબ સહિત નિગ્રહ કરૂં ।। સા૦ ।। કાલે જો હું નૃપ સાચ તો ।। ૯ ।। દૈવ યોગે તે રાતમાં ।। સા૦ ।। શૂલ વ્યથા નૃપ થાય તો ।। ૧૦ ।। પડવે દિન ધોઈ કરી ।।સા૦।। આપ્યા વસ્ત્ર તે રાય તો ।। નિર્વાહ સુખે થયો ।। સા૦ ।। ધર્મતણે સુપસાયતો ।। ૧૧ ।।

।। ઢાહ ।। ૪ ।। ભરત નૃપ ભાવશું ।।એ દેશી ।।

।। નરપતિ ચૌદસને દિનએ, ધાંણી વાહન આદેશ ।। કરે તેલી પ્રતેએ, રજકપરે તે અશેષ ।। વ્રત નિયમ પાલિયેએ ।। ૧ ।। એ આંકણી ।। ભૂપતિ કોપે કલકલ્યોએ, ઈણ અવસર પરચક ।। આવ્યું દેશ ભાંજવાએ, મહાદુર્દાન્ત તે

ચક્ર ॥ ૨ ॥ વ્રત નિ૦ ॥ નૃપ પણ સન્મુખ નીકલ્યેા એ, યુદ્ધ કરણને કાજ ॥ વિકલ ચિત્તથી થયેા એ, ઇમ રહી તેલિની લાજ ॥ વ્રત૦ ॥ ૩ ॥ હાલિને આઠમ દિને એ, દીધું મુહૂર્ત તત્કાલ ॥ તીણે પણ ઇમ કહ્યું એ, એડીશ હલ હું કાલ ॥ વ્રત૦ ॥ ૪ ॥ કેાપે ભરાણેા ભૂપતિ એ, ઇણ અવસર તિહાં મેહ ॥ વરસણ લાગ્યેા ઘણું એ, એડી ન થાશે હેવ ॥ વ્રત૦ ॥ ૫ ॥ ત્રણે અખંડ વ્રત પાલતાં એ, પુણ્ય અતોલથી તેહ ॥ મરણ પામી સ્વર્ગે ગયા એ, છઠે દેવ લેાકે જેહ ॥ વ્રત૦ ॥ ૬ ॥ ચઉદ સાગરને આઉખે એ, ઉપના તે તતખેવ ॥ હવે શેઠ ઉપના એ, બારમે દેવલેાકે દેવ ॥ વ્રત૦ ॥ ૭ ॥ મૈત્રી થઈ તે ચ્યારનેએ, શ્રેષ્ઠા સુરને તામ ॥ કહે ત્રણ દેવતા એ, પ્રતિ બેાધજો અમ સ્વામ ॥ વ્ર૦ ॥ ૮ ॥ તે પણ અંગિકરે તદા એ, અનુક્રમે ચ્યવિઆ તેહ ॥ ઉપન્યા ભિન્ન દેશમાં એ, નરપતિ કુલમાં તેહ ॥ વ્રત૦ ॥ ૯ ॥ જે ધીર વીર હીર નામથીએ, દેશ ધણિ વડરાય ॥ થયા વ્રત દૃઢ થકી એ, બહુ નૃપ પ્રણમે પાય ॥ ૧૦ ॥

॥ ઢાળ ॥ ૫ ॥ સુરતિ માસની ॥ એ દેશી ॥

॥ ધીરપુરે એક શેઠને, પર્વદિને વ્યવહાર ॥ કરતાં લાભ ઘણેા હેાવે, લેાકને અચરિજકાર ॥ અન્ય દિને હાનિ પણ, હેાયે પુન્ય પ્રમાણ ॥ એક દીને પુછે જ્ઞાનીને, પૂર્વ-

ભવ મંડાણ ।। ૧ ।। જ્ઞાની કહે સુણ પરભવ, નિર્ધન પણ વ્રત રાગ ।। આરાધીને પર્વતીથે, આરંભનો ત્યાગ ।। અન્યદિને તુમે કીધો, સહેજે પણ વ્રતભંગ ।। તીણે એ કર્મ બંધાણા, સાંભળો એ કંત ।। ૨ ।। સાંભલી તે સહકુટુંબશું, પાલે વ્રત નીરમાય ।। બીજ પ્રમુખ આરાધે, સવિશેષે સુખદાય ।। ગ્રાહક પણ બહુ આવે અર્થે, થાવે લાભ અપાર ।। વિશ્વાસી બહું લોકથી; થયો કોટી સીરદાર ।। ૩ ।। નિજકુલ શોષક વાણીઆ, જાણો આ જગત પ્રસિદ્ધ ।। તિણે જઇ રાયને વાણીએ ।। ઇણી પરે ચુગલી કીધ ।। ઇણે કોટી નિધાન લાધો, તે સ્વામીનો હોય ।। નરપતિ પુછે શેઠને, વાત કહો સહુ કોય ।। ૪ ।। શેઠ કહે સુણો નરપતિ, મહારે છે પચ્ચખાણ ।। સ્થુળ મૃષાવાદને વલી, સ્થુલ અદત્તાદાન ।। ગુરૂ પાસે વ્રત આદર્યું, તે પાલું નીરમાય ।। પિશુન વણીક કહે સ્વામીએ, ધર્મ ધુતારો થાય ।। ૪ ।। તસ વચને કરી તેહના, દ્રવ્ય તણો અપહાર ।। કરીને ભૂપતિ રાચે, પુત્ર સહિત નિજદ્વાર ।। રાજદ્વારે રહ્યો ચિંતવે, આજ લહ્યો મેં કષ્ટ ।। પણ આજ પંચમી તિથિ તિણે, લાભ હોય કોઈ લષ્ટ ।। ૬ ।। પ્રાતઃસમે નૃપ દેખે, ખાલી નિજ ભંડાર ।। શેઠ ઘરે મણિ રત્ન સુવર્ણ, ભર્યા શ્રી શ્રીકાર ।। આવી વધામણી રાયને, તે બિહુની સમકાળ ।। શેઠ તેડી કહે નરપતિ, વાત સુણો ઇણ તાલ ।। ૭ ।।

।। ઢાલ ।। ૬ ।। હરણી જવ ચરે લલના ।। એ દેશી ।।

।। ભૂપતિ ચમકયો ચિત્તમાં લલના, લાલહો, દેખી

એ અવદાત, વ્રત ઈમ પાલીયે લલના ।। ખેદ લહી ખામે ઘણું લલના, લાલહો પ્રશ્ન પુછે સુખ શાત ।। વ્રત ઈમ પાલીયે લલના ।। ૧ ।। કહો શેઠ એ કેમ નીપન્યું લલના, લાલહો, તુજ ઘર ધન કિમ હોય ।। વ્ર૦ ।। શેઠ કહે જાણું નહી લલના, લાલહો કિણી પરે એ મુજ થાય ।। વ્ર૦ ।। ૨ ।। પણ મુજ પર્વને દિહાડલે લલના, લાલહો લાભ અણુચિંત્યો થાય ।। વ્ર૦ ।। પર્વદિને વ્રત પાલીયું લલના, લાલહો તે પુન્યનો મહિમાય ।। વ્ર૦ ।। ૩ ।। પર્વ મહિમા ઈમ સાંભલી લલના, લાલહો ભૂપતિને તત્કાલ ।। વ્ર૦ ।। જાતિ સ્મરણ ઉપન્યું લલના, લાલહો નિજભવ દિઠો રસાલ ।। વ્ર૦ ।। ૪ ।। ધોબીનો ભવ સાંભર્યો લલના, લાલહો પાલ્યું જે વ્રત સાર ।। વ્ર૦ ।। જાવ જીવ નૃપ આદરે લલના, લાલહો ષટપર્વી વ્રત ધાર ।। વ્ર૦ ।। ૫ ।। આવી વધામણી તેણે સમે લલના, લાલહો સ્વામી ભરાણા ભંડાર ।। વ્ર૦ ।। વિસ્મિત રાય થયો તદા લલના, લાલહો હિયડે હર્ષ અપાર ।। વ્ર૦ ।। ૬ ।।

।। ઢાલ ।। ૭ ।। સાહેબજી શ્રી વિમલાચલ ભેટિયે હો લાલ ।। એ દેશી ।।

।। સાહેબજી શેઠ અમરપ્રગટ થયો હો લાલ, ભાખે રાયને એમ ।। સા૦ ।। તું નવિ મુજને ઓળખે હો લાલ, હું આવ્યો તુજ પ્રેમ ।। ૧ ।। સાહેબજી પર્વ તિથિ ઈમ

પાળીએ હો લાલ, સાહેબજી શ્રેષ્ટી સુરહું જાણુજે હોલાલ ॥ તુજ પ્રતિબોધન આજ ॥ સા૦ ॥ શેઠ સાંનિધ્ય કરવા વલી હો લાલ, કીધું મેં સવિ કાજ ॥ સા૦ ॥ પર્વ ॥ ૨ ॥ સાહેબજી ધર્મ ઉદ્યમ કરે જે સદા હો લાલ, જાવુંછું સુણી વાત ॥ સા૦ ॥ તેલિક હાલિક રાયને હો લાલ, પ્રતિ બોધન અવદાત ॥ સા૦ ॥ પર્વ ॥ ૩ ॥ તિહાં જઇ પૂર્વભવ તણુ હો લાલ, રૂપ દેખાવે તાંસ ॥ સા૦ ॥ દેખીને તે પામીયા હો લાલ, જાતિ સ્મરણ ખાસ ॥ સા૦ ॥ પર્વ ॥ ૪ ॥ તે બેઉ શ્રાવક થયા હો લાલ, પાલે નિત ષટ પર્વ ॥ સા૦ ॥ ત્રણે તે નર રાયને હો લાલ, સહાય કરે તે સુપર્વ ॥સા૦ ॥ પર્વ ॥ ૫ ॥ નિજ નિજ દેશે નીવારતા હો લાલ, મારી વ્યસન સવિ જેહ ॥ સા૦ ॥ ચૈત્ય કરાવે તેહવાં હો લાલ, પ્રતિમા ભરાવે તેહ ॥ સા૦ ॥ પર્વ ॥ ૬ ॥ સંઘ ચલાવે સામટા હો લાલ. સ્વામીવચ્છલ ભલી ભાતે ॥ સા૦ ॥ પર્વદિને નિજ નગરમાં હો લાલ, પડહઅમારી વિખ્યાત ॥ સા૦ ॥ પર્વ ॥ ૭ ॥ પર્વ તિથિ સહુ પાલતા હો લાલ, રાજા પ્રજા બહુ ધર્મ ॥ સા૦ ॥ ઈતિ ઉપદ્રવ સહુ ટળે હોલાલ, નહિ નિજ ચક્ર પરચક્ર ભર્મ ॥ સા૦ ॥ પર્વ ॥૮॥ ધર્મથી સુર સાનિધ્ય કરે હો લાલ, ધર્મ પાલી પાલે રાજ ॥ સા૦ ॥ કોઈ સદ્‌ગુરૂ સંજોગથી હો લાલ, થયા ત્રણે ઋષિ રાજ સાહેબજી ॥ સા૦ ॥ પર્વ ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ટુંક અને ટોડા વિચરે રે ॥ એ દેશી ॥

॥ ત્રણે નરપતિ આદર્યોરે, ચોખ્ખો ચારિત્ર ભાર ॥ સંજમ રંગ લાગ્યોરે ॥ તપ તપતા અતિ આકરારે, પાલે નિરતિચાર ॥ સંયમ૦ ॥ ૧ ॥ ધ્યાનબલે ખેરૂ કર્યારે, ઘન-ઘાતિ જે ચ્યાર ॥ સંયમ૦ ॥ કેવલ જ્ઞાન લહિ કરીરે, વિચરે મહિયલ સાર ॥ સં૦ ॥ ૨ ॥ શ્રેષ્ટી સુર મહિમા કરેરે, ઠામ ઠામ મનોહાર ॥ સં૦ ॥ દેશના દેતા કેવલીરે, ભાખે નિજ અધિકાર ॥ સં૦ ॥ ૩ ॥ પર્વ તિથિ આરાધ્યોરે, ભવિયણ ભાવ ઉલ્લાસ ॥ સં૦ ॥ ઈમ મહિમા વિસ્તારીનેરે, પામ્યા શિવપુર વાસ ॥ સં૦ ॥ ૪ ॥ બારમા દેવલોકથી ચવીરે, શ્રેષ્ઠી સુર થયા રાય ॥ સં૦ ॥ મહિમા પર્વનો સાંભલીરે, જાતિ સ્મરણ થાય ॥ સં૦ ॥ ૫ ॥ સંજમ ગ્રહી કેવલ લહીરે, પામ્યા અવિચલ ઠાણ ॥ સં૦ ॥ અવ્યાબાધ સુખી થયારે, કેવલ ચિદ્ આરામ ॥ સં૦ ॥ ૬ ॥

॥ ઢાલ ॥ ૯ ॥ ગીરૂઆરે ગુણ તુમ તણા ॥ એ દેશી ॥

॥ ઉજમણાં એ તપ તણાં કરો, તિથિ પરિમાણ ઉપ-ગરણાંરે ॥ રત્ન ત્રય સાધન તણા ભવિ, ભયસાયર નિસ્ત-રણાંરે ॥ ૧ ॥ ઉજમણા૦ ॥ જો પણ સહું દિન સાધવા, તો પણ તેની અણશકતેરે, ॥ પર્વ તિથિ આરાધિને, તુમે ઉજ-વજો બહુ ભક્તિરે ॥ ઉ૦ ॥ ૨ ॥ શ્રાદ્ધવિધિ વર ગ્રંથમાં, ભલો ભાખ્યો એ અવદાતોરે ॥ ભગવતીને મહા નિશીથમાં

સ્થો, તિથિ અધિકાર વિખ્યાતોરે ।। ઉ૦ ।। ૩ ।। તપગચ્છ ગગનાંગણુ રાવ, શ્રી વિજયસિંહ ગણુધારોરે ।। અંતેવાસી તેહના, શ્રી સત્યવિજય સુખકારોરે ।। ઉ૦ ।। ૪ ।। કર્પૂર-વિજય વર તેહના, વર ક્ષમાવિજય પન્યાસરે ।। જિન વિજય જગમાં જયેા, શિષ્ય ઉત્તમવિજય તે ખાસરે ।। ઉ૦ ।। ૫ ।। તસપદચરણુ ભ્રમર સમા, રહિ સાણુંદ ચેામાસુરે ।। અઢાર ત્રીસ સંવત્સરે, સુદ તેરસ ફાગુણ માસેારે ।। ઉ૦ ।। ૬ ।। પદ્મવિજયભકતે કરી, શ્રી વિજય ધર્મ સૂરિ રાજેરે ।। વર્દ્ધ-માન જિન ગાઇઆ, શ્રી અમીઝરા પ્રભુ પાસેરે ।। ઉ૦ ।। ૭ ।।

।। કલશ ।। પવ તિથિ આરાધેા, સુવ્રત સાધેા, લાદ્યેા ભવ સફલેા કરેા ।। સંવેગ સંગી તત્ત્વરંગી; ઉત્તમ વિજય ગુણકરેા ।। તસ શિષ્યનામેં સુગુણ કામેં, પદ્મવિજયે આ-દ્યેા, શુભ એહ આદર ભવિ સહાદ્યર, નામ ષટપર્વી ધર્યો ।। ઇતિષટપર્વી મહિમાગુણવર્ણન સ્તવન સંપૂર્ણ ।।

———o———

# અથ શ્રી સીમંધર સ્વામીની વિનતિ રૂપ સવાસો ગાથાનું સ્તવન.

—o—

## ॥ ઢાલ પહેલી.

॥ એક દીન દાસી દોડતી– એ દેસી ॥

સ્વામી સીમંધર વીંનતી, સાંભલો માહરી દેવરે । તાહરી આણ હું શીર ધરૂં, આદરૂં તાહરી સેવરે ॥ સ્વામી સીમંધર વીનતી ॥ ૧॥ કુગુરૂની વાસના પાસમાં, હરીણ પરે જે પડયા લોકરે । તેહને શરણ તુજ વીણ નહીં, ટલવલે બાપડા ફોકરે ॥ સ્વા૦॥૨॥ જ્ઞાન દર્શન ચરણ ગુણ વીના, જે કરાવે કુલાચારરે । લુટે તેણે જન દેખતાં, કીહાં કરે લોક પોકારરે ॥ સ્વા૦ ॥૩॥ જેહ નવી ભવ તરયા નીર-ગુણી, તારસે કેણી પેરે તેહરે । એમ: અજાણ્ય પડે કૂંહમાં, પાપ બંધે રહ્યા જેહરે ॥સ્વા૦॥૪॥ કામ કુંભાદીક અધીકનું, ધર્મનું કો નવી મુલરે ॥ દોકડેકુ ગુરૂ દાખવે, શું થયું એહ જગ સુલરે ॥ સ્વા૦ ૫ ॥ અર્થની દેશના જે દીએ, ઓલવે ધમના ગ્રંથરે ॥ પરમ પદનો પ્રગટ ચોરથી, તેહથી કેમ વહે પંથરે ॥ સ્વા૦ ॥ ૬ ॥ વીષયરસમાં ગૃહી માચીયા, નાચીયા કુગુરૂ મદ પુરરે । ધુમ ધામે ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દુરરે ॥ સ્વા૦ ॥ ૭ ॥ કલહ કારી કદાગ્રહ ભરાયા, થાપતા આપણા બોલરે । જીન

વચન અન્યથા દાખવે, આજતો વાજતે ઢોલરે ।। સ્વા૦ ।। ૮ ।। કેઈ નીજ દોષને ગોપવા, રોપવા કેઇ મત કંદરે । ધર્મની દેશના પાલટે, સત્ય ભાસે નહીં મંદરે ।। સ્વા૦।। ૯ ।। બહુ મુખે બોલ એમ સાંભલી, નવી ધરે લોક વીશ્વાસરે । ઢુંઢતા ધર્મને તે થયા, ભમર જેમ કમલ નીવાસરે ।। સ્વા૦ ।। ૧૦ ।।

## ઢાલ બીજી.

।। રાગ ગોડી ।। ભોલીડા હંસારે વીષય ન રાચીએ –એ દેશી

એમ ઢુંઢતાંરે ધર્મ સેહામણો, મીલીઓ સદ્દગુરૂ એક ।। તેહને સાચોરે મારગ દાખવે, આણી હૃદય વીવેક ।। શ્રી સીમંધર સાહેબ સાંભલો ।। શ્રી૦ ૧૧ ।। પર ઘરે જોતાંરે ધર્મ, જેમ નવી જાણેરે મૃગ કસ્તુરીઓ, મૃગમદ પરીમલ મર્મ ।। ।। શ્રી૦।।૧૨।। જેમ તે ભુલોરેમૃગ દીશી દીશીફરે, લેવા મૃગમદ ગંધ । તેમ જગે ઢુંઢેરે બાહીર ધર્મને ।। મીથ્યાદ્રષ્ટિ રે અંધ ।।શ્રી૦ ।। ૧૩।। જાતી અંધનોરે દોષ ન આકરો, જે નવી દેખેરે અર્થ ।। મીથ્યા દ્રષ્ટિરે તેહથી આકરો, ।। માને અર્થ અનર્થ ।।શ્રી૦।। ૧૪ ।। આપ પ્રશંસેરે પરગુણ ઓલવે, ન ધરે ગુણનોરે લેશ । તે જીનવાણીરે શ્રવણે નવી સુણે, દીયે મીથ્યા ઉપદેશ શ્રી૦।।૧૫।।જ્ઞાન પ્રકાશેરે મોહ તીમીર હરે, જેહને સદ્દગુરૂ સુર । તે નીજ દેખેરે સત્તા ધર્મની, ચીદ્દા-

નંદ ભરપુર ।। શ્રી૦।।૧૬।। જેમ નીર્મલતારે રતન સ્ફાટીકતણી, તેમ જે જીવ સ્વભાવ। તે જિન વીરેરે ધર્મ પ્રકાશીઓ, પ્રબલ કષાય અભાવ ।। શ્રી૦ ।।૧૭।। જેમ તે રાતેરે કુલ રાતહું, શ્યામ કુલથીરે શ્યામ । પાપ પુણ્યથીરે તેમ જગ જીવને, રાગ દ્વેષ પરીણામ ।। શ્રી ૦।। ૧૮ ।। ધર્મ ન કહીએરે નીંદે તેહને, જેહ વીભાવ વડ વ્યાધી । પહેલે અંગેરે એણીપેરે ભાખીયું, કરમે હોયે ઉપાધી ।। શ્રી૦।। ૧૯।। જે જે અંશેરે નીરૂપાધીકપણું, તે તે જાણોરે ધર્મ, સમ્યક્ દ્રષ્ટીરે ગુણઠાણા થકી, જાવ લહે શીવશર્મ ।। શ્રી ૦।। ૨૦ ।। એમ જાણીનેરે જ્ઞાન દશા ભજી, રહીએ આપ સ્વરૂપ, પર પરીણતીથીરે ધર્મ ન છાંડીએ, નવી પડીએ ભવ કુપ ।। શ્રી૦।।૨૧।।

---

# ।। અથશ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન ।।

૧ ।। દુહા ।। પુરિસા દાણી પાસજી, બહુ ગુણમણિ વાસ ।। ઋદ્ધિ વૃદ્ધિ મંગલ કરણ, પ્રણમું મન ઉલ્લાસ ।।૧।। સરસતી સામિની વિનવું, કવિ જન કેરી માંય ।। સરસ વાણી મુજને દીયેા, મોટો કરી પસાય ।। ૨ ।। લબ્ધિ વિનય ગુરૂ સમરીએ, અહર્નિશ હર્ષ ધરેવ ।। જ્ઞાન દૃષ્ટિ જેથી લહી, પદ પંકજ પ્રણમેવ ।।૩।। પ્રથમ જિણેસર જે હુએા, મુનિવર

પ્રથમ વખાણુ ।। કેવલધર પહેલો જે કહે, પ્રથમ ભિક્ષાચર જાણુ ।। ૪ ।। પહેલા દાતાં એ કહ્યો, આ ચોવીસી મઝાર ।। તેહ તણા ગુણ વરણવું, આણો હર્ષ અપાર ।। ૫ ।।

।। ઢાલ ।। ૧ ।। ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા ।।

।। એ દેશી ।। રાગ આશાવરી ।।

પહેહે ભવ ધન સાર્થવાહે, સમકિત પામ્યા સારરે ।। આરાધી બીજે ભવ પામ્યા, જુગલતણો અવતાર રે ।। ૧ ।। સેવો સમકિત સાચું જાણી, એ સવિ ધર્મની ખાણીરે ।। નવિ પામે જે અભવ્ય અનાણી. એહવી જિનની વાણી રે ।। સેવો૦ ।। ૨ ।। એ આંકણી ।। જુગલ ચવિ પહેલે દેવલોકે, ભવ તિજે સુર થાય રે ।। ચોથે ભવે વિદ્યાધર કુલે થયા, મહાબલ નામે રાય રે ।। સેવો૦ ।। ૩ ।। ગુરૂ પાસે દીક્ષા પાલીને, અણુસણ કીધું અંતરે ।। પાંચમે ભવે બીજે દેવલોકે, લલિતાંગ સુર દીપંતરે ।। સેવો૦ ।। ૪ ।। દેવચવી છઠે ભવે રાજા, વજ્રજંઘ એણે નામેરે ।। તીહાંથી સાતમે ભવે અવતરીઆ, જુગલા ધર્મશું ઠામેરે ।। સેવો૦ ।।પા। પૂર્ણ આયુ કરી આઠમે ભવે, સુધર્મ દેવલોકે દેવરે ।। દેવ તણી ઋદ્ધિ બહુલી પામ્યા, દેવતણા વળી ભોગરે ।। સેવો૦ ।। ૬ ।। મુનિ-ભવ જિવાનંદ નવમે ભવે, વૈદ્ય ચવી થયો દેવરે ।। સાધુની વૈયાવચ્ચ કરી, દિક્ષા લઇ પાળે સ્વમેવરે ।। સેવો૦ ।। ૭ ।। વૈદ્ય જીવ દસમે ભવે સ્વર્ગે, બારમે સુર હોય રે ।। તિહાંકણે

આયુ ભોગવી પુરૂં, બાવીસ સાગરનેયરે ।। સેવો૦ ।। ૮ ।। અગીઆરમેં ભવે દેવ ચવીને, ચક્રી હુઓ વજ્રનાભરે ।। દીક્ષા લઈ વીસ સ્થાનક સાધી, લીધો જિનપદ લાભરે ।। સેવો૦ ।। ૯ ।। ચૌદ લાખ પૂર્વની દીક્ષા, પાલી નિર્મળ ભાવેરે ।। સર્વાર્થ સિદ્ધે અવતરીયા, બારમે ભવ આયરે ।। સેવો૦ ।। ।। ૧૦ ।। તેત્રીસ સાગર આયુ પ્રમાણે, સુખ ભોગવે તિહાં દેવરે ।। તેરમા ભવ કેરો હવે હું, ચરિત્ર કહું સંખેવરે ।। સેવો૦ ।। ૧૧ ।।

।। ઢાલ ।। ૨ ।। વાડી કુલી અતિ ભલી મનભમરારે ।। એ દેશી ।।

।। જંબુદ્વીપ સોહામણું ।। મન મોહનારે ।। લાખ જોજન પરિમાણ ।। લાલ મન મોહનારે ।। દક્ષિણ ભરત ભલું તિહાં ।। મન મોહનારે ।। અનુપમ ધર્મનું ઠામ ।। લાલ મન મોહનારે ।। ૧ ।। નયરી વિનિતા જાણીએ ।। મન૦ ।। સ્વર્ગપુરી અવતાર ।। લાલ૦ ।। નાભીરાય કુલગર તિહાં ।। મન૦ ।। મરૂદેવી તસનારિ ।। લાલ૦ ।। ૨ ।। પ્રીતિ ભક્તિ પાલે સદા ।। મન૦ ।। પીયુશું પ્રેમ અપાર ।। લાલ૦ સુખ વિલસે સંસારનાં ।। મન૦ ।। સુરપેરે સ્ત્રી ભરથાર ।। લાલ૦ ।। ૩ ।। એક દિન સૂતી માલીયે ।। મન૦ ।। મરૂ-દેવી સુપવિત્ર ।। લાલ૦ ।। ચોથ અંધારી અષાડની ।।મન૦।। ઉત્તરાષાઢા નક્ષત્ર ।। લાલ ।। ૪ ।। તેત્રીસ સાગર આઉખે ।। મન૦ ।। ભોગવી અનુપમ સુખ ।। લાલ૦ ।। સર્વાર્થ

સિદ્ધથી ચવી ।। મન૦ ।। સુર અવતરીઓ કુખ ।। લાલ ।। ૫ ।। ચઉદ સુપન દીઠાં તીસે ।। મન૦ ।। રાણી મધ્યમ રાત ।। લાલ૦ ।। જઈ કહે નિજ કંતને ।। મન૦ ।। સુપન તણી સવિ વાત ।। લાલ ।। ૬ ।। કંથ કહે નિજ નારીને ।।મન૦।। સુપન અર્થ વિચાર ।। લાલ૦ ।। કુલ દીપક ત્રિભુવનપતિ ।। મન૦ ।। પુત્ર હોશે સુખકાર ।। લાલ૦ ।। ૭ ।। સુપન અર્થ પીઉથી સુણી ।। મન૦ ।। મન હરખ્યા મરૂદેવી ।। લાલ૦ ।। સુખે કરી પ્રતિપાલના ।। મન૦ ।। ગર્ભ તણી નિત મેવ ।। લાલ૦ ।। ૮ ।। નવ મસવાડા ઉપરે ।। મન૦ ।। દિન હુવા સાઢાસાત ।। લાલ૦ ।। ચૈત્ર વદ આઠમ દીને ।। મન૦ ઉત્તરાષાઢા વિખ્યાત ।। લાલ૦ ।। ૯ ।। મઝીમ રયણીને સમે ।। મન૦ જન્મ્યો પુત્ર રતન ।। લાલ૦ ।। જન્મ મહોચ્છવ તવકરે ।। મન૦ ।। દિશીકુમરી છપ્પન ।। લાલ૦ ।। ૧૦ ।।

।। ઢાલ ।। ૩ ।। દેશી હમચડીની ।।

।। આસન કંપ્યું ઇંદ્રતણું રે, અવધિજ્ઞાને જાણિ ।। જિનનો જન્મ મહોચ્છવ તવ કરવા, આવે ઇંદ્ર ઇંદ્રાણીરે ।। હમચડી ।। ૧ ।। સુર પરિવારે પરિવર્યારે, મેરૂ શિખર લઈ જાય ।। પ્રભુને નમણ કરીને પૂજી, પ્રમણી બહુ ગુણ ગાયરે ।। હમચડી ।। ૨ ।। આણી માતા પાસે મેહેલી, સુર સુરલોકે પહુંતા ।। દીન દીન વાધે ચંદ્ર તણી પરે, દેખી

હરખે માતારે ।। હમચડી ।। ૩ ।। વૃષભ તણું લંછન પ્રભુ ચરણે, માતપિતાએ દેખી ।। સુપન માંહે વલી વૃષભ જે પહેલો, દીઠો ઉજ્જવલ વેષીરે ।। હમચડી૦ ।। ૪ ।। તેહથી માત પિતાએ દીધું, ઋષભ કુમાર ગુણ ગેહ ।। પાંચસે ધનુષ પ્રમાણે ઉંચી, સોવન વરણી દેહરે ।। હમચડી૦ ।। ૫ ।। વીસ પુર્વ લખ કુમાર પણેરે, રહીયા પ્રભુ ઘરવાસે ।। સુમંગલા સુનંદા કુંવારી, પરણ્યા દોય ઉલ્લાસેરે ।। હમચડી૦ ।। ૬ ।। ત્યાશી લાખ પુર્વ ઘરવાસે, વસીય ઋષભ જિણંદ ।। ભરતાદિક સુત શત હુઆરે, પુત્રી દોય સુખ કંદરે ।। હમચડી૦ ।। ૭ ।। તવ લોકાંતિક સુર આવીનેરે, કહે પ્રભુ તીર્થ થાપો ।। દાન સંવચ્છરી દેઈ દિક્ષા, સમય જાણી પ્રભુ આપેરે, ।। હમચડી૦ ।। ૮ ।। દીક્ષા મહોચ્છવ કરવા આવે, સપરિવાર સુરિંદો ।। શિબિકા નામે સુદર્શનારે, આગલ ઠવે નરીંદરે ।। હમચડી૦ ।। ૯ ।।

।। ઢાલ ।। ૪ ।। રાગ મારૂ ।। એ દેશી ।।

।। ચૈત્રવદી આઠમ દીનેરે, ઉત્તરાષાઢારે ચંદ ।। શિબિકાયે બેસી ગયારે, સિદ્ધારથ વનચંદોરે ।। ૧ ।। ઋષભ સંયમ લીયે ।। એ આંકણી ।। અશોક તરૂતલે આવીનેરે, ચઉ મુઠી લોચ કીધ ।। ચાર સહસ વડ રાજવીરે, સાથે ચારિત્ર લીધરે ।। ઋ૦ ।। ૨ ।। ત્યાંથી વિચર્યા જિનપતિરે,

સાધુતણે પરિવાર ।। ઘરઘર ફરતાં ગૌચરીરે, મહીઅલ કરે વિહારરે ।। ઋ૦ ।। ૩ ।। ફરતાં તપ કરતાં થકારે, વરસ દિવસ હુઆ જામ ।। ગજપુર નયર પધારીયારે, દીઠા શ્રેયાંસે તામરે ।। ઋ૦ ।। ૪ ।। વરસી પારણું જિન જઇરે, શેલડી રસ તિહાં કીધ ।। શ્રેયાંસે દાન દેઈને રે, પરભવ શંબલ-લિધરે ।। ઋ૦ ।। ૫ ।। સહસવરસ લગે તપતપીરે, કર્મ કર્યા ચકચુર ।। પુરિમતાલપુર આવીયારે, વીચરતાં બહુ ગુણપુરારે ।। ઋ૦ ।। ૬ ।। ફાગણ વદિ અગીયારસેરે, ઉત્ત-રાષાઢારે યોગ ।। અઠ્ઠમ તપ વડહેઠલેરે, પામ્યા કેવલ નાણરે ।। રૂષભ ।। ૭ ।।

।। ઢાલ ।। ૫ ।। કપુર હોવે અતિ ઉજલોરે ।। એ દેશી ।।

।। સમવસરણ દેવે મલીરે, રચિયું અતિહિ ઉદાર ।। સિંહાસન બેસી કરીરે, દીએ દેશના જિન સાર ।। ચતુ-રનર૦ ।। ૧ ।। કીજે ધર્મ સદાઈ, જિમ તુમ શિવસુખ થાય ।। ચતુરનર ।। કીજે૦ ।। એ આંકણી ।। બારે પરખદા આગલેરે, કહે ધર્મ ચ્યારે પ્રકાર ।। અમૃત સમ દેશના સુણીરે, પ્રતિ બોધ્યા નરનાર ।। ચતુરનર૦ ।। ૨ ।। ભરત તણા સુત પાંચસેરે, પુત્રી સાતસેં જાણ ।। દિક્ષા લીયે જિનજી કનેરે, વૈરાગે મન આણ ।। ચતુરનર૦ ।। ૩ ।। પુંડરીક પ્રમુખ થયારે, ચોરાસી ગણધાર ।। સહસ ચોરાસી તિમ મલીરે, સાધુ તણો પરિવાર ।। ચતુરનર૦ ।। ૪ ।। બ્રાહ્મી

પ્રમુખ વલી સાહુણીરે, ત્રણ લાખ સુવિચાર ।। પાંચ સહસ ત્રણ લાખ ભલારે, શ્રાવક સમકિત ધાર ।। ચતુરનર૦ ।।૫।। ચોપન સહસ પંચ લાખ કહીરે, શ્રાવિકા શુદ્ધ આચાર ।। ઈમ ચઉવિહ સંઘ થાપીનેરે, ઋષભ કરે વિહાર ।। ચતુરનર૦ ।। ૬ ।। ચારિત્ર એક લખ પૂવનુંરે, પાલ્યું ઋષભ જિણંદ ।। ધર્મ તણે ઉપદેશથીરે, તાર્યા ભવિજન વૃંદ ।। ચતુરનર૦ ।। ૭ ।। મોક્ષ સમય જાણી કરીરે, અષ્ટાપદ ગિર આવ ।। સાધુ સહસ દશસું તિહાંરે, અણસણ કીધું ભાવ ।। ચતુરનર૦ ।। ૮ ।। મહા વદી તેરસ દીનેરે, અભિજીત નક્ષત્ર ચંદ્ર યોગ ।। મુક્તિ પહોત્યા ઋષભજીરે, અનંત સુખ સંજોગ ।। ચતુરનર૦ ।। ૯ ।।

।। ઢાલ ।। ૬ રાગ ધનાશ્રી ।। કડખાની ।। એ દેશી ।।

તું જયો તું જયો, ઋષભ જિન તું જયો, અલજયો હું તુમ દરસન કરવા ।। મેહેર કરો ધણી, વિનવું તુમ ભણી, અવર ન કોઇ કોઇ ધણી જગઉધરવા ।। તુજ૦ ।। ૧ ।। જગમાંહે મેહને મોર જિમ પ્રીતડી, પ્રીતડી જેહવી ચંદ્ર ચકોરા ।। પ્રીતડી રામ લક્ષ્મણ તણી જેહવી, રાત દિન નામ ધ્યાયું દરસ તોરા ।। તુજ૦ ।। ૨ ।। શિતલ સુરતરૂ તણી તીહાં છાંયડી, સિતલો ચંદ ચંદન ઘસારો ।। શીતલું કેલ કપુર જિમ શિતલું. શીતલો તિમ મુઝમંન મુખ તમારો ।। તુજ૦ ।। ૩ ।। મીઠડો શેલડી રસ જિમ જાણીએ, ખટ-

રસ દ્રાખ મીઠી વખાણી ।। મીઠડિ આંબલા શાખજિમ તુમ તણી, મિઠડિ મુજમન તિમ તુમ વાણી ।। તુજ૦ ।। ૪ ।। તુમ તણા ગુણ તણેા પારહું નવિ લહૂ, એક જીભે કેમ મેં કહીજે ।। તાર મુજ તાત સંસાર સાગર થકી, રંગશું શીવરમણી વરીજે ।। તુ૦ ।। ૫ ।।

।। કલશ ।। ઇમ ઋષભ સ્વામી, મુક્તિગામી ચરણ નામી શીરએ ।। મરૂદેવી નંદન સુખ નંદન, પ્રથમ જિન જગદીશએ ।। મનરંગ આણી, સુખવાણી, ગાઇએા જગ હિતકરૂ ।। કવિરાય લબ્ધિ નિજ સુસેવક, પ્રેમ વિજય આનંદ વરો ।। ઇતિ શ્રી રૂષભ સ્વામીના તેર ભવનું સ્તવન।।

---

# ।। વર્ધમાન તપનું સ્તવન ।।

।। ઢાલ ।। ૧ ।। નવપદ ધરજ્યેા ધ્યાન, ભવિક તમે નવપદ ધરજ્યેા ધ્યાન એ દેશી।। તપપદ ધરજ્યેા ધ્યાન ભવિકતમે, નામે શ્રી વર્દ્ધમાન ।। દિન દિન ચઢત વાન, ભવિક તમે, સેવેા થઇ સાવધાન ।। ભ૦ ।। ૧ ।। પ્રથમ ઓલી એમ પાલીનેરે, બીજી એ આંબિલ દોય ।। ભ૦ ।। ત્રીજી ત્રણ ચેાથી ચાર છેરે, ઉપવાસ અંતરે હોય ।। ભ૦ ।। ૨ ।। એમ આંબિલ સેા વૃત્તનીરે, સેામી ઓલી થાય ।। ભ૦ ।। શક્તિ અભાવે આંતરેરે, વિશ્રામે પહોંચાય ।। ભ૦ ।। ૩ ।। ચૌદ વરસ ત્રણ

માસનીરે, ઉપર સંખ્યા વીશ ।। ભ૦ ।। કાલ માન એ જાણુવુંરે, કહે વીર જગદીશ ।। ભ૦ ।। ૪ ।। અંતગડ અંગે વરણવ્યુંરે, આચારદિનકર લેખ ।। ભ૦ ।। ગ્રંથાતરથી જાણુવુંરે, એ તપનું ઉલ્લેખ ।। ભ૦ ।। ૫ ।। પાંચ હજાર પચાસ છેરે, આંબિલ સંખ્યા સર્વ ।। ભ૦ ।। સંખ્યા સો ઉપવાસનીરે, તપ માન ગાલે ગર્વ ।। ભ૦ ।। ૬ ।। મહાસેન કૃષ્ણા સાધવીરે, વર્દ્ધમાન તપ કીધ ।। ભ૦ ।। અંતગડ કેવલ પામીનેરે, અજરામર પદ લીધ ।। ભ૦ ।। ૭ ।। શ્રીચંદ્રકેવલીએ તપ સેવિએરે, પામ્યા પદ નિર્વાણ ।। ભ૦ ।। ધર્મ રત્ન પદ પામવારે, ઉત્તમ અનુમાન ।। ભ૦ ।। ૮ ।।

।। ઢાલ ।। ૨ ।। જેમ જેમ એ ગિરિ ભેટીએરે, તેમ તેમ પાપ પલાય સલુણા ।। એ દેશી ।।

।। જિમ જિમ એ તપ કીજીએરે, તિમ તિમ ભવપરિપાક સલુણા ।। નિકટ ભવિ જીવ જાણુવેારે ।। એમ ગીતાર્થ સાખ સલુણાં ।। જિમ૦ ।। ૧ ।। આંબિલ તપ વિધિ સાંભલેારે, વર્દ્ધમાન ગુણખાણુ સલુણા ।। પાપ મલક્ષય કારણેરે, કતક ફલ ઉપમાન સલુણા ।। જિમ૦ ।। ૨ ।। શુભ મહુર્ત્ત શુભ યેાગમાંરે, સદ્‌ગુરૂ આદ્વિ યેાગ સલુણા ।। આંબિલ તપ પદ ઉચરીરે, આરાધેા અનુયેાગ સલુણા ।। જિમ૦ ।। ૩ ।। ગુરૂ મુખ આંબિલ ઉચરીરે, પુજી પ્રતિમા સાર સલુણા ।। નવપદની પૂજા ભણીરે, માગેા પદ અણુહાર સલુણા ।।

જિમ૦ ।। ૪ ।। અટરસ ભોજન ત્યાગવારે, ભૂમિ સંથારો થાય સલુણા ।। બ્રહ્મચર્યાદિ પાલવારે, આરંભ જયણા થાય સલુણા ।। જિમ ।। ૫ ।। તપ પદની આરાધનારે, કાઉસગ્ગ લોગસ્સ બાર સલુણા ।। ખમાસમણાં બાર આપવારે, ગણણું દોય હજાર સલુણા ।। જિમ૦ ।। ૬ ।। અથવા સિદ્ધપદ આશ્રયિરે, કાઉસગ્ગ લોગસ્સ આઠ સલુણા ।। ખમાસણાં આઠ જાણવારે, નમો સિદ્ધાણં પાઠ સલુણા ।। જિમ૦ ।।૭।। બીજે દીન ઉપવાસમાંરે, પૌષધાદિ વ્રતયુક્ત સલુણા ।। પડિક્કમણાદિ ક્રિયા કરીરે, ભાવના પરિમલ યુક્ત સલુણા ।। જિમ૦ ।। ૮ ।। એમ આરાધતાં ભાવથીરે, વિધિ પૂર્વક ધરો પ્રેમ સલુણા ।। લાવો ધ્યાવો ભવિજનારે, ધર્મ રત્ન પદ એમ સલુણા ।। જિમ૦ ।। ૯ ।।

।। ઢાલ ।। ૩ ।। નરભવ નયર સોહામણું વણજારારે ।। એ દેશી ।।

।। જિન ધર્મ નંદન વન ભલો, રાજ હંસારે, શીતલ છાયા સેવોને, રાજ હંસારે ।। પ્રાણી તું થા સાવધાન અહો રાજ હંસારે ।। ૧ ।। અમૃત ફલ આસ્વાદીને રાજ હંસારે, કાઢ આનાદિની ભુખ ।। અહો૦ ।। ભવ પરિભ્રમણમા ભ્રમતુ ।। રાજ ।। અવસર પામી ન ચુક ।। અહો૦ ।। ૨ ।। શત શાખાથી શોભતો ।। રાજ૦ ।। પાંચ હજાર પચાસ ।। અહો- રાજહંસારે, આંબિલ કુલે અલંકર્યો ।। રાજ૦ ।। અક્ષય પદ ફલ તાસ ।। અહો૦ ।। ૩ ।। વિમલેસર સુર શાંનિધ્યે ।।

રાજ૦ ।। તું નિર્ભય થયો આજ ।। અહો૦ ।। કૃત્ય કૃત્ય થઈ માગતું ।। રાજ૦ ।। અકલ સ્વરૂપી રાજ ।। અહો૦ ।। ૪ ।। વિગ્રહ ગતિ વોસરાવીને ।। રાજ૦ ।। લોકાગ્રે કરવાસ ।। અહો૦ ધન્ય તું કૃત્ય પુણ્ય તું ।। રાજ૦ ।। સિદ્ધ સ્વરૂપ પ્રકાશ ।। અહો૦ ।। ૫ ।। તપ ચિંતામણી કાઉસગે ।। રાજ૦ ।। વીર તપો ધન ધ્યાન ।। અહો૦ ।। મહાસેન કૃષ્ણા સાધવી ।। રાજ૦ ।। શ્રીચંદ્ર ભવજલ નાવ ।। અહો૦ ।। ૬ ।। સૂરિશ્રી જગચંદ્રજી ।। રાજ૦ ।। હીરવિજય ગુરૂ હીર ।। અહો૦ ।। મલ્લવાદી પ્રભુ કુરગડુ ।। રાજ૦ ।। આચાર્ય સુહસ્તી વીર ।। અહો૦ ।। ૭ ।। પારંગત તપજલધિના ।। રાજ૦ ।। જે જે થયા અણગાર ।। અહો૦ ।। જીત્યા જીવ્હા સ્વાદને ।। રાજ૦ ।। ધન્ય ધન્ય તસ અવતાર ।। અહો૦ ।। ૮ ।। એક આંબિલે તુટશે ।। રાજ૦ ।। એક હજાર દસ ક્રોડ ।। અહો૦ ।। દસ હજાર ક્રોડ વરસનું ।। રાજ૦ ।। ઉપવાસે નરક આયુષ ।। અહો રાજ૦ ।। ૯ ।। તપ સુદર્શન ચક્રથી ।। રાજ૦ ।। કરો કર્મનો નાશ ।। અહો૦ ।। ધર્મ રત્ન પદ પામવા ।। રાજ૦ ।। આદરો અભ્યાસ ।। ૧૦ ।।

।। કલશ ।। તપ આરાધન ધર્મસાધન, વર્દ્ધમાન તપ પરગડો, મનકામના સહું પૂરવામાં, સર્વથા એ સુરઘડો ।। અન્નદાનથી શુભધ્યાનથી, સુભવિ જીવ એ તપસ્યા કરો ।। શ્રી વિજયધર્મ સૂરીય સેવક. રત્નવિજય કહે શીવ વરો ।। ૧ ।। ઇતિ વર્દ્ધમાન તપ સ્તવન સમ્પૂર્ણ. ।।

# ।। અથ અઠાઈનું સ્તવન. પ્રારંભ. ।।

।। દૂહા ।।

સ્યાદ્વાદ સુદ્ધોદધિ, વૃદ્ધિ હેતુ જિનચંદ ।। પરમ પંચ પરમેષ્ટીમાં । તાસ ચરણ સુખકંદ ।। ૧ ।। ત્રિગુણ ગોચર નામ જે, બુદ્ધિ ઇશાનમાં તેહ ।। થયા લોકોતર સત્વથી, તે સર્વે જીનગેહ ।। ૨ ।। પંચ વરણ અરિહા વિભૂ, પંચ કલ્યાણુક ધ્યેય ।। ખટ અઠાઈ સ્તવન રચું, પ્રણમિ અનંત ગુણગેહ ।। ૩ ।।

।। ઢાલ પહેલી ।।

।। કપુર હોએ અતિ ઉજલોરે ।। એ દેશી ।।

ચૈત્ર માસ સુદ્દિ પક્ષમાંરે ।। પ્રથમ અઠાઇ સંયોગ ।। જીહાં સિદ્ધચક્રની સેવના રે, અધ્યાતમ ઉપયોગ રે ।। ભવિકા પર્વ અઠાઈ આરાધ ।। મન વંછિત સુખ સાધ રે ।। ભવિકા૦ ।। ૧ ।। એ આંકણી ।। પંચ પરમેષ્ટી ત્રિકાલનાં રે ।। ઉત્તર ચઉ ગુણકંત ।। સાસ્વતા પદ સિદ્ધચક્રનાં રે ।। વંદતાં પુન્ય મહંત રે ।। ભ૦ ।। ૨ ।। લોચન કર્ણ યુગલ મુખેરે ।। નાસિકા અગ્ર નિલાડ ।। તાલુ સિર નાભિ હૃદ્દે રે ।। ભમુંહ મધ્યે ધ્યાન પાઠ રે ।। ભ૦ ।। ૩ ।। આલંબન સ્થાનક કહ્યાં રે, જ્ઞાનિયેં દેહ મઝાર ।। તેહમાં વિગત વિષયપણે રે ।। ચિતમાં એક આધારરે ।। ભ૦ ।। ૪ ।। અષ્ટ કમલદલ કર્ણીકા

રે ।। નવપદ થાપો ભાવ ।। બહિર યંત્ર રચિ કરી રે ।। ધારો અનંત અનુભાવ રે ।। ભ૦ ।। ૫ ।। આસો સુદિ સાતમ થકીરે ।। બિજી અઠાઇ મંડાણ ।। બસેં ત્રેતાલીસ ગુણે કરી રે ।। અસિઆ ઉસાદિક ધ્યાંન રે ।। ભ૦ ।। ૬ ।। ઉત્તરાધ્યયન ટિકા કહે રે ।। એ દોય સાસ્વતિ યાત્ર ।। કરતા દેવ નંદિ-શ્વરે રે ।। નર જિમ ઠામ સુપાત્ર રે ।। ભવિકા૦ ।। ૭ ।।

।। ઢાલ બીજી ।।

।। ભવિકા સિદ્ધચક્ર પદ વંદો ।। એ દેશી ।।

અસાઢ ચોમાસાની અઠાઈ ।। જિહાં અભિગ્રહ અધિ-કાઈ ।। કૃષ્ણ કુમારપાલ પરેં પાલો ।। જીવદયા ચિત લાઇ રે ।। પ્રાણી અઠાઇમોચ્છવ કરીયેં ।। સચિત આરંભ પરિ-હરીયેં રે પ્રા૦ ।। ૧ ।। દિસિ ગમન તજો વર્ષા સમયેં ।। ભક્ષ્યાભક્ષ્ય વિવેક ।। અછતિ વસ્તુ પણ વિરતિયેં બહુ ફલ ।। વંકચુલ વિવેક રે ।। પ્રા૦ ।। ૨ ।। જે જે દેહે ગ્રહીને મુકયાં ।। દેહથી જે હિંસા થાય ।। પાપ આકર્ષણ અવિરતિ યોગે ।। તે જીવ કર્મ બંધાય રે ।। પ્રા૦ ।। ૩ ।। સાયક દેહતા જીવ જે ગતિમાં ।। વસિયા તસ હોય કર્મ ।। રાજા રંકને કિરિયા સરિખી, ભગવતિ અંગનો મર્મ રે ।। પ્રા૦ ।। ૪ ।। ચોમાસિ આવસ્યક કાઉસગના ।। પંચ સત માન ઉસાસા ।। છઠ તપની આલોયણ કરતાં ।। વિરતિ સધર્મ ઉલ્લાસ રે પ્રા૦ ।। ૫ ।।

॥ ઢાલ ત્રીજી ॥

॥ જીન રયણજી દસદિસ નિરમલતા ધરે ॥ એ દેશી ॥

કાર્તિક સુદીમાં જી ધરમ વાસર અડધારીયે ॥ તિમ વલી ફાગુણે જી પર્વ અઠાઈ સંભારીયેં ॥ ત્રણ અઠાઈ જી ચૌમાસિ ત્રણ કારણી ॥ ભવી જીવનાં જી પાતિક સર્વ નિવારણી ॥ ૧ ॥ ત્રુટક ॥ નિકાય ચારના ઇંદ્ર હર્ષિત ॥ વંદે નિજ નિજ અનુચરા ॥ અઠાઈ મહોત્સવ કરણ સમયે ॥ સાસ્વતા એ દેખીયે ॥ સવિ સજ થાએ દેવદેવી ॥ ઘંટ નાદ વિસેષિયેં ॥ ૨ ॥ ચાલ ॥ વલી સુરપતિ જી, ઉદ્ઘોષણા સુરલોકમાં ॥ નીપજાવે જી પરિકર સહિત અસોકમાં ॥ દ્વિપ આઠમે જી નંદિશ્વર સવિ આવિયા ॥ સાસ્વતિ પ્રતિમા જી પ્રણમી વધાવે ભાવિયા ॥ ૩ ॥ ત્રુટક ॥ ભાવિયા પ્રણમિ વધાવે પ્રભુને ॥ હરખ બહુલેં નાચતા ॥ બત્રીસ વિધના કરીય નાટિક ॥ કોડિ સુરપતિ માચતા ॥ હાથ જોડી માન મોડિ ॥ અંગ ભાવ દેખાવતી ॥ અપછરા રંભા અતિ અચંભા ॥ અરિહા ગુણ આલાવતિ ॥ ૪ ॥ ચાલ ॥ ત્રણ અઠાઇમાં જી ખટ કલ્યાણક જિનતણા ॥ તથા આલયજી ભાવન જિનનાં બિંબ ઘણાં ॥ તસ સ્તવનાજી સદ્‌ભૂત અર્થ વખાણતાં ॥ ઠામે પોહચે જી પછે જિન નામ સંભારતા ॥ ૫ ॥ ત્રુટક ॥ સંભારતાં પ્રભુનું નામ નિસદિન ॥ ભવ અઠાઈ મન ધરે ॥ સમકિત નિરમલ કરણ કારણ ॥ શુભ

અભ્યાસ એ અનુસરે ।। નર નારી સમકિતવંત ભાવે ।। એહ પર્વ આરાધશે ।। વિઘન નિવારે તેહનાં સહિ।। સોભાગ્ય લક્ષ્મી વાધશે ।। ૬ ।।

।। ઢાલ ચોથી ।।

આદિ જિણુંદ મયા કરી ।। એ દેશી ।।

પરવ પજ્જુસણમાં સદા ।। અમારી પડહો વજડાવો રે ।। સંઘ ભગતિ દ્રવ્ય ભાવથી ।। સાંહમિવચ્છલ શુભ દાવરે ।। મહોદય પર્વ મહિમા નિધિ ।। ૧ ।। સાહમીવચ્છલ એકણ પાસે ।। એકત્ર કર્મ સમુદાય રે ।। બુદ્ધિ તોલાયં તોલી યે ।। તુલ્યલાભ ફલ થાય રે ।। મ૦ ।। ૨ ।। ઉદાઈ ચરમ રાજઋષી ।। તિમ કરો ખાંમણું સત્ય રે ।। મિચ્છામિદુકડં દેઇને ।। ફરી સેવો પાપ વત્તરે ।। મ૦ ।। ૩ ।। તેહ કહ્યા માયા મૃષાવાદી ।। આવસક નિર્યુક્તિ માંહે રે ।। ચઈત્ય પરવાડિ કિજીયેં ।। પૂજા ત્રિકાલ ઉંછાહ રે ।। મ૦ ।। ૪ ।। છેહલી ચ્યાર અઠાઇયેં ।। મહા મહોત્સવ કરે દેવા રે ।। જિવાભિગમે ઇમ ઉચરે ।। પ્રભુ શાસનના એ મેવા રે ।। મ૦ ।। પા ।।

।। ઢાલ પાંચમી ।।

।। અરણિક મુનિવર ચાલ્યા ગોચરી ।। એ દેશી ।।

અઠમનો તપ વાર્ષિક પર્વમાં ।। સલ્ય રહિત અવિરૂદ્ધરે ।। કારક સાધક પ્રભુના ધર્મનો ।। ઇછારોધે હોય સુખેરે ।। તપને સેવો રે કાંતા વિરતીના ।। ૧ ।। છુટે

સો વરસે રે કર્મ અકામથી ।। નારકિ તે તો સકામે રે ।। પાપ રહિત હોય નવકારસી થકી ।। સહસતે પોરસી ઠામરે ।। તપ૦ ।। ૨ ।। વધતો વધતોરે તપ કરવા થકી ।। દસ ગુણો લાભ ઉદારરે ।। ત૦ ।। દશલાખ કોડ વરસનું અઠમે ।। દુરિત મિટે નિરધારો રે ।। ૩ ।। પંચાસ વરસ સુધી તપ્યાં લખમણું ।। માયા તપ નવી શુદ્ધ રે ।। અસંખ્ય ભવ ભમ્યાં રે એક કુવચન થકી ।। પદ્મનાભ વારે સિદ્ધ રે ।। ત૦ ।। ૪ ।। આહાર નિહરતા રે સમ્યગ તપ કહ્યો ।। જુઓ અભ્યંતર તત્વ રે ।। ભવોદધિ સેતુ રે અઠમ તપ ભણી ।। નાગકેતુ ફલ તપ રે ।। ત૦ ।। ૫ ।।

।। ઢાલ છઠી ।।

।। સ્વામી શ્રીમંધર વિનતી ।। એ દેશી ।।

વાર્ષિક પડિકમણું વિષે ।। એક હજાર શુભ આઠરે ।। સાસ ઉસાસ કાઉસગ તણું ।। આદરી ત્યજે કર્મ કાઠ રે ।। પ્રભુ તુમ શાસન અતિ ભલું ।। ૧ ।। દુગ લખ ચઉસય અઠ કહ્યાં ।। પલ્ય પણુયાલિસ હજાર રે ।। નવ ભાંગે પલ્યનાં ચઉ ગ્રહ્યા ।। સાસમાં સુર આયુ સાર રે ।। પ્ર૦ ।। ૨ ।। ઓગણિસ લાખને ત્રેસઠી ।। સહસ બસેં સતસઠિ રે ।। પલ્યોપમ દેવનું આઉખું ।। નોકાર કાઉસગ જીઠ રે ।। પ્રા૦ ।। ૩ ।। એકસઠ લાખને પણતીસા ।। સહસ બસેં દશ જાણ રે ।। એટલા પલ્યનું સુર આઉખું ।। લોગસ કાઉસગ માન

રે ।। ૪ ।। ધેનું ધણુ રૂપે રે જીવનાં ।। અચલ છે આઠ પ્રદેશ રે ।। તેહ પરે સર્વ નિર્મલ કરે ।। પર્વ અઠાઇ ઉપદેશ રે ।। પ્ર૦ ।। ૫ ।।

।। ઢાલ સાતમી ।।

।। લીલાવંત કુંવર ભલો એ દેશી ।।

સોહમ કહે જંબુ પ્રતે ।। જ્ઞાનાદિ ધર્મ અનંત રે વિનીત ।। એ આંકણી ।। અર્થ પ્રકાશે વિરજી ।। તિમ મેં રચિઓ સિદ્ધાંત રે ।। વિનીત ।। ૧ ।। પ્રભુ આગમ ભલો વિશ્વમાં ।। ષઠ લાખ ત્રણુસેં ને તેત્રીસ ।। એ ગુણ સાઠ હજાર રે ।। વિ૦ ।। પીસ્તાલીસ આગમ તણો ।। સંખ્યા જગદાધાર રે ।। વિ૦ ।। ૨ ।। પ્ર૦ ।। અથમીએ જીન કેવળ રવિ ।। સુત દીપે વ્યવહાર રે ।। વિ૦ ।। ઉભય પ્રકાશક સૂત્રનો ।। સંપ્રતિ બહુ ઉપગાર રે ।। વિ૦ ।। ૩ ।। પ્ર૦ ।। પુન્ય ક્ષેત્રમાં સિદ્ધગિરી ।। મંત્રમાંહે નવકાર રે ।। વિ૦ ।। શુકલધ્યાન છે ધ્યાનમાં ।। કલ્પસૂત્ર તિમ સારરે ।। વિ૦ ।। ૪ ।। પ્ર૦ ।। વિર વર્ણવ છે જેહમાં ।। શ્રી પર્વ તસુ સેવ રે ।। વિ૦ ।। છઠ તપે કલ્પસૂત્ર સુણે મુદા ।। ઉચિત વિધિ તતખેવરે ।। વિ૦ ।। ૫ ।। પ્ર૦ ।।

।। ઢાલ આઠમી ।।

।। તપસુ રંગ લાગ્યો ।। એ દેશી ।।

નેઉ સહસ સંપ્રતિ નૃપે રે ।। ઉદ્ધાર્યા જૈન પ્રાસાદ

રે ।। છતિસ સહસ નવાં કરયાં રે ।। નિજ આયુ દિનવાદ્ય રે ।। મનને મોદ્દે રે ।। પૂજે પૂજે મહોદય પર્વ ।। મહોત્સવ મોટે રે ।। ૧ ।। અસંખ્ય ભરતના પાટવી રે ।। અઠાઈ ધર્મનાં કામિ રે ।। સિદ્ધગિરીયેં શિવપુરી વરયા રે ।। અજ-રામર શુભ ધામિ રે ।। મ૦ ।। ૨ ।। યુગપરધાન પુરવ ધણી રે ।। વયર સ્વામિ ગણુધાર રે ।। નિજ પિતુ મિત્ર પાસે જઇ રે ।। જાચ્યાં પુલ તઇયાર રે ।। મ૦ ।। ૩ ।। વીસ લાખ કુલ લેઈ ને રે, આવ્યા ગિરી હીમવંત રે ।। શ્રીદેવી હાથે લીયા રે ।। મહા કમલ ગુણવંત રે ।। મ૦ ।। ૪ ।। પછે જિનરાગીને સુંપિયા રે ।। સુભીક્ષ નયર મઝાર રે ।। સુગત મત ઉછ દિને રે ।। શાસન સોભા અપાર રે ।। મ૦ ।। ૫ ।।

।। ઢાલ નવમી ।।

।। ભરત નૃપ ભાવશું એ ।। એ દેશી ।।

પ્રાતિહારજ અડ પામીયે એ ।। સિદ્ધ પ્રભુના ગુણ આઠ ।। હરખ ધરી સેવીયે એ ।। જ્ઞાન દર્શન ચારિત્રનાં એ ।। આઠ આચારનાં પાઠ ।। હ૦ ।। સેવો સેવો પર્વ મહંત ।। હ૦ ।। ૧ ।। પવયણ માતા સિદ્ધનું એ ।। બુદ્ધિ ગુણાં અડ દૃષ્ટિ ।। હ૦ ।। ગણિ સંપદ અડ સંપદા એ ।। આઠમી ગતિ દિયે પુષ્ટિ ।। હ૦ ।। ૨ ।। આઠ કર્મ અડ

દ્વેષને એ ।। અડ મદ પરમાદ ।। હ૦ ।। પરિહરી આઠ વિધ કારણ ભજીએ ।। આઠ પ્રભાવક વાદ ।। હ૦ ।। ૩ ।। ગુજર હલિ દેશમાં એ ।। અકબરશાહ સુલતાન ।। હ૦ ।। હિરજી ગુરૂનાં વયણથી એ ।। અમારી પડહ વજડાવી ।। ।। હ૦ ।। ૪ ।। વિજયસેનસુરી તપગચ્છ મણિએ ।। તિલક આણુંદ મુણિંદ ।। હ૦ ।। રાજ્યમાન રિદ્ધિ લહે એ ।। સોભાગ્ય લક્ષ્મી સુરિંદ ।। હ૦ ।। ૫ ।। સેવો સેવો પર્વ મહંત ।। હ૦ ।। પુજા જિનપદ અરવિંદ ।। હ૦ ।। પુન્ય પર્વ સુખકંત ।। હ૦ ।। પ્રગટે પરમાણુંદ ।। હ૦ ।। કહે એમ લક્ષ્મી સુરિંદ ।। હ૦ ।। ૬ ।।

## ।। કલશ ।।

એમ પાસ પ્રભુનો પસાય પામી ।। નામે અઠાઈ ગુણ કહ્યા ।। ભવિ જીવ સાધો નિત આરાધો ।। આત્મ ધર્મે ઉમહ્યાં ।। ૧ ।। સંવત જિન અતિશય વસુ સસી ।। ચત્ર પુનમે ધ્યાઈ યા ।। સોભાગ્યસુરી શિષ્ય લક્ષ્મીસુરી બહુ ।। સંધ મંગલ પાઇયા ।। ૨ ।।

।। ઇતિ શ્રી અઠાઈ મહોત્સવ સ્તવન સંપૂર્ણમ્ ।।

# ।। અથ શ્રી મહાવીરસ્વામીના સત્તાવીશ ભવનું પંચઢાલિયું ।।

।। દોહા ।।

શ્રી શુભવિજય સુગુરૂ નમી ।।નમી પદ્માવતી માયા। ભવ સત્તાવીશ વર્ણવું ।। સુણતાં સમકિત થાય ।। ૧ ।। સમકિત પામે જીવને ।। ભવ ગણતીએ ગણાય ।। જો વલી સંસારે ભમે ।। તોપણ મુગતે જાય ।। ૨ ।। વીર જિનેશ્વર સાહેબો ।। ભમિયો કાલ અનંત ।। પણ સમકિત પામ્યા પછી ।। અંતે થયા અરિહંત ।। ૩ ।।

।। ઢાલ પહેલી ।।

।। કપૂર હોયે અતિ ઉજલો રે ।। એ દેશી ।।

પહેલે ભવે એક ગામનો રે ।। રાય નામે નયસાર ।। કાષ્ટ લેવા અટવી ગયો રે ।। ભોજન વેળા થાય રે ।। પ્રાણી ।। ધરિયે સમકિત રંગ ।। જિમ પામિયે સુખ અભંગ રે ।। પ્રાણી ।। ધરિયે ।। ૧ ।। એ આંકણી ।। મન ચિંતે મહિમા નીલો રે ।। આવે તપસી કોય ।। દાન દેઈ ભોજન કરૂં રે ।। તો વંછિત ફળ હોય રે ।। પ્રાણી૦ ।। ૨ ।। મારગ દેખી મુનિવરા રે ।। વંદે દેઇ ઉપયોગ ।। પુછે કેમ ભટકો ઇહાં રે ।। મુનિ કહે સાથ વિજોગ રે ।। પ્રાણી૦ ।। ૩ ।। હરખ

ભરે તેડી ગયેા રે ।। પડિલાભ્યા મુનિરાજ ।। ભેાજન કરી કહે ચાલીએ રે ।। સાથ ભેળા કરૂં આજ રે ।। પ્રાણી૦ ।।૪।। પગવટીયે ભેળા કર્યા રે ।। કહે મુનિ દ્રવ્ય એ માર્ગ ।। સંસારે ભૂલા ભમેા રે ।। ભાવ મારગ અપવર્ગ રે ।। પાણી૦ ।। ૫ ।। દેવગુરૂ ઓલખાવિયારે ।। દીધેા વિધિ નવકાર ।। પશ્ચિમ મહાવિદેહમાં રે ।। પામ્યેા સમકિત સાર રે ।। પ્રાણી૦ ।। ૬ ।। શુભ ધ્યાને મરી સુર હુએા રે ।। પહેલા સર્ગ મઝાર ।। પલ્યેાપમ આયુ ચવી રે ।। ભરત ઘરે અવતાર રે ।। પ્રાણી૦ ।। ૭ ।। નામે મરીચી જેવને રે ।। સંયમ લીયે પ્રભુ પાસ ।। દુષ્કર ચરણ લહી થયેા રે ।। ત્રિદંડીક શુભ વાસ રે ।। પ્રાણી૦ ।। ૮ ।।

।। ઢાલ બીજી ।।

।। વિવાહલાની દેશી ।।

નવેા વેષ રચે તેણી વેળા ।। વિચરે આદિશ્વર ભેળા ।। જળ થેાડે સ્નાન વિશેષે ।। પગ પાવડી ભગવે વેષે ।।૧।। ધરે ત્રિદંડ લાકડી મ્હેાટી ।। શીર મુંડણને ધરે ચેાટી ।। વળી છત્ર વિલેપન અંગે ।। થુલથી વ્રત ધરતેા રંગે ।।૨।। સેાનાની જનેાઇ રાખે ।। સહુને મુનિ મારગ ભાંખે ।। સમેાસરણે પૂછે નરેશ ।। કેાઇ આગે હેાશે જિનેશ ।। ૩ ।। જિન જંપે ભરતને તામ ।। તુજ પુત્ર મરીચી નામ ।। વીર નામે થશે જિન છેલા ।। આ ભરતે વાસુદેવ પહેલા ।। ૪ ।। ચક્રવર્તિ

વિદેહે થાશે ।। સુણી આવ્યા ભરત ઉલ્લાસે ।। મરીચીને પ્રદક્ષિણા દેતા ।। નમી વંદીને એમ કહેતા ।। ૫ ।। તમે પુન્યાઇવંત ગવાશો ।। હરિચક્રી ચરમ જિન થાશો ।। નવિ વંદુ ત્રિદંડીક વેષ ।। નમું ભક્તિયે વીર જિનેશ ।। ૬ ।। એમ સ્તવના કરી ઘર જાવે ।। મરીચી મન હર્ષ ન માવે ।। મ્હારે ત્રણ પદવીની છાપ ।। દાદા જિન ચક્રી આપ ।। ૭ ।। અમે વાસુદેવ ધુર થઇશું ।। કુલ ઉત્તમ મ્હારૂં કહીશું ।। નાચે કુળ મદશું ભરાણો ।। નીચ ગોત્ર તિહાં બંધાણો ।।૮।। એક દિન તનુ રોગે વ્યાપે ।। કોઇ સાધુ પાણી ન આપે ।। ત્યારે વંછે ચેલો એક ।। તવ મળિયો કપિલ અવિવેક ।।૯।। દેશના સુણી દીક્ષા વાસે ।। કહે મરીચી લીયો પ્રભુ પાસે ।। રાજપુત્ર કહે તુમ પાસે ।। લેશું અમે દિક્ષા ઉલ્લાસે ।।૧૦।। તુમ દરશને ધરમનો વ્હેમ ।। સુણી ચિંતે મરિચી એમ ।। ।। મુજ ચેાગ્ય મળ્યેા એ ચેલેા ।। મૂળ કડવે કડવેા વેલેા ।। ૧૧ ।। મરિચી કહે ધર્મ ઉભયમાં ।। લીયે દીક્ષા જોવન વયમાં ।। એણે વચને વધ્યેા સંસાર ।। ત્રીજે કહ્યો અવતાર ।। ૧૨ ।। લાખ ચેારાશી પૂરવ આય ।। પાળી પંચમ સર્ગ સધાય ।। દસ સાગર જીવિત ત્હાંહી ।। શુભવીર સદા સુખ માંહી ।। ૧૩ ।।

।। ઢાલ ત્રીજી ।।

।। ચેાપાઇની દેશી ।।

પાંચમે ભવ કેાલ્લાગસન્નિવેશ ।। કેાસિક નામે બ્રાહ્મણ

વેષ ।। એંસી લાખ પૂરવ અનુસરી ।। ત્રિદંડીયાને વેષે મરી ।। ૧ ।। કાલ બહુ ભમીયેા સંસાર ।। થુણાપુરી છઠેા અવતાર ।। બહેાતેર લાખ પૂરવને આય ।। વિપ્ર ત્રિદંડી વેષ ધરાય ।। ૨ ।। સૌધર્મે મધ્ય સ્થિતિયે થયેા ।। આઠમે ચત્ય સન્નિવેષે ગયેા ।। અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયેા ।। પૂર્વ આયુલખ સાંઠે મૂએા ।। ૩ ।। મધ્ય સ્થિતિયે સુર સર્ગ-ઇશાન ।। દશમે મંદિર પુર દ્વિજઠાણુ ।। લાખ છપ્પન પૂરવાપુરી ।। અગ્નિભૂતિ ત્રિદંડીક મરી ।। ૪ ।। ત્રીજે સરગે મધ્યાયુ ધરી ।। બારમે ભવ શ્વેતાંબીપુરી ।। પુરવ લાખ ચુમ્માળીસ આય ।। ભારદ્વીજ ત્રિદંડીક થાય ।। ૫ ।। તેરમે ચેાથે સર્ગે રમી ।। કાળ ઘણેા સંસારે ભમી ।। ચઉદમે ભવ રાજગૃહી જાય ।। ચેાત્રીસ લાખ પુરવને આય ।। ૬ ।। થાવર વિપ્ર ત્રિદંડી થયેા ।। પાચમે સર્ગે મરીને ગયેા ।। સેાળમે ભવ કેાડ વરસ સમાય ।। રાજકુમાર વિશ્વભૂતિ થાય ।। ૭ ।। સંભૂતિમુનિ પાસે અણગાર ।। દુષ્કર તપ કરી વરસ હજાર ।। માસખમણ પારણુ ધરી દયા ।। મથુરામાં ગેાચરીએ ગયા. ।। ૮ ।। ગાયે હણ્યા મુનિ પડિયા વશા ।। વિશાખનંદી પિતરિયા હશ્યા ।। ગૌશ્રૃંગે મુનિ ગર્વે કરી ।। ગયણ ઉછાળી ધરતી ધરી ।। ૯ ।। તપ બળથી હેાજ્યેા બળ ઘણી ।। કરી નિયાણું મુનિ અણુસણી ।। સત્તરમે મહાશુક્રે સુરા ।। શ્રી શુભવીર સત્તર સાગરા ।।૧૦।।

॥ ઢાલ ૪ થી ॥

॥ નદી યમુનાકે તીર, ઉડે દોય પંખીયા ॥ એ દેશી ॥

અઢારમે ભવે સાત સુપન સૂચિતસતિ, પોતનપુરીયે પ્રજાપતિ રાણી મૃગાવતી ॥ તસ સુત નામે ત્રિપુષ્ઠ વાસુદેવ નીપન્યા, પાપ ઘણું કરી સાતમી નરકે ઉપન્યા ॥ ૧ ॥ વીશમે ભવ થઈ સિંહ ચોથી નરકે ગયા, તીહાંથી ચવી સંસારે ભવ બહુળા થયા ॥ણાવીશમે નર ભવ લહી પુણ્ય દશા વરયા, ત્રેવીશમે રાજ્યધાની મૂકાયે સંચર્યા ॥ ૨ ॥ રાય ધનંજય ધારણી રાણીયે જનમિયા, લાખ ચોરાશી પુરવ આયુ જીવિયા ॥ પ્રિય મિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી, કોડી વરસ ચારિત્ર દશા પાલી સહી ॥ ૩ ॥ મહા શુક્રે થઇ દેવ ઇણે ભરતે ચવી, છત્રિકા નગરીયે જિતશત્રુ રાજવી ॥ ભદ્રામાય લખ પચવીશ વરસ સ્થિતિ ધરી ॥ નંદન નામે પુત્રે દીક્ષા આચરી ॥૪॥ અગીયાર લાખને એંશી હજાર છસ્સેં વળી, ઉપર પીસ્તાળીસ અધિક પણ દિન રૂળી ॥ વીશ સ્થાનક માસ ખમણે જાવજ્જીવ સાધતા, તિર્થંકર નામ કર્મ તિહાં નિકાચતા ॥ ૫ ॥ લાખ વરસ દીક્ષા પર્યાય તે પાળતા, છવ્વીશમે ભવ પ્રાણુત કલ્પે દેવતા ॥ સાગર વીશનું જીવિત સુખ ભર ભોગવે, શ્રી શુભવીર જિનેશ્વર ભવ સુણજો હવે ॥ ૬ ॥

॥ ઢાલ પાંચમી ॥

॥ ગજરામારૂજી ચાલ્યા ચાકરી રે ॥ એ દેશી ॥

નયર માહણકુંડમાં વસે રે ॥ મહા રૂદ્ધિ રૂષભદત્ત નામ ॥ દેવાનંદા દ્વિજ શ્રાવિકારે ॥ પેટ લીધો પ્રભુ વિસરામ રે ॥ પેટ લીધો પ્રભુ વિસરામ ॥ ૧ ॥ ખ્યાશી દિવસને અંતરે રે ॥ સુર હરિણગમેષી આય ॥ સિદ્ધારથ રાજા ઘરે રે ॥ ત્રિશલા કૂખે છટકાય રે ॥ ત્રિ૦ ॥ ૨ ॥ નવ માસાંતરે જનમીયારે ॥ દેવ દેવીયે ઓછવ કીધ ॥ પરણી યશોદા જોવને રે ॥ નામે મહાવીર પ્રસિદ્ધરે ॥ ના૦ ॥ ૩ ॥ સંસારલીલા ભોગવી રે ॥ ત્રીશ વર્ષે દીક્ષા લીધ ॥ બાર વરસે હુઆ કેવળી રે ॥ શિવવહુનું તિલક શિર દીધ રે ॥ શિ૦ ॥ ૪ ॥ સંઘ ચતુર્વિધ થાપીયો રે ॥ દેવાનંદા ઋષભદત્ત પ્યાર ॥ સંયમ દેઈ શિવ મોકલ્યારે ॥ ભગવતીસૂત્રે અધિકાર રે ॥ ભ૦ ॥ ૫ ॥ ચોત્રિશ અતિશય શોભતા રે ॥ સાથે ચઉદ સહસ અણુગાર ॥ છત્રીશ સહસ તે સાધવીરે ॥ બીજે દેવ દેવી પરિવાર રે ॥ બીજે૦ ॥ ૬ ॥ ત્રીશ વરસ પ્રભુ કેવળી રે ॥ ગામ નગર તેપોવન કીધ ॥ બહોંતેર વરસનું આઉખું રે ॥ દીવાળીયે શિવપદ લીધ રે ॥ દી૦ ॥ ૭ ॥ અગુરૂ લઘુ અવગાહને રે ॥ કીયો સાદી અનંત નિવાસ ॥ મોહરાયમલ્લ મૂળશું રે ॥ તન મન સુખનો હોય નાશ રે ॥ તન મન૦ ॥ ૮ ॥ તુમ સુખ એક પ્રદેશનું

રે ।। નવી માવે લોકાકાશ ।। તો અમને સુખીયા કરોરે ।। અમે ધરીએ તુમારી આશ રે ।। અમે૦ ।। ૯ ।। અખય ખજાનો નાથનો રે ।। મેં દીઠો ગુરૂ ઉપદેશ ।। લાલચ લાગી સાહેબા રે ।। નવિ ભજીયે કુમતિનો લેશ રે ।। નવ૦ ।। ૧૦ ।। મ્હોટાનો છે આશરો રે ।। તેથી પામીયે લીલ વિલાસ ।। દ્રવ્ય ભાવ શત્રુ હણીરે ।। શુભવીર સદા સુખ-વાસ રે ।। શુભ૦ ।। ૧૧ ।।

।। કલશ ।।

ઓગણીશ એકે વરસ છે કે ।। પૂર્ણિમા શ્રાવણ વરે ।। મે થુણ્યો લાયક વિશ્વનાયક ।। વર્દ્ધમાન જિનેશ્વરો ।। સંવેગ રંગ તરંગ ઝીલે ।। જસ વિજય સમતા ધરો ।। શુભવિજય પંડિત ચરણ સેવક ।। વીરવિજયો જય કરો ।। ૧૨ ।।

# ।। અથ શ્રીમહાવીર સ્વામીનું હાલરીઉં પ્રારંભ ।।

।। માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે, ગાવે હાલો હાલો હાલરૂવાનાં ગીત ।। સોના રૂપા ને વલી રત્ને જડીયું પારણું, રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત ।। હાલો હાલો હાલો હાલો મારા નંદને ।।૧।। જિનજી પાસ પ્રભુથી

વરસ અઢીસેં અંતરે, હોશે ચોવીશમો તીર્થંકર જિત પરમાણુ ॥ કેશી સ્વામીમુખથી એવી વાણી સાંભલી, સાચી સાચી હુઇ તે મારે અમૃત વાણુ ॥ હા૦ ॥ ૨ ॥ ચૌદે સ્વપને હોવે ચક્રી કે જિનરાજ, વીતા બારે શક્રી નહિ હવે ચક્રી રાજ, જિનજી પાસ પ્રભુના શ્રીકેશી ગણધાર, તેહને વચને જાણ્યા ચોવીશમા જિનરાજ, મારી કુખે આવ્યા તારણ તરણ જહાજ, મારી કુખે આવ્યા ત્રણ્ય ભુવન શિરતાજ, મારી કુખે આવ્યા સંઘ તીરથની લાજ, હું તો પુણ્ય પનોતી ઇંદ્રાણી થઇ આજ ॥ હા૦ ॥ ૩ ॥ મુઝને દોહોલો ઉપન્યો જે એસું ગજ અંબાડીએ, સિંહાસન પર એસું ચામર છત્ર ધરાય ॥ એ સહુ લક્ષણ મુજને નંદન તારા તેજનાં, તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય ॥ હા૦ ॥ ૪ ॥ કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે, તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ ॥ નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો, મેં પહેલે સુપને દીઠો વિશવાવીશ ॥ હા૦ ॥ ૫ ॥ નંદન નવલા બંધવ નંદીવર્દ્ધનના તમે, નંદન ભોજાઇઓના દેયર છો સુકુમાલ ॥ હસશે ભોજાઇઓ કહી દીયર મહારા લાડકા, હસશે રમશે ને વલી ચુંટી ખણશે ગાલ, હસશે રમશે ને વલી હુંસા દેશે ગાલ ॥ હા૦ ॥ ૬ ॥ નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો, નંદન નવલા પાંચસેં માસીના ભાણેજ છો, નંદન મામલીયાના ભાણેજ સુકુમાલ ॥ હસશે હાથે

ઉચ્છાલી કહીને નાહાના ભાણેજા, આંખ્યેાં આંજી ને વલી ટબકું કરશે ગાલ ।। હા૦ ।। ૭ ।। નંદન મામા મામી લાવશે. ટોપી આંગલાં, રતને જડીયાં ઝાલર મોતી કશબી કોર ।। નીલાં પીલાં ને વલી રાતાં સરવે જાતિનાં, પહેરાવશે મામી મારા નંદ કિશોર ।। હા૦ ।। ૮ ।। નંદન મામા મામી સુખડલી સહુ લાવશે, નંદન ગજુવે ભરશે લાડુ મોતીચુર ।। નંદન મુખડા જોઈને લેશે મામી ભામણાં, નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર ।। હા૦ ।। ૯ ।। નંદન નવલા ચેડા મામાની સાતે સતી, મારી ભત્રીજી ને બેન તમારી નંદ ।। તે પણ ગુંજે ભરવા લાખણસાઈ લાવશે, તુમને જોઇ જોઈ હોશે અધિકેા પરમાનંદ ।। હા૦ ।। ૧૦ ।। રમવા કાજે લાવશે લાખ ટકાનેા ઘૂઘરેા, વલી સુડા મેનાં પોપટ ને ગજરાજ ।। સારસ હંસ કોયલ તીત્તર ને વલી મોર જી, મામી લાવશે રમવા નંદ તમારે કાજ ।। હા૦ ।। ૧૧ ।। છપ્પન કુમરી અમરી જલ કલશે નવરાવીયા, નંદન તમને અમને કેલીઘરની માંહે ।। ફુલની વૃષ્ટિ કીધી યેાજન એકને મંડલે, બહુ ચિરંજીવેા આશીષ દીધી તુમને ત્યાંહે ।। હા૦ ।। ૧૨ ।। તમને મેરૂ ગિરિ પર સુરપતિએ નવરાવીયા, નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય ।। મુખડા ઉપર વારૂં કોટી કોટી ચંદ્રમા, વલી તન પર વારૂં ગ્રહગણનેા સમુદાય ।। હા૦ ।। ૧૩ ।। નંદન નવલા ભણવા નિશાલે પણ મૂકશું, ગજ પર અંબાડી બેસાડી મહોટે સાજ ।।

પસલી ભરશું શ્રીફલ ફોફલ નાગરવેલશું, સુખડલી લેશું નિશાલીઆને કાજ ।। હા૦ ।। ૧૪ ।। નંદન નવલા મોહોટા થાશો ને પરણાવશું, વડૂવર સરખી જોડી લાવશું રાજકુમાર ।। સરખા વેવાઈ વેવાણુંને પધરાવશું, વરવડૂ પોંખી લેશું જોઈ જોઇને દેદાર ।। હા૦ ।। ૧૫ ।। પીઅર સાસર મારા બેહુ પક્ષ નંદન ઉજલા, માહારી કુખે આવ્યા તાત પનોતા નંદ ।। માહારે આંગણ વૂઠા અમૃત ફૂધે મેહુલા, માહારે આંગણ ફલીઆ સુરતરૂ સુખના કંદ ।। હા૦ ।।૧૬।। ઈણી પરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું, જે કોઇ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ ।। બીલીમોરા નગરે વરણ્યું વીરનું હાલરૂં, જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ ।। હા૦ ।। ૧૭ ।। ઇતિ સં૦ ।।



# ।। શ્રી અષ્ટાપદજીનું સ્તવન ।।

।। નીંદરડી વેરણ હુઈ રહી ।। એ દેશી ।।

શ્રી અષ્ટાપદ ઉપરે, જાણી અવસર હો આવ્યા આદિનાથકે ।। ભાવે ચોસઠ ઇંદ્રશું, સમવસરણ હો મલ્યા મોટા સાથકે ।। શ્રી૦ ।। ૧ ।। વિનીતાપુરીથી આવિયો, બહુ સાથે હો વલી ભરત ભૂપાલ કે ।। વાંદી હીયડા હેજશું, તાત મુરતીહો નિકે નયણે નિહાલકે ।। શ્રી૦ ।। ૨ ।।

લઈ લાખીણા ભામણા, કહે વયણા હો મોરા નયણા ધન્નકે
॥ વિણ સાંકલ વિણ દોરડે, બાંધી લીધું હો વાહાલા તેં
મન્નકે ॥ શ્રી૦ ॥ ૩ ॥ લઘુ ભાઇએ લાડકા, તે તો તાતજી
હો રાખ્યા હીયડા હજુરકે ॥ દેશના સુણી વાંદી વદે, ધન્ય
જીવડા હો જે તર્યા ભવપુરકે ॥ શ્રી૦ ॥ ૪ ॥ પૂછે પ્રેમે
પુરીયો, આ ભરતે હો આગલ જગદીશકે ॥ તીર્થંકર કેતા
હોશે, ભણે ઋષભજી હો અમ પછી ત્રેવીસકે ॥ શ્રી૦ ॥પા॥
માઘની સાંભળી તેરસે, પ્રભુ પામ્યા હો પદ પરમાનંદકે ॥
જાણી ભરતેશ્વર ભણે, સસનેહા હો નાભિરાયાના નંદકે ॥
શ્રી૦ ॥ ૬ ॥ મનમોહન દીન એટલા, મુજ સાથે હો
રૂષણા નવિલીધકે ॥ હેજ હિયાનો પર હરી, આજ ઉંડી
હો અબોલડા લીધકે ॥ શ્રી૦ ॥ ૭ ॥ વિણ વાંકે કાંઇ
વિસારિયા, તેં તોડ્યા હો પ્રભુ પ્રેમના ત્રાગકે ॥ ઇંદ્રે ભરતને
બુઝવ્યા, દોસ મ દીયો હો એ જિન વીતરાગકે ॥ શ્રા૦
॥ ૮ ॥ શોક મુકી ભરતેસરૂ, વારધિકને હો વલી દીધ
આદેશકે ॥ થુભ કરો જિન થાનકે, સંસકાર્યા હો તાતજી
રીસહેસકે ॥ શ્રી૦ ॥ ૯ ॥ વલી બંધવ બીજા સાધુના,
તીહાં કીધાહો ત્રણ થુભ અનુપકે ॥ ઉંચો સ્ફટિકનો પુટડો,
દેખી ડુંગરહો હરખ્યા ભલે ભૂપકે ॥ શ્રી૦ ॥ ૧૦ ॥ રતન
કનક થુભ ઢુંકડો, કરો કંચન હો પ્રાસાદ ઉત્તંગકે ॥ ચોવારો
ચુંપે કરી, એક જોયણ હો માન મનરંગકે ॥ શ્રી૦ ॥૧૧॥
સિંહ નિષિદ્યા નામનો, ચોરાસી હો મંડપ પ્રાસાદકે ॥

ત્રણ કોશ ઉંચો કનકનો, ધ્વજ કલશો હો કરે મેરૂસુ વાદકે
॥ શ્રી૦ ॥ ૧૨ ॥ વાન પ્રમાણે લંછને; જિન સરખી હો
તીહાં પ્રતિમા કીધકે ॥ દોયચાર આઠદસ ભણી, ઋષભાદિક
હો પૂખે પરસિદ્ધકે ॥ શ્રી૦ ॥ ૧૩ ॥ કંચન મણા કમલે
ઠવિ, પ્રતિમાની હો આણી નાસિકા જોડકે ॥ દેવ વંદે રંગ
મંડપે, નીલા તોરણ હો કરી કોરણી કોડકે ॥ શ્રી૦ ॥૧૪॥
બંધવ બેન માતા તણી, મોટી મુરતી હો મણી રતને
ભરાયકે ॥ મરૂદેવા મયગલ ચઢી, સેવા કરતી હો નિજ
મુરતીની પાયકે ॥ શ્રી૦ ॥ ૧૫ ॥ પાડિહારજ છત્ર ચામરા,
જક્ષાદિક હો કીધા અનિમેષકે ॥ ગોમુખ ચતુર ચક્રેસરી,
ગઢવાડી હો કુંડ વાવ્ય વિશેષ કે ॥ શ્રી૦ ॥ ૧૬ ॥
પ્રતિષ્ઠા પ્રતિમા તણી, કરાવે હો રાજા મુનિવર હાથકે ॥
પૂજા સ્નાત્ર પ્રભાવના, સંગ ભક્તિ હો ખરચી ખરી આથકે
॥ શ્રી૦ ॥ ૧૭ ॥ પડતે આરે પાપીયા, મત પાડો હો
કોઇ વીરૂઈ વાંટકે ॥ એક એક જોયણ આંતરે, ઇમ ચિંતવી
હો કરે પાવડિયાં આઠકે ॥ શ્રી૦ ॥ ૧૮ ॥ દેવ પ્રભાવે
એ દેહરાં, રહેશે અવિચલ હો છઠ્ઠા આરાની સીમકે ॥
વાંદે આપ લબ્ધિ બલે, નર તેણે ભવહો ભવસાગર ખીમકે
॥ શ્રી૦ ॥ ૧૯ ॥ કૈલાસગિરિના રાજીઆ, દીએ દરીસણ
હો કાંઈ મ કરો ઢીલકે ॥ અરથી હોયે ઉતાવલા, મત-
રાખોહો અમશું અડખીલકે ॥ શ્રી૦ ॥ ૨૦ ॥ મન માન્યાને
મેલવે, આવા સ્થાને હો કોઈ ન મલે મિત્ર કે, અંતરજામી

મીલ્યા પછી, કિમ ચાલે હો રંગ લાગ્યો મજીઠકે ।।શ્રી૦ ।। ૨૧ ।। ઋષભજી સિદ્ધિ વધુ વર્યા, ચાંદલિયા હો તે દેઉલ દેખાડકે ।। ભલે ભાવે વાંદી કરી, માંગું મુક્તિના હો મુજ બાર ઉઘાડકે ।। શ્રી૦ ।। ૨૨ ।। અષ્ટાપદની જાતરા, ફલ પામેહો ભાવે ભણે ભાસકે ।। શ્રીભાવવિજય ઉવઝાયનો, ભાણ ભાખે હો ફલે સઘળી આશકે ।। શ્રી૦ ।। ૨૩ ।।

---

# ।। અથશ્રી આંતરાનું સ્તવન ।।

।। દુહા ।। શારદ શારદના સુપરે, પદ પંકજ પ્રણમેય ।। ચોવિસે જિન વરણવું, અંતર યુત સંખેય ।। ૧ ।। વીર પાર્શ્વને આંતરૂં, વરસ અઢીસેં હોય ।। પંચ કલ્યાણુક પાર્શ્વના, સાંભલજો સહુ કોય ।। ૨ ।।

।। ઢાલ ।। ૧ ।। નિરૂપમ નયરી વણારસીજી, શ્રી અશ્વસેન નરિંદતો ।। વામા રાણી ગુણ ભર્યાજી, મુખ જીમ પુનમ ચંદ તો ।। ભવિ ભાવ ધરીને પ્રણમો પાસ જિણંદ તો ।। ૧ ।। એ આંકણી ।। પ્રાણત કલ્પ થકી ચવ્યાજી, ચૈત્ર વદી ચોથને દીન તો ।। તેહની કુખે અવતર્યાજી, પ્રભુ જિમ કિન્નર સિંહ તો ।। ભવિ૦ ।। ૨ ।। પોસ બહુલ દશમી દીનેજી, જન્મ્યા પાસ કુમાર તો ।। જોબન વય

પ્રભુ આવીયાજી, વરીયા પ્રભાવતી નારી તો ।। ભવિ૦ ।।૩।।
કમઠ તણો મદ ગાલીયોજી, ઉધર્યો નાગ સનેર તો ।। વદ
અગીઆરસ પોસનીજી, સંજમ લીયે ઋદ્ધિ છોડતો ।। ભવિ૦
।। ૪ ।। ગાજ વિજ ને વાયરોજી. મુસલધાર મેઘ તો ।।
ઉપસર્ગ કમઠે કર્યોજી, ધરેણેંન્દ્રે નિવાર્યો તેહ તો ।। ભવિ૦
કર્મ ખપાવી કેવલ લહીજી, ચૈત્ર વદી ચોથ સુજાણતો ।।
શ્રાવણ શુદ દીન આઠમેજી, પ્રભુજીનું નીર્વાણ તો ।। ભવિ૦ ।।
એકસો વરસનું આઉખુંજી, પાસ ચરિત્રે કહ્યું એમ તો ।।
વરસ ચોરાસી સહસનું જી, આંતરૂ પાસને નેમ તો ।।ભવિ૦।।૭।।

।। ઢાલ ।। ૨ ।। સોરીપુરનયર સોહામણું, જગજીવનારે
નેમ ।। સમુદ્રવિજય નરપાલ હો, દીલરંજનારે નેમ ।।
ચવિયા અપરાજિત થકી, જગ જીવનારે નેમ ।। કારતક
વદ બારસ દીન હો, દીલ રંજનારે નેમ ।। ૧ ।। શીવા
દેવી કુખે અવતર્યા ।। જગ૦ ।। માન સર જિમ મરાલ
હો. ।। દીલ૦ ।। શ્રાવણ શુદી દીન પંચમી ।। જગ૦ ।।
પ્રસ૦યો પુત્ર રતન હો ।। દીલ૦ ।। ૨ ।। જોબન વય પ્રભુ
આવીયા ।। જગ૦ ।। નીકમલદલવાન હો ।। દી૦ ।। પરણો
સુદર સુંદરી ।। જગ૦ ।। ઈમ કહે ગોપી કાન હો ।। દી૦
।। ૩ ।। શ્રી ઉગ્રસેનની કુંવરી ।। જગ૦ ।। વરવા કીધી
જાન હો ।। દીલ૦ ।। પશુ દેખી પાછા વળ્યા ।। જગ૦ ।।
હુવા જાદવ કુલ હેરાન હો ।। દી૦ ।। ૪ ।। તોડે હારને

તીહાં રહે ।। જગ૦ ।। રાજુલ દુઃખ ન માય હો દીલ૦ ।। કહે પીયુંજી પાયે પડું ।। જગ૦ ।। છોડી મુને મત જાઓ ।। દી૦ ।। ૫ ।। કીડીસું કટક કાંકરો ।। જગ૦ ।। એ તુમ કુણ આચાર હો ।। દી૦ ।। માણસના દીલ દુહવો ।।જગ૦।। પશુઆંશું કરે. પ્યારહો ।। દી૦ ।। ૬ ।। નવભવ નેહ નિવારીઓરે ।। જગ૦ ।। દેઈ સંવચ્છરી દાન હો ।। દીલ૦ ।। શ્રાવણ સુદ છઠને દીનેરે ।। જગ૦ ।। સંજમ લીએ વડ વાન હો ।। દીલ૦ ।। ૭ ।। તારી રાજુલ સુંદરી ।। જગ૦।। દેઇને દીક્ષા દાન હો ।। દી૦ ।। અમાવાસ્યા આસોજ તણીરે ।। જગ૦ ।। પ્રભુ લહે કેવલ જ્ઞાન હો ।। દીલ૦ ।। ૮ ।। સહસ વરસ પ્રભુ આઉખુંરે ।। જગ૦ ।। પાલી શ્રી જિનરાજ હો ।। દીલ૦ ।। અષાઢ સુદી દીન આઠમેરે ।। જગ૦ ।। પ્રભુ લહે શીવપુરરાજ હો ।। દીલ૦ ।। ૯ ।।

---

।। ઢાલ ।। ૩ ।। થારા મહેલા ઉપર મેહ ઝબુકે વીજલી હો લાલ ।। એ દેશી ।।

।। પાંચ લાખ વરસ નમિ નેમને આંતરૂ હો લાલ, નમી નેમને આંતરૂ ।। મુનિસુવ્રત નમિ નાથને છ લાખ ચિત્ત ધરૂં હો લાલ, છ લાખ ચિત્ત ધરૂં ।। ચોપન લાખ વરસ મુનિસુવ્રત મલ્લિને હો લાલ, મુનિસુવ્રત મલ્લિને, કોડ સહસ વલી જાણો મલ્લી અર નાથને હો લાલ, મલ્લી અર-

નાથને ।। ૧ ।। કોડ સહસ વરસ કરી, ઉણો પલ્યનું હો લાલ, ઉણો પલ્યનું ।। ચોથો ભાગ અરનાથ વલી કુંથુનાથને હો લાલ, વલી કુંથુનાથને ।। પલ્યોપમનું અરધ જાણો શાંતિ કુંથુને હો લાલ, જાણો શાંતિ કુંથુને ।। શાંતિ ધર્મપલ્યોપમ ઉણે સાગર ત્રણનું હો લાલ, સાગર ત્રણનું ।। ૨ ।। સાગર ચાર અનંતને ધર્મ જિણંદને હો લાલ, ધર્મ જિણંદને ।। નવ સાગર વળી અનંત વિમલ જિન ચંદ્રને ।। સાગર ત્રીસ વિમલ વાસુપૂજ્યને હો લાલ, વિમલ વાસુપૂજ્યને ।। સાગર ચોપન શ્રી વાસુપૂજ્ય શ્રેયાંસને હો લાલ, વાસુપૂજ્ય શ્રેયાંસને ।। ૩ ।। લાખ પાંસઠ સહસ છવીસ વરસસો સાગરૂ હો લાલ, વરસસો સાગરૂ ।। ઉણો સાગર કોડ શ્રેયાંશ શીતલ કરે હો લાલ, શ્રેયાંશ શીતલ કરે ।। સુવિધિ શીતલને નવ કોડ સાગર ભાવજો હો લાલ, સાગર ભાવજો ।। સુવિધિ ચંદ્રપ્રભુ નેઉ કોડી સાગર ભાવજો હો લાલ, સાગર મન ભાવજો ।। ૪ ।। સાગર નવસેં કોડ સુપાસ ચંદ્રપ્રભુ હો લાલ, સુપાસ ચંદ્રપ્રભુ ।। સાગર નવ સહસ કોડ સુપાસ પદ્મ પ્રભુ હો લાલ, સુપાસ પદ્મ પ્રભુ ।। સુમતિ પદ્મ પ્રભુ નેઉ સહસ કોડ સાગરૂ હો લાલ, કોડ સાગરૂ ।। સુમતિ અભિનંદન નવ લાખ કોડ સાગરૂ હો લાલ, કોડ સાગરૂ ।। ૫ ।। દસ લાખકોડ સાગર સંભવ અભિનંદને હો લાલ, સંભવ અભિનંદને ।। ત્રીસ લાખકોડ સાગર સંભવ અજિતને હો લાલ, સંભવ અજિતને ।।

પચાસ લાખકોડ સાગર અજિત જિન ઋષભને હો લાલ, અજિત જિન ઋષભને ।। એક કોડા કોડ સાગરૂ ઋષભને વીરને હો લાલ, ઋષભને વીરને ।। ૬ ।। સહસ બેંતાલીસ તીન વરસ વલી જાણીએ હો લાલ, વરસ વલી જાણીએ ।। સાડા આઠ મહિના ઉણા તે વખાણીએ હો લાલ, ઉણા તે વખાણીયે ।। નવસે બેંસી વરસે હોઈ પુસ્તક વાંચના હો લાલ, પુસ્તક વાંચના ।। અંતર કાલ જાણો જિન ચોવીસનો હો લાલ, કે જિન ચોવીસનો ।। ૭ ।।

।। ઢાલ ૪ ।। દીન સકલ મનોહર ।। એ દેશી ।।

જયો આદિ જિણેસર, ત્રિભુવનનો અવતંસ ।। નાભી રાજા મરૂદેવા, કુલ માન સર હંસ ।। સર્વાર્થ સિદ્ધથી ચવિ, ઇક્ષ્વાકુ ભૂમિવર ઠામ ।। અસાડ વદી ચોથે, અવતર્યા પુરૂષ પ્રસન્ન ।। ૧ ।। ચૈત્ર વદી આઠમે, જન્મ્યા શ્રી જિનરાય ।। આવે ઇંદ્ર ઇંદ્રાણી, પ્રભુજીના ગુણગાય ।। સુનંદા સુમંગલા. વરિયા જોબન પાય ।। ભરતાદિક એકસો, પુત્ર પુત્રી દો થાય ।। ૨ ।। કરી રાજની થાપના, વાસિ વનિતા ઇંદ્ર ।। જગમાં નિતિ ચલાય, મારૂ દેવીનો નંદ ।। પ્રભુ શીલ્પ દેખાડી; ચારે જુગલ આચાર ।। નરકલા બહોંતેર, ચોસઠ મહિલા સાર ।। ૩ ।। ભરતાદિકને દીએ, અંગાદિકનું રાજ્ય ।। સુરનર ઇમ જંપે, જય જય શ્રી જિનરાજ ।। દેઇ દાન સંવચ્છરી, પ્રભુ લીએ સંયમ ભાર, ચાર સહસ

રાજાશું, ચૈત્રવદ આઠમસાર ।। ૪ ।। પ્રભુ વિચરે મહીયલ, વરસ દિવસ વિણ આહાર ।। ગજરથને ઘોડા, જન દિએ રાજકુમારી ।। પ્રભુતો નવિ લેવે, જુવે શુદ્ધ આહાર ।। પડિલાભ્યા પ્રભુજી, શ્રી શ્રેયાંસ કુમાર ।। ૫ ।। ફાગણ અંધારી, અગિઆરસ શુભ ધ્યાન ।। પ્રભુ અઠ્ઠમ ભકતે, પામ્યા કેવલનાણ ।। ગઢ ત્રણે રચેં સુર, સેવા કરે કરજોડ ।। ચક્ર રત્ન ઉપન્યેા, ભરતને મન કોડ ।। ૬ ।। મારૂદેવા મોહે, દુઃખ આણે મનજોર ।। મારો ઋષભ સહે છે, વનવાસી દુઃખ ઘોર ।। તવ ભરત પયંપે ત્રિભુવન કેરો રાજ ।। તુમ પુત્ર ભોગવે, જુઓ માતા આજ ।। ૭ ।। ગજરથ બેસાડી, સમવસરણની પાસ ।। ભરતેસર આવે, પ્રભુવંદન ઉલ્લાસ ।। સુણી દેવની દુંદુભી ઉલસિત આણંદપુર ।। આવ્યાં હરખના આંસુ, તિમિર પડલ ગયાં દૂર ।। ૮ ।। પ્રભુની ઋદ્ધિ દેખી, એમ ચિંતે મનમાંહે ।। ધિક ધિક કુડી માયા, કોના સુત કોના તાત ।। એમ ભાવના ભાવતાં, પામ્યા કેવલજ્ઞાન ।। તતક્ષણ મારૂદેવા, તિહાં લહ્યો નિર્વાણ ।। ૯ ।। ધન્ય ધન્ય એ પ્રભુજી, ધન્ય એહનો પરિવાર ।। લાખ પુર્વ ચોરાશી, પાલી આયું ઉદાર ।। મહાવદી તેરસ દીને, પામ્યા સિદ્ધિનું રાજ ।। અષ્ટાપદ શિખરે, જય જય શ્રી જિનરાજ ।। ૧૦ ।।

।। કલશ ।। ચોવીશ જિનવર તણેા અંતર, ભણ્યેા અતિ ઉલ્લાસ એ, સંવત સતર તહોંતેરે, એમ રહી ચોમાસુંએ

।। સંઘ તણેા આગ્રહ ગ્રહી મેં, શ્રી વિમલવિજય ઉવઝાયએ
।। તસ શિષ્ય રામવિજય નામે, વર્યો જય જય કાર એ
।। ઇતિ શ્રી આંતરાનું સ્તવન સંપૂર્ણ ।।

---

# ।। અથ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન ।।

।। હરણી જવ ચરે લલનાં ।। એ દેશી ।।

।। કર જોડી કહે કામિની લલના, લાલાહેા પ્રીતમજી અવધાર, એહ ગિરિવર રે લલના ।। સફલ કરેા લહી આપણેા લલના, લાલાહેા માનવનેા અવતાર ।। એહ ગિરિ૦ ।। ૧ ।। નવ લખેા ટીલેાસ્યું કર લલના, લાલા હેાશે જવાલી જોડાવે ।। એહ૦ ।। સુનંદાનેા।નાહલેા લ૦ લાલા હેા ત્રિભુવન તિલક ભેટાવી, ।। એહ૦ ।। ૨ ।। ઋષભ સેનાદિક જિનવરા લલના, લાલાહેા મુક્તિ ગયા ઈણ ઠામ ।। એહ૦।। જિનતણી ફરસી ભૂમિકા લલના, લાલાહેા સિદ્ધ અનંતાનેા ઠામ ।। એહ૦ ।। ૩ ।। ઇણી ચેાવીશી સિદ્ધાચલે લલના, લાલાહેા નેમિ વિના ત્રેવીસ ।। એહ૦ ।। ભાવી ચેાવીશી આવશે લલનાં, લાલાહેા પદ્મનાભાદિ જિનેશ, ।। એહ૦ ।। ।। ૪ ।। આદિ જિણંદ સમેાસર્યા લલના ।। લાલાહેા પૂર્વ નવાણું વાર ।। એહ૦ ।। ચેામાસું અજિત જિનેશ્વર લલના,

લાલાહો શાન્તિ ચોમાસું સાર ।। એહ૦ ।। ૫ ।। પાંચ કોડિ પરિવાર શું લલના, લાલાહો ઋષભસેના પુંડરિક ।। એહ૦ ।। ચૈત્રી પુનેમ શિવ સંપદા લલના, લાલાહો પાંમી થયા નીરભીક, ।। એહ૦ ।। ૬ ।। કાતિક પુનમ કામિત વર્યા લલનાં, લાલાહો દ્રાવિડ વારિષેણ દોય ।। એહ૦ ।। દસ કોડિ મુનિ મહંતશું લલનાં, લાલા હો પ્રણમી પાતક ધોય ।। એહ૦ ।। ૭ ।। નમિ વિનમિ વિદ્યાધરા લલના, લાલાહો બે કોડી સાધુ સંગાતે ।। એહ૦ ।। ફાગણ સુદી દશમી શમી લલના, લાલાહો કીધો કર્મનો ઘાત ।। ૮ ।। ઋષભ વંશ નરપતિ ઘણું લલના, લાલાહો ભરત અંગજ કેઇ પાટ, ।। એહ૦ ।। સિદ્ધક્ષેત્ર શ્રેણી ચઢી લલનાં, લાલાહો રોપ્યા ધર્મના ઘાટ ।। એહ૦ ।। ૯ ।। નારદ એકાણું લાખ શું લલના, લાલાહો રામ ભરત ત્રણ કોટી, ।। એહ૦ ।। વીશ કોટીશું પાંડવા લલના, લાલાહો દેવકી સુત ષટ કોટિ ।। એહ૦ ।। ૧૦ ।। હરિનંદન દોય વંદિએ લલના, લાલાહો શ્યામ પ્રદ્યુમ્ન કુમાર, ।। એહ૦ ।। સાઠી આઠ કોડિ સાથે થયા લલના, લાલાહો શિવ સુંદરી ભરથાર ।। એહ૦ ।। ૧૧ ।। થાવચ્ચા સુત સંયમી લલના, લાલાહો સહસશું અણસણ લીધ, ।। એહ૦ ।। નેમી શિષ્ય નંદિષેણજી લલના, લાલાહો અજિત શાન્તિ સ્તવ કીધ, ।। એહ૦ ।। ૧૨ ।। સુવ્રત સહસ મુણિંદ શું લલના, લાલાહો શુક પરિવ્રાજક સિદ્ધ ।। એહ૦ ।। પંચસયા સેલક સૂરિ લલના, લાલાહો

મંડુક મુણિસુ પ્રસિદ્ધ, ।। એહ૦ ।। ૧૩ ।। સિદ્ધાચલ વિમલગિરિ લલનાં, લાલાહો મુક્તિ નિલય સિદ્ધ ઠામ ।। એહ૦ ।। શત્રુંજય આદિ જેહનાં લલનાં, લાલાહો ઉત્તમ એકવીસ નામ ।। એહ૦ ।। ૧૪ ।। ભવસાયર તરીએ જિણે લલના, લાલાહો તીરથ તેહ કહાય ।। એહ૦ ।। કારણ સકલ સફલ હોય લલના, લાલાહો આતમ વીર્ય સહાય ।। એહ૦ ।। ૧૫ ।। કીર્તિ સ્તંભએ જૈનનો લલના, લાલાહો શિવમંદીર સોપાન, ।। એહ૦ ।। ક્ષમાવિજય ગુરૂથી લહી લલના, લાલાહો સેવક જિનધરે ધ્યાન ।। એહ૦ ।। ૧૬ ।। ઇતિ શ્રી સિદ્ધાચલ સ્તવનમ્ ।।

---

# ।। સાત નારકીની ઢાલો ।।

।। ઢાલ ।। ૧ ।। વર્ધમાન જિન વિનવું, સાહીબ સાહસ ધીરોજી ।। તુમ્હ દરિસણવિણ હું ભમ્યો, ચિહું ગતિમાં વડવિરોજી ।। ૧ ।। પ્રભુ નરગ તણાં દુઃખ દોહિલાં, મેં સહ્યાં કાલ અનંતોજી ।। સોર કિયો નવિ કો સુણે, એક વિના ભગવંતોજી ।। ૨ ।। પાપ કરીનેં પ્રાણીઓ, પહોત્યો નરગ મઝારોજી, કઠિણ કુભાષા સાંભલિ, નયણ શ્રવણ દૂખ કારોજી ।। ૩ ।। શીતલ યોનિમે ઉપન્યો, રહેવું તપતે ઠામોજી ।। જાનુ પ્રમાણે રૂધીરના, કીચકહા

બહુ તાંમોજી ॥ ૪ ॥ તવ મનમાંહી ચિંતવે, જાઇએ કિણિ દશે નાસીજી ॥ પરવસ પડિયો પ્રાણીયો, કરતો ક્રોડ વીખાસીજી ॥ ૫ ॥ ચંદ નહી ત્યાં સુરજ નહી, જ્યાં ઘોર ઘટા અંધકારોજી ॥ થાનક અતિવ અસોહયામણો, ફરસ જિસ્યોપૂર ધીરોજી ॥ ૬ ॥ નવો નરગમાં ઉપજે, જાણે અસુરતિવારોજી ॥ કોપ કરીને આવે તિહાં, હાથ ધરિ હથિયારોજી ॥ ૭ ॥ કરે કાતરણી દેહડી, કરતો ખંડો ખંડજી ॥ રીવ અતિય કરે બહુ, પામે દૂખ પ્રચંડજી ॥૮॥

॥ ઢાલ બીજી ॥ વૈરાગી થયો ॥ એ દેશી ॥

ભાંજે કાયા ભાંજતોરે, માંરેપ્રીચારે માંહે ॥ ઉંધે માથે અગનિ દિએરે, ઉંચા બાંધે પાયરે ॥ ૧ ॥ જીનજી સાંભલો ॥ કડુઆ કર્મવિપાકરે, વીરજી સાંભલો ॥ એ આંકણી. ॥ વેતરણી તટણી તણારે, જલમાં નાંખેરે પાસ ॥ કરિય કુહાડા તરૂપરે, છેદે અધિક ઉલાસરે ॥ ૨ ॥ જીનજી સાંભલો૦॥ ॥ ક૦ વીરજી૦ ॥ ઉંચા જોજન પાંચસેરે, ઉછાલે આકાસ ॥ સ્વાનરૂપ કરે તિહાંરે, મૃગ જીમ પાડે પાશરે ॥ ૩ ॥ ॥ જિનજી૦ ॥ પન્નરે ભેદે સુર મલીરે, કરવત દીયેરે કપાલ ॥ આરોપે સુલીસીરેરે, ભાંજે જિમ તરૂ ડાલરે ॥ ॥ ૪ ॥ જિન૦ ॥ કડુયા૦ ॥ વીર૦ ॥ બોલે તાતા તેલમાંરે, તલી કરી કાઢેરે તામ ॥ વલી લોભરમાં ખેપવેરે, વિરૂઆ તાસવિરામરે ॥ ૫ ॥ જીન૦ ॥ ખાલ ઉતારે દેહનીરે,

અમીષ દાઈ આહાર ।। બહુ આરડા પાડતોરે, તન વિચ
ઘાલે ખારરે ।। ૬ ।। જિન૦ ।।
।। ઢાલ ।। ૩ ।। રાગ મારૂ ।। જીનજી કબ મિલેરે, ભોલાસુ
વલવલેરે ।। એ દેશી ।।

તાપ કરિને તે વલી ભૂમિકારે, મનસુ સીતલ જાણ ।।
આવી બેસે તરૂઅ છાંહડેરે, પડતાં ભાંજે પ્રાણ ચતુર મરાચ
જ્યોરે, વિરૂઆ વિષય વીલાસ ।। સુખ થોડા દૂખ બોહલા
જેહથીરે, લહિયે નરગ નીવાસ ।। ૨ ।। ચ૦ ।। કુંભી માંહે
પાક કરે તસ દેહનોરે, તિલ જીમ ઘાંણી માંહે ।। પીલી
પીલીને રસ કાઢે તેહનોરે, મહેર ન આવે તાંહિ ।। ૩ ।।
।। ચ૦ ।। નાઠો જાઇ ત્રિજીનરગ લગેરે, મન ધરતો ભય
ભ્રાંત ।। પછે પરમાધામી સુલિ ઉપરેરે,જેહવા કાલ કૃતાંત
।। ૪ ।। ચ૦ ।। ખાલ ઉતારે તેહની ખાંતસ્યૂંરે, ખારભરે
તસ દેહે ખાસ ।। પૂરાની પરે તે તિહાં ટલવલેરે, મેહેર
ન આવે તાસ ।। ૫ ।। ચ૦ ।। દાંત વિચે દઈ દસ આંગુ-
લીજી, ફરિ ફરિ લાગે પાય ।। વેદન સેહેતાં કાલ ગયો
ઘણોજી, હવે એ સહ્યો ન જાય ।। ૬ ।। ચ૦ ।। જિહાં
જાઇ તિહાં ઉઠે મારવારે, કોઇ ન પૂછે સાર ।। દૂખ ભરી
રોવે દીનપણે કરીરે, નિપટહિયાં નિરધાર ।। ૭ ।। ચ૦ ।।

।। ઢાલ ૪ ।। રાગ વેલાઉલ ।।
રે જીવ જિનધર્મ કીજીએ ।। એ દેશી ।।

પરમાંધામી સૂર કહે, સાંભલ તુ ભાઇ ।। કીહો દોષ

અમારડો, નિજ દેખો કમાઇ ।। ૧ ।। પરમાધામી સુર કહે ।। ા એ આંકણી૦ ।। પાપ કરમ કીધાં ઘણાં, બહુ જીવ વિ-ણાસ્યા ।। પ્રીડા ન જાણી પરતણી, કુડા મુખે ભાખ્યાં ।।૨।। પરમાધામી સુર કહે ।। ચોરી લાવ્યા ધન પારકું, સેવી પર નાર ।। આરંભ કામ કીધાં ઘણાં, પરિગ્રહનો નવિ પાર ।। ા ૩ ।। પરમા૦ ।। નિસિ ભોજન કીધા ઘણાં, બહુ જીવ સંહાર ।। અભક્ષ અથાણાં આચર્યા, પ્રાતિક નહિ પાર ।। ા ૪ ।। પરમા૦ ।। માતપીતા ગુરૂ ઓલવ્યા, કીધા ક્રોધ અપાર ।। માન માયા લોભ મન ધર્યા ।। મતિહિણા ગમાર ।। ા ૫ ।। પરમા૦ ।।

।। ઢાલ ૪ ।। વેવડીની ।। એ દેશી ।।

ઇમ કહી સુર વેદનાએ, વલિ ઉદ્દેરે તેહતો ।। ખીલા કંટાલા વજ્ર તણાએ, તીહાં પછાડે દેહતો ।। ૧ ।। તિરષા વસે તાતો તરૂએ, મુખમાં ઘાલે તામતો ।। અગ્નિ વરણ કરિપૂતલીએ, આલંબનદે જાંમતો ।। ૨ ।। સયલવદનકી ડાવહેએ, જીભ કરે સત ખંડતો ।। એ ફલ નિસીભોજન તણાં એ, જાંણે પાપ અખંડ તો ।। ૩ ।। અતિ ઉનો અતિ આકરો એ, આણેતાતો તીરતો ।। તે ધાલેતસ આંખમાંએ, કાને ભરે કથીરતો ।। ૪ ।। કાલા અધિક બીહાંમણાએ, ડૂંડકે સંઢાણતો ।। તે દીસે દીન દયામણાએ, વિલી નિરધારા પ્રાંણતો ।। ૫ ।।

॥ ઢાલ ॥ ૫ મી ॥ વાડી ફૂલી અતિ ભલી
મન ભમરારે ॥ એ દેશી ॥

એની પેરે બહૂ વેદના સહી ચીત ચેતોરે, વસતા નરક મોઝાર ચતુર ચિત ચેતોરે ॥ જ્ઞાની વિણ ન જાંણે કોઈ ॥ ચિ૦ કહેતા નાવે પાર ॥ ૧ ॥ ચ૦ ચી૦ ॥ દશ દૃષ્ટાંતે દોહીલેા ચિ૦ લાધો નરભવસાર ॥ ચ૦ ॥ પામ્યેા એલેહારી ગયેા ચિ૦ ॥ કરજ્યેા એહ વિચાર ॥૨॥ ચ૦ ॥ ચી૦ ॥ સુધેા સંયમ આદરો ચ૦ ॥ ટાલેા વિષય વિકાર ચ૦ ॥ પાંચે ઇંદ્રિય વસ્યકરો ચીત ચેતોરે, જિમ હેાય છુટક બાર ચતુર ચિત ચેતોરે ॥ ૩ ॥ નિદ્રાવિકથાપરીહરો ચીત ચેતોરે, આરાધેા જીન ધર્મ ચતુર ચિત ચેતોરે ॥ સમકિત રત્ન હીયેધરો ચિત ચેતોરે, ભાંજે મિથ્યા ભર્મ ચતુર ચિત્ત ચેતોરે ॥ ૪ ॥ વીર જિણંદ પસાઉલે ચી૦ અહીર નગપૂર મઝાર ચ૦ ॥ તવન રચ્યેા રલિયાંમણેા ચી૦ પરમકૃત ઉદ્ધાર ॥ ચતુર૦ ચી૦ ॥ ૫ ॥ ઇતિ૦ ॥ શ્રી મહાવિર સ્તવન સંપૂર્ણ ॥

---

# શ્રીમંધર સ્વામીનું સ્તવન.

॥ ઢાલ ૧ લી ॥

સુણ સુણ સરસ્વતી ભગવતી, તારી જગ વિખ્યાત; કવિ જનની કીરતી વધે, તેમ તું કરજે માત ॥ ૧ ॥

મંધરસ્વામી મહાવિદેહમાં, બેઠા કરે વખાણ ।। વંદણા મારી તીહાં જઈ, કેહેજ્યો ચંદ્રાભાણ ।। ૨ ।। મુજ હયડું સંશય ભર્યું, કુણ આગળ કહું વાત ।। જેહસુ માંડી ગોઠડી, તે મુજ ન મલે ઘાત ।। ૩ ।। જાણો આવુ તુમ કને, વિષમ વાટ પંથ દુર ।। ડુંગરને દરીઆ ઘણા, વિચે નદી વહે પુર; તે માટે ઇહાં કને રહી, જે જે કરૂ વિલાપ ।। તે તુંમે પ્રભુજી સાંભળો, અવગુણ કરજ્યો માફ ।। ૫ ।।

।। ઢાળ ।।

ભરતક્ષેત્રના માનવીરે, જ્ઞાની વીણ મુંઝાય ।। તિણ કારણ તુમને સહુરે, પ્રભુજી મનમાં ચાહેરે, સ્વામિ આવો આણે ક્ષેત્ર ।। જો તુમ દરીસણ દેખીયેરે, તો નિરમલ કીજે મોરા નેત્રરે સ્વામી ।। ૧ ।। ગાડરિયો પરિવાર મલ્યોરે, ઘણું કરે તે ખાસ ।। પરિક્ષાવંત થોડા હુવેરે; સીરધારૂ વિસવાસરે સ્વામી. ।। ૨ ।। ધરમિની હાંસી કરેરે, પક્ષ વિહુંણો સિદ્ધાય ।। લોભ ઘણો જગ વ્યાપીયોરે, તેણે સાચો નવી થાયરે ।। ૩ ।। સમાચારી જુઇ જુઇરે, સહુ કહે માહરો ધર્મ ।। ખોટો ખરો કિમ જાણીયે રે, તે કુણ ભાંજે ભરમ રે. સ્વામી ।। ૪ ।।

।। ઢાલ ।। ૨ ।।

વિરપ્રભુ જ્યારે વિચરતા, ત્યારે વરતતી શાંતિરે, ।। જે જન આવીને પુછતા, તહારે ભાંજતી ભ્રાંતીરે ।। હૈ હૈ

જ્ઞાનીનો વીરહો પડયો, તેતો દહે મુજ દુખરે, સ્વામી શ્રીમંધર તુજ વિનાં, તેતો કુણ કરે સુખરે હૈ. ॥ ૨ ॥ ભુલો ભમેરે વાડોલીઆ, જીહાં કેવલી નાહીરે ॥ વિરહી ને રયણી જીસીરે, તીસીજ ઘડી જાયરે હૈ ॥ ૩ ॥ વાત મુખે નવનવી સાંભળી, પણ નિરતી નવી થાયરે. ॥ જે જે દુર્ભાગીઆ જીવડા ॥ તેતો અવતર્યા આંહીરે. હૈ. ॥ ૪ ॥ ધન્ય મહા વિદેહના માનવિ, જીહાં જીનજી આરોગ્યરે ॥ નાણ દર્શન ચરણ આદરે, સંયમ લીયે ગુરૂયોગરે હૈ. ॥૫॥

॥ ઢાળ ॥ ૩ ॥

મંધર સ્વામી મહારારે, તું ગુરૂ ને તું દેવ ॥ તું વિન અવર ન ઓલગું રે, ન કરૂ અવરની સેવરે ॥ અહિંયા કને આવજો ॥ વલી ચતુર્વિધ સંઘરે સાથે લાવજો. ॥ ૧ ॥ તે સંઘ કેમ કીરીયા કરેરે. કિણી પરે ધ્યાવે ધ્યાન ॥ વૃત પચ્ચખાણ કેમ આદરે, કેની પરે દેશે દાનરે. ॥ ૨ ॥ ઈહાં ઉચિતકિરયા ઘણીરે, અનુકંપા લવલેશ ॥ અભય સુપાત્ર અલ્પ હુવારે, એહવા ભરતમાં દેશોરે. અહીં ॥ ૩ ॥ નિશ્ચય સરસવ જેટલોરે, બહુ ચાલ્યો વ્યવહાર ॥ અભ્યંતર વિરલા હુવારે, બાજો બાહ્ય આચારોરે. ઈહાં ॥ ૪ ॥

॥ ઢાલ ॥ ૪ ॥

શ્રીમંધર તું માહરો સાહિબ. હું સેવક તુજ દાસરે ॥ ભમિ ભમિ ભવ કરી થાકિયો; હવે આવ્યો શીવરાજરે

શ્રી ।। ૧ ।। ઇણ વાટે વટેમારગું નાવે, નાવે કાસીદ્ર કેાઇરે ।। કાગળ કુણ સાથે પહેાંચાડું, હું મુજ્યેા તુમ મેાહે રે. શ્રી ।। ૨ ।। ચાર કષાય ઘટમાં રહ્યા વ્યાપી, રાતેા ઇંદ્રી રસેરે ।। મદ્ર કહેા પણ કયારે વાપે, મન નાવે મુજ વેશરે ।। ૩ ।। તુષ્ણાનું દુઃખ હેાત નહી મુજને, હેાત સંતેાષનેા ધ્યાનરે ।। હું ધ્યાન ધરત પ્રભુ તારે, થિર કરી રાખત મન્નરે ।। ૪ ।। નીવડ પરિણામે ગેાઠડી બાંધી, તે છુટું કીમ સ્વામીરે ।। તે હું નર તુજમાં છે પ્રભુજી, આવેા અમારી કનેરે ।। ૫ ।।

।। ઢાળ ।। ૫ ।।

શ્રીમંધર જીન એમ કહે, પુછે તીહાંના લેાકરે ।। ભરત ક્ષેત્રની વારતા, સાંભળે, સુરનર થેાકરે ।। ૧ ।। ત્રીજે આરેાએઠા પછી, જાસે કેટલેા કાલરે ।। પદ્મનાભજીન હુસે ।। જ્ઞાની ઝાકઝમાલરે ।। ૨ ।। છઠે આરે જે હુસે ।। તે પ્રાણીના બહુ પાપરે ।। શાતા નહિરે એક ઘડી, રવિનેા ઝાઝેરેા તાપરે ।। ૩ ।। એાછું આયું માણસ તણું ।। મેાટા દ્વેવના આયરે ।। સુખ ભેાગવતા સ્વર્ગના ।। સાગર પલ્યેાપમ જાયરે ।। ૪ ।। સરાગીને એમ કહે ।। તુમે તારેા ભગવંતરે ।। આપથી આપે તરે ।। ઇમ સુણજો સહુ સંતરે ।। ૬ ।।

।। ઢાલ ।। ૬ ।।

એહ સુત્રમાં જીવતે વાતેા સાંભળીરે ।। મકર હવે જીવ વીખવાદ ।। જેરે તેં પુન્ય પુરવ કીધા નહિરે ।।

તો કીહાંથી પહોંચે આસ ।। જીનજી કીમ મળેરે ।। ૧ ।।
કહે ભોલા સુવ્યલેલે, તુંસરાગી પ્રભુ વૈરાગી માં વડો રે ।।
કીમ આવે પ્રભુ આહી ।। જી ।। ૨ ।। ચોલ મજીઠ સરખો
જીનજી સાહીબોરે, તુંતો ગલીનો રંગ ।। કટ કાચ તણો મુલ
તુજમાં નહીં રે ।। પ્રભુ નગીનો રંગ ।। જી૦ ।। ૩ ।। શ્રી
ભમર સરીખો ભોમી શ્રી ભગવંતજીરે, તું તો માખી
તોલ ।। સરીખા સરીખે વીણ કીણ બાજે ગોઠડીરે, તું
હૃદય વિચારી બોલ ।। જી૦ ।। ૪ ।। કરમ સાથે લપટાણો
તું જીહા લગેરે, તીહાં લગે તુજનેકાસ ।। સમતાનો ગુણ જ્યારે
તુજમાં આવશેરે, તિહારે જઈશ પ્રભુની પાસ ।। જી ।। ૫ ।।

।। ઢાળ ।। ૭ ।।

શ્રી મંધર સ્વામી તણી ગુણમાલા, જે નર ભાવે
ભણશેરે ।। તસ સીર વૈરી કોઈ નહી વ્યાપે ।। કરમ શત્રુને
હણશેરે ।। હમચડી ।। હમચડી મારી હેલરે ।। સીમંધર
મોહન વેલરે ।। સત્યકી રાણીનો નંદન નીરખી ।। સુખ
સંપતીની ગેલરે ।। હમચડી ।। શ્રીમંધર સ્વામી તણી
ગુણમાલા ।। જેનારી નીત્ય ગણસરે ।। સતી સોહાગણ
પીહર પસરી ।। પુત્ર સુલક્ષણ જણશેરે ।। હમ૦ ।। સીમં-
ધરસ્વામી શીવપુર ગામી ।। કવિતા કહે સીરનામી ।। વંદણા
માહરી હૃદયમાં ધારી ।। ધરમલાભ દ્યો સ્વામીરે ।। હમ-
ચડી૦ ।। શ્રી તપગચ્છનો નાયક સુંદર ।। શ્રી વિજય દેવ
પટોધરરે ।। કિરતી જેહની જગમાં ઝાઝી ।। બોલે નરને

નારીરે ।। હમચડી० ।। શ્રી ગુરૂવયણ સુણી બુદ્ધિ સારૂ ।। સીમંધર જીન ગાયેારે ।। સંતોષી કહે દેવગુરૂ ધર્મ, પુરવ પુન્યે પાયેારે ।। હમચડી० ।।

।। શ્રીમંધરસ્વામીનું સ્તવન સંપૂર્ણ સર્વ ગાથા ૩૮ ।।

---

# અથ આંબીલ તપશ્રીસિદ્ધચક્રજીનું સ્તવન.

।। જીહો કુંઅર બેઠા ગોખડે ।। એ દેશી ।।

।। જીહો પ્રણમું દિન પ્રત્યેં જિનપતિ ।। ।। લાલા ।। શિવ સુખકારી અશેષ ।। જી હો આ શોઈ ચૈત્રી ભણી ।। લાલા ।। અઠાઈ વિશેષ ।। ૧ ।। ભવિકજન, જિનવર જગ જયકાર ।। જીહો જિહાં નવપદ આધાર ।। ભ० ।। એ આંકણી ।। જીહો તેહ દિવસ આરાધવા ।। લાલા ।। નંદીસર સુર જાય ।। જીહો જીવાભિગમમાંહે કહ્યું ।। લા० ।। કરે અડ દિન મહિમાય ।। ૨ ।। ભ० ।। જીહો નવપદ કેરા યંત્રની ।। લા० ।। પૂજા કીજે રે જાપ ।। જીહો રોગ શોક સવિ આપદા ।। લા० ।। નાસે પાપનો વ્યાપ ।। ૩ ।। શ્ર० ।। જીહો અરિહંત સિદ્ધ આચારજા ।। લા० ।। ઉવઝાય સાધુ એ પંચ ।। જીહો દંસણનાણ ચરિત્ર તવો ।। લા० ।। એ ચઉ ગુણનો પ્રપંચ ।। ૪ ।। શ્ર० ।। જીહો એ નવ પદ આરાધતાં ।। લા० ।। ચંપાપતિ વિખ્યાત ।। જીહો નૃપ શ્રીપાલ સુખીયેા થયેા ।। લા० ।। તે સુણજો અવદાત ।। ૫ ।। ભ० ।। ઇતિ ।।

॥ ઢાલ બીજી ॥ કોઇલો પર્વત ધૂંધલો રે લો ॥ એ દેશી ॥

॥ માલવધુર ઉજ્જેણીયે રે લો, રાજ્ય કરે પ્રજાપાલરે ॥ સુગુણ નર ॥ સુરસુંદરી મયણાસુંદરી રે લો, બે પુત્રી તસ બાલ રે ॥ સુ૦ ॥ ૧ ॥ શ્રી સિદ્ધચક્ર આરાધીયે રે લો, જેમ હોય સુખની માલ રે ॥ સુ૦ ॥ શ્રી૦ ॥ એ આંકણી ॥ પહેલી મિથ્યા શ્રુતભણ્યા રે લો, બીજી જિન સિદ્ધાંત રે ॥ સુ૦ ॥ બુદ્ધિ પરીક્ષાઅવસરે રે લો, પૂછી સમસ્યા તુરંત રે ॥ સુ૦ ॥ ૨ ॥ શ્રી૦ ॥ તુઠો નૃપ વર આપવા રે લો, પહેલી કરે તે પ્રમાણ રે ॥ સુ૦ ॥ બીજી કર્મ પ્રમાણથી રે લો, કોપ્યો તે તવ નૃપ ભાણ રે ॥ સુ૦ ॥ ૩ ॥ શ્રી૦ ॥ કુષ્ઠી વર પરણાવિયો રે લો, મયણાં વરે ધરી નેહ રે ॥ સુ૦ ॥ રામા હજીય વિચારીયેં રે લો, સુંદરી વિણસે તુજ દેહ રે ॥ સુ૦ ॥ ૪ ॥ શ્રી ॥ સિદ્ધ ચક્ર પ્રભાવથી રે લો, નીરોગી થયો જેહ રે ॥ સુ૦ ॥ પુણ્યપસાયેં કમલા લહી રે લો, વાધ્યો ઘણો સસનેહ રે ॥ સુ૦ ॥ ૫ ॥ શ્રી૦ ॥ માઉલે વાત તે જબ લહી રે લો. વંદવા આવ્યો ગુરુ પાસ રે ॥ સુ૦ ॥ નિજ ઘર તેડી આવિયો રે લો, આપે નિજ આવાસ રે ॥ સુ૦ ॥ ૬ ॥ શ્રી૦ ॥ શ્રીપાલ કહે કામિની સુણો રે લો, મેં જાવું પર-દેશ રે ॥ સુ૦ ॥ માલ મતા બહુ લાવશું રે લો, પૂરશું તુમ તણી ખાંત રે ॥ સુ૦ ॥ ૭ ॥ શ્રી૦ ॥ અવધિ કરી

એક વરસની રે લેા, ચાલ્યેા નૃપ પરદેશ રે ।। સુ० ।। શેઠ ધવલ સાથેં ચલ્યેા રે લેા, જલપંથેં સુવિશેષ રે ।। સુ० ।। ૭ ।। શ્રી० ઈતિ ।।

।। ઢાલ ત્રીજી ।। ઈડર આંબા આંબલી રે ।। એ દેશી ।।

।। પરણી બબ્બર પતિ સુતા રે, ધવલ મૂકાવ્યેા જ્યાંહ જિનહર બાર ઉઘાડતે રે, કનકકેતુ બીજી ત્યાંહ ।। ૧ ।। ચતુરનર, શ્રી શ્રીપાલચરિત્ર ।। એ આંકણી ।। પરણી વસ્તુપાલની રે, સમુદ્ર તટે આવંત ।। મકરકેતુ નૃપની સુતા રે, વીણા વાદે રીઝંત ।। ચ० ।। ૨ ।। પાંચમી ત્રૈલેાકય સુંદરી રે, પરણી કુબ્જા રૂપ ।। છઠી સમસ્યા પૂરતી રે, પંચ સખીશું અનૂપ ।। ચ० ।। ૩ ।। રાધાવેધી સાતમી રે, આઠમી વિષ ઉતાર ।। પરણી આવ્યેા નિજ ઘરેં રે, સાથેં બહુ પરિવાર ।। ચ० ।। ૪ ।। પ્રજાપાલેં સાંભલી રે, પરદલ કેરી વાત ।। અંધેં કુહાડેા લેઈ કરી રે, મયણા હુઈ વિખ્યાત ।। ચ० ।। ૫ ।। ચંપારાજ્ય લેઇ કરી રે, ભેાગવી કામિત ભેાગ ।। ધર્મ આરાધી અવતર્યો રે, પહેા તેા નવમે સુરલેાગ ।। ચ० ।। ૬ ।। ઈતિ ।।

।। ઢાલ ચેાથી ।। કંત તમાકુ પરિહરેા ।। એદેશી ।।

।। એમ મહિમા સિદ્ધચક્રનેા, સુણિ આરાધે સુવિવેક ।। મેારે લાલ ।। ૧ ।। શ્રી સિદ્ધચક્ર આરાધીયે ।। એ

આંકણી ॥ અડદલ કમલની થાપના, મધ્યેં અરિહંત ઉદાર ॥ મો૦ ॥ ચિહું દિશે સિદ્ધાદિક ચઉ, દિશેં તુ ગુણ ધાર ॥ મો૦ ॥ ૨ ॥ શ્રી૦ ॥ બે પડિક્કમણાં જંત્રની, પૂજા દેવ વંદન ત્રિકાલ ॥ મો૦ ॥ નવમે દિન સવિશેષથી, પંચામૃત કીજેં પખાલ ॥ મો૦ ॥ ૩ ॥ શ્રી ॥ ભૂમિશયન બ્રહ્મવિદ્યા ધારણા, રુંધી રાખો ત્રણ જોગ ॥ મો૦ ॥ ગુરુ વૈય્યાવચ્ચ કીજીયે, ધરો સદ્દહણા ભોગ ॥ મો૦ ॥ ૪ ॥ શ્રી૦ ॥ ગુરૂપડિલાભી પારીયેં, સાહમી વચ્છલ પણ હોય ॥મો૦॥ ઉજમણાં પણ નવનવાં, ફલ ધાન્ય રયણા દિક ઢોય ॥મો૦ ॥ ૫ ॥ શ્રી૦ ॥ ઈહ ભવ સવિ સુખ સંપદા, પરભવેં સવિ સુખ થાય ॥ મો૦ ॥ પંડિત શાંતિવિજય તણો, કહે માનવિજય ઉવઝાય ॥ મો૦ ॥ ૬ ॥ શ્રી ॥ ઈતિ ॥

---

# શ્રી નાશકમાં શ્રી ધર્મનાથજીનું સ્તવન.

ધર્મ જિનેશ્વર તુજ મુજ આંતરૂ, કિમ ભાંજે ભગવંત ॥ ભવ મંડપમાંરે નાટક નાચતા, હવે મુજ મલિયોરે સંત ॥ ધર્મ જિનેશ્વર તુજ મુજ આંતરૂ ॥ એ આંકણી ॥ ૧ ॥ મોહ-નૃપતિનારે જોર થકી ભમ્યો, ભમિયો કાલ અનંત ॥ શબ્દરૂપ રસ ગંધ ને સ્પર્શથી, વિષયે વહ્યો ભ્રમંત ॥ધર્મ॥ ૨ ॥ કામ કટકનીરે સહી બહુ વેદના, કહેતાં નાવેરે પાર ॥ રાગદ્વેષ

પરણુતી અતિ આકરી, તેણે કર્યો દુઃખ અપાર ।। ધર્મ ।। ૩ ।।
જે દુઃખ સહ્યારે નરક નિગોદનાં, તે જાણે અરિહંત ।। તીર્યંચ
ગતિમાંરે જે પરવશપણે, સહ્યાં દુઃખ અનંત ।। ધર્મ ।।૪।।
દેવગતિમાંરે વિષયની લાલચે, સેવ્યા પરવશ કામ ।। મનુષ્ય-
ગતિમાંરે ધર્મ કર્યો નહી, દુઃખ લહ્યું ઠામો ઠામ ।। ધર્મ.
।। ૫ ।। હવે તુજ દર્શન સ્પર્શન યોગથી, જીમ હોય કનક-
પાષાણ ।। તિમ મુજ આતમ સ્વામી યોગથી, પામશે પદ
નિરવાણ ।। ધર્મ ।। ૬ ।। નાશક નગરેરે દક્ષીણ દેશમાં, દેખ્યો
તુજ દેદાર ।। કમલ વિજય કહે તુજ દર્શનથકી, પામ્યો ભવ-
નોરે પાર ।। ધમ જિનેશ્વર ।। ૭ ।।

ઇતિશ્રી ધર્મનાથજીનું સ્તવન સંપૂર્ણ ।।

---

# શ્રી ખડકી ગામે શ્રી શાંતિનાથજીનું સ્તવન.

શાંતિજિનેશ્વર સાચો સાહેબ, શાંતિ કરે એક પલ-
માંહોજિનજી; તું મેરા મનમાં, તું મેરા દિલમાં ।। એ
આંકણી૦ ।। વિશ્વસેન કુલ નભોમણી છાજે, અચિરા માત
મલ્હાર હો જિનજી; હસ્તિનાપુર નગર વિરાજે, મૃગલાંછન
સુખકારહો જિનજી; તું મેરા મનમાં તું મેરા દિલમાં.।।૧।।
ચાલીશ ધનુષની દેહડી સોહે, લાખ વર્ષનું આયુહો જિનજી;
સમચઉરસ સંસ્થાને શોભે, વાણી ગુણ અસરાલહો જિનજી.

તું મેરા૦ ॥ ૨ ॥ યેાજન ગામિની વાણી મીઠી, ચેાત્રીશ અતિશય છાજેહેા જિનજી; દેવતિરિ નર સહુયે સમઝે, મેઘધ્વની પરે ગાજેહેા જિનજી. તું મેરા મનમાં, તું મેરા દિલમાં. ॥ ૩ ॥ દક્ષિણ દેશે ખડકી ગામે, તુજ મૂર્તિ મનેાહારી હેા જિનજી; દર્શનકરી સુખસંપદા પામ્યેા, તુજ મુદ્રા સુખકારીહેા જિનજી. તું મેરા મનમા, તું મેરા દીલમાં. ॥ ૪ ॥ ઓગણીશે ઇકેાતેર વર્ષે, કાર્તિક માસ મેાઝારીહેા, જિનજી; અઠાઇ ઓછવ શેાભા દીઠી, સંઘતણી બલિહારીહેા જિનજી. તું મેરા મનમાં, તું મેરા દિલમાં. ॥ ૫ ॥ મુક્તિવિજય પદ પામ્યા જિનજી, સેાલસમાજિનરાયાહેા; જિનજી ॥ કમલવિજય તસધ્યાન ધરંતા, શીવકમલા ઘર પાયા. હેા જીનજી ॥ તું મેરા મનમાં, તું મેરા દિલમાં.॥૬॥

ઇતિશ્રી શાંતિનાથજીનું સ્તવન સંપૂર્ણ૦

---

# અથ શ્રી શાંતિનાથજીની લાવણી ॥૧લી॥

શ્રી શાંતિજીનેશ્વરસ્વામિ, સુખના ધામ, પરમ ઉપગારીઃ પરમ ઉપગારી. પ્રભુ દરાપુરાના સંઘતણા અધિકારી એ આંકણી. ॥ ૧ ॥ પ્રભુ દર્શનેાશિવ સુખથાય ભવદુઃખજાય જ્ઞાનનિરધારી જ્ઞાનનિરધારી પ્રભુ૦ ॥ ૨ ॥ પ્રભુ સન્મુખ સુમ-

તિનાથ, ભવોદધિ પાથ, પાર ઉતારી પાર ઉતારી પ્રભુ ।।૩ ।। પ્રભુ અઠ્ઠાઈ મહોચ્છવ થાય, પુજાએા ભણાય, ચોસઠ પ્રકારી ચોસઠ પ્રકારી પ્રભુ. ।।૪।। પ્રભુ સુમતિનાથ મહારાજ, સફલદીન આજ, સેવા લહી તારી સેવા લહી તારી પ્રભુ. ।।૫ ।। પ્રભુ ભક્તિ કરતા ભવોભવ પાતિક જાય, અનંત સુખ થાય, કર્મ ભયવારી કર્મ ભયવારી પ્રભુ. ।। ૬ ।। ઈમ સ્તવના કરી મેં આજ, કર્મ ક્ષય કાજ, શાંતિ દીલધારી શાંતિ દીલધારી પ્રભુ. ।। ૭ ।। એાગણીસમે એાગણપચ્ચાસ, વરસમાં ।ખાસ, માસ શુચી ધારી માસ શુચી ધારી પ્રભુ. ।। ૮ ।। શ્રી મુક્તિ વિજય ગણી શિષ્ય, લબ્ધિ સુજગીશ, કમલ દિલધારી કમલ દીલ ધારી, પ્રભુ દરાપુરાના સંઘ તણા અધિકારી પ્રભુ. ।। ૯ ।। સંપૂર્ણમ્.

---

# અથ શ્રી શાંતિનાથજીની લાવણી ।।૨જી।।

શ્રી શાંતિનાથ મહારાજ, ગરિબ નિવાજ, સુણેા જીનવરજી. સુણેા જીનવરજી, સેવક શિરનામી, હાથ જોડી કરે અરજી ।। એ આંકણી ।। તુમ શાંતિના દાતાર, પરમ સુખકાર, વસેા મુજ મનમાં ।। વસેા० ।। તેા ભાંગે ભવની બીક, રહું હું મગનમાં ।। શ્રી० ।। ૨ ।। તુમ પસાયથી રહ્યો આંહી, પાદરા માંહી, ।। ચેામાસું કરવા ચેામાસું० ।। તુમ દર્શન

કરીને, વેહલેા ભવજલ તરવા ।। શ્રી૦ ।। ૩ ।। તુમ દર્શનથી મહારાજ, સર્યા મુજ કાજ, રહી નહિ ખામી ।। રહી૦ ।। મુજ પુરવ પુણ્યથી મળીયાં અંતર જામી ।। શ્રી૦ ।। ૪ ।। ઓગણીસેંને પંચાસ, વરસમાં ખાસ, ઓચ્છવ અતિ કીધેા ।। ઓચ્વ૦ ।। પ્રભુ શાંતિનાથનેા પ્રાસાદ ભૂમિમાં પ્રસિદ્ધેા ।। શ્રી૦ ।। ૫ ।। થયું ઉજમણું ને સમેાશરણ બહુ ભારી શરણ બહુ ભારી; વળી શાંતિ સનાત્રની, શેાભા આવી સારી. ।। શ્રી૦ ।। ૬ ।। તે દેખી મન પ્રસન્ન, આજ દિન ધન્ય, થયેા હવે મારેા, ।। થયેા૦ ।। પ્રભુ વાસુપુજ્ય ભગવંત, ભવજલ તારેા. ।। શ્રી૦ ।। ૭ ।। તમે કરૂણાના ભંડાર, ભવિક હિતકાર, અનંત ગુણ ધારેા. ।। અનંત૦ ।। તુમ કરૂણાથી મહારાજ, વહ્યેા દિન મારેા. ।। શ્રી૦ ।। ૮ ।। શ્રી મુક્તિ વિજય મહારાજ, મુક્તિને કાજ, લબ્ધિ વિસ્તારેા ।। લબ્ધિ૦ ।। કહે કમલ વિજય મુજ, ભવજલ પાર ઉતારેા. ।। શ્રી૦ ।। ૯ ।।

સંપૂર્ણમ્

---

# અથશ્રી ભરૂચમાં રૂષભદેવજીનું સ્તવન

દેશી લલનાની.

આદિ જીન અવધારીયે લલના, લાલ હેા મહેર કરી મહેરબાન, એ પ્રભુ સેવેારે લલના; ભ્રગુપુર નગરે શેાભતા

લલના, લાલ હો કરીયે એક ચિત્તધ્યાન. એ પ્રભુ સેવોરે લલના. ॥ ૧ ॥ નાભીરાય કુલ ચાંદલો લલના, લાલ હો મરૂદેવી માત મલ્હાર, એ પ્રભુ સેવોરે લલના; ભરત ભૂપ કર્યો કે વળા લલના, લાલ હો આરિસા ભુવન મોજાર, એ પ્રભુ સેવોરે લલના. ॥ ૨ ॥ બાહુબલિને મોકલ્યું લલના, લાલ હો સનમુખ કેવલનાણ, એ પ્રભુ સેવોરે લલના; જુગ કરતાં વારિયા લલના, લાલ હો પુત્ર અઠાણું સુજાણ, એ પ્રભુ સેવોરે લલના. ॥ ૩ ॥ બ્રાહ્મી સુંદરી ઉધરા લલના, લાલ હો પુંડરિક કારજ કીધ, એ પ્રભુ સેવોરે લલના; એકસો આઠ પરિવારશું લલના, લાલ હો અષ્ટાપદ ગિરિસિદ્ધ, એ પ્રભુ સેવોરે લલના. ॥ ૪ ॥ એમ અનેક તેં તારિયા લલના, લાલ હો પોતાનો પરિવાર, એ પ્રભુ સેવોરે લલના; સાર કરો હવે માહરી લલના, લાલ હો જાણી. પર ઉપગાર, એ પ્રભુ સેવોરે. ॥ ૫ ॥ ઉપગારી અરિહંતજી લલના, લાલ હો રાગ રહિત ભગવાન, એ પ્રભુ સેવોરે લલના; મારા તારા મત કરો લલના, લાલ હો કારયે આપ સમાન, એ પ્રભુ સેવોરે લલના ॥ ૬ ॥ બાળક બુદ્ધિથી વિનવું લલના, લાલ હો ખમજ્યો મુજ અપરાધ, એ પ્રભુ સેવોરે લલના; મુક્તિવિજય પદ પામવા લલના, લાલ હો કમલને કરો નિરાબાધ, એ પ્રભુ સેવોરે લલના. ॥ ૭ ॥ સંપૂર્ણમ્.

---

# અથ શ્રી શ્રેયાંસ જિન સ્તવન

(ચોવીશ દંડક વારવા હું વારી, ચોવીશમો જિન ચંદરે
હું વારા લાલ.) એ દેશી.

શ્રેયાંસ જિનવર સેવતાં હું વારી દુઃખ દોહગ સવિ જાય રે હું૦
સમતા પૂરણ પામીને હું વારી, આત્મ સ્વરૂપ ઓલખાય રે હું૦
શ્રી શ્રેયાંસ જિનવર સેવીએ હું વારી ॥ ૧ ॥
ઇંદ્રિ સમૂહને વશ કરી, હું વારી૦ ચિત્ત સમાધિમાં રખાય રે હું૦
જ્ઞાન વિભ્રાંતિ ધારણ કરે હું વારી૦ તો મુજ એવો કહેવાય રે હું૦
જ્ઞાન અમૃતની લેહેરથી હું વારી૦ સમુદ્ર સમા જે ગણાય રે હું૦
તે પરમાનંદ સ્વરૂપમાં હું વારી૦ ભજતા જશ સુખદાય રે, હું૦
વિષય મદ્વેતસ ચાલવું હું વારી૦ તે હળાહળ વિષ જાણી રે, હું૦
વિષય ભુજંગની ચોટમાં હું વારી, ઉગરે કુણ ભવિ પ્રાણી રે. હું૦
સ્વભાવ સુખમાંજ મગ્ન છે હું વારી૦ જગતના તત્વને જોઇ રે. હું૦
અન્ય પદાર્થનું તેહને હું વારી૦ કરવાપણું નથી હોય રે. હું૦
પરબ્રહ્મ સુખમાં મગ્ન છે હું વારી૦ પુદ્ગલિકથી તસ ફોકરે. હું૦
સોનાનો મદ તસ શું કરે હું વારી૦ શું કરે તસ દારા લોક રે. હું૦
ઇમ નિજ મગ્નતા રહે હું વારી૦ અગ્યારમા જિનરાય રે. હું૦
વિજય મુક્તિવર પામવા હું વારી૦ ચરણ કમળ સુખદાય રે. હું૦
ઇતિ.

# અથ શ્રી શાંતિનાથ સ્તવન

(હાંરે મારે ઠામધર્મના સાડી પચવીશ દેશ જો એ દેશી)

હાંરે મારે શાંતિ જીણુંદશું લાગ્યેા અવિહડ રંગ જો,
ભંગ ન પાડશેા ભક્તિમાં કેાઈ જાતનેા રે લેાલ ॥
હાંરે મારે નામ જપંતાં ઉછલે હરખ તરંગજો,
રંગ વધ્યેા ઘણેા સુખકારી ભલી ભાતનેા રે લેાલ ॥૧॥
હાંરે મારે સ્થાપના દેખી અનુભવ પ્રભુનેા થાય જો,
સમવસરણની રચના સઘળી સાંભરે રે લેાલ ॥
હાંરે મારે ભાવ અવસ્થા ભાવતાં પાતિક જાય જો,
પ્રતિહાર્યની શેાભા કહું હવે ભલી પરે રે લેાલ ॥૨॥
હાંરે મારે વૃક્ષ અશેાકે સુર પુષ્પ વૃષ્ટિ ઘણી હેાય જો,
દીવ્યધ્વની સુર ચામર વિંજાયે ઘણાં રે લેાલ ॥
હાંરે મારે આસનને ભામંડલ પૂંઠે જાય જો,
દુંદુભી દેવને છત્રતણી કાંઈ નહીં મણા રે લેાલ ॥૩॥
હાંરે મારે જઘન્ય થકી પણ ક્રેાડ દેવ કરે સેવ જો,
કનક કમલ નવ ઉપરે પ્રભુ પગલાં ઠવે રે લેાલ ॥
હાંરે મારે ભક્તિભાવથી પામે શાસ્વત મેવજો
ભાવ અવસ્થા વરણવી કહું હવે રે લેાલ ॥૪॥
હાંરે મારે માતા અચિરા વિશ્વસેન મહારાય જો,
હસ્તીનાપુર નગર નિવાસી જાણીએ રે લેાલ ॥

હાંરે મારે મૃગલંછન પ્રભુ લાખ વર્ષનું આયજો,
ચાલીસ ધનુષનું દેહમાન વખાણીએ રે લોલ ॥૫॥
હાંરે મારે સમચઉરસ સંસ્થાને શોભિત કાય જો,
ચોત્રીશ અતિશય પાંત્રીશ વળી ગુણે ભર્યા રે લોલ ॥
હાંરે મારે દોષ અઢાર રહિત શિવપૂરના સાથ જો
આશ્રય કરતાં ભવિજન ભવસાયર તરે રે લોલ ॥૬॥
હાંરે મારે સૂત્ર ઠાણાંગે કહ્યા નિક્ષેપા ચાર જો,
મુઢમતિ નવિ માને શું કરવું તિસે રે લોલ ॥
હાંરે મારે વિજયમુક્તિ ગુરૂ ચરણ કમલ આધાર જો
સૂત્ર ઉવેખી નવ દંડકમાં તે જશે રે લોલ ॥૭॥ ઇતિ.

---

# શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

દરિસણ આવ્યારે હો દરિસણ આવ્યારે હો દેવા નંદા ભામણીજી. સાથે લીધો પોતાનો કંથ. એક રથ બેસી રે હો દંપતિ દોય સંચર્યાજી, વંદણ આવ્યા તીહાં શ્રી ભગવંત ॥ દરિસણ આવ્યારે હો દેવાનંદા ભ્રામણીજી ॥ ૧ ॥

ધરેણાં તે પહેર્યારે અતિહ જડાવનાંજી. સોભે સોભે અપસરા મનોહાર, રૂંમ રૂંમ કરતીરે હો હેડે પ્રેમશું જીરે. અઠાર દેશના દાસી છે સાથ, દરિસણ આવ્યા હો દેવા નંદા ભ્રામણીજી ॥ ૨ ॥ અતિશય દેખીરે હો હેઠાં ઉતર્યાજી,

પાળા થઈને આવ્યા પ્રભુજીની પાસ, પંચ અભિગમ હો દંપતિ દોય સંચર્યાજી, સેવાતે કીધી મનને ઉલ્લાસ. હરિ-સણુ આવ્યા હો દેવા નંદા બ્રામણીજી ॥ ૩ ॥ ઉભાંતે થઇનેરેહોજીવે સુંદરીજી, નયન કમલ કીહાં નવિ જાય. તનમન ઉલસાંરે હો દેવાનંદા બ્રામણી, નજર તે ખેંચી પાછી નવિ જાય. હરિસણુ આવ્યારે હો દેવા નંદા બ્રામ-ણીજી ॥ ૪ ॥ પ્રભુજીને દેખીરે હો પાનો આવીયોજી, પ્રકુલ્લીત દેહડી ને અંગ ન માંય ॥ કશતે તુટીરે હો કંચુકી તણીજી. બલ્લોયા તે બાહ્યોમાં નવિ સમાય, હરિસન આવ્યારે હો દેવા નંદા બ્રામણીજી ॥ ૫ ॥ ગોયમ પૂછેરે હો શ્રી ભગવંતનેજી, આ નંદા કેમ જુવે છે મેંસા મેંસ, દેહડી કુલીનેરે હો પાનો આવીયોજી. આટલી નારિમાં દીસે છે એક ॥ હરિસણુ આવ્યારે હો દેવા નંદા બ્રામણીજી ॥૬॥ ભગવંત ભાખેરે સુણો ગોયમાંજી, આનંદા છે મોરી માય, દેહડી કુલીનેરે હો પાનો આવીયોજી, માય બેટાનું હેત જણાય. હરિસણુ આવ્યારે હો દેવા નંદા બ્રામણીજી ॥૭॥ વાણી સુણીનેરે હો હરખ્યા ગોયમાંજી, હરખ્યા સર્વ સભાના લોક, જ્ઞાન વિમલ કહે ધન ધન એહ સતીજી, કર્મ ખપાવી ગયાં દોય મોક્ષ ॥ હરિસણુ આવ્યારે હો દેવા નંદા બ્રામ-ણીજી. ॥ ૮ ॥ ઇતિ સંપૂર્ણ.

# શ્રી પાર્શ્વજિન સ્તવન.

પુરુષાદાની પાર્શ્વજીરે, પાવન પરમ કૃપાલ, જગજીવન જગ વાલહોરે, સરણાંગત પ્રતીપાલ ।। મોરો ।। કમઠ હઠી મદ ભંજનોરે રંજનો જગત્રયાધાર ।। મંગલવેલ વધારણોરે જીમ પુષ્ખલ જલધાર ।। મોરો ।। ત્રીભુવન તિલક સમો વડુરે દીપે તું જગભાણ ।। ભવદવ જરા નીવારણોરે ભાવ મનોરથ જાણ ।। મોરોરે સ્વામિભાવ મનો ।। જલન જલંતો ઉગારીઓરે નાગ તે નાગકુમાર, ઇંદ્ર તણી પરે સ્થાપીઓરે, એ તારો ઉપકાર. ।। શંખેશ્વરા એ તારો ઉપકાર ।। ભટેવાજી એ તારો ઉપકાર ।। શામલીયાજી એ તારો૦ ।। પંચાસરાજી એ તારો૦ ।। પ્રભુપદ પુજે પ્રેમશ્યું, તેના પાતીક દૂર પલાય. ।। અષ્ટ મહા સિદ્ધિ સંપજેરે, નામે નવનિધિ થાય. ।। શંખેશ્વરા નમિ નવ૦ ।। સુરનર દાનવ વિમાનમાંરે, તાહરી, તાહરી સેવ. જ્ઞાનવિમલ કહે જગતમાંરે, તુંહી દેવનકો દેવ. શંખેશ્વરા તુંહી દેવનકો દેવ, ભટેવાજી તુંહી દેવનકો દેવ. ઇતિ સંપૂર્ણ.

# શ્રી શાંતિનાથનું સ્તવન.

શાંતિ જીનેસર સાહિબારે. શાંતિ તણો દાતાર. સલુણા અંતરજામી છો માહરારે, આતમના આધાર સ. શાંતિ૦

॥ ૧ ॥ ચિત્ત ચાહે પ્રભુ ચાકરીરે, મન ચાહે મલવાને કાજ. સ૦ નયણ ચાહે પ્રભુ નિરખવારે, ધો દરિસણ મહારાજ સ૦ શાંતિ૦ ॥ ૨ ॥ પલક નવિસરો મનથકીરે. જેમ મોર મન મેહ, સ૦ એક પખો કેમ રાખીયેરે રાજ કપટનો નેહ. સ૦ શાંતિ૦॥૩॥ નેહ નજર નિહાલતારે. વાધે બમણો વાન. સ૦ ॥ અખુટ ખજાનો પ્રભુ તાહરોરે. દિજીયે વંછિત દાન સ૦ શાંતિ૦ ॥ ૪ ॥ આશ કરે જે કોઈ આપણીરે. નહી મુકીયે નીરાશ. સ૦ સેવક જાણી તે આપણોરે, દીજિયે તાસ દિલાસ સ૦ શાંતિ૦ ॥ ૫ ॥ દાયકને દેતાં થકારે, ક્ષણ નવિ લાગે વાર સ૦ કાજ સરે નિજ દાસનારે, એ મોહોટો ઉપગાર સ૦ શાંતિ ॥ ૬ ॥ એવું જાણીને જગ-ધણારે. દિલ માંહી ધરજો પ્યાર. સ૦ રૂપવિજય કવિ રાયનોરે, મોહન જય જયકાર સ૦ શાંતિ૦ ॥ ૭ ॥

—o—

# શ્રી મહાવીર સ્વામીજીનું સ્તવન

નારે પ્રભુ નહિમાનું, નહિમાનુરે અવરની આણ. નારે પ્રભુ૦ મહારે તાહારૂ વચન પ્રમાણ. નારે પ્રભુ૦ હરિહરાદિક દેવ અનેરા. તે દીઠા જગ માયરે, ભામિની ભરમ ભૂકુટીયે ભૂલ્યા. તે મુજને સુહાય. નારે પ્રભુ૦ ॥ ૧ ॥ કેઇકિ રાગીને કેઇકિ દ્વેષી કેઇકિ લોભી દેવરે. કેઇકિ અદમાયામાં ભરિયા.

કેમ કરીએ તસુ સેવ. નારે પ્રભુ૦ ॥ ૨ ॥ મુદ્રાપણુ તેમાં નવિ દીસે પ્રભુ, તુજ માંહેલી તિલ માત્રરે ॥ તે દેખી દીલડું નવિ રીઝે, શી કરવી તેહની વાતરે. નારે પ્રભુ૦ ॥ ૩ ॥ તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ, જીવન જીવ આધારરે ॥ રાત દીવસ સ્વપ્નાંતર તુંહી, તું માહારે નીરધારરે. નારે પ્રભુ૦ ॥ ૪ ॥ અવગુણ સહુ ઉવેખીને પ્રભુ, સેવક કરીને નિહાલરે, જગ બંધવ એ વીનતી મોરી, મારા સવિ દુઃખ દુરે ટાલ. નારે પ્રભુ૦ ॥ ૫ ॥ ચોવીશમા પ્રભુ ત્રિભુવન સ્વામી, સિદ્ધારથના નંદરે, ત્રિસલાજીના ન્હાનડીઆ પ્રભુ, તુમ દીઠે અતિ આણંદ. નારે પ્રભુ૦ ॥ ૬ ॥ સુમતિવિજય કવિરાય-નોરે, રામવિજય કરજોડરે, ઉપગારી અરિહંતજી, માહારા ભવ ભવના બંધન છોડ. નારે પ્રભુ૦ ॥ ૭ ॥

---

# ॥ શ્રી નવપદનું સ્તવન ॥

નર નારીરે ભમતાં ભવ ભરદરીએ, નવપદનું ધ્યાન સદા ધરીએ ॥ સુખકારીરે તો શીવસુંદરી વરીએ, નવપદનું ધ્યાન સદા ધરીએ, ॥ ૧ ॥ પહેલે પદ શ્રી અરીહંતરે, કરી અષ્ટરીપુનો અંતરે, થયા શીવરમણીના કંતરે, પદ બીજેરે સીધલજી દુઃખ હરીએરે,નવપદનું ધ્યાન સદા ધરીએ૦ સુખકારી, એતો શીવસુંદરી વરીએ, નવપદનું ધ્યાન. ॥ ૨ ॥ આચાર્ય નમું પદ તીજેરે, ચોથે પદ પાઠક લીજેરે ॥ પ્રીતેથી પાય

પ્રણમીજેરે, પદ પાંચમેરે મુની માહારાજ ઉચરીએ નવ૦ ॥ ૩ ॥ છઠે પદ દર્શન જાણુંરે, જ્ઞાનગુણ મુખ્ય વખાણુંરે, આ જગમાં ખરૂ નાણુંરે, બહુ ખરચેારે તેાએ ન ખુટે જરીએ ॥ ૪ ॥ ચારિત્ર પદ નમું આઠેરે, નવમે તપ કરો બહુ ઠાઠેરે; દુઃખ દારિદ્ર જેહથી નાસેરે, જીનવરનીરે પ્યા-રથી પૂજા કરીએરે ॥ નવ૦ ॥ ૫ ॥ નવ દીન શીયલવ્રત પાળેારે, પડીકમણુ કરી દુઃખ ટાળેારે; જેમ ચંપાપતી શ્રીપાલરે, મનમાંહીરે શંકા ન રાખેા જરીએ ॥ નવ૦ ॥૬॥ એાગણીસ અઠાવન વર્ષેરે, પેાસ માસ પુનમ તિથિ ફરશેરે, ભાવે ગાવે તે ભવનવિ ફરસેરે, નિર્ભયથીરે ધર્મ કહે ભવ તરાએરે ॥ નવ૦ ॥ ૭ ॥

સંપૂર્ણ ॥

---

# ॥ સિદ્ધચક્રજીનું સ્તવન. ॥

નવપદ ધરજો ધ્યાન ॥ ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન ॥ એ નવપદનું ધ્યાન ધરંતા પામે જીવ વીસરામ, ॥ ભવિ૦ ॥૧॥ અરિહંત સિધ આચારજ પાઠક, સાધુ સકલ ગુણ ખાણુ, ભવિ૦ ॥ ૨ ॥ દર્શન જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, તપ તપેા કરી બહુ માન, ભવિ૦ ॥ ૩ ॥ આસેા ચૈત્રની સુદ સાતમથી, પુનમ લગે પરીમાણુ. ભવિ૦ ॥ ૪ ॥ એમ એકાશી આંબીલ કીજે, વરસ સાડાચારનું માન. ભવિ૦॥૫॥

પડીકમણા દોય ટંકનાં કીજે, પડીલેહણા બે વોર. ભવિ૦ ॥ ૬ ॥ દેવ વંદણ ત્રણ ટંકનાં કીજે, દેવ પુજો ત્રીન કાલ. ભવિ૦ ॥ ૭ ॥ બાર આઠ છત્રીશ પચીસનો, સતાવીસ સડસઠ સાર. ભવિ૦ ॥ ૮ ॥ એકાવન સીત્તેર પચાસનો, કાઉસગ કરો સાવધાન. ભવિ૦ ॥ ૯ ॥ એક એક પદનું ગુણણું ગણીએ, ગણી દોય હજાર. ભવિ૦ ॥ ૧૦ ॥ એણે વીધે જે એ તપ આરાધે, તે પામે ભવનો પાર ॥ ભવિ૦ ॥ ૧૧ ॥ કરજોડી સેવક ગુણ ગાવે, મોહન ગુણ મણીમાલ ॥ ભવિ૦ ॥ ૧૨ ॥ તાસશિષ્ય મુની હેમ કહે છે, જન્મ મરણ દુખ-વાર ॥ ભવિ૦ ॥ ૧૩ ॥

---

# ॥ પદ્મપ્રભુનું સ્તવન ॥

પદ્મ પ્રભુ પ્રાણ છો પ્યારા, છોડાવો કર્મની ધારા ॥ કરમ ફંદ તોડવા ધોરી, પ્રભુજી છે અર્જ હમોરી ॥ પદ્મ પ્રભુ પ્રાણ છો પ્યારા, છોડાવો કર્મની ધારા ॥ ૧ ॥ લઘુ-વય એક છે જીહાં, મુક્તીમાવાસ તુમે કીયા ॥ ન જાણી પીડતે મોરી, પ્રભુ અબ એંચલે દોરી ॥ પદ્મ૦ ॥ ૨ ॥ વીષય સુખ માનીયો મનમે, ગયો સબ કાલ ગફલતમેં ॥ નરક દુખ વેદના ભારી, નીકલવા ના રહી બારી ॥ પદ્મ૦ ॥ ૩ ॥ પરવશ દીનતા કીની, પાપકી પોઠ સીર લીની ॥

ભક્તિ નહી જાણી તુમ કેરી, રહ્યો હું દુખદીન દુખ ઘેરી ।। પદમ૦ ।। ૪ ।। ઈમ વીધ વીનતી તોરી, કરૂ હું દોય કરજોડી ।। આતમ આનંદ મુજ દેજો, વીરનું કાજ સવ કીજો ।। પદમ૦ ।। ૫ ।।

---

# ।। અથ શ્રીવીરપ્રભુનું દીવાલીનું સ્તવન લીખ્યતે ।।

।। મારગ દેસક મોક્ષનોરે, કેવલ જ્ઞાન નિધાન ।। ભાવ દયા સાગર પ્રભુરે, પર ઉપગારી પ્રધાનોરે ।। ૧ ।। વીર પ્રભુ સિદ્ધ થયા ।। સંઘ સકલ આધારોરે. હવેઇણ ભરતમાં ।। કોણ કરશે ઉપગારોરે ।। વીર૦ ।। ૨ ।। નાથ વિહૂણી સૈણ જયુંરે, વીર વિહુણારે જીવ ।। સાથે કોણ આધારથીરે, પરમાનંદ અભંગોરે ।। વીર૦ ।। ૩ ।। માત વિહૂણી બાલ જયુંરે, અરહો પરહો અથડાય ।। વીર વિહૂણા જીવડારે, આકુલ વ્યાકુલ થાયરે ।। વીર૦ ।। ૪ ।। સંસય છેદક વીરનોરે, વિરહ તે કેમ ખમાય ।। જે દીઠે સુખ ઉપજેરે, તે વિણ કેમ રહેવાયોરે ।। વીર૦ ।। ૫ ।। નિરજામિક ભવ સમુદ્રનોરે, ભવઅડવિ અત્થવાહ ।। તે પરમેશ્વર વિણ મલેરે, કેમ વાધે ઉચ્છાહોરે ।। વીર૦ ।। ૬ ।। વીર

થકાં પણ શ્રુત તણોરે, હતો પરમ આધાર ।। હવે ઇહાં શ્રુત આધાર છેરે ।। અહો જીનમુદ્રા સારોરે ।। વીર૦।।૭।। ત્રણ કાલેં સવિ જીવનેરે, આગમથી આણંદ ।। સેવો ધ્યાવો ભવિજનારે, જિન પડિમા સુખકંદોરે ।। વીર૦ ।। ૮ ।। ગણધર આચાર્ય મુનિરે, સહુને એણીપરે સિદ્ધિ ।। ભવ ભવ આગમ સંગથીરે, દેવચંદ્ર પદ લીધરે ।। વીર૦ ।। ૯ ।।

---

# ।। અથ શ્રી વાસુપુજ્ય જીન સ્તવન ।।

વિરહમાન ભગવાન સુણો મુજ વિનંતી ।। એ દેશી,

વાસુપુજ્ય જિનરાજ સુણો મુજ વીનતી, જગતારક જિનરાજ તમે ત્રિભુવનપતી ।। ચંચલ ચિત થકી હું ભમીયો ભવભવે, નિજ વિતકની વાત કહુ સ્વામી હવે ।।૧।। હું સ્વભાવને છોડી રમ્યો પરભાવમાં, નિધિ સમીપ હતો પણ નાવ્યો દાવમાં ।। થિરતાના પારણામ જો થાય તો દેખીએ, તે વિના નિધિ રતનને પામી ઉવેખીએ ।। ૨ ।। લોભ અને વિક્ષોભજે કુરચક દ્રવ્ય કહ્યો, તેણે કરી જ્ઞાન દુધનો નાશ તે મેં લહ્યો ।। તે અસ્થિરપણાથી હું આપદા પામીયો, અબ તુંમ દર્શન દેખી સર્વ દુઃખ વામીઓ ।।૩।। વાસવ વંદિત વાસુપુજ્ય ચંપાપુરી, વસુપુજ્ય કુલ ચંદ્રમાં માતા જ્યાં સુરી ।। સિતેર ધનુષ પ્રમાણ તે કાયા જાણીએ,

લાખ બેંતેર વર્ષનું આયુષ્ય વખાણીએ ।। ૪ ।। મહીષ લંછન જિનરાજ અનંત ગુણે ભર્યા, અશ્વયેાનિ કુંભરાશીથી રાક્ષસ ગણ વર્યા ।। મૌનપણે એક વર્ષ પ્રભુ તપસ્યા કરે, પાડલ વૃક્ષની હેઠલ જ્ઞાન કેવલ વરે ।। ૫ ।। વિચર્યા દેશ વિદેશ ભવિકને તારતા, યેાજન ગામિની વાણી પ્રભુ વિસ્તારતા ।। ષટ સત સાથે મેાક્ષ વધુ વરવા ગયા, વિજય મુક્તિવર પામી કમલનાં કારજ થયા ।। ૬ ।। ઇતિ.

---

# ।। દીવાલીનું સ્તવન ।।

સાંભલરે મેારિ સજની બેની, રજની કિહાં રહી આવ્યાજીરે. એ દેશી.

સુર સુખ ભેાગવિ ત્રિશલા કુંખે. રહિને જન્મ લહીને જીરે, અનુક્રમે લલનાં સંગ છંડિ, વિચર્યા દિક્ષાગ્રહીને; પ્રગટી દીવાલીજીરે, પાંમ્યા કેવલજ્ઞાન કર્મ પ્રજાલીજીરે, ।। ૧ ।। એ આંકણી ।। ચારનીકાયના દેવ મલિંને, સમવસરણ કરેં સારો જીરે, તિહાં સિંહાસને બેસી પ્રભુજી, ધર્મ કહે બહુ પ્યારો; પ્ર. ।। ૨ ।। અનાદિમિથ્યાતિ જીવ ભવ્ય, કરણ ત્રણ્ય કરીને જીરે; અંતર કરણે આદિ સમયે, સુખ લહેં સમકીત ધરીનેં, પ્ર. ।। ૩ ।। તે શુદ્ધ દર્શન આત્મા કહીએ, સેસ બીજા હવે સુણીએજીરે, કષાય યેાગદ્રવ્ય ઉપયેાગ;

વીર્ય જ્ઞાન ચારિત્ર ભણીએ, પ્ર. ॥ ૪ ॥ એહવે ઇંદ્ર ભૂતિ જસ સુણીને, આવ્યા પ્રભુનેં પાસેંજીરે; વેદના અર્થ સુણીને સાચા, સંજમ લીધેાં ઉલાસેં, પ્ર. ॥ ૫ ॥ વીરના ગણધર થયા ઇગ્યાર, સાધુ ચૌદ હજારજીરેં; છત્રીસ સહસતે સાધવી જાણેા, ચરણ કરણ સુવિચાર, પ્ર. ॥ ૬ ॥ લાખને ઓગણસાઠ હજાર, શ્રાવક બહુ શ્રીકારજીરે; સહસ અઢારને ત્રણજ લાખ, શ્રાવિકાનેા પરિવાર, પ્ર. ॥ ૭ ॥ ઇમ એ સંઘની થાપના કરતાં, આવ્યા અપાપા ગાંમજીરે, હસ્તિપાલ હર્ખે ઇંમ બેાલે; મુજ ઘર આવ્આ સામ, પ્ર. ॥ ૮ ॥ અલ્પ આયું પેાતાનું જાણી, અનુકંપા આંણી નાથજીરે; સેાલ પ્રહરની દેશના દીધી, મલિયા અઢાર નરનાથ, પ્ર. ॥ ૯ ॥ કાર્તિક વદ અમાસની રાતે, વર્ધમાન મેાક્ષે પેાહેાતાજીરે, નારી અપછરા સુરનરમલીયા, પણ ગૌતમતિહાંનેાતા, પ્ર. ॥ ૧૦ ॥ વીરનિર્વાણ સુર મુખથી જાંણી, મેાહ કર્યેા ચકચુરજીરે, કેવલ જ્ઞાનને દર્શન પ્રગટયું, ગૌતમને ઉગતે સૂર, પ્ર. ॥ ૧૧ ॥ વીર ગૌતમ નિર્વાણ કેવલ, કલ્યાંણીક દીન જાંણીજીરે; ભાવદ્રવ્ય દેાય ભેદે કીજે, દીવાલી ભવિ પ્રાણી, પ્ર. ॥ ૧૨ ॥ પેાષહપડિક્કમણાં જિન ભક્તિ, સુંદર વેષ કરીયેજીરે; ધર્મચંદ્ર પ્રભુ ગુણ ગાતાં, જસ કમલા નીત્ય વરીયે, પ્રગટી દીવાલીજીરે, પ્ર. ॥ ૧૩ ॥

# નવપદનું ચૈત્યવંદન.

સકલ મંગલ પરમ કમલા, કેલિ મંજુલ મંદીરં, ભવકોટી સંચિત પાપનાશન, નમો નવપદ જયકરં, ॥ ૧ ॥ અરિહંત સિદ્ધ સૂરીશ વાચક, સાધુ દર્શન સુખ કરં, વરજ્ઞાનપદ ચારિત્ર તપ એ, નમોનવ, ॥૨॥ શ્રીપાલરાજાશરીરસાજા, સેવતાં નવ પદ વરં, જગમાંહી ગાજા કીર્તિ ભાજા, નમો, ॥ ૩ ॥ શ્રીસીદ્ધચક્ર પસાય સંકટ, આપદા નાસે અરં, વળી વીસ્તરે સુખ મનોવાંછીત, નમો, ॥ ૪ ॥ આંબિલ નવ દિન દેવ વંદન, ત્રણ ટંક નીરંતરં, બે વાર પડીક્રમણા પડીલેહણ, નમો, ॥ ૫ ॥ ત્રણ કાળ ભાવે પુજીએ, ભવતારકં તીર્થંકરં, તીમગુણુણું દોય હજાર ગણીએ, નમો, ॥૬॥ એમ વીધિ સહિત મન વચન કાયા, વશ કરી આરાધીયે, તપ વર્ષ સાડાચાર નવપદ, શુદ્ધ સાધન સાધીયે, ॥૭॥ ગદ કષ્ટચૂરે શર્મપૂરે, યક્ષવિમલેશ્વરવરં, શ્રીસિદ્ધચક્ર પ્રતાપ જાણી, વિજય વિલસે સુખભરં, ॥૮॥

---

## મહાવીરસ્વામીનું ચૈત્યવંદન ૧

ત્રીસ વરસ ઘરવાસ જસ, ત્રણ જ્ઞાને સ્વામી ॥ ચઉ નાણી ચારીત્રીયા, નિજ આતમરામી, ॥ ૧ ॥ બાર વર્ષ ઉપર વલી, સાડાષટ માસ, ઘોર અભીગ્રહ આદર્યો, કિમ કહીએ તાસ, ॥ ૨ ॥ માધવ શુદી દશ-મીદિને, પામ્યા કેવલ જ્ઞાન, પદમ કહે મહોછવ કર્યો, ચૈાવિહસુર મંડાણ, ॥ ૩ ॥ ઇતી.

---

## ચૈત્યવંદન (બીજું)

ત્રીસ વરસ કેવલપણે, વીચરીયા મહાવીર, પાવા-પુરી પધારિયા, શ્રીજીન શાસનધીર, ॥ ૧ ॥ હસ્તીપાલ નૃપરાયની, રજુ સભા મોઝાર, ચર્મ ચેામાસું ત્યાં રહ્યા, લહિ અભિગ્રહસાર, ॥ ૨ ॥ કાશીકૈાશલ દેશના, ઘણા રાય અઢાર૦ સ્વામી સુણી સહુ આવીયા, વંદણને નીરધાર, ॥ ૩ ॥ સેાળ પહેાર દિધિ દેશના, જાંણી લાભ અપાર, દીધી ભવિહિત કારણે, પીધી તેહિજ પાર, ॥ ૪ ॥ દેવસર્મા બેાધન ભણિ, ગેાયમ ગયા સુજાણ, કાર્તિક અમાવાસ્યા દિવસે, પ્રભુ પામ્યા

નિર્વાણ, ॥ ૫ ॥ ભાવ ઉદ્યોત ગયો હવે, કરો દ્રવ્ય ઉદ્યોત, ઇમ કહી રાય સર્વે મલી, કિધિ દીપક જોત, ॥ ૬ ॥ દીવાલી તિહાંથી થઇએ, જગમાંહે પ્રસિદ્ધ, પદ્મ કહે આરાધતાં, લહિએ અવિચલ રૂદ્ધિ. ॥ ૭ ॥

---

## દેહેરે જવાના ફલ વિષે ચૈત્યવંદન.

॥ પ્રણમું શ્રી ગુરૂરાજ આજ, જિનમંદિર કેરો ॥ પુન્ય ભણી કરસ્યું સફલ, જિન વચન ભલેરો ॥ ૧ ॥ દેહરે જવા મન કરે, ચોથ તણું ફલ પાવે ॥ જિનવર જુહારવા, ઉઠતાં છઠ પોતે આવે ॥ ૨ ॥ જવા માંડયુ જેટલે એ, અઠમ તણો ફલ જોય ॥ ડગલું ભરતા જિન ભણી, દશમ તણો ફલ હોય ॥ ૩ ॥ જાઇસ્યું જિનહર ભણી, મારગ ચાલંતા ॥ હોવે દ્વાદશતણું, પુન્ય ભક્તે માલંતા ॥ ૪ ॥ અર્ધ પંથ જિનવર ભણી, પનરે ઉપવાસ ॥ દીઠું સ્વામિતણું ભુવન, લહિએ એક માસ ॥ ૫ ॥ જિનહર પાસે આવતા એ, છમાસિ ફલ સિદ્ધ ॥ આવ્યા જિનહર બારણે, વરસિત ફલ સિદ્ધ ॥ ૬ ॥ સો વરસ ઉપવાસ પુન્ય, પરદક્ષણા દેતાં ॥

સહસ વરસ ઉપવાસ પુન્ય, જિન નજરે જોતાં ॥ ૭ ॥
ભાવે જિનહર જુહારીએ, ફલ હોવે અનંત ॥ તેહથી
લહિયેં સો ગુણેા, જો પુજે ભગવંત ॥ ૮ ॥ ફલ ઘણેા
પુલની માલ, પ્રભુ કંઠે ઠવતા ॥ પાર ના આવે ગિત
નાદ, કેરા ફલ ભણતાં ॥ ૯ ॥ જિન પુજી પૂજા કરે એ,
સુર ધુપ તણું ધ્યાન ॥ અક્ષત સાર તે અક્ષય સુખ,
દિપેતનું રુપ ॥ ૧૦ ॥ નિરમલ તન મન કરીએ,
સુણતાં ઈમ જગિસ ॥ નાટિક ભાવના ભાવતાં, પામે
પદવિજ સાર ॥ ૧૧ ॥ જિનહર ભક્તે વલિએ, પુન્યે
પ્રકાસે ॥ સુણી શ્રી ગુરૂ વયણસાર, પુરવઋષી ભાખે
॥ ૧૨ ॥ ટાલવા આઠ કર્મને, જિનમંદિર જાસ્યું ॥
ભેટીચરણ ભગવંતના, હવે નિર્મલ થાસ્યું ॥ ૧૩ ॥
કીર્તિવિજય ઉવજ્ઝાયનોએ, વિનય કહે કર જોડ ॥
સફલ હોજો મુજ વનતિ, પ્રભુ સેવાના કોડ ॥ ૧૪ ॥
॥ ઇતિ ॥

# ।। શ્રી આંબીલ વર્ધમાન તપનું ચૈત્યવંદન ।।

।। વર્દ્ધમાન જિનપતિ નમી, વર્દ્ધમાન તપ નામ ।।
ઓલી આંબિલની કરૂં, વર્દ્ધમાન પરિણામ ।। ૧ ।।
એક એક દિન યાવત શત, ઓલી સંખ્યા થાય ।।
કર્મ નિકાચિત તોડવા, વજ્ર સમાન ગણાય ।। ચૌદ
વર્ષ ત્રણ માસની એ, સંખ્યા દિનની વીસ ।। યથા
વિધિ આરાધતાં, ધર્મ રત્ન પદ ઇશ ।। ૩ ।।

---

## શ્રી સીધ ચક્રજીનું સ્તવન. ૧.

શ્રી સીદ્ધ ચક્રની કરો ભવી સેવના રે, મન ધરી નીરમળ ભાવ ।। ભાવની વૃદ્ધી ભવ ભય સવી ટળે રે; પ્રગટે શુદ્ધ સ્વભાવ' શ્રી. ।।૧।। બારગુંણે સહીત અરીહંત નમો રે; પન્ન રે ભેદે રે સીધ ।। આચારય આરયત્રીજે નમોરે, ગુણ છત્રીસે પ્રસીદ્ધ, શ્રી. ।।૨।। પાઠકપદ પ્રણમો ચોથે તુમેરે, ગુણ પચ્ચવીસ ધરીનેહ ।। મુનીપદ કેરૂ ધ્યાન કરો સદા રે; સત્તાવીસ ગુણે જેહ, શ્રી. ।।૩।। સડસઠ બોલ સહીત દર્સન નમોરે, નાંણુ એકાવન ભેદ ।। ચારીત્ર ધર્મ નમો તુમે આઠમેરે,

જે ટાલે સવી એહ. શ્રી ॥૪॥ અટવીદ્ય બાહ્ય અભ્યંતરઅટ વીધેરે; કરીએ તપ સુભ ચીત ॥ તજી ઈછા ઈહ ભવ પરભવ તણી રે. કીજે જનમ પવીત્ર. શ્રી. ॥૫॥ શ્રેણીક નરપતી આગલે ગુંણ નીધીરે, ભાખે શ્રી વર્ધમાન; એ નવપદ વીધિ સહીત આરાધતા રે; લહીયે અક્ષય ઠાંણું શ્રી. ॥૬॥ શ્રી શ્રીપાલનરીંદ તણી પરેરે, આરાધે નર જેહ ॥ પુન્યવંત પ્રાણી મન રંગસ્યું રે, અમૃતપદ લહે તેહ; શ્રી ॥૭॥ ઈતીશ્રી સીધચક્ર સ્તવન સંપુણ.

---

# શ્રી પાર્શ્વનાથનું સ્તવન ૨.

શ્રી સંખેશ્વરપાસજી, સુણો મુજ વીનતી; આવ્યો છું હું આજ' આશા મોટી ધરી ॥ લાખ ચોરાશી જીવાયોની દવારા ભમ્યો; તે માહે મનુસ જન્મ, અતીસય દુકરો.॥૧॥ તે પણ પુરવ પુન્ય પ્રભાવે અનુભવ્યો; તો પણ દેવગુરૂ ધર્મ નવ ઓળખ્યો ॥ સુથાસે પ્રભુ મુજ તુજજ કરૂણા વીના; રઝલ્યો રાંકની પેરે, પામ્યો વીટંબના ॥૨॥ ન દીધુ સુદ્ધ દાન, સુપાત્રે ભાવથી, ન પાલ્યું વળી શીયલ, વીટંબીયો કામથી ॥ તપ તપ્યો નહી કોઈ, આતમ ને કારણે; સુજાજું કહુ નાથ, જાવું નરક બારણે; ॥૩॥ કીધો જે મે કુકર્મ, જો તે વીવરી કહું; તો લાગે બહુ વાર, ભજન કયારે કરૂં ॥ પુર્વ વિરાધિક ભાવથી, ભાવના ઉલસે; ચારીત્ર ડોલ્યું નાથ, કરમ મોહની

વસે. ॥૪॥ ક્ષણ ક્ષણમાં બહુવાર, પરીણામની ભીનતા; તે જાણોછો મહારાજ, મારી વીકલ્પનાં॥ નહી ગુણનો લવલેસ, જગત ગુણી કહે; તે સુણી મારૂં મન, હરખે અતી ગહગહે. ॥૫॥ માંગું દીનદયાળ ચરણતણી સેવના; હોજો વૃદ્ધિ ધર્મની, ભવો ભવ ભાવના૦ ॥૬॥

---

# આદિશ્વર ભગવાનનું સ્તવન ૩ જું.

જગ ચીંતામણી જગગુરૂ, જગત સરણ આધાર; લાલ રે.
અઢાર કોડા કોડી સાગરૂ, ધમ ચલાવણ હાર; લાલરે. જગ.૧
અસાડ વદ ચોથે પ્રભુ, સ્વર્ગથી લીયે અવતાર, લાલ રે.
ચઇતર વદ આઠમ દીને, જન્મ્યા જગત આધાર, લાલ રે. જગ.૨
પાંચસે ધનુસની દેહડી, સોવનવરણ શરીર, લાલ રે;
ચઇતર વદ આઠમ દીને, સંજમ મહાવડવીર, લાલ રે, જગ.૩
ફાગણ વદ અગીઆરસે, પામ્યા પંચમનાણ લાલ રે,
મહા વદ તેરસે સીવવર્યા, જોગનીરોધ કરી જાણ લાલ રે. જગ.૪
લાખ ચોર્યાસી પુરવતણું, જીનવર ઉતમ આય, લાલ રે;
પદ્મવિજય કહે પ્રણમીએ, વેહેલુ શીવ સુખ થાય, લાલ રે. જગ.૫

---

# પાર્શ્વનાથનું સ્તવન ૫ મું.

જગપતિ કરજો સહાય મારી, મુજસ્થિતી મહા દુખીયારી; છે કર્મે ભયંકર ભારી જગપતી૦ ૧ પ્રભાવતીના પ્રીતમજી, વામા દેવીનંદ; વણારસી નગરી વિશે, અશ્વસેન કુળચંદ; મતી શ્રુત અવધી સાથે ગ્રહીને, પ્રભુ જન્મ્યા જય જય કારી; તુજ મુરતી મોહનગારી જગપતી૦ ૨ ક્ષમાં ખડક કરમા ધરી, કરવા ઉત્તમ કામ; કર્મ ખપાવી પામીયા, શીવપુરી સુખધામ. જ્ઞાન અનોપમ પ્રભુજી તુમારૂં, નહી પામેલ જન કોઈ પારી, તુમ જ્ઞાન તણી બલીહારી જગપતી૦ ૩ વિષય મધ્યે વળગી રહ્યેા, કીધા કર્મ કઠોર; ભાન બધુ ભુલી ગયેા, પ્રભુ તુમારો ચેાર; અતી અજ્ઞાને હુ અનંત જન્મથી, પ્રભુ રખડયેા વારંવારી, હું ગયેા ખરેખર હારી; જગપતી૦ ૪ લાખ ચેારાસી ચેાકમાં, ભટકયેા ભુંડે હાલ; સમકીતની શ્રદ્ધા વિના, ગયેા અનંતેા કાળ; શેાધ્યું નહિ મે આતમ સ્વરૂપને, છે ગતી કર્મની ન્યારી, ગેાંળી વાગે અણુધારી જગપતી૦૫ મેહર કરી મુજ ઉપરે જાણી કીંકર ખાસ, નમન કરી અજીત કહે પુરો મુજ મન આસ, આપ વીના પ્રભુ શરણ નહી કેાઇ, પ્રભુ લેજો મુજને તારી, આ દાસ તુમારો ધારી જગપતી૦ ૬

# શ્રી મહાવીર સ્વામી સ્તવન ૬ ઠું.

પ્રભુજી વીર જિણંદને વંદીયે, ચોવીસમાં જિનરાય હો, ત્રિશલાના જાયા. પ્રભુજીને નામે નવનિધી સંપજે; ભવદુખ સવિ મિટિ જાય હો; ત્રિશલાના જાયા. ૧ પ્રભુજી કંચનવાન કર સાતનું, જગતાતનું એટલું માન હો; ત્રિ૦ પ્રભુજી મૃગપતિ લંછન ગાજતો; ભાંજતો મદગજ માન હો; ત્રિ૦ ૨ પ્રભુજી સિદ્ધારથ ભગવંત છો; સિદ્ધારથ કુલચંદ હો, ત્રિ૦ પ્રભુજી ભક્તવત્સલ ભવદુઃખ હરૂ; સુર તરૂ સમ સુખ કંદ હો; ત્રિ૦ ૩ પ્રભુજી ગંધાર બંદર ગુણનિલો; જગતિલો જિહાં જગદીસ હો; ત્રિ૦ પ્રભુજીનું દર્શન દેખીને ચિત્ત ઠર્યું; સર્યું મુજ વંછિત ઈશ હો ત્રિ૦ ૪ પ્રભુજી શિવ નગરીનો રાજીયો. જગ તારણ જિન દેવ હો. ત્રિ૦ પ્રભુજી રંગ વિજયને આપજો. ભવોભવ તુમ પાય સેવહો ત્રિ૦ ૫ ઈતિ શ્રી મહાવીર સ્વામી સ્તવન સંપૂર્ણ.

---

# અથ રીષભદેવનું સ્તવન.

કયાંથીરે પ્રભુ અવતરયાં, કયાં લીધો અવતારજી; સરવારથ સિદ્ધ વિમાનથી ચવિ, ભરત ક્ષેત્ર અવતારજી; તારોરે દાદા રીષભજી. ॥ ૧ ॥ ચોથ ભલીરે અષાઢનિ, જનની કૂખે અવતારજી. ચૌદ સુપન નિરમલ લહિ, જાગ્યા જનની

તેનિવારજી. તારોરે દાદા રીષભજી. ॥ ૨ ॥ ચૈત્ર વદિ આઠમ દીને, જનમ્યા શ્રી ત્રિલોવન નાથજી; છપન દીગ કુમરી મલી, ટાલે શુચીકર્મ તેનીવારજી. તારોરે દાદા રીષભજી. ॥ ૩ ॥ ચોસઠ ઇંદ્ર તિહાં આવિયા, નાભિરાયા દરબારજી; પ્રભુને લેઇ મેરૂ ગયા, સ્નાત્ર મહોત્સવ કરે તેનીવારજી. તારોરે. ॥ ૪ ॥ પ્રભુને સ્નાત્ર મહોત્સવ કરી, લાવ્યા જનનીની પાસજી; અસ્વાપની નીદ્રા હરી કરી, રત્નનો ગેહી દડો મૂકેજી. તારોરે. ॥ ૫ ॥ ત્રાસીલાખ પૂરવ ગૃહવાસો વસ્યા, પરણ્યા દોયજ નારીજી; સંસારીક સુખ વિલસી કરી, લેવા સંજમ ભારજી. તારોરે. ॥ ૬ ॥ લોકાંતિક સૂર આવી કરી, વિનવે ત્રીલોવન નાથજી; દાન સંવત્સરી આપીને, લીધો સંજમ ભારજી. તારોરે. ॥ ૭ ॥ પંચમહાવ્રત આદરી, ચૈત્ર વદિ અષ્ટમી જાણુજી; ચાર હજાર સાથે સંયમી, ઉપન્યું ચોથુ જ્ઞાનજી. તારોરે. ॥ ૮ ॥ કર્મ ખપાવી કેવલ લહિ, લોકા લોક પ્રકાશજી; સંશય ટાલી જીવના, લેવા શિવરમણી સારજી. તારોરે. ॥ ૯ ॥ ખોટ ખજાને પ્રભુ તારે નથી. દેતાં લાગે શું વારજી; કાજ સરે નિજ દાસના, એ છે આપનો ઉપગારજી. તારોરે. ॥૧૦॥ ઘરનાને તાર્યા તેમાં શું કર્યું, મુજસરીખાને તારોજી; કલ્પવૃક્ષ જિહાં ફલ્યો, તેમ દાદો દયાલજી. તારોરે. ॥ ૧૧ ॥ ચરણે આવ્યાને પ્રભુ રાખશો, આહુબલ ભરત નરેસજી; પદ્મવિજય કહે વંદણા; તારો તારો દાદા દયાલજી. તારોરે દાદા રીષભજી. ॥ ૧૨ ॥

---

# ।। શ્રી પજુસણનું સ્તવન ।।

પ્રભુ વીરજિણ વિચારી, ભાંખ્યા પર્વ પજ્જોસણ ભારી, આખા વર્ષમાં એ મોટા દિન આઠ, નહિ તે છોટા રે; એ ઉત્તમ ને ઉપગારી, ભાંખ્યા પર્વ પજ્જોસણ ભારી ।। ૧ ।। જેમ ઓષધ માંહે કહિયે, અમૃતને સારૂ લઇયે રે; એ મંત્ર માંનવકારભારી, ભાંખ્યા પર્વ પજ્જોસણ ભારી. ।। ૨ ।। તારા ઇંદ્રમા મોટો ચંદ્ર, સુર નર માંહે જેમ ઇંદ્ર રે; એ સતીયેા માંહે સીતા નારી; ભાખ્યાં પર્વ પજ્જોસણ ભારી. ।। ૩ ।। વૃક્ષ માંહિ કલ્પતરૂ સારો, એમ પર્વ પજ્જોસણ ધારેા રે; સૂત્રમાં કલ્પ ભવતારી, ભાખ્યાં પર્વ પજ્જોસણ ભારી. ।। ૪ ।। તે દીવસ રાખી સમતા, છોડો મોહ માયાને મમતા રે; સમતા રસ દિલમાં ધારી, ભાંખ્યા પર્વ પજ્જોસણ ભારી ।।પા। જો અને તો અઠ્ઠાઈ કીજે, વલિ માસ ખમણ તે લીજે રે, એ સોલે ભત્તાનિ બલિહારી, ભાંખ્યા પર્વ પજ્જોસણ ભારી. ।। ૬ ।। નહિ તો ચાર છઠ્ઠતો લહિયે, વલિ અઠમ કરી દુઃખ સહિયે રે; એ તે પ્રાણી જુજ અવતારી, ભાંખ્યા પર્વ પજ્જોસણ ભારી. ।। ૭ ।। નવ પુર્વ તણેા સાર લાવી, એક કલ્પ સૂત્ર બનાવી, એ ભદ્ર બાહુ વીર અનુસારી, ભાંખ્યા પર્વ પજ્જોસણ ભારી. ।। ૮ ।। સોના રૂપાના ફુલડા ધરીયે, એક કલ્પની પૂજા કરીયે રે, એ શાસ્ત્ર અનોપમ ગારી, ભાંખ્યા પર્વ પજ્જોસણ ભારી. ।। ૯ ।। સુગુરૂ મુખથી તે સાર, સુણે અખંડ

એકવીસ વાર રે, એ જુવે અષ્ટ ભવે સિવપ્યારી, ભાંખ્યા પર્વ પજ્જોસણ ભારી. ।। ૧૦ ।। ગીત ગાય વાજિંત્ર બજાવે, પ્રભુજીની આંગીરચાવે રે, કરો ભક્તિ વાર હજારી, ભાંખ્યા પર્વ પજ્જોસણ ભારી. ।। ૧૧ ।। એવા અનેક ગુણના ખાણી, તે પર્વ પજ્જોસણ જાણી રે, એસેવો દાન દયા મનોહારી, ભાંખ્યા પર્વ પજ્જોસણ ભારી. ।। ૧૨ ।। ઈતિ.

---

# આદિશ્વરજીનું સ્તવન.

જગજીવન જગવાલ હો, મરૂદેવીનો નંદ લાલરે; મુખ દીઠે સુખ ઉપજે, દરિશણ અતિહિ આણંદ લાલરે; જ૦ ૧. આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશીસમ ભાલ લાલર; વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાળ. લા૦ જ૦ ૨. લક્ષણ અંગે વિરાજતાં, અડહિયસહસ ઉદાર; લા૦ રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લા૦ જ૦ ૩. ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા, ગુણ લઈ ઘડીયું અંગ; લા૦ ભાગ્ય કિહાં થકી આવીયું; અચરિજ એહ ઉત્તંગ. લા૦ જ૦ ગુણ સઘળાં અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલરે; વાચક જશ વિજયે થુણ્યો; દેજો સુખનો પોષ. લા૦ જ૦ ૫.

## શ્રી આનંદઘનજી કૃત

# શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન.

રાગ માર

કરમ પરીક્ષા કરણ કુમાર ચાલ્યો રે— એ દેશી.

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરોરે, ઓર ન ચાહું રે કંત; રીઝયો સાહેબ સંગ ન પરિહરેરે. ભાંગે સાદિ અનંત ॥ઋષભ૦ ॥ ૧ ॥ પ્રીત સગાઈરે જગમાં સહુ કરેરે, પ્રીત સગાઇ ન કોય; પ્રીત સગાઇરે નિરૂપાધિક કહીરે, સોપાધિક ધન ખોય ॥ ઋષભ૦ ॥ ૨ ॥ કોઇ કંત કારણ કાષ્ટ ભક્ષણ[1] કરેરે, મિલશું કંતને ધાય; એ મેળો નવિ કહીયે સંભવેરે, મેળો ઠામ ન ઠાય ॥ ઋષભ૦ ॥૩॥ કોઇ પતિરંજન અતિ ઘણું તપ કરેરે, પતિરંજન તન તાપ; એ પતિરંજન મેં નવી ચિત્ત ધર્યુંરે, રંજન ધાતુ[2] મિલાપ ॥ ઋષભ૦ ॥ ૪ ॥ કોઈ કહે લીલારે અલખ અલખ તણીરે, લખ પુરે મન આશ; દોષ રહીતને લીલા નવી ઘટેરે લીલા દોષ વિલાસ ॥ ઋષભ૦ ॥ ૫ ॥ ચિત્ત પ્રસન્નેરે પૂજનફલ કહ્યું રે. પુજા અખંડિત એહ; કપટ રહિત થઈ આતમ અરપણારે, આનંદઘન પદ રેહ ॥ ઋષભ૦ ॥૬॥

---

૧ બળી મરે ૨ પ્રકૃતિ–સ્વભાવ

# શ્રી દેવચંદ્રજી કૃત સ્તવન.

નિદ્રડી વેરણ હુઈ રહી—એ દેશી.

ઋષભ જિણંદશુ પ્રીતડી, કીમ કીજે હો કહો ચતુર વિચાર; પ્રભુજી જઇ અલગા વસ્યા, તિહાં કિણે નવિ હો કોઈ વચન ઉચ્ચાર ।। ઋષભ૦ ।। ૧ ।। કાગળ પણ પો-હોંચે નહિ, નવી પોહોંચે હો તીહાં કો પરધાન; જે પહોંચે તે તુમ સમો, નવી ભાખે હો કોઇનું વ્યવધાન[૧] ।। ઋષભ૦ ।। ૨ ।। પ્રીતિ કરે તે રાગીયા. જિનવરજી હો તુમે તો વીતરાગ; પ્રીતડી જેહ અરાગીથી, હોલવવી હો તે લોકોત્તર માર્ગ ।।ઋષભ૦ ।। ૩ ।। પ્રીતિ અનાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુઝ ભાવ; કરવી નિર્વિષ[૨] પ્રીતડી, કિણ ભાંતે હો કહો અને અનાવ ।। ઋષભ૦ ।।૪।। પ્રીતિ અનંતી પરથકી, જે તોડે હો તે જોડે એહ; પરમ પુરૂષથી રાગતા, એકત્વતા હો દાખીગુણ ગેહ ।। ઋષભ૦ ।। ૫ ।। પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ; દેવચંદ્રની સેવના, આપે મુઝ હો અવિચલ સુખવાસ ।।ઋષભ૦ ।।૬।।

---

૧ હકીકત ૨ રાગરૂપ વિષ, રહીત,

# શ્રી યશોવિજયજી કૃત સ્તવન.

નિદ્રડી વેરણ હોઈ રહી—એ દેશી.

અજિત જિણુંદશું પ્રીતડી, મુજન ગમે હો
બીજાનો સંગકે; માલતી પુલે મોહિયો, કિમ બેસે હો
આવલ તરૂભૃંગ કે ॥ અજિત૦ ॥ ૧ ॥ ગંગા જલમાં જે
રમ્યા, કીમ છિલ્લર હો રતિ પામે મરાલ કે; સરોવર
જલધર જળ વિના, નવી ચાહે હો જગ ચાતક બાળ કે ॥
અજિત૦ ॥૨॥ કોકિલ કલ કુજિત કરે, પામી મંજરી હો
પંજરી સહકાર કે; ઓછાં તરૂવર નવિ ગમે, ગિરૂઆશું હો
હોયે ગુણનો પ્યાર કે ॥ અજિત૦ ॥ ૩ ॥ કમલિની
દિનકર કર ગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે;
ગૌરી[૧] ગીરીશ[૨] ગિરિધર[૩] વિના, નવિ ચાહે હો કમલા[૪]
નિજ ચિત્ત કે ॥ અજિત૦ ॥ ૪ ॥ તીમ પ્રભુશું મુજ
મન રમ્યું, બીજાશું હો નવી આવે દાય કે; શ્રી નયવિજય
વિબુધતણો, વાચક જશ હો, નિત નિત ગુણ ગાય કે ॥
॥ અજિત૦ ॥ ૫ ॥

---

૧ પાર્વતી. ૨ શંકર, ૩ હરિ–વિષ્ણુ. ૪ લક્ષ્મી.

# ।। યશોવિજયજી કૃત સ્તવન. ।।

મન મધુકર મોહી રહ્યો—એ દેશી.

સંભવ જિનવર વિનતી, અવધારો ગુણ જ્ઞાતારે; આમી નહીં મુજ બીજમતે, કદીય હોશો ફલદાતારે ।। ।। સંભવ૦ ।। ૧ ।। કરજોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાનોરે; જો મનમાં આણો નહીં, તો શું કહીએ છાનોરે ।। સંભવ૦ ।। ૨ ।। ખોટ ખજાને કો નહીં, દીજીએ વંછિત દાનોરે; કરૂણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનોરે ।। સંભવ૦ ।। ૩ ।। કાલ લબધિ નહિ મતિ ગણો, ભાવ લબધિ તુમ હાથેરે; લડથડતું પણ ગજ બચ્યું, ગાજે ગયવર સાથેરે ।। સંભવ૦ ।। ૪ ।। દેશો તો તુમહી ભલું, બીજા તો નવિ જાચું રે, વાંચક યશ કહે સાંઈશું, ફળશે એ મુજ સાચું રે ।। સંભવ૦ ।। ૫ ।।

---

# શ્રી આનંદઘનજી કૃત. શ્રી અભિનંદન સ્વામીનું સ્તવન.

રાગ ધનાશ્રી—સિંધુઓ.

આજ નિહેજોરે દીસે નાહલો--એ દેશી.

અભિનંદન જિન દરિસણ તરસીએ, દરિસણ દુર્લભ દેવ; મત મત ભેદેરે જો જઇ પૂછીએ, સહુ થાપે અહમેવ ।।

।। અભિનંદન૦ ।। ૧ ।। સામાન્યે કરી દરિસણ દોહલું, નિર્ણય સકલ વિશેષ; મદમેં ઘેર્યોરે અંધો કેમ કરે, રવિ શશિ રૂપ વિલેખ ।। અભિ૦ ।। ૨ ।। હેતુ વિવાદે હો ચિત્ત ધારી જોઈએ, અતિ દુર્ગમ વિવાદ; આગમવાદે હો ગુરૂગમ કો નહીં, એ સબલો વિષવાદ ।। અભિ૦ ।। ૩ ।। ઘાતી ડુંગર ઘાડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ; ધીઠાઈ કરી મારગ સંચરૂ, સેગુ[૧] કોઈ ન સાથ ।। અભિ૦ ।। ૪ ।। દરિસણ દરિસણ રટતો જો ફરૂં, તો રણ રોઝ સમાન; જેહને પીપાસા હો અમૃતપાનની, મમ ભાંજે વિષપાન ।। અભિ૦ ।। ૫ ।। [૨]તરસ ન આવે હો મરણ જીવન તણો, સીઝે જો દરિસણ કાજ; દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ ।। અભિ૦ ।। ૬ ।।

---

# ।। શ્રી યશોવિજયજી કૃત સ્તવન ।।

ઝાંઝરીયા મુનિવરની દેશી.

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ; તેલ બિંદુ જેમ વિસ્તરેજી, જલમાંહે ભલી રીતિ, સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ ।। ૧ ।। સજ્જનશું જે પ્રીત-ડીજી, છાની તે ન રખાય ।। પરિમલ કસ્તુરી તણોજી, મહી

---

૧ સોબતી–માર્ગદર્શક ભોમિયો. ૨ ત્રાસ.

માંહે મહકાય ।। સોભાગી૦ ।। ૨ ।। આંગળીએ નવી મેરૂ ઢંકાયે, છાબડીયે રવિ તેજ; અંજલિમાં જીમગંગ ન માયે, મુજ મન તીમ પ્રભુ હેજ ।। સોભાગી૦ ।। ૩ ।। હુએા છીપે નહિં અધર અરૂણુ જિમ, ખાતાં પાનં સુરંગ; પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તીમ મુજ પ્રેમ અભંગ ।। ।। સોભાગી૦ ।। ૪ ।। ઢાંકી ઇક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર, વાચક યશ કહે પ્રભુ તણેાજી, તીમ મુજ પ્રેમ પ્રકાર ।। સોભાગી૦ ।। ૫ ।।

---

## શ્રી આનંદઘનજી કૃત,

# ।। શ્રી અનંતનાથ પ્રભુનું સ્તવન ।।

ધાર તરવારની સેાહલી દેાહલી, ચઉદમા જિનતણી ચરણ સેવા; ધાર પર નાચતા દેખ બાજીગરા. સેવના ધાર પર રહે ન દેવા ।। ધાર૦ ।। ૧ ।। એ આંકણી ।। એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી, ફલ અનેકાંત લેાચન ન દેખે; ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિ માંહે લેખે ।। ધાર૦ ।। ૨ ।। ગચ્છના ભેદ બહુ નયણ નીહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે; ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકા, મેાહ નડીયા કલિકાલ રાજે ।। ધાર૦ ।। ૩ ।। વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠેા કહ્યેા,

વચન સાપેક્ષ વ્યવહાર સાચો; વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફલ, સાંભળી આદરી કાંઇ રાચો ।। ધાર૦ ।। ૪ ।। દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કીમ રહે, કીમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો; શુદ્ધ શ્રદ્ધા ન વિણ સર્વ કિરિયા કરી, છાર પર લીપણું તેહ જાણો ।। ધા૦ ।। ૫ ।। પાપ નહીં કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહિ કોઈ જગસૂત્ર સરિખો; સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરખો ।। ધા૦ ।। ૬ ।। એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે; તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત આનંદઘનરાજ પાવે ।। ધાર૦ ।। ૭ ।।

---

# ।। શ્રી સીમંધર જીન સ્તવન ।।

સાહિબા અજિત જિણંદ જુહારિયેં--એ દેશી.

સાહિબા શ્રી સીમંધર સાહિબા, સાહિબ તુમ પ્રભુ દેવાધિદેવ; સનમુખ જુએાને મહારા સાહિબા. સાહિબ મન શુદ્ધે કરૂં તુમ સેવ ।। એક વાર મળોને મહારા સાહિબા ।। એ આંકણી ।। ૧ ।। સાહિબ સુખ દુઃખ વાતો મ્હારે અતિ ઘણી, સાહિબ કોણ આંગણ કહું નાથ ।। સાહિબ કેવળજ્ઞાની પ્રભુ જો મળે, સાહિબ તો થાઉં હું રે સનાથ ।। એક વાર૦ ।। ૨ ।। સાહિબ ભરતક્ષેત્રમાં હું અવ-

તર્યો, સાહિબ ઓછું એટલું પુણ્ય ।। સાહિબ જ્ઞાની વિરહ પડ્યો આકરો, સાહિબ જ્ઞાન રહ્યો અતિ ન્યૂન ।। એક વાર૦ ।। ૩ ।। સાહિબ દશ દૃષ્ટાંતે દોહિલો, સાહિબ ઉત્તમ કુળ સોભાગ ।। સાહિબ પામ્યો પણ હારી ગયો, સાહિબ જેમ રત્ને ઉડાડ્યો કાગ ।। એકવાર૦ ।। ૪ ।। સાહિબ ષટ્રરસ ભોજન બહુ કર્યાં, સાહિબ તૃપ્તિ ન પામ્યો લગાર।। સાહિબ હું રે અનાદિ ભૂલમાં, સાહિબ રઝળ્યો ઘણો સંસાર ।। ।। એક૦ ।। ૫ ।। સાહિબ સ્વજન કુટુંબ મળ્યા ઘણાં, સાહિબ તેહને દુઃખે દુઃખી થાય ।। સાહિબ જીવ એક ને કર્મ જૂજૂઆં, સાહિબ તેહથી દુર્ગતિ જાય ।। એકવાર૦ ।। ૬ ।। સાહિબ ધન મેળવવા હું ધસમસ્યો, સાહિબ તૃષ્ણાનો નાવ્યો પાર ।। સાહિબ લોભે લટપટ બહુ કરી, સાહિબ ન જોયો પુણ્ય ને પાપ વ્યાપાર ।। એક૦ ।। ૭ ।। સાહિબ જેમ શુદ્ધાશુદ્ધ વસ્તુ છે, સાહિબ રવિ કરે તેહ પ્રકાશ ।। સાહિબ તેમરે જ્ઞાની મળે થકે, તે તો આપે સમકિત વાસ ।। એકવાર૦ ।। ૮ ।। સાહિબ મેઘ વરસે છે વાટમાં, સાહિબ વરસે છે ગામો ગામ ।। સાહિબ ઠામ કુઠામ જુએ નહીં, સાહિબ એવાં મ્હોટાનાં કામ ।। એકવાર૦ ।। ૯ ।। સાહિબ હું વસ્યો ભરતને છેડલે, સાહિબ તુમે વસ્યા મહાવિદેહ મોઝાર ।। સાહિબ દૂર રહી કરૂં વંદના, સાહિબ ભવસમુદ્ર ઉતારો પાર ।। એકવાર૦ ।। ૧૦ ।। સાહિબ તુમ પાસે દેવ ઘણા વસે, એક મોકલજો મહારાજ ।। સાહિબ મુખનો સં-

દેશો સાંભળો, સાહિબ તો સહેજે સરે મુજ કાજ ॥ એક૦ ॥ ૧૧ ॥ સાહિબ હું તુમ પગની મોજડી, સાહિબ હું તુમ દાસનો દાસ ॥ સાહિબ જ્ઞાનવિમલસૂરિ એમ ભણે, સાહિબ મને રાખો તમારી પાસ ॥ એક૦ ॥ ૧૨ ॥

---

# ॥ શ્રી મહાવીર જિન સ્તવન ॥

વીર કુમરની વાતડી કેને કહીયે, હાંરે કેને કહીયે રે કેને કહીયે ॥ નવિ મંદિર બેસી રહીયે, હાંરે સુકુમાર શરીર ॥ વીર૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ બાલપણાથી લાડકો નૃપ ભાખ્યો, હાંરે મળી ચોસઠ ઇંદ્ર મલ્હાખ્યો ॥ ઇંદ્રાણી મળી હુલરાખ્યો, હાંરે ગયો રમવા કાજ ॥ વીર૦ ॥ ૨ ॥ છોરૂ ઉછાંછળા લોકના કેમ રહીયે, હાંરે એની માવડીને શું કહીયે ॥ કહીયે તો અદેખાં થઇયે, હાંરે નાશી આવ્યા બાલ ॥ વીર૦ ॥ ૩ ॥ આમલકી ક્રીડા વિષે વીંટાણો, હાંરે મોટો * ભોરિંગ રોષે ભરાણો ॥ વીરે હાથે ઝાલીને તાણ્યો, હાંરે કાઢી નાખ્યો દૂર ॥ વીર૦ ॥ ૪ ॥ રૂપ પિશાચનું દેવતા કરી ચલિયો, હાંરે મુજ પુત્રને લેઈ ઉછળીયો ॥ વીર મુષ્ટિ પ્રહારે વળીયો, હાંરે સાંભળીએ એમ ॥ વીર૦ ॥ ૫ ॥ ત્રિશલા માતા મોજમાં એમ કહેતી, હાંરે સખીઓને ઉલ્લંભા દેતી ॥ ક્ષણ ક્ષણ પ્રભુ નામજ

---

* સર્પ.

લેતી, હાંરે તેડાવે બાલ ।। વીર૦ ।। ૬ ।। વાટ જોવંતા વીરજી ઘરે આવ્યા, હાંરે માતા ત્રિશલાએ વ્હેવરાવ્યા ।। ઓળે ઓસારી હુલરાવ્યા, હાંરે આલિંગન દેત ।। વીર૦ ।।૭।। યૌવન વય પ્રભુ પામતાં પરણાવે, હાંરે પછી સંજમશું દીલ લાવે ।। ઉપસર્ગની ફોજ હઠાવે, હાંરે લીધું કેવલનાણ ।। ।। વીર૦ ।। ૮ ।। કર્મ સૂદન તપ ભાખીયું જિનરાજે, હાંરે ત્રણ લોકની ઠકુરાઈ છાજે ।। ફળ પુન્ન કહી શિવ કાજે, હાંરે ભવિને ઉપગાર ।। વી૦ ।। ૯ ।। શાતા અશાતા વેદની ક્ષય કીધું, હાંરે આપે અક્ષય પદ લીધું ।। શુભવીરનું કારજ સીધું, હાંરે ભાંગે સાદિ અનંત।। વીર૦ ।। ૧૦ ।।

---

# ।। ૨ શ્રી દીવાલીનું સ્તવન ।।

મારે દીવાળી થઈ આજ, પ્રભુ મુખ જોવાને; સર્યા સર્યારે સેવકનાં કાજ, ભવદુઃખ ખોવાને ।। એ આંકણી ।। મહાવીર સ્વામી મુગતે પહોત્યા, ગૌતમ કેવળજ્ઞાનરે, ધન્ય અમાવાસ્યા ધન્ય દીવાળી, મહાવીર પ્રભુ નિરવાણ ।। જિન મુખ જોવાને ।। ૧ ।। ચારિત્ર પાળી નિરમળું રે, ટાળ્યા વિષય કષાયરે; એવા મુનિને વંદિએ જે, ઉતારે ભવપાર ।। ।। જિન૦ ।। ૨ ।। બાકુલ વોહોર્યા વીર જિને, તારી ચંદન-બાળા રે; કેવળ લઈને મુગતે પોહોત્યા, પામ્યા ભવનો

પાર ।। જિન૦ ।। ૩ ।। એવા મુનિને વંદીએ જે, પંચમ જ્ઞાનને ધરતા રે; સમવસરણ દઈ દેશના પ્રભુ, તાર્યા નરને નાર ।। જિન૦ ।। ૪ ।। ચોવીસમા જિનેશ્વરૂ ને, મુક્તિ તણા દાતારરે; કર જોડી કવિ એમ ભણે પ્રભુ, દુનિયાનો ફેરો ટાળ ।। જિનમુખ જોવાને ।। ૫ ।।

---

# ।। શ્રી ચંદ્ર પ્રભુજીનું સ્તવન ।।

## મુનિ ભાવવિજયજી કૃત.

ચંદ્ર પ્રભુજીહો, તુમને કહુંછું, મારા લાલ. માર પડયાથી હોકે, હું બહુ બિઉછું મારા લાલ. એ આંકણી. ।। ૧ ।। ભાવ શત્રુયે હોકે બહુ દુઃખ દીધું, મારા લાલ કારજ મહારૂં હોકે, એક ન સિધું મારા લાલ. ।। ૨ ।। રાગ દ્વેષનું હોકે, કલંક છે મોટું, મ્હારા લાલ. સાધન સર્વે હોકે, પાડયું ખોટું મહારા લાલ, ચંદ્ર. ।। ૩ ।। ચાર ગતિમાં હોકે, ભ્રમણ તે ઓપ્યા મ્હારા લાલ, સુક્ષ્મ નિગોદે હોકે, જઈ ઝંડા રોપ્યા મ્હારા લાલ. ।। ૪ ।। બસે છપ્પન હોકે આવલી જાણો મ્હારા લાલ, ક્ષુલ્લક ભવમાં હોકે આયુ પ્રમાણો, મહારા લાલ. ।।પા। શ્વાસોશ્વાસમાં હોકે, સાડાસત્તર મારા લાલ ।। ભવતે કરવા હોકે, નહિ દુઃખ અંતર, મ્હારા લાલ૦ ।। ૬ ।। વિતરાગ સંજમ હોકે, આ રંગ કીજે,

મ્હારા લાલ. ચઉદ પૂર્વ ધર હોકે, ચઉ નાણી લીજે મ્હારા લાલ૦ ॥ ૭ ॥ એટલી પદવી હોકે, પામી પડિયા, મ્હારા લાલ૦ નરક નિગોદે હોકે, તે પણ જડિયાં મ્હારા લાલ૦ ॥ ૮ ॥ પ્રમાદ જોરો હોકે, એ હવો જાણી, મ્હારા લાલ, કાંઠે આવ્યો હોકે, પણ લીયો તાણી, મ્હારા લાલ૦ ॥૯॥ પણ હુશિયારે હોકે, જે નર રહેશે, મ્હારા લાલ૦ ॥ માહરાયને હોકે, તમાચો દેશે, મ્હારા લાલ૦ ॥૧૦॥ રાગ દ્વેષનું હોકે, કાલુ ચાહું, મ્હારા લાલ, નવિ ધોવાયે હોકે, બહુ છે કાહું, મ્હારા લાલ૦ ॥૧૧॥ આગમ આરિસે હોકે, જોઈ નિહાલો મ્હારા લાલ ૦ ધોવા કારણ હોકે, આપ સંભારો, મ્હારા લાલ૦ ॥ ૧૨ ॥ આતમની શુદ્ધિ હોકે, ખાર મિલાવો મારા૦ ॥ ઉપશમ જલથી હોકે, જઇ ઝટકાવો, મારા૦ ॥ ॥ ૧૩ ॥ કાલો ડાઘો હોકે, તારે જાશે મારા૦ ॥ ભાવ વિજય ને હોકે સુખ થાશે મારા૦ લાલ૦ ॥૧૪॥ સંપૂર્ણ ॥

---

# શ્રી ગૌતમ સ્વામીનું સ્તવન,

રાગ પ્રભાતી.

માત પૃથ્વી સુત પ્રાત ઉઠી નમો, ગણધર ગૌતમ નામ ગેલે; પ્રહ સમે પ્રેમશું જેહ ધ્યાતાં સદા, ચઢતી કળા હોય વંશવેલે ॥માં૦॥૧॥ વસુભુતિ નંદન વિશ્વજન

વંદન, દુરિત નિકંદન નામ જેહનું; અભેદ બુદ્ધે કરી ભવિ-જન જે ભજે, પુર્ણ પહોંચે સહી ભાગ્ય તેહનું ॥માળારા સુર મણિ જેહ ચિંતામણિ સુરતરૂ, કામિત પૂરણ કામ-ધેનું; એહ ગૌતમતણું ધ્યાન હૃદયે ધરો, જેહ થકી અધિ-ક નહીં મહાત્મ્ય કહેનું ॥માળાઉા જ્ઞાન બલ તેજ ને સકલ સુખસંપદા, ગૌતમ નોમથી સિદ્ધિ પામે; અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનિમાં, સુર નર જેહને શીષ નામે ॥માળાઇા [1]પ્રણવ આદે ધરી માયા[2] બીજે કરી, સ્વમુખે ગૌતમ નામ ધ્યાયે; કોડિ મનકામના સફળ વેગે ફળે, વિઘ્ન વૈરિ સવે દુર જાએ ॥માળાપા દુષ્ટ દૂરે ટલે સ્વજન મેળો મળે, આધિ ઉપાધિ ને વ્યધિ નાસે; ભુતનાં પ્રેતનાં બ્લેર ભાંજે વળી, ગોતમ નામ જપતાં ઉલ્લાસે ॥માળાદા તીર્થ અષ્ટાપદે આપ લબ્ધે જઈ, પન્નરશેં ત્રણને દિખ દીધી; અઠમને પારણે તાપસ કારણે, ક્ષીર લબ્ધે કરી અખુટ ક્રીધી ॥માળાળા વરસ પચાસ લગે ગૃહવાસે વસ્યા, વરસ વળી ત્રીશ કરી વીર સેવા; બાર વરસાં લગે કેવળ ભોગવ્યું, ભક્તિ જેહની કરે નિત્ય દેવા ॥માળાટા મહિયળ ગૌતમ ગોત્ર મહિમા નિધિ, ગુણનિધિ ઋદ્ધિ ને સિદ્ધિ દાયી; ઉદય જસ નામથી અધિક લીલા લહે, સુજસ સૌભાગ્ય દોલત સવાઈ ॥ માત૦ ॥ ૯ ॥

---

૧ ૐકાર ૨ હ્રીંકાર.

# ૪ ।। અથ શ્રી અક્ષયનિધિ તપનું સ્તવન ।।

।। દુહા ।।

શ્રી શંખેશ્વર શિર નમી, કહું તપ ફલ સુવિચાર ।। અક્ષયનિધિ તપ ભાખીયેા, પ્રવચનસારઉદ્ધાર ।। ૧ ।। તપ તપતાં અરિહા પ્રભુ, કેવલનાણને હેત ।। નાણ લહી તપ તપેા કીયેા, શિવરમણી સંકેત ।। ૨ ।। તિમ સુંદરી પરે તપ કરેા, અક્ષયનિધિ ગુણવાન ।। શ્રુતકેવલીએ જે રચ્યેા, કલ્પસૂત્ર બહુમાન ।। ૩ ।।

।। ઢાલ ।। રુડીને રઢીયાલીરે વાલા તારી વાંસળીરે ।। એ દેશી ।।

જંબુ ભરતે રે નયરી રાજગ્રહીરે, સંવર શેઠ વસે એક સાર ।। ગુણવંતી નારીરે કઠણ આજીવિકારે, ઘર દારિદ્રતણેા ભંડાર ।। સુંદરી સેવેારે, અક્ષયનિધિ તપ ભલેારે ।। ૧ ।। એ આંકણી ।। પુણ્ય સંયેાગેરે પ્રિયા ગરભે ફલીરે, તવ તસ વૃત્તિ ચલી ઘરબાર ।। કેાઈ વ્યવહારીરે વણજ કરાવતારે, વાધ્યેા શેઠતણેા વ્યવહાર ।। સુંદરી૦ ।। ૨ ।। પૂરણ માસેરે જન્મી કુમારિકારે, પ્રગટયેા નાલ નિખેપ નિધાન ।। લક્ષણવંતીરે પુત્રી પ્રભાવથીરે, રાય સુણી કરતેા બહુમાન ।। સુંદરી૦ ।। ૩ ।। પુત્રની પેરેરે જન્મ ઉત્સવ કર્યોરે, સ્વજનવર્ગ નેાતરીયા ગેહ ।। સંવર શેઠેરે થાપ્યું સુંદરીરે, નામ મહેાત્સવ કરી ધરી નેહ ।। સુંદરી૦ ।। ૪ ।।

બાલ સ્વભાવેરે રમતી સુંદરારે, જિહાં જિહાં ભૂમિ બણુંતા રમાય ।। પૂર્વ પુન્યેરે મણિ માણેક ભર્યોરે, તિહાં તિહાં દ્રવ્ય નિધિ પ્રગટાય ।। સુંદરી૦ ।। ૫ ।। આણી આપેરે તાતને સુંદરીરે, તિણે તે શેઠ હુઓ ધનવંત ।। યૌવન જાગેરે રંભા ઉર્વશીરે, દેખી શેઠ કરે વરચિંત ।। સુંદરી૦ ।। ૬ ।। શેઠ સમુદ્રપ્રિયાભિધ નગરમાંરે, કમલસિરિ નારી તસ પુત્ત ।। શ્રીદત્ત નામેરે રુપ કલા ભર્યોરે, તસ પરણાવી તે ધન જુત્ત ।। સુંદરી૦ ।। ૭ ।। પુણ્યપનોતીરે સાસરે સુંદરીરે, આવી તત્ક્ષણ નિધિ પ્રગટાય ।। પગ અંગુઠેરે કાંકરો કાઢતાંરે, પૂર્ણ કલશ ધન લેતી જાય ।। સુંદરી૦ ।। ૮ ।। મોસાલે ભાણેજીને તેડ્યાં ભોજનેરે, તેહને ઘર પણ લક્ષ્મી ન માય ।। ઈમ જિહાં બાલારે સા પગલાં ઠવેરે, નિધિ પ્રગટે સહુ સુખિયા થાય ।। સુંદરી૦ ।। ૯ ।। વહુને માનેરે સસરો ભલી પરેરે, રાજા પણ ચિત્ત વિસ્મય થાય ।। એક દિન આવ્યા ધર્મઘોષ સૂરિવરારે, રાજા પ્રમુખ તે વંદન જાય ।। સુંદરી૦ ।। ૧૦ ।। સુંદરી પૂછે કહો કુણ કારણેરે, પગ પગ પામું ઋદ્ધિ રસાલ ।। સૂરિ કહે સાચોરે પૂર્વ ભવ તેં કર્યોરે, અક્ષયનિધિ તપ થઈ ઉજમાલ ।। સુંદરી૦ ।। ૧૧ ।।

।। ઢાલ ।। ૨ ।। માતા જસોદા તમારો કાન, મહી વેચંતાં માગે દાણ ।। એ દેશી ।। અથવા ચોપાઈની દેશી ।।

।। ખેટકપુર સંયમ અભિધાન, શેઠ પ્રિયા ઋજુમતિ ગુણવાન ।। ઋજુમતિ તપ રાતિ રહે, જ્ઞાન ભક્તિ સુખ

સંપદ લહે ।। ૧ ।। રયણાવલી કનકાવલી કરે, એકાવલી વિધિએ ઉચ્ચરે ।। પાડોશી વસુ શેઠે વરી, સોમ સુંદરી બહુ મચ્છર ભરી ।। ૨ ।। પુણ્યવતી તપ રાતી બહુ, ઋજુ-મતિ પ્રશંસે સહુ ।। સોમસુંદરી સુણી નિંદા કરે, ડાકણી પરે છલ જોતી ફરે ।। ૩ ।। ભુખ્યો બ્રાહ્મણ બગાયો ઢોર, ચાંપ્યો નાગ નાસંતો ચોર ।। રાંડ ભાંડ ને માતો સાંઢ, એ સાતેથી ઉગરાયે માંડ ।। ૪ ।। લાગ્યું ઘર શેઠ સંજમતાણું, સોમસુંદરી ચિત્ત હરખ્યું ઘણું ।। નારી પ્રભાવે નં બળી એક છડી, વળી એક દિન ઘર ધાડજ પડી ।। ૫ ।। પાડોસણ મન ચિન્તે ઈશું, પાપી શેઠનું ન ગયું કિશું ।। દેતી શ્રાપને નિરધન થયા, તે દંપતી સુરલોકે ગયા ।। ૬ ।। સોમસુંદરી ઘણી મચ્છર ભરી, અશુભ કર્મ ઉપાર્જન કરી ।। પામી મરણ સા કોઇકિ ગુણી, શ્રાવક મુખ નવકારજ સુણી ।।૭।। જિતશત્રુ મથુરાનો રાય, ચઉ સુત ઉપર બેટી થાય ।। સર્વઋદ્ધિ નામજ તસ દઈ, પંચ ધાવશુ મોટી થઈ ।।૮।। શત્રુ સૈન્ય સમૂહે નડયો, જિતશત્રુ રણયોગે પડયો ।। લુંટ પડી જબ રાજદ્વાર, કુંવરી પણ નાઠી તિણીવાર ।। ૯ ।। ઉજ્જતિ એક અટવી પડી, રવિ ઉદયે માર્ગ શિર ચડી ।। વનફલ વૃત્તે વનચર થઈ, યૌવન વેલા નિષ્ફળ ગઈ ।।૧૦।। એક વિદ્યાધર દેખી કરી, પરણી સા નિજ મંદિર ધરી ।। તિણિ વેલા ઘર લાગી ગયું, સર્વ ઋદ્ધિ પગલેથી થયું ।। ૧૧ ।। વિદ્યાધરે ફરી વનમાં ધરી, પલ્લિપતિ એક ભીલે

હરી ॥ ત્રીજે દીન ઘર તેનું ભલ્યું. નારી નિંદન સહુ જન ભલ્યુ ॥ ૧૨ ॥ સાર્થવાહ કર વેચી તીણે, ચાલ્યો નિજ દેશાવર ભણિ ॥ પંથ વચ્ચે લુંટાણા તેહ, સર્વ ઋદ્ધિ નાઠો લઈ દેહ ॥ ૧૩ ॥ વનમાં સરોવર તીરે ખડી, રાજકુમારી કર્મે નડી ॥ પુન્યે મુનિ મલ્યા ગુણ ગેહ, મીઠે વયણે બોલાવી તેહ ॥ ૧૪ ॥

॥ ઢાળ ॥ ૩ ॥ છોરી જાટડીની ॥ એ દેશી ॥

॥ છોરીરે બેટી તું તો રાયની, હે કાંઈ ઉભી સરોવર પાળરે ॥ શું દુઃખ ચિંતવે ॥ સિરદાર સહૂને સુખ કરે, મહારાજ મુનિ એમ ઉચ્ચરે ॥ પૂર્વભવ મચ્છર કરી, હે કાંઈ ફલી તરુ શાખા ડાલરે ॥ સોમસુંદરી ભવે ॥ સિર૦ ॥ મ૦ ॥ ૧ ॥ તાત મરણ પુર લુંટીયું, હે કાંઈ પડી તું અટવી મોજારે ॥ દુઃખ પામી ઘણું એચરશું, ઇણે ભવે લહ્યો ॥ હે કાંઈ સુખ સંભોગ એક વારરે, વલી વનચર પણું ॥ સિ૦ ॥ મ૦ ॥ ૨ ॥ જ્ઞાની ગુરુ વયણાં સુણી, હે રાજકુમારી પુછાયરે ॥ ગુરુ ચરણે નમી, આ દુઃખથી કિમ છુટીયે ॥ હે કહીયે કરી સુપસાયરે, દુઃખ વેલા ખમી ॥ ॥ સિ૦ ॥ મ૦ ॥ ૩ ॥ અક્ષયનિધિ તપનિધિ કરો, હે જ્ઞાન ભક્તિ વિસ્તારરે ॥ શક્તિ ન ગોપવી, શ્રાવણ વદી ચોથે થકી ॥ હે સંવત્સરી દિન સારરે, પૂરણ તપ તપી ॥ સિ૦ ॥ મ૦ ॥ ૪ ॥ ચોથભક્ત એકાસણે, હે શક્તિ તણે

અનુસારરે ।। ઘટ અક્ષત ભરો, વિધિ ગુરૂગમથી આચરો ।। હે ગણણું દોય હજારરે, પડિકમણાં કરો ।। સિ૦ ।। મ૦।।૫।। એક વરસ જઘન્યથી, હે તિન વરસ ઉક્કિઠુરે ।। ઇણ વિધિ તપ કરો, શાસન દેવી કારણે ।। હે ચોથે વરસ વિસિઠુરે, વળી એ આદરો ।। સિ૦ ।। મ૦ ।। ૬ ।। આ ભવ મનોવંછિત ફલે, હે પરભવ ઋદ્ધિ ન માયરે ।। હરિ ચક્રિપરે, ઇમ નિસુણી કુમરી તિહાં ।। હે વાંદી ગુરૂના પાયરે, ગઇ ગ્રામાંતરે ।। સિ૦ ।। મ૦ ।। ૭ ।। પરઘર કરતાં ચાકરી, હે આજીવિકા નિર્વાહરે ।। સુખ દુઃખમાં કરે, અલ્પવિધિયેં તપ તિણે કર્યો ।। હે પ્રથમ વરસ ફરિ ચાહેરે, બીજે ભલિપરે ।। સિ૦ મ૦ ।। ૮ ।। ચોથે વરસ તપ માંડતાં, હે કાંઇક હુઇ ધનવંતરે ।। એક દિન આવીયા, વિદ્યાધર ક્રિડા વશે ।। હે પૂરવ નેહ ઉલસંતરે, દેખી નિજ પ્રિયા ।। ।। સિ૦ મ૦ ।। ૯ ।। થાપી લઇ અંતેઉરે, હે સા કહે શીલવ્રત મુખ્યરે ।। ઇણિ કાયા ધરી, શેષાયુ અણસણે મરી ।। હે સંવર પુત્રી તુજરે, કહું સુણ સુંદરી ।। સિ૦ મ૦ તે ।। ૧૦ ।।

।। ઢાલ ।। ૪ ।। કોશ્યા વેશ્યા કહે રાગીજી, મનોહર મન ગમતા ।। એ દેશી ।।

।। નિજ પૂર્વભવ સુણી તેહજી, સુંદરી સુકુમાલી ।। જાતિસ્મરણ વરે તેહજી ।। સું૦ ।। તપ ફલે લહો ઋદ્ધિ

રસાલજી ॥ સું૦ ॥ કહે ધર્મઘોષ અણગારજી ॥ સું ॥૧॥
કહે સુંદરી સર્વે સાચું જી ॥ સું૦ ॥ તુમ જ્ઞાનમાંહે નવી
કાચું જી ॥ સું૦ ॥ અવંતિમાંહે વખાણ્યાંજી ॥ સું ॥ તેહવા
મેં તુમને જાણ્યાજી ॥ સું૦ ॥ ૨ ॥ સૂરિ વંદી નિજ ઘર
આવેજી ॥ સું ॥ તપ અક્ષયનિધિ મંડાવેજી ॥ સું ॥ રાજા
રાણી તિણિ વેલાજી ॥ સું ॥ શેઠ સામંત સર્વ ભેલાજી ॥
॥ સું ॥ ૩ ॥ પગ પગ પ્રગટે જે નિધાનજી ॥ સુ ॥ કરે
પ્રભાવના બહુમાનજી ॥ સું ॥ નામ સુંદરી તો વિસરાણીજી
॥ સું ॥ તે તો અક્ષયનિધિ કહેવાણીજી ॥ સું ॥ ૪ ॥ મન
મોટે પૂર્ણ ફલ લીધુંજી ॥ સું ॥ પંચમીએ પારણું કીધુંજી
॥ સું ॥ જ્ઞાન ભક્તિ મહોચ્છવ દેખીજી ॥ સું ॥ દેવી દેવ
હુંઆ અનિમેષીજી ॥ સું ॥ ૫ ॥ સુખ વિલસંતા સંસા-
રજી ॥ સું ॥ હુઆ સુત ચઉ પુત્રી ચારજી ॥ સું૦ ॥ લિયે
અંતે સંયમ ભારજી ॥ સું ॥ ઘનઘાતિ ખપાવ્યાં ચારજી ॥
॥ સું ॥ ૬ ॥ લહી કેવલ શિવપુર જાવેજી ॥ સું૦ ॥ ગુણ
અગુરૂલઘુ નિપજાવેજી ॥ સું૦ ॥ અવગાહન લક્ષણ સં-
તાજી ॥ સું૦ ॥ તિહાં બીજા સિદ્ધ અનંતાજી ॥ સું૦ ॥૭॥
તસ ફરસિત દેશ પ્રદેશેજી ॥ સું૦ ॥ અસંખ્ય ગુણા સુવિ-
શેષેજી ॥ સું૦ ॥ જુઓ પ્રથમ ઉપાંગે ઠામજી ॥ સું૦ ॥
શુભવીર કહે પ્રણામજી ॥ સું૦ ॥ ૮ ॥

॥ ઢાલ ॥ ૫ ॥ કોઈલો પર્વત ધુંધલોરે લોલ ॥ એ દેશી ॥

॥ વીર જિણેસર ગુણનીલોરે લોલ, એ ભાખ્યો અધિ-

કારરે ।। સુગુણનર ।। વરતે શાસન જેહનુંરે લોલ, એકવીસ વરસ હજારરે ।। સુગુણનર ।। વીર જીણેસર ગુણનીલોરે ।।૧।। જિહા શફલ જિનગુણ થુણીરે લોલ, દિહા સફલ પ્રભુ ધ્યાનરે ।। સુ૦ ।। જન્મ સફલ પ્રભુ દરિસણેરે લોલ ।। વાણીએ સફલ કાનરે ।। સુ૦ ।। વી ।। ૨ ।। તાસ પરંપર પાટવીરે લોલ, શ્રીવિજયસિંહ સૂરીશરે ।। સુ૦ ।। સત્યવિજય બુધ તેહનોરે લોલ, કપુરવિજય કવિ શિષ્યરે ।। સુ૦ ।। વી ।। ૩ ।। ક્ષમાવિજય ગુરૂ તેહનોરે લોલ, શ્રીજસવિજય પન્યાસરે ।। સુ૦ ।। શ્રીશુભવિજય સુગુરૂ નમીરે લોલ, સુરત રહી ચઉમાસરે ।। સુ૦ ।। વી૦ ।। ૪ ।। ચંદ્ર મુનિ વસુ હિમંકરૂ (૧૮૭૧)રે લોલ, વરસે શ્રાવણ માસરે ।।સુ૦।। શ્રીશુભવીરને શાસનેરે લોલ, હોજો જ્ઞાનપ્રકાશરે ।। સુ૦ ।। વી૦ ।। ૫ ।।

।। કલશ ।। એ પંચ ઢાલ રસાલ ભક્તિ, પંચ જ્ઞાન આરાધવા ।। કામ પ્રમાદ કિરિયા પંચ છંડી, પંચમી ગતિ સાધવા ।। નભ કૃષ્ણ પંચમી સ્તવન રચીએા, અક્ષય નિધિકે કારણે ।। શુભવીર જ્ઞાને દેવસુંદરી, નાચવા ઘરબારણે ।।૧।।

ઇતિ અક્ષયનિધિતપ સ્તવન સંપૂર્ણ ।।

# દીવાળીનું સ્તવન.

દીવાળી તે મારે અજુવાલીરે, સખી આજ અનોપમ દીવાળી ।। પ્રભુજી આવ્યા છે મારે ઘેર ચાલીરે, સખી ।।૧।। અંતિમ ચોમાસું અપાપાએ, આવ્યા ચૌદ સહસ મુની ગુણમાલીરે ।। સખી૦ ।। ૨ ।। છત્રીસ સહસ તે સાહુણી સાથે, હસ્તી પાલ રાજાને આલીરે ।। સખી૦ ।। ૩ ।। દેવે સમોવ સરણ તીહાં રચીયું, ત્રિગડાની શોભા બહુ સારીરે ।। સખી૦ ।। ૪ ।। ત્યાં પ્રભુ બેસી દેશના દેવે, સાંભલે પરખદા નર-નારીરે ।। સખી૦ ।। ૫ ।। હસ્તી પાલ ઘરણી તીહા આવે, ગુંવલી કરે તીહાં મનોહારીરે ।। સખી૦ ।। ૬ ।। મુક્તા-ફલસુ વીરને વધાવે, સરખી સાહેલી બહુ મલીરે ।। સખી૦ ।। ૭ ।। નવ મલી નવ લચ્છીમલીયા, મલીયાસુર નરગણુ-ધારીરે. ।। સખી૦ ।। ૮ ।। કારતક વદી અમાવાસ્યા પ્રભુજી, વરીયા શિવ વધુ લટકાળીરે ।। સખી૦ ।। ૯ ।। ભાવ ઉદ્યોત ગયે પ્રગટાયેા, દેવરત્ન દિપક માલીરે ।। સખી૦ ।। ૧૦ ।। ગૌતમ કેવળ લહ્યું પ્રભાતે, જુહાર કરે નર સૌ આલીરે ।। ।। સખી૦ ।। ૧૧ ।। સુદર્શનાએ નંદિવર્ધનને, વિર વિરહનો દુઃખ ટાલીરે ।। સખી૦ ।। ૧૨ ।। પ્રબોધી બંધવને જમા-ડ્યા, ભાઇબીજ પ્રગટી ગુણ આલીરે ।। સખી૦ ।। ૧૩ ।। વીર નિર્વાણથી દિપક ઓચ્છવ, ગૌતમ કેવળ દિન ભાળીરે ।। સખી૦ ।। ૧૪।। દાન દયા દિલમાં સહુ ધરજો, લાખ કોટી છઠ્ઠ ફલશાલીરે ।। સખી૦ ।। ૧૫ ।। સંપૂર્ણ।

# ॥ શ્રી નેમનાથનો ચોક પહેલો ॥

---

( લાવણી રાગ )

શ્રી નેમિનિરંજન બાલપણે બ્રહ્મચારી, પ્રભુ મુખ પુનમકો ચંદ્ર અતુલ બલધારી, ટેક; લીયે બરાબરી કે મિત્ર અતિસુરસાલા, રસરંગે આવે યદુપતિ આયુધશાલા, કહે મિત્ર સુણો પ્રભુ એ છે શંખઉદ્ધારા, નહી ગીરધર પાસે ઓર બજાવનહારા, કરકમલે લેકર શંખ બજાયો ભારી, ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ સુણિ શંખ શબ્દકી ધ્વની અતિ વિકરાલ, બલ ભલીયા શેષફણી સમ પાતાલ, ચિત્ત ચમકયા મનમે ભુવન પતિના ઈશ, થરહર કંપ્યા વ્યંતર પતિ બત્રીસ ॥ મુકી નીજ ઠામને નાસંતી સુર નારી, ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ ગગડ્યા ગિરીવરને ડોલ્યા ડુંગર મોટા, ત્રોડી બંધનને નાઠા ગજરથ ઘોડા, ઉછલીયાં સાયર નીર ચડ્યા કલ્લોલ, ભાંગી તરૂવરની ડાલ થયો ડમડોલ, તુટ્યા વરમોતિહાર જબુકી નારી ॥ પ્રભુ ॥ ૩ ॥ શશી સુરજ તારા વૈમાનીકના સ્વામી, સહુ કરે પ્રસંશા અહો પ્રભુ અંતરજામી, પ્રભુ ચક્ર ફેરવી કીધ ધનુષ ટંકાર, ગિરધરની ગદા લેઈ કરમાં નેમકુમાર, કહે માણેક મુનિવર ચિંતાભઈ મોરારી ॥ પ્રભુ૦ ॥ ૪ ॥

## ॥ ચોક બીજો ॥

ગુણવંતા શ્રી જીનરાજ સભાયેં આવે, પ્રણામ કરી હરિ હેત ધરી બોલાવે, મન મોહન પ્રાણ આધાર દરશન મુજ દીજે, હો બંધવ આપણ બલનિ પરીક્ષા કીજે ॥ તુમે વાલો અમચો હાથ વદે ગોપાલ, પ્રભુ હરીનો વાલે હાથ કમલ જયું નાલ, શ્રી નેમ તણો બલ દેખી અચરિજ પાવે, પ્રભુ પ્રણામ કરી હરી હેત ધરી બોલાવે ॥ ૧ ॥ પ્રભુ લંબાવે નીજ હાથ સકલ ગુણ ખાણી, તિહાં કરે બરાબરી જોરતે સારંગપાણી, ન નમે તિલ માત્ર લગાર ટીંગાયો ભારી, જાણે હિંડોલે હિંચંતો હોય ગીરધારી, દેખી બલ અદ્‌ભુત તેજ ચમકયો આવે ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ હરી બોલે મધુરી વાણી ભય મન આણી, ભાખે હલધરને ઈમનેમ બલજાણી, હો બાંધવ મારા નેમ શક્તિ અતિ મોટી, મે દીઠી નજરે હજુર વાત નહી ખોટી, એ રાજ તણાં જે કાજ તમે લ્યો કહાવે ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ એ મહાબલિયો બલવંત છે બાલે વેશે, મુજરાજ ઉઠાડી એક પલકમાં લેશે, ઈમ કરતો મન બાલોચ મહીનો દાણી, ઈણ અવસર બોલે દેવ ગગનમાં વાણી, કહે માણેક પ્રભુજી સંજમ લેશે ભાવે ॥ પ્રભુ૦ ॥ ॥ ૪ ॥ ચોક બીજો પુરો ॥

## ( ચોક ત્રીજો )

હરખ્યો હલધરજી ચિત્ત સભામેં આવ્યો, કહે કૃષ્ણમાં-

ણીને નેમ વિવાહ મનાવો, ટેક અતિ સુંદર બાલા ભર જોબન મદમાતિ, દિપે શશીવદની સહસ બત્રીશ સોહાતી, જીનજીનો ઝાલી હાથ હરીજીલાવે, નિજ મંદિર સુંદર અંતે ઉરમેં આવે, બોલે પટરાણી આઠે દેવરજી આવો, કહે રૂક્મણીને નેમવિવાહ મનાવો ॥ ૧ ॥ કેઈ છાંટે અબિલ ગુલાલને કેસર પાણી, કેઇ ઘાલે ગલામાં હાર પુષ્પના આણી, રાધાને રૂકમાંણી બોલે મધુરિ વાણી, હે દેવર મોરા પરણી જે એક રાણી, તુમે યાદવ કુલ શણગાર શામળા સોહાવો ॥ કહે. ॥ ૨ ॥ મુખ મચકોડીને પ્રભુનો પાલવ ઝાલે, શામલીયા સુંદરી એક વિના કેમ ચાલે, બહુ મલિ કૃષ્ણની નાર વયણા કહેતી, ન કરોજી બાલકબુદ્ધિબોલંભાદેતિ, વનિતાના સુણીને વચન મુખ મલકાવે, ॥ કહે. ॥ ૩ ॥ બાલા સહુ બોલે મુખ મલપંતો જાણી, માન્યોજી માન્યો નેમ પરણશે રાણી, શ્રી સમુદ્રવિજયને કૃષ્ણ જઈ ઈમ કહેતાં, સહુ કરે વિવાહની વાત આપણ નથી લેતા, કહે માણેક પ્રભુને પદ્મમણી પરણાવે, કહે. ॥ ૪ ॥ ત્રીજો ચોક સંપૂર્ણ ॥

## ( ચોક ચોથો )

મલ્યો જાદવ કેરો વૃંદ છપ્પન કુલ કોડે, પ્રભુ કરી શણગારને નેમ ચલ્યા વરઘોડે, તિહાં ભેરીનફેરી પંચ શબ્દ વજડાવે, મલિ બાલા કોકિલ કંઠે મંગલ ગાવે, કેઇ

હાથી ઘોડે બેઠા રથ સુખપાલે, પાયક અડતાલીશ કોડ તે આગળ ચાલે ।। મલી દસે દશારણ હલધરજી હરિ જોડે, ।। પ્રભુ ।। ૧ ।। વાજે ત્રંબાલુ ફરકે ઝરિ નિસાણ, બહુ સાજન મહાજન જોર ચલાવી જાન, ઇંમ કરતા પ્રભુજી ઉગ્રસેન ઘેર આવે, દેખી મુખ પ્રભુનું રાજુલ મન સુખ પાવે, તવ કરતા પસુ પોકાર લાખો કોડે, ।। પ્રભુ૦ ।।૨।। છોડાવી પશુનો વૃંદ રથડો વાલે, ઘેર આવી પ્રભુજી દાન સંવત્સરી આલે, સુણી વાતને રાજુલ મુરછા ધરણી ઢલતિ, હે નાથ શું કિધું કોટિ વિલાપ એમ કરતી, લેઇ સંજમ દંપતિ કરમ કઠિનને તોડે ।। પ્રભુ૦ ।। ૩ ।। બેહુ પામી કેવલ જ્ઞાન મુગતે જાવે, પ્રભુ સિદ્ધ બુદ્ધ અજરામર પદવિ પાવે, ગુરૂરૂપ કીર્તિ ગુણ ગાતા રંગસવાયા, ચોમાસુ રહિ મેસાણે પ્રભુ ગુણ ગાયા, માણેક મુનિ ગાવે લાવણી મનને કોડે, ।। પ્રભુ૦ ।। ૪ ।।

---

# શાંતીનાથનું સ્તવન,

શાંતીજીન એક મુજ વીનતીજી, સાંભલો જગત આધારરે ।। સાહેબ હું બહુ ભવ ભમ્યોજી, શેવતાં પાપ અઢારરે. શાંતી૦ ।। ૧ ।। પ્રથમ હીંસા માંહે રાચીઓજી, નાચીઓ ઓલી મૃષાવાદરે ।। માચીઓ લેઇ ધન પારકુજી, હારીઓ નીજ ગુણ સ્વાદરે. શાંતી૦ ।। ૨ ।। દેવમાનવ તીર્યચનાજી, મૈથુન સેવ્યા ઘણી વારરે ।। નવવીધ પરીગ્રહ મેલીઓજી,

ક્રોધ કીધો અપારરે શાંતી૦ ॥ ૩ ॥ માન માયા લોભ વસ પડયોજી, રાગને દ્વેષ પરીણામ ॥ કલહ અભ્યાખ્યાન તીમ સહીજી, પૈશુન્ય દુરીતનું ઠામરે. ॥ શાંતી૦ ॥ ૪ ॥ રતિ અરતિ નિંદ્રા મેં કરીજી, જેહથી હોય નરક વાસરે, કપટ સહિત જુહું ભાખીયુંજી, વાસીયું ચિત્ત મિથ્યાત્વરે. શાંતી૦ ॥ ૫ ॥ પાપ સ્થાનક એ કહ્યાંજી, જેહ પ્રભુ આગમ માંહીરે ॥ તેહ અશુદ્ધ પરિણામથીજી, રાખજો ગ્રહી મુજ બાંહીરે. શાંતિ૦ ॥ ૬ ॥ તું પરમાતમ જગ ગુરૂજીરે, સુંદર સુખદાયરે, કમલ વિજય કવિ રાયનોજી, મોહન વિજય ગુણ ગાયરે. શાંતિ૦ ॥ ૭ ॥

---

# મહાવીર સ્વામીનું સ્તવન.

હસ્તી પાલ રાજાની સભામાંરે, છેલ્લુ ચોમાસુરે વીર૦ બેતાલીસમું તેં કર્યુંરે, પ્રણમું સાહસ ધીરરે ॥ વીર પ્રભુ સીદ્ધી થયા ॥ ૧ ॥ દેવશર્માને પ્રતિ બોધવારે, એમ જાય ગૌતમ સ્વામ; ઉતરાધ્યન પ્રરૂપતાંરે, મોક્ષ ગયા ભગવાનરે. વિર૦ ॥ ૨ ॥ સર્વારથ મુહુર્ત આવે થકેરે, છઠ્ઠોવિહારોરે કીધ; અઢાર દેશના રાજા ભેગા થયા રે, સઘલે પોસહ લીધરે. વિર૦ ॥ ૩ ॥ પ્રભાતે ગૌતમ હવેરે, પાછાવલી આવે તામ; દેવ સઘલા શોકાતુર કરેરે, એમ કહે ગૌતમ સામરે વિર૦ ॥ ૪ ॥ રાજાને પ્રજા

સહુરે, સઘ શોકાતુર જાણુ, દેવદેવીઓ શોકાતુર કરેરે, શું કારણ છે આમરે. વિર૦ ।। ૫ ।। તવતે વળતું એમ કહેરે, સુણો સ્વામી ગૌતમ સ્વામ, આજની પાછલી રાતમાંરે, વિર પ્રભુ થયાં નિરવાણુરે. વિર૦ ।। ૬ ।। પ્રભુહતતણી પરેરે, ગૌતમ મૂર્છારે ખાય ।। સાવધાન વાયુ ભેગા થયારે, પછે વિલાપ કરે મોહ આપરે. વિર૦ ।। ૭ ।। ત્રણ લોકનો સુરજ આથમોજી, એમ કહે ગૌતમ સ્યામ ।। મીથ્યાત્વરૂપી અંધકારનોજી, થાશે ગામોગામ. વીર૦ ।। ૮ ।। રાક્ષસ સરિખા દુકાલ પડેજીરે, પડશે ગામોરેગામ ।। પાંચમા આરામાં માણુસ દુઃખીયા થશેજીરે, તમે ગયા મોક્ષમોઝાર વીર૦ ।। ૯ ।। ચંદ્ર વિના આકાશમાંજીરે, દયા વિના ધર્મ ન હોંય; સુરજ વિના જંબુદ્વીપમાંજીરે, એમ તુમ વિના અપ્રમાણુ. વિર ।। ૧૦ ।। પાખંડી કુગુરૂ તણુજીરે, કુણ હઠાવશે જોર ।। જ્ઞાન વિમલસૂરી ઇમ કહેજીરે, દીયે ઉપદેશ ભરપુર વીર૦ ।। ૧૧ ।।

---

# દીવાલીનું ગરણું

૧ શ્રી મહાવીર સ્વામી સર્વજ્ઞાય નમઃ
એ પદની નવકારવાલી વીશ ગણવી.
૨ શ્રી મહાવીરસ્વામી પારગતાય નમઃ ,, ,,
૩ શ્રી ગૌતમસ્વામી સર્વજ્ઞાય નમઃ ,, ,,

# અથ શ્રી વીશ સ્થાનક તપ–વિધિ.

| ક્રમ | વીશ–પદનાં નામો. | નવ કાર વાલી | કાઉ- સગ્ગ નાલો- ગસ્સ | ખમા સમ- ણ | પ્રદ- ક્ષી- ણા | |
|---|---|---|---|---|---|---|
| ૧ | નમો અરિહંતાણું | ૨૦ | ૨૪ | ૨૪ | ૨૪ | આ તપમાં દરેક |
| ૨ | ,, સિદ્ધાણું | ૨૦ | ૧૫ | ૧૫ | ૧૫ | પદના વીશ વીશ |
| ૩ | ,, પવયણસ્સ | ૨૦ | ૪૫ | ૪૫ | ૪૫ | ઉપવાસ કરી આ |
| ૪ | ,, આયરિયાણું | ૨૦ | ૩૬ | ૩૬ | ૩૬ | પવા જોઇએ, એમ |
| ૫ | ,, થેરાણું | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૦ | અકેક પદની અ- |
| ૬ | ,, ઉજ્ઝાયાણું | ૨૦ | ૨૫ | ૨૫ | ૨૫ | કેક ઓલી વીશ |
| ૭ | ,, લોએસવ્વ ,, સાહૂણું | ૨૦ | ૨૭ | ૨૭ | ૧૭ | પદે વીશ ઓલી પૂર્ણ થાય તે અકેક |
| ૮ | ,, નાણસ્સ | ૨૦ | ૫ | ૫ | ૫ | ઓલી ૭ મહિના- |
| ૯ | ,, દંસણસ્સ | ૨૦ | ૬૭ | ૬૭ | ૬૭ | માં છેવટ પુરી કરવી |
| ૧૦ | ,, વિણયસ્સ | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૦ | જોઇએ, એટલે દશ |
| ૧૧ | ,, ચરિત્તસ્સ | ૨૦ | ૭૦ | ૭૦ | ૭૦ | વર્ષે વીશ ઓલી |
| ૧૨ | બંભવયધારિણું | ૨૦ | ૯ | ૯ | ૯ | પૂર્ણ થાય. વીશ |
| ૧૩ | ,, કિરિયાણું | ૨૦ | ૨૫ | ૨૫ | ૨૫ | વીશ ઉપવાસ સુધી |
| ૧૪ | ,, તવસ્સ | ૨૦ | ૧૨ | ૧૨ | ૧૨ | એક એક પદનું |
| ૧૫ | ,, ગોયમસ્સ | ૨૦ | ૨૮ | ૨૮ | ૨૮ | આરાધન કરવું એ- |
| ૧૬ | ,, જિણાણું | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ટલે અકેક પદનું |
| ૧૭ | ,, સંયમધારિણું | ૨૦ | ૧૭ | ૧૭ | ૧૭ | વીશ વાર ગણણું |
| ૧૮ | ,, અભિનવ ,, નાણસ્સ | ૨૦ | ૫૧ | ૫૧ | ૫૧ | કાઉસ્સગ્ગ ખમાસ- મણ આદિ કરવાં. |
| ૧૯ | ,, સુયસ્સ | ૨૦ | ૧૨ | ૧૨ | ૧૨ | |
| ૨૦ | ,, તિત્થસ્સ | ૨૦ | ૫ | ૫ | ૫ | |

# વીશ સ્થાનક તપમાં ખમાસમણ દેતાં બોલવાના.

॥ દુહા ॥

જે જે પદમાં જેટલાં ખમાસમણ દેવાનાં હોય ત્યારે તે પદનો દુહો દરેક વખત બોલીને ખમાસણ દેવાં.

(૧ પહેલું) પરમ પંચપરમેષ્ઠીમાં, પરમેશ્વર ભગવાન;
**અરિહંતપદ.** ચ્યાર નિક્ષેપે ધ્યાઇએ, નમોનમો જિનભાણ. ૧

(૨ જું) ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાશ;
**સિદ્ધપદ.** અષ્ટકર્મ મળક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ. ૨

(૩ જું) ભાવામય ઔષધ સમી, પ્રવચન અમૃત વૃષ્ટિ;
**પ્રવચનપદ.** ત્રિભુવન જીવને સુખકરી, જયજય પ્રવચન દૃષ્ટિ. ૩

(૪ થું) છત્રીશ છત્રીશી ગુણે, યુગ પ્રધાન મુણીંદ;
**આચાર્યપદ.** જિનમત પરમત જાણતા, નમોનમો તે સૂરીંદ. ૪

(૫ મું) તજી પરપરિણતી રમણતા, લહે નિજભાવ સ્વરૂપ;
**થિવિરપદ.** સ્થિર કરતા ભવિ લોકને, જયજય થિવિર અનૂપ, ૫

(૬ ઠું) બોધ સૂક્ષ્મ વિણ જીવને, નહોય તત્ત્વ પ્રતીત;
**ઉપાધ્યાયપદ.** ભણે ભણાવે સૂત્રને, જયજય પાઠક ગીત. ૬

૭ મું) સ્યાદ્વાદ્ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ;
સાધુ પદ. સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ શુભ રંગ. ૭

(૮ મું) અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવ ભ્રમ ભીતિ;
જ્ઞાન પદ. સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમોનમો જ્ઞાનની રીતિ. ૮

(૯ મું) લોકાલોકના ભાવ જે, કેવલિ ભાષિત જેહ;
દર્શન પદ. સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ. ૯

(૧૦ મું) શૌચ ગુણથી મહા ગુણી, સર્વ ધર્મનો સાર;
વિનય પદ. ગુણ અનંતનો કંદએ, નમો વિનય આચાર. ૧૦

(૧૧ મું) રત્ન ત્રયી વિણ સાધના, નિષ્ફળ કહી સદ્દીવ;
ચારિત્રપદ. ભાવરયણનું નિધાન છે, જયજય સંજમ જીવ. ૧૧

(૧૨ મું) જિનપ્રતિમા જિનમંદિરાં, કંચનનાં કરે જેહ,
બ્રહ્મચર્યપદ.બ્રહ્મવ્રતથી બહુ ફળ લહે, નમોનમો શીયલસુદ્દેહ. ૧૨

(૧૩ મું) આતમ બોધ વિણ જે ક્રિયા, તે તો બાળક ચાલ;
ક્રિયા પદ. તત્વારથથી ધારીયે, નમો ક્રિયા સુવિશાલ. ૧૩

(૧૪ મું) કર્મ ખપાવે ચીકણાં, ભાવ મંગલ તપ જાણ;
તપ પદ. પચાસ લબ્ધિ ઉપજે, જયજય તપ ગુણ ખાણ. ૧૪

(૧૫ મું) છઠ્ઠ છઠ્ઠ તપ કરે પારણું, ચઉ નાણી ગુણ ધામ;
ગોયમપદ. એ સમ શુભ પાત્રકો નહિ,નમોનમો ગોયમસ્વામ. ૧૫

(૧૬ મું) દ્વેષ અઢારે ક્ષય ગયા, ઉપન્યા ગુણ જસ અંગ;
જિન પદ. વેયાવચ્ચ કરીયે મુદ્દા, નમોનમો જિન પદ સંગ. ૧૬

(૧૭ મું) શુદ્ધાતમ ગુણમે રમે, તજી ઇંદ્રિય આશંશ;
સંયમ પદ. થિર સમાધિ સંતોષમાં, જયજય સંજમ વંશ. ૧૭

(૧૮ મું) જ્ઞાનવૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂળ;
અભિનવજ્ઞાન. અજર અમર પદ ફળ લહો, જિનવર પદવી કુલ. ૧૮

(૧૯ મું) વક્તા શ્રોતા યોગથી, શ્રુત અનુભવ રસ પીન;
શ્રુત પદ. ધ્યાતા ધ્યેયની એકતા, જયજય શ્રુત સુખલીન. ૧૯

૨૦ મું) તીર્થ યાત્રા પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ;
તીર્થ પદ. પરમાનંદ વિલાસતાં, જયજય તીર્થ જહાજ. ૨૦

---

# જ્ઞાનપંચમી તપવિધિ.

જો શક્તિ હોય તો દરેક માસની દર પંચમી અથવા અજવાલી પાંચમ કે છેવટ કાર્તિક શુદ્દિ પાંચમે તો જરૂર તેનું આરાધન કરવું તે દિવસે "નમો નાણસ્સ" એ પદની ૨૦ નવકારવાલી ગણવી, પાંચ અથવા એકાવન લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો ને ખમાસમણ તેટલાં દેવાં વિગેરે દરેક તપની વિશેષ વિધિ અન્ય સ્થલેથી જાણી લેવી.

---

# અથ શ્રી સિદ્ધચક્ર ( નવપદ ) ઓળીની વિધિ.

| ક્રમ | પદનાં નામો. | નવકારવાળી. | કાઉસ્સગ્ગના લોગસ્સ. | ખમાસમણું. | પ્રદક્ષિણા. | વર્ણ. | ભોજન કઈ જાત. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઓં હ્રીં નમો અરિહંતાણં | ૨૦ | ૧૨ | ૧૨ | ૧૨ | શ્વેત | ચોખા, પ્રમુખ |
| ૨ | ,, નમો સિદ્ધાણં | ૨૦ | ૮ | ૮ | ૮ | રક્ત | ઘઉં, પ્રમુખ |
| ૩ | ,, આયરિયાણં | ૨૦ | ૩૬ | ૩૬ | ૩૬ | પીત | ચણા, પ્રમુખ |
| ૪ | ,, ઉવજ્ઝાયાણં | ૨૦ | ૨૫ | ૨૫ | ૨૫ | નીલ | મગ, પ્રમુખ |
| ૫ | ,, લોએ સવ્વસાહૂણં | ૨૦ | ૨૭ | ૨૭ | ૨૭ | કૃષ્ણ | અડદ, પ્રમુખ |
| ૬ | ,, દંસણસ્સ | ૨૦ | ૬૭ | ૬૭ | ૬૭ | શ્વેત | ચોખા, પ્રમુખ |
| ૭ | ,, નાણસ્સ | ૨૦ | ૫૧ | ૫૧ | ૫૧ | ,, | ,, |
| ૮ | ,, ચરિત્તસ્સ | ૨૦ | ૭૦ | ૭૦ | ૭૦ | ,, | ,, |
| ૯ | ,, તવસ્સ | ૨૦ | ૧૨ | ૧૨ | ૧૨ | ,, | ,, |

આ તપ આસો અને ચૈતરની શુદ્ધ ૭ થી ૧૫ સુધી રોજ આંબેલથી કરવો. એમ વર્ષમાં બે વાર કરતાં સાડાઃ ચાર વર્ષે નવ ઓળી પૂરી કરવી; અને યંત્ર મુજબ ક્રિયા, ગણણું વિગેરે કરવાં, ત્રિકાલ દેવવંદન, પૂજા, પડિલેહણા, પડિક્કમણાદિ ક્રિયા કરવી.

# નવ પદ આરાધનમાં દરેક પદે બોલવાના દુહા.

(૧ લું) અરિહંત પદ ધ્યાતો થકો, દ્રવ્યહ ગુણ પજ્જાયરે,
અરિહંતપદ. ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાયરે;
વીર જિનેશ્વર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈરે,
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઇરે.વી.૧

(૨ જું.) રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ નાણીરે;
સિદ્ધ પદ. તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધગુણ ખાણીરે. વી.૨

(૩ જું.) ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાનીરે;
આચાર્યપદ. પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણીરે. વી.૩

(૪ થું.) તપ સજ્જાએ રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતારે;
ઉપાધ્યાયપદ.ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગ ભ્રાતારે. વી.૪

(૫ મું.) અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ સોચેરે;
સાધુ પદ. સાધુ સુધા તે આતમા, શું મૂંડે શું લોચેરે. વી. ૫

(૬ ઠું.) શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમે જે આવેરે;
દર્શન પદ. દર્શન તેહિજ આત્મા, શું હોય નામ ધરાવેરે. વી. ૬

(૭ મું.) જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાયરે;
જ્ઞાન પદ. તોહુએએહિજ આતમા, જ્ઞાન અબોધતા જાયરે. વી.૭

૮ મું.) જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતોરે;
ચારિત્રપદ. લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતોરે. વી. ૮

(૯ મું.) ઇચ્છા રોધે સંવરી, પરિણતિ સમતા યોગેરે;
તપ પદ. તપતેએહિજ આતમા, વર્તે નિજ ગુણ ભોગેરે. વી. ૯

# શ્રી મુહપત્તિના પચાસ બોલ

સૂત્ર અર્થતત્વ કરી સદ્દહુ ૧ સમકિત મોહની, ૨ મિશ્રમોહની, ૩ મિથ્યાત્વ મોહની પરીહરૂં. ૪ કામરાગ. ૫ સ્નેહરાગ. ૬ દૃષ્ટીરાગ પરીહરૂં. ૭ સુદેવ. ૮ સુગુરૂ. ૯ સુધર્મ આદરૂં. ૧૦ કુદેવ. ૧૧ કુગુરૂ. ૧૨ કુગર્મ પરીહરૂં. ૧૩ જ્ઞાન. ૧૪ દર્શન. ૧૫ ચારિત્ર આદરૂં. ૧૬ જ્ઞાન. ૧૭ દર્શન. ૧૮ ચારિત્રની વિરાધના પરીહરૂં. ૧૯ મનગુપ્તિ. ૨૦ વચનગુપ્તિ. ૨૧ કાયગુપ્તિ આદરૂં. ૨૨ મનદંડ. ૨૩ વચન દંડ. ૨૪ કાયદંડ પરિહરૂં. ૨૫

હાસ્ય ૧ રતિ ૨ અરતિ ૩ પરીહરૂં ડાબે હાથે પડીલેહવા. ભય ૪ શોક ૫ દુગંચ્છા ૬ પરીહરૂં. જમણે હાથે પડીલેહવા. કૃષ્ણલેશ્યા ૭ નીલલેશ્યા ૮ કાપોતલેશ્યા ૯

પરીહરૂં માથા ઉપર પડિલેહવા.

રસગારવ ૧૦ રિદ્ધિગારવ ૧૧ સાતાગારવ ૧૨ પરીહરૂં.

મોઢે પડીલેહવા.

માયાશલ્ય ૧૩ નિયાણશલ્ય ૧૪ મિથ્યાત્વશલ્ય ૧૫ પરીહરૂ.

છાતી આગળ પડીલેહવા.

ક્રોધ ૧૬ માન ૧૭ પરીહરૂં. પુંઠે ડાબે અંસે પડીલેહવા.

માયા ૧૮ લોભ ૧૯ પરીહરૂં. પુંઠે જમણે અંસે પડીલેહવા.

પૃથ્વીકાય ૨૦ અપકાય ૨૧ તેઉકાંયની જયાણા કરૂં. ૨૨ ડાબે પગે પડીલેહવા.

વાંઉકાય ૨૩ વનસ્પતિકાય ૨૪ ત્રસકાયની રક્ષા કરૂં, ૨૫ જમણે પગે પડીલેહવા.

તે મધ્યે સાધુ શ્રાવકને બોલ ૫૦ કહેવા અને લેશ્યા ૩ શલ્ય ૩ કષાય ૪ એ દશ શીવાય બોલ ૪૦ સાધ્વી શ્રાવિકાને કહેવા.

---

# પંચપરમેષ્ટિના અર્થ તથા તેના ૧૦૮ ગુણ.

**અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધું એ પંચપરમેષ્ટિ છે, તેનો કંઈક અર્થ નીચે કહીએ છીએ.**

**અરિહંત**–અરિ+હંત–અરિ કહેતાં રાગદ્વેષાદિ જે શત્રુ-તેનો હંત કહેતાં હણનાર બાર ગુણે કરી સહિત સમવસરણને વિષે બિરાજમાન વિહરમાન તીર્થંકર જે શ્રી અરિહંત તેમને પ્રથમ નમસ્કાર. તેમના બાર ગુણનાં નામ. ૧ અશોકવૃક્ષ, ૨ કુલની વૃષ્ટિ, ૩ દિવ્ય-ધ્વનિ, ૪ ચામર, ૫ સિંહાસન, ૬ ભામંડલ, ૭ દુંદુભિ, ૮ છત્ર એ આઠ પ્રતિહાર્ય હમેશાં ભગવાનની સાથે

રહે છે. તે આઠ ગુણ તથા ૯ અપાયાપગમા અતિશય.[૧] ૧૦ જ્ઞાનાતિશય, ૧૧ પૂજાતિશય, ૧૨ વચનાતિશય.

**સિદ્ધ**–જે સર્વ કર્મનો ક્ષય કરી લોકના અંતે સિદ્ધ સિલ્લા ઉપર પોતાની કાયાનો ત્રીજો ભાગ ઉણો કરતાં બે ભાગની અવગાહનાયે બિરાજમાન થયા છે. તેવા આઠ ગુણે કરી સહિત સિદ્ધ ભગવાનને ત્રીજો નમસ્કાર. તે આઠ ગુણનાં નામ. ૧ કેવલજ્ઞાન. ૨ કેવલદર્શન, ૩ અવ્યાબાધ સુખ, ૪ ક્ષાંયિક સમ્યકત્વ, ૫ અક્ષય સ્થિતિ, ૬ અરૂપી, ૭ અગુરૂ લઘુ, ૮ અનંત બળ.

**આચાર્ય**–જે સાધુઓમાં રાજા સમાન છત્રીસ ગુણે કરી સહિત હોય, તથા સાધુઓને સૂત્રના અર્થ ભણાવે તે આચાર્ય ભગવાનને ત્રીજો નમસ્કાર. આચાર્યના છત્રીસ ગુણનું વર્ણન નીચે પ્રમાણે.

ફરસ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત, એ પાંચ ઇંદ્રિયોના જે ૨૩ વિષય છે તે વિષયોને રોકવા એ પાંચ ગુણ, તથા નવ પ્રકારની બ્રહ્મચર્ય વ્રતની ગુપ્તિને ધારણ કરવી તે નવ ગુણ તથા ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયને તજવા એ ચાર ગુણ એ અઢાર ગુણ થયા.

---

૧ અપાયાપગમા અતિશય એટલે ભગવાન જ્યાં વિચરે ત્યાંથી ફરતાં સવાસો જોજન સુધીમાં પ્રાય; કોઈ પ્રકારનો ઉપદ્રવ થાય નહી.

ફરસ ઇંદ્રિના વિષય ૮–હળવો, ભારે, લુખો, ચોપડયો, ખરબચડો, સુંવાલો, ટાઢો અને ઉન્હો.

રસ ઇંદ્રિના વિષય ૫—મીઠો, ખાટો, કડવો, કષાયલો અને તીખો.

ઘ્રાણ ઇંદ્રિના વિષય ૨—સુરભિગંધ અને દુરભિગંધ.

ચક્ષુઇંદ્રિના વિષય ૫—સફેદ, કાલો, પીલો, લીલો અને રાતો.

શ્રોતઇંદ્રિયના વિષય ૩—સચિત્ત, અચિત્ત અને મિશ્ર.

## શિયળવ્રતની નવ વાડો.

૧ સ્ત્રી, પશુ અને નપુંસક થકી રહિત એવા સ્થાનકમાં વસે.

૨ સ્ત્રીની સાથે સરાગપણે કથા વાર્તા કરે નહીં.

૩ સ્ત્રી બેઠી હોય તે આસને પુરૂષ બે ઘડી સુધી બેસે નહીં અને પુરૂષ બેઠો હોય તે આસને સ્ત્રી ત્રણ પહોર સુધી બેસે નહીં.

૪ સ્ત્રીનાં આંગોપાંગ સરાગપણે જુવે નહીં.

૫ જ્યાં સ્ત્રી પુરૂષ સુતાં હોય તથા કામક્રીડા વિષે વાતો કરતાં હોય ત્યાં ભીંત પ્રમુખના આંતરે રહે નહીં.

૬ પૂર્વે પોતે સ્ત્રી સાથે ભોગવેલાં સુખ સંભારે નહીં.

૭ સરસ સ્નિગ્ધ આહાર કરે નહીં કેમકે તેથી વિકાર જાગે.

૮ નિરસ એવો પણ આહાર અધિક લે નહીં.

૯ શરીરની શોભા વિભુષા ન કરે.

પાંચમહાવ્રત—૧ પ્રાણાતિપાત વિરમણ એટલે જીવ-હિંસા ન કરવી, ૨ મૃષાવાદ વિરમણ એટલે જુઠું ન બોલવું. ૩ અદત્તાદાન વિરમણ એટલે ચોરી ન કરવી. ૪ મૈથુન વિરમણ એટલે શિયળ પાળવું. ૫ પરિગ્રહ વિરમણ એટલે ધન ધાન્યાદિ પરિગ્રહ ન રાખવો એ પાંચ ગુણ.

પાંચ પ્રકારના આચાર—૧ જ્ઞાનાચાર એટલે જ્ઞાનનો વિનય. ૨ દર્શનાચાર એટલે જૈન દર્શનનો વિનય. ૩ ચારિત્રાચાર એટલે શુદ્ધ ચારિત્ર પાળવુ. ૪ તપાચાર એટલે બારેભેદે તપ કરવું, ૫ વીર્યાચાર એટલે શક્તિ પ્રમાણે ધર્મમાં પ્રવર્ત્તવું એ પાંચ ગુણ.

પાંચ સમિતિ—૧ ઈર્યાસમિતિ એટલે રસ્તામાં જોઇને ચાલવું. ૨ ભાષા સમિતિ એટલે સાવદ્ય વચન ન બોલવું. ૩ એષણા સમિતિ એટલે બેંતાલીસ દોષ રહિત આહાર પાણી લેવાં. ૪ આદાન ભંડમત્તનિક્ખેવણા સમિતિ એટલે પાત્ર ઉપગરણ પ્રમુખ પુંજીને મુકવાં વાપરવાં. ૫ પારિષ્ઠાપનિકા સમિતિ એટલે ઠલ્લો માતૃ પ્રમુખ પુંજીને પરઠવવું.

ત્રણ ગુપ્તિ—૧ મનગુપ્તિ એટલે આર્ત્ત રૌદ્રધ્યાનથી મનને પાછું વાળે. ૨ વચનગુપ્તિ એટલે શાસ્ત્રાનુસારે મુખે મુહપત્તિ રાખી સાવદ્યવચન ન બોલવું. ૩ કાયગુપ્તિ એટલે કાયાને અજયણાએ ન પ્રવર્ત્તાવવી તે. એ રીતે આચાર્યના છત્રીસ ગુણનું વર્ણન કર્યું.

**ઉપાધ્યાય**–સાધુઓમાં આચાર્ય એ રાજા સમાન છે. અને ઉપાધ્યાય એ પ્રધાન સમાન છે. જે શિષ્યોને સૂત્રના પાઠ ભણાવે અને પચીસ ગુણે કરી સહિત છે. એવા ઉપાધ્યાયને ચોથો નમસ્કાર. તેમના પચીસ ગુણ નીચે પ્રમાણે. અગિઆર અંગ તથા બાર ઉપાંગ ભણે અને ભણાવે એ તેવીસ ગુણ તથા એક ચરણસિત્તરિ અને કરણસિત્તરિ એ બે મળી પચ્ચીસ ગુણ.

**સાધુ**—સર્વવિરતિ રૂપ ચારિત્ર લઈ આચાર્ય તથા ઉપાધ્યાયની આજ્ઞામાં વર્ત્તનારા એવા સત્તાવીસ ગુણે કરી સહિત સાધુને પાંચમો નમસ્કાર તેમના સત્તાવીસ ગુણ નીચે પ્રમાણે–પાંચ મહાવ્રત તથા રાત્રિભોજન ત્યાગ એ ૬, તથા છકાયના રક્ષક એ ૬, તથા પાંચ ઇંદ્રિય અને છઠ્ઠો લોભ તેનો નિગ્રહ એ ૬ એમ ૧૮, ૧૯ ક્ષમા, ૨૦ ભાવ વિશુદ્ધ, ૨૧ પડિલેહણ, ૨૨ સંયમ, ૨૩ અવિવેકનો ત્યાગ, ૨૪ વિકથાનો ત્યાગ, ૨૫ મન વચન કાયાના અશુભ વેપારનો ત્યાગ, ૨૬ બાવીસ પરિસહ સહન કરે, ૨૭ મરણાંત ઉપસર્ગે પણ ધર્મ મૂકે નહીં, એ રીતે પંચ પરમેષ્ઠિના સર્વ મળી ૧૦૮ ગુણ થયા તે રૂપ મહામંત્ર નવકાર છે. અને તેની નોકારવાળી ગણાય છે.

# સજીવ નિર્જીવ સૃષ્ટિ

## યાને

## આગમ વિચાર.

૧ અપૂર્ણ આત્માઓની પ્રગતિ મુખ્યત્વે જ્ઞાનશક્તિ ઉપર અવલંબી રહી છે. વ્યવહારમાં જેમ વાંચન લેખન અને ગણિતનો જાણ સારૂં જીવન ગુજારી શકે છે તેમ અધ્યાત્મ વિષયમાં પણ જીવ અજીવના સમ્યગ્ સ્વરૂપનો જાણ પોતાનું જીવન કંઇક કહેવા જેવી દશામાં નિર્વાહ કરી શકે છે. આ વિદ્યામાં નિપૂણ થનારા આગળ ઝડપથી વધે તેમાં તો નવાઇજ નથી. પશ્ચિમના જર્મની તથા અમેરીકા વગેરે દેશોની અર્વાચીન આર્થીક સરસાઇએ તેમની પૌદ્ગલીક વિદ્યાની નિપુણતા ભારતની પ્રાચીન ધાર્મીક સરસાઈ જેમાં આર્થીક ઇશ્વરતા પણ રહેલી હતી. તે સાચી જ્ઞાનની–અધ્યાત્મ જ્ઞાનની નિપુણતા છે.

૨ જ્ઞાનને સાદા અર્થમાં જાણવાની શક્તિ કહીએ. જ્ઞાન એ આત્માનોજ એક ગુણ છે તથાપિ દુનીયામાં બધા સરખું જાણનારા નથી તે સંસારી જીવોની અપૂર્ણતા બતાવે છે–કે જેને આપણે 'ક્ષયોપશમ'ની વિચિત્રતાઓ લખીએ છીએ એથી કરી 'કર્મની' પ્રતીતિ અચલ વા દૃઢતાથી માન્ય ઠરે છે કેમકે સુખ વિરૂદ્ધ દુઃખ શ્વેત વિરૂદ્ધ

કૃષ્ણ. જન્મ વિરૂદ્ધ મરણ વિગેરેની જેમ ગુણ વિરૂદ્ધ અવ-ગુણ દોષ છે એ સહેલાઇથી સમજાય છે. જે અવગુણ—અ-ર્થાત્ દોષ છે તે કર્મ.

૩ કર્મ વસ્તુ જડ પુદ્‌ગલ દ્રવ્ય છે. ધુળની જેમ સ્વચ્છ સ્ફટીકને પણ મલીન કરવું એ એનો સ્વભાવ છે. કર્મ વસ્તુ અહોલી છે તથાપિ મન વચન અને શરીરનાં જુદાં જુદાં લક્ષણથી તેનું કંઇક દર્શન થાય છે. જ્યાં સુધી જીવને એ ત્રણમાંનું એક પણ લાગેલું હોય છે ત્યાંસુધી તે સંસારીજ હોય છે. સંસાર એ કર્મ દોષથી દુષીત થયેલાઓની વિ-હાર ભુમી છે. જેને વિદ્વાનો ભૂલભૂલામણિ સરખી કહે છે. જ્યાં સુધી આત્મા કર્મ દોષનો ક્ષય ન કરે. લાગેલા મેલને ધોઈ ના નાખે ત્યાં સુધી એ ભુલભુલામણી બહાર નજ આવે. વિહારભુમિ ઉપર વિના વિશ્રામે વિહરવું બંધનજ રહે. કર્મ મેલને જેઓએ સર્વથી ટાળ્યો છે તે અસંસારી સંપુર્ણ સિદ્ધ પરમાત્મા કહેવાય છે. આત્માના સ્વાભાવીક જ્ઞાન દર્શન પ્રમુખ ગુણોનું પૂર્ણ સ્પષ્ટ થવું તે પરમાત્માપણું.

૪ મુખ્ય કર્મ આઠ છે તેના ઉત્તર ભેદમાં વધારેમાં વધારે ૧૫૮ પ્રકૃતિ છે જેનો વિશ્વમાં સર્વતી પ્રચાર જોઇએ છીએ. કર્મ વસ્તુ પુદ્‌ગલ છે અને તે ગ્રહણ કરાય છે. શબ્દ રૂપ રસગંધની જેમ જેનું ગ્રહણ થાય તે કર્મ ગ્રહણ કર-નાર આત્મ પ્રદેશો કે દેહ સબંધી શુભાશુભ ચેષ્ટા કર્મ બતાવી આપે છે અને સુખ દુઃખ તથા સંશયાદિકના જ્ઞા-

નથી આત્માનું અસ્તિત્વ સમજાય છે આ આત્મ પ્રદેશો સંખ્યામાં અસંખ્ય છે તે સદા એક જુથમાંજ રહેવાવાળા છે. કદાપિ વિખુટા પડતા નથી શરીરવસ પડવાથી તેમનું દર્શન શરીર દ્વારા થાય છે. તેમનાં શરીર બહુ જુદાં જુદાં પ્રમાણવાળા હોય છે તો પણ એક સૂક્ષ્મ શરીરમાં એ બધા અસંખ્ય આત્મ પ્રદેશ અને મોટા બૃહદ્ સ્થુળ શરીરમાં પણ તેટલાજ આત્મ પ્રદેશો જાતે હલકાં હોવાથી તેમના સ્થાન અનુસાર સંકોચ વિકોચ થઈ શકે છે રૂઉની જેમ, પરંતુ રૂઉ દેખી શકાય તેવું છે રૂપી છે અને આત્મપ્રદેશ અરૂપી–નજરે નહીં પડનારા છે અર્થાત્ અમરજ છે.

૫ નિયમ પ્રમાણે દરેક કાર્ય કારણ પૂર્વક બને છે જેમ સોનું ન હોય તો આભુષણ ન બને. લોખંડ ન હોય તો રેલના પાટા વગેરે ન બને. અજીર્ણ ન થયું હોય તો રોગ ન સંભવે. જીવ કર્મનો જે મેલાપ છે એ કાર્ય સકારણ છે. જીવ મિથ્યા ભાવવાળો થાય તો કર્મ બાંધે. જીવ કષાયી–ક્રોધી માની કપટી અને લોભી બને તો કર્મ બાંધે. જીવ કામી બને ભોગ–તૃષ્ણાવાળો રહે. અવિરતિપણું સેવે તો કર્મ બાંધે. માનસિક વાચીક અને દૈહિક વ્યાપાર ચેષ્ટા વાળો જીવ કર્મ બાંધે–પ્રમાદીજીવન નિંદ્રા–વિકથા બોટું બોલવા જોવા તથા સાંભળવાના રસીયા પણ કર્મ બાંધે. પુણ્ય એ કર્મની શુભ પ્રકૃતિ અને પાપ તે કર્મની અશુભ પ્રકૃતિ છે. સારાં પ્રશસ્ત કારણોથી દાનાદિકથી ન્યાયથી પુણ્ય બં-

ધાય છે. નરસાં કારણોથી હિંસા–જુઠ ચોરી અશિયળ વિગેરે અન્યાયથી પાપ બંધાય, સંસાર અનુકુળ સંજોગો મળે તો પુણ્યનું ફળ પ્રતિકુળ સંજોગો તે પાપનું ફળ દેવતાઈ સુખ પુણ્યનું ફળ બતાવે છે નારકીનું દુઃખ તે પાપનું ફળ છે તિર્થંકર ભગવાનનું ઐશ્વર્ય એ પુણ્યનો આદર્શ છે. એકજ ડબામાં પુરાયેલા અગણીત પશુગણથી જેમ એકજ શરીરમાં અનન્તા જીવો સાથે રહેવું. તિર્યંચજાતિનું નિગોદપણું એ પાપનો આદર્શ છે.

૬ પુણ્ય તથા પાપ બંધ તત્વમાં સમાવી શકાય છે કેમકે જે બંધ પડે છે તે પુણ્યનો અથવા પાપનો બંધ એટલે ગાંઠ એકનું બીજા સાથે સલગ્ન થવું તે બંધ કહેવાય છે. લગ્ન ગ્રંથીથી ઓળખાતો વરકન્યાનો લગ્ન સંબંધ તે એક પ્રકારનો બંધ છે લગ્નવિધાન ચાર ભંગળ ફેરથી વિહીત છે. તેની જેમ કર્મ સાથે જીવનું લગ્ન યાને બંધી વિધા ચાર પ્રકારે વિહીત છે. પ્રકૃતિ–સ્થીતિ અનુભાગ એટલે રસ અને પ્રદેશ એ ચાર પ્રકારના બંધ છે. કર્મ બાંધનાર જીવ આ ચારે જાતના બંધ બાંધે છે. કર્મ બાંધતાં તેનો સ્વભાવ તેનું કાલ પ્રમાણ તેની ચિકાસ અને પુદ્‌ગલ પરમાણુની સંખ્યા એ સઘળું એકી સાથે જીવ ગ્રહણ કરે છે જે સ્વભાવ તે પ્રકૃતિ, જે સ્થીતી તે કાળ પ્રમાણ, જે અનુભાગ તે ચિકાસ અને જે પ્રદેશ તે પુદ્‌ગલ પરમાણુંની

સંજ્ઞા કર્મ બંધનાં કારણ ઉપર કહીજ ગયા મિથ્યાત્વ કષાય અવિરતિ અને યોગ.

૭ મિથ્યાત્વએ અજ્ઞાન છે કે દરેક જન્મ ધારીને એ જાણુવાની શક્તિ સ્વાભાવીક હોય છે કારણ કે પ્રાણીમાત્રને નિગોદીઆને પણ અક્ષરનો અનંતમો ભાગ સદા ઉઘાડો ખુલ્લો હોય છે. આ જાણુવાની શક્તિ સઘળા જીવોની એક સરખી નથી હોતી–મોટા ભાગને અવાસિત શક્તિ હોય છે જ્યારે આકીના બહુ અલ્પભાગને વાસિત જાણુવાની શક્તિ હોય છે. જે અવાસિત શક્તિ તે અજ્ઞાન અને વાસીત શક્તિ તે જ્ઞાન દારૂનો ઘડો દારૂની વાસનાથી અપવીત્ર અસ્પૃશ્ય થાય છે. માસનું ભાજન પણ એવી રીતે અપવિત્ર–ગીધનો ઘડો ગીધની વાસનાથી પવિત્ર ગણાય છે. ઘડો ઘડાનું કાર્ય કરે છે તથાપિ વાસના ભેદથી તેમાં ફરક પડયો. એક અપવિત્ર અને બીજો પવિત્ર એક અગ્રાહ્ય બીજો ગ્રાહ્ય તેની જેમ સુવાસના વાસીત જાણુવાની શક્તિ તે જ્ઞાન કુવાસનાવાલુ અજ્ઞાન. જાણુવાની શકતીને વાસીત કરવાવાળી શ્રદ્ધા છે સાચી શ્રદ્ધા તે સુવાસનાજ એક ગુણ છે. કર્મ લેપથી તેનો આ ગુણ પણ તરેહ તરેહના દોષોથી દુષ્ટ બને છે. ખોટી શ્રદ્ધાએ છેલ્લીજ પંક્તિની કુવાસના અને સાચી શ્રદ્ધા એજ ઊંચી પંકતીની સુવાસના જાણુવી.

# કુવાસના એજ મિથ્યાત્વ છે તેનું કિંચિત્ સ્વરૂપ નીચે પ્રમાણે.

## આશ્રવ અને મિથ્યાત્વનું સ્વરૂપ.

જેટલો અવગુણ અગ્નિ ન કરે, જેટલો અવગુણ વિષ ન કરે, જેટલો અવગુણકાળોસર્પ ન કરે, તેટલો અવગુણ મહાદોષરૂપ અજ્ઞાન કરે છે. માટે અજ્ઞાનરૂપ આકરો દોષ તે મિથ્યાત્વ જાણવું.

કોઈ જીવ અનેક પ્રકારે કષ્ટક્રિયા કરે તથા પંચાગ્નિ સાધના તપશ્ચર્યાદિક કરે. પાંચઇંદ્રિયોને વશ કરવા સારૂ આત્માને દમે, ધર્મને અર્થે ધન પ્રમુખનો ત્યાગ કરે, એટલાં સર્વ કાર્ય કરે, પરંતુ જો એક મિથ્યાત્વને નથી છોડતો તેની ક્રિયા વિષના સરખી કદાગ્રહ હઠરૂપ જાણવી, અને તે જીવ સંસારસમુદ્રમાં બુડે. કારણકે એક મિથ્યાત્વ છતાં સર્વ ક્રિયા સંસારહેતુ જાણવી. મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે તે આગળ દેખાડે છે.

॥ દુહો ॥

**ડાભ અણિ જલબિંદુઓ, જેવો સંધ્યા રંગ ॥**
**ઇણિપરે ચંચલ આઉખુ. (જીવ) જાગ સકે તો જાગ ॥૧॥**

આ અસાર સંસાર વિષે સંસારી જીવ આશ્રવને વશ

પડ્યા થકા ધર્મ પામી શકતા નથી, તે આશ્રવ શા થકી આવે છે તેનાં મૂળહેતુ ચાર છે અને ઉત્તરહેતુ સત્તાવન છે. તે મૂળહેતુનો વિવરો લખીયે છિયે.

પ્રથમ મિથ્યાત્વ, બીજું અવ્રત, ત્રીજું કષાય, ચોથું જોગ, હવે મિથ્યાત્વ થકી મૂકાવું તે ઘણું કઠિણ છે. જ્યાંસુધી મિથ્યાત્વ માંહેથી ગયું નથી ત્યાંસુધી કોઈ જીવ સમક્તિ પામી શકે નહિ, અને સમક્તિ વિના કોઈ જીવનું આત્મહિત કાર્ય થાય નહિ.–તે માટે પ્રથમ મિ–થ્યાત્વને તજવો. તે મિથ્યાત્વના જઘન્યથી પાંચ ભેદ છે, ઉત્તકૃષ્ટા દશ ભેદ છે. પાંચ ભેદમાં પ્રથમ—

૧ અભિગ્રહિ મિથ્યાત્, તે કેવું છે, કે લીધો હઠ છોડે નહિ. કેની પેઠે કે ગધેડાના પૂછવત્.

૨ અણુઅભિગ્રહી મિથ્યાત, તે કેવું છે, સરવેને દેવ ગુરૂ જાણે પણ કોઈની પરિક્ષા જાણતો નથી, ભલા ભુંડાની અબર નથી.

૩ અભિનિવેશિક મિથ્યાત્, તે કેવું છે, ખોટું જાણે પણ છોડે નહિ; વિતરાગનો મારગ સાચો જાણે પણ આ-દરે નહિ, કેની પેઠે, જેમ પાર્શ્વનાથજીના ચારિત્રથકી ભ્રષ્ટ થઇને ઘોસાળા પાસે રહ્યા તેની પેઠે.

૪ સંસય મિથ્યાત્વ, જે વીતરાગના વચનમાં સમય સમય સંસય પડે જે કેમ એ વચન સાચું છે કે જુહું

છે, અથવા એ વાત હશે કે નહિ હોય એમ ડોલાતું મન રહે.

૫ અણાભોગ મિથ્યાત્વ કહેતાં જે અજાણપણું તે કશી ધર્મની ખબર છે નહિ. તે સર્વથી અજાણ, નબળો છે, શા વાસ્તે જે જાણ અજાણના ભાંગા આઠ છે. એ આઠ ભાંગાનો વિસ્તાર ઘણો છે. તે ગ્રંથ ગૌરવ થાય માટે લખ્યો નથી તથા દશ ભેદ મિથ્યાત્વના કહ્યા છે તે શ્રી ઠાણાંગજીમાં છે તે રીતે જાણજો. એવી રીતે મિથ્યાત્વને ભજતો જીવ અનંતો કાળ પરિભ્રમણ કરે. માટે મિથ્યાત્વનો ત્યાગ કરી, દેવ ગુરૂ ધર્મને ઓળખી, સમકિત સહિત ધર્મ કરણી કરી લેખામાં આવે, અને સમકિત વિના સર્વ ધર્મ કરણી છારપર લીંપણ જેવી કાંઈ કામ આવે નહીં કહ્યું છે કે " પ્રથમ જાણ પછી કરે કીરીઆ. એ પરમાર્થ ગુણકા દારયા. " માટે દેવ ગુરૂ ધર્મને પીછાની સમકિત સહિત ધર્મ કૃત્ય કરવાં.

## સમકિતનું સ્વરૂપ.

સમકિતના ઘણા પ્રકાર છે પણ અલ્પ માત્ર લખુ છું સમકિતના મુખ્ય બે પ્રકાર છે. એક વ્યવહાર સમકિત તે અને બીજું નિશ્ચય સમકિત, તેમાં વ્યવહાર સમકિત તે અઢાર દુષણ રહિત દેવને દેવ માનવા. તે અઢાર દુષણ નીચે મુજબ જાણવાં. જેમાં અંતરાય પાંચ તે—

૧ દાનાંતરાય. બીજું લાભાંતરાય, ત્રીજું ભોગાંતરાય, ચોથું ઉપભોગાંતરાય, પાંચમું વિર્યાંતરાય એ પાંચ અંતરાય તથા હાસ્ય, રતિ, અરતિ, ભય દુગંછા, શોક, કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિંદ્રા, અવૃત, રાગ અને દ્વેષ. એ અઢાર દુષણ રહિત રિખભાદિ ચોવીશ તિર્થંકરને.

શુદ્ધદેવ, તરણ તારણ, ઝાહાજરૂપ માનવા; અને જે દેવ સંસારથી તર્યા નથી તેવાને દેવ બુદ્ધિએ માનવા નહિ.

૨ ગુરૂ તે પ્રભુએ મુનિનો જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે ચાલનાર. પંચ મહાવ્રતના પાળનાર; છકાયના રક્ષક; શુદ્ધ પરૂપક; તેમને ગુરૂ બુદ્ધિએ માનવા.

૩ ધર્મ તે કેવળીએ પરૂપ્યો જે આગમમાં સાત નય તથા એક પ્રત્યક્ષ, બીજું પરોક્ષ એ બે પ્રમાણ અને ચાર નિક્ષેપે કરી સદ્દહે. આ ત્રણ તત્વ ઉપર શ્રદ્ધા રાખવી તે વ્યવહાર સમકિત.

બીજું નિશ્ચય સમકિત તે આવી રીતે–દેવ તે આપણો આત્મા જ તથા નિશ્ચય ગુરૂ તે પણ આપણો આત્મા જ. તત્વ રમણિય અને નિશ્ચય ધર્મ તે આપણા જીવનો સ્વભાવ છે. એવી સદ્દહણા તથા પોતાના આત્માનું સ્વરૂપ અને પુદ્ગલનું સ્વરૂપ જાણે. આત્મા ચેતન ગુણ છે, અને પુદ્ગલ જડ ગુણ છે, તેથી આત્મામાં

સર્વ પદાર્થ જાણવાની શક્તિ છે, પણ કર્મે કરીને અવરાયેલ છે. એવો નિરધાર થવાથી બાહ્ય પદાર્થો છે તેના ઉપરથી મોહનો નાશ કરે છે. ફકત આત્મગુણમાં આનંદ માને છે એવી સદ્‌હણા તે મોક્ષનું કારણ છે; કેમકે જીવ સ્વરૂપ ઓળખ્યા વિના કર્મ ખપે નહિ. એવી શુદ્ધ સદ્‌હણા તે નિશ્ચય સમકિત જાણવું.

એમ સમકિત સહિત અલ્પ ક્રિયા અનુષ્ઠાન ધર્મ કરણી સ્વર્ગનાં સુખ અને મોક્ષનાં શાશ્વતાં સુખ આપે છે.

**जन्मदुःखं जरादुःखं, मृत्यु दुःखं पुनः पुनः**
**संसार सागरे दुःखं तस्मात् जागृत जागृतः ॥१॥**

અર્થ—જન્મનું દુઃખ, જરાનું દુઃખ, વારંવાર મૃત્યુનું દુઃખ, સંસાર સમુદ્રમાં દુઃખ છે, તે કારણ માટે હે ચેતન જાગ જાગ ॥ ૧ ॥

આ સંસાર દુઃખથીજ ભરેલો છે તેમાં અજ્ઞાનતાથીજ પ્રાણી માત્ર સુખ મેલવવાની વાંચ્છા કર્યા કરે છે પરંતુ વાસ્તવીક સુખ તેમાં છેજ નહીં પણ ચારે ગતીમાં ભ્રમણ રૂપજ છે તો ઉપરના વિચારો વાંચી મનન કરી સુદ્ધ શ્રદ્ધા પૂર્વક સમકિતને ગ્રહણ કરો કે જેનાવડે કરી આ પારાવાર સંસારના અનંત દુઃખો મટી ખરૂં સ્વાભાવિક સુખ જે મોક્ષ અર્થાત્ જન્મ–જરા અને મૃત્યુના ભય વિનાનું અનંતુ સુખ પ્રાપ્ત કરી શકાય.

બન્ધુઓ એટલાજ માટે ધર્મની કેલવણી આપણા બાલકોને આપવાની બાસ જરૂર છે. સંસારની ચારે ગતિના ભ્રમણરૂપ કેલવણી તો આ જીવે અનંતીવાર મેલવી અને મેલવ્યાજ કરશે પરંતુ સુદ્ધ સમકિતને પમાડનારી એવી તત્વશ્રદ્ધા રૂપ કેલવણીની બાસ જરૂર છે માટે ગામોગામ દરેક જૈન ભાઈઓએ તનથી મનથી અને ધનથી યથાશકિત મદદ કરી જૈનશાળાઓ પાઠશાળાઓ અગર વ્યવહારિક સાથે ઉંચ્ચા પ્રકારની ધર્મ કેલવણી મલે તેવો પ્રબંધ અવશ્ય કરવોજ જોઈએ. અહીંઆ પ્રસંગોપાત સંસારનું દુઃખ બતાવવા બાતર નિગોદનું ટુંકુ સ્વરૂપ બતાવવામાં આવે છે.

## નિગોદનું સ્વરૂપ.

ચૌદરાજ લોકમાં અસંખ્યાતા ગોળા છે. એકેક ગોળામાં અસંખ્યાતિ નિગોદ છે. એકેક નિગોદમાં અનંના જીવ છે. નિગોદિયા જીવ સંજ્ઞીપંચેંદ્રીય મનુષ્યના એક શ્વાસોશ્વાસમાં સતરભવ જાઝેરા કરે છે. તેવા (ઉછ્વાસ) શ્વાસોશ્વાસ એક મુહુર્ત્તમાં ૩૭૭૩ થાય છે. નિગોદિયા જીવ એક મુહુર્ત્તમાં ૬૫૫૩૬ ભવ કરે છે. તે નિગોદનો એક ભવ ૨૫૬ આવલીકાનો છે. એ ક્ષુલ્લકભવનું પ્રમાણ છે.

નિગોદમાં અનંતા જીવ એવા છે કે, જે જીવ ત્રસ પણું કેવારે પણ પામ્યા નથી. અનંતોકાળ પૂર્વે વહિ ગયો. વળી અનંતોકાળ આગળ જાશે તો પણ તે જીવ

વારંવાર ત્યાંજ ઊપજે છે અને ત્યાંજ ચવે છે. તે એકેકી નિગોદમાં અનંતા જીવ છે.

નિગોદના બે ભેદ છે. એક વ્યવહારરાશી નિગોદ અને બીજી અવ્યવહારરાશી નિગોદ. તેમાં જે જીવ નિગોદમાંથી નીકલી એકેંદ્રિયપણું અથવા ત્રસપણું પામીને પાછા નિગોદમાં જઈ પડે છે તે નિગોદિયા જીવ વ્યવહારરાશીયા કહિયે; તથા જે જીવ કોઈ કાળે પણ નિગોદમાંથી નીકળીને બાહર એકેંદ્રિયપણું પામ્યા નથી તે જીવ અવ્યવહારરાશીયા કહિયે. એ અવ્યવહારરાશી નિગોદમાં ભવ્ય અને અભવ્ય એવા બે જાતિના જીવ છે. એ સ્વરૂપ શ્રી ભુવનભાનુ કેવલી ચરિત્રની સાખે લખેલું છે. તથા અહીંયા મનુષ્યપણામાંથી જેટલા જીવ કર્મ ખપાવી એક સમયમાં મોક્ષે જાય અને તેટલા જીવ તે સમયમાં અવ્યવહારરાશી સૂક્ષ્મ નિગોદમાંથી નીકળીને ઊંચા આવે છે. એટલે જો દશ જીવ મોક્ષે ગયા તો દશ જીવ અવ્યવહારરાશીમાંથી નીકળે. ત્યાં કોઈ સમયે તે જીવમાં ભવ્યજીવ ઓછા નીકળે તો એક બે અભવ્ય જીવ નિકળે, પણ વ્યવહારરાશી જીવમાં વધ ઘટ થાય નહી, તેટલાને તેટલાજ રહે છે. એવા એ નિગોદના ગોળા લોકમાં અસંખ્યાતા છે. તે છ દિશીના આવ્યા પુદ્ગલનો આહારાદિકપણ લે છે. એ જે છ દિશીનો આહાર લે છે તે શકલગોળા કહેવાય છે; અને લોકના અંતપ્રદેશે નિગોદિયા ગોળા રહ્યા છે તે ત્રણ દિશાનો આહાર ફરસનામે

લે છે તે વિકલગેાળા કહેવાય છે. એ સૂક્ષ્મનિગેાદમાં અને થાવરના સૂક્ષ્મ જીવ તે સર્વ લેાકમાં કાજળની કુંપલીની પેરે ભરયા થકા વ્યાપી રહ્યા છે, અને એક સાધારણ પ્રતિના સ્થાવર સૂક્ષ્મ જીવ છે અને પૃથીવ્યાદિક ચાર સૂક્ષ્મ જીવ છે, તે લેાક વ્યાપી છે, તે સર્વ પ્રત્યેક છે. પરંતુ સાધારણપણું એક વનસ્પતિકાયમાંજ છે. પૃથીવ્યાદિક ચાર સ્થાવરમાં નથી. એ સૂક્ષ્મનિગેાદમાં અનંતુ દુઃખ છે, તે દૃષ્ટાંત કરી દેખાડે છે.

સાતમી નરકમાં ઉત્કૃષ્ટ આવખું તેત્રીસ સાગરેાપમનું છે. તે તેત્રીસ સાગરેાપમના જેટલા સમય થાય તેટલીવાર કેાઈ જીવ સાતમી નરકમાં પૂર્ણ તેત્રીસ તેત્રીસ સાગરેાપમને આઉખે ઉપજે તે વારે તેને અસંખ્યાતા ભવ નરકના થાય; તે અસંખ્યાતા ભવમાં સાતમી નરકને વિષે તે જીવને જેટલું છેદન ભેદનનું દુઃખ થાય તે સર્વ દુઃખ એકઠું કરીયે તેથી પણ અનંતગણું દુઃખ નિગેાદિયા જીવ એક સમયમાં ભેાગવે છે વળી બીજો દૃષ્ટાંત કહે છે.

મનુષ્યની સાડાત્રણ કેાડ રેામરાજી છે. તેને કેાઈ દેવતા સાડાત્રણ કેાડ લેાખંડની સૂઈ (સેાય) અગ્નિમાં તપાવીને સમકાલે રેામે રેામે ચાંપે તે વારે તે જીવને જે વેદના થાય તેથી પણ અનંતગુણી વેદના નિગેાદમાં છે. આ ઉપરની હકીકતથી દુખની શ્રેણી સમજાશે કે અનંતા કાલથી જીવ દુઃખેા ભેાગવીજ રહ્યો છે. તે દુખેાનેા નાશ મેાક્ષ પ્રાપ્તિ વિના થવાનેાજ નથી.

( સમાપ્ત. )

# અથ પર્યુષણની થોય.

ભો ભો ભવ્યજનાઃ સદા યદિ શિવે વાંછા તદા પર્વણઃ । શ્રીપર્વાધ્યુષણાભિધસ્ય કુરૂત સ્વારાધનં સાદરં ॥ દ્રવ્યાર્ચા સુમચંદનૈઃ સ્તુતિભરૈઃ કૃત્વા ચ ભાવાર્ચનાં । માનુષ્યં સફલં વિધત્ત સુમહૈ રર્હન્મતોલ્લાસકૈઃ ॥ ૧ ॥ કૃત્વામાસ્તીતિ દિગ્ભવાબ્ધિ વસુદ્વિગૂયુગ્મોપવાસાન્ શુંભાન્ । રમ્યાર્ચા ચ વિધત્ત ભો ભવહરાં તીર્થંકરાણાં નવાં । ષષ્ટં કૃત્ય જિનાંતિ મસ્ય ચરિતં કર્ણૈશ્ચ પીત્વા મુદા । શ્રી વીરસ્ય જનૂત્સવં ચ કુરૂત સુલુલુધ્વનિં ભોજનાઃ ॥ ૨ ॥ જીવાના મવનં વિધત્ત સુધિયઃ કૃત્વાષ્ટમંનાગવત્ । ભાવ્યા નિર્મલ ભાવના ભવિજનૈઃ કૈવલ્ય લક્ષ્મીકૃતે ॥ કલ્યાણાનિ જિનસ્ય ભો ગણભૃતાં વાદં ચ પાર્શ્વપ્રભો । નેમ્યાદંતરકા-ણિતં શ્રૂણુત સન્નાભેયવૃત્તં તથા ॥ ૩ ॥ સાધ્વાચારમખં-ડિતં પિવત સન્મૌલંચ સૂત્રં શ્રવૈઃ । ચૈત્યાનાં પરિપાટિકાં ચતનુત સ્વાલોચનાં વાર્ષિકાં ॥ જંતૂન્ ક્ષામ્યત વત્સલં ચ કુરૂત સાધર્મિકાણાં મુદા । વિગ્રોયં ચતુરસ્ય વાહરતુ સા સંઘસ્ય સિદ્ધાયિકા ॥ ૪ ॥

---

# શ્રી નેમિનાથની સ્તુતિ.

શ્રી ગીરનાર શીખર સણગાર, રાજીમતી હૈડાનો હાર, જિનવર નેમકુમાર. પુરણ કરૂણારસ ભંડાર, ઉગાર્યા

પશુઆ એવાર, સમુદ્રવિજય મલ્હાર. મોરકરે મધુરાકિંગાર, વિચે વિચે કોયલના ટહુકાર, સહસ નમે સહકાર. સહસા વનમાં હુઆ અણુગાર, પ્રભુજી પામ્યા કેવલસાર, પોહોતા મુક્તિ મોઝાર. ॥ ૧ ॥ સિદ્ધગીરીએ તીરથસાર, આણુ અષ્ટાપદ સુખકાર, ચિત્ર કુટ વૈભાર. સોવનગીરી સમ્મેત શ્રીકાર, નંદીશ્વર વરદ્વિપ ઉદાર, જીહાં ખાવનવિહાર. કુંડલ રૂચકને ઈક્ષુકાર, સાસ્વતા અસાસ્વતા ચૈત્યવિચાર, અવર અનેક પ્રકાર. કુમતિ વયણે મ ભુલ ગમાર, તીરથ ભેટે લાભ અપાર, ભવિયણ ભાવે જુહાર. ॥ ૨ ॥ પ્રગટ છઠ્ઠે અંગે વખાણી; દ્રૌપદી પાંડવની પટરાણી, પુજા જિન પ્રતિમાની. વિધિશુ કીધી ઉલટ આણી, નારદ મિથ્યાદૃષ્ટિ અન્નાણી, છાંડયેા અવિરતી જાણી. શ્રાવક કુલની એ સહીનાણી, સમકીત આલાવે આખ્યાણી, સાતમે અંગે વખાણી. પૂજનીક પ્રતિમા અંકાણી, એમ અનેક આગમની વાણી, તે સુણજો ભવીપ્રાણી, ॥ ૩ ॥ કટેકટી મેખલ ઘુઘરીયાલી, પાયે નેપુરરણ ઝણ ચાલી, ઉજ્જંત ગીરીરખવાલી. અધર બાલ જીસ્યા પરવાલી, કંચનવાન કાયાસુકુમાલી, કરલે અંબાડાલી. વૈરીને લાગે વિકરાલી, સંઘના વિઘ્ન હરે ઉજમાલી, અંબાદેવી મયાલી. મહિમા એ દશેાદિશિ અજુઆલી, ગુરૂ શ્રીસંઘવિજય સંભાળી, દીન દીન નિત્ય દિવાળી, ॥ ૪ ॥ સંપુર્ણ.

# શ્રી જ્ઞાન પંચમીની થોય.

તીર્થંકર શ્રીવીરજિણુંદા, સિધારથ કુલ ગગન દિણુંદા, ત્રિશલા રાણીનંદા. કહે જ્ઞાન પંચમીદિન સુખકંદા, મતિશ્રુતાવરણીમટેભવફંદા, અન્નાણ કુંભી મયંદા, દુગ ચઉ ભેદ અઠ્ઠાવીશવૃંદા, સમકિતમતિથી ઉલ્લસે આનંદા, છેદે દુર મતિ દંદા. ચઉદ ભેદે ધારો શ્રુત ચંદા, જ્ઞાની દોયના પદઅરવિંદા, પુજો ભાવ અમંદા. ॥ ૧ ॥ અવતરિયા સવિજગદાધાર, અવધિનાણ સહિત નિરધાર, પામે પરમ કરાર. માગશિર શુદ્દિ પંચમી દિનસાર, શ્રાવણ શુદ્દિ પંચમી શુભવાર, સુવિધિ નેમ અવતાર. ચૈત્ર વદ્દિ પંચમી ઘણી શ્રીકાર, ચંદ્રપ્રભચ્યવન મંગલ વિસ્તાર, વર્ત્યો જયજયકાર૦ ત્રીજા જ્ઞાન દર્શન ભંડાર. દેખે પ્રગટ દ્રવ્યાદિક ચાર, પુણ્ય અનંત અધિકાર. ॥ ૨ ॥ વૈશાખ વદ્દિ પંચમી મન આણી, કુંથુનાથ સંયમ ગુણઠાણી, થયા મન પર્યવનાણી; દીક્ષા મહોત્સવ અવસર જાણી, આવે સુરપતિ ઘણી ઇંદ્રાણી, વંદે ઉલટ આણી. વિચરે પાવન કરતા જગ પ્રાણી, અધ્યાતમ ગુણ શ્રેણી વખાણી, સ્વરૂપ રમણ સહીનાણી. અપ્રમાદિ રિદ્ધિવંતાપ્રાણી, નમોનાણી તે આગમ વાણી, સાંભલી લહો શિવરાણી. ॥ ૩ ॥ કાર્તિક વદી પંચમી દિન આવે, કેવલજ્ઞાન સંભવ જિન પાવે, પ્રભુતા પુરણ થાવે, અજિત સંભવ જિન અનંત સોહાવે, ચૈત્ર શુદ્દિ પંચમી

મુક્તિ કહાવે, જ્યેઠ શુદિ તે તિથિ દાવે, ધર્મનાથ પરમાનંદપદ પાવે, શાસન સૂરિ પંચમી વધાવે, ગીત સરસ કેઈ ગાવે, સંઘ સકલ ભણી કુશલ બનાવે, જ્ઞાનભક્તિ બહુમાન જણાવે, વિજયલક્ષ્મી સૂરિપાવે, ।। ૪ ।। સંપૂર્ણ.

---

# ।। અથ દશત્રિકની સ્તુતિ ।।

નિસિહી ત્રણ પ્રદક્ષિણા ત્રિણે પ્રણામ ત્રિણ કરીજેજી, ત્રણ પ્રકારી પૂજા કરીને અવસ્થા ત્રિણ ધરીજેજી ।। ત્રણ દિશિ વર્જીજીન જોવો, ભૂમી ત્રણ પૂજીજેજી ।। આલંબન મુદ્રા ત્રણ પ્રણીધાન ચૈત્યવંદન ત્રણ કીજેજી ।। ૧ ।। પહેલે ભાવજીન બીજે દ્રવ્યજીન ત્રીજે એક ચૈત્ય ધારોજી, ચોથે નામજીન પાંચમે સર્વલોક ચૈત્ય જુહારોજી ।। વિહરમાન વદે જીનવંદો, સાતમે નાણ નિહાલોજી, સિદ્ધવિરઉજીંત અષ્ટાપદ શાશનસુર સંભાલોજી ।। ૨ ।। સકસ્તવમાં દોય પ્રકાર, અરિહંત ચેઈઆણું ત્રીજેજી ।। ચોવીસત્થામાં દોય પ્રકાર સુતસ્તવ દોય લીજેજી ।। સિદ્ધસ્તવમાં પાંચ પ્રકાર એ બારે અધિકારોજી, જીતનિર્યુક્તિ માંહે ભાંખ્યા તેહમાં એ વિસ્તારોજી ।। ૩ ।। તંબોલ પાન ભોયણ વાહણમેહુણ એક ચિત્ત ધારોજી, થુંક સલેસમવડીલઘુનતી જુવટે રમવું વારોજી ।। એ દશ આશાતનાં મ્હોટી, વર્જોજીનવર

દ્વારોજી, ક્ષમાવિજયજીન એણીપરે જંપે શાશન સુર સંભાલોજી ॥ ૪ ॥ સંપૂર્ણ.

---

# ॥ શ્રી સિદ્ધચક્ર સ્તુતિ ॥ ૧ ॥

વીરજિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરીઆજી; એકદીન આણા વીરની લેઇને, રાજગ્રહી સંચરીઆજી; શ્રેણીકરાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણીજી; પર્ષદા આગલ બાર બીરાજે, હવે સુણે ભવી પ્રાણીજી. ॥ ૧ ॥ માનવ ભવ તુમે પુણ્યે પામ્યા, શ્રીસિદ્ધચક્ર આરાધોજી; અરિહંત સિદ્ધ સૂરિ ઉવઝાયા, સાધુ દેખી ગુણ વાધેજી ॥ દરશણ નાણ ચારિત્ર તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી ॥ ધુર આશોથી કરવાં આંબિલ, સુખ સંપદા પામિજે જી. ॥૨॥ શ્રેણિકરાય ગૌતમને પુછે, સ્વામી એ તપ કેણે કીધોજી; નવ આંબીલ તપ વિધિશું કરતાં, વંછીત સુખ કેણે લીધોજી; મધુરી ધ્વનિ બોલ્યા શ્રીગૌતમ, સાંભલો શ્રેણિક રાય વયણાંજી, રોગ ગયેાને સંપદા પામ્યાં, શ્રી શ્રીપાલને મયણાંજી. ॥ ૩ ॥ રૂમઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રૂપાલીજી; નામ ચકકેસરિનેં સિદ્ધાઈ, આદી જીનવીર રખવાલીજી; વીધન કોડ હરે સહુ સંઘનાં, જે સેવે એના પાયજી; ભાણ વીજય કવી સેવક નય કહે, સાનિધ કરજો માયજી. ॥ ૪ ॥ ઇતિ૦

## ॥ સિદ્ધચક્ર સ્તુતિ ॥ ૨ ॥

શ્રીસિદ્ધચક્ર સેવો સુવીચાર, આણી હયડે હરખ અપાર, જીમ લહો સુખ શ્રીકાર; મનસુદ્ધ ઓલી તપ કીજે, અહો નિશિ નવપદ ધ્યાન ધરીજે; જિનવર પૂજા રચી જે; પડિકમણું દોય ટંકનાં કીજે, આઠે થુઈએ દેવ વંદીજે, ભૂમિ સંથારો કીજે; મર્યા તણો કીજે પરીહાર, અંગે શિયલ ધરીજે સાર, દીજે દાન અપાર. ॥ ૧ ॥ અરિહંત સિદ્ધ આચાર્ય નમિજે, વાચક સર્વે સાધુ વંદીજે; દંસણ નાણ સુણિજે; ચારીત્ર તપનું ધ્યાન ધરિજે, અહો નિશિ નવપદ ગુણણું ગણિજે, નવ આંબીલ પણ કીજે; નિશ્ચલ રાખી મન હો નીશ, જપીએ પદ એક એક ઈશ, નોકરવાલી વીશ; છેલ્લે આંબિલ મોટો તપ કીજે, સતર ભેદી જિન પૂજા રચીજે, માનવ ભવ લાહો લીજે. ॥૨॥ સાતસે કુષ્ટિયાના રોગ, નાઠા યંત્ર નમણ સંજોગ, દુર હુઆ કર્મના ભોગ; અઢારે કુષ્ટ દુરે જાએ; દુઃખ દોહગ દુર પલાએ, મનવંછિત સુખ થાય, નિરધનીયાને દે બહુ ધન્ન, અપુત્રિયાને દે પુત્ર રતંન, જે સેવે શુદ્ધ મન્ન; નવકાર સમો નહી કોઈ મંત્ર, સેવો ભવી હરખંત. ॥ ૩ ॥ જીમ સેવ્યા મયણાં શ્રીપાલ, ઉંબર રોગ ગયો સુખ રશાલ, પામ્યા મંગલ માલ; શ્રીપાલ તણી પેરે જે આરાધે, દીન દીન દોલત તસ ઘર વાધે, અતિ શિવસુખ સાધે;

વિમલેશ્વર યક્ષ સેવા સારે, આપદા કષ્ટને દુર નિવારે; દોલત લક્ષ્મી વાધે. મેઘવિજય કવીયણુના શીષ્ય, આણી હયડે ભાવ જગદીશ, વીનય વંદે નિશદીશ. ।। ૪ ।। ઇતિ.

## ।। અથ શ્રી સિદ્ધચક્ર સ્તુતિ ।। ૩ ।।

જિન શાસન વંછિત, પૂરણ દેવ રસાલ; ભાવેં ભવી ભણીયેં, સિદ્ધચક્ર ગુણમાલ; ત્રિહું કાલે એહની, પૂજા કરે ઉજમાલ; તે અમર અમરપદ, સુખ પામે સુવિશાલ. ।।૧।। અરિહંત સિદ્ધ વંદો, આચારજ ઉવજઝાય; મુની દરિસણ નાણ, ચરણ તપ એ સમુદાય; એ નવપદ સમુદિત, સિદ્ધ-ચક્ર સુખદાય; એ ધ્યાનેં ભવિનાં, ભવકોટિ દુઃખ જાય. ।।૨।। આસો ચૈત્રીમાં, શુદિ સાતમથી સાર; પૂનમ લગે કીજે, નવ આંબિલ નિરધાર; દોય સહસ ગણેવું, પદ સમ સાડાચાર, એકાશી આંબિલ તપ, આગમને અનુસાર. ।।૩।। સિદ્ધચક્રનો સેવક, શ્રી વિમલેસર દેવ; શ્રીપાલ તણી પરેં, સુખ પૂરે સ્વયમેવ; દુઃખ દોહગ નાવે, જે કરે એહની સેવ; શ્રીસુમતિ સુગુરૂનો, રામ કહે નિત્યમેવ. ।।૪।। ઇતિ।।

---

# ।। અથ સિદ્ધચક્રની થુઈ ।।૪।।

અરિહંત નમો વલિ સિદ્ધ નમો, આચારજ વાચક સાહુ નામો; દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ એ સિદ્ધચક્ર

સદા પ્રણમેા. ।। ૧ ।। અરિહંત અનંત થયા થાશે, વલિ ભાવ નિખેપે ગુણ ગાશે; પડિક્કમણા દેવ વંદન વિધિશું, આંબિલ તપ ગણણું ગણેા વિધિશું. ।। ૨ ।। છરિ પાલી જે તપ કરશે, શ્રીપાલ તણી પરેં ભવ તરશે; સિદ્ધચક્રને કુણ આવે તોલેં, એહવા જીન આગમ ગુણ બોલે. ।। ૩ ।। સાડાચારેં વરસેં તપ પુરૂં, એ કર્મ વિદારણ તપ સુરૂ; સિદ્ધચક્રને મન મંદિર થાપેા, નય વિમલેસર વર આપેા. ।। ૪ ।। ઇતિ ।।

---

# ।। મહાવીર સ્વામીની થેાય ।।

ગંધારે મહાવીર જીણંદા, જેહને સેવે સુરનર ઇંદા; દીઠે પરમાનંદા; ચૈતર સુદ તેરશ દીન જાયા, છપ્પન દીગ કુમરી ગુણ ગાયા, હરખ ધરી હુલરાયા; ત્રીસ વરસ પાલી ઘરવાસ, માગશર વદ દશમી વ્રત જાસ, વીચરે મન ઉલ્લાસ; એ જીન સેવેા હીતકર જાણી, એહથી લહીએ શીવ પટરાણી, પુન્ય તણી એ ખાણા. ।। ૧ ।।

રીષભ જીનેશ્વર તેર ભવ સાર, ચંદ્ર પ્રભુ નવ આઠ ઉદાર; શાંતીકુમાર ભવ બાર; મુનીસુવ્રતને નેમ કુમાર તે જીનના નવ નવ ભવ સાર, દશ ભવ પાર્શ્વકુમાર; સ-

ચાવીશ ભવ વીરના કહીએ, સત્તર જીનના ત્રણત્રણ લહીએ, જીન વચમે સદહીયે; ચોવીસ જીનનો એહ વીચાર; એહથી લહીએ ભવનો પાર, નમતાં જય જયકાર. ।। ૨ ।।

વૈશાખ સુદ દશમી લહી નાણ, સીંહાસન બેઠા વર્ધમાન, ઉપદેશ દે પ્રધાન; અગ્નિ ખુણે હવે પર્ષદા સુણીએ, સાધ્વી વૈમાનીકની દેવીયો ગણીએ, મુનીવર ત્યાંહીજ ભણીએ; વ્યંતર જ્યોતીશી ભુવન પ્રતીસાર; એહને નૈરૂત ખુણે અધિકાર, વાયવ્ય ખુણે એની નાર; ઇશાને સોહીએ નર નાર, વૈમાનીક સુર થઇ પર્ષદા બાર, સુણે જીન વાણી ઉદાર. ।। ૩ ।।

ચક્રકેસરી અજીયા દુરિઆરિ, કાલી મહાકાલી મનોહારી, અચુઅ સંતા સારી; જ્વાલા સુતારયા અશોયા, સિરી વસ્તાવર ચંડા માયા, વીજ્યાંકુશી સુખદાયા; પન્નત્તી નિવ્વાણી અચ્ચુઆ ધરણી, વૈરૂટદત ગંધારી અધ હરણી, અંબા પઉમા સુખ કરણી; સીધાઇ શાસન રખવાલી, કનક વિજય બુધ આનંદકારી, જશ વિજય જયકારી. ।। ૪ ।।

---

# ।। નેમનાથની થોય ।।

શ્રીગિરનાર શિખર સીણગાર, રાજેમતિ હૈયાનો હાર; જીનવર નેમ કુમાર; પુરણ કરૂણા રસ ભંડાર, ઉગાર્યા

પશુયાં એ વાર, સમુદ્રવિજય મલ્હાર; મોર કરે મધુરા કિંગાર, વિચ વિચ કોયલના ટઉકાર, સહસા ગમે સહકાર; સહસા વનમાં હુવા અણગાર, પ્રભુજી પામ્યા કેવલ સાર, પહોંત્યા મુક્તિ મોઝાર. ॥ ૧ ॥ ગાથા.

સિદ્ધગિરિ એ તીરથ સાર, આબુ અષ્ટાપદ સુખકાર, ચિત્રકુટ વૈભાર; સોવનગિરિ સમ્મેત શ્રીકાર, નંદીશ્વર વર દ્વીપ ઉદાર, જીહાં બાવન વિહાર; કુંડલ રૂચકને ઇક્ષુકાર, શાશ્વતા અશાશ્વતા ચૈત્ય વિચાર, અવર અનેક પ્રકાર; કુમતી વયણે મ ભુલ ગમાર, તીરથ ભેટે લાભ અપાર; ભવી-યણ ભાવે જુહાર. ॥ ૨ ॥

પ્રગટ છઠ્ઠું અંગે વખાણી, દ્રૌપદી પાંડવની પટરાણી; પુજા જીન પ્રતીમાની; વિધિશું કીધી ઉલટ આણી, નારદ મિથ્યા દ્રષ્ટી અન્નાણી, છાંડયેા અવિરતી જાણી; શ્રાવક કુલનીએ સહી નાણી, સમકીત આલાવે અખ્યાણી, સાતમે અંગે વખાણી; પુજનીક પ્રતીમા અંકાણી; ઇમ અનેક આગમની વાણી, તે સુણજો ભવી પ્રાણી. ॥ ૩ ॥

કટે કટીમેખલ ઘુઘરીઆલી, પાય નેઉર રમઝમ ચાલી, ઉજ્જતગિરિ રખવાલી; અધરલાલ જીસ્યા પરવાલી, કંચન વાન કાયા સુકુમાલી, કર લહકે અંબાડાલી; વૈરીને લાગે વિકરાલી, સંઘના વિઘ્ન હરે ઉજમાલી, અંબા દેવી મયાંલી; મહિમા એ દશેા દીશ અજુઆલી; ગુરૂશ્રી સંઘવિજય સંભાલી, દીન દીન નિત્ય દિવાલી. ॥ ૪ ॥ ગાથા સંપૂર્ણ.

# દીવાળીની સ્તુતિ.

માલામાલાનવાંહુર્દધદ્દધદરં યામુદારા મુદારા–હ્વીનાડ લીનામિહાલીમધુરમધુરસા સૂચિતોમાચિતો મા ।। પાતાત્પા તાત્સ પાર્શ્વોઽ રૂચિરરૂચિરદ્યો દ્યેવરાજીવરાજી–પત્રાડપત્રા યદ્દીયા તનુરતનુરવો નંદકો નોદકો નો ।। રાજી રાજીવવક્ત્રા તરલતરલસંત્કેતુરંગ તુરંગ–વ્યાલવ્યાલગ્નયોધાડચિતરચિતરણે ભીતિહૃદ્યાતિહૃધા ।। સારા સારાજ્જિનાનામલમમલપતેર્બોધિ કામાધિકામા–દ્વ્યાદવ્યાધિ કાલાનનજનનજરાત્રાસમાનાડસ-માના ।।૨।। સદ્યોડસદ્યોગભિદ્રાગમલગમલયા જનરાજીનરાજી–નૂતાનુતાર્થધાત્રીહ તતહતતમઃપાતકાડપાતકામા ।। શાસ્ત્રી શાસ્ત્રી નરાણાં હૃદયહૃદયશોરોધિકાડબાધિકા ચા—દ્યેયા દ્યેયાન્મુદં તે મનુજમનુ જરાં ત્યજયંતી જયંતિ ।। ૩ ।। યાતા યા તારતેજા : સદ્મસિ સસિભૃત્કાલકાંતાલકાંતા–ડપારિં પારિંદ્રરાજંસૂરવસુરવધુપૂજીતારંજીતારં ।। સા ત્રાસાત ત્રાસાત ત્રાયાતાં ત્વા મવિષમવિષભૃદ્ભૂષણાડભીષણા ભી—હીનાડહી-નાગ્રપત્ની કુવલયવલયશ્યેામદ્યેહાડમદ્યેહા ।। ૪ ।।

# ।। અથ શ્રીમહાવીરજીનસ્તુતિ: ।।

।। દંડકવૃત્તમ ।।

નમદમરશિરોરૂહસ્ત્રસ્તસામોદનિર્નિદ્રમંદારમાલારજોરં-
જિતાંઘે ધરિત્રીકૃતા—ડવન વરતમસંગમોદારતારીદિતાનંગ-
નાર્યાવલીલાપદેહેક્ષિતામોહિતાક્ષો ભવાન્ ।। મમ વિતરતુ
વીર નિર્વાણશર્માણિ જાતાવતારો ધરાધીશસિદ્ધાર્થધાત્રી
ક્ષમાલંકૃતા—વનવરતમસંગમોદારતા રોદિતાડનંગનાર્યાવ
લીલાપદે હે ક્ષિતામો હિતાડક્ષોભવાન્ ।। ૧ ।। સમવસર-
ણુમંત્ર યસ્યા : સ્ફુરત્કેતુચક્રાનકાનેકપદ્મેંદુરૂકચ્ચારૂચ મરો
ત્સર્પિંસાલત્રયી–સદ્દવનમદ્દશોકપૃથ્વીક્ષણુપ્રાયશોભાતપત્રમભા-
ગુર્વરા રાટ પરેતાહિતારોચિતં ।। પ્રવિતરતુ સમીહિતં
સાર્હતાં સંતતિર્ભક્તિ ભાજાં ભવાંભોધિસંભ્રાંતભવ્યાવલી-
સેવિતા–સદ્દવનમદ્દશોકપૃથ્વીક્ષણુ પ્રા યશોભાતપત્રપ્રભાગુર્વરા-
રાટપરેતાહિતારોચિતં ।। ૨ ।। પરમતતિમિરોગ્રમાનુપ્રભા
ભૂરિભગૈર્ગભીરા ભૃશં વિશ્વવર્યે નિકાય્યે વિતીર્યાંત્તરા—મહ-
તિમતિ મતે હિ તે શસ્યમાનસ્ય વાસં સદ્દાડતન્વતીતાપ-
દ્દાનંદધાનસ્થ સાડમાનિનઃ ।। જનનમૃતિતરાંગનિષ્પારસંસાર
નીરાક રાંતર્નિમજ્જજ્જનોત્તારનૌર્ભારતી તીર્થકૃત્ । મહતિ
મતિમતેહિતેશસ્ય યાનસ્ય વા સસદ્દાતન્વતી તાપદ્દાનં
દધાનસ્થ સામાનિ નઃ ।। ૩ ।। સરભસનતનાકિ નારીજનો-

રોજપીઠીલુઠતારહારરપુરદ્રશિમસારકમાંભોરૂહે। પરભવ સુતરાં ગજ્જરાવસન્ના શિતારાતિભારાજિતે ભાસિની હારતારા બલક્ષેમદા ।। ક્ષણરૂચિરૂચિરોરૂચંચત્સટાસંકટોત્કૃષ્ટકંટોદ્ભટે સંસ્થિતે ભવ્યલોકં ત્વમંબાંવિકે। પરમવસુતરાંગજ્જ રાવસન્ના શિતારાતિભારાજીતે ભાસિનીહારતારાવલક્ષેડમદા ।। ૪ ।।

।। સ્તુતિઓ સમાપ્ત. ।।

---

# છઠા આરાની સજ્ઝાય.

છઠ્ઠો આરો એવો આવશે, જાણશે જિનવર દેવ ।। પૃથ્વી પ્રલય થાશે, વરશશે વિરૂવામેહ, રે જીવ! જિન ધર્મ કિજીએ ।। ૧ ।। તાવડે ડુંગર તરડસે, વાએ ઉડી ઉડી જાય ।। ત્યાં પ્રભુ ગૌતમ પૂછીઓ, પૃથ્વી બીજે કેમ થાય ।। ૨ ।। વૈતાઢયગિરીનામે શાશ્વતિ, ગંગા સિંધુ નદી નામ ।। તેણે બેકે બહું ભેખડ, બેતેર બીલનીખાણુરે ।। ૩ ।। સરવે મનુષ્ય તિહાં રેહસે, મનખા કેરીખાણુ ।। સોલ વરસનું આઉખું, મુંઢા હાથની કાયરે ।। ૪ ।। છ વરસની સ્ત્રી ગર્ભ ધરે, દુઃખી મહા દુઃખ થાય ।। રાતે ચરવા નિકળે, દિવસે બિલ માંહે જાયરે ।। ૫ ।। સરવ ભખી સરવે માછલાં, મરી મરી દુર્ગ ગતિ જાય ।। નર નારિ હોશે બહુ, દુરગંધિત સકાયરે. ।। ૬ ।। પ્રભુ બાલની પરે વિનવું, છઠે આરે જનમ નિવાર ।। કાંતિ-વિજય કવિરાયનો, મેઘ ભણે સુખ માલ ।। રેજીવ. ।। ૭ ।।

# ત્રિશલા માતાની સજ્ઝાય.

શીખ સુણેા સખી માહરી બેાલેાને વચન રસાળ ।। તુમ કુખડીએરે ઉપજ્યા સૌભાગી સુકુમાળ, ત્રિશલા ગરભને સાચવે ।।૧।। તીખું કડવું કસાયલું ખાટા ખારાની જાત, મધુરા રસ નવિ સેવિએ, વપું મલય પરિહાર ત્રિશલા ।। ૨ ।। અતિ ઉનું અતિ શિયલડુ, નયણે કાજળ રેખ, અતિભેાજન નવી કીજીયે, તેલ ન ચેાપડીયે રેખ. ત્રિશલા ।। ૩ ।। સ્નાન વિલેપણ તાહરૂં, મન જાણી દુખમાંય, હળવે મધુરે બેાલીયે, આસી સુખની વાડ. ત્રિશલા ।। ૪ ।। ગાડા વહેલ વિડેાળતા, ધમધમ બંધન ચાલમ ચાલ, અતી શિયળ જગ સેવના, વિણસે પુત્રના કાજ; ત્રિશલા ।। ૫ ।। જેમ જેમ દેાહલા ઉપજે, તેમ તેમ દેજો બહુમાન ।। ભેાગ સંયેાગ ને વારજો, હેાશે પુત્ર નિદાન, ત્રિશલા ।। ૬ ।। એણી પરે ગર્ભને પાળતાં, પુત્ર થયેા શુભ ધ્યાન, સંઘમાં જેજેરે સહુ કરે, હીરવિજય ગુણ ગાય. ત્રિશલા ।। ૭ ।।

---

# તેર કાઠીયાની સજ્ઝાય.

ચેતન તું તારૂં સંભાળકે કયાંથી આવીયેા, કયાંરે જવાનેા વિચાર કે કેમ બેસી રહ્યો ।। ૧ ।। ઘર લાગ્યું છે

તારૂં ઓલવતો કાં નથી, પછી થાશે વિનાશ કે ચોરના ભય થકી ।। ૨ ।। તેર કાઠીયા નિત્ય તારૂં હરણ કરે, ક્રોધ માન માયા લોભ કે જઇને એમ કહે, ।। ૩ ।। એનો માલ અનગળકે ચોકી વીના રહે, આપણે કરોને વિચાર કે જઇયે એને ઘરે ।। ૪ ।। મોહરાયની ધાડ પડી એને ઘેર જઈ, જ્ઞાન દ્રવ્ય તેણે લીધું ત્રણે રત્ન સહી ।। ૫ ।। પછી થયો નિરધન કે દારિદ્ર રિષયો, જ્ઞાની બોલે એમ વાણી એનો માલ બહુ ગયો ।। ૬ ।। રયો કરે છે રોજગાર દેવાલું કુંકીયું, અધોગતિનું દુઃખ તેણે બહુ વેઠીયું ।। ૭ ।। સુક્ષ્મ બાદર પજ્જ અપજ્જ નિગોદમાં, પૃથ્વી પાણી તેઉ વાઉકે વનસ્પતિમાં ।। ૮ ।। કાળ અનંતા અનંત કે ઉંચો આવીયો, શ્રાવક કુલ સહિત મનુષ ભવ પામીયો ।। ૯ ।। દેવ ગુરૂ સંજોગ દ્રષ્ટાંત દશે ભલા, પુર્વ વિચારીને જોયકે દુઃખ નિરધન તણા ।। ૧૦ ।। હવે હું ક્ષણ એક ગાફલમાં નવી રહું; ચંદ્રપ્રભુ અવધાર કે સેવા નિત્ય કરૂં; ।। ૧૧ ।। ભાવે કરી ભવસાગરે કર્મ કથા કહી; તુમે છો જ્ઞાની ભંડાર સકલ ગુણે સહી ।। ૧૧ ।।

---

# પજુસણની સજ્ઝાય.

આજ મારે મન વસ્યારે, ભવિજન પર્વ પજુસણ મોહોટા. હોળી બળેવને નોરતા જાણો ઐ સર્વે છે ખોટા ।।

આજ મારે ।। એ આંકણી ।। ચોથ છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઇ માસ ખમણ પણ કરિએ, દેવગુરૂ આણા મન ધરિએ તો ભવસાયર તરિએ ।। આજ મારે ।। ૧ ।। અઠ્ઠાઈ ધરનો પોસહ કીજે, ગુરૂ વાણી રસ પીજે, કલ્પસૂત્ર ઘર પધરાવીજે ભાવે મન ઉલસી જે ।। આજ મારે ।। ૨ ।। કુંવર ગયવર ખંધ ચઢાવી, ઢોલ નીશાન વજડાવો, કલ્પ સૂત્ર ગુરૂ પાસે રાખો પૂજા ભાવના ભાવો ।। આજ મારે ।। ૩ ।। તેલાધર દિન રૂડો જાણી કાઠિયા તેરનેવારો, સંવત્સરી દિન બારસા સુંણી ક્રોધ કષાયને મારો ।। આજ મારે ।। ૪ ।। મન વચકાયા એ જે કીધા પાપ કર્મ બહુ કુડા, મિચ્છામી દુક્કડ દેઈ કરીને પડીક્કમણા કરો રૂડા ।। આજ મારે ।। ૫ ।। સરલ ચિત્તે આણા પ્રભુની જે નર નારી ધરશે, કહે લઘુ બાળક નીતીવિજયનો તે શિવ લીલા વરશે ।। આજ મારે ।। ૬ ।। સંપૂર્ણ.

---

# અથ શ્રી નવકારવાલીની સજ્ઝાય.

કહેજો ચતુર નર એ કોણ નારી, ઘરમીજનને પ્યારીરે ।। જેણે જાયા બેટા સુખકારી, પણ છે બાળ કુમારીરે ।। કહેજો૦ ।। ૧ ।। એ આંકણી ।। કોઈ ઘેર રાતીને કોઈ ઘેર લીલી કોઇ ઘેર દીસે પીળીરે, પંચ રૂપી છે બાળકુમારી, મનરંજન મત વાળીરે ।। કહેજો૦ ।। ૨ ।। હૈડા આગળ

ઉભી રાખી, નયણાશું બંધાણીરે, નારી નહીં પણ મોહન ગારી જોગીશ્વરને પ્યારીરે ।। કહેજો૦ ।। ૩ ।। એક પુરૂષ તસ ઉપર ઠાહે ચાર સખી શું ખેલેરે એક બેર છે તેહને માથે, તે તસ કેડ ન મેલેરે; ।। કહેજો૦ ।। ૪ ।। નવ નવ નામે સહુ કોઈ માને, કહેજો અર્થ વિચારીરે ।। વિનય વિજય ઉવઝાયનો સેવક રૂપવિજય બુદ્ધિ સારીરે કહેજો૦ ।।પા।

---

# કર્મપર સજ્ઝાય.

કરવું હોય તે થાય કરમને કરવું હોય તે થાય ।। જીવે જાચ્યું કામ ન આવે ધાર્યું નિરર્થક જાય. ।। કરમને ।। ૧ ।। પાંડવ પાંચ મહા બલવંતા ને ચરમ શરિરી કહાય વનમાંહી તે રડવડયા ને વલી દુખે બારા વર્ષ જાય ।। કરમને ।। ૨ ।। જ્યાં જળ ત્યાં થળ-થળ ત્યાં જળ છે ભરતી ઓટ ભરાય ।। રંક રાય થઈ મન મકલાવે રાજા રંક થઈ જાય ।। કરમને ।। ૩ ।। કૃષ્ણ વાસુદેવ ત્રિખંડ રાણો જેને પગ મુકે ખમા ખમા થાય ।। જરા કુમરથી પગે વીંધાણો ત્યારે જલ વિના જીવ જાય ।। કરમને ।। ૪ ।। ઘરમાં જેને ખાવા ખૂટયું છે અને લોકોની ઠોકરો ખાય ।। એવો પણ જો નૃપ બને તો લાખોથી વંદાય ।। કરમને ।। ૫ ।। સુભદ્રા જેવી અતિ સતીના, માથે કલંક પડયું ધાય ।। તાંતણે ચાલણીથી જલ કાઢી, દ્વાર ઉઘાડી પંકાય ।। કરમને ।। ૬ ।।

જે ઘેર ઘોડા હાથી ઝુલે, પરિવાર ગણ્યો ન ગણાય ।। ખાલી તે તો ખંડેર થયાં ને વળી, કુતરાં ત્યાં તોવિયાય ।। કરમને ।। ૭ ।। રાજા હરિશ્ચંદ્ર રાજ્યનો ધારી, પ્રતિજ્ઞામાં પકડાય ।। વનમાં કુમરે ખાવા માંગ્યું, ત્યારે તે પણ આપી ન શકાય ।। કરમને ।। ૮ ।। જે તનરંગ વિજલી સમ જલકે, નેત્ર જ્યાં જઇ ઠરાય ।। તે તન રોગે પીડીયાં ત્યારે, કોઇથી દેખી ન શકાય ।। કરમને ।। ૯ ।। સનતકુમાર ચક્રી રૂપ દેખો, જેને દેવતા જોવા આય ।। ગર્વ કર્યો ત્યારે પલકમાં પલટયો, થઇ ગઈ રોગમય કાય ।। કરમને ।। ૧૦ ।। સુરિકમલ ચરણોના પ્રતાપે, લબ્ધિથી કરમ કલાય ।। વીતરાગના વચન પ્રમાણે, ચાલે તો તેથી છુટાય ।। કરમને ।।૧૧।।

---

# હિતોપદેશની સજ્ઝાય.

।। શું કહું કથની મારી રાજ ।। એ દેશી ।।

કરી લ્યો ધર્મ હિતકારી, ભવી તમે કરી લ્યો ધર્મ હિતકારી ।। આ સંસારે સાર નહિ દીશે, દીશે અસારતા ભારી જન્મમરણ દુઃખ ડુંગરમાંહે, ભટકતી દુનીયા બીચારી ।। ભવી તુમે કરી લ્યો ધર્મ હિતકારી ।। ૧ ।। તાતી સોય હરી રોમે રોમે, કોઈ મનુષ્યને માપે, તેથી આઠ ઘણું હોવે ।। જન્મ સમય મોઝારી ।। ભવીક ।। ૨ ।। ક્રોડ વીંછી કરડે

એક સાથે, તેમ મરણ દુઃખ ભારી કોઇ પ્રદેશ નહી જગા ખાલી, જન્મ મરણ જ્યાં વધારી ।। ભવીક ।। ૩ ।। રંગ છે પતંગ જેમ આતમ કેરો, વીણ સીજશે ખીણ વારી, દારા સુતાસુત ધન ઘર છોડી, જાતા બનીસલાચારી ।। ભવીક ।। ૪ ।। રાજા ગયા મહારાજા ગયા, છબી ગયા છે ઇંદ્ર મોરારી ।। અચાનક અચાનક એક દીવસે, ઉપડવું આવશે તારે પણ વારી ।। ભવીક ।। ૫ ।। વિસય વીકારની નીંદ્રા લેતાં, દીઠી ન સુખની બારી ।। અનંત ભવ ભટકીને પામ્યેા, સુંદર નર અવતાર ।। ભવીક ।। ૬ ।। પામી સમય નહિ વૃથા ખોસેા, વચન લ્યેા હૃદય ઉતારી, સુરી કમલ ચરણાનેા સેવક, લબ્ધી કહે છે પોકારી ।। ભવીક તુમે કરી લ્યેા ધર્મ હિતકારી ।। ૭ ।। સંપૂર્ણ સજ્ઝાય.

---

# રૂખમણીની સજ્ઝાય

વીચરંતા ગામેા ગામ, નેમીજીશ્વનેર સામ આછે લાલ, નયરીધુવારામતી આવીયાજી ।। ૧ ।। વન પાલક, સુખ દાય ।। દીએ વધામણી આય, આ૦ નેમી જીણંદ પધારીયાજી ।। ૨ ।। કૃશ્નાદીક નર નાર, સહુ મલી પરખદા બાર આ૦ નેમને વંદણ આવીયાજી ।। ૩ ।। દેસના દીએ જીનરાય, સહુને આવે દાય આ૦ રૂખમણી પુછે નેમને જી ।। ૪ ।। પુત્રને માહારે વીજોગ, સેાહસે કર્મ સંજોગ, આ૦

ભગવંત મુજને ઉપદીસોજી ॥ ૫ ॥ ભાખે તવ ભગવંત, પુરવ ભવ વીરતંત, આ૦ કીધાં કરમ નવી છુટીએ જી ॥ ૬ ॥ પુરવ ભવે એક વાર, તું હતી નરપતી નાર આ૦ ઉપવન રમવા સંચર્યોજી, ॥ ૭ ॥ જોતાં વનહમજાર દીઠો એક સહકાર આ૦ મોરલીવીયાણી તે બાઉ પરે જી ॥ ૮ ॥ સાથે તમારો નાથ, ઈંડા જાલ્યા હાથ આ૦ કંકુવરણ તે થયાંજી ॥ ૯ ॥ એહવે આવી મોર, કરવા લાગી સોર આ૦ સોલ ઘડી નવી સેવીયાજી ॥ ૧૦ ॥ એને અવસરે ઘમઘોર, ઉંડો ગાજ્યો જોર આ૦ ચોય દસ ચમકે વીજળીજી ॥ ૧૧ ॥ પછી ઉઠ્યો મેહ, ઈંડા ધોવાણા તેહ આ૦ પછી મોરલીએ શેવીયાજી ॥ ૧૨ ॥ તીહાં બાંધ્યો અંતરાય, એમ ભાખે જીનરાય આ૦ સોલ ઘડીના સોલ વરસ થયાજી ॥ ૧૩ ॥ હસતા તે બાંધ્યા કર્મ, નવી ઓલખ્યો જૈન ધર્મ આ૦ રોતા ન છુટે પ્રાણીયોજી ॥ ૧૪ ॥ દેશના સુણી અભીરામ, રૂખમણી રાણી તામ, આ૦ સુધો સંજમ આદરૂજી ॥ ૧૫ ॥ સ્થીર કરી મન વચન કાય, મુગતીપુરીમાં જાય આ૦ કર્મ ખપાવી મુગતે ગયાજી ॥ ૧૬ ॥ એહનો છે વીસ્તાર, અંત ગડ સુત્ર મોજાર આ૦ રાજવીજય રંગે ભણેજી ॥ ૧૭ ॥

---

# વૈરાગ્યની સજ્ઝાય.

જીવ તું ઘેનમાંહે પડયેા, તાહરી નીંદ્રાને વારરે, નરકતણા દુઃખ દેાહીલાં, સેવ્યાં તે અનંતીવારરે ॥ ચેતન ચેતજો પ્રાણીયા ॥ ૧ ॥ ધન કુટુંબને કારણે, રહ્યો તુ રાત દીવસરે ॥ લાખ ચેારાસીને ખેારીએ, કર્યાં તે નીતનવાવેસરે ચેતન૦ ॥ ૨ ॥ જ્યારે જઇસિ તીહાં કર્મ આગલે, ત્યાં તારા પડીરહેલા પાસરે, ભેાગવ્યા વીના છુટકેા નહી, કર્યા કર્મનેા દાસરે ॥ ચ૦ ॥ ૩ ॥ જેમરે પંખી વાસેાવસે, તેમ તું જાણ સંસારરે, આરે સંસાર અસાર છે, આવખાનેા ન કર વીસવાસરે ॥ ચે૦ ॥ ૪ ॥ ભવિક જીવતુમે સાંભળેા, પાળજો જીવ દયા સારરે ॥ સત્ય વીજય પંડીત ધંમ ભણે, પ્રભુ આવાગમણ નીવારરે ॥ ચે૦ ॥ ૫ ॥ સંપુરણ.

---

# શ્રીનવપદની સજ્ઝાય.

શ્રી મુનિચંદ્ર મુનીશ્વર વંદીએ, ગુણવંતા ગણધાર. સુજ્ઞાની ॥ દેસના સહસ સુધારસ, વરસતા જિમ પુષ્કળ જળ ધાર ॥ સુ૦ શ્રી૦ ॥ ૧ ॥ અતિશય જ્ઞાની પરઉપકારી આ, સંજમ સુધ આચાર સુ૦ શ્રી શ્રીપાલ ભણી જપ આપી એા, કરી: સીધચક્ર ઉધાર ॥ સુ૦ શ્રી૦ ॥ ૨ ॥ આંબેલ

તપવિધિ શીખીઆ, આરાધીયેા પડીકમણા દેાયવાર સુ૦ અરીહંતાદિક પદએક એકનેા, ગુણંણું દેાય હજાર ॥ સુ૦ શ્રી૦ ॥ ૩ ॥ પડીલેહણા દેાય ટંકના આદરે, જિન પુજા ત્રણકાળ સુ૦ બ્રમચારી વલી ભેાંય સંથારે, વચન આળ પંપાળ ॥ સુ૦ શ્રી૦ ॥ ૪ ॥ મન એકાગ્ર કરી આંબેલ કરે, આસેા ચૈતર માસ સુ૦ સુદી સાતમથી નવ દીન કીજીએ, પુનમે ઓછવ ખાસ ॥ સુ૦ શ્રી૦ ॥ ૫ ॥ એમ નવ ઓળી એકાસી આંબેલે, પુરી પુરણ હર્ષ સુ૦ ઉજમણું પણ ઉદ્યમથી કરે, સાડાચારેરે વર્ષ ॥ સુ૦ શ્રી૦ ॥ ૬ ॥ એ આરાધનાથી સુખ સંપદા, જગમાં કિર્તીરે થાય સુ૦ રેાગ ઉપદ્રવ નાસે એહથી, આપદા દુરે પલાય ॥ સુ૦ શ્રી૦ ॥ ૭ ॥ સંપદા વાધે અતિ સેાહામણી, આણા હેાય અખંડ સુ૦ મંત્ર જંત્ર તંત્ર સેાહતેા, મહીમા જાસ પ્રચંડ ॥ સુ૦ શ્રી૦ ॥ ૮ ॥ ચક્રેશ્વરી જેહની સેવા કરે, વિમલેશ્વર વળી દેવ સુ૦ મન અભિલાષ પુરે સવિ તેહનાં, જે કરે નવપદ સેવ ॥ સુ૦ શ્રી૦ ॥ ૯ ॥ શ્રીપાળે તેણી પરે આરાધીઓ, દૂર ગયેા તસરેાગ સુ૦ રાજઋદ્ધિ દિન દિન પ્રત્યે વાધતેા, મનવંછિત લહ્યો ભેાગ ॥ સુ૦ શ્રી૦ ॥ ૧૦ ॥ અનુક્રમે નવમે ભવસિદ્ધિ વર્યા, સિધચક્ર સુપસાય સુ૦ એણીપરે જે નિત્ય નિત્ય આરાધશે, તસ જસ વાદ ગવાય ॥ સુ૦ શ્રી૦ ॥ ૧૧ ॥ સંસારિક સુખ વિલસી, અનુક્રમે કરીયે કર્મનેા અંત સુ૦ ઘાતી અઘાતી ક્ષય કરી, ભેાગવેા સાશ્વત સુખ અનંત ॥ સુ૦

શ્રી૦ ।। ૧૨ ।। એમ ઉત્તમ ગુરૂ વયણ સુણીકરી, પાવન હુવા બહુજીવ સુ૦ પદ્મ વિજય કહે એ સુરતરૂ સમો, આપે સુખ સદૈવ ।। સુ૦ શ્રી૦ ।। ૧૩ ।। ( સંપૂર્ણ )

---

# શ્રી બાહુબલ ભરતેશ્વરજીની સજ્ઝાય.

તવ ભરતેશ્વર વીનવેરે ભાઈ, ખમો ખમો મુજ અપરાધ ।। હું ઓછો ને ઉછાંછળો ભાઇ, તું છે અતિ હે અગાધરે ।। બાહુબળિ ભાઈ યું કયું કીજે બે ।। ૧ ।। એ આંકણી ।। તું મુજ શીરનો શેહરો રે ભાઈ, હું તુજ પગની રે ખેહ ।। એસવી રાજ્ય છે તાહરૂંરે ભાઇ, મન માને તસ દેયરે ।। બાહુ૦ ।। યું ।। ૨ ।। હું અપરાધી પાપીયોરે ભાઈ, કીધાં અનેક અકાજ ।। લોભ વશે મૂકાવીયારે ભાઈ, ભાઇ અઠાણુંના રાજરે ।। બાહુ૦ ।। યું ।। ૩ ।। એક બંધવ તું માહરે રે ભાઈ, તે પણ આદરે એમ ।। તો હું અપજસ આગળોરે ભાઈ ।। રહીશું જગમાં કેમરે ।। બાહુ૦ ।। યું ।। ૪ ।। કોડવાર કહું તુજનેરે ભાઈ, તાતજી ઋષભની આણ ।। એકવાર હસી બોલનેરે ભાઈ, કર મુજ જન્મ પ્રમાણરે ।। બાહુ૦ ।। યું ।। ૫ ।। ગુન્હો ઘણો છે માહરોરે ભાઇ, બક્ષીસ કરીય પસાય, રાખો રખે દુભણ કીશીરે ભાઈ, લળી લળી લાગુ છું પાયરે ।। બાહુ૦ ।। યું ।। ૬ ।। ચક્રીને નયણે

ઝરેરે ભાઈ, આંસુડા કેરી ધાર ॥ તે દુઃખ જાણે તે ઉરેરે ભાઈ, કે જાણે કીરતારરે ॥ બાહુ૦ ॥ યું ॥ ૭ ॥ નિજ વૈરી વનિતા ભણીરે ભાઈ, જાતાં ન વહે પાય ॥ હા ? મુરખ મેં શું કીયુંરે ભાઈ, એમ ઉભો પસ્તાયરે ભાઈ ॥ બાહુ૦ ॥ યું૦ ॥ ૮ ॥ વિવિધ વચન ભરતેશનાંરે ભાઈ, સુણી નવી રાચ્યા તેહ ॥ લીધું વ્રત તે કીયું પ્રીરેરે ભાઇ, જીમ હથેળીમાં રેહરે ॥ બાહુ૦ ॥ યું ॥ ૯ ॥ કેવળ લહી મુગતે ગયારે ભાઈ, બાહુબળી અણગાર ॥ પ્રાતઃ સમય નિત્ય પ્રણમીએ ભાઈ, જીમ હોય જયજયકારરે ॥ બાહુ૦ ॥ યું ॥ ૧૦ ॥ કળશ ॥ શ્રીઋષભજીન સુપસાય ઈણીપરે, સંવત સત્તર એકોતરે ॥ ભાદરવા સુદી પડવા તણે દિન, રવીવાર ઉલટ ભરે ॥ વિમળ વિજય ઉવઝાય સદ્‌ગુરૂ, શીશ તસ શ્રીસુભવરે ॥ બાહુબળી મુનિરાજ ગાતાં, રામવિજય જય શ્રીવરે ॥૧૧॥ ઈતિ (સંપૂર્ણ.)

---

# શ્રીનવપદની સજ્ઝાય.

નવપદ મહીમા સાર, સાંભળજો નરનાર આછે લાલ, હેજ ધરી આરાધીએજી, તો પામો ભવપાર પુત્ર કલત્ર પરિવાર, આછે૦ નવદિન મંત્ર આરાધીએજી ॥ ૧ ॥ એ આંકણી ॥ આસો માસ સુવિચાર નવ આંબિલ નિરધાર,

આછે૦ વિધિશું જીનવર પૂજીએજી, અરિહંત સિદ્ધપદસાર ગણુંજી તેર હજાર આછે૦ નવપદ મહીમા કીજીએજી ।। ૨ ।। મયણા સુંદરી શ્રીપાળ, આરાધ્યેા તતકાળ આછે૦ ફળદાયક તેહને થયેાજી, કંચન વરણી કાય, દેહડી તેની થાય આછે૦ શ્રી સિદ્ધચક્ર મહીમા કયેાજી ।। ૩ ।। સાંભળી સહુ નરનાર, આરાધ્યેા નવકાર, આછે૦ હેજધરી હૈડે ઘણુંજી, ચૈત્ર માસ વળી એહ, નવપદ શું ધરેા નેહ આછે૦ પૂજ્યેાદે શિવશુખ ઘણુંજી ।। ૪ ।। એણીપરે ગૌતમ સ્વામ, નવ નિધિ જેહ નેનામ, આછે૦ નવપદ મહીમા વખાણીયેજી, ઉત્તમ સાગર શિષ્ય, પ્રણુમે તે નિશદીસ, આછે૦ નવપદ મહીમા જાણીયેજી ।। ૫ ।। (સમાપ્ત)

# ।। અથ શ્રીસ્થુલિભદ્રજીની સજઝાય ।।

।। બેાલી ગયેા મુખ બેાલ, ચ્યાર ઘડીનેા કેાલ ।। આછે લાલ ।। હજીએ ન આવ્યેા વાલહેા ।। દેઈ ગયેા દુખ દાહ, પાછેા નાવ્યેા નાહ ।। આ૦ ।। કે સહી કેણે ભેાલવ્યેાજી ।। ૧ ।। રહેતેા નહીં ક્ષણુ એક, રે દાસી સુવિવેક ।। આ૦ ।। જાઇ જુએા દિસા દસેજી, એમ બેાલંતી બાલ, એની ઉત્તમ ચાલ ।। આછે લાલ ।। છેલ ગયેા મુજ છેતરીજી ।। ૨ ।। ઉલસ વાલસ થાય, અંગ ઉધામ ધાય ।। આછેં ।। નયણે નાવે નિંદ્રડીજી ।। ચેાખા

ચપક શરીર, નણદલના હો વીર ।। આ० ।। નયણે દીઠા નવીજી ।। ૩ ।। જેમ બપયા મેહ, મચ્છને જલશું નેહ ।। આ० ।। ભમરાને મન કેતકીજી ।। ચકવો ચાહે ચંદ્ર, ઇન્દ્રાણી મન ઇન્દ્ર ।। આ० ।। અહનિશી તમને ઓલગુંજી ।। ૪ ।। તુમવિણ ઘડીએ છ માસ, તેં મુજ નાખી પાસ ।। આ० ।। નિષ્ઠુરપણું નર તેં કર્યુંજી ।। ભાખો કોઇકિ દોષ, મુંકી મનનો રોષ ।। આછેં० ।। કાંઇક તો કરૂણા કરોજી ।। ૫ ।। હું નિરાધાર નાર, મેલી ગયો ભરથાર ।। આ० ।। ઉભી કરૂં આલોચનાજી ।। એમ વિલવલતી કોસ, દેતી કરમનો દોષ ।। આ० દાસી આવીરે દોડતીજી ।। ૬ ।। સાંભળ સ્વામીની વાત, લાછિલ દેનો જાત ।। આછેં० ।। સ્થુલિભદ્ર આવ્યોરે આંગણેજી ।। વનિતા સાંભળી વાત, હિયડે હરખ ન માત ।। આ० ।। પ્રીતિ પાવન પ્રભુ તેં કીરીજી ।। ૭ ।। પધારો ઘર મુજ, મુનિ ભાખ્યો સવિ ગુજ ।। આ० ।। ઉઠ હાથ અલગી રહેજી ।। માતા આગે મુસાલ, તિમ મુજ આગલ ખ્યાલ ।। આ० ।। એહ પ્રપંચ કહાં ભણ્યાજી ।। ૮ ।। ચિત્રશાલી ચોમાસ, નિહાલી મુખતાસ ।। આ० ।। વનિતા વિધિશું અલોચવેજી ।। માદલ તાલ કંસાલ, ભુંગલ ભેરિ રસાલ ।। આ० ।। ગાવે નવ નવ રાગશુંજી ।। ૯ ।। વાળે વિધિશું અંગ, ફરતી પુતલી ચંગ ।। આ० ।। હાવભાવ બહુ હેતશુંજી ।। સાંભલ સ્વામીની વાત, સિંહને ધાલે

ગાત ।। આ૦ ।। રાઇનો પાડ રાતે ગયોજી ।। ૧૦ ।। સો આલક સાથે રોઇ, પાવઇયાને પાનો ન હોય ।। આ૦ ।। પથ્થર ફાટયો તે કિમ મલેજી ।। સમુદ્ર મીઠો ન થાય, પૃથ્વી રસાતલ જાય ।। આ૦ ।। સૂર્ય ઉગે પશ્ચિમ દિશેજી ।। ૧૧ ।। પ્રતિ બોધી ઈમ કોશ, છોડી રાગને રોષ ।। આ૦ ।। દ્વાદશ વ્રત ઉચરેજી ।। પૂરણ કીધો ચોમાસ, આવ્યા શ્રી ગુરૂપાસ ।। આ૦ ।। દુષ્કર દુષ્કર તું સહીજી ।। ૧૨ ।। ત્રીસ વરસ ઘરવાસ, પુરી સહુની આશ ।। ।। આછે૦ ।। પંચમહાવ્રત પાલતાજી ।। ધન્ય માત ધન્ય તાત, નાગર ન્યાતિ કહાત ।। આ૦ ।। વારૂ વંશ દીપાવીયોજી ।। ૧૩ ।। જે નરનારી ગાય, તસ ઘર લચ્છી સવાય ।। આછે૦ ।। પભણે શાંતિ મયાં થકીજી ।। ૧૪ ।। ઇતિ સ્થુલિભદ્રજીની સજઝાય ।।

———o———

# ।। અથ શ્રીઅગીઆરસની સજઝાય ।।

।। ઉલગાણુની ।। દેશી ।।

।। ગોયમ પૂછે વીરને, સુણો સ્વામીજી, મોન એકાદશી કિણે કહી, કિણે પાલી કિણે આદરી ।। સુણો૦ ।। એહ અપૂર્વ દિન સહી ।।૧।। વીર કહે સુણો ગોયમા, ગુણ ગેહાજી. નેમે પ્રકાશી એકાદશી, મૌન એકાદશી નિર્મલી, સુણો

ગોયમજી ॥ ગોવિંદ કરે મલારસી ॥ ૨ ॥ દ્વારામતી નગરી ભણે, ॥ સુણો૦ ॥ નવ જોયણ આયામ વસી, છપ્પન કોડ જાદવ વસે ॥ સુણો૦ ॥ કૃષ્ણ બિરાજે તિણે નગરી ॥ ૩ ॥ વિચરંતા વિચરંતા નેમજી ॥ સુણો૦ ॥ આવી રહ્યા ઉજ્જવલ શિખરે, મધુરી ધ્વનિ દિયે દેશના ॥સુણો૦॥ ભવિયણને ઉપગાર કરે ॥ ૪ ॥ ભવ અટવી ભીષણ ઘણી ॥ સુણો૦ ॥ તે તરવા પંચ પવીં કહી, બીજે બે વિધ સાચવો ॥ સુણો૦ ॥ દેશ વિરતિ સર્વ વિરતિ સહી ॥ ૫ ॥ પંચમી જ્ઞાન આરાધીયે ॥ સુણો૦ ॥ પંચ વરસ પંચ માસ વળી, અષ્ટમી દિન અષ્ટ કર્મનો ॥ સુણો૦ ॥ પરભવ આયુનો બંધ કરે ॥ ૬ ॥ ત્રીજે ભાગે નવમે ભાગે ॥ સુણો૦ ॥ સત્તાવીસમે ભાગે સહી, અથવા અંતર્મુહૂર્ત્ત સમે ॥ સુણો૦ ॥ શ્વાસોશ્વાસમાં બંધકરે ॥૭॥ માયા કપટ જે કેલવે ॥ સુણો૦ ॥ નરક તિર્યંચનું આયુ ધરે, રાગ તણે વશ મોહીયો ॥ સુણો૦ ॥ વિકલ થયો પરવશ પણે ॥ ૮ ॥ કરણી અકરણી નવી ગણે ॥સુણો૦॥ મોહ તિમિર અંધકાર પણે, મોહે મદ ઘાઢો ફિરે ॥ સુણો૦ ॥ દે ઘુમરી ઘણું જોર પણે ॥ ૯ ॥ ઘાયલ જિમ રહે ઘુમતો ॥ સુણો૦ ॥ કહ્યું ન માને નેહ પણે, જીવ રૂલે સંસારમાં ॥ સુણો૦ ॥ મોહ કર્મની સહી જાણી ॥ ૧૦ ॥ અલ્પ પુષ્પ સરસવ જેવું ॥ સુણો૦ ॥ તો તેને મેરૂ સમાન ગણે, લોભે લંપટ વાહીયો સુણો૦ ॥ નવિ-યણે તે અંધપણે ॥ ૧૧ ॥ જ્ઞાની વિણ કહો કુણ લહે

।। સુણો૦ ।। શું જાણે છદ્મસ્થપણે, અષ્ટમી એકાદશી ચઉદશી ।। સુણો૦ ।। સામાયિક પોસહ કરે ।। ૧૨ ।। ધર્મને દિવસે કર્મનો ।। સુણો૦ ।। આરંભ કરે જે નરનારી, નિશ્ચય સદ્ગતિ નવિ લહે ।। સુણો૦ ।। અશુભ કર્મનાં ફલ છે ભારી ।। ૧૩ ।। પાંચ ભરત પાંચ ઐરવત ।। સુણો૦ ।। મહાવિદેહ તે પાંચ ભણી. કર્મભૂમી સઘળી થઇ ।।સુણો૦।। કલ્યાણક પંચા સોય ભણો ।। ૧૪ ।। શ્રીવિશાલસોમ સૂરિશ્વર પ્રભુ ।। સુણો૦ ।। તપ ગચ્છના સિરદાર મુણિ, તસ ગુરૂ ચરણ કમલ નમી ।। સુણો૦ ।। સુવ્રત રૂપ સજ્ઝાય ભણી ।। ૧૫ ।। ઇતિ અગીઆરસની સજ્ઝાય સંપૂર્ણમ્ ।।

---

# ।। અથ માનની સજ્ઝાય ।।

।। માન ન કરશોરે માનવા, કાચી કાયાનો શો ગર્વરે ।। ।। સુરનર કિન્નર રાજીઆ, અંતે મરીગયા સર્વરે ।।મા૦।। માને જ્ઞાન વિનાશરે, માને અપયશ વાસરે ।। માને કેવલ નાશરે ।। એ આંકણી ।। ૧ ।। સોના વર્ણીરે ચહે બલે, રૂપા વર્ણી ધુવાસરે ।। કુમકુમ વર્ણીરે દેહડી, અગની પરજાલિ કરી છારરે ।। મા૦ ।। ૨ ।। જે નર શીર કસી બાંધતા, સાલુ કસબીના પાઘરે ।। તે નર પોઢયા પાધરા, ચાંચ મારે શિર કાગરે ।। મા૦ ।। ૩ ।। કેઈ ચાલ્યા કેઈ

ચાલશે, કેતા ચાલણ હારરે ॥ મારગ વહેરે ઉતાવલો, પડખે નહીં લગારરે ॥ મા૦ ॥ ૪ ॥ અંતરે પ્રાણનો આવશે, ન જુએ વાર કુવારરે ॥ ભદ્રા ભરણીને યોગણી, શની સોમ વલી કાલરે ॥ મા૦ ॥ ૫ ॥ જે વ્હાલાં વિણ એક ઘડી, સોહતો નહીં લગારરે ॥ તે વિના જનમારા વહી ગયા, નહી શુદ્ધિ નહીં સમાચારરે ॥ મા૦ ॥ ૬ ॥ જે નર જાગીરે બોલતાં, વાવરતા મુખ પાનરે ॥ તે નર અગ્નિમાં પોઢીયા, કાયા કાજલ વાનરે ॥ મા૦ ॥ ૭ ॥ ચીર પીતાંબર પેહેરતા, કંઠે કનકનો હારરે ॥ તે નર કાલે માટી થયા, જો જો અસ્થિર સંસારરે ॥ મા૦ ॥ ૮ ॥ જે શિર છત્ર ઢળાવતા, ચઢતા હાથીને ખંધરે ॥ તે નર અંતેરે લઇ ગયા, દેઈ દોરડાના બંધરે ॥ મા૦ ॥ ૯ ॥ કોડી મણની સીલા કર ગ્રહી, ગિરિધર કહાવે નામરે ॥ તરસે તરફડે ત્રીકમો, નહીં કોઈ પાણી પાનારરે ॥મા૦॥ ॥ ૧૦ ॥ ચોસઠ સહસ અંતેઉરીં, પાયક છન્હુ કરોડ રે ॥ તે નર અંતેરે એકલો, સૂતો ચિવર ઓઢરે ॥ મા૦ ॥ ॥ ૧૧ ॥ જે જિહાં તે તિહાં રહ્યો, પાપને પુણ્ય બે સાથરે ॥ અહો સ્વરૂપને દેખીને, પુણ્ય કરો નિજ હાથરે ॥ મા૦ ॥ ૧૨ ॥ જે નર હસી હસી બોલતા, કરતાં ભોજન સારરે ॥ તે નર અંતેરે માટી થયા, ઘડાતા પાત્ર કુંભારરે ॥ મા૦ ॥ ૧૩ ॥ ચંપા વરણી દેહડી, કદલી કોમલ જંઘરે ॥ તે નર સુતારે કાષ્ટમાં, પડે ધડોધડ

ડાંગરે ।। મા૦ ।। ૧૪ ।। દેહ વિટંબના નર સુણો, ન કરો તરણાનો લોભરે ।। જે સંઘ સરખોરે રાજવી, અંતે ન રહ્યા તે થોભરે ।। મા૦ ૧૫ ।। અસ્થિર સંસાર જાણી કરી, મમતા ન કરો કોઇરે ।। કવી ઋષભનીરે શીખડી, સાંભલજો સહુ કોઇરે ।। મા૦ ।। ૧૬ ।।

---

# ।। સુબાહુ કુમારની સજ્ઝાય ।।

।। હવે સુબાહુ કુમાર એમ વિનવે, અમે લઇશું સંજમ ભાર ।। માડી મોરીરે ।। મા મેં વીર પ્રભુની વાણી સાંભળી, તેણે મેં જાણ્યો અસ્થિર સંસાર ।। માડી મોરીરે ।। હવે હું નહીં રહુંરે સંસારમાં ।। ૧ ।। હાંરે જાયા તુજ વિના સુના મંદિર માળીઆં, જાયા તુજ વિણ સુનો સંસાર ।। જાયા મોરારે ।। માણેક મોતીને મુદ્રિકા ।। કાંઇ ઋદ્ધિ તણો નહીં પાર ।। જાયા મોરારે ।। તુજ વિના ઘડીય ન નીસરે ।। ૨ ।। હાંરે માજી તન ધન જોબન કારમું, કારમો કુટુંબ પરિવાર ।। માડી મોરીરે ।। કારમા સગપણમાં કુણ રહે, મેંતો જાણ્યો અસ્થિર સંસાર ।। માડી૦ ।। હવે હું ।। ૩ ।। હાંરે જાયા સંજમપંથ ઘણો આકરો, જાયા વ્રત છે ખાંડાની ધાર ।। જાયા૦ ।। બાવીસ પરિસહ જીતવા, જાયા રહેવું જી વનવાસ જાયા૦ ।। તુજ૦ ।। ૪ ।। હાંરે

માજી વનમાં તે રહે છે મરગલા, તેની કુણ કરે છે સંભાળ ॥ માડી૦ વન મૃગની પરે ચાલશું, એમ એકલડી નિરધાર ॥ માડી૦ ॥ હવે૦ ॥ ૫ ॥ હાંરે જાયા સીયાલે શીત બહુ પડે, જાયા ઉનાલે લુવાય ॥ જાયા મોરારે ॥ જાયા વરસા લોચની દોહીલેા, કાંઇ ઘડીએ વરસ શોજાય ॥ જાયા મોરારે ॥ તુજ૦ ॥ ૬ ॥ હાંરે માજી નરક નિગોદમાં હું ભમ્યેા, ભમ્યેા અનંત અનંતી વાર ॥ માડી૦ ॥ છેદન ભેદન મેં સહ્યાં, તે કહેતાં ન આવે પાર ॥ માડી૦ ॥ હવે૦ ॥૭॥ હાંરે જાયા પાંચસેં પાંચસેં નારીયેા, રૂપે અપ્છરા સમાન ॥ જાયા ॥ ઉંચા તે કુલની ઉપની, રહેવા પાંચસેં પાંચસેં મેહેલ ॥ જાયા મોરારે તુજ૦ ॥ ૮ ॥ હાંરે માજી ઘરમાં જો નીકલે એક નાગણી, સુખે નિદ્રા ન આવે લગાર ॥ માડી મોરીરે ॥ તેા પાંચસેં નાગણીયેામાં કેમ રહું, મારૂં મનડું આકુલ વ્યાકુલ થાય ॥ માડી મોરીરે હવે૦ ॥ ૯॥ હાંરે જાયા એટલા દિવસ હું તેા જાણતી, રમાડીશ વહુરેાના બાલ ॥ જાયા મોરારે ॥ દિવસ અટારેા આવીયેા, તું લે છે સંજમ ભાર ॥ જાયા૦ ॥ તુજ૦ ॥ ૧૦ ॥ હાંરે માજી મુસાફર આવ્યેા કેાઇ પરૂણલેા, ફરી ભેગેા થાય ન થાય ॥ માડી મોરીરે ॥ એમ માણવ ભવ પામવેા દોહીલેા ॥ ધર્મ વિના દુર્ગતીમાં જાય ॥ માડી૦ હવે ॥ ૧૧ ॥ હવે પાંચસેા વહુરેા એમ વિનવે, તેમાં વડેરી કરે જવાબ ॥ વાલમ મોરારે ॥ સ્વામી તમે તેા સંજમ લેવા સંચર્યા,

સ્વામી અમને કવણ આધાર ।। વા૦ ।। વાલમ વિના કેમ રહી શકું ।। ૧૨ ।। હાંરે માજી માતપિતાને ભાઈ બેનડી, નારી કુટુંબને પરિવાર ।। માડી૦ ।। અંત સમય અલગા રહે, એક જૈન ધર્મ તરણ શરણુહાર ।। માડી૦ ।। હવે૦ ।। ૧૩ ।। હાંરે માજી કાચી તે કાયા કારમી; સડી પડી વિણસી જાય ।। માડી૦ ।। જીવડો જાયે ને કાયા પડી રહે, મુઆ પછી બાળી કરે રાખ ।। માડી૦ ।। હવે૦ ।। ૧૪ ।। હવે ધારણી માતા રહી વીનવે, આ પુત્ર નહીં રહે સંસાર ।। ભવિક જનરે ।। એક દિવસનું રાજ ભોગવી, સંજમ લીધું મહાવીર સ્વામી પાસ ।। ભવિક જનરે ।। સોભાગી કુંવરે સંજમ આદર્યું ।। ૧૫ ।। તપ જપ કરી કાયા શોષવી આરાધી ગયા દેવલોક, ।। ભવિક જનરે ।। પંનર ભવ પુરા કરી, મહાવદેહ ક્ષેત્રમાં જાશે મોક્ષ ।। ભવિક જનરે ।। સોભાગી કુંવરે સંયમ આદર્યો ।। ૧૬ ।। હાંરે માજી વિપાક સૂત્રમાં ભાંખીઉં, બીજા સૂત્ર અખંડ મોજાર ભવિક જનરે ।। પ્રથમ અધ્યયને એ કહ્યું, સૂત્ર વિપાકમાં અધિકાર, ભવિક જનરે ।। સોભાગી કુંવરે સંયમ આદર્યો ।। ૧૭ ।।

---

# મોહ મિથ્યાત્વની સજ્ઝાય.

।। મોહ મિથ્યાતની નિંદમાં; સુતો કાલ અનંત ।। માજીમોરી ।। પરમાધામીને વશ પડયો, પામ્યો દુઃખ

અનંત ॥ માજી મોરી ॥ ૧ ॥ કરણી તો કરશું ચિત્ત નીરમલી ॥ એ ટેક ॥ રાગતણા રસીઆ હુંતા, સુણ સુણ કરતા તાન, ॥ માજી૦ ॥ ધર્મકથા નવિ સાંભલી, કાપે તેહના કાન ॥ માજી૦ ક૦ ॥ ૨ ॥ પરનારીના રૂપનો, વિષય વખાણ્યો જોય ॥ માજી૦ ॥ દેવ ગુરૂ નીરખ્યા નહીં, તેની આંખો કાઢે દોય ॥ મા૦ ક૦ ॥ ૩ ॥ અગની ધખંતી પુતળી, ચાંપે હૃદય મોજાર ॥ મા૦ ॥ પરનારીના સંગથી, પામ્યો દુઃખ અપાર ॥ મા૦ ॥ ૪ ॥ સુરભી ગંધ સુંઘ્યા ઘણા, ગુંથ્યાં ફુલ ફરાક ॥ મા૦ ॥ અંતર ફૂલેલ પડાવીયા, કાપે તેહના નાક ॥ મા૦ ક૦ ॥ ૫ ॥ જૂઠ વચન બોલ્યા ઘણું, કુડ કપટની ખાણ ॥ મા૦ ॥ પરમાધામી તેહની, જીભ કાઢે જડતાણ ॥ મા૦ ક૦ ॥ ૬ ॥ ગાડે વહેલે બેસીને, બળદ દોડાવે વાટ ॥ મા૦ ॥ લોહમાં ધુંસરો ધખાવીયો, લેઈ દોડાવે ॥ મા૦ ક૦ ॥ ૭ ॥ રસ્તે લુંટયા રાકને, કરી કરી ક્રીધ અન્યાય ॥ માજી૦ ॥ માંકણ મારે તેહને, પીલે ઘાણી માંહી ॥ મ૦ ક૦ ॥ ૮ ॥ કાચાં ફુલાં ફલ ભખ્યાં, ગાજર મૂલાકંદ ॥ મા૦ ॥ ઉંધે મસ્તક ઉપનો, પિડાયા કરે આકંદ ॥ મા૦ ક૦ ॥ ૯ ॥ વનસ્પતિ છેદન કરી, કાપ્યા તરૂ વનરાય ॥ મા૦ ॥ સુડણ નિદણ ક્રીધા ઘણા, કાપે તેહની કાય ॥ મા૦ ક૦ ॥ ૧૦ ॥ ટાંકા જવારા વાવીને, પુલાં સેજ બિછાય ॥ મા૦ ॥ સુખ ભોગવિયા તેહને, કાંટા ચાંપે કાય ॥ મા૦ ક૦ ॥ ૧૧ ॥ કુલી

કલીયાં પુલની, તોડી ગુંથ્યા હાર ।। મા૦ ।। સામલી વૃક્ષે બાંધીને, દીએ કોરડાનો માર ।। મા૦ ક૦ ।। ૧૨ ।। વચન ચુકયા નર જે હતા, કુડા કપટી જેહ ।। મા૦ ।। પકડી પછાડે પર્વતથી, ખંડોખંડ કરતા દેહ ।। મા૦ ક૦ ।।૧૩।। ઘરમાં કલેશ કરાવતી, કાથા કબલી નાર ।। મા૦ ।। પરમાધામી તેહને, મુખમાં ભરેરે અંગાર ।। મા૦ ક૦ ।। ।। ૧૪ ।। કુહાડે કરીને છેદીયાં, લીલાં મોટાં ઝાડ ।।મા૦।। પરમાધામી તેહને, છેદે મસ્તક ફાડ ।। મા૦ ક૦ ।।૧૫।। કોશ કોદાલા પાવડા, પૃથ્વી વિદારણ જેહ ।।મા૦।। માગ્યાં જે કોઈ આપશે, પામશે દુઃખ અછેહ ।। મા૦ ક૦ ।।૧૬।। પૂજ્ય કહીને પૂજાવતા, કરતાં અનરથ મૂલ ।। મા૦ ।। કામિની ગર્ભ ગલાવતા, તેને પરોવી દીધા ત્રિશૂલ ।। મા૦ ક૦ ।। ૧૭ ।। કરી અંગીઠી અગ્નિની, ચલમ ભરે ચકડોલ ।। મા૦ ।। ગાંજા તમાકુ જે પીએ, તે તો ગયા નરકની પોળ ।। મા૦ ક૦ ।। ૧૮ ।। જે ઘર રમતા હોલાયે, હસતા પાણી ઢોલ ।। મા૦ ।। પરમાધામિ તેહની, ઘણી ઉડાડે રોલ ।। મા૦ ક૦ ।। ૧૯ ।। તાતું તરવું ઉકાળીને, કરી કરી ક્રોધ અપાર ।। મા૦ .। પીચકારી ભરીને છાંટતા, ઉપર નાંખે ખાર ।। મા૦ ક૦ ।। ૨૦ ।। ઘણા હોકા પીવતા, અગનિ જલાદિક જીવ ।। મા૦ ।। તાતા લોહ તપાવીને, મુખ ચાંપે કરે રીવ ।। મા૦ ક૦ ।। ૨૧ ।। પાપ કરમથી ઉપનો, કુડા વિપાક માંહે ।। મા૦ ।। ઉપર

ચુંટે કાગડા, માંહે કીડા ખાય ।। મા૦ ક૦ ।। ૨૨ ।। માનવનો ભવ પામીને, હવે જાવું નહી હાર ।। મા૦ ।। નિરંતર દર્શન જિન ધર્મનો, લેશ તો પામે ભવપાર ।। મા૦ ક૦ ।। ૨૩ ।। ઇતિ મોહ મિથ્યાત્વની સજ્ઝાય ।।

---

# ।। નવપદ મહિમાની સજ્ઝાય ।।

।। સરસતી માતા મયા કરો, આપો વચન વિલાસોરે ।। મયણાસુંદરી સતી ગાયશું, આણી હીયડે ભાવોરે ।। ૧ ।। નવપદ મહીમા સાંભળો, મનમાં ધરી ઉલ્લાસોરે ।। મયણાસુંદરી શ્રીપાલને, ફલીયો ધર્મ ઉદારોરે ।। ન૦ ।। ૨ ।। માલવ દેશ માંહી વલી, ઉજ્જેણી નયરી જામોરે ।। રાજ્ય કરે તીહાં રાજીઓ, પુહવી પાલ નરિંદોરે ।। ન૦ ।। ૩ ।। રાય તણી મન મોહની, ધરણી અનોપમ દોયરે ।। તાસુ કુંખે સુતા અવતરી, સુરસુંદરી મયણા જોડરે ।। ન૦ ।। ૪ ।। સુરસુંદરી પંડિત કને, શાસ્ત્ર ભણી મિથ્યાતોરે। મયણાસુંદરી સિદ્ધાંતનો, અર્થ લીયો સુવિચારોરે ।। ન૦ ।। ૫ ।। રાય કહે પુત્રી પ્રત્યે, હું તુઠો તુમ જેહોરે ।। વંછીત વર માગો તદા, આપુ અનોપમ જેહોરે ।। ન૦ ।।૬।। સુરસુંદરીએ વર માગીઓ, પરણાવી શુભ ઠામોરે ।। મયણાસુંદરી વયણાં કહે,

કર્મ કરે તે હોયરે ॥ ન૦ ॥ ૭ ॥ કરમે તુમારે આવીયેા, વરવરા બેટી જેહારે ॥ તાત આદેશે કરગ્રહ્યો, વરીયેા કુણી તેહારે ॥ ન૦ ॥ ૮ ॥ આંબિલનેા તપ આદરી, કેાઢ અઢારનીકાલેારે ॥ સદ્‌ગુરૂ આજ્ઞા શિરધરી, હુએા રાય શ્રીપાલેારે ॥ ન૦ ॥ ૯ ॥ તપ પ્રસાદે સુખ સંપદા, પ્રત્યક્ષ સ્વર્ગે પહુંતેારે ॥ ઉપસર્ગ સવી દૂરે ટળ્યા, પામ્યેા સુખ અનંતેારે ॥ ન૦ ॥ ૧૦ ॥ દેશ દેશાંતર ભમી કરી, આવ્યેા તે વરસંતેારે ॥ નવ રાણી પામ્યેા ભલી, રાજ્ય પામ્યેા મનરંગેારે ॥ ન૦ ॥ ૧૧ ॥ તપગચ્છ દિનકર ઉગીયેા, શ્રી વિજયસેન સુરિંદેારે, તાસ શિષ્ય વિમલ એમ વિનવે, સતીય નામે આણંદેારે ॥ ૧૨ ॥

---

# ॥ સાધુજીની સજ્ઝાય ॥

॥ પંચમહાવ્રત દશવિધ યતિધર્મ, સત્તર સંજમ ભેદ પાલેજી ॥ વૈયાવચ્ચ દસ નવવિધબ્રહ્મચર્ય, વાડ ભલી અજુઆલેાજી ॥ ૧ ॥ જ્ઞાનાદિ ત્રય બારે ભેદે, તપ કરે જે અનીદાનજી ॥ ક્રોધાદીક ચારેનેા નિગ્રહ, એ ચરણસીતેરી માનજી ॥ ૨ ॥ ચઉવીધ પિંડ વસતી વસ્ત્ર પાત્ર, નિર્દૂષણ એ લેવેજી, સુમતિ પાંચવલી પડીમાં બારહ, ભાવના બાર સેવેજી ॥૩॥ પચવિશ પડીલેહણ પંચઇંદ્રિયેા ॥ વિષય વિકારથી વારેજી, ત્રિણ ગુપ્તીને ચ્યાર અભિગ્રહ, દ્રવ્યાદિક સંભારેજી ॥૪॥

કરણસીતેરિ એહવી સેવે, ગુણ અનેકવલી વાધેજી ॥ સંજમી સાધુ તેહને કહીયે, બીજા સવી નામ ધરાવેજી ॥ ૫ ॥ એ ગુણ વિણ પ્રવજ્યા બોલી, આજીવિકાને તોલેજી; તે ખટકાય અસંજમી જાણો, ધર્મદાસ ગણી બોલેજી ॥ ૬ ॥ જ્ઞાનવિમલ ગુરૂ આણા ધરીને, સંજમ શુદ્ધ આરાધોજી ॥ જીમ અનુપમ શિવસુખ સાધો, જગમાં કીર્તિ વાધેજી ॥૭॥

---

# ॥ અથ શ્રી બારભાવનાની બાર સજ્ઝાય પ્રારંભ ॥

॥ દોહા ॥

॥ પાસ જિનેસર પ્રય નમી, સદ્‌ગુરૂને આધાર ॥ ભવિયણ જનને હિત ભણી, ભણશું ભાવના બાર ॥ ૧ ॥ પ્રથમ અનિત્ય અશરણ પણું, એહ સંસાર વિચાર ॥ એકલપણું અન્યત્વ તિમ, અશુચિ આશ્રવ સંભાર ॥ ૨ ॥ સંવર નિર્જર ભાવના, લોક સરૂપ સુબોધિ ॥ દુલ્લહ ભાવન જિન ધરમ, એણી પરે કર જીઉ સોધિ ॥ ૩ ॥ રસકુંપી રસવિધિએા, લોહ થકી હોયે હેમ ॥ જીઉ ઇણ ભાવન શુદ્ધ હુયે, પરમ રૂપ લહે તેમ ॥ ૪ ॥ ભાવવિના દાના દિકાં, જાણે અલૂણું ધાન ॥ ભાવ રસાંગ મલ્યા થકી, ત્રટે કરમ નિદાન ॥ ૫ ॥

## ।। ઢાલ પહેલી ।।

।। ભાવનાની દેશી ।। પહેલી ભાવના એણી પરેં ભાવીયેંજી ।। અનિત્ય પણું સંસાર ।। ડાભ અણી ઉપર જલ બિંદુએોજી, ઇંદ્ર ધનુષ અનુહાર ।। ૧ ।। સહેજ સંવેગી સુંદર આતમાજી, ધર જિન ધર્મસું રંગ ।। ચંચલ ચપલાની પરે ચિંતવે જી, કૃત્રિમ સવિહુ સંગ ।। સ૦ ।। ૨ ।। ઇંદ્ર-જાલ સુહણેં શુભ અશુભશું જી, કુડો તોષ ને રોષ ।। તિમ ભ્રમ ભૂલ્યેા અથિર પદારથે જી, રચેા કીજેં મન શોષ ।। સ૦ ।। ૩ ।। ઠાર નેત્ર પામરના નેહરચું જી, એ યૌવન રંગ રોલ ।। ધન સંપદ પણ દીસે કારમી જી, જેહવા જ-લકલ્લોલ ।। સા૦ ।। ૪ ।। મુંજ સરિખે માગી ભીખડી જી, રામ રહ્યા વનવાસ ।। ઇણ સંસારે એ સુખ સંપદા જી, સંધ્યા રાગ વિલાસ ।। સ૦ ।। ૫ ।। સુંદર એ તનુ શેાભા કારમી જી, વિણસંતાં નહીં વાર ।। દેવતણે વચનેં પ્રતિ-બુજીયેા જી; ચક્રી સનત કુમાર ।। સ૦ ।। ૬ ।। સૂરજ રાહુ ગ્રહણે સમજીએો જી, શ્રી કિર્તિધર રાય ।। કરકંડુ પ્રતિ-બુજ્યેા દેખીને જી, વૃષભ જરાકુલ કાય ।। સ૦ ।। ૭ ।। કિહાં લગેં ધુઆ ધવલ હરા રહે જી, જલ પરપેાટા જોય ।। આઉખું અથિર તિમ મનુષ્યનું જી, ગર્વ મ કરસેા કેાય ।। જે ક્ષણમાં એેરૂ હેાય ।। સ૦ ।। ૮ ।। અતુલિ બલ સુરવર જિનવર જિસ્યા જી, ચક્રિ હરિબલ જોડી ।। ન રહ્યો એણે

જગેં કોઈ થિર થઇ જી, સુરનર ભૂપતિ કોડી ॥ સ૦ ॥૯॥

॥ દોહા ॥

॥ પલ પલ છીજે આઉખું, અંજલિ જલ જ્યું એહ ॥ ચલતે સાથેં સંબલો, લેઈ સકે તો લેહ ॥ ૧ ॥ લે અચિંત્ય ગલશું ગ્રહી, સમય સીંચાણો આવિ ॥ શરણ નહીં જિનવયણ વિણ, તેણે હવે અશરણ ભાવિ ॥ ૨ ॥

॥ રાગ રામગિરી, રામ ભણે હરિ ઊઠિયેં ॥ એ દેશી ॥ બીજી અશરણ ભાવના, ભાવો હૃદય મઝાર રે ॥ ધરમ વિના પરભવ જતાં, પાપેં ન લહીશ પાર રે ॥ જાઈશ નરક દુવાર રે, તિહાં તુજ કવણ આધાર રે ॥ ૧ ॥ લાલ સુરંગા રે પ્રાણીઆ ॥ મૂકને મોહ જંજાલ રે, મિથ્યા મતિ સવિ ટાલ રે, માયા આલ પંપાલ રે ॥ લા૦ ॥ ૨ ॥ માત પિતા સુત કામિની, ભાઈ ભયણિ સહાય રે ॥ મેં મેં કરતાં રે અજ પરેં, કર્મે ગ્રહ્યો જીઉ જાય રે ॥ આડો કોઈ નવી થાય થાય રે, દુઃખ ન લાયે વહેંચાય રે ॥ લા૦ ॥ ૩ ॥ નંદની સોવન ડુંગરી, આખર નાવી કોકાજ રે ॥ ચક્રી સુભૂમ તે જલધિમાં, હારયું ખટ ખંડ રાજ રે ॥ બુડ્યો ચરમ જહાજ રે, દેવ ગયા સવિ ભાજ રે, લોભે ગઈ તસ લાજ રે ॥ લા૦ ॥ ૪ ॥ દ્વીપાયન દહી દ્વારિકા, બલવંત ગોવિંદ રામ રે ॥ રાખી ન શકયા રે રાજવી, માત પિતા સુત ધામ રે ॥ તિહી રાખ્યાં જિનનામ રે, શરણ કિએ

નેમિસ્વામ રે ।। વ્રત લેઈ અભિરામ રે, પોહોતા શિવપુર ઠામ રે ।। લા૦ ।। ૫ ।। નિત્ય મિત્ર સમ દેહડી, સયણાં પર્વ સહાય રે ।। જિનવર ધર્મ ઉગારસે, જિમ તે વંદનિક ભાય રે ।। રાખે મંત્રિ ઉપાય રે, સંતોષ્યો વલી રાય રે, ટાલ્યા તેહના અપાય રે ।। લા૦ ।। ૬ ।। જનમ જરા મરણાદિક, વયરી લાગા છે કેડ રે ।। અરિહંત શરણું તે આદરી, ભવ ભ્રમણ દુઃખ ફેડ રે ।। શિવસુંદરી વર તેડ રે, નેહ નવલ રસ રેડ રે, સીંચી સુકૃત સુરપેડ રે ।। લા૦ ।। ૭ ।।

।। દોહા ।।

।। થાવચ્ચા સુત થરહરચો, જોર દેખી જમ ધાડ ।। ।। સંયમ શરણું સંગ્રહ્યું, ઘણ કણ કંચણ છાંડ ।। ૧ ।। ઈણ શરણે સુખિયા થયા, શ્રી અનાથી અણગાર ।। શરણ લહ્યા વિણ જીવડા, ઈણી પરેં રૂલે સંસાર ।। ૨ ।। ઇતિ દ્વિતીય ભાવના.

।। ઢાલ ત્રીજી ।।

।। રાગ મારૂણી ।। ત્રીજી ભાવના ઇણીપરેં ભાવીયેં રે, એહ સ્વરૂપ સંસાર, કર્મવશેં જીવ નાચે નવનવ રંગશું રે, એ એ વિવિધ પ્રકાર રે ।। ૧ ।। ચેતન ચેતીયેં રે, લહી માનવ અવતાર ।। ચે૦ ।। ભવ નાટકથી જો હુઓ

ઉભગા રે, તો છાંડો વિષય વિકાર રે ॥ ચે૦ ॥ ૨ ॥ કબહી ભૂજલ જલણાનિલ તરૂમાં ભમ્યો રે, કબહી નરક નિગોદ ॥ બિતિ ચઉરિંદ્રિયમાંહિ કેઈ દિન વસ્યો રે, કબહીંક દેવ વિનોદ ॥ ચે૦ ॥ ૩ ॥ કીડી પતંગ હરિ માતંગ પણું ભજે રે, કબહી સર્પ સીયાલ ॥ બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય કહાવતો રે, હોવે શૂદ્ર ચંડાલ ॥ ચે૦ ॥ ૪ ॥ લખ ચોરાશી ચઉટે રમતો રંગશું રે, કરી કરી નવ નવ વેશ ॥ રૂપ કુરૂપ ધની નિર્દ્રવ્ય સોભાગિઓ રે, દુર્ભાગી દરવેશ ॥ ચે૦ ॥ ૫ ॥ દ્રવ્ય ક્ષેત્ર સૂક્ષમને બાદર ભેદશું રે, કાલ ભાવ પણ તેમ ॥ અનંત અનંતા પુદ્ગલ પરાવર્ત્તન કર્યા રે, કહ્યો પન્નવણા એમ ॥ ચે૦ ॥ ૬ ॥ ભાઈ બહિન નારી તાતપણું ભજે રે, માતપિતા હોયે પુત્ર ॥ તેહજ નારી વેરીને વલિ વાલહો રે, એહ સંસારહ સૂત્ર ॥ ચે૦ ॥ ૭ ॥ ભવનભાનુ જિન ભાંખ્યાં ચરિત્ર સુણી ઘણાં રે, સમજ્યા ચતુર સુજાણ ॥ કર્મ વિવરવશ મૂકી મોહ વિટંબના રે, મલ્યા મુગતિ જિન ભાણ ॥ ચે૦ ॥ ૮ ॥

॥ દોહા ॥

॥ ઇમ ભવ ભવ જે દુઃખ સહ્યાં, તે જાણે જગનાથ ॥ ભય ભંજણ ભાવઠ હરણ, ન મલ્યો અવિહડ સાથ ॥ ૧ ॥ તિણ કારણ જીવ એકલો, છેડી રાગ ગલપાસ ॥ સવિ સંસારી જીવશું, ધરિ ચિત ભાવ ઉદાસ ॥ ૨ ॥

## ।। ઢાલ ચોથી ।।

।। રાગ ગોડી ।। પૂત ન કીજેહો સાધુ વિસાસડો ।। ચોથી ભાવના ભવિયણ મન ધરો, ચેતન તું એકાકી રે ।। આવ્યો તિમ જાઇશ પરભવ વલી, ઇહાં મૂકી સવિ આકી રે ।। મમ કરો મમતારે સમતા આદરો ।। ૧ ।। આણો ચિત્ત વિવેકો રે ।। સ્વારથિયાં સજ્જન સહુએ મલ્યાં, સુખ દુખ સહેશે એકો રે ।। મમ૦ ।। ૨ ।। વિત્ત વહેંચણ આવી સહુયે મલે, વિપત્તિ સમય જાય નાસી રે ।। દવ બલતો દેખી દશ દિશેં પુલે, જીમ પંખી તરૂવાસી રે ।। મમ૦ ।। ૩ ।। ખટ ખંડ નવનિધિ ચૌદ રયણ ધણી, ચોસઠ સહસ્સ સુનારી રે ।। છેહડે છોડી તે ચાલ્યા એકલા, હાર્યા જેમ જૂઆરી રે ।। મમ૦ ।। ૪ ।। ત્રિભુવન કંટક વિરૂદ ધરાવતો, કરતો ગર્વ ગુમાનો રે ।। ત્રાગા વિણ નાગા તેહુ ચલ્યા, રાવણ સરિખા રાજનો રે ।। મમ૦ ।। ૫ ।। માલ રહે ઘર સ્ત્રી વિશ્રામતા, પ્રેતવના લગે લોકો રે ।। ચય લગેં કાયા રે આખર એકલો, પ્રાણી ચલે પરલોકો રે ।। મમ૦ ।। ૬ ।। નિત્ય કલહો બહુ મેલેં દેખીએ, બિહું પણ ખટ પટ થાય રે ।। વલયાની પરેં વિહરિસ એકલો, ઇમ બુજ્યો ન મીરાયો રે ।। મમ૦ ।। ૭ ।। ઇતિ ચતુર્થ ભાવના.

॥ દોહા ॥

ભવ સાયર બહુ દુખી જલેં, જમણ મરણ તરંગ ॥
મમતા તંતુ તિણેં ગ્રહ્યો, ચેતન ચતુર મતંગ ॥ ૧ ॥
ચાહે જો છોડણ ભણી, તો ભજ ભગવંત મહંત ॥ દૂર કરે
ઘર બંધને, જિમ જલથી ઝલકંત ॥ ૨ ॥

॥ ઢાલ પાંચમી ॥

॥ રાગ કેદારો ગોડી ॥ કપૂર હુવે અતિ ઉજલો રે
એ દેશી ॥ પાંચમી ભાવના ભાવીયેં રે, જિઉ અન્યત્વ
વિચાર ॥ આપ સવારથી એ સહુ રે. મલિઓ તુજ પરિ-
વાર ॥ ૧ ॥ સંવેગી સુંદર, બુજ મા મૂંઝ ગમાર ॥
તહારૂં કો નહીં ઇણ સંસાર, તું કેહનો નહિ નિરધાર
॥ સં૦ ॥ ૨ ॥ પંથસિરેં પંથી મલ્યા રે, કીજે કિણશું
પ્રેમ ॥ રાતિ વસે પ્રહ ઉઠ ચલે રે, નેહ નિવાહે કેમ
સં૦ ॥ ૩ ॥ જીમ મેલો તીરથ મલે રે, જન વણજની
ચાહ ॥ કે ત્રોટો કે ફાયદો રે, લેઈ લેઈ નિજઘર જાય ॥
સં૦ ॥ ૪ ॥ જીહાં કારજ જેહનાં સરે રે, તિહાં લગે
દાખે નેહ ॥ સૂરીકંતાની પરેં રે, છટકી દેખાડે છેહ ॥
સં. ॥પા ચુલણી અંગજ મારવા રે, કૂડું કરી જતુગેહ ॥
॥ ભરત બાહુબલિ જુજીયા રે, જો જો નિજના નેહ ॥ સં૦
॥ ૬ ॥ શ્રેણિક પુત્રેં બાંધિઓ રે, લીધું વહેંચી રાજ્ય ॥
દુઃખ દીધું બહુ તાતનેં રે, દેખો સુતના કાજ ॥ સં૦ ॥૭॥
ઇણભાવન શિવપદ લહે રે, શ્રી મરૂદેવી માય ॥ વિરશિષ્ય-

કેવલ લહ્યું રે, શ્રી ગૌતમ ગણરાય ।। સં૦ ।। ૮ ।। ઇતિ પંચમ ભાવના ।।

।। દોહા ।।

।। મોહ વસુ મન મંત્રવી, ઇંદ્રિય મલ્યા કલાલ ।। પ્રમાદ મદિરા પાઈ કે, બાંધ્યો જીવ ભૂપાલ ।। ૧ ।। કર્મ જંજીર જડી કરી, સુકૃત માલ સવિ લીધ ।। અશુભ વિરસ દુરગંધમય, તનગેાતહરેં દીધ ।। ૨ ।।

।। ઢાલ છઠ્ઠી ।।

।। રાગ સિંધુ સામેરી ।। છઠ્ઠી ભાવના મન ધરેા, જીઉ અશુચિ ભરી એ કાયા રે, શી માયા રે, માંડે કાચા પિંડશું એ ।। ૧ ।। નગર બાલ પરેં નિતુ વહે, કફ મલ મૂત્ર ભંડારો રે, તિમ દ્વારો રે, નર નવ દ્વાદશ નારિનાં એ ।। ૨ ।। દેખી દુરગંધ દૂરથી, તું મુહ મચકોડે માણે રે, નવી જાણે રે, તિણ પુદ્ગલ નિજ તનુ ભયુ એ ।। ૩ ।। માંસ રૂધિર મેદારસેં, અસ્થિ મજ્જાનર બીજેં રે, શું રીજે રે, રૂપ દેખી આપણું એ ।। ૪ ।। કૃમિવાલાદિક કોથલી, મોહરાયની ચેટી રે, એ પેટીરે, ચર્મ જડી ઘણા રોગની એ ।।પા। ગર્ભવાસ નવ માસનાં, કૃમિ પરેં મલમાં વસિયેા રે, તું રસિયેા રે, ઉંચે માથેં ઇમ રહ્યો એ ।। ૬ ।। કનક કુમરી ભોજન ભરી, તિહાં દેખી દૂરગંધ ભુજ્યા રે, એતિ જૂજ્યા રે, મલ્લિ મિત્ર નિજ કર્મશું એ ।। ૭ ।। ઇતિ છઠ્ઠી ભાવના.

॥ દોહા ॥

॥ તન છિદ્વર ઇંદ્રી મચ્છા, વિષય કલણુ જંબાલ ॥ પાપ કલુષ પાણી ભર્યું, આશ્રવ વહે ગડનાલ ॥ ૧ ॥ નિર્મલ પખ સહજે સુગતિ, નાણુ વિનાણુ રસાલ ॥ શું બગની પરે પંકજલ, ચુંથે ચતુર મરાલ ॥ ૨ ॥

॥ ઢાલ સાતમી ॥

॥ રાગ ધોરણી ॥ આશ્રવભાવના સાતમી રે, સમજો સુગુરૂ સમીપ ॥ ક્રોધાદિક કાંઈ કરો રે, પામી શ્રીજિન દીપો રે ॥ ૧ ॥ સુણ સુણ પ્રાણીયા, પરિહર આશ્રવ પંચો રે ॥ દશમે અંગે કહ્યા, જેહના દુષ્ટ પ્રપંચો રે ॥ સુ૦ ॥ ૨ ॥ હોંશે જે હિંસા કરે રે, તે લહે કટુક વિપાક ॥ પરિહોંસે ગોત્રાસની રે, જો જો અંગવિપાકો ને ॥ સુ૦ ॥ ॥૩॥ મિથ્યા વયણે વસુ નડયો રે, મંડિક પરધન લેઈ ॥ ઇણ અપ્રહ્મે રોલવ્યા રે, ઇંદ્રાદિક સુર કેઇ રે ॥ સુ૦ ॥૪॥ મહા આરંભ પરિગ્રહે રે, બ્રહ્મદત્ત નરય પહુત્ત ॥ સેવ્યાં શત્રુપણું ભજે રે, પાંચે દુરગતિ દૂતો રે ॥ સુ૦ ॥ ૫ ॥ છિદ્ર સહિત નાવા જલે રે, બુડે નીર ભરાય ॥ તિમ હિંસાદિક આશ્રવે રે, પાપે પિંડ ભરાયો રે ॥ સુ૦ ॥ ૬ ॥ અવિરતિ લાગે એકેંદ્રિયા રે, પાપ સ્થાન અઢાર ॥ લાગે પાંચેહી ક્રિયા રે, પંચમ અંગ વિચારો રે ॥ સુ૦ ॥ ૭ ॥ કટુક ક્રિયા થાનક કહ્યાં રે, બોલ્યા બીજે રે અંગ ॥

કહેતાં હીયડું કમકમે રે, વિરૂએ તાસ પ્રસંગો રે ॥ સુ૦ ॥ ૮ ॥ મૃગ પતંગ અલિ માછલો રે, કરી એક વિષય પ્રપંચ ॥ દુખિયા તે કિમ સુખ લહે રે, જસ પરવસ એહ પંચો રે ॥ સુ૦ ॥ ૯ ॥ હાસ્ય નિંદ વિકથા વસેં રે, નરક નિગોદેં રે જાત ॥ પૂરવધર શ્રુત હારીનેં રે, અવરાં-નીશી વાતો રે ॥ સુ૦ ॥ ૧૦ ॥ ઇતિ સપ્તમ ભાવના ॥

॥ દોહા ॥

॥ શુભ માનસ માનસ કરી, ધ્યાન અમૃત રસ રેલિ ॥ નવદલ શ્રીનવકાર પ્ય, કરી કમલાસન કેલિ ॥ ૧ ॥ પાતક પંક પખાલીનેં, કરી સંવરની પાલ ॥ પરમ હંસ પદવી ભજો, છોડી સકલ જંજાલ ॥ ૨ ॥

॥ ઢાલ આઠમી ॥

જલૂની દેશી ॥ આઠમી સંવર ભાવનાજી, ધરી ચિતસું એક તાર ॥ સમિતિ ગુપ્તિ સૂધાં ધરોજી, આપો આપ વિચાર ॥ સલૂણા, શાંતિ સુધારસ ચાખ ॥ એ આંકણી ॥ વિરસ વિષય ફલ ફૂલડેજી, અટતો મન અલિ રાખ ॥ સ૦ ॥ ૧ ॥ લાભ અલાભેં સુખ દુખેંજી, જીવિત મરણ સમાન ॥ શત્રુ મિત્ર સમ ભાવતોજી, માન અને અપમાન ॥ સ૦ ॥૨॥ કહીયેં પરિગ્રહ છાંડશું જી, લેશું સંયમ ભાર ॥ શ્રાવક ચિંતે હું કદા જી, કરીશ સંથારો સાર ॥ સ૦ ॥ ૩ ॥ સાધુ આશંસા ઇમ કરે જી, સૂત્ર ભણીશ ગુરૂ પાસ ॥

એકલ મલ્લ પ્રાતમા રહી જી, કરીશ સંલેષણ ખાસ ।। સ૦ ।। ૪ ।। સર્વ જીવહિત ચિંતવે જી, વયર મકર જગમિત્ત ।। સત્ય વયણ મુખ ભાંખિયેં જી, પરિહર પરનું વિત્ત ।।સ૦।। પા કામ કટક ભેદણ ભણી જી, ધર તુ શીલરાનાહ ।। નવ વિધ પરિગ્રહ મકતાં જી, લહિયેં સૂખ અથાહ ।। સ૦ ।। ૬ ।। દેવ મણુઅ ઉપસર્ગશું જી, નિશ્ચલ હોઈ સધીર ।। બાવીશ પરિસહ જીપીયેં જી, જિમ જીત્યા શ્રીવીર ।। સ૦ ।। ૭ ।। ઇતિ અષ્ટમ ભાવના ।।

।। દોહા ।।

।। દૃઢ પ્રહારિ દૃઢ ધ્યાન ધરી, ગુણનિધિ ગજ સુકુમાલ ।। મેતારજ મદન બ્રમો, મુકોશલ સુકુમાલ ।। ૧ ।। ઇમ અનેક મુનિવર તર્યા, ઉપશમ સંવર ભાવ ।। કઠિન સવિ નિજર્યા, તિણ નિજર્જર પ્રસ્તાવ ।। ૨ ।।

।। ઢાલ નવમી ।।

।। રાગ ગોડી, મન ભમરા રે ।। એ દેશી ।। નવમી નિજર્જર ભાવના ।। ચિત ચેતો રે ।। આદરો વ્રત પચ્ચખ્ખાણ ।। ચતુર ચિત ચેતો રે ।। પાપ અલોચો ગુરૂ કને ।। ચિ૦ ધરિયેં વિનય સુજાણ ।। ચ૦ ।। ૧ ।। વૈયાવચ્ચ બહુવિધ કરો ।। ચિ૦ ।। દુર્બલ બાલ ગિલાન ।। ચ૦ ।। આચારજ વાચક તણો ।। ચિ૦ ।। શિષ્ય સાધર્મિક જાણ ।। ચ૦ ।। ૨ ।। તપસી કુલ ગણ સંઘનો

॥ ચિ૦ ॥ થિવિર પ્રવર્ત્તક વૃદ્ધ ॥ ચ૦ ॥ ચૈત્ય ભક્તિ અહુ નિજ્જરા ચિ૦ ॥ દશમે અંગ પ્રસિદ્ધ ॥ ચ૦ ॥ ૩ ॥ ઉભય ટંક આવશ્યક કરો ॥ ચિ૦ સુંદર કરિ સઝાય ॥ ચ૦ ॥ પોસહ સામાયિક કરો ॥ ચિ૦ ॥ નિત્ય પ્રત્યે નિયમન ભાય ॥ ચ૦ ॥ ૪ ॥ કર્મસૂદન કનકાવલી ॥ ચિ૦ ॥ સિંહ-નિક્રીડિત દોય ॥ ચ૦ ॥ શ્રીગુણ રયણ સંવત્સરૂ ॥ ચિ૦ ॥ સાદુ પડિમ દશ દોય ॥ ચ૦ ॥ ૫ ॥ શ્રુત આરાધન સાચવો ॥ ચિ૦ ॥ યોગ વહન ઉપધાન ॥ ચ૦ ॥ શુકલ ધ્યાન સુધું ધરો ॥ ચિ૦ ॥ શ્રી આંબિલ વર્દ્ધમાન ॥ ચ૦ ॥ ૬ ॥ ચૌદ સહસ્સ અણુગારમાં ॥ ચિ૦ ॥ ધન ધન્નો અણુગાર ॥ ચ૦ ॥ સ્વયમુખ વીર પ્રશંસીઓ ॥ ચિ૦ ॥ ખંધક મેઘ કુમાર ॥ ચ૦ ॥ ૭ ॥ ઇતિનવમ ભાવના ॥

॥ દોહા ॥

॥ મન દારૂ તનનાલિ કરિ, ધ્યાનાનલ સલગાવિ ॥ કર્મકટક ભેદણ ભણી, ગોલા જ્ઞાન ચલાવિ ॥ ૧ ॥ મોહ-રાય મારી કરી, ઉંચો ચઢી અવલોય ॥ ત્રિભુવન મંડપ માંડણી, જિમ પરમાનંદ હોય ॥ ૨ ॥

॥ રાગ ગોડી, જંબુદ્વીપ મઝાર એ દેશી ॥ દશમી લોક સ્વરૂપ રે, ભાવન ભાવીયેં, નિસુણિ ગુરૂ ઉપદેશથી એ ॥ ૧ ॥ ઉર્ધ્વપુરૂષ આકાર રે, પગ પહુલા ધરી, કર દોઉ કટિ રાખિયેં એ ॥ ૨ ॥ ઈણ આકારેં લોકરે;

પુદ્ગલ પૂરીઓ, જિમ કાજલની ડૂંપલી એ ।। ૩ ।। ધર્માધર્માકાશ રે, દેશ પ્રદેશ એ, જીવ અનંતેં પૂરીઓ એ ।। ૪ ।। સાત રાજ દેશોન રે, ઉર્ધ્વ તિરિય મલી, અધો લોક સાત સાધિકૂં એ ।। ૫ ।। ચૌદરાજ ત્રસનાડી રે, ત્રસજીવા લય, એક રજ્જૂ દીર્ઘ વિસ્તરૂ એ ।। ૬ ।। ઉર્ધ્વસુરાલય સાર રે, નિરય ભુવન નીચેં, નાલેં નર તિરિ દ્વો સુરાએ ।। ૭ ।। દ્વીપ સમુદ્ર અસંખ્ય રે, પ્રભુ મુખ સાંભલી, રાય ઋષિ શિવ સમજીઓ એ ।। ૮ ।। લાંબી પોહોલી પણયાલ રે, લખજોયણ લહી, સિદ્ધ શિલા શિર ઉજલી એ ।। ૯ ।। ઉંચા ધનુસય તીન રે, તેત્રીશ સાધિકેં, સિદ્ધ યોજનનેં છેહડે એ ।। ૧૦ ।। અજર અમર નિકલંક રે, નાણ દંસણ મય; તે જોવા મન ગહ ગહે એ ।। ૧૧ ।। ઇતિ દશમ ભાવના ।।

।। દોહા ।।

।। વાર અનંતી ફરસીઓ, છાલી વાટક ન્યાય ।। નાણ વિના નવિ સંભરે, લોક ભ્રમણ ભડવાય ।। ૧ ।। રત્નત્રય ત્રિહું સુવનમેં, દુલ્લહ જાણી દયાલ ।। બોધિ રયણ કાજેં ચતુર, આગમ ખાણિ સંભાલ ।। ૨ ।।

।। ઢાલ અગીઆરમી ।।

।। રાગ ખંભાતી ।। દશ દૃષ્ટાંતેં દોહિલોરે, લાધો માનુઅજ મારો રે ।। દુલ્લહો ઉંબર ફૂલજયુંરે, આરજ

ઘર અવતારો રે ।। મોરા જીવન રે, બોધિ ભાવના ઇગ્યા-રમી રે, ભાવો હૃદય મઝારો રે ।। મો૦ ।। ૧ ।। એ આંકણી ।। ઉત્તમ કુલ તિહાં દોહિલો રે, સદ્ગુરૂ ધર્મ સંયોગો રે ।। પાંચે ઇંદ્રિય પરવડાં રે, દુલ્લહો દેહ નિરોગો રે ।। મો૦ ।। ૨ ।। સાંભાલવું સિદ્ધાંતનું રે, દોહિલું તસ ચિત્ત ધરવું રે ।। સૂધી સદ્દહણા ધરી રે, દુષ્કર અંગે કરવું રે ।। મો૦ ।। ૩ ।। સામગ્રી સઘલી લહી રે, મૂઢ મુધા મમહારો રે ।। ચિંતામણિ દેવે દીધો રે, હાર્યો જેમ ગમારો રે ।। મો૦ ।। ૪ ।। લોહ કીલકને કારણે રે, કુણ યાન જલધિમાં ફોડે રે ।। ગુણ કારણ કોણ નવલખો રે, હાર હીયાનો ત્રોડે રે ।। મો૦ ।। ૫ ।। બોધિ રયણ ઉવેખીનેં રે, કોણ વિષયાથે દોડે રે ।। કાંકર મણિ સમોવડિ કરે રે, ગજ વેચે ખર હોડે રે ।। મો૦ ।। ૬ ।। ગીત સુણી નટણી કને રે, ક્ષુલ્લકેં ચિત્ત વિચાર્યું રે ।। કુમારાદિક પણ સમજીયા રે, બોધિ રયણ સંભાર્યું રે ।। મો૦ ।। ૭ ।।

।। દોહા ।।

।। પરિહર હરિહર દેવ સવિ, સેવ સદા અરિહંત ।। દોષ રહિત ગુરૂ ગણધરા, સુવિહિત સાધુ મહંત ।। ૧ ।। કુમતી કદાગ્રહ મૂકતું, શ્રુત ચારિત્ર વિચાર ।। ભવજલ તારણ પોતસમ, ધર્મ હિયામાં ધાર ।। ૨ ।।

## ।। ઢાલ બારમી ।।

ડુંગરીયાની દેશી ।। ધન ધન ધર્મ જગહિત કરૂં, ભાંખ્યેા ભલેા જિનદેવ રે ।। ઈહ પરભવ સુખ દાયકેા, જીવડા જનમ લગિ સેવ રે ।। ૧ ।। ભાવના સરસ સુર વેલડી, રેાપિ તું હૃદય આરામ રે ।। સુકૃત તરૂ લહિય બહુ પચરતી, સફલ ફલશે અભિરામ રે।। ભા૦ ।। ૨ ।। ક્ષેત્રશુદ્ધિ કરિય કરૂણા રસેં, કાઢિ મિથ્યાદિક શાલ રે ।। ગુપતી ત્રિહું ગુપતિ રૂડી કરેં, નીક તું સુમતિની વાલ રે ।। ભા૦ ।। ૩ ।। સીંચ જે સુગુરૂ વચનમૃતેં, કુમતિ કંથેર તજી સંગ રે ।। ક્રેાધ માનાદિક સૂકરા, વાનરેા વારિ અનંગ રે ।। ભા૦ ।। ૪ ।। સેવતા એહને કેવલી, પન્નર સયતીન અણુગાર રે ।। ગૌતમ શિષ્ય શિવપુર ગયા, ભાવતાં દેવ ગુરૂ સાર રે ।। ભા૦ ।। ૫ ।। શુક પરિવ્રાજક સીધલે, અર્જુન માલી શિવ વાસ રે ।। રાય પરદેશી જે પાપિએા, કાપિએા તાસ દુખપાસ રે ।। ભા૦ ।। ૬ ।। દુસમ સમય દુપ્પસહ લગેં, અવિચલ શાસન એહ રે ।। ભાવશું ભવિયણ જે ભજે, તેહ શુભમતિ ગુણ ગેહરે ।। ભા૦ ।। ૭ ।।

।। દેાહા ।। તપગચ્છ પતિ વિજય દેવગુરૂ, વિજયસિંહ મુનિરાય ।। શુદ્ધ ધર્મ દાયક સદા, પ્રણમેા એહના પાય ।। ૧ ।।

॥ ઢાલ તેરમી ॥

॥ રાગ ધન્યાશ્રી ॥ તુમેં ભાવો રે, ભવિ ઈણી પરેં ભાવના ભાવો ॥ તન મન વયણ ધર્મ લય લાવો, જિમ સુખ સંપદ પાવો રે ॥ ભ૦ ॥ ૧ ॥ લલના લોચન ચિતન ડોલાવો, ધન કારણ કાંઈ ધાવો ॥ પ્રભુશું તારો તાર મિલાવો, જો હોય શિવપુર જાવો રે ॥ કાંઇ ગર્ભાવાસ ન આવો રે ॥ ભ૦ ॥ ૨ ॥ જંબુની પેરેં જીવ જગાવો, વિષય થકી વિરમાવો ॥ એ હિત શીખ અમારી માની, જગ જસ પડહ વજાવો રે ॥ ભ૦ ॥૩॥ શ્રી જસશોમ વિબુધ વૈરાગી, જગ જસ ચિહુ ખંડ ચાવો ॥ તાસ શિષ્ય કહે ભાવન ભણતાં, ઘર ઘર હોયે વધાવો રે ॥ ભ૦ ॥૪॥ દોહા ॥ ભોજન નભ ગુણ વરસ શુચિ, સિત તેરસ કુજવાર ॥ ભગતિ હેતુ ભાવના ભણી, જેસલમેર મઝાર ॥ ભ૦ ॥પા ઇતિ શ્રી જશસોમ શિષ્યજયસોમ કૃત દ્વાદશ ભાવના સંપૂર્ણ ॥

॥ અથ સીતાજીની સજ્ઝાય પ્રારંભ ॥

॥ જનક સુતા હું નામ ધરાવું, રામ છે અંતરજામી ॥ પાલવ અમારો મેલને પાપી, કુલને લાગે છે ખામી ॥ અડશો માંને, માંને માંને માંને ॥ અ૦ ॥ માહારો નાહલીઓ દુહવાય ॥ અ૦ ॥ મને સંગ કેનો ન સુહાય ॥ અ૦ ॥ મહારૂં મન માંહેથી અકુલાય ॥ અ૦

॥ ૧ ॥ એ આંકણી ॥ મેરૂ મહીધર ઠામ તજે જો, પત્થર પંકજ ઊગે ॥ જો જલધિ મર્યાદા મૂકે, પાંગલો અંબર પૂગે ॥ અ૦ ॥ ૨ ॥ તો પણ તું સાંભલને રાવણ, નિશ્ચય શીલ ન ખંડું ॥ પ્રાણ અમારો પરલોક જાયે, તો પણ સત્ય ન છંડું ॥ અ૦ ॥ ૩ ॥ કુણ મણિધરના મણિ લેવાને, હૈયડે ઘાલે હામ ॥ સતી સંઘાતે સ્નેહ કરીને, કહો કુણ સાધેં કામ ॥ અ૦ ॥ ૪ ॥ પરદારાનો સંગ કરીને, આખો કોણ ઉગરિયો ॥ ઉંડું તો તું જોએ આલોચી, સહી તુજ દાહાડો ફરિયો ॥ અ૦ ॥ ૫ ॥ જનકસુતા હું જગ સહુ જાણે, ભામંડલ છે ભાઈ ॥ દશરથ નંદન શિર છે સ્વામી, લખમણ કરશે લડાઈ ॥ અ૦ ॥ ૬ ॥ હું ધણિયાતી પીઉ ગુણરાતી, હાથ છે મહારે છાતી ॥ રહે અલગો તુજ વયણેં ન ચલું, કાં કુલેં વાયે છે કાતી ॥ અ૦ ॥ ૭ ॥ ઉદયરતન કહે ધન્ય એ અબલા, સીતા જેહનું નામ ॥ સતિયોમાંહે શિરોમણી કહીયેં, નિત્ય નિત્ય હોજો પ્રણામ ॥ ॥ અ૦ ॥ ૮ ॥

---

# શાંતિનાથનો શ્લોક.

સરસ શાંતિ સુધારસ સાગરં, સુચીતરં ગુણ રત્ન મહાગરં, ભવીક પંકજ બોધ દીવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જીનેશ્વરં ॥

દર્શનં દેવ દેવસ્ય, દર્શનં પાપનાસનં, દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષ સાધનં ।।

અશોક વૃક્ષઃ સુરપુષ્પ વૃષ્ટિ, દિવ્ય ધ્વનિ ચામર માસનંચઃ ભામંડલં દુંદુભીરાત પત્રં, સત્પ્રાતીહાર્યાણી જીનેશ્વરાણાં ।।

મંગલં ભગવાનવીરો, મંગલં ગૌતમ પ્રભુઃ મંગલં સ્થુલીભદ્રા ધ્યા, જૈનધર્મોસ્તુમંગલં ।।

---

# શ્રીમંધરજીનની થોય.

અજવાળિ બીજ સોહાવે રે,ચંદ્રા રૂપ અનુપમ ભાવે રે, ચંદ્રા વીનતડી ચીત ધરજો રે, શ્રીમંધરને વંદણા કેહેજો રે ।। ૧ ।। વિસવિહરમાન જીનનેં વંદુ રે, જીન શાસન પુજી આણંદુ રે, ચંદ્રા એટલું કામજ કરજોરે, સીમંધરને વંદણા કેજો રે ।। ૨ ।। સીમંધર જીનની વાણીરે, તે તો અમીયરસ પાન સમાણી રે ।। ચંદ્રા તમે સુણી અમને સુણાવો રે, ભવ સંચીત પાપ ગમાવો રે ।। ૩ ।। શ્રીમંધર જીનની રોવા રે, તેતો શાસન ભાસન મેવારે ।। ચંદ્રા હોજો સંઘની માતા રે, ગજ લંછન ચંદ્ર વીખ્યાતા રે ।। ૪ ।।

---

# આઠમની થોય.

ચોવીસે જીનવર હું પ્રણમુ નીત્ય મેવ, આઠમ દીન કરીએ ચંદ્રપ્રભુજીની સેવ, મુરતી મનમોહન, જાણેા પુનમ ચંદ, દીઠે દુઃખ જાવે, પામે પરમાનંદ ।। ૧ ।। મલી ચોસઠ ઇંદ્ર, પુજે પ્રભુજીના પાય ।। ઇંદ્રાણી અપછરા કરજોડી ગુણગાય, નંદીસર ધીપે, મલી સુરવરની કોડ, અઠાઈ મોહોછવ કરતા હોડાહોડ ।। ૨ ।। શેત્રુંજા શીખરે જાણી લાભ અપાર, ચોમાસુ રહીયા, ગણધર મુનિ પરીવાર ।। ભવીયણને તારે દેઇ ધર્મ ઉપદેશ, દુધ સાકરથી પણ, વાણી અધીક વિશેષ ।। ૩ ।। પોસહ પડીકમણું કરીએ વ્રત પચખાણ, આઠમ દીન કરીએ અષ્ટ કર્મની હાણ ।। અષ્ટ મંગલ થાવે દીન દીન કોડ કલ્યાણ, એમ સુખસૂરી કહે, જીવત જન્મ પ્રમાણ ।।૪।।

---

# ।। દ્રૌપદીજીની સજઝાય ।।

સાધુજીને તુંબડું વહોરાવીયુંજીરે, કરમ હલાહલ થાયરે ।। વિપરીત આહાર વહોરાવીયેા જી, વધાર્યો અનંત સંસારરે ।। મુનિ૦ ।। ૧ ।। આહાર લઇને મુનિ પાછા વળ્યાજી, આવ્યા ગુરૂજીની પાસેરે ।। ભાત પાણી આલોવિયાજી, એ આહાર નહિ તુજયેાગરે ।। મુનિ૦ ।। ૨ ।।

નિરવદ્ય ઠામે જઇને પરઠવેા જી, તુમે છેા દયાના જાણુ રે ।। બીજો આહાર આણી કરીજી, તુમેકરેા નિરધારરે ।। મુનિ૦ ।। ૩ ।। ગુરૂવચન શ્રવણે સુણીજી. પેાત્યા વનમેાઝારરે ।। એકજ બિન્દુ તિહાં પરઠવ્યુંજી, દીઠા દીઠા જીવેાના સંહારરે ।। મુનિ૦ ।।૪।। જીવ દયા મનમાં વસીજી, આવી આવી કરૂણાવિચારરે ।। માસ ખમણને પારણેજી, પડી વજ્યા શરણા ચારરે ।। મુનિ૦ ।। ૫ ।। સંથારે બેશી મુનિ આહાર કર્યોજી, ઉપની ઉપની દાહ જ્વાલરે ।। કાલ કરી સર્વાર્થ સિદ્ધેજી, પેાત્યાં પેાત્યાં સ્વર્ગ મેાઝાર રે ।। મુનિ૦ ।। ૬ ।। દુઃખણી દુભાગિની બ્રાહ્મણીજી, તુંબડા અનુસારરે ।। કાલ અનન્તા તે ભમીજી, રૂલી રૂલિ તિર્યંચ મેાજારરે ।। મુનિ૦ ।।૭।। સાતે નરકે તે ભમીજી, પામી પામી મનુષ્યની દેહરે ।। ચારિત્ર લેઇ તપસ્યા કરીજી, બાંધ્યું બાંધ્યું નિયાણું કર્મરે ।। મુનિ૦ ।। ૮ ।। દ્રુપદ રાજા ઘરે ઉપનીજી, પામી પામી યૌવન વેશરે ।। પાંચ પાંડવે તે વરીજી, હૂઇ હુઇ દ્રૌપદી દેવરે ।। મુનિ૦ ।। ૯ ।। તે મનુષ્ય જન્મ પામી કરીજી, લેશે લેશે ચારિત્ર નિરધારરે ।। કેવલજ્ઞાન પામી કરીજી; યશ કહે જાશે જાશે મુક્તિમેાઝારરે ।। મુનિ૦ ।। ૧૦ ।।

# ।। નવપદની સજ્ઝાય ।।

।। નણદલની એ દેશી ।।

વારી જઉં શ્રી અરિહંતની, જેહના ગુણ છે બાર ।। મોહન० ।। પ્રાતિહારજ આઠ છે, મૂલ અતિશય છે ચાર ।। મોહન० ।। ૧ ।। વારિ० ।। વૃક્ષ અશોક કુસુમની, વૃષ્ટિ દીવ્ય ધ્વનિ વાણ ।। મોહન० ।। ચામર સિંહાસન દુંદુભિ, ભામંડલ છત્ર વખાણ ।। મો० ।। વારિ० ।। ૨ ।। પૂજા અતિશય છે ભલો, ત્રિભુવન જનને માન ।। મો० ।। વચનાતિશય જોજનગામી, સમજે ભવિઅસમાન ।। મો० ।। વા० ।। ૩ ।। જ્ઞાનાતિશય અનુતર તણા, સંશય છેદણ હાર ।। મો० ।। લોકાલોક પ્રકાશતા, કેવલ જ્ઞાન ભંડાર ।। મો० ।। વા० ।। ૪ ।। રાગાદિક અન્તરરિપુ, તેહનો કીધો અન્ત ।। મો० ।। જિહાં વિચરે જગદીશ્વરૂ, તિહાં સાતે ઇતિ સમંત ।। મો० ।। વા० ।। ૫ ।। એહવા અપાયા પગમનો, અતિશય અતિ અદ્‌ભુત ।। મો० ।। અહર્નિશ સેવા સારતા, ક્રોડિગમે સુર હુંત ।। મો० ।। વા० ।। ૬ ।। માર્ગ શ્રી અરિહન્તનો, આદરીયે ગુણમેહ ।। મો० ।। ચારનિક્ષેપે વાંદીયે, જ્ઞાનવિમલ ગુણ ગેહ ।। મો० ।। વા० ।। ૭ ।।

।। ઇતિ અરિહંત પ્રથમ પદ સજ્ઝાય સંપૂર્ણ ।।

# ।। સિદ્ધ પદની સજ્ઝાય ।।

।। અલબે જે હોલી હલખેડેરે ।। એ દેશી ।।

નમો સિદ્ધાણું બીજે પદેરે લાલ, જેહના ગુણ છે આઠ રે, હું વારી લાલ, શુકલ ધ્યાન અનલે કરીરે લાલ, આલ્યા કર્મ કુઠારરે ।। ૧ ।। હું વારી લાલ ।। જ્ઞાનાવરણીક્ષયે લહ્યુંરે લાલ, કેવલજ્ઞાન અનંતરે ।। હું૦ ।। દર્શનાવરણી ક્ષયથી થયારે લાલ, કેવલ દર્શન કરંતરે ।। હું૦ ।। ન૦ ।। ૨ ।। અક્ષય અનન્ત સુખ સહજથીરે લાલ, વેદની કર્મનો નાશરે ।। હું૦ ।। મોહનીય ક્ષયે નિર્મલુંરે લાલ, ક્ષાયક સમકિત વાસરે, ।। હું૦ ।। ન૦ ।। ૩ ।। અક્ષય સ્થિતિ ગુણ ઉપન્યોરે લાલ, આયું કર્મ અભાવરે ।। હું૦ ।। નામ કર્મ ક્ષયે નીપન્યોરે લાલ, રૂપાદિક ગતિભાવરે ।। હું૦ ।। ન૦ ।। ૪ ।। અગુરૂ લઘુ ગુણ ઉપન્યોરે લાલ, નરહ્યો કોઈ વિભાવરે ।। હું૦ ।। ગોત્ર કર્મના નાશથીરે લાલ, નીજ પ્રકટયા જસ ભાવરે ।। હું૦ ।। ન૦ ।। ૫ ।। અનન્ત વીર્ય આતમતણુંરે લાલ, પ્રગટયો અંતરાય નાશરે ।। હું૦ ।। આઠે કર્મ નાશી ગયારે લાલ, અનન્ત અક્ષયગુણ વાસરે ।। હું૦ ।। ન૦ ।। ૬ ।। ભેદ પન્નર ઉપચારથીરે લાલ, અનન્ત પર પર ભેદરે ।। હું૦ ।। નિશ્ચયથી વિતરાગનારે લાલ, કિરણ કર્મ ઉચ્છેદરે ।। હું૦ ।। ન૦ ।। ૭ ।। જ્ઞાન

વિમલની જ્યોતિમાંરે લાલ, ભાસિત લોકાલોકરે ॥ હું૦ ॥ તેહના થ્યાનથકી થસ્યેરે લાલ, સુખીયા સઘલા લોકરે ॥ હું૦ ॥ ન૦ ॥ ૯ ॥

॥ ઇતિ સિદ્ધ પદ સજ્ઝાય ॥

---

# ॥ શ્રી સ્થુલીભદ્રજીની સજ્ઝાય ॥

વેષ જોઇને સ્વામી આપણો, લાગી મારા તનડામાં લાયજી ॥ અણુધાર્યુંરે સ્વામી આ શું કર્યું, લાજે સુંદર કાયજી, કોણેરે સ્વામી તમને ભોલવ્યા ॥ ૧ ॥ આવીરે ખબર જો હોત તો, જાવા દેત નહિ નાથજી ॥ છેતરી છેહ દીધો મને, પણ છોડું નહિ સાથજી ॥ કોણેરે૦ ॥ ૨ ॥ બોધ સુણી સુગુરૂતણો, લીધો સંજમ ભારજી ॥ માત પિતા પરિવાર સહુ, જુઠો આળ પંપાળજી ॥ નથીરે ધુતારે મને ભોળવ્યો ॥ ૩ ॥ એવું જાણીરે કોશ્યા સુંદરી, ધર્યો સાધુનો વેષજી ॥ આવ્યો ગુરૂની આજ્ઞા લઈ, દેવા તને ઉપદેશજી ॥ નથીરે૦ ॥ કાલે સવારે ભેગાં રહી, લીધાં સુખ અપારજી ॥ તમને બોધ દેવા આવીયા, જોગ ધરાને આવારજી ॥ જોગરે સ્વામીજી આંહી નહી રહે ॥ ૫ ॥ કપટ કરીને મને છોડવા, આવ્યા તમે નિરધારજી ॥ પણ છોડું નહિ કદી નાથજી, નથી નારી ગમારજી ॥ જોગર૦ ॥ ૬ ॥ છોડ્યાં માત

પિતા વળી, છોડયો સહુ પરિવારજી ।। ઋદ્ધિ સિદ્ધિરે મેતો તજી દીધી, માની સઘળું અસારજી ।। છેટી રહી રે કર વાત તું ।। ૭ ।। જોગ ધર્યો રે અમે સાધુનો, છોડયો સઘળાનો પ્યારજી ।। માત સમાન ગણું તને, સત્ય કહું નિરધારજી ।। છેટી રહી રે ।। ૮ ।। બાર વરસની પ્રીતડી, પલમાં તુટી ન જાયજી ।। પસ્તાવો પાછળથી થશે, કહું લાગીને પાયજી ।। જોગરે સ્વામી ।। ૯ ।। નારી ચરિત્ર જોઈ નાથજી, તુરત છોડશો જોગજી ।। માટે ચેતો પ્રથમ તમે, પછી હસશે સહુ લોકજી ।। જોગરે સ્વામી ।। ૧૦ ।। ચાળા જોઈને તારા સુંદરી, ડગું નહિ હું લગારજી ।। કામ શત્રુ મેં કળજે કર્યો, જાણી પાપ અપારજી ।। છેટી રહીને ગમે તે કરો ।। ૧૧ ।। છેટી રહીને ગમે તે કરો, મારા માટે ઉપાયજી ।। પણ તારા સામું હું જોઉ નહી, શાને કરે તું હાયજી ।। છેટી રહીને ।। ૧૨ ।। માછી પકડે છે જળમાં, જળમાંથી જેમ મીનજી ।। તેમ મારા નેત્રના બાણથી, કરીશ હું તમને આધીનજી ।। જોગ૦ ૧૩ ।। ઢોંગ કરવા તજી દેઈ, પ્રીતે ગ્રહો મુજ હાથજી ।। કાળજુ કપાય છે માહરૂં, વચનો સુણીને નાથજી ।। જોગરે ।। ૧૪ ।। બાર વરસ તુજ આગલે, રહ્યો તુજ આવાસજી ।। વિવિધ સુખ મેં ભોગવ્યાં. કીધાં ભોગ વિલાસજી ।। આશા તજરે હવે માહરી ।। ૧૫ ।। ત્યારે હતો અજ્ઞાન હું, હતો કામનો અંધજી ।। પણ હવે તે રસ મેં તજ્યો, સુણી શાસ્ત્રના

પ્રબંધજી ।। આશારે૦ ।। ૧૬ ।। જ્ઞાની મુનિને ઋષિયેા, મેાટા વિદ્વાન ભૂપજી ।। તે પણ દાસ બની ગયા, જોઈ નારીનું રૂપજી ।। જોગરે૦ ।। ૧૭ ।। સાધુપણું સ્વામી નહિ રહે, મિથ્યા વંદુ નહિ લેશજી ।। દેખીરે નાટારંભ માહ્યરો, ત્યજશેા સાધુનેા વેશજી ।। જોગરે૦ ।। ૧૮ ।। વિવિધ ભૂષણેા ધારીને, સજી રૂડા શણગારજી ।। પ્રાણ કાઢી નાંખે તાહ્યરો, કુદી કુદી આ ઠારજી ।। આશારે૦ ।। ૧૯ ।। તેા પણ સામું જોઉં નહી, ગણું વિષ સમાનજી ।। સૂર્ય ઉગે પશ્ચિમ કદી, તેા પણ છેાડું ન માનજી ।। આશા૦ ।। ૨૦ ।। ભિન્ન ભિન્ન નાટક મેં કર્યો, સ્વામી આપની પાસજી ।। તેા પણ સામું જોઈ તમે, પુરી નહી મન આશજી ।। હાથરે ગ્રહેારે હવે માહરો ।।૨૧।। હસ્ત જોડીરે હવે વિનવું, પ્યારા પ્રાણ જીવનજી ।। બાર વરસની પ્રીતડી, યાદ કરો તુમે મનજી ।। હાથરે ।। ૨૨ ।। ચેત ચેતરે કેાશ્યા સુંદરી શું કહું વારંવારજી ।। આ સંસાર અસાર છે, નથી સાર લગારજી ।। સાર્થક કરો હવે દેહનું ।। ૨૩ ।। જન્મ ધરી આ સંસારમાં, નહી ઓળખ્યેા ધર્મજી ।। વિધ વિધ વૈભવ ભેાગવ્યાં, કીધાં ઘણાં કુકર્મજી ।। સાર્થક૦ ।। ૨૪ ।। તે સહુ ભેાગવવું પડે, મુઆ પછી તમામજી ।। અધર્મી પ્રાણીને મળે નહી, શરણું કેાઈ ન ઠામજી ।। સાર્થક૦ ।। ૨૫ ।। સિન્ધુ રૂપી આ સંસારમાં માનવ મીન રૂપ ધારજી ।। જંજાળ જાળ રૂપી ડગડગે, કાળ રૂપી મચ્છી મારજી

॥ સાર્થક૦ ॥ ૨૬ ॥ વિષય રસ વહાલો ગણી, કીધાં ભોગ વિલાસજી ॥ ધર્મનાં કાર્ય કર્યાં નહી, રાખી ભોગની આશજી ॥ ઉદ્ધાર કરો મુનિ માહરો ॥ ૨૭ ॥ વ્રત ચુકાવવા આપનું, કીધાં નાચને ગાનજી ॥ છેડ કરીરે મુનિ આપની, બની છેક અજ્ઞાનજી ॥ ઉદ્ધાર કરો૦ ॥ ૨૮ ॥ શ્રેય કરોરે મુનિવર મુજને, બતાવીને શુભ જ્ઞાનજી ॥ ધન્ય ધન્ય છે આપને, દીસો મેરૂ સમાનજી ॥ ઉદ્ધાર કરો૦ ॥ ૨૯ ॥ બાર વરસ સુખ ભોગવ્યું, ખરચ્યાં ખુબ દિનારજી, તો હું તૃપ્ત થઈ નહી, ધિક મુજ ધિક્કારજી ॥ ઉદ્ધાર કરો૦ ॥૩૦॥ છોડી મોહ સંસારનો, ધારો શિયલવ્રત ધારજી ॥ તો સુખ શાન્તિ સદા મળે, આ ભવ જળ પારજી ॥ સાર્થક કરો હવે દેહનું ॥ ૩૧ ॥ ધન્ય છે મુનિવર આપને, ધન્ય શકડાલ તાતજી ॥ ધન્ય સંભૂતિવિજય મુનિ, ધન્ય લાંછન દે માતજી ॥ મુક્ત કરીરે મોહ જાળથી ॥ ૩૨ ॥ આજ્ઞા દીયોરે હવે મુજને, જાવું મુજ ગુરૂ પાસજી ॥ ચોમાસું પુરૂ થયા પછી, સાધુ છંડે આવાસજી ॥ રૂડી રીતે શિયલવ્રત પાળજો ॥ ૩૩ ॥ દર્શન આપજો મુજને, કરવા અમૃત પાનજી ॥ સૂરીઇન્દુ કહે સ્થુલિભદ્રજી, બન્યા સિંહ સમાનજી ॥ ધન્ય છે મુનિવર આપને ॥ ૩૪ ॥

# ।। નંદીષેણ મુનિની સજ્ઝાય ।।

રાજગ્રહી નગરીનો વાસી, શ્રેણિકનો સુત સુવિલાસી હો ।। મુનિવર વૈરાગી, નંદીષેણ દેશના સુણી ભીનો, ના ના કહેતાં વ્રત લીનો હો ।। મુ૦ ।। ૧ ।। ચારિત્ર નિત્ય ચોખું પાલે, સંજમ રમણીશું મ્હાલે હો ।। મુ૦ ।। એક દિન જિન પાએ લાગી, ગોચરીની અનુમતિ માંગી હો ।। મુ૦ ।। ૨ ।। પાંગરીએા મુનિ વહોરવા, ક્ષુધા વેદની કર્મ હરવા હો ।। મુ૦ ।। ઉંચ નીચ મધ્યમ કુલ મોટા, અડતો સંજમ રસ લોટા હો ।। મુ૦ ।। ૩ ।। એક ઉંચો ધવલ ઘર દેખી, મુનિ (વર) પેઠો શુદ્ધ ગવેષી હો ।। મુ૦ ।। તિહાં જઈ દીધો ધર્મ લાભ, વેશ્યા કહે ઈહાં અર્થ લાભ હો ।। મુ૦ ।। ૪ ।। મુનિ મન અભિમાનજ આણી, ખંડ કરી તરણું નાંખ્યું તાણી હો ।। મુ૦ ।। સોવન વૃષ્ટિ હુઈ બાર કોડી, વેશ્યા વનિતા કહે કરજોડી હો ।। મુ૦ ।। ૫ ।।

।। ઢાલ બીજી ।। થારે માથે પંચરંગી પાગ સોનાનો

છોગલો મારૂજી ।। એ દેશી ।।

થેતો ઉંભા રહીને અરજ અમારી સાંભલો ।। સાધુજી૦ ।। થેતો મોટા કુલના જાણી મુકી દ્યો આંમલો ।। સા૦ ।। થેંતો લેઈ જાઓ સોવન કોડી ગાડાં ઉંટે ભરી ।। સા૦ ।। નહીં આવે અમાર કામ, ગ્રહો પાછા ફરી ।। સા૦ ।। ૧ ।।

થારાં ઉજ્વલ વસ્ત્ર દેખી મોહે મન માહરૂં ।। સા૦ ।। થારૂં સુરપતિથી પણ રૂપ અધિક છે વાહલું ।। સાધુ૦ ।। થારાં મૃગ સમ સુંદર નેત્ર દેખી હર્ષ લાગણેા ।। સા૦ ।। થારો નવલી જોબન વેશ વિરહ દુઃખ ભાંજણેા ।। સા૦ ।। ૨ ।। થારે કેસરીયે કસબીને કપડે મોહી રહી ।। સા૦ ।। થારી આંખડીયારો નીકેા પાણી લાગણેા ।। સા૦ ।। એતેા જંત્ર જડીત કપાટ કુંચીમે કર ગ્રહી ।। સા૦ ।। ૩ ।। મુનિ વલવા લાગ્યેા જામકે આડી ઉભી રહી ।। સા૦ ।। મેંતેા ઓછી ઇસ્ત્રીની જાત મતિ કહી પાછલી ।। સા૦ ।। થેંતેા સુગુણ ચતુર સુજાણ, વિચારો આગલે ।। સા૦ ।। થેંતેા ભેાગ પુરંદર હું પણ સુંદરી સારી ।। સા૦ ।। ૪ ।। થેંતેા પેહરો નવલા વેશ ધરેણાં જરતરી ।। સા૦ ।। મણિ મુક્તા-ફલ મુગટ બીરાજે હેંમના ।। સા૦ ।। ૫ ।। અમે સજીયે શેાલ શણુગાર કે પિઉ રસ અંગના ।। સા૦ ।। જે હેાય ચતુર સુજાણ તે કદીય ન ચુકશે ।। સા૦ ।। ૬ ।। એહવેા અવસર સાહેબ કદીય ન આવશે ।। સા૦ ।। ઇંમ ચિંતે ચિત મઝાર નંદીષેણ વાહલેા ।। સા૦ ।। રહેવા ગણિકાને ધામકે થઇને નાહલેા ।। સા૦ ।। ૭ ।।

।। ઢાલ ।। ૩ દેશી પ્રથમની ।।

ભેાગ કર્મ ઉદય તસ આવ્યેા, શાસન દેવીએ સંભ-લાવ્યેા હેા ।। મુ૦ ।। રહ્યો બાર વરસ તસ આવાસે, વેષ

મેલ્યો એકણ પાસે, હો ॥ મુ૦ ॥ ૧ ॥ દસ નર દિન પ્રતે પ્રાત બુઝે, એક દિન મુરખ નવિ બુઝે, હો ॥ મુ૦ ॥ બુઝવતાં હુઈ બહુ વેલા, ભોજનની થઈઅ વેલા હો ॥ મુ૦ ॥ ૨ ॥ કહે વેશ્યા ઉઠો સ્વામી, એહ દશમો ન બુઝે કામી હો ॥ મુ૦ ॥ વેશ્યા વનિતા કહે ધસમસતી, આજ દશમા તુમે એમ હસતી હો ॥ મુ૦ ॥ ૩ ॥ એહવયણ સુણીને ચાલ્યો, ફરી સંજમ શું મન વાલ્યો હો ॥ મુ૦ ॥ વેષ લેઈ ગયો જિન પાસે, ફરી સંજમ લીયો ઉલ્લાસે હો ॥ મુ૦ ॥ ૪ ॥ ચારિત્ર નિત્ય ચોખું પાલી; દેવલોકે ગયો દેઈ તાલી હો ॥ મુ૦ ॥ તપ જપ સંજમ કિરિયા સાધી, ઘણા જીવને પ્રતિબોધી હો ॥ મુ૦ ॥ ૫ ॥ જય વિજય ગુરૂનો શિષ્ય, તસ હર્ષ નમે નિશદીશ હો ॥ મુ૦ ॥ મેરૂ વિજય ઈમ બોલે, એહવા ગુરૂને કુણ તોલે હો ॥ મુ૦ ॥ ૬ ॥ ઇતિ શ્રી નંદિષેણ ઋષિની સઝાય સંપૂર્ણ. ॥

---

# બીડી પીવાની સજ્ઝાય.

દેખાદેખી એ ચાલતાં જીરે, પામર પામે સંતાપ, વ્યસન વીલુધા બાપડા જીરે, બાંધે બહુલાં પાપરે પ્રાણી બીડી વ્યસનનીવાર, ફોગટ ભવ કેમ હારરે પ્રાણી બીડી. ॥ ૧ ॥ ધન ધર્મ ધાતુ હણેજીરે, છકાય જીવવીનાક્ષ;

કર્મ જોરે જઠર વ્યથા જીરે, પ્રગટે સ્વાસને ખાંસરે પ્રાણી બીડી. ॥ ૨ ॥ પ્રતીદીન પચવીસ પીવતાજીરે, સો વર્સે નવ લાખ, ગતીમતી વીણસે સદાજીરે, છાતી હોવે ખાખરે પ્રાણી બીડી. ॥ ૩ ॥ ચિત્ત બંધાણી ચોરટીજીરે, હારે જન્મ નિટોલ, ધુમાડે બાચક ભરેજીરે, અંદર પોલમપોલરે પ્રાણી બીડી. ॥ ૪ ॥ નોકારશી પોરસી નહિજીરે, નહિ પૌષધ ઉપવાસ ॥ રાત્રિ ચોવિહાર નહિ બને જીરે, બાંધ્યો બીડીએ પાસરે પ્રાણી. બીડી ॥ ૫ ॥ મુખગંધા માનવતણીજીરે. નાત વધાર્યારે જાય ॥ વાર્યા નવળે બાપડા જીરે, પછા ઘણા પસ્તાયરે પ્રાણી બીડી. ॥૬॥ દાંત પડે આંખ્યુ ગળેજીરે, અતિશય થાય હેરાન ॥ ધર્મ રત્ન ચેતો હવે જીરે, હ્યો બીડી પચ્ચખ્ખાણુરે પ્રાણી બીડી. ॥ ૭ ॥

---

# વૈરાગ્યની સજ્ઝાય.

મરણ ન છુટે રે પ્રાણિયા, કરતાં કોટી ઉપાયરે ચતુર-નર, અસુર વિદ્યાધર સહુ, એક મારગ જાયરે ॥ ચ૦ ॥ મરણ ન છુટેરે ॥ ૧ ॥ ઈન્દ્ર ચંદ્ર રવી હરિ વળી, ગણપતિ કામ કુમારરે ॥ચ૦॥ સુરગુરૂ સુર વૈદ્ય સારિખા, પોત્યા જમ દરબારરે ॥ચ૦॥ મરણ ન છુટેરે. ॥૨॥ મંત્ર જંત્ર મણિ ઔષધિ, વિદ્યા હુન્નર હજારરે ॥ચ૦॥ ચતુરાઈ કેરારે ચોકમાં, જમડો લુંટે બજારરે ॥ચ૦॥ મરણ ન છુટેરે. ॥૩॥ ગર્વ કરી

નરગાજતા, કરતા વિવિધ તોફાનરે ।।ચ૦।। માથે મેરૂ ઉપાડતા, પોત્યા તે સમશાનરે ।। ચ૦ ।। મરણ ન છુટેરે. ।। ૪ ।। કપડાં ઘરેણાં ઉતારશે, બાંધશે ઠાઠડી માંયરે ।। ચ૦ ।। ખોખરી હાંડલી આગળે, રોતા રોતા સહુ જાયરે ।। ચ૦ ।। મરણ ન છુટેરે. ।।૫।। કાયા માયા સહુ કારમી, કારમો સહુ ઘરબારરે ।। ચ૦ ।। રંકને રાય છે કારમો, ।। કારમો સકળ સંસારરે ।।ચ૦।। મરણ ન છુટેરે. ।।૬।। ભીડી મુઠી લઈ અવતર્યો, મરતાં ખાલી છે હાથરે ।।ચ૦।। જીવડા જોને તું જગતમાં, કોઈ ન આવે છે સાથરે ।। ચ૦ ।। મરણ ન છુટેરે. ।। ૭ ।। નાના મોટારે સહુ સંચર્યા, કોઈ નહિ સ્થિર વાસરે ।।ચ૦।। નામ રૂપ સહુ નાશ છે, ધર્મ રત્ન અવિનાશરે ।।ચ૦।। મરણ ન છુટેરે. પ્રાણિયા. ।। ૮ ।।

---

# શીખામણની સજ્ઝાય.

મારગ વહેરે ઉતાવળો, ઉંડે ઝીણીરેખેહ ।। કોઈ કોઈ ને પડખે નહિં, છોડી જાએ સ્નેહ ।। ૧ ।। વખતે પંથી જીવ એકલો, ઉતરવોરે એ ઘાટ, તીહાંરે આપણું કોઈ નહિ, કુણ દેખડાવે વાટ ।। ૨ ।। સંબલ હોએતોખાઇએ, નીકર મરી એ ભૂખ ।। ત્યાં તો આપણું કોઈ નહિ, કોને કહીએરે દુઃખ ।। ૩।। કોઈરે ચાલ્યું ને કોઈ ચાલસે, કોઈ ચાલણ હાર ।। રાત દિવસ વહેવાટડી, ચેત્યો નહિરે ગમાર ।।૪।।

દુઃખીઆને દેખીને વલવલે, તિહાં બેઠા સહુ લોક ।। તેરે બેઠા ઉઠી ચાલશો, નહિ કોઇ રાખણ જોગ ।। ૫ ।। માત પિતા ઘર હાટડી, મમતા કરવીરે ફોક ।। પરિગ્રહ સરવે જગને નડયો, મેલી જાયે સરવે લોક ।। ૬ ।। જેરે વ્હાલા વિના એકે ઘડી, ચાલતુ નહિરે લગાર ।। તેરે વરસાસો વહી ગયા, પાછા નહિ સમાચાર ।। ૭ ।। પ્રાણીનો પ્રાણુજ ઉપડયો, નગણેવાર તહેવાર ।। ભદ્રા ભરણી ને યોગણી, સામો નિર્ઘંટકાળ ।। ૮ ।। પરદેશી પરદેશમાં, નગણે આદિને મધ્ય ।। આવ્યા કાગળીયા ઉઠી ચાલીયા, પાછા નહિ સમાચાર ।। ૯ ।। વાડીમાંહે એક સુવટો, હુદીએ પંજરમા બેઠો ।। જતન કરી જીવને જાળવ્યો, જાતાં કોઇએ ન દીઠો. ।। ૧૦ ।। ગામ ગયું તે આવશે, તેને મળશે સઉ લોક ।। જેરે પ્રાણી પંથે ચાલીયો, તેને મળવું નાહોય ।। ૧૧ ।। વખતે પંથીજીવ એકલો, સાથે પાળા છે ચાર ।। વળાવા લેજો ધર્મના ।। તો તમે ઉતરસો પાર ।। ૧૨ ।। ભીમ વિજય કહે ભવિયણ, સાંભળો સાંભળો સર્વે લોક ।। છકાયની રક્ષા કરો, તો તમે પામસો મોક્ષ. ।। ૧૩ ।।



## બારવ્રતની સજ્ઝાય.

ગૌતમ ગણધર પાય નમી જે, સદ્ગુરૂ આણા હૈયામા ધરી જે, એણી પેરે પ્રાણી બાર વૃત લીજે ।। પહેલે જીવદયા

પાળી જે, નીરોગી કાયા પામી જે. ।। ૧ ।। બીજે મૃષા વાદનબોલી જે, દીહું અદીહું આળ નદી જે. ।। ત્રીજે અદત્તા દાનન દીજે, પડી વસ્તુ હાથે નવી લીજે. ।। ૨ ।। ચોથે ચોખ્ખું શીયળ પાળી જે, રત્ન પાવડીએ મુક્તિ સુખ લીજે. ।। પાંચમે પરિગ્રહનો ત્યાગ કરી જે, પાંચ ઇંદ્રિ પોતા વશ કીજે. ।। ૩ ।। છઠે દીશીનું માન કરી જે, પચ્ચખાણ કરી ઉપર ડગલું ન દીજે. ।। સાતમે સચિત્તનો ત્યાગ કરી જે, પચ્ચખાણ કરી મીશ્ર આહાર નલી જે. ।। ૪ ।। આઠમે અનર્થ દંડ ન દીજે, હીંસા તણો ઉપદેશ ન દીજે. ।। નવમે નીર્મળ સામાયક કરી જે, અવરતીને આવકાર ન દીજે.।। ૫ ।। દસમે દેશાવગાસિક કરી જે, એકાંતે બેસી ભણુવું કીજે. ।। અગીઆરમે ઉપવાસ પૌષધ કરી જે, છકકાય જીવને અભય દાન દીજે. ।। ૬ ।। બારમે અતિથી સંવી ભાગ કરી જે, સાધુ સાધ્વીને સુઝતું દીજે. ।। તેરમે સંલેખણાનો પાઠ ભણી જે, પાદો પગરણ અણુસણ કીજે. ।। ૭ ।। દસ શ્રાવક સંથારો કરી જે, મનુષ્ય જન્મ ફળ લાહો લીજે. ।। નહી કોઇ બાર વૃતને તોલે. નારકી તિયંચના બારણા ન બોલે ।।૮।। ઉદય રત્ન સૂરિ એણી પેરે બોલે. નહી કોઈ બાર વૃતને તોલે. ।। ૯ ।।

—o—

# માતા મરૂદેવીની સજ્ઝાય.

એક દીન મરૂ દેવી આઈ, કહે ભરતને અવસર પાઈરે ।। સુણેા પ્રેમધરી ।। ૧ ।। મારેા રીખવ ગયેા કેઈ દેશે, કેઈ વારે મુજને મળશેરે ।। સુણેા૦ ।। ૨ ।। તુંતેા ખટખંડ પૃથ્વી માંણે, મારા સુતનું દુઃખ નવી જાણેરે ।। સુણેા૦ ।। ૩ ।। તું ચામર છત્ર ધરાવે, મારેા રીખવ પંથે જાવેરે ।। સુણેા ૪ ।। તુંતેા સરસા ભેાજન આસી, મારેા રીખવ નીત્ય ઉપવાશીરે સુણેા૦ ।। ૫ ।। તુંતેા મંદીરમાંહે સુખ વીલસે, મારેા અંગજ ધરતી ફરસેરે ।। સુણેા૦ ।। ૬ ।। તુંતેા સજન કુટુબમાં મહાલે, મારેા રીખવ એકલડેા ચાલેરે ।। સુણેા૦ ।। ૭ ।। તુંતેા વીષય તણા સુખ સુચે, મારા સુતની વાત ન પુચ્છેરે ।। સુણેા૦ ।। ૮ ।। એમ કહેતી મા દેવી વયણે, આંસુ જડ લાગી નયણેરે ।। સુણેા૦ ।। ૯ ।। એમ સહસ વરસને અંતે, લહયેા કેવળ રૂષ ભગવંતેરે ।। સુણેા૦ ।। ૧૦ ।। હવે ભરત ભણે સુણેા આઇ, સુત દેખી કરેા વધાઈરે ।। સુણેા ।। ૧૧ ।। આઇ ગજખંધ બેસાર્યા, સુત મલવાને પાંઉધાર્યા રે ।। સુણેા ।। ૧૨ ।। કહે એહ અપુરવ વાંજા, કીહાં વાજે છે એ તાજંરે ।। સુણેા ।। ૧૩ ।। તવ ભરત કહે સુણેા આઈ, એ તુમ સુતની ઠકુરાઇરે ।। સુણેા ।। ૧૪ ।। તુમ સુત રીધી આગે સઉની, ત્રણ તેાલે સુરનર બહુની રે ।। સુણેા૦ ।। ૧૫ ।। હરખ નયણે જળ આવે, તવ પડળ બેઉ ખરી જાવેરે ।। સુણેા ।। ૧૬ ।। હું જાણતી

દુખીયેા કીધેા, સુખીયેા છે સહુથી અધીકેા રે ।। સુણેા ।। ૧૭ ।। ગયેા મેાહ અનીત્યતા આવે, તવ સીદ્ધ સ્વરૂપી થાવેરે ।। સુણેા ।। ૧૮ ।। જવ જ્ઞાનવીમળ વધુ નારી, તવ પરગટી અનુભવ સારીરે ।। સુણેા ।। ૧૯ ।।

## પડિક્કમણાની સજ્ઝાય.

કર પડિકમણુ ભાવથીજી, સમભાવે મન લાવ ।। અવિધિ દેાષજો સેવસ્યેાજી, તેા નહિ પાતિક જાય ચેતનજી ।। ચેતનજી ઇમકિમ તરસ્યેાજી. ।। ૧ ।। સામાયકમાં સામટીજી. નિદ્રા નયન ભરાય ।। વિકથા કરતાં પારકીજી, અતિ ઉલસીતમન થાય. ચેતનજી ।। ૨ ।। કાઉસગમાં ઉભા થઇજી, કરતાં દુઃખે પાય ।। નાટિક પેખણ દેખતાજી; ઉભા રયણિ જાય. ચેતનજી ।। ૩ ।। સંવરમાં મનનવિ ઠરેજી, આશ્રવમાં હુંશિયાર ।। સૂત્ર સુણે ન શુભમનેજી, વાત સુણે ધરિપ્યાર ।। ચેતનજી ।। ૪ ।। સાધુ જનથી વેગલેાજી, નીચાસુ ધરે નેહ ।। કપટ કરે કેાડેા ગમેજી, ધરમમાં ધુજે દેહે ।। ચેતનજી ।। ૫ ।। ધરમની વેલા નવિદિએજી, પુટી કેાડી એક ।। રાલમાં રૂધ્યેા થકેાજી, ખુણેા ગણી દીયે છેક ।। ચેતનજી ।।૬।। જીનપૂજા ગુરૂ વંદણાજી, સામાયક પચ્ચખાણ ।। નેાકરવાલી નવી રૂચેજી ।। કરે મન આરત ધ્યાન. ચેતનજી ।। ૭ ।। બીમા દયા મન આણીયેજી, કરીએ વ્રત પચ્ચખાણ ।। ધરીયે મન માંહે સદ્દાજી,

ધરમ સુકલ દોય ધ્યાન ।। ચેતનજી ઇમિભવ તરસ્યોજી ।।૮।। શુદ્ધ મને આરાધસ્યોજી, જો ગુરૂના પદ પદ્મ ।। રૂપ વિજય કહે પામસ્યોજી, તો નર સુર શિવસદ્મ ।। ચેતનજી તો ભવ તરસ્યોજી. ।। ૯ ।।

---

# શ્રી આઠમની સજ્ઝાય.

શ્રી સરસ્વતી ચરણે નમી, આપોવચન વિલાસ ।। ભવિયણ ।। અષ્ટમી ગુણ હું વર્ણવું, કર સેવકને ઉલ્લાસ ।। ભવિયણ ।। ૧ ।। અષ્ટમી તપ ભાવે કરો ।। એ આંકણી ।। આણી હર્ષ ઉમેદ ભ૦ ।। તો તમે ખુટસ્યો આપદા, કરસ્યો કર્મનો ખેદ ।। ભ૦ ।। ૨ ।। અષ્ટ પ્રવચન તે પાલિએ, ટાલિએ મદનો ઠામ ।। ભવ૦ ।। અષ્ટ પ્રતિહારજ મનધરી, જપિએ તે જીનજીનું નામ ।। ભ૦ ।। ૩ ।। જ્ઞાન આરાધન એહ થકી, લહિએ શીવ સુખ સાર ।। ભ૦ ।। આવાગમનજ નવિ હોવે, એક બે જગ આધાર ।। ભ૦ ।। ૪ ।। એહવો તપ તુમે આદરો, ધરીને મન જીનધર્મ ।। ભ૦ ।। તો તમે પામશો ભવતણો, ટાળશો ચિહું ગતિ ભર્મ ।। ભ૦ ।। ૫ ।। તિર્થંકર પદવી લહે, તપથી નવે નિધાન ।। ભ૦ ।। તો જોઉ મલ્લિ કુમરી પરે, પામ્યા તે બહુ ગુણજ્ઞાન ।। ભ૦ ।। ૬ ।। અ ।। એ તપના બે ગુણ ઘણા, ભાખે શ્રી જીનઇશ ।।ભ૦।।

શ્રી વિજયરત્ન સૂરિંદ્રનો, વાંચક દેવ સુશીલ ।। ૭ ।।
।। અ ।। ઇતિશ્રી.

---

# શ્રી ગૌતમસ્વામીની સજ્ઝાય.

સમવસરણ સીંહાસણેજી, વીરજી કરેરે વખાણ; દસમે ઉતરાધ્યનમાંજી, દે ઉપદેશ સુજાણ સમયમાં ।। ગોયંમ મકરો પ્રમાદ, વીરજીનેસર સીખવેજી; પરીહરમદ વિખવાદ ।। સ૦ ।। ૧ ।। જીમતરૂં પંડુ પાનડોજી, પડતાં ન લાગેજી વાર ।। તીમએ માંણુસ જીવડોજી, થીર ન રહે સંસાર ।। સ૦ ।। ૨ ।। લાભ અણીજલ ઉસનોજી, ખાણુંય કર હે જલબીંદ ।। તીમ એ ચંચલ જીવડોજી, ન રહે ઇંદ્ર નરીંદ્ર ।। સ૦ ।। ૩ ।। સુક્ષમનિગોદ ભમી કરીજી, રાસી ચઢયો વવહાર ।। લાખચોરાશી જીવાયોનીમાંજી, લાધ્યો નર ભવસાર ।। સ૦ ।। ૪ ।। શરીર જરાયે જાજરોજી, સીરપર પલીયારે કેસ ।। ઇંદ્રિ બલહીણાં પડયાંજી, પગ પગ પેખે કલેસ ।। સ૦ ।। ૫ ।। ભવસાયર તરવા ભણીજી, ચારીત્ર પવહણપુર ।। તપ જપ સંજમ આકરોજી, મોક્ષનગર છે દુર ।। સ૦ ।। ૬ ।। ઇંમિની સુંણી પ્રભુ દેશનાજી, ગણધર થયા સાવધાન ।। પાપ પડલ પાછાં પડયાંજી, પામ્યો કેવલજ્ઞાન ।। સ૦ ।। ૭ ।। ગૌતમના ગુણ ગાવતાજી, ઘર સંપ-

તીનીજી કોડ ॥ વાચક શ્રી કરણ ઇંમ ભણેજી, પ્રણમું બે કરજોડ ॥ સ૦ ॥ ૮ ॥

॥ ઇતી ગૌતમસ્વામીની સજ્ઝાય સંપુર્ણ ॥

---

# નેમનાથની સજ્ઝાય.

એક દ્વારીકા નઈરી રાજેરે, કૃષ્ણ નીરંજ્ઝયો ॥ તારાં છે લઘુભ્રાતાં નામેરે કે, ગજ સુકુમાલજ્યો ॥ ૧ ॥ તે પુછે નેમજી જીણુંદનેરે કે, ગજ સુકુમાલ મુની ॥ તે મુજથી દુઃખ ન ખમાયરે કે, સુણેા જીનરાજ ગુણી ॥ ૨ ॥ તે કારણે એવું દાખેારે કે, અક્ષય જેમ વહેલું ॥ હુ પાંમુ જગગુરૂ ભાખેારે કે, સુણેા મુની છે દેાહલું ॥ ૩ ॥ આજ દગ્ધ ભુમીકા જઇનેરે કે, કાઉસગ જે કરસેા ॥ આજ રજની કેવળ પાંમીરે કે, સીવપદને વરસેા ॥ ૪ ॥ તેની સુણી પ્રભુજીની વાણીરે કે, દગ્ધ ભુમી ચાલ્યેા ॥ તીહાં થાણેણું મુણેણું જાણેણું કે, કાઉસગમાં માહલ્યેા ॥ ૫ ॥ તવ સેામલ સસરે આવીરે કે, સીર ઉપર સઘડી ॥ કરી ભરી અંગારા તાજરે કે, ચાલ્યેા દુષ્ટ ધણી ॥ ૬ ॥ તીહાં મુનીવર સમતા ભાવેરે કે, ક્ષપક શ્રેણી ચડી ॥ તું રંગમાં કેવલ બેસીરે કે, સીવપંથ ચાલ્યેા ચડી ॥ ૭ ॥ સખી

ગજસુકુમાલ મુનીનેરે કે, ભવીયણ જે નમસે ।। તે સીવ-કમલા સુવીવેકેરે કે, ન્યાય મુની લેસે ।। ૮ ।।

# સીદ્ધની સજઝાય.

હાંરે લાલ સીદ્ધ સ્વરૂપી આતમાં, પ્રણમી જેહના પાયરે ।। લાલા. ।। નરભવના ગુણ વર્ણવું, ધરમ સદા સુ-ખદાયરે ।। લાલા૦ ।। ૧ ।। ધરમ વિના નર ભવ કીસે, વિનય વીના જીમ શિસરે ।। લાલા. ।। જ્ઞાન વિનાનો ગુરૂ કેસો, ભાવ વિના જીમ દીક્ષારે ।। લાલા૦ ।। ૨ ।। હાંરે લાલા, ધન વીના ઘર શોભે નહી, પ્રેમ વિના સો નેહરે લાલા ।। નીર વીના સરોવર કીસો, નારી વીના જીમ ગેહરે ।। લાલા. ।। ધ૦ ।। ૩ ।। હાંરે લાલા, દુરગવીના પુરવર કીસો ।। સુલક્ષણ વીના જીમ પુત્રરે ।। લાલા. ।। સ્વામી વીના બલ સું કરે, ચા-રીત્ર વીના જીમ સુત્રરે ।। લાલા. ।। ધર્મ૦ ।। ૪ ।। હાંરે લાલા, રસ વીના ગિતા કારમી, આદર વીના સોદાનરે ।। લાલા. ।। અંકુસ વીના ગજવર કીશો, કાઢા પછી શો માનરે ।। લાલા. ।। ધર્મ૦ ।। ૫ ।। હાંરે લાલા, પ્રાક્રમ વીના જીમ કેસરી, નરભવ જસવીણ લંધરે ।।લાલા.।। વાજીંત્ર વીના નાટીક કીસો, ઇંદ્રિયદમ્યા વીણ સાધરે

॥ લાલા. ॥ ધર્મ૦ ॥ ૬ ॥ હાંરે લાલા, પ્રેમ કીસો પરવસપણે, ગુણ કેસો વખાણે આયરે ॥ લાલા. ॥ પરજન પર રાગી કીસો, દુસમન સ્યું સો મેલાપરે ॥ લાલા. ॥ ધર્મ૦ ॥ ૭ ॥ હાંરે લાલા, ઉપદેશ સો અભવ્યને, બેહરા આગળ સો ગીતરે ॥ લાલા. ॥ મુરખ આગળ રસ કથા, અંધા આગળ દરપણ રીતરે ॥ લાલા. ॥ ધર્મ૦ ॥ ૮ ॥ હાંરે લાલા, ધરમ કરો આણંદથી, જીમ આતીમને હીતકારરે ॥ લાલા. ॥ મુની આણંદના પ્રેમોદથી, લહો કેવલ સીવપુર સારરે ॥ લાલા. ॥ ધર્મ૦ ॥ ૯ ॥ સીધની સજ્ઝાય સમાપ્ત ॥

---

# શ્રી ગૌતમસ્વામિની સજ્ઝાય.

આધારજ હુંતોરે એક મુને તાહરોરે, હવે કુણ કરસેરે સાર ॥ પ્રિતડી હૂંતિરે પહેલા ભવ તણીરે, તે કિમ વિસરિરે જાય ॥ આ૦ ॥ ૧ ॥ મુજને મેલ્યેારે ટલવલતો, હાંરે નથી કોઈ આંસુ લોવણ હાર ॥ ગૌતમ કહીને કુણ બોલાવસેરે, કુંણ કરસે મોરિ સાર ॥ આ૦ ॥ ૨ ॥ અંતર જામિરે અણઘટતું કર્યુંરે, મુજને મોકલિયેારે ગામ ॥ અંતકાલેરે હું સમજ્યેા નહિરે, જે છેહ દેસે મુજને આંમ ॥ આ૦ ॥૩॥ ગઇ હવે સોભારે ભરતના લોકનિરે, હું અજ્ઞાની રહ્યો છું આજ, કુંમતિ મિથ્યાત્વીરે જિમ તિમ બોલસ્યેરે, કુંણ

રાખસે મોરિ લાજ ।। આ૦ ૪ ।। વલિસુલપાણિરે અજ્ઞાનિ ધણેારે, દિધૂં તુજનેરે દુખ ।। કરૂણા આણીરે તેહના ઉપરરે, આપ્યું અહેાલું રે સુખ ।। આ૦ ।।પા। જે અયમંતેારે બાલક આવિયેારે, રમતો જલસ્યું રે તેહ ।। કેવલ આપિરે આપ સમેાકિયેારે, એવડો સેા તસ સનેહ ।। આ૦ ।। ૬ ।। જે તુજ ચરણે આવિ ડંસિયેારે, કિધો તુજને ઉપસર્ગ. સમતા વાલીરે તે ચંડકેાસિયેરે, પામ્યેા આઠમેારે સ્વર્ગ ।। આ૦ ।। ૭ ।। ચંદન બાલારે અડદના બાકલારે, પડિલા ભ્યાતુંમે સ્વામ, તેહને કિધિરે સાડૂણિમાવડિરે, પેાચાડિ સિવધામ ।। આ૦ ।। ૮ ।। દિન ભ્યાસિના માતપિતા હુવેરે, બ્રાહ્મણ બ્રાહ્મણિ દેાય ।। સિવપુર સંગિરે તેહને તેં કર્યારે, મિથ્યા મલ તસ ધેાય ।। આ૦ ।। ૯ ।। અરજુન માલિરે જે મહા પાતકિરે, મનુજનેા કરતેા સંહાર ।। તે પાપિને પ્રભુ તમે ઉધર્યેારે, કરિ તેહ સુપસાય ।। આ૦ ।। ૧૦ ।। જે જલચારિરે હૂંતેા દેડકેારે, તે તુમ ધ્યાંન સુહાય ।। સેાહમ વાસિરે તેં સુરવર કિયેારે, સમકિત કેરે સુપસાય ।। આ૦ ।। ૧૧ ।। અધમ ઉધર્યારે એહવા તેં ઘણારે, કહું તસકે તારે નામ ।। માહરે તાહરા નામનેા આસરેારે, તે મુજ ફલસેરે કામ ।। આ૦ ।। ૧૨ ।। હવે મેં જાણ્યુંરે પદ્ધ વિત રાગનુંરે, જો તે ન ધર્યેારે રાગ ।। રાગ ગયેથી ગુણ પ્રગટયા સવેરે, તે તુજ વાંણિ મહા ભાગ ।। આ૦ ।। ૧૩ ।। સંવેગ રંગિરે ક્ષપક શ્રેણે ચડયેારે, કરતેા ગુણનેા જમાવ ।। કેવલ

પામ્યારે લોકા લોકનારે, દિઠા સઘલારે ભાવ ।। આ० ।। ૧૪ ।। ઇંદ્રે આવિરે જિનપદે થાપિયેારે, દેશના દીએે અમૃતધાર ।। પરખદા બૂજિરે આતમ રંગથીરે, વરિયા સિવપદ સાર ।। આ० ।। ૧૫ ।।

।। ઇતિ ગૌતમની સજ્ઝાય ।।

---

# ગેાયમની સજ્ઝાય.

ગેાયમ પૂછે શ્રી મહાવીરનેરે; ભાખેા ભાખેા પ્રભૂજી સંબંધરે: પડીકમણાથી સ્યું ફલ પામીએેરે; સ્યું સ્યું થાયે પ્રાણીને બંધરે, ।। ૧।। ગે।૦ સાંભલ ગેાયમ જે કહું પુન્યથીરે, કરણી કરતાં જે પુન્યનું બંધરે, પુન્યથી દુજે અધિકેા કેાન હીરે; જેથી થાયે સુખ સંબંધરે. ।।૨।। ગે।૦ ઇચ્છા પડિક્કમણ કરિ પામિએેરે, પ્રાણિને થાયે પુણ્યનું બંધરે; પુન્યની કરણી જ ઉવેખસ્યેરે, પરભવ થાસ્યે અંધેાઅંધરે. ।।૩।। ગે।૦ પાંચ હજાર ને ઉપર પાંચસેરે, દ્રવ્ય ખરચી લખાવેં જેહરે; જી વાભગવઈ પન્નવણા તણીરે, મુકે ભંડાર પુન્યનિરેહરે. ।।૪।। ગે।૦ પાંચ હજારને ઉપર પાંચસેરે, ગાયેા ગર્ભવંતિ જેહરે; તે તે અભયદાન દેતાં થકાંરે, મુહપતિ અપ્યાનુ પુન્ય એહરે ।।૫।। ગે।૦ દસ હજાર ગેાકુલ ગાયેા તણારે, એકેકેા દસ

હજાર પ્રમાણુરે; તેને અભયદાન દેતાં થકારે, ઉપજે પ્રાંણીને નિરવાંણુરે. ॥૬॥ ગે૦ તેથી અધીકું ઉત્તમ ફલ પામિએરે, પરને ઉપદેસ દીધાનું જાણુરે, ઉપદેસ થકી સંસારી તરેરે, ઉપદેસે પામે પરિમલ નાણુરે, ॥૭॥ ગે૦ શ્રી જીનમંદિર અભિનવ સોભતોરે, સિખરનું ખરચ કરાવે જેહરે, એકેકો મંડપ ભાવન ચૈત્યનોરે, ચરવલો અપ્યાનુ પુન્ય એહરે. ॥૮॥ ગે૦ માસ ખમણની તપસ્યા કરેરે, અથવા પંજર કરાવે જેહરે, એહવા ક્રોડ પંજર કરતાં થકારે, કાંબલિયું આપ્યાનું ફલ એહરે. ॥૯॥ ગે૦ સહસ અઠયાસી દાન શાલા તણુરે, ઉપજે પ્રાણિને પુન્યનું બંધરે, સ્વામી સંગાથે ગુરૂને થાંનકેરે, પ્રવેશ થાએ પુન્યનું બંધરે ॥૧૦॥ ગે૦ શ્રી જીન પ્રતિમાસે વનમાં કરેરે, સહસ અઠયાસીનું પ્રમાણુરે, એકેકી પ્રતિમાં પાંચસે ધનુષનીરે, ઇરિયાવહિ પડિકમવાનો એ પ્રમાણુરે. ॥૧૧॥ ગે૦ આવશ્યક પંનર જુગતે ગ્રંથમાંરે, ભાખ્યો એ પડિકમણાનો સબંધરે, જીવા ભગવઈ આવશ્યક જોઇનેરે; સ્વયં મુખ ભાખે વીર જીણુંદરે. ॥૧૨॥ ગે૦ વાચક જસ કહે શ્રદ્ધા ધરેરે, પાલસ્યે પડિકમણાનો વ્યવહારરે, અનુત્તર સમ સુખ પામે મોટકુરે, પામસ્યે ભવિજન ભવજલ પારરે. ॥ ૧૩ ॥ ઇતિ સઝાય સંપૂર્ણ.

# અમરકુમારની સજ્ઝાય.

રાજગૃહી નયરી ભલી, તિહાં શ્રેણિકરાજારે, જિન ધર્મનો પરિચય નહિ, મિથ્યામત માંહે રાચ્યારે, કર્મતણી ગતિ સાંભલો. ।।૧।। કર્મ કરે તે હોયરે, સવારથનાં સહુ કોસગા, વિણસવા નહિ કોઇરે. કર્મતણી, ।।૨।। રાજા શ્રેણિક એકદા, ચિત્ર સાલા કરાવેરે ।। અનેક પ્રકારે મંડણી, દેખંતાં મન મોહેરે. કર્મ ।।૩।। દરવાજે ગિરગિર પડે, રાજા મન પસ્તાવેરે, પુછે જોશી પંડીતા, બ્રાહ્મણ ઇમ બતાવેરે. કર્મ,।।૪।। બાલક બત્રિશ લક્ષણો, હોમી જે એણ માંહેરે, તો એહ મેહલ પડે નહિ, ઇમ ભાંખે વયણ અજાણોરે. કર્મ. ।।૫।। રાજા ઢંઢેરો ફેરીઓ, જે આપે બાલ કુંવારોરે, તોલી આપું અરોબરી, સોનઇઆં ઘણાસારોરે. કર્મ, ।।૬।। ઋષભદત્ત બ્રાહ્મણ તિહાં વસે, ભદ્રા તસ ઘરણી જાણોરે, પુત્ર ચાર સોહામણા, નિરધનીઓ પુત્ર હીણોરે. કર્મ,।।૭।। ઋષભદત્ત કહેનારને, આપો એક કુંવારોરે, ધન આવે ઘર આપણે, આપણ સુખિઆં સારોરે, કર્મ૦ ।। ૮ ।। નારી કહે વેગે કરો, આપો અમર કુમારો રે ।। મહારે મન અણ ભાવતો, આંખથી કરો અલગોરે. કર્મ૦ ।।૯।। વાત જણાવી રાયને, રાજા મનમાં હરખ્યોરે, જે માગે તે આપીને, લાવો બાલકુંવારોરે. ।।૧૦।। કર્મ૦ સેવક પાછા આવીયા, ધન આપે મન માન્યોરે, અમર કહે મોરી માતાજી, મુને મત આપીજોરે. ।।૧૧।। કર્મ૦ માતા કહે તુને

સુ કરૂં, મહારે મન તું મુવોરે, કામ કાજ કરે નહિ, ખાવાને જોઇએ સારોરે, આંખે આંસુ નાખતો, બોલે બાલ કુંવારોરે, સાંભલો મોરા તાતજી, તુમે મુજને રાખોરે. કર્મ૦ ॥૧૨॥ તાત કહે હું સુ કરૂં, મુજને તો તું પ્યારોરે, માતા વેચે તાહરી, મહારો નહિ ઉપાયરે. કર્મ૦ ॥૧૩॥ કાકો પણ પાસે હતો, કાકી મુજને રાખોરે, કાકી કહે હુ સું જાણું, મ્હારે તુ સું લાગેરે. કર્મ૦ ॥૧૪॥ બાલક રોતો સાંભલી, માસી કુવા તે આવેરે, બહેન પણ તીહાં બેઠી હતી, કિણહી મુજને રાખોરે. કમ૦॥૧૫॥ જો જો ધન અનરથ કરે, ધન પડાવે વાટેરે, ચોરી કરે ધન લોભીઓ, મરીને દુરગતી જાયરે. ॥૧૬॥ કર્મ૦ હાથ પકડીને લઈ ચાલ્યા, કુંવર રોવણ લાગ્યોરે, મુજણે રાજા હોમસે, ઈમ બાલક બહુ ઝૂરેરે. ॥૧૭॥ કર્મ૦ બાલકને તવ લેઈ ચાલ્યા, આવ્યા ભર બજારરે, લોક સહુ હાહા કરે, વેચ્યો બાલ ચંડાલેરે. ॥૧૮॥ કર્મ૦ લોક તીહાં બહુલા મલ્યા; જોવે બાલ કુંવારોરે, બાલ કહે મુજ રાખી લ્યો, થાસુ દાસ તુમારોરે. ॥૧૯॥ કર્મ૦ સેઠ કહે રાખુ સહી, ધન આપી મુહ માગ્યોરે, રાયે મંગાવ્યો હોમવા, તો તે નહિ રખાએરે. ॥૨૦॥ કર્મ૦ બાલકને તે લઈ ગયા, રાજાજીની પાસેરે, ભટજી પણ બેઠા હતા, વેદ શાસ્ત્ર ના જાણોરે. ॥૨૧॥ કર્મ૦ ભટજીને રાજા કહે, દેખો બાલ કુંવારોરે, બાલકને સો દેખવો, કામ કરો મહારાજારે. ॥૨૨॥ કર્મ૦ બાલક કહે કરજોડીને, સાંભલો શ્રી મહારાજારે, પ્રજના

પ્રીઅર તુમે, મુજને કીમ હોમીજેરે. ॥૨૩॥ કર્મ૦ રાજા કહે મુલ લીયેા, મહારો નહિ અન્યાયરે, માતાપીતાએ તુને વેચીએા, મે હોમવા આણ્યેારે.॥૨૪॥ કર્મ૦ ગંગેાદકે નવરાવીને, ગલે ધાલી પુલની માલારે, કેસર ચંદન ચરચીને, બ્રાહ્મણ ભણુતા તવ વેદેારે. ॥૨૫॥ કર્મ૦ અમર કુંમર મન ચીંતવે, મુજને સીખવીએા સાધુરે, નવકાર મંત્ર છે મેાટકેા, સંકટ સહુ ટલી જાસેરે. ॥૨૬॥ કર્મ૦ નવપદ ધ્યાન ધરતાં થકાં, દેવ સિંહાસણુ કંપ્યેારે, ચાલી આવ્યેા ઉતાવલેા, જીહાં છે બાલ કુંમારેારે. ॥૨૭॥ કર્મ૦ અગ્નિ જલા ઠંડી કરી, કીધેા સિંહાસણુ ચંગેારે; અમર કુમરને બેસારીને. દેવ કરે ગુણ ગાંમેારે. ॥૨૮॥ કર્મ૦ ॥ રાજાને ઉંઘેા નાંખીએા, મુખે છુટયાં લેાહીરે ॥ બ્રાહ્મણ સહુ લાંબા પડયા. જાણે સુકાં કાઠેારે. ॥૨૯॥ કર્મ૦ રાજ સભા અચરીજ થયી, એ બાલક કેાઈ મેાટેારે; પગ પૂજી જે એહના, તેાએ મુવા ઉઠેરે. ॥૩૦॥ કર્મ૦ બાલકે છાંટેા નાંખીએા, ઉઠયેા શ્રેણીક રાજારે; અચરીજ દીઠેા મેાટકેા, આ શું હુવેા કાજેરે. ॥૩૧॥ કર્મ૦ બ્રાહ્મણ પડીઆ દેખીને, લેાક કહે પાપ જુવેારે; બાલહત્યા કરતા થકાં, તેહના ફલ છે એ હેારે. ॥૩૨॥ કર્મ૦ બ્રાહ્મણ સહુ ભેલા થયા, દેખે એમ તમાસેારે; કનક સિંગાસણુ ઉપરે, બેઠેા અમર કુમારેારે. ॥૩૩॥ કર્મ૦ રાજા સહુ પરીવારસું, ઉઠયેા તે તત કાલેારે; કરજોડી કહે કુમર, એ રાજ્યરીધી સહુ તહારીરે. ॥૩૪॥ કર્મ૦ અમર કહે સુણેા રાજવી, રાજસું નહિ મુજ

કાજેરે; સંયમ લેસું સાધુનો, સાંભલો શ્રી મહારાજેરે. ॥૩૫॥ કર્મ૦ રાય લોક સહુ ઈમ કહે, ધન ધન બાલકુમારોરે; ભટજી પણ સાજા હુવા, લાજ્યા તે પણ માહોરે. ॥૩૬॥ કર્મ૦ જયજયકાર હુવો ઘણો, ઘરમતણે પરસાદેરે; અમરકુમાર મન સાધતો, જાતી સમરણ જાનોરે. ॥૩૭॥ કર્મ૦ અમરકુમાર સંજમ લીએો, કરે પંચમુષી લોચરે; બાહીર જઈ સમસાણે, કાઉસગ્ગ રહ્યો શુભ ધ્યાનેરે ॥૩૮॥ કર્મ૦ માતપિતા બાહિર જઇને, ધન ધરતીમાંહી ગાલ્યોરે; કાંઇક ધન વેંચી લીએો, જાણે વીવાહ મંડાણોરે, ॥૩૯॥ કર્મ૦ એટલે દોડતો આવીએો, કોઇક બાલ કુંવારોરે ॥ માત પીતાને ઈમ કહે, અમર કુમરની વાતોરે. ॥૪૦॥ કર્મ૦ માત પીતા વીલખા થયા, ભુંડો થયો એ કામોરે; ધન રાજા લેસે સહું, કાંઇક કરીએ ઉપાયોરે. ॥૪૧॥ કર્મ૦ ચીંતાતુર થઇ અતી ઘણી, રાતે નિંદ ન આવેરે; પુરવ વૈર સંભારતી, પાપીણી ઉઠી તેની વારોરે, ॥૪૨॥ કર્મ૦ શસ્ત્ર હાથ લેઈ કરી, આવી બાલક પાંસેરે; પાલીએ કરીને પાપીણી, મારેો બાલ કુમારોરે. ॥૪૩॥ કર્મ૦ સુકલ ધ્યાન સાધતો, શુભ મન આણી ભાવોરે; કાલ કરીને અવતર્યો, બારમાં સ્વર્ગ મજારોરે; ॥૪૪॥ કર્મ૦ બાવીસ સાગર આઉખો, ભોગવી વંછીત ભોગોરે; મહાવીદેહમાં સીજસે, પામસે કેવલ નાણોરે. ॥૪૫॥ કર્મ૦ હવે તે માતા પાપણી, મન માંહી હરખ અપારોરે; ચાલી જાય આનંદમે, વાધણી મલી તે બાસેરે. ॥૪૬॥ કર્મ૦ [illegible] તે વારે, પાપણી મુઈ

તીણ વારોરે; છઠી નરકે ઊપણી; બાવીસ સાગર આયુરે. ॥૪૭॥ કર્મ૦ જુવો જુવો મંત્ર નવકારથી, અમર કુમર શુભ ધ્યાનોરે; સુર પદવી લહી મોટકી, ધરમ તણે પરસાદોરે. ॥૪૮॥ કર્મ૦ નરભવ પામી જીવડા, ધરમ કરો શુભ ધ્યાનોરે, તો તુમે અમર તણી પરે, સીધગતી લેસોસારીરે. ॥૪૯॥ કર્મ૦ કર જોડી કવીયણ ભણે, સાંભલો ભવીજન લોકોરે, વેર વીરોધ કોઈ મત કરો, જીમ પામો ભવ પારોરે. ॥૫૦॥ શ્રી જીન ધરમ સુરતરૂસમો, જેણી સીતલ છાંયારે, જેહ આરાધે ભાવસુ; સીજે વંછીત કાજોરે. ॥૫૧॥ કર્મ તણી ગતી સાંભળો ॥ અમર કુંમારની સજ્ઝાય સમાપ્ત.

---

# પાંચમની સજ્ઝાય.

સુગુરૂ ચરણ પસાઉલે રે લાલ, પંચમીનો મહિમાય ॥ આતમા વીવરીને કહે સુણજો રે લાલ; સુણતા પાતીક જાય, આતમા આ ભવ સુખ પામે ઘણો રે લાલ ॥ પરભવ અમર વીમાન, આતમા પંચમી તપ પેમે કરો રે લાલ. ॥ ૧ ॥ સયલ સુત્ર રચના બની રે લાલ, ગણધર હુવારે વીખ્યાત ॥ આતમા જ્ઞાને ગુણે કરી જાણતા રે લાલ, સરગ નરકની વાત ॥ આતમા પંચમી તપ પ્રેમે કરો રે લાલ ॥૨॥ મન સુધે આરાધીયે રે લાલ, છુટે કર્મનીદાન ॥ ગુરૂ જ્ઞાનેથી દીપતા રે લાલ; તે તરીયા સંસાર ॥ આતમા જ્ઞાન વંતને સહુ

નમે રે લાલ. ઉતારે ભવપાર ।। આતમા પંચમી તપ પ્રેમે કરો રે લાલ. ।। ૩ ।। અજવાલી પક્ષ પંચમી રે લાલ, કરે। ઉપવાસ જગીસ ।। આતમા નમો નાણસ્સ ગુણણું ગણો રે લાલ; નોકારવાલી વીસ ।। આતમા પંચમી તપ પ્રેમે કરોરે લાલ. ।। ૪ ।। પંચ વરસ એમ કીજીએ રે લાંલ; વલી ઉપર પંચ માસ ।। આતમા શક્તિસરૂપે ઉજવો રે લાલ; પોચે મનને ઉલ્લાસ ।। આતમા પંચસી તપ પ્રેમે કરો રે લાલ. ।। ૫ ।। વરદત્તને ગુણ મંજરી રે લાલ, આરાધ્યો તપ એહ ।। આતમા કાંતિ વિજય ઉવઝાયના રે લાલ; કીર્તી વિજય ગુણ ગાય ।। આતમા પંચસી તપ પ્રેમે કરો રે લાલ. ।। ૬ ।।

---

# શ્રી ગૌતમ પૃચ્છાની સજઝાય. ।। ૧ ।।

ગૌતમસ્વામી પ્રીચ્છા કરે, કહોને સ્વામી વર્ધમાનજીરે; કેણે કર્મે નિરધન નિરવંશી, કેણે કર્મે નિસફલ હોય; સ્વામિ પરઘર ભાંગેને પરદમે, તેણેં કર્મે નિરધન હોય, ગૌતમ. થાપણુ મોસો જે કરે, તેણેં કર્મે નિરવંશી હોય, ગૌતમ. કેણેં કર્મે વેસ્યાને વિધવા; કેણેં કર્મે નપુંસક હોય; સ્વામી દુર્ગછા કરે જિનધર્મની, તેણે કર્મે વેસ્યા હોય ગૌતમ, ।। ૩ ।। સીયલ ખંડીને ભોગ ભોગવે, તેણે કર્મ વિધવા

હોય; ગૌતમ; વેસ્યાનો સંગ જે કરે, તેણેં કર્મે નપૂંસક હોય ગૌતમ ।। ૪ ।। કેણે કર્મે ગર્ભથી ગલી જાએ, કેણે કર્મે પીઠી ભર્યા જાય. સ્વામી. વાડી વેડે કુણા મોગરા, તેણે કર્મે ગર્ભથી જાય; ગૌતમ. ।। ૫ ।। પુલ વિંધીને કર્મ બાંધીયા, તેણેં કર્મે પીઠી ભર્યા જાય; ગૌતમ. કેણે કર્મે હુંઠાને પાંગુલા; કેણે કર્મે જાતિ અંધ હોય; સ્વામી ।। ૬ ।। પાંખો કાપે પરજીવની, તેણેં કર્મે પાંગુલા હોય; ગૌતમ. વધ કરે પરજીવનો; તેણેં કર્મે જાતિ અંધ હોય ગૌતમ. ।। ૭ ।। કેણે કર્મે શોક ઉપજે, કેણે કર્મે કલંક ચડંત સ્વામી. વેરો વંચો જે કરે; તેણેં કર્મે શોક ઉપજે, ગૌતમ ।। ૮ ।। જુઠી સાખ ભરી કર્મ બાંધીયા, તેણે કર્મે કલંક ચડંત; ગૌતમ. કેણે કર્મે વિષધર ઉપજે, કેણે કર્મે જશ હીણ હોય; સ્વામી. ।। ૯ ।। રીસ ભર્યા મરે અણ બોલીયા, તેણે કર્મે વિષધર હોય; ગૌતમ. ।। જે જીવ રાગે વાંછીયા, તેણે કર્મે જશ હીણ હોય ગૌતમ૦ ।।૧૦।। કેણેં કર્મે જીવ-નીગોદમાં; કેણે કર્મે તીર્યંચમાં જાય સ્વામી, જે જીવ મોહે વ્યાપીયા, તેણે કર્મે નીગોદમાં જાય ગૌતમ ।। ૧૧ ।। જે જીવ માયામાં વ્યાપીયા, તેણે કર્મે તીર્યંચમાં જાય; ગૌતમ. કેણે કર્મે જીવ એકેંદ્રીમાં, કેણે કર્મે પંચેદ્રીમાં જાય સ્વામી. ।। ૧૨ ।। પાંચ ઇંદ્રી વસ નવી કરી; તેણે કર્મે એકેંદ્રીમાં જાય; ગૌતમ. પાંચ ઇંદ્રી વસ જેણેં કરી, તેણેં કર્મે પંચેંદ્રીમાં જાય હો. ગૌતમ. ।। ૧૩ ।। કેણે કર્મે જીવ ડાબ

દુલભેં, કેણે કર્મે થોડેરો સંસાર; હો સ્વામી. જે જીવ મોહ મચ્છર કરે, તેણે કર્મે સંસાર રહંત, ગૌતમ. ॥ ૧૪ ॥ જે જીવ સંતોષ પામીયા, તેણે કર્મે થોડેરો સંસાર; ગૌતમ. કેણે કર્મે જીવડા નીચ કુલે; કેણેં કર્મે ઉંચ કુલ હોય; સ્વામી, ॥ ૧૫ ॥ દાન દીયા અણ સુઝતા; તેણે કર્મે નીચ કુલ હોય; ગૌતમ. દાન દીધા સુપાત્રનેં; તેણે કર્મે ઉંચ કુલ હોંય; ગૌતમ. ॥૧૬॥ કેણેં કર્મે જીવડા નરકમાં, કેણે કર્મે સ્વર્ગ વિમાન; સ્વામી. જે જીવ લોભે વ્યાપીયેા, તેણે કર્મે નરકમાં જાય, ગૌતમ. ॥ ૧૭ ॥ દાન શીયલ તપ ભાવના, તેણે કર્મે સ્વર્ગ વિમાન; ગૌતમ. રાજ ગ્રહી પ્રભુ આવીયા, શ્રેણિક વંદવા જાય; ગૌતમ. ॥ ૧૮ ॥ ચેલણાકરે અતિ ગુંહલી, હઇડે હરખ ન માય; ગૌતમ, ગૌતમ કેવલ માંગીયેા, દીયેા તે વીર વર્ધમાન સ્વામીજી. ॥ ૧૯ ॥ એણે મોહે કેવલ ન પામીયે, મોહે ન હોએ નિરવાંણ; ગૌતમ. રૂપ વિજય ગુરૂ ઇણિપેરે; ભાખે શ્રીભગવંત; ગૌતમ ॥ ૨૦ ॥ જે નર ભણેં જે સાંભલે, તસઘર મંગલ માલ હો. ગૌતમ. ॥ ૨૧ ॥ ઇતિ સંપૂર્ણ. ॥

---

# ॥ મનને શિખામણની સજ્ઝાય ॥

કીસિ વિધે સમજાવું હો મન્ના, તને કીસિ વિધે સમઝાવું. એ ટેક. હાથીજિ હોય તો મે પકડ મંગાવું, અંઝર પાએ જડાવું; કરમાહાવતને માથે બેઠાવું તો, અંકુસ દેઈ

સમજાવું, હો મન્ના ત૦ ।। ૧ ।। ઘોડોજી હોય તો મેજિત કરાવું, કરડિ લગામ દેવરાવું; કરિ અસવારિ ને ફેરણ લાગું તો, નવાનવા ખેલ ખેલાવું હો મન્ના ત૦ ।। ૨ ।। સોનુજી હોય તો મે ચુંગિ મુંકાવુ, કરડે તાપ તપાવું; લેઈ કુંકસણને પુંકણ લાગુ તો; પાણિ જ્યું પિંગલાવું હો મન્ના ત૦ ।। ૩ ।। લોઢુંજી હોય તો મે એરણ મંડાવું, દોય દોય ઘમણ ધમાવું ।। માર ઘણા ઘમસાંણ ઉડાવું તો, જંતર તાર કઢાવું હો મન્ના. ત૦ ।। ૪ ।। જ્ઞાનિજી હોય તો મે જ્ઞાન બતાવું, અંતર વિણા બજાવું; રૂપચંદ કહે નાથ નિરંજન, જોતિસ્યું જ્યોતિ મિલાવું હો મન્ના. તને કિસિ વિધે સમજાવું. ત૦ ।। ૫ ।। ઇતિ સંપૂરણું.

---

# સિદ્ધનિ સજ્ઝાય ।। ૨ ।।

શ્રી ગૌતમ પ્રીછા કરે, વિનય કરિ સિસ નમાય હો. પ્રભુજી. અવિચલ થાનિક મેં સુણ્યેા, કરિ મેાય બતાય પ્રભુજી. ।। ૧ ।। સિવપૂર નગર સેાહાંમણેા, આઠ કરમ અલગાં કરી; સારયા આતિમ કાંમ. પ્રભુજી. છુટયા સંસારના દુખ થકિ, એને રેહેવાનેા કુણ ઠાંમ. પ્રભુજી. ।। ૨ ।। સી૦ વિર કહે ઉર્દ્ધ લેાકમા, મુગતિ શિલા એણે ઠાંમ હો. ગૌતમ૦ સરગ છ૦વીસને ઉપરે, તેહના બારે નાંમ હો. ગૌતમ ।। ૩ ।। સી૦ લાખ પિસ્તાલિસ જોયણે, લાંબિ પેાહલિ જાણ હો ગૌતમ૦

આઠ જોજન જાડિ વચે, છેહડે પાતલિ તંત હો. ગૌતમ. ॥ ૪ ॥ સી૦ ઉજ્જવલ હાર મોતિ તણો, ગાય દુધ સંખ વખાંણુ હો. ગૌતમ૦ એહથી ઉજલિ અતિ ઘણી, સમચૌરસ સંસ્થાન હો. ગૌતમ ॥ ૫ ॥ સી૦ અરજુન સોનામય દીપતિ, ગઠારી મઠારી જાણુ હો; ગૌતમ૦ ફટિકરતન વચ્ચે નિરમલિ, સુંહાલિ અત્યંત વખાંણુ હો, ગૌતમ ॥ ૬ ॥ સી૦ સીદ્ધ શિલ્લા ઓલંધી ગયા, અર્ધ રહ્યા છે વિરાજ હો ગૌતમ૦ અલોકે સું જઈ અડયા, સરિયાં અંતિમ કાજ હો. ગૌતમ ॥ ૭ ॥ સી૦ જિહાં જનમ નહી મરણુ નહિ, નહિ જરા નહિ રોગ હો. ગૌતમ૦ શત્રુ નહિ મિત્ર નહિ, નહિ સંયોગ વિયોગ હો. ગૌતમ ॥ ૮ ॥ સી૦ ભૂખ નહિ ત્રષા નહિ, નહિ હરખ નહિ શોક હો. ગૌતમ૦ કર્મ નહિ કાયા નહિ, નહિ વિષયા રસ ભોગ હો. ગૌતમ ॥ ૯ ॥ સી૦ શબ્દ રૂપ રસ ગંધ નહિ, નહિ ફરસ નહિ વેદ હો. ગૌતમ૦ બોલે નહિ ચાલે નહિ, મૌન જિહા નહિ ખેદ હો. ગૌતમ ॥ ૧૦ ॥ સી૦ ગાંમ નગર તિહાં કો નહિ, નહિ વસ્તિ નહી ઊજાડ હો. ગૌતમ૦ કાલ સુગાલ વરતે નહિ, નહિ રાત દિવસ તિથી વાર હો ગૌતમ ॥૧૧॥ સી૦ રાજા નહી પરજા નહિ, નહિ ઠાકોર નહિ દાસ હો ગૌતમ૦ મુગતિમાં ગુરૂ ચેલા નહિ, નહિ લહોડ વડાઈ તાસ હો. ગૌતમ ॥ ૧૨ ॥ સી૦ અનોપમ સુખમાં ઝીલી રહ્યા, અરૂપિ જ્યોતી પ્રકાસ હો. ગૌતમ૦ સગલાને સુખ સારીખુ, સહુકોને અવીચલ વાસ હો. ગૌતમ૦

॥૧૩॥ સી૦ કેવલજ્ઞાંન સહિત છે, કેવલ દરિસણ પાસ હો. ગૌતમ૦ ખાઇક સમક્તિ દિપતો, કદિય ન હોવે ઊદાસ હો. ગૌતમ ॥૧૪॥ સી૦ અનંત સિદ્ધ મુગતિ ગયા, ફેર અનંતા જાય હો. ગૌતમ૦ ઓર જગ્યા રૂંધે નહિ, જ્યોતિમાંજ્યોતિ સમાય હો. ગૌતમ ॥ ૧૫ ॥ સી૦ એ અર્થરૂપી સીદ્ધ કેાઈ ઓલખે, આંણી મન વૈરાગ્ય હો. ગૌતમ૦ સિવ સુંદરી વેગે વરે, નય પામે સુખ અથાગ હો, ગૌતમ, સીવપૂર નગરસોહામણું ॥ ૧૬ ॥ ઇતિ સીદ્ધની સઝાય સંપૂર્ણ : ॥

---

# પાંચ મહાવ્રતમાં પહેલા વ્રતની સજ્ઝાય.

કપુર હોવે અતિ ઉજલો રે ॥ એ દેશી ॥

સકલ મનોરથ પુરવે રે, સંખેશ્વરો જિનરાય,તેહતણા સુપસાયથીરે, કરૂં પંચ મહાવ્રત સઝાયરે. ॥ ૧ ॥ મુની-જન એહ પેહલુ વ્રતસાર, એહથી લહીએ ભવનો પારરે. ॥ મુ૦॥ એહ પેહલુ વ્રત સાર ॥ પ્રાણાતિ પાત વિરમણ કહ્યું રે, પેહલુ વ્રત સુવિચાર, ત્રસ થાવર બેહુ જીવનિરે, રક્ષા કરે અણગારરે. ॥ ૨ ॥ મુ, પ્રાણાતિપાત કરે નહિરે, ન કરાવે કેાઈને પાસ, કરતાં અનુમોદે નહિ રે તેહનો મુ-ગતીમાં વાસરે. ॥ ૩ ॥ મુ, જયણાએ મુની ચાલતાંરે, જયણાએ બેસંત, જયણાએ ઉભારહેરે, જયણાએ સુવંતરે, ॥ ૪ ॥ મુ. જયણાએ ભોજન કરેરે, જયણાએ બોલંત, પાપ

કરમ બાંધે નહિ રે, તે મુની મોટા મહંતરે. ॥૫॥ મુ. પાંચે વ્રતની ભાવનારે, જે ભાવે રૂષીરાંય, કાંતિવિજય મુની લેહનારે, પ્રેમે પ્રણમે પાયરે ॥ ૬ ॥ મુ.

---

# ॥ બીજા વ્રતની સજ્ઝાય ॥

॥ ઢાલ ॥ ભોલીડા હંસારે વીષય ન રાચીએ ॥ એ દેશી ॥

અસત્ય વચન મુખતી નવિબોલીએ, જિમનાવેરે સંતાપ ॥ મહાવ્રત બીજેરે જીનવર ઇમ ભણે, મૃષા સમો નહિ પાપ, ॥૧॥ અ૦॥ ખારા જલથીરે તૃપ્તિ ન પામિએ, તિમ ખોટાની રે વાત, સુણતા સાતારે કિમહી ન ઉપજે, વલી હોએ ધર્મનો ઘાત ॥૨॥ અ૦ ॥ અસત્ય વચનથીરે વયરપર પરા. કોય ન કરે વીસવાસ, સાચા માણસ સાથે ગોઠડી, મુજ મન કરવાનિ આસ. ॥૩॥ અ૦ ॥ સાચા નરને સહુ આદર કરે, લોક ભણે જસવાદ. ખોટા માણસ સાથે ગોઠડી, પગ પગ હોએ વીખવાદ. ॥૪॥ અ૦ પાલી ન સકેરે ધર્મ વીતરાગનો. કરમ તણે અનુસાર, કાંતિ વિજય કહે તેહ પ્રસંસીએ, કહે જે શુદ્ધ આચાર. ॥ ૫ ॥ અ૦ ॥ ઇતિ

---

# ત્રીજા વૃતની સજ્ઝાય

ચંદનમલીયાગીરી તણું એ દેશી.

ત્રીજુ મહાવ્રત સાંભલો, જે અદત્તાદાન,દ્રવ્યક્ષેત્ર કાલ ભાવથી, ત્રીવીધેએ પચ્ચખાણ, તે મુનીવર તારે. તરે ।।૧।। નહિ લોભનો લેસ, કરમ ક્ષય કરવા ભણી, પેહેર્યો સાધુનો વેસ તે ।।૨।। ગાંમ નગર પુર વિચરતાં. જયણા માત્રજ સાર, સાધુ હોય તે નવિ લીયે, અણ આપ્યું લગાર તે. ।।૩।। ચોરી કરતાં ઈહિ ભવે, વધ બંધન પામંત, રૌરવ તે નરકે પડે, ઈમ શાસ્ત્ર બોલંત, ને૦ ।।૪।। પરધન લેતા પર તણાં,લીધો, બાહ્ય પરાંણુ, પરધન પરનારિ તજે, તેહનાં કરૂરે વખાણ ।।પા। તે ત્રીજું મહાવ્રત પાલતાં, મોક્ષ ગયા કેહી કોડિ, કાંતિવિજય મુની તેહના, પાય નમે કર જોડિ, તે૦ ।।૬।। ઇતિ

---

# ।। ચોથા મહાવ્રતની સજ્ઝાય ।।

સુમતિ જિણેસર સાહિબ સાંભલો. એ દેશી.

સરસતિ કેરારે ચરણકમલ નમિ, મહાવ્રત ચોથું રે સાર।। કેહસૂં ભાવેરે ભવીયણ સાંભલો, સુણતાં જયજયકાર ।।૧।। એહવા મુનીવરને પાએ નમું, પાલે સીયલ ઉદાર ।। અઢાર સહસ સસીલાંગરથના ધણી, ઉતારે ભવપાર ।। ૨ ।। એ૦ ચોથા

વૃતનેરે સમુદ્રની ઉપમા, બિજ્જનદ્વિય સમાંન ।। ઉત્તરાધ્યનેરે તે બત્રીસમેં, ભાખે જીન વર્ધમાન ।। ૩ ।। એહ૦ કોસ્યા મંદિરે ચોમાસું રહ્યાં, ન ચલ્યા સીયલે લગાર ।। તે થુલી ભદ્ર નેરે જાઉ ભામણે, નમો નમો રે સો સો વાર ।। ૪ ।। એ૦ સીતા દેખીરે રાવણ મોહિયો;કીધા કોડ ઉપાય ।। સીતા માતારે સીલે નવીચલ્યાં; જગમાં સહું ગુણ ગાય ।। ૫ ।। એ૦ સીયલ વીહૂણારે માણસ કુટરા, જેહવાં આવલ કુલ૦ સીયલ ગુણે કરિ જે સોહામણાં, તે માંણસ બહૂ મૂલ ।। ૬ ।। એ૦ નીત ઉઠીનેરે તસ સમરણ કરૂં; જેણું જગ જીત્યોરે કામ ।। વ્રત લઇનેંરે જે પાલે નહી, તેહનું ન લીજે રે નામ ।।૭।। એ૦ દસમા અંગમાંરે સીયલ વખાણીઓ; સકલ ધર્મનું રે સાર ।। કાંતિ વિજય મુનીવર ઈમ ભણે, સીયલ પાલો નરનાર ।। ૮ ।।

---

# ।। પાંચમા મહાવ્રતની સજ્ઝાય ।।

હવે રાય શેઠ તે બિહુજણાં ।। એ દેશી ।।

આજે મનોરથ અતિગણું, મહાવ્રત ગાવા પંચમાતણું ।। તિહાં સર્વ થકિ પરિગ્રહ તજીએ, જેહને સંજમ રમણિ અતી ભજીએ ।। ૧ ।। આ૦ જેહથી સંજમ યાત્રા નીરવ હિએ, તે તો પરીગ્રહમાહિં નવી કહિએ; જે ઉપરે મુનિ ઈછા હોયે ઘણિ, તેહને પરિગ્રહ ભાખે જગધણી, ।। ૨ ।। આ૦

જે તૃષ્ણા તરૂણી સ્યું મોહિયા, તીણે વીસે વીસવા ખોઈયા૦ તૃષ્ણા તરૂણી જસ ઘર આલા, તે જગ સગલાના ઉસીયાલા. ॥૩॥ આ૦ તૃષ્ણા તરૂણી જિણે પરિહરી, તિણેં સંજમ શ્રી પોતે વરી; સંયમ રમણી જસ ઘર પટરાંણી, તેહને પાય નમેં ઇંદ્રઇંદ્રાણી, ॥૪॥ આ૦ સંજમ રાણી સ્યું જેહ રાતા, તેહને ઇહિ ભવ પરભવ સુખસાતા; પાંચેવ્રતની ભાવના કહી, તે આચારંગ સુત્રે લહી. ॥૫॥ આ૦ શ્રીકિર્તિવિજય ઉવઝાય તણેા, જગ માંહે જસ મહિમા ઘણેા; તેહનેા શીષ્ય કાંતિ વિજય કહેં, એહ સજ્ઝાય ભણે તે સુખ લહે ॥૬॥ આ૦ ઇતિ

---

# ॥અથ શ્રી છઠા વ્રતની સજ્ઝાય પ્રારંભા॥

સકલ ધર્મનું સાર તે કહિયે રે, મનવંછીત સુખ જે હથી લહિયે રે, રાત્રી ભેાજનનેા પરીહાર રે, એ છઠું વ્રત જગમાં સાર રે, ॥ ૧ ॥ મુનિજન ભાવે એ વ્રત પાલેા રે, રાત્રી ભેાજન ત્રીવીધે ટાલેા રે, દ્રવ્ય થકી જે ચાર આહાર રે; રાત્રે ન લીએ તે અણગાર રે રાત્રી ભેાજન કરતાં નિરધાર રે; ઘણા જીવનેા થાય સંહાર રે. મુનિ૦ ॥ ૨ ॥ દેવ પુજા નવીસુજે સ્નાન રે, સ્નાન વિના કીમખાઇએ ધાન રે, પંખી જનાવર કહિયેં જેહરે, રાત્રે ચુણ ન કરે તે હરે; મુનિ ૦ ॥ ૩ ॥ મારકંડ રૂષીસર બેાલ્યા વાણી રે,

રૂધીર સમાન તે સઘલું પાણી રે; અન્ન તે આમીષ સ-રીખું જાણો રે, દીનાનાથ જળ થયે રાણો રે. મુનિ૦ ॥૪॥ સાબર સુયર ઘુવડકાગરે, મંજાર વિછુને વલી નાગ રે, રાત્રી ભોજનથી એ અવતાર રે, શીવ શાસ્ત્રમાં એસો વિચાર રે, મુનિજન ભાવે એ વ્રત૦ ॥૫॥ જુંઆધાથી જલો દર થાયરે, કીડી આવે બુદ્ધી પલાય રે; કોંલીયાવડો જો ઉદરે આવેરે, કુષ્ટ રોગી તે નર થાવે રે, મુનિજન ભાવે એ વ્રત૦ ॥ ૬ ॥ શ્રી સીદ્ધાજીનાગમમાંહિ રે, રાત્રી ભો જન દોષ ત્યાંહિ રે, કાન્તી વીજય કહે એ વ્રત પાલો રે, જે પાલે તે ધન્ય અવતારો રે; મુનિજન ભાવે એ વ્રત પાલો રે ॥૭॥ ઇતિશ્રી છઠા વ્રતની સજ્ઝાય ॥ સમાપ્ત૦ ॥

---

# અથ શ્રી શ્રીપાલની સજ્ઝાય.

સરસતિ માત મયા કરો, આપો વચન વિલાસોરે; મયણાસુંદરી સતિ ગાયસું, આણી હૈડે ભાવોરે. ॥૧॥ નવ પદ મહિમા સાંભલો, મનમેં ધરી ઉલાસોરે; મયણાસુંદરી શ્રીપાલને, ફલીયો ધરમ ઉદારોરે. નવ૦ ॥૨॥ માલવ દેસ માંહે વલી, ઉજેણી નયરી જામરે; રાજ કરે તિહાં રાજીયો, પુહવી પાલ નરીંદરે. નવ૦ ॥૩॥ રાય તણી મન મોહની, ઘરણી અનોપમ દોયરે, તાસ કુંખે સુતા અવતરી, સુર

સુંદરી મયણા જોડરે. નવ૦ ॥૪॥ સુર સુંદરી પંડીત કને, શાસ્ત્ર ભણી મીથ્યાતોરે; મયણાસુંદરી સીદ્ધાંતનો, અરથ લીયો સુવિચારોરે. નવ૦ ॥૫॥ રાય કહે પુત્રી પ્રત્યે, હું તુઠો તુમ જેહરે. વંછીત વર માગો સદા, આપું અનોપમ તેહરે નવ૦ ॥૬॥ સુરસુંદરી વર માંગીયો, પરણાવી સુચિ ઠામોરે; મયણાસુંદરી વયણ કહે; કરમ કરે તે હોયરે. નવ૦ ॥૭॥ કરમે તુમારે આવીયો', વર વરો બેટી જેહરે; તાત આદેસે કરગ્રહિ, વરીયો કુષ્ટી તેહરે. નવ૦ ॥૮॥ આંબીલનો તપ આદરી, કોઢ અઢાર નિકાલરે; સદ્‌ગુરૂ આજ્ઞા સીર ધરી, હૂઓ રાય શ્રીપાલરે. નવ૦ ॥૯॥ દેશ દેશાંતર ભમી કરી, આયો તે વર સંતરે, નવ રાણી પરણ્યો ભલી, રાજ્ય પામ્યો મન રંગરે. નવ૦ ॥૧૦॥ તપ પસાય સુખ સંપદા, પ્રત્યક્ષ સ્વર્ગે પહોતોરે; ઉપસર્ગ સવી દૂરે ટલ્યો, પામ્યો સુખ અનંતોરે. નવ૦ ॥૧૧॥ તપગછ દિનકર ઉગીયો, શ્રીવીજ્યસેન સુરીંદોરે; તાસ શીષ વિમલ એમ વિનવે, સતિ નામે આણંદોરે, નવપદ મહિમા સાંભલો. ॥૧૨॥

---

# ॥અથ આંબેલ તપનિ સજ્ઝાય લિખ્યતે॥

ગુરૂ નમતાં ગુણ ઉપજે, બોલે આગમ વાંણ; શ્રીશ્રીપાલને મયણા, સદા એ ગુણ ખાંણ ॥૧॥ શ્રી મુનિચંદ્ર

મુનીસર ।। બેાલે અવસર જાંણુ ।। એ આંકણી ।। આંબેલ-
નેા તપ વરણુવે, નવ પદ નવેરે નિધાંન; કષ્ટટલે આસ્યા
ફલે; વાધે વસુધા વાંણુ. શ્રી ।।૨।। રેાગ જાએ રેાગિ
તણા, જાએ શેાક સંતાપ; વાલા વૃંદ ભેલા મિલે, પુન્ય
વધે ઘટે પાપ, શ્રી ।।૩।। ઉજજલ આસેા સુદ થકિ, તપ
માંડયેા તિણે જેહ; પૂરેા તપ પૂંનિમલગે, કાંમનિ કંથ
સનેહ. શ્રી ।।૪।। ચૈત્ર સુદ સાતમ થકિ. નવ આંબિલ
નિરમાય; એમ એકાસી આંબિલે, એ તપ પૂરેા થાય. શ્રી
।। ૫ ।। રાજ નિકંટક પાલતેા, નવ સત વર્ષ વિલિન;
દેસ વ્રતિપણું આદરયું; દિપાવ્યેા જગ જન શ્રી ।। ૬ ।।
ગજરથ સહસતે નવ ભલા, નવ લખ તેજી તેાખાર;
નવ કેાટી પાયદલ ભલું, નવ નંદન નવ નાર. શ્રી ।। ૭ ।।
તપ જપ ઉજવિ તે થકિ, લિધુ નવમું સ્વર્ગ; સુર નરના
સુખ ભેાગવિ, નવમે ભવ અપવર્ગ. શ્રી ।।૮।। હંસ વિજય
કવિરાયનેા, જીમ જલ ઉપર નાવ, આપ તરયા પર તારસે,
મેાહન સહજ સ્વભાવ, શ્રી ।।૯।। ઇતિ

---

# ।। ઈરિયા વહિની સજઝાય. ।।

ગુરૂ સનમુખ રહિ વિનય વિવેકે, ઇરિયા વહિ પડી
કમીયેજી; પરભવ આભવ પાતિક હણીયે, ગુણ સેણિયે

ચડીએ, સુત અનુસરીયેજીરે. ॥૧॥ તરીયેં આ સંસાર પાતિક હરીયેંજીરે. સદ્ગુરૂનેં, આધાર, પાર ઉતરીયેંજીરે, ષટ્ અક્ષરનો અરથ સુણીનેં, જાંણ્યો નિમસ્તગદ્દોયલુંજીરે, મીછામિ દૂક્કડં નિરજુક્તી, ભદ્ર બાહૂ ગુરૂ બોલે સુત ॥૨॥ પુઢવી અપ તેઉવાઉ સાધારણ, તરૂ બાદર સુખ સમજીરે, પત્યેક તરૂ વિગલેંદ્રી પજ્જત્તા, અપજતા અડવીસ સુત. ॥૩॥ હવે પંચેંદ્રી જલચર ખેચર, ઉરપરી ભુજપરા સર્પજીરે, ગર્ભ સમુછિમ દસપજત્તા, અપજતાએ વીસ સુત ॥ ૪ ॥ નારકી સાતે પજ્જ અપજ્જ, ચઉદ ભેદ મન ધારોજીરે; કર્મ ભુમી અકર્મ ભુમીના, પન્નર તિસવિચાર સુત ॥ ૫ ॥ છપ્પન અંતર દ્વીપના માણસ, ગર્ભ સમુર્ચ્છિમ ભેદજીરે; તે અપજત્તા ગર્ભ જ, ત્રણસેં ત્રણ વલી ભેદ સુંત ॥ ૬ ॥ ભુવનપતિ દસદસ તિરી જંભક, પંદર પરમા ધામીજી રે, વ્યંતર સોલને જોતસીદસત્રિણ; કીલવીષીયા સુર પામિ સુત ॥ ૭ ॥ બાર સ્વર્ગ ને નવ લોકાંતિક, નવ ગ્રૈવેક પંચ અનુતરજીરે; એ નવાણુ પજ અપજત્તા, અકસો અઠ્ઠાણુ સુરનાં સુત. ॥ ૮ ॥ અભીઆ આંદ્વેદસપદ્ધ સાથે. પાંચસે ત્રેસઠ ગણુતાજીરે; છપ્પનસેને ત્રીસ થયા તે, રાગને દ્વેષે હણુતાં સુત. ॥૯॥ અગીયાર સહસનેં બસેસાઠ એ, મન વચ કાયાતિગુણાજીરે, તેત્રીસસેંનેં સાતસે એંસી, તે વલી આગલતિગુણા સુત. ॥ ૧૦ ॥ કરે કરાવેને અનુમોદે, એક લાખ તેરસેં ચાલીસજીરેં; ત્રણ કાલસું ગણુતાં તિગલખ

ચાર હજારનેં વિસ સુત ।। ૧૧ ।। કેવલી સીદ્ધ મુનિસુ ગુરૂઆતમ, છ ગુણા લાખ અઢારજીરે; ચોવિસ સહસનેં એકસો વિસ, સરવાલે અવધાર સુત ।। ૧૨ ।। છઠે વરસેં દીક્ષા લીધી,નવમે કેવલ ધારીજીરે; જલ ક્રીડા કરતાં અયમત્તા, મુનિવરનિ બલીહારી સુત. ।। ૧૩ ।। એમ સાધુ શ્રાવક પાતિકટાલી, લહે ભવ પારજીરે; શ્રી શુભવીરનું શાસન વસ્તે, એકવીસ વરસ હજાર, સુત અનુસરીયેંજી. ।। ૧૪ ।। ઈતિ સમાપ્ત ।।



# અથ શ્રી અરણિક મુનિની સજ્ઝાય.

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી. તડકે દાજે શીશોજી. પાય અણવાણે રે વેલૂ પરજલે, તનુ સુકુમાલ મુનીશોજી. અરણિ૦ ।।૧।। મુખ કરમાણું રે માલતી પુલ જયું, ઉભો ગોખની હેઠો જી; ખરેરે અપોરેં રે દીઠો એકલો; મોહી માનની હેઠો જી. અરણિ૦ ।। ૨ ।। વયણ રંગીલી રે નયણેં વેધિયો, રૂષિ થંભ્યો તેણેં ઠાણો જી. દાસીને કહેજારે ઉતાવલી, એ રૂષિ તેડી આણો જી. અરણિ૦ ।। ૩ ।। પાવન કીજેં રે રૂષિ ઘર આંગણું, વહોરો મોદક સારો જી. નવયોવંનવય કાયા કાં દહો, સફલ કરો અવતારો જી. અ

રણિ૦ ॥ ૪ ॥ ચંદ્રાવદની રે ચારિત્ર ચુક૦યું, સુખ વિલસે દિન રાતો જી; એકદિન રમતાંરે ગોખેં સોગઠે, તવ દીઠી નિજ માતો જી, અરણિ૦ ॥ ૫ ॥ અરણિક અરણિક કરતી મા ફિરે, ગલિયેં ગલિયેં મજારો જી; કહો કેણું દીઠો રે મહારો અરણિકો, પૂછે લોક હજારો જી; અરણિ૦ ॥ ૬ ॥ હું કાયરછું રે મોરી માવડી, ચારિત્ર આંડાની ધારો જી૦ ધિગધિગ વિષયા રે માહરા જીવને, મેં કીધો અવિચારો જી; અરણિ૦ ॥૭॥ ઉતર્યો તિહાંથી રે જનની પાય પડ્યો૦ મનશું લાજ્યો તિવારો જી; વચ્છ તુજ ન ઘટે રે ચારિત્ર ચુકવું, જેહથી શિવસુખ સારો જી. અરણિ૦ ॥ ૮ ॥ એમ સમજાવી રે પાછો વાલિયો, આણ્યો ગુરૂને પાસો જી, સદ્‌ગુરૂ દીએ રે શીખ ભલી પરેં, વૈરાગેં મન ભાસ્યો જી; અરણિ૦ ॥૯॥ આગ ધખંતી રે શિલા ઊપરેં, અરણિકે અણસણ કીધો જી; રૂપવિજય કહે ધન્યછે મુનિવરૂ, જિણેં મનવંછિત લીધો જી. અરણિ૦ ॥ ૧૦ ॥

---

# અથ શ્રી શાંતિનાથનો દશમોભવમેઘરથ રાજાની સજ્ઝાય પ્રારંભ.

દશમેં ભવેં શ્રીશાંતિજી, મેઘરથ જીવડો રાય; રૂડારાજા. પોસહ શાલામાં એકલા, પોસહ લીયો મન ભાય રૂડા રાજા.

ધન્ય ધન્ય મેઘરથ રાયજી, જીવદયા ગુણ ખાણ; ધર્મી રાજા. ધન્ય૦ ।।૧।। એ આંકણી, ઈશાનાધિપ ઇંદ્રજી, વખાણ્યો મેઘરથ રાય ।। રૂડા રાજા, ધર્મે ચલાવ્યો નવિ ચલે, મહાસુર દેવતા આય; રૂડા રાજા. ધન્ય૦ ।।૨।। પારેવું સીંચાણા મુખેં અવતરી, પડીયું પારેવું ખોલા માંહે, રૂડા રાજા, રાખ રાખ મુજ રાજવી, મુજને સીંચાણો ખાહે; રૂડા રાજા. ધન્ય૦ ।।૩।। સીંચાણો કહે સુણો રાજીયા, એ છે મ્હારો આહાર; રૂડા રાજા. મેઘરથ કહે સુણ પંખીયાં, હિંસાથી નરક અવતાર; રૂડા પંખી. ધન્ય૦ ।।૪।। શરણે આવ્યું રે પારેવડું, નહીં આપું નિરધાર રૂડા પંખી. માટી મંગાવી તુજને દીઉં, તેહનું તું કર આહાર; રૂડા પંખા. ધન્ય૦ ।।૫।। માટી ખપે મુજ એહની, કાં વલી તાહરી દેહ; રૂડા રાજા. જીવદયા મેઘરથ વસી, સત્ય ન મેલે ધર્મી તેહ; રૂડા રાજા. ધન્ય૦ ।।૬।। કાતી લેઇ પિંડ કાપીનેં, લે મંસ તું સીંચાણ; રૂડા પંખી; ત્રાજુયેં તોલાવી મુજને દીએા, એ પારેવા પ્રમાણ; રૂડા રાજા. ધન્ય૦ ।।૭।। ત્રાજુએા મંગાવી મેઘરથ રાયજી; કાપી કાપી મૂકે છે મંસ; રૂડા રાજા. દેવમાયા ધારણ સમી, નાવે એકણ અંશ; રૂડા રાજા. ધન્ય૦ ।।૮।। ભાઇ સુત રાણી વલ વલે, હાથ જાલી કહે તેહ; ઘેલા રાજા. એક પારેવાને કારણે, શું કાપોછો દેહ; ઘેલા રાજા. ધન્ય૦ ।। ૯ ।। મહાજન લોક વારે સહુ, મ કરો એવડી વાત; રૂડા રાજા. મેઘરથ કહે ધર્મ ફલ ભલાં, જીવદયા મુજ

ઘાત; રૂડા રાજા. ધન્ય૦ ॥૧૦॥ ત્રાજુયેં બેઠા રાજવી. જે ભાવે તે ખાય; રૂડા પંખી. જીવથી પારેવો અધિકો ગણ્યો, ધન્ય પિતા તુજ માય; રૂડા રાજા. ધન્ય૦ ॥ ૧૧ ॥ ચડતે પરિણામે રાજવી. સુર પ્રગટયો તિહાં આય; રૂડા રાજા. ખમાવે બહુ વિધેં કરી, લલી લલી લાગે છે પાય; રૂડા રાજા. ધન્ય૦ ॥૧૨॥ ઇંદ્ર પ્રશંસા તાહરી કરી, તેહવો તું છો રાય; રૂડા રાજા. મેઘરથ કાયા સાજી કરી; સુર પોહોતો નિજ ઠાય; રૂડા રાજા. ધન્ય૦ ॥ ૧૩ ॥ સંયમ લીયો મેઘરથ રાયજી, લાખ પૂરવનું આય; રૂડા રાજા. વીશસ્થાનિક વિધે સેવિયાં, તીર્થંકર ગોત્ર બંધાય, રૂડા રાજા ધન્ય૦ ॥૧૪॥ ઈગ્યારમે ભવેં શ્રીશાંતિજી, પોહોતા સર્વારથ સિદ્ધ; રૂડા રાજા. તેત્રીસ સાગર આઉખું, સુખ વિલસે સુર રિદ્ધ; રૂડા રાજા. ધન્ય૦ ॥૧૫॥ એક પારેવા દયાથકી; બે પદવી પામ્યા નરિંદ; રૂડા રાજા. પાંચમાં ચક્રવર્તિ જાણિયેં, શોલ મા શાંતિજિણંદ; રૂડા રાજા. ધન્ય૦ ॥ ૧૬ ॥ બારમે ભવેં શ્રીશાંતિજી, અચિરા કૂખેં અવતાર; રૂડા રાજા. દીક્ષા લેઇને કેવલ વર્યા, પહોતા મુગતિ મોજાર; રૂડા રાજા. ॥ ૧૭ ॥ ત્રીજે ભવે શિવસુખ લહ્યો. પામ્યા અનંતુ જ્ઞાન; રૂડારાજા૦ તીર્થંકરપદવી લહી, લાખ વર્ષ આયુ જાણ; રૂડારાજા. ધન્ય૦ ॥૧૮॥ દયાથકી નવનિધિ હોવે, દયા તે સુખની ખાણ; રૂડા રાજા. ભવ અનંતની એ સગી, દયા તે માતા જાણ; રૂડા રાજા. ધન્ય૦ ॥૧૯॥ ગજભવેં શશલો રાખિયેા, મેઘ-

કુમાર ગુણ જાણુ; રૂડા રાજા. શ્રેણિકરાય સુત સુખ લહ્યાં, પોહતા અનુત્તર વિમાન, રૂડા રાજા, ધન્ય૦ ॥ ૨૦ ॥ એમ જાણી દયા પાલજો, મનમાંહે કરૂણા આણુ; રૂડા રાજા, સમયસુંદર એમ વીનવે, દયાથી સુખ નિરવાણુ; રૂડા રાજા૦ ધન્ય૦ ॥ ૨૧ ॥ ઇતિ.

---

# અથ શ્રીવૃદ્ધિવિજયજી કૃત દશવૈકાલિકની સજ્ઝાય પ્રારંભ.

## તત્ર પ્રથમાધ્યયન સજ્ઝાય પ્રારંભ

સુગ્રીવ નગર સોહામણું જી એ દેશી.

શ્રી ગુરૂપદપંકજ નમી જી, વલિ ધરી ધર્મની બુદ્ધિ, સાધુક્રિયા ગુણ ભાંખશું જી, કરવા સમકિત શુદ્ધિ, મુનીશ્વર ધર્મ સયલ સુખકાર. તુમ્હેં પાલો નિરતિચાર, મુનીશ્વર, ધર્મ સયલ સુખકાર. તુમ્હેં પાલો નિરતિચાર, મુનીશ્વર, ધર્મ સયલ સુખકાર. ॥ ૧ ॥ એ આંકણી. જીવદયા સંયમ તવો જી, ધર્મ એ મંગલરૂપ, જેહનાં મનમાં નિત્ય વસે જી, તસ નમે સુર નર ભૂપ. મુ. ધ. ॥ ૨ ॥ ન કરે કુસુમ-કિલામણા જી, વિચરતો જિમ તરૂવૃંદ, સંતોસે વલિ આ-

તમા જી, મધુકર ગ્રહિ મકરંદ. મુ. ધ. ॥ ૩ ॥ તેણિ પરે મુનિ ઘર ઘર ભમી જી, લેતો શુદ્ધ આહાર, ન કરે આધા કોઇને જી, દિયે પિંડને આધાર. મુ. ધ. ॥ ૪ ॥ પહિલે દશવૈકાલિકેં જી, અધ્યયને અધિકાર, ભાંખ્યો તે આરાધતાં જી, વૃદ્ધિવિજય જયકાર. મુ. ધ. ॥ ૫ ॥ ઇતિ.

---

# અથ દ્વિતીયા ધ્યયન સજ્ઝાય પ્રારંભ

શીલ સોહામણું પાલીયેં એ દેશી.

નમવા નેમી જિણુંદનેં, રાજુલ રૂડી નાર રે, શીલ-સુરંગી સંચરે, ગોરી ગઢ ગિરનાર રે. ॥ ૧ ॥ શીખ સુહા-મણી મન ધરો. એ આંકણી. તુમેં નિરૂપમ નિર્ગ્રંથ રે. સવિ અભિલાષ તજી કરી, પાલો સંયમ પંથ રે. શી૦ ॥ ૨ ॥ પાઉસ ભીની પદ્મિની, ગઈ તે ગુફા માંહિ તેમરે, ચતુરા ચીર નિચોવતી, દીઠી રૂષિ રહનેમ રે. શી૦ ॥ ૩ ॥ ચિત્ત ચલે ચારિત્રયો, વયણ વદે તવ એમ રે, સુખ ભોગ-વીયેં સુંદરી, આપણે પૂરણ પ્રેમ રે. શી૦ ॥ ૪ ॥ તવ રાય-જાદ્દી એમ ભણે, ભૂંડા એમ શું ભાંખે રે, વયણવિરૂદ્ધ એ બોલતાં, કાંઈ કુલલાજ ન રાખે રે. શી૦ ॥ ૫ ॥ હું પુત્રી ઉગ્રસેનની, અને તું યાદવકુલ જાયો રે, એ નિર્મલ કુલ આપણાં, તો કેમ અકારજ થાયો રે. શી૦ ॥ ૬ ॥ ચિત્ત

ચલાવી એણિ પરે, નિરખીશ જો તું નારી રે, તો પવના હત તરૂપરે, થાઇશ અથિર નિરધારી રે. શી૦ ॥૭॥ ભોગ ભલા જે પરહરયા, તે વલી વાંછે જેહ રે, વમનભક્ષી કુતર સમો, કહીયેં કુકર્મી તેહ રે. શી૦ ॥ ૮ ॥ સરપ અંધક કુલતણા, કરે અગ્નિ પ્રવેશ રે, પણ વમિયું વિષ નવિ લિયે, જુઓ જાતિ વિશેષ રે. શી૦ ॥ ૯ ॥ તિમ ઉત્તમકુલ ઉપના, છોડી ભોગ સંજોગ રે, ફરિ તેહને વાંછે નહિં, હુવે જો પ્રાણ વિયોગ રે. શી૦ ॥ ૧૦ ॥ ચારિત્ર કિમ પાલી શકે, જો નવિ જાયે અભિલાષ રે, સીદ્યાતો સંકલ્પથી, પગ પગ ઇમ જિન ભાંખે રે. શી૦ ॥૧૧॥ જો કણ કંચન કામિની, ઇચ્છતા અને ભોગવતા રે, ત્યાગી ન કહિયેં તેહનેં, જો મનમેં શ્રી ભોગવતા રે. શી૦ ॥ ૧૨ ॥ ભોગ સંયોગ ભલા લહિ, પરહરે જેહ નિરીહ રે, ત્યાગી તેહજ ભાંખિયો, તસ પદ નમું નિશ દીન રે. શી૦ ॥ ૧૩ ॥ એમ ઉપદેશને અંકુશેં, મયગલ પરે મુનિરાજો રે, સંયમ મારગ સ્થિર કર્યો, સાર્યું વંછિત કાજો રે. શી૦ ॥ ૧૪ ॥ એ બીજા અધ્યયનમાં, ગુરૂહિત શીખ પયાસેં રે, લાભવિજય કવિરાયનો, વૃદ્ધિવિજય એમ ભાખે રે. શી૦ ॥ ૧૫ ॥ ઇતિ.

---

# અથ તૃતીયા ધ્યયન સજ્ઝાય પ્રારંભ.

પંચ મહાવૃત પાલીયેં એ દેશી.

આધાકર્મી આહાર ન લીજિયેં, નિશિભોજન નવિ કીજીયેં, રાજપિંડ ને સજ્ઝાંતરનો; પિંડ વલી પરહરિયેં કે. ॥ ૧ ॥ મુનિવર એ મારગ અનુસરિયેં, જિમ ભવજલ નિધિ તરીયેં, મુનિ. એ૦ એ આંકણી. સાહામો આણ્યો આહાર ન લીજે; નિત્ય પિંડ નવિ આદરીયેં, શી ઇચ્છા એમ પૂછી આપે, તેહ નવિ અંગી કરિયેં કે. મુ૦ ॥ ૨ ॥ કંદ મૂલ ફલ બીજ પ્રમુખ વલી, લવણાદ્વિક સચિત્ત; વર્જે તિમ વલી નવિ રાખીજે, તેહ સન્નિધિ નિમિત્ત કે. મુ૦ ॥૩॥ ઉવટણું પીઠી પર હરિયેં; સ્નાન કદા નવિ કરીયેં, ગંધ વિલેપન નવિ આચરિયેં, અંગ કુસુમ નવિ ધરિયેં કે. મુ૦ ॥ ૪ ॥ ગૃહસ્થનું ભાજન નવિ વાવરિયેં, પરહરિયેં વલી આભરણ; છાયા કારણ છત્ર ન ધરિયેં, ધરે નઉપાનહ ચરણ કે. મુ૦ ॥ ૫ ॥ દાતણ ન કરે દર્પણ ન ધરે, દેખે નવિ નિજ રૂપ, તેલ ચોપડીયેં ને કાંસકી ન કીજે, દીજે ન વસ્ત્રે ધુપ કે. મુ૦ ॥ ૬ ॥ માંચી પલંગ નવિ બેસીજે; કિજે ન વિંજણે વાય; ગૃહસ્થગેહ નવિ બેસીજે, વિણ કારણ સમુદાય કે. મુ૦ ॥ ૭॥ વમન વિરેચન ચિકિત્સા, અગ્નિ આરંભ નવિ કીજે; સોગઠાં સેત્રંજ પ્રમુખ જે કીડા, તે પણ

સવિ વરજીજેં. મુ૦ ॥ ૮ ॥ પાંચ ઇંદ્રિય નિજવશ આણી; પંચાશ્રવ પચ્ચખ્ખીજેં; પ'ચ સમિતિ ત્રણ ગુપ્તિ ધરીનેં, છક્કાય રક્ષા તે કીજેં કે, મુ૦ ॥ ૯ ॥ ઉનાલે આતાપના લીજેં, શીયાલે શીત સહીયેં, શાંત દાંત થઈ પરિસહ સહેવા, સ્થિર વરસાલે રહિયેં કે. મુ૦ ॥ ૧૦ ॥ ઈમ દુષ્કર કરણી બહુ કરતાં, ધરતાં ભાવ ઉદાસી, કર્મ ખપાવી કેઈ હૂઆ, શિવરમણીશું વિલાસી કે. મુ૦ ॥ ૧૧ ॥ દશવૈકાલિક ત્રીજે અધ્યયનેં, ભાંખ્યેા એહ આચાર; લાભ વિજયગુરૂ ચરણ પસાયેં, વૃદ્ધિવિજય જયકાર કે. મુ૦ ॥ ૧૨ ॥ ઇતિ.

---

# અથ ચતુર્થાધ્યયન સજ્ઝાય પ્રારંભ.

સુણ સુણ પ્રાણી, વાણી જિન તણી ॥ એ દેશી. ॥

સ્વામી સુધર્મા રે કહે જંબુ પ્રત્યેં, સુણ સુણ તું ગુણ આણી; સરસ સુધારસ હૂંતી મીઠડી, વીર જિણેસર વાણિ. સ્વા૦ એ આંકણી. ॥ ૧ ॥ સૂક્ષમ બાદર ત્રસ થાવર વત્તી; જીવ વિરાહણ ટાલ, મન વચ કાયા રે ત્રિવિધેં સ્થિર કરી, પહિલું વ્રત સુવિચાર. સ્વા૦ ॥ ૨ ॥ ક્રોધ લેાભ ભય હાસ્યેં કરી, મિથ્યા મ ભાંખેા રે વયણ; ત્રિકરણ શુદ્ધેં વ્રત આરાધજે, બીજું દિવસ ને રયણ. સ્વા૦ ॥ ૩ ॥ ગામ નગર વનમાંહે વિચરંતાં, સચિત્ત અચિત્ત તૃણ માત્ર; કાંઈ અ-

દીધાં મત અંગી કરો, ત્રીજું વ્રત ગુણપાત્ર, સ્વા૦ ॥ ૪ ॥ સુર નર તિર્યંચ યોનિ સંબંધિયાં, મૈથુન કરય પરિહાર, ત્રિવિધેં ત્રિવિધેં તું નિત્ય પાલજે, ચોથું વ્રત સુખકાર. સ્વા૦ ॥ ૫ ॥ ધન કણ કંચન વસ્તુ પ્રમુખ વલી; સર્વ અચિત્ત સચિત્ત; પરિગ્રહ મૂર્ચ્છા રે તેહની પરહરી, ધરી વ્રત પંચમ ચિત્ત. સ્વા૦ ॥ ૬ ॥ પંચ મહાવ્રત એણીપરેં પાલજો, ટાલજો ભોજન રાતિ; પાપસ્થાનક સઘલાં પરહરિ, ધરજો સમતા સવિ ભાંતિ. સ્વા૦ ॥ ૭ ॥ પુઢવી પાણી વાયુ વનસ્પતિ, અગ્નિ એ થાવર પંચ; બિતિ ચઉ પંચિંદિ જલયર થલયરા, ખયરા ત્રસ એ પંચ. સ્વા૦ ॥ ૮ ॥ એ છક્કાયની વારો વિરાધના, જયણા કરિ સવિ વાણિ; વિણ જયણા રે જીવ વિરાધના; ભાંખે તિહુઅણ ભાણ. સ્વા૦ ॥ ૯ ॥ જયણાપૂર્વક બોલતાં બેસતાં, કરતાં આહાર વિહાર; પાપકર્મ બંધ કદિયે નવિ હુવે, કહે જિન જગદાધાર. સ્વા૦ ॥ ૧૦ ॥ જીવ અજીવ પહિલાં ઓલખી, જિમ જયણા તસ હોય; જ્ઞાનવિના નવિ જીવદયા પલે, ટલે નવિ આરંભ કોય. સ્વા૦ ॥ ૧૧ ॥ જાણપણાથી સંવર સંપજે, સંવરે કર્મ ખપાય; કર્મક્ષયથી રે કેવલ ઊપજે, કેવલી મુક્તિ લહેય. સ્વા૦ ॥ ૧૨ ॥ દશવૈકાલિક ચઉથા અધ્યનમાં, અર્થ પ્રકાશ્યો રે એહ: શ્રી ગુરૂલાભવિજયપદ સેવતાં, વૃદ્ધિવિજય લહે તેહ સ્વા૦ ॥ ૧૩ ॥

# ।। અથ પંચમાધ્યયન સજ્ઝાય ।।

વીરે વખાણી રાણી ચેલણા ।। એ દેશી; સુઝતા આહારનો અપ કરો જી, સાધુજી સમય સંભાલ, સંયમ શુદ્ધ કરવા ભણી જી, એષણા દુષણ ટાલ. સુઝ૦ ।। ૧ ।। પ્રથમ સઝાયેં પોરિસી કરી જી, અણુસરી વલી ઉપયોગ, પાત્ર પડિલેહણ આચરોજી, આદરી ગુણ અણુયોગ. સુ૦ ।। ૨ ।। ઠાર ધુઅર વરસાદના જી, જીવ વિરાહણ ટાલ; પગ પગ ઈર્યા શોધતાં જી, હરિકાયાદિક નાલ સુ૦ ।।૩।। ગેહ ગણિકા તણાં પરિહરો જી, જિહાં ગયાં ચલ ચિત્ત હોય; હિંસક કુલ પણ તેમ તજો જી, પાપ તિહાં પ્રત્યક્ષ જોય; સુ૦ ।। ૪ ।। નિજ હાથે બાર ઉઘાડીને જી, બેસીયેં નવિ ઘરમાંહિ; બાલ પશુ ભિક્ષુક પ્રમુખને સંઘટ્ટે; જઈયેં નહિં ઘરમાંહિ. સુ૦ ।। ૫ ।। જલ ફલ જલણ કણ લણસું જી, ભેટતાં જે દિયે દાન; તે કલ્પે નહિં સાધુનેં જી, વરજવું અન્ન ને પાન. સુ૦ ।। ૬।। સ્તન અંતરાય બાલક પ્રત્યેં જી; કરીને રડતો ઠવેય; દાન દિયે તો ઉલટ ભરી જી, તોહિ પણ સાધુ વરજેય. સુ૦ ।। ૭ ।। ગર્ભવતી વલી જો દિયે જી, તેહ પણ અકલ્પ હોય; બાલ નિસરણી પ-મુખેં ચઢી જી, આણિ દિયે કલ્પે ન સોય. ।। ૮ ।। મુલ્ય આણ્યું પણ મત લીયેા જી; મત લિયેા કરી અંતરાય,

1વહરતાં થંભ ખંભાદિકેં જી; ન અડો થિર ઠવો પાયં. સુ૦ ॥ ૯ ॥ એણીપરેં દોષ સવે છાંડતાં જી, પામીયેં આહાર જો શુદ્ધ; તો લહિયેં દેહ ધારણ ભણી જી, અણુલહે તો તપવૃદ્ધિ. સુ૦ ॥ ૧૦ ॥ વયણ લજ્જા તૃષા ભક્ષના જી, પરિસહથી સ્થિરચિત્ત; ગુરૂપાંસેં ઇરિયાવહી પડિક્કમી જી, નિમંત્રી સાધુનેં નિત્ય, સુ૦ ॥૧૧॥ શુદ્ધ એકાંત ઠામેં જઈ જી, પડિક્કમી ઇરિયાવહી સાર; ભોયણ દોષ સવિ છાંડિને જી, સ્થિર થઈ કરવો આહાર સુ૦ ॥૧૨॥ દશવૈકાલિંકેં પાંચમે જી, અધ્યયનેં કહ્યો એ આચાર, તે ગુરૂ લાભવિજય સેવતાં જી, વૃદ્ધિવિજય જયકાર. ॥ સુ૦ ॥ ॥ ૧૩ ॥ ઇતિ ॥

---

# ॥ અથ ષષ્ઠાધ્યયન સજ્ઝાય પ્રારંભ ॥

મ મ કરો માયા કાયા કારિમી, એ દેશી. ગણધર સુધર્મ એમ ઉપદિસે, સાંભલો મુનિવરવૃંદ રે ॥ સ્થાનક અઢાર એ ઓલખો, જેહ છે પાપના કંદ રે. ગ૦ ॥ ૧ ॥ પ્રથમ હિંસા તિહાં છાંડિયેં, જૂઠ નવિ ભાંખિયેં વયણ રે; તૃણ પણ અદત્ત નવિ લીજીયેં, તજીયેં મેહુણ સયણ રે. ગ૦ ॥ ૨ ॥ પરિગ્રહ મુચ્છા પરિહરો, નવિ કરો ભોયણ રાતિ રે; છંડો છક્કાય વિરાધના, ભેદ સમજી સહુ ભાંતિ

રે. ગ૦ ।। ૩ ।। અકલ્પ આહાર નવિ લીજીયેં, ઉપજે દોષ જે માંહિ રે; ધાતુનાં પાત્ર મત વાવરો, ગૃહીતણું મુનિવર પ્રાહી રે. ગ૦ ।। ૪ ।। ગાદીયેં માંચીયેં ન બેસીયેં, વારિયેં શય્યા પલંગ રે. ગ૦ ।।પા। સ્નાન મજ્જન નવિ કીજીયેં, રાત ન રહિયેં ન વિતે સ્થલેં, જિહાં હોવે નારિ પ્રસંગ રે।। જિણે હુંવે મનતણો ક્ષોભ રે; તેહ શણગાર વલિ પરિહરો, દંત નખ કેશ તણી શોભ રે. ।। ગ૦ ।। ૬ ।। છઠે અધ્યયનેં એમ પ્રકાશીયો, દશવૈકાલિક એહ રે; લાભવિજય ગુરૂ સેવતાં, વૃદ્ધિવિજય લહ્યો તેહ રે. ગ૦ ।। ૭ ઇતિ ।।

---

## ।। અથ સપ્તમાધ્યયન સજ્ઝાયઃ ।।

કપૂર હુવે અતિ ઉજલો રે, એ દેશી; સાચું વયણ જે ભાંખિયેં રે, સાચી ભાષા તેહ; સચ્ચાં મોસા તે કહિયેં રે, સાચું મૃષા હોય જેહ રે. ।। ૧ ।। સાધુજી કરજો ભાષા શુદ્ધ; કરી નિર્મલ નિજબુદ્ધિ રે. ।। સા૦ ક૦ ।। એ આંકણી; કેવલ જૂઠ જિહાં હોવે રે, તેહ અસચ્ચા જાણ; સાચું નહિ જૂઠું નહીં રે, અસત્યા અમૃષા ઠાણ રે ।। સા૦ ક૦ ।। ૨ ।। એ ચારે માંહે કહી રે, પહેલી ભાષા હોય ।। સંયમ ધારી બોલવી રે, વચન વિચારી જોય રે ।। સા૦ ક૦ ।। ૩ ।। કઠિન વયણ નવિ ભાંખિયે રેં, તુંકારો રેકાર; કોઇના મર્મ ન બોલિયેં રે, સાચા પણ નિર્ધાર રે. સા૦

॥ ક૦ ॥ ૪ ॥ ચોરનેં ચોર ન ભાંખિયેં રે, કાણાનેં ન કહે કાણ; કહીયેં ન અંધો અંધને રે, સાચું કઠિન એ જાણ રે. ॥ સા૦ ॥ ક૦ ॥ ૫ ॥ જેહથી અનરથ ઉપજે રે, પરને પીડા થાય; સાંચું વયણ તે ભાંખતાં રે, લાભથી ત્રોટો જાય રે. ॥ સા૦ ॥ ક૦ ॥ ૬ ॥ ધર્મ સહિત હિત-કારીયા રેં, ગર્વ રહિત સમતોલ, થોડલા તે પણ મીઠડા રે, બોલ વિચારી બોલ રે. ॥ સા૦ ક૦ ॥ ૭ ॥ એમ સવિ ગુણ અંગીકરી રે, પરહરિ દોષ અશેષ; બોલતાં સાધુનેં હુવે નહિં રે, કર્મનો બંધ લવલેશ રે. ॥ સા૦ ક૦ ॥ ૮ ॥ દસવૈકાલિક સાતમે રે, અધ્યયનેં એ વિચાર; લાભ વિજય ગુરૂથી લહે રે, વૃદ્ધિવિજય જયકાર રે ॥ સા૦ ક૦ ॥ ૯ ॥ ઇતિ ॥

---

# ॥ અથાષ્ટમાધ્યયનસજ્ઝાય પ્રારંભ ॥

રામ સીતાને ધીજ કરાવે, એ દેશી. કહે શ્રીગુરૂ સાંભલો ચેલા રે, આચારજ એ પુણ્યના વેલારે; છજ્જીવ વિરાહણ ટાલોરે, ચિત્ત ચોખે ચારિત્ર પાલો રે. ॥ ૧ ॥ પુઢવી પાષાણ તે ભેદો રે, ફલ ફુલ પત્રાદિ ન છેદો રે; બીજ કુંપલ વન મત ફરજો રે, જીવ વિરાધનથી ડરજો રે. ॥ ૩ ॥ વલી અગ્નિ મલેટશો ભાઈ રે, પીજો પાણી

ઉનું સદાઈ રે; મત વાવરો કાચું પાણી રે, એહવી છે શ્રી વીરની વણી રે. ।। ૩ ।। હિમ ઘુમ્મર વડ ઉંબરાં રે, ફલ કુંથુઆ કીડી નગરાં રે; નીલ ફૂલ હરી અંકૂરા રે. ઇંડાલ એ આઠે પૂરાં રે. ।।૪।। સ્નેહાદિક ભેદેં જાણી રે, મત હણજો સૂક્ષ્મ પ્રાણી રે; પડિલેહી સવિ વાવરજો રે, ઉપકરણે પ્રમાદ મ કરજો રે. ।।૫।। જયણાયેં ડગલાં ભરજો રે, વાટે ચાલતાં વાત મ કરજો રે; મત જ્યોતિષ નિમિત્ત પ્રકાસો રે, નિરખો મત નાચ તમાસો રે. ।। ૬ ।। દીહું અણદીહું કરજો રે, પાપ વ્યસન ન શ્રવણેં ધરજો રે; અણસૂજતો આહાર તજજો રે, રાતેં સન્નિધ, સવિ વરજો રે ।। ૭ ।। બાવીસ પરિસહ સહેજો રે, દેહ દુઃખે ફલ સદહજો રે; અણ પામે કાર્પણ્ય મ કરજો રે, તપ શ્રુતનો મદ નવિ ધરજો રે. ।। ૮ ।। સ્તુતિ ગતિ સમતા ગ્રહેજો રે, દેશ કાલ જોઇને રહેજો રે; ગૃહસ્થશું જાતિ સગાઈ રે, મત કાઢજો મુનિવર કાંઇ રે. ।।૯।। ન રમાડો ગૃહસ્થનાં બાલ રે, કરો ક્રિયાની સંભાલ રે; યંત્ર મંત્ર ઔષધનો ભામો રે, મત કરજો કુગતિકામો રે. ।।૧૦।। ક્રોધેં પ્રીતિ પૂરવલી જાય રે, વલી માને વિનય પલાય રે; માયા મિત્રાઈ નસાડે રે, સવિ ગુણ તેં લોભ નસાડે રે. ।।૧૧।। તે માટેં કષાય એ ચાર રે, અનુક્રમેં દમજો અણગાર રે; ઉપસમશું કેવલ ભાવે રે, સરલાઈ સંતોષ સભાવેં રે ।। ૧૨ ।। બ્રહ્મચારીને જાણજો

નારી રે, જૈસી પોપટને માંજારી રે; તેણું પરિહરો તસ પરસંગ રે, નવ વાડ ધરો વલી ચંગ રે. ॥૧૩॥ રસલોલુપ થઈ મત પોષો રે, નિજકાય તપ કરીનેં શોષો રે; જાણો અથિર પુદ્ગલપિંડ રે, વ્રત પાલજો પંચ અખંડ રે. ॥૧૪॥ કહિયું દશવૈકાલિકેં એમ રે. અધ્યયનેં આઠમે તેમ રે; ગુરૂ લાભવિજયથી જાણીરે, બુધ વૃદ્ધિવિજય મન આણી રે. ॥ ૧૫ ॥ ઇતિ ॥

---

# ॥ અથ નવમાધ્યયનસજ્ઝાય પ્રારંભઃ ॥

શેત્રુંજે જઇયેં; લાલન. શેત્રુંજે જઇયેં; એ દેશી વિનય કરેજો ચેલા, વિનય કરેજો; શ્રીગુરૂ આણા શીશ ધરેજો. ચેલા૦ શી૦ એ આંકણી; ક્રોધી માની ને પરમાદી, વિનય ન શીખે વલી વિષવાદી. ચે૦ વ૦ ॥ ૧ ॥ વિનય રહિત આશાતના કરતાં, બહુ ભવ ભટકે દુર્ગતિ ફરતાં; ચે૦ દુ૦ અગ્નિ સર્પ વિષ જિમ નવિ મારે, ગુરૂ આસાયણ તેથી અધિક પ્રકારે- ચે૦ અ૦ ॥૨ ॥ અવિનયેં દુખિયેા બહુલ સંસારી, અવિનયી મુકિતનેા નહિં અધિકારી; ચે૦ ન૦ કોહ્યા કાનની કૂતરી જેમ; હાંકી કાઢે અવિનયી તેમ. ચે૦ અ૦ ॥ ૩ ॥ વિનય શ્રુત તપ વલી આચાર, કહીયેં સમાધિનાં ઠામ એ ચાર; ચે૦ ઠા૦ વલી ચાર ચાર ભેદ

એકેક સમજો, ગુરૂમુખથી સવિવેક. ચે૦ થી૦ ॥ ૪ ॥ તે ચારેમાં વિનય છે. પહેલો, ધર્મ વિનય વિણ ભાંખે તે ઘેલો. ચે૦ ભા૦ મૂલ થકી જિમ શાખા કહિયેં, ધર્મક્રિયા તિમ વિનયથી લહિયે. ચે૦ વિ૦ ॥ ૫ ॥ ગુરૂ માન વિનયથી લહે સો સાર, જ્ઞાન ક્રિયા તપ જે આચાર, ચે૦ જે૦ ગરથ પખેં જિમ ન હોંયે હાટ, વિણ ગુરૂવિનય તેમ ધર્મની વાટ. ચે૦ ધ૦ ॥ ૬ ॥ ગુરૂ નાન્હો ગુરૂ મ્હોટો કહિયેં, રાજા પરે તસ આણા વહિયેં; ચે૦ આ૦ અલ્પશ્રુત પણ બહુ શ્રુત જાણો, શાસ્ત્રસિદ્ધાંતેં તેહ મનાણો. ચે૦ તે૦ ॥૭॥ જેમ શશી ગ્રહગણેં વિરાજે, મુનિ પરિવારમાં તેમ ગુરૂ ગાજે; ચે૦ તે૦ ગુરૂથી અલગામત રહો ભાઈ, ગુરૂ સેવ્યે લહેશો ગૌરવાઈ. ચે૦ શો૦ ॥ ૮ ॥ ગુરૂવિનયેં ગીતારથ થાશો, વંછિત સવિ સુખલખ્મી કમાશો; ચે૦ લ૦ શાંત દાંત વિનયી લજ્જાલુ, તપ જપ ક્રિયાવંત દયાલુ. ચે૦ વ૦ ॥ ૯ ॥ ગુરૂકુલવાસી વસતો શિષ્ય. પૂજનીય હોયે વિસવા વીશ; ચે૦ વિ૦ દશવૈકાલિક નવમે અધ્યયનેં; અર્થ એ ભાંખ્યો કેવલી વયણેં; ચે૦ કે૦ ઇણિપરેં લાભવિજય ગુરૂ સેવી. વૃદ્ધિવિજય સ્થિર લખ્મી લહેવી. ચે૦ લ૦ ॥ ૧૦ ॥ ઇતિ. ॥

# ॥ અથ દશમાધ્યયનસજ્ઝાય પ્રારંભઃ ॥

તે તરીયા ભાઇ તે તરીયા, એ દેશી, તે મુનિ વંદો તે મુનિ વંદો, ઉપશમ રસનો કંદોરે; નિર્મલ જ્ઞાન ક્રિયાનો ચંદો, તપ તેજે જેહવો દિણંદો રે. તે૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ પંચાશ્રવનો કરિ પરિહાર, પંચ મહાવ્રત ધારો રે; ષટ્જીવ તણો આધાર, કરતો ઉગ્રવિહારોરે. તે૦ ॥૨॥ પંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધે, ધર્મધ્યાન નિરાબાધ રે; પંચમગતિનો મારગ સાધે, શુભ ગુણ તો ઇમ વાધે રે, તે૦ ॥ ૩ ॥ ક્રય વિક્રય ન કરે વ્યાપાર, નિર્મમ નિર હંકાર રે, ચારિત્ર પાલે નિરતિચારે, ચાલંતો ખડ્ગની ધાર રે. તે૦ ॥ ૪ ॥ ભોગ ને રોગ કરી જે જાણે, આપે પુણ્ય વખાણે રે; તપ શ્રુતનો મદ નવિ આણે, ગોપવી અંગ ઠેકાણે રે. તે૦ ॥૫॥ છાંડી ધન કણ કંચન ગેહ, થઈ નિઃસ્નેહી નિરીહ રે; એહસમાણી જાણી દેહ, નવિ પોસે પાપે જેહ રે. તે૦ ॥૬॥ દોષ રહિત આહાર જે પામે, જે લૂખે પરિણામે રે; લેતો દેહનું સુખ નવિ કામે, જાગતો આઠેઈ જામે રે. તે૦ ॥૭॥ રસના રસ રસીયો નવિ થાવે, નિલોભી નિર્માય રે; સહે પરિસહ સ્થિર કરી કાયા અવિચલ જિમ ગિરિરાય રે. તે૦ ॥૮॥ રાતે કાઉસ્સગ્ગ કરી સમશાને જે, તિહાં પરિસહ જાણે રે; તો નવિ ચૂકે તેહવે

ટાણે, ભય મનમાં નવિ આણે રે. તે૦ ॥૯॥ કોઈ ઉપર ન ધરે ક્રોધ, દિયે સહુને પ્રતિબોધ રે; કર્મ આઠ ઝીંપવા જોધ, કરતો સંયમ શોધ રે. તે૦ ॥ ૧૦ ॥ દશવૈકાલિક દશમાધ્યયને, એમ ભાંખ્યો આચાર રે; તે ગુરૂલાભ વિજયથી પામે, વૃદ્ધિવિજય જયકાર રે. તે૦ ॥ ૧૧ ॥ ઇતિ. ॥

---

# ॥અથૈકાદશાધ્યયન સજ્ઝાય પ્રારંભઃ॥

નમો રે નમો શ્રીશત્રુંજય ગિરિવર॥ એ દેશી ॥ સાધુજી સંયમ સુધો પાલો, વ્રત દૂષણ સવિ ટાલો રે; દશવૈકાલિક સૂત્ર સાંભલો; મુનિ મારગ અજુઆલો રે. સા૦ સં૦ ॥૧॥ એ આંકણી. રોગાંતિક પરિસહ સંકટ, પરસંગે પણ ધારો રે; ચારિત્રથી મત ચૂકો પ્રાણી; ઇમ ભાંખે જિનસાર રે; સા૦ સં૦ ॥૨॥ ભ્રષ્ટાચારી મુંડો કહાવે, ઇહિ ભવ પરભવ હાર રે, નરક નિગોદ તણાં દુઃખ પાંમે, ભમતો બહુ સંસાર રે. સા૦ સં૦ ॥૩॥ ચિત્ત ચોખે ચારિત્ર આરાધે, ઉપશમ નીર અગાધ રે, ઝીલે સુંદર સમતાદરિયે, તે સુખ સંપત્તિ સાધે રે, સા૦ સં૦ ॥ ૪ ॥ કામધેનુ ચિંતામણિ સરિખું, ચારિત્ર ચિત્તમેં આણો રે. ઇંહ ભવ પરભવ સુખદાયક એ સમ, અવર ન કાંઈ જાણો રે. સા૦ ॥૫॥ સિજ્જંભવ સૂરિયે રચીયા, દશ અધ્યયન રસાલાં રે; મનકપુત્ર હેતે તે ભણતાં,

લહિયેં મંગલમાલા રે. સા૦ ॥ ૬ ॥ શ્રીવિજયપ્રભસૂરીનેં રાજ્યેં, બુધ લાભવિજયને શિષ્યેં રે; વૃદ્ધિવિજય વિબુધ આચાર એ, ગાયો સકલ જગીશેં રે. સ૦ ॥ ૭ ॥ ઇતિ દશ વૈકાલિક સજ્ઝાય સંપૂર્ણ૦

---

# તત્ર પ્રથમ વ્યાખ્યાન પ્રથમ સજ્ઝાય પ્રારંભ.

અથ શ્રી પર્યૂષણ પર્વની સજ્ઝાય. ॥ ઢાલ પહેલી ॥

પર્વ પજૂષણ આવિયાં, આનંદ અંગેં ન માય રે; ઘર ઘર ઉત્સવ અતિ ઘણા, શ્રી સંઘ આવીને જાય રે. ॥૧॥ પર્વ પજુષણ આવિયાં ॥ એ આકણી. જીવ અમારી પલાવિયેં, કીજિયેં વ્રત પચ્ચખાણ રે; ભાવ ધરિ ગુરૂ વંદિયે, સુણિયેં સૂત્ર વખાણ રે. ૫૦ ।:૨॥ આઠ દિવસ એમ પાલિયેં, આરંભનો પરિહારો રે, નાવણ ધોવણ ખંડણ; લેપણ પીસણ વારો રે; પર્વ૦ ॥૩॥ શક્તિ હોય તો પચ્ચખ્ખીયેં, અઠ્ઠાયેં અતિ સારો રે; પરમ ભક્તિ પ્રીતિ લાવિયેં, સાધુને ચાર આહારો રે. પર્વ ॥ ૪ ॥ ગાય સોહાગણ સવિ મલી, ધવલ મંગલ ગીત રે; પકવાન્ને કરિ પોષિયે, પારણે સાહામિ મન પ્રીત રે. પર્વ૦ ॥૫॥ સત્તરભેદિ પૂજા રચી. પૂજિયેં શ્રી જિનરાય રે; આગલ ભાવના ભાવિયેં, પાતક મલ ધોવાય રે. પર્વ૦ ।:૬॥ લોચ કરાવે રે સાધુજી, બેસે

બેસણાં માંડીરે; શીર વિલેપન કીજિયેં, આલસ અંગથી છાંડી રે. પર્વ૦ ॥૭॥ ગજગતિ ચાલેં ચાલતી, સોહાગણ નારી તે આવે રે; કુંકુમ ચંદન ગહૂંલી, મોતિયેં ચોક પૂરાવે રે. પર્વ૦ ॥૮॥ કૃપા મોહરેં પ્રભાવના, કરિયેં તવ સુખકારીરે; શ્રી ક્ષમાવિજય કવિ રાયનો, બુધ માણકવિજય જયકારી રે. પર્વ૦ ॥ ૯ ॥

---

# અથપ્રથમ વ્યાખ્યાનદ્વતીય સજ્ઝાય પ્રારંભ

॥ ઢાલ બીજી ॥

એ છીંડી કિહાં રાખી એ દેશી

પહેલે દિન બહુ આદર આણી, કલ્પસૂત્ર ઘર શાહો; કુસુમ વસ્ત્ર કેસરશું પૂજી, રાતિ જગે લિયે લાહોરે પ્રાણી. ॥૧॥ કલ્પસૂત્ર આરાધો, આરાધી શિવ સુખ સાધોરે ભવિજન કલ્પસૂત્ર આરાધો ॥૧॥ એ આંકણી. પ્રહ ઉઠીને ઉપાશ્રયેં આવી, પૂજી ગુરૂ નવ અંગેં; વાજિંત્ર વાજતાં મંગલ ગાવતાં, ગહૂંલી દિયે મન રંગે રેં પ્રા. ક. ॥૨॥ મન વચ કાય એ ત્રિકરણ શુદ્ધેં, શ્રીજિનશાસન માંહે; સુવિહિત સાધુતણે મુખ સુણિયેં, ઉત્તમ સૂત્ર ઉમાહી રે. પ્રા. ક. ॥૩॥ ગિરિમાંહે જિમ મેરૂ વડો ગિરિ, મંત્રમાંહે નવકાર; વૃક્ષમાંહે

કલ્પવૃક્ષ અનુપમ; શાસ્ત્રમાંહે કલ્પ સાર રે. પ્રા. ક. ।।૪।। નવમાં પૂર્વનું દશા શ્રુત, અધ્યયન આઠમું જેહ; ચૌદ પૂર્વ ધર શ્રીભદ્રબાહૂ, ઉદ્ધર્યું શ્રીકલ્પ એહ રે. પ્રા. ક. ।।૫।। પહેલા મુનિ દશ કલ્પ વખાણે, ક્ષેત્રગુણ કહ્યા તેર; તૃતીય રસાયન સરિખું એ સૂત્ર, પૂરવમાં નહિં ફેર રે. પ્રા. ક. ।।૬।। નવશેં ત્રાણું વરસેં વીરથી, સદા કલ્પ વખાણ; ધ્રુવસેન રાજા પુત્રની આરતી, આનંદ પૂર મંડાણ રે, રે પ્રા. ક. ।।૭।। અઠ્ઠમ તપ મહિમા ઉપર, નાગકેતુ દૃષ્ટાંત; એ તો પીઠિકા હવે સૂત્ર વાંચના, વીરચરિત્ર સુણો સંત રે. પ્રા. ક. ।।૮।। જંબૂદ્વીપમાં દક્ષિણ ભરતેં, માહણ કૂંડ સુઠામ; આષાઢ શુદિ છઠેં ચવિયા, સુરલોકથી અભિરામ રે. પ્રા૦ ક. ।।૯।। રૂષભદત્ત ઘરે દેવાનંદા. કુખે અવતરિયા સ્વામિ; ચૌદ સુપન દેખી મન હરખી; પિયુ આગલ કહિ તામ રે. પ્રા. ક. ।।૧૦।। સુપન અર્થ કહ્યો સુત હોશે, એહવે ઇંદ્ર આલોચે; બ્રાહ્મણ ઘર અવતરિયા દેખી, બેઠો સુર લોક શોચે રે. પ્રા. ક. ।।૧૧।। ઇંદ્રે સ્તવિ ઉલટ આણી. પૂરણ પ્રથમ વખાણ, મેઘકુમાર કથાથી સાંજે, કહે બુધ માણક જાણિ રે. પ્રા. ક, ।। ૧૨ ।।

# ।।અથ દ્વિતીય વ્યાખ્યન સજ્ઝાય પ્રારંભ.

## ।। ઢાલ ત્રીજી ।।

પ્રથમ ગોવાલાતણે ભવેં જી. એ દેથી

ઇંદ્ર વિચારે ચિત્તમાં જી, એ તો અચરી જ વાત; નીચકુલે નાવ્યા કદી જી, ઉત્તમ પુરૂષ અવદાત. ।। ૧ ।। સુગુણ નર, જુઓ જુઓ કર્મ પ્રધાન- કર્મ સબલ બલવાન. સુ૦ જુ. એ આંકણી. આવે તો જન્મે નહીં જી. જિન ચક્રી હરિ રામ; ઉગ્ર ભોગ રાજનકુલેં જી, આવે ઉત્તમ ઠામ. સુ. ।।૨।। કાલ અનંતે ઉપના જી, દશ અચ્છેરાં રે હોય; તિણે અચ્છેરૂં એ થયું જી, ગર્ભહરણ દશમાંહે. સુ ।।૩।। અથવા પ્રભુ સત્યાવીશમાં જી, ભવમાં ત્રીજે જન્મ; મરીચિભવકુલમદ કિયો જી, તેથી બાંધ્યું નીચ કર્મ. સુ. ।।૪।। ગોત્ર કર્મ ઉદયેં કરી જી, માહાણકુલેં ઉવવાય, ઉત્તમકુલેં જે અવતરે જી, ઇંદ્રજીત તે થાય. સુ. ।। ૫ ।। હરિણુગમેષી તેડીને જી, હરિ કહે એહ વિચાર; વિપ્ર કુલથી લેઈ પ્રભુજી, ક્ષત્રિય કુલેં અવતાર. સુ. ।। ૬ ।। રાય સિદ્ધારથ ઘર ભલી જી, રાણી ત્રિશલા દેવિ; તાસ કુખેં અવતારિયા જી, હરિ સેવક તતખેવ. સુ. ।। ૭ ।। ગજ વૃષભાદિક સુંદરૂં જી, ચૌદ સુપન તિણિ વાર; દેખી રાણી જેહવાં જી, વર્ણવ્યાં સૂત્રેં સાર. સુ. ।। ૮ ।। વર્ણન કરી સુપન તાણું જી, મૂકી

બીજું વખાણ; શ્રીક્ષમાવિજય ગુરૂ તણો જી, કહે માણક ગુણખાણ સુ. ॥ ૯ ॥ ઇતિ.

---

## ॥અથ તૃતીય વ્યાખ્યાનસજ્ઝાય પ્રારંભા॥

॥ ઢાલ ચોથી ॥ મહારી સહી રે સમાણી ॥ એ દેશી ॥

દેખી સુપન તવ જાગી રાણી, એ તો હિયડે હેતજ આણી રે; પ્રભુ અર્થ પ્રકાસે; એ આંકણી ॥ ઉઠીને પિયુ પાસે તે આવે, કોમલવચનેં જગાવે રે. પ્ર૦ ॥ ૧ ॥ કરજોડીનેં સુપન સુણાવે, ભૂપતિનેં મન ભાવે રે; પ્ર૦ કહે રાજા સુણ પ્રાણ પિયારી, તુમ પુત્ર હોશે સુખકારી રે. પ્ર૦ ॥ ૨ ॥ જાઓ સુભગે સુખસજ્ઝાયેં, શયન કરોને સજ્ઝાયેં રેં, પ્ર૦ ॥ નિજ ઘર આવી રાત્રિ વિહાઈ, ધર્મકથા કહે બાઇ રે ॥ પ્ર૦ ॥ ૩ ॥ પ્રાત સમય થયો સુરજ ઉદયો, ઉઠયો રાય ઉમાયો રે ॥ પ્ર૦ ॥ કૌટુંબિક નર વેગેં બોલાવે, સુપન-પાઠક તેડાવે રે ॥ પ્ર૦ ॥ ૪ ॥ આવ્યા પાઠક આદર પાવે, સુપન અર્થ સમઝાવે રે ॥ દ્વિજ અર્થ પ્રકાશે ॥ એ આંકણી ॥ જિનવર ચક્રી જનની પેખે, ચૌદ સુપન સુવિ-શેષેં ॥ દ્વિ૦ ॥ ૫ ॥ વાસુદેવની માતા સાત, ચાર બલ-દેવની માતરે ॥ દ્વિ૦ ॥ તે માટે એ જિનચક્રી સારો, હોશે પુત્ર તુમારો રે ॥ દ્વિ૦ ॥ ૬ ॥ સુપન વિચાર સુણી પાઠકને, સંતોષે નૃપ બહુ દાનેં રે ॥ દ્વિ૦ ॥ સુપનપાઠક ઘરે બોલાવી, નૃપરાણી પાસે આવી રે ॥ દ્વિ૦ ॥ ૭ ॥

સુપન કહ્યાં તે સંખેવે, સુખ પામી પ્રિયા તતખેંવેરે ।।દ્વિ०।। ગર્ભપોષણ કરે હવે હર્ષે, રાણી અંગ આનંદ વરષે રે ।। દ્વિ० ।। ૮ ।। પંચ વિષય સુખ રંગેં વિલસે, અબ પુણ્યમનોરથ ફલશે રે દ્વિ० ।। એટલે પુરૂં ત્રીજું વખાણ, કરે માણક જિનગુણ જ્ઞાન રે ।। દ્વિ० ।। ૯ ।।

---

# અથ ષષ્ઠ વ્યાખ્યાન દ્વિતીય સજ્ઝાય પ્રારંભ

ઢાલ આઠમી ।। દેશી ભમરાની.

કાશી દેશ બનારસી, સુખકારી રે. અશ્વસેન રાજાનો નંદન, પ્રભુ ઉપકારી રે. પટ્ટરાણી વામા સતી. સુ. રૂપેં રંભા સમાન. પ્ર० ।। ૧ ।। ચૌદ સુપન સૂચિત ભલાં. સુ० જન્મ્યા પાસ કુમાર. પ્ર० પોષ વદિ દશમી દિનેં. સુ० સુર કરે ઉત્સવ સાર. પ્ર० ।। ૨ ।। દેહમાન નવ હાથનું. સુ० નીલ વરણ મનોહાર. પ્ર० અનુક્રમે જોબન પામિયા. સુ० પરણી પ્રભાવતી નાર. પ્ર० ।।૩।। કમઠ તણો મદ ગાલીયો. સુ० કાઢયો જલતો નાગ. પ્ર० નવકાર સુણાવી તે કિયો સુ० ધરણરાય મહાભાગ. પ્ર० ।। ૪ ।। પોષ વદિ એકાદશી સુ० વ્રત લેઈ વિચરે સ્વામ. પ્ર० વડતલેં કાઉસ્સગ્ગેં રહ્યા. સુ० મેઘમાલી સુર તામ. પ્ર० ।।પા। કરે ઉપસર્ગ જલવૃષ્ટિનો સુ० આવ્યું નાસિકા નીર. પ્ર० ચૂકયા નહિં પ્રભુ ધ્યાનથી, સુ० સમરથ સાહસ ધીર. પ્ર० ।।૬।। ચત્ર વદિ ચોથનેં

દિને. સુ૦ પામ્યા કેવલ નાણ. પ્ર૦ ચઉવિહ સંઘ થાપી કરી. સુ૦ આવ્યા સમેતગિરિ ઠાણ, પ્ર૦ ॥૭॥ પાલી આયુ સેા વર્ષનું. સુ૦ પહેાતા મુકિત મહંત. પ્ર૦ શ્રાવણ શુદિ દિન અષ્ટમી. સુ૦ ક્રીધેા કર્મનેા અંત. પ્ર૦ ॥ ૮ ॥ પાસ વીરનેં આંતરૂં. સુ૦ વર્ષ અઢીશેં જાણ. પ્ર૦ કહે માણક જિન દાસને. સુ૦ કીજે કેાટિ કલ્યાણ. પ્ર૦ ॥ ૯ ॥

---

## ॥ અથ બાહુબલજીની સજઝાય. ॥

બહેની બેાલે હેા, બાહુબલ સાંભલેા જી; રૂડા રૂડા રંગનિધાન, ગયવર ચઢિયા હેા, કેવલ કેમ હુવે જી, જાણ્યું જાણ્યું પુરૂષ પ્રધાન. બ૦ ॥૧॥ તુજ સમ ઉપશમ જગમાં કુણ ગણે જી, અકલ નિરંજન દેવ ॥ ભાઈ ભરતેસર વાહાલા વીનવે જી, તુઝ કરે સુરનર સેવ, બ૦ ॥૨॥ ભરવરસાલેા હેા વનમાં વેહીએા જી, જિહાં ઘણાં પાણીનાં પૂર; ઝરમર વરસે હેા મેહુલેા ઘણું જી; પ્રગટયા પુણ્ય અંકુર. બ૦ ॥૩॥ ચીંહુ દિસી વીંટયેા હેા વેલડીએ ઘણું જી, જેમ વાદલ છાયેા સૂર; શ્રી આદિનાથેં હેા અમને મેાકલ્યાં જી, તુમ પ્રતિબેાધન નૂર. બ૦ ॥૫॥ વર સંવેગરસેં હેા મુનિવર ભર્યા જી, પામ્યું પામ્યું કેવલ નાણ; માણકમુનિ જસ નામેં હેા હરખ્યેા ઘણુંજી, દિન દિન ચઢતેા છે વાન. બ૦ ॥ ૫ ॥ ઇતિ.

# ।। સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ।।

।। દોહા ।।

સુકૃતવલ્લિ કાદંબિની, સમરી સરસતી માત,
સમકિત સડસઠ બોલની, કહિશું મધુરી વાત. ૧
સમકિત દાયક ગુરુ તણો, પચ્ચુવયાર ન થાય,
ભવ કોડાકોડે કરી, કરતા સર્વ ઉપાય. ૨
દાનાદિક કિરિયા ન દિયે, સમકિતવિણ શિવશર્મ,
તે માટે સમકિત વડું, જાણો પ્રવચન મર્મ. ૩
દર્શન મોહ વિનાશથી, જે નિર્મલ ગુણઠાણુ,
તે નિશ્ચય સમકિત કહ્યું, તેહના એ અહિઠાણુ. ૪

।। ઢાલ ।।

ચઉ સદ્દહણા તિણલિંગ છે, દશ વિધ વિનય વિચારોરે,
ત્રિણ શુદ્ધિ પંચ દૂષણ, આઠ પ્રભાવિક ધારો રે. ૫

।। ત્રુટક ।।

પ્રભાવિક આઠ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણિયે,
ષટ્ જયણા ષટ્ આગાર ભાવના, છવ્વિહા મન આણિયે;
ષટ્ ઠાણ સમકિતતણાં સડસઠ, ભેદ એહ ઉદારએ,
એહનો તત્ત્વ વિચાર કરતાં, લહી જે ભવપાર એ ૬

।। ઢાળ ।।

ચહુવિહ સદ્દહણા તિહાં, જીવાદિક પરમત્થોરે,
પ્રવચનમાંહી જે ભાખિયા, લીજે તેહનો અત્થોરે. ૭

॥ ત્રુટક ॥

તેહનો અર્થ વિચાર કરિએ, પ્રથમ સદ્દહણા ખરી,
બીજી સદ્દહણા તેહની જે, જાણ મુની ગુણજવહરી;
સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા,
તેહની સેવા કીજિયે જિમ, પીજિયે સમતા સુધા. ૮

॥ ઢાળ ॥

સમકિત જેણે ગ્રહી વમ્યું, નિન્હવને અહ છન્દારે,
પાસત્થા ને કુશીલિયા, વેષ વિડંબક મંદારે. ૯

॥ ત્રુટક ॥

મંદા અનાણી દૂર છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી,
પરદર્શનીનો સંગ તજિયે, ચોથી સદ્દહણા કહી;
હીણા તણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,
જયું જલધિ જલમાં ભળ્યું ગંગા, નીર લૂણપણું લહે. ૧૦

॥ ઢાળ ॥

ત્રણ લિંગ સમકિતતણાં રે, પહેલો શ્રુત અભિલાષ,
જેહથી શ્રોતા રસ લહે રે, જેહવો સાકર દ્રાક્ષરે
પ્રાણી ધરીયે સમકિત રંગ, જિમ લહિયે સુખ અભંગરે. ૧૧
તરૂણ સુખી સ્ત્રી પરવર્યોરે, ચતુર સુણે સુરગીત,
તેહથી રાગે અતિ ઘણોરે, ધર્મ સુણ્યાની રીતરે. ૧૨
ભૂખ્યો અટવી ઉતર્યો રે. જિમ દ્વિજ ઘેબર ચંગ,
ઇચ્છે તિમ જે ધર્મને રે, તેહિજ બીજું લિંગરે. ૧૩

વેયાવચ્ચ ગુરૂદેવનું રે; ત્રીજું લિંગ ઉદાર,
વિદ્યા સાધક પરે કરે રે, આલસ નવિય લગાર રે. ૧૪

॥ ઢાળ ॥

અરિહંત તે જિનવિચરતાજી, કર્મ ખપી હુંઆ સિદ્ધ.
ચૈઇય જિન પડીમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ,
ચતુરનર સમજો વિનયપ્રકાર, જિમ લહિયે સમકિતસાર. ૧૫
ધર્મ ખિમાદિક ભાખિયેાજી, સાધુ તેહનારે ગેહ
આચારજ આચારનાજી, દાયક નાયક જેહ. ૧૬
ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂત્ર ભણાવણ હાર
પ્રવચન સંઘ વખાણિયેજી, દરિસણ સમકિત સાર. ૧૭
ભગતિ બાહ્ય પ્રતિપત્તિથીજી, હૃદય પ્રેમ બહુમાન
ગુણ થુતિ અવગુણ ઢાંકવાજી, આશાતનની હાણ. ૧૮
પાંચ ભેદ એ દશ તણેાજી, વિનય કરે અનુકૂળ
સીંચે તેહ સુધા રસેજી, ધર્મ વૃક્ષનું મૂળ. ૧૯

---

સમકિતના ૬૭ બેાલ.

| | | | |
|---|---|---|---|
| ૪ સદ્દહણા | ૩ લિંગ | ૧૦ વિનય | ૩ શુદ્ધિ |
| ૫ દુષણ | ૮ પ્રભાવક | ૫ ભૂષણ | ૫ લક્ષણ |
| ૬ જયણા | ૬ આગાર | ૬ ભાવના | ૬ સ્થાન |

શ્રી રાજનગરના ધેારણ બીજા પ્રમાણે ત્રણ ઢાળ લખેલ છે.

---

# અથ શ્રી અયવંતી સુકુમાલનું તેર ઢાલીયું.

દોહા.

પાસ જીનેશ્વર સેવીયે, ત્રેવીસમો જીનરાય ॥ વિઘ્ન નિવારણ સુખકરણ, નામે નવ નિધિ થાય ॥ ૧ ॥ ગુણ ગાઉં ખંતે કરી, અયવંતી સુકુમાળ ॥ કાન દેઇને સાંભળો, જેમ હોય મંગળ માળ ॥ ૨ ॥

---

## ઢાલ ૧ લી.

( દેશી ત્રિપદીની )

( બે કરજોડી તામરે ભદ્રા વિનવે ) એ દેશી.

મુનિવર આર્ય સુ હસ્તિરે, કિણહીક અવસરે; નયરી ઉજયણી સમોસર્યા એ ॥ ૧ ॥ ચરણ કરણ વ્રત ધારરે, ગુણમણિ આગરૂ, બહુ પરિવારે પરિવર્યા એ ॥ ૨ ॥ વન વાડી આરામરે, લેઈ તિહાં રહ્યા, દોય મુની નગરી પઠાવીયા એ ॥ ૩ ॥ થાનક માગણ કાજરે, મુનિવર મલપતા, ભદ્રાને ઘેર આવીઆ એ ॥ ૪ ॥ શેઠાણી કહે તામરે, શિષ્ય તુમે કહેના, શેકાજે આવ્યા ઈહાં એ ॥ ૫ ॥ આર્ય સુહસ્તિના શિષ્યરે, અમે છું શ્રાવિકા, ઉદ્યાને ગુરૂ છે તિહાં એ ॥ ૬ ॥ માગું છું તુમ પાસર, રહેવા સ્થાનક પ્રાશુક

અમને દીજીએ એ ।। ૭ ।। વાહનશાલ વિશાળરે, આપી ભાવશું, આવી ઈહાં રહીજીએ એ ।। ૮ ।। સપરિવાર સુવિચારરે, આચારજ તિહાં, આવી સુખે રહે સદા એ ।। ૯ ।। નલિની ગુલ્મ અધ્યયનરે, પહેલી નિશાસમે, ભણે આચારજ એકદા એ ।। ૧૦ ।। ભદ્રા સુત ગુણવંતરે, સુખી સુરોપમ, રૂપવંત રળીયામણો એ ।। ૧૧ ।। અયવંતી સુકુમાલરે, સાતમી ભૂમિકા, પામ્યો સુખ વિલસે ઘણું એ ।। ૧૨ ।। નિરૂપમ નારી બત્રીસરે, રૂપે અપછરા, શશી વયણી મૃગલોયણી એ ।। ૧૩ ।। કહે જિન હર્ષ વિનોદરે, પરમ પ્રમોદ શું લીલા લાડે અતિ ઘણી એ ।। ૧૪ ।।

દોહા.

પ્રથમ નિશા સમએ મુનિ, કરી પડિકમણું સાર. આલોયણ આલોચતાં, કુમર સુણ્યો તેણીવાર ।। ૧ ।। રાગ રંગે ભીનો રહે; અવર નહીં કોઈ આજ. લેવો દેવો માતાવશું, કુમર વડો શિરતાજ ।। ૨ ।।

---

## ઢાલ ૨ જી.

( માયા મોહે દક્ષિણ મેલાઈ ) એ દેશી.

મધુરે સ્વરે મુનિવર કરે, હોજી સૂત્રતણી સઝાય ।। શ્રવણે સુપરે સાંભળી, હોજી આવી કુમરને દાય ।। અય-

વંતીસુ કુમાર સુણી ચિતલાય ।। ૧ ।। એ આંકણી ।। વિષય પ્રમાદ તજી કરી, હોજી તનમન વચન લગાય, એ સુખ મે કિહાં અનુભવ્યાં, હોજી જે કહે મુનિવર રાય ।। અય૦ ।। ૨ ।। કુમર કરી એમ સોચના, હોજી બેઠા ધ્યાન લગાય, હૃદયમાંહી વિચારતાં, રોમરોમ ઉલ્લસિત થાય ।। અય૦ ।। ૩ ।। ઈમ ચિંતવતાં ઉપન્યું, હોજી જાતિ સ્મરણ જ્ઞાન ।। આવ્યો તિહાં ઉતાવળો, હોજી ધરતો મન શુભ ધ્યાન ।। અય૦ ।। ૪ ।। ગુરૂનાં ચરણ કમળ નમી, હોજી બેઠો મનને કોડ, ભગવંત ભદ્રા સુત અછુ, હોજી પૂછું બે કરજોડ ।। અય૦ ।। ૫ ।। નલિની ગુલ્મ વિમાનનાં, હોજી તુમે સુખ જાણો કેમ, સુરિ કહે જીન વચનથી, હોજી અમે જાણું છું એમ ।। અય૦ ।। ૬ ।। પૂરવ ભવે હું ઉપન્યો, હોજી નલિની ગુલ્મ વિમાન, તે સુખ મુજને સાંભર્યું, હોજી જાતિ સ્મરણ જ્ઞાન ।। અય૦ ।। ૭ ।। તે સુખ કહો કેમ પામીએ, હોજી કેમ લહીએ તે ઠામ. કૃપા કરી મુજને કહો, હોજી માહરે તેહશું કામ ।। અય૦ ।। ૮ ।। એ સુખ મુજને નવિ ગમે, હોજી અપૂર્વ સરસ વિમાન, ખારો દધિજલ કિમ ગમે, હોજી જેણે કીધો પયપાન ।। અય૦ ।। ૯ ।। એટલા દિન હું જાણતો, હોજી મેં સુખ લહ્યાં શ્રીકાર ।। મુજ સરીખો જગકોઈ નહીં, હોજી સુખીયો ધણે સંસાર ।। અય૦ ।। ૧૦ ।। હવે મેં જાણ્યાં કારમાં, હોજી એ

સુખ ફળ કિંપાક ॥ કહે જીન હર્ષ હવે કહો, હોજી કિમ પામું તે નાક ॥ ૧૧ ॥

---

॥ દુહા ॥

એ સંસાર અસાર છે સાચો સ્વર્ગનો દ્વાર, તિન જ્ઞાન ઘટમાં વસે, સુખ તણો નહીં પાર ॥ ૧ ॥ રયણ મોતી તિહાં ઝળહળે, કૃષ્ણાગર ધમકાર, તાળ મૃદંગ દુંદુભી તણા, નાટકનો નહી પાર ॥ ૨ ॥

## ઢાલ ૩ જી.

( તું કુળદેવી સેવી સદા ) એ દેશી.

સંયમથી સુખ પામીએ, જાણો તુમ નિરધાર, કુમરજી ॥ સુર સુખનું કહેવું કિશું, લહિએ શિવ સુખ સાર, કુમરજી ॥ સંયમ ॥ ૧ ॥ એ આંકણી ॥ નર સુર સુખ એણે જીવડે, પામ્યાં અનંતીવાર કુમરજી ॥ નરપતિ સુરપતિ એ થયો, ન લહી તૃપ્તિ લગાર ॥ કુમરજી ॥ સંયમ ॥ ૨ ॥ કાગ વિષ્ટા ભોળી પ્રિયકરે, પરિહરે મીઠી દ્રાખ, સુગુરૂજી ॥ નલિની ગુલ્મ વિમાનનો, મુજને છે અભિલાખ, સુગુરૂજી ॥ સંયમ૦ ॥ ૩ ॥ તે ભણી મુજશું કરી મયા, દો ગુરૂજી ચારિત્ર, સુગુરૂજી ॥ ઢીલ કીસી હવે કીજીએ, લીજીએ વ્રત સુપવિત્ર, સુગુરૂજી સંયમ૦ ॥ ૪ ॥

શ્રી આચારજ એમ કહે, હજીય અછે તું બાળ !! કુમરજી ।। તું લીલાનો લાડણેો, કેળ ગર્ભ સુકુમાળ, કુમરજી ।। સંયમ૦ ।। ૫ ।। દીક્ષા દુષ્કર પાળવી, પંચ મહાવ્રત ભાર, કુમરજી ।। માથે મેરૂ ઉપાડવેા, તરવેા જળધિ અપાર, કુમરજી ।। સંયમ૦ ।। ૬ ।। મીણ તણે દાંતે કરી, લેાહચણા ચેાણ ખાય ।। કુમરજી ।। અગ્નિ ફરસ કેાંણ સહી શકે, દુષ્કર વ્રત નિરમાય ।। કુમરજી ।। સંયમ૦ ।। ૭ ।। કુમર કહે પ્રભુ સાંભળેા, દુઃખવિણ સુખ કિમ થાય, સુગુરૂજી, અલ્પ દુઃખે બહુ સુખ હુવે ।। તે તેા દુઃખ ન ગણાય, સુગુરૂજી ।। સંયમ૦ ।। ૮ ।। તપ કરવેા અતિ દેાહીલેા, સહેવા પરિસહ ઘેાર, કુમરજી ।। કહે જીન હર્ષ સુભટ થઇ, હણવાં કર્મ કઠેાર, કુમરજી ।। સંયમ૦ ।। ૯ ।।

---

દેાહા.

કુમર કહે મુનિરાયને, વંદૂ બે કરજોડ, ।। શુરા નરને સેાહલું, જુઝે રણમાં દેાડ ।। ૧ ।। તે માટે મુજ દીજીએ, સંયમ ભાર અપાર ।। કર્મ ખપાવું સદ્‌ગુરૂ, પામું ભવજળ પાર ।। ૨ ।।

## ઢાલ ૪ થી.

( કપૂર હેાય અતિ ઉજળેારે ) એ દેશી. કરજોડી આજળ રહીરે, કુમર કહેએમ વાણ ।। શૂરાને શું દેાહિલું રે,

જે આગમે નિજ પ્રાણ, મુનિસર, માહરે વ્રત શું કાજ ॥ મુજને દીઠાં નવી ગમે રે, ઋદ્ધિ રમણી એ રાજ ॥ મુની૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ સાચાં કરી જાણ્યાં હતાંરે, કાચાં સહુ સુખ એહ ॥ જ્ઞાનનયણ પ્રગટયાં હવેરે, હવે હું છંડીશ તેહ ॥ મુનિ૦ ॥ ૨ ॥ દુષ્કર વ્રત ચિર પાળવાંરે, તે તો મેં ન ખમાય ॥ વ્રત લેઇ અણસણ આદરું રે, કષ્ટ અલ્પ જેમ થાય, ॥ મુની૦ ॥ ૩ ॥ જો વ્રત લીએ સુગુરૂ કહેરે, તો સાંભળ મહાભાગ, ઘેર જઈ નિજ પરિવારનીરે, તું તો અનુમતિ માગ ॥ મુનિ૦ ॥ ૪ ॥ ઘેર આવી માતા ભણીરે, અત્યંતિ સુકુમાળ ॥ કોમળ વયણે વિનવેરે, ચરણે લગાડી ભાલ ॥ માતાજી ॥ માહરે વ્રત શું કામ ॥ ૫ ॥ અનુમતિ દ્યો વ્રત આદરૂંરે, આર્ય સુહસ્તિ ગુરૂ પાસ, નિજનરભવ સફળો કરૂંરે, પૂરો માહારી આશ ॥ માતાજી૦ ॥ ૬ ॥ મુરખ નર જાણે નહીરે, ક્ષણ લાખેણો જાય, કાળ અચિંત્યો આવશેરે, શરણ ન કોઇ થાય ॥ માતાજી૦ ॥૭॥ જેમ પંખી પંજર પડ્યોરે, વેદે દુઃખ નિશદીશ, માયા પંજરમાં પડ્યારે, તેમ હું વિશવા વીશ ॥ માતાજી૦ ॥૮॥ એ બંધન મુજ નવિ ગમેરે, દીઠાં પણ ન સુહાય ॥ કહે જીન હર્ષ અંગજ ભણીરે, સુખીયો કર મોરી માય ॥ માતાજી૦ ॥ ૯ ॥

દોહા.

આ કાયા અશાશ્વતી, સંધ્યા જેવો વાન, અનુમતિ આપો માતજી, પામું અમર વિમાન ॥ ૧ ॥ કેહનાં છોરું કહેના વાછરું, કેહનાં માયને બાપ, પ્રાણી જાશે એકલો, સાથે પુણ્યને પાપ ॥ ૨ ॥

## ઢાલ ૫ મી.

( વાત મ કાઢો હો વ્રત તણી ) એ દેશી. માય કહે વચ્છ સાંભલો, વાત સુણાવીએ સીરે ॥ સો વાતે એક વાતડી, અનુમતિ કોઇ ન દેસીરે ॥ માય૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ વ્રત શું તું રયો નાનડા, એ શી વાત પ્રકાશીરે ॥ ઘર જાએ જિણ વાતથી, તે કેમ કીજે હાંશીરે ॥ માય૦ ॥ ૨ ॥ કેણે ધુતારે ભોળવ્યો, કે કેણે ભૂરકી નાંખીરે ॥ બોલે અબળા બોલડા, દીસે છબી મુખ ઝાંખીરે ॥ માય૦ ॥ ૩ ॥ તું નિશ દિન, સુખમાં રહ્યો, બીજી વાત ન જાણીરે ચારિત્ર છે વચ્છ દોહિલું, દુઃખ લેવું છે તાણીરે ॥ માય૦ ॥ ૪ ॥ ભૂખ તૃષા ન ખમી શકે, પાણી વિણ પળ જાયરે, અરસનિરસ જળ ભોજને, બાળવી છે નિજ કાયરે ॥ માય૦ ॥ ૫ ॥ ઇહાં તો કોમળ રેશમી, સુવું સોડ તળાઇરે ॥ ડાભ સંથારો પાથરી, ભૂયેં સૂવું છે ભાઇરે ॥ માય૦ ॥ ૬ ॥ આછાં પહેરણ પહેરવાં, વાઘા દિન દિન નવલારે, તિહાં તો

મેલાં કપડાં, ઓઢવાં છે નિત્ય પહેલાંરે ।। માય૦ ।। ૭ ।। માથે લોચ કરાવવો, રહેવું મલિન સદાઇરે, તપ કરવા અતિ આકરા. ધરવી મમતા ન કાંઇરે ।। માય૦ ।। ૮ ।। કઠણ હોએ તે એ સહે, તે દુઃખ તેં ન ખમાયરે ।। કહે જીન હર્ષ ન કીજીએ, જીણ વાતે દુઃખ થાયરે ।। માય૦ ।। ૯ ।।

---

દોહા.

કુમર કહે જનની સુણો, મુનિ ચક્રિ બળદેવ, સંયમથી સુખ પામીયા, તે સુણજો સુખ હેવ ।। ૧ ।। અર્જુનમાળી ઉદ્ધર્યો, દૃઢ પ્રહારી સોય, પરદેશી રોહીણો, વલી માત સુણાવું તોય ।। ૨ ।। સમદૃષ્ટિ હુએ સમકિતી, સંયમ સુર સુખ લીન ।। કોઈ તર્યા વળી તારશે, મુજમન હુએ પ્રવીન ।। ૩ ।। એકજ અંગજ માહરે, તું પણ આદરે એમ કિમ આપું હું અનુમતિ, સ્નેહ તુટે કહે કેમ ।। ૪ ।।

## ઢાલ ૬ ઠી.

( લાલ રંગાવો વરનાં મોળીયાં એ દેશી )

હવે કુમર ઇરિયું મન ચિંતવે, તે મુજને કોઇ નાપે શિક્ષારે; જાઉં છું વિણ અનુમતે, તો ગુરૂ પણ ન દીયે દીક્ષારે ।। હવે૦ ।। ૧ ।। એ આંકણી. નિજ હાથે કેશ લોચન કીયો, ભલો વેશ જતિનો લીધો રે ।। ગૃહાવાસ

તજ્યો સંયમ ભજ્યો, નિજ મન માન્યો તેમ કીધો રે।। હવે૦ ।। ૨ ।। ભદ્રા દેખી મન ચિંતવે, એતો વેષ લઇને બેઠોરે ।। એહને રાખ્યાં હવે શું હુવે, જમીએ મીઠાભણી એંઠોરે।। હવે૦ ।। ૩ ।। વચ્છ સાંભળ તેંએ શું કીયો, મુજ આશ લતા જન્મૂળીરે ।। તુજ મુખ દેખી સુખ પામતી, દેઈ જાય છે દુઃખની શૂળીરે ।। હવે૦ ।। ૪ ।। તુજ નારી બત્રીસે બાપડી, અબળાને જોબનવંતીરે।। કુળ-વંતી રહેતી નિશદિને, તુજ મુખ સામું નિરખંતીરે।। હવે૦ ।। ૫ ।। રંગે રહેતી તાહરે મન ઉપરે, તુજ વયણ કદી નવી લોપ્યોરે ।। અવગુણ પાખે એ નારી શું, કહેને શા માટે કોપ્યોરે ।। હવે૦ ।। ૬ ।। એ દુઃખ ખમ્યું જાશે નહીં ।। પણ જોર નહીં તુજ કેડેરે ।। જીન હર્ષભદ્રા નારી મલી, આંખડીએ આંસુ રેડે રે ।। ૭ ।।

---

।। દોહા ।।

બત્રીસે નારી મળી, કહે પિયુને સુવિચાર ।। વય લઘુતા રુપે ભલા, શો સંયમનો ભાર ।। ૧ ।। વ્રત છે કરવત સારીખાં, મન છે પવન સમાન ।। બાવીશે પરિસહ સહે, વચન અમારો માન ।। ૨ ।। મયગળ દંત જે નીકળ્યા, તે કેમ પાછા જાય ।। કરમ સુભટ દુરે કરી, પહોચવું શિવપુર ઠાય ।। ૩ ।।

# ઢાલ ૭ મી.

( ઘરે આવોજી આંબો મોરીયો એ દેશી )

અનુમતિ દીધી માયે રોવતાં, તુજને થાઓ કોડ કલ્યાણરે ॥ સફળ થાઓ તુજ આશડી, સંયમ ચઢને સુ પ્રમાણરે ॥ અનુ૦ ॥ ૧ ॥ એ આંકણી. કુમરતણાં વંછિત ફળ્યાં, હર્ષ્યો નિજ ચિત મઝારરે ॥ આવ્યો ગુરુ પાસે ઉમહ્યો, સાથે પરિવાર અપારરે ॥ અનુ૦ ॥ ૨ ॥ સદ્‌ગુરૂનાં ચરણ કમળ નમી, ભાંખે કરજોડી કુમારોરે, પ્રવહણ સમ ગુરૂ મુજ ભણી; સંસાર સમુદ્રથી તારોરે, ॥ અનુ૦ ॥ ૩ ॥ આચાર જે ઉચ્ચરાવીયાં, વ્રતપંચ વિધે સહુ સાખેરે ॥ ધન ધન એવાં જેણે સુખ તજ્યાં, નર નારી મળી એમ, ભાંખેરે ॥ અનુ૦ ॥ ૪ ॥ ભદ્રા કહે આચારજ ભણી, તુમને કહું છું કરજોડરે ॥ જાળવજો એને રૂડી પરે, મુજ કાળજડાની કોરરે ॥ અનુ૦ ॥ ૫ ॥ તપ કરતાં એને વારજો, ભૂખ્યાની કરજો સારોરે ॥ જનમારે દુઃખ જાણ્યું નથી, અહમિંદ્રતણો અવતારો રે ॥ અનુ૦ ॥ ૬ ॥ માહરે આથી પોથી એ હતી, દીધી છે તુમચે હાથ રે ॥ હવે જિમ જાણો તેમ જાણજો, વહાલી માહરી એ આથ રે ॥ અનુ૦ ॥ ॥ ૭ ॥ સાંભળ સુત જોવ્રતઆદર્યું, તો પાળજે નિરતિચારરે ॥ દૂષણમલગાડીશ વ્રત ભણી, તું જેમ પામે ભવ-

પાર રે ॥ અનુ૦ ॥ ૮ ॥ ધન્ય ગુરૂ જેહનોએ શિષ્ય થયેા, ધન્ય માત પિતા કુળ જાસરે ॥ જેહને કુળ એ સૂત ઉપન્યો, ઈમ બોલાવી જસ વાદ રે ॥ અનુ૦ ॥ ૯ ॥ એમ કહી ભદ્રા પાછી વળી, દુઃખણી વહુઅરો લેઈ સાથરે ॥ જિન હર્ષ અલ્પ જળ માછલી, ઘેર આવી થઈ છે અનાથ રે ॥ અનુ૦ ॥ ૧૦ ॥

॥ દોહા ॥

ઘેર આવી સાસુ વહુ, મન માન્યેા ઉદાસ ॥ દીપક વીણ મંદિર કીશેા, પિયુ વિણ સ્ત્રીનીરાસ ॥ ૧ ॥ પિયુ-વિણ પલક ન રહી શકુ, સેજ લગે મુજ ખાય ॥ પથ્થર પડે ભુયંગકેા, તળફ તળફ જીવ જાય ॥ ૨ ॥

# ઢાલ ૮ મી.

( પ્રાહુણાની દેશી )

સદ્‌ગુરૂજી હેા કહુ તુમને કરજોડ, ચિર ચારિત્ર પળે નહી ॥ સદ્‌ગુરૂજી હેા ॥ તપ ક્રિયા નવ થાય, કર્મ ખપે જેહથી સહી ॥ ૧ ॥ સ૦ ॥ તુમચી અનુમતિ થાય, તેા હું અણુસણ આદરૂં ॥ સ૦ ॥ થેાડા કાળ મઝાર, કષ્ટ કરી શિવપદ વરૂં ॥ ૨ ॥ મુનિવરજી હેા ॥ જેમ સુખ થાયે તુજ, તેમ કરેા દેવાણુ પ્રિયા ॥ મુનિ૦ ॥ ગુરૂને

ચરણે લાગી, સહુ શું ખામણડાં કીયાં ।। ૩ ।। મુનિ० ।। આવ્યેા જિહાં સમસાન, બળે મૃતકવન્હિ ધગધગે ।। મુનિ० ।। બિહામણેા વિકરાળ, દેખંતાં મન ઊભગે ।। ૪ ।। મુનિ० ।। પિતૃવન ઇણે નામે, દીસે યમવન સારિખેા ।। મુનિ० ।। કાંટાળા તિહાં રૂખ, કુર કંથેરી સારિખેા ।। ૫ ।। મુનિ० ।। આવ્યેા તિણ વન માંહે, તિહાં આવી અણુસણ કર્યું ।। મુનિ० ।। કાંટે વિંધાણા પાય, તતક્ષણ લાહી જર હર્યું ।। ૬ ।। મુનિ० ।। પગ પીંડી પરનાલ, લેાહી પાવસ ઉન્ન હ્યો ।। મુનિ० ।। સૌભાગી સુકુમાળ, કઠણ પરિસહ આદર્યો ।। ૭ ।। મુનિ० ।। શક્રસ્તવ તિણીવાર, કીધેા અરિહંત સિદ્ધને ।। મુનિ० ।। ધર્માચારજ ધ્યાન, ધર્યું જિન હર્ષ ભલે મને ।। મુનિ० ।। ૮ ।।

---

।। દેાહા ।।

વંદન આવી ગેારડી, પ્રાત સમય ગુરૂ પાસ ।। કર-જોડી મુખથી વદે, નાહ ન દીસે તાસ ।। ૧ ।। મુનિ કહે અનુમતિ લહી, કાઉસગ્ગ રહ્યો સ્મશાન ।। મન ઇચ્છા ઘર પામીયેા, પહેાચ્યેા દેવ વિમાન ।। ૨ ।।

---

# ઢાલ ૯ મી.

( ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે ) એ દેશી.

તિણ અવસર એક આવી જંબુકીરે, સાથે લેઈ પોતાનાં બાળરે ।। ભક્ષ કરવાને દશદિશે ફરેરે, અવળી સવળી દેતી ફાળરે ।। તિણ૦ ।। ૧ ।। એ આંકણી ।। ચરણ રૂધીરની આવી વાસનારે, બાળ સહિત આવી વન માંહરે ।। પૂરવ વૈર સંભારી શોધતીરે, આવા લાગી પગ શું સાહિરે ।। તિણ૦ ।। ૨ ।। ચટચટ ચૂંટે દાંતે ચામડીરે; ગટગટ આયે લોહી માંસરે ।। વટવટ ચર્મતણાં બટકાં ભરેરે, ત્રટત્રટ ત્રોડે નાડી નસરે ।। તિણ૦ ।। ૩ ।। પ્રથમ પ્રહરે તે જંબુક જંબુકીરે, એક ચરણનું ભક્ષણ કીધરે, તોપણ તે વેદનાએ કંપ્યો નહીરે, બીજે પ્રહરે બીજો પગ લીધરે ।। તિણ૦ ।। ૪ ।। આયે પિંડી સાથળ ત્રોડીનેરે, પણ તે ન કરે તિલ ભર રીવરે ।। કાયા માટી ભાંડ અશાશ્વતીરે, તૃપ્ત થાઓ એહથી જીવરે ।। તિણ૦ ।। ૫ ।। ત્રીજે પ્રહરે પેટ વિદારીયુંરે, જાણે કર્મ વિદાર્યાંએણરે, ચોથે પ્રહરે પ્રાણ તજી કરીરે; નલિની ગુલ્મ લહ્યા સુખ તેણરે ।। તિણ૦ ।। ૬ ।। સુરવંદીને તાસ શરીરનોરે, મહિમા કરે અનેક પ્રકારરે, કહે જીન હર્ષ તેણે અવસર મળીરે, વંદણ આવી સઘળી નારરે ।। તિણ ।। ૭ ।।

॥ દોહા ॥

ગોરી સવિ ઝાંખી થઈ, આવી નગરી મઝાર ॥ મુખ કમળાણું માલતી, સાસુ દેખે તેણીવાર ॥ ૧ ॥ કુળમાં કોળાહળ થયો, મંદિર ખાવાધાય, તન ભોગી જોગી હુએ, કરમ કરે તે થાય ॥ ૨ ॥

## ઢાલ ૧૦ મી.

( ભણે દેવકી કેણે ભોળવ્યા ) એ દેશી.

વાંદી પૂછે ગુરૂભણી, અમચો દિસે નહિ ભરતાર, ॥ પૂજ્યજી ॥ કિહાં ગયો મુનિ તે કહો, ઉપયોગે કહે તેણીવાર ॥ કામીની ॥ વાંદી૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ આવ્યા હતા પહોંત્યા તિહાં, દુઃખ પામી મરણ સુણેય ॥ કામિની ॥ હા હા કરે ધરણી ઢળે, આંસુડાં છુટયાં નયણેય, ॥ કામિની ॥ વાંદી૦ ॥ ૨ ॥ હીયડું પીટે હાથ શું, ઉપાડે શિરના કેશ, ॥ કામીની ॥ વિલવે પિયુવિણ પદ્મિણી, સસ્નેહી પામે કલેશ ॥ કામિની ॥ વાંદી૦ ॥૩॥ એટલા દિનમાં દિલ હતી, વ્રતધારી હતો ભરતાર ॥ પૂજ્યશ્રી ॥ એટલુંહીસુખ અમતણું, સાંરયું નહીં કિરતાર ॥ પૂજ્યશ્રી ॥ વાંદી૦ ॥ ૪ ॥ અમે મન માંહે જાણતી, દેખશું દર્શન નિત્ય ॥ પૂજ્યજી ॥ ચરણ કમળ નિત્ય વાંદશું, ચિતવતીએણીપેરે ચિત્ત ॥ પૂજ્યજી૦ ॥ વાંદી૦

॥ ૫ ॥ દૈવે દીધ રંડાપણું, હવે અમે થયાં અનાથ, પૂ-જ્યજી ॥ મનનાં દુઃખ કહીએ કેહને, અમચાં પડયા ભુંઈ હાથ ॥ પૂજ્યજી ॥ વાંદી૦ ॥ ૬ ॥ શું કહીએ કરીએ કિશ્યું, અમને હુએા સંતાપ, પૂજ્યજી ॥ દુઃખ કહીએ કેહને હવે, અમચાં પુરણ પાપ ॥ પૂજ્યજી ॥ વાંદી૦ ॥૭॥ ઉભી પસ્તાવેા કરે, નાંખતી મુખ નિશ્વાસ ॥ કામીની ॥ કહે જીનહર્ષ ઘરે ગઈ, બત્રીશે થઈ નિરાશ ॥ કામીની ॥ વાંદી૦ ॥ ૮ ॥

॥ દોહા ॥

ઇણીપેરે ઝુરે ગેારડી, તિમઝુરે વળી માય ॥ મેાહ-તણી ગતિ વંકડી, જેહથી દુર્ગતિ થાય ॥ ૧ ॥ જીમ જીમ પિયુ ગુણ સાંભરે, તિમ તિમ હૃદય મઝાર ॥ દુઃખ વિરહે સુખ હેાય કિહાં, નિહુર થયેા કિરતાર ॥ ૨ ॥

---

# ઢાલ ૧૧ મી.

( દેખેા ગતિ દૈવનીરે, અથવા ગજરાજની ) એ દેશી.

દુઃખભર બત્રીસે રેાવતીરે, ગદ્ગદ બેાલે વચન ॥ પરલેાકે પેાંત્યા સહારે, સાસુ તુમ પુત્ર રતન ॥ દેજો મુને મુજરેારે, અરે સાસુના જાયા, અરે નણદીના વીરા, અરે અમુલક હીરા, અરે મન મેાહન ગારા, અરે પ્રીતમ પ્યારા ॥ દેજો મને મુજરેારે ॥ ૧ ॥ એ આંકણી ॥ ભદ્રા સુણી

દુઃખણી થઇરે, પુત્ર મરણની વાત. ચાર પહોર દુઃખ નિર્ગમીરે, પહોતી તેણે વન પરભાત ।। દેજો० ।। ૨ ।। કંથેરી વન ઢુંઢતાંરે, પુત્ર કળેવર દીઠ ।। નારી માય રોઇ પડીરે ।। નયણે જળધારા નીઠ ।। દેજો० ।। ૩ ।। હીયડા ફાટે કાં નહીરે, જીવી કાંઇ કરેશ ।। અંતરજામી વાલહોરે, તે તો પોંત્યો પરદેશ ।। દેજો० ।। ૪ ।। હીયડા તું નિહુર થયુંરે ।। પહાણ જડયું કે લોહ ।। પ્રીટ પાપી ફાટયું નહીંરે ।। વહાલા તણે વિચ્છોહ ।। દેજો० ।। ૫ ।। હીયડું હણું કટારીએરે, ભુજું અંગારે દેહ ।। સાંભલતાં ફાટયું નહીરે, તો ખોટો તાહરો નેહ ।। દેજો० ।। ૬ ।। ઇણીપરે ઝૂરે ગોરડીરે, તિમહી જ ઝૂરે માય ।। પિયુ પિયુ મુખથી કરી રહીરે, બાપૈડા મુર જીમ જાય ।। દેજો० ।। ૭ ।। દુઃખભર સાયર ઉલટયોરે, છાતીમાં ન સમાય ।। પ્રેત કારજ સુતનું કિયુંરે, જિન હર્ષ હિયે અકળાય ।।દેજો०।।૮।।

।। દોહા ।।

વૈરાગ્યે મનવાલીયો, સમજાવે તે આપ, હૈયો હટકયો હાથકર, હવે મત કરો વિલાપ ।। ૧ ।। એક નારી ઘર રાખીને, સાસુ સહિત પરિવાર ।। ગુરૂનાં ચરણ નમી કરી, લીધો સંયમ ભાર ।। ૨ ।।

# ઢાલ ૧૨ મી.

(રાજ કુમર બાઈ ભલો ભરતાર, અથવા મોરી બહીનીરે–એ દેશી)

ક્ષિપ્રા તટે ઉભી રડેરે, માય ચિતા બળતી જોય ।।
આંસુ ભીનો કંચુઓ તિહાં, રહે નિચોયનિચોય ।। મોરી વહુઅર, એ શું થયુંરે અકાજ ।। ગયો મુજ ઘરથી રાજ ।। મોરી० ।। હું દુઃખણી થઇ છુ આજ ।। મોરી० ।। ૧ ।। એ આંકણી ।। એ ઘર મંદિર કેહનાંરે, કેહનીએધનરાશિ ।। પુત્ર વિના સુનાં સહુરે, કેહીજીવિતઆશ ।। મોરી ।। ૨ ।। દિશે સહુએ કારમાં રે, વિણસતાંકાંઈ ન વાર ।। સંધ્યારાગ તણીપરેરે, કારમો સહુ પરિવાર ।। મોરી० ।। ૩ ।। બાજી બાજીગર તણીરે, દિસતિ જેમ અમુલ્ય ।। દિવસ ચારકા પેખણારે, અંતે ધૂળકી ધૂળ ।। મોરી ।। ૪ ।। માતાપિતા સુત કામિનીરે, સંયોગે મળીયાં આય ।। વાયે મળ્યા જેમ વાંદળાંરે, વાયે વિખરી જાય ।। મોરી० ।। ૫ ।। સુપન માંહે જેમ રાંકડોરે, ધનપામીહુઓશેઠ ।। જાગી નિહાળે ઠીંકરૂરે, ભાગ્યું માથા હેઠ ।। મોરી० ।। ૬ ।। સ્વપ્ન જેમ અશાશ્વતાં રે, સહુ દેખાય છે એહ ।। કહે જીન હર્ષ વ-રાગીયાંરે, સાસુ વહુઅર તેહ ।। મોરી० ।। ૭ ।।

# ઢાલ ૧૩ મી.

( સુણ બ્હેની પીયુડો પરદેશી એ દેશી )

ભદ્રા ઘર આવી એમ ભાખે, ગર્ભવંતી ઘર રાખેરે ।। અન્ય વધુ પહોતી ગુરૂ પાસે, વ્રત અમૃત રસ ચાખેરે ।। ભદ્રા૦ ।। ૧ ।। એ આંકણી ।। પંચમહાવ્રત સૂધાં પાળે. દૂષણ સઘળાં ટાળેરે ।। દુષ્કર તપ કરી કાયા ગાળે, કલિમલ પાપ પખાળેરે ।। ભદ્રા૦ ।। ૨ ।। અંતકાળે સહુ અણસણ લેઈ, તજી ઔદારિક દેહીરે ।। દેવલોકનાં સુખ તે લેઈ, ચારિત્રનાં ફલ એહીરે ।। ભદ્રા૦ ।। ૩ ।। કેડે ગર્ભવતી સુત જાયો, દેવળ તેણે કરાયોરે ।। પિતામરણને ઠામે સુહાયો, અયવંતી પાસ કહાયોરે ।। ભદ્રા૦ ।। ૪ ।। પાસજીણેસર પ્રતિમાથાપી, કુમતિ લત્તા જડ કાપીરે ।। કિર્તિ તેહની ત્રિભુવન વ્યાપી, સુરજ જેમ પ્રતાપીરે ।। ભદ્રા૦ ।। ૫ ।। સંવત સત્તર એકતાળીસે, શુકલ અશાઢ કહીશેરે ।। વાર શનીશ્ચર આઠમ દિવસે, કીધી સજ્ઝાય જગીશેરે ।। ભદ્રા૦ ।। ૬ ।। અયવંતી સુકુમાર મલાવે, મધુર સ્વરે ગુણ ગાવેરે, તે જન હર્ષ દીપે વડદાવે, શાંતિ હર્ષ સુખ પાવેરે ।। ભદ્રા૦ ।। ૭ ।। ઇતિ ।।

# ।। અથ શ્રી આત્મહિત સજ્ઝાય ।।

મારૂં મારૂં મ કર જીવ તું, જગમાં નહિ તાહરૂં કોયરે ।। આપ સવારથેં સહુ મલ્યા' હૃદય વિચારીને જોયરે ।। ।। મારૂ૦ ।। ૧ ।। દિન દિન આયુ ઘટે તાહરૂં, જિમ જળ અંજળી હોય રે ।। ધર્મ વેળા નાવે ઢુંકડો, કવળ ગતિ તાહરી હોયરે ।। મારૂં૦ ।। ૨ ।। રમણિશું રંધે રાચે રમે, કાંઇ લીયે આવળ આથરે ।। તન ધન યૌવન થીર નહીં, પરભવ નાવે તુજ સાથરે ।। મારૂં ।। ૩ ।। એક ઘેર ધવળ મંગળ હુવે, એક ઘેર રુવે બહુ નારરે ।। એક રામા રમે કન્થશું, એક છોડે શકળ શણુગારરે ।। મા૦ ।। ૪ ।। એક ઘેર સહુ મળી બેસતાં,, નિત્ત નિત કરતા વિલાસરે ।। તેરે સાજનીયેા ઉઠી ગયેા, થીર ન રહ્યો એક વાસરે ।। મારૂં૦ ।। ૫ ।। એહવું સ્વરૂપ સંસારનું, ચેત ચેત જીવ ગમારરે ।। દશ દ્રષ્ટાંતે દોહિલેા, પામવેા મનુષ્ય અવતારરે ।। મારૂં૦ ।। ૬ ।। હર્ષવિજય કહે એહવું, જે ભજે જિનપદ રંગરે ।। તે નરનારી વેગે વરે, મુક્તિ વધુ કેરેા સંગરે ।। મારૂ૦ ।। ૭ ।। ઇતિ ।।

---

# ।। કલાવતીની સજ્ઝાય. ।।

શ્રીનગરી કેાસંબીનેા રાજા એ કહિએ, નામે જેસંગ રાજા ।। બેન મણિરે જેણે બેરખડા મેાકલ્યા, કરમે ભાઈ ના

કહેવાયરે ।। કલાવંતી સતીરે શિરોમણિ નાર ।।૧।। પહેલીને રયણિએ રાજા મોહોલે પધાર્યા, પૂછે બેરખડાની વાત ।। કોને સ્વામી તમે બેરખડા ઘડાંવ્યા, સરખી ન રાખી નારરે ।। ૨ ।। બીજીને રાણીએ રાજા મહોલ પધારે, પૂછે બેરખડાની વાત, કોને તમને કેને બેરખડા ઘડાવ્યા, તુનથી શિયલવંતી નારરે ।। કલાવતી ।। ૩ ।। ઘણું જીવોરે જેણે બેરખડા ઘડાવ્યા, તે નથી અવસર આવ્યેા એહ ।। અવસર જાંણીને જેણે બેરખડા ઘડાવ્યાં, તે મે પેર્યા છેજરે ।। કલા૦ ।।૪।। મારા મન તેહને મન, તેણે મેાકલ્યા છે એજરે ।। રાત દિવસ મારે હૈયડે ન વિસરે, દીઠે હરખ ન માયરે ।। કલાવતી ।। ૫ ।। તેણે અવસરે રાજા રોષે ભરાણેા, તેડાવ્યા સુભટ બે ચાર ।। સૂકીરે નદીમાં છેદન કરાવ્યા, કર લેઈ વેલેારે આવરે ।। કલાવતી ।। ૬ ।। બેરખડા જોઇને રાજા મનમાં વિમાસે, મે કીધેા અપરાધ ।। વિણ અપરાધે છેદન કરાવ્યા, તે મેં કીધેા અન્યાયરે ।। કલાવતી ।। ૭ ।। તેણે અવસરે રાજા ધાન ન ખાએ, તેડાવ્યા રાજા બે ચાર ।। રાત દિવસ રાજા મનમાં વિમાસે, જો આવે શિયલવંતી નારરે ।। કલાવતી૦ ।। ૮ ।। સુકું સરેાવર લેહરે જાય, વૃક્ષ નવ પલ્લવ થાય ।। કર નવા આવ્યાને બેરડેા ધવરાવે, તે સિયલતણે પસાયરે ।। કલા ૦ ।। ૯ ।। તેણે અવસર મહાવીરજી પધાર્યા, પૂછે પૂરવભવની વાત ।। સાસા અપરાધ કીધા પ્રભુજી, તેમને કહેારે આજરે ।। ક૦ ।। ૧૦ ।।

તું હતી બાઈ રાજાની કુંવરી, એ હતો સૂડાની તે જાત ।।
સેજે સેજેરે તેંતો બાણજ નાંખ્યું, ભાંગી સૂડાની પાંખરે ।।
કલાવતી૦ ।। ૧૧ ।। તમે તો મારી વસ્તુ સંભાલો, મારે
સંજમ કેરો ભાવ ।। દીક્ષા લેશું મહાવીરજિન પાસે, પહોં-
ચસુ મુગતી મહંતરે ।। કલાવતી૦ ।। ૧૨ ।। પુત્ર હતો
તે રાયને સોંપિયો, પોતે લિયે સંજમ ભાર ।। હીરવિજય
ગુરૂ એમ ભણે, સ્વામી આવાગમણ નિવાર ।। મુજને
ઉતારો ભવપાર, કલાવતી સતીરે શિરોમણી નાર ।। ૧૩ ।।
ઇતિ કલાવતીની સજ્ઝાય.

—o—

# ।। અથ શ્રી મેતારજમુનિની સજ્ઝાય ।।

( જીવ રે તું શીલતણો કર સંગ—એ દેશી )

સમ દમ ગુણના આગરૂ જી, પંચમહાવ્રત ધાર ।।
માસખમણને પારણે જી, રાજગૃહી નગરી મઝાર ।। મેતારજ
મુનિવર ધન ધન તુમ અવતાર ।। એ આંકણી. ।। સોનીને
ઘેર આવીયા જી, મેતારજ ઋષિરાય ।। જવલા ઘડતો ઉઠીયો
જી, વંદે મુનિના પાય ।। મે૦ ।। ૨ ।। આજ ફલ્યો ઘર
આંગણે જી, વિણ કાળે સહકાર ।। લ્યો ભિક્ષા છે સૂઝતી જી,
મોદકતણો એ આહાર ।। મે ।। ૩ ।। કૌંચજીવ જવલા ચણ્યો
જી, વહોરી વલ્યા ઋષિરાય ।। સોની મન શંકા થઇ જી,

સાધુતણાં એ કામ ।। મે૦ ।। ૪ ।। રીસ કરી ઋષિને કહે જી, ધો જવલા મુજ આજ ।। વાઘર શીશે વિંટીયું જી, તડકે રાખ્યા મુનિરાજ ।। મે૦ ।। ।। ૫ ।। ફટ ફટ ફુટે હાડકાં જી, તડ તડ ટૂટે ચામ ।। સોનીડે પરિસહ દીયેાજી, મુનિ રાખ્યેા મન ઠામ ।। મે૦ ।। ૬ ।। એહવા પણ મ્હેાટા યતિજી, મન્ન ન આણે રેાષ ।। આતમ નિંદે આપણેાજી, સોનીનેા શેા દેાષ ।। મે૦ ૭ ।। ગજસુકુમાલ સંતાપીયા જી, બાંધી માટીની પાળ ।। ખેર અંગારા શિર ધર્યાજી, મુગતે ગયા તતકાલ ।। મે૦ ।।૮।। વાઘણે શરીર વલૂરિયું જી, સાધુ સુકેાસલ સાર ।। કેવળ લહી મુગતિ ગયાજી, ઈમ અરણિક અણુગાર ।। મે૦ ।।૯।। પાલક પાપી પીલિયાજી, બંધકસૂરિના શિષ્ય ।। બંધડ ચેલા સાતશેંજી, નમેા નમેા તે નિશદિશ ।। મે૦ ।। ૧૦ ।। એહવા ઋષિ સંભારતાજી, મેતારજ ઋષિરાય ।। અંતગડ હુઆ કેવળીજી, વંદે મુનીના પાય ।।મે૦ ।। ૧૧ ।। ભારી કાષ્ટની સ્ત્રીયે તિહાંજી, લાવી નાંખી તિણિ વાર ।। ધખકે પંખી જાગીયેાજી, જવલા કાઢયા તિણે સાર ।। મે૦ ।। ૧૨ ।। દેખી જવલા વિષ્ટમાંજી, મન લાજ્યેા સેાનાર ।। ઓધેા મુહપતિ સાધુનેાજી. લેઇ થયેા અણુગાર ।। મે૦ ।। ૧૩।। આતમ તાર્યો આપણેાજી, થિર કરી મન વચકાય ।। રાજ-વિજય રંગે ભણેજી, સાધુતણી એ સજ્ઝાય ।। મેતારજ૦।। ।। ૧૪ ।। ઈતિ ।।

---

# ૨૧ અથશ્રી એલાચી કુમારની સજ્ઝાય ।।

।। નામ એલાપુત્ર જાણીયેં, ધનદત્ત શેઠનો પુત્ર ।। નટવી દેખીને મોહીયેા, નવિ રાખ્યું ઘરનું સુત્ર ।। ૧ ।। કરમ ન છુટેરે પ્રાણીયા, પૂરવ નેહ વિકાર ।। નિજકુલ છંડીરે નટ થયેા, નાણી શરમ લગાર ।। કર્મ૦ ।। માત પિતા કહે પુત્રને, નટ નવિ થઈયેરે જાત ।। પુત્ર પરણાવું રે પદ્મિણી, સુખ વિલસેા સંઘાત ।। કર્મ૦ ।। ૩ ।। કહેણ ન માન્યું રે તાતનું, પૂરવ કર્મ વિશેષ ।। નટ થઈ શીખ્યેા રે નાચવા, ન મટે લખ્યારે લેખ ।। કર્મ૦ ।। ૪ ।। એક પુર આવ્યેા રે નાચવા, ઉંચેા વંશ વિશેક ।। તિહાં રાય જોવાને આવિયેા, મલીયા લેાક અનેક ।। કર્મ૦ ।। ૫ ।। ઢોલ બજાવે રે નટ્ટવી, ગાવે કિન્નર સાદ ।। પાય તલ ઘૂંઘરા ઘમ ઘમે, ગાજે અંબર નાદ ।। કર્મ૦ ।। ૬ ।। દોય પગ પહેરી રે પાવડી, વંશ ચઢયેા ગજ ગેલ ।। નેાધારેા થઇ નાચતેા, ખેલે નવ નવા ખેલ ।। કર્મ૦ ।। ૭ ।। નટવી રંભારે સારિખી, નયણે દેખેરે જામ ।। જો અંતેઉરમાં એ રહે, જનમ સફલ મુઝ તામ ।। કર્મ૦ ।। ૮ ।। તવ તિહાં ચિંતે રે ભૂપતિ, લુબ્ધેા નટવીની સાથ ।। જો નટ પડેરે નાંચતેા, તેા નટવી કરું મુજ હાથ ।। કર્મ૦ ।। ૯ ।। કર્મ વશેંરે હું નટ થયેા, નાચું છું નિરાધાર ।। મન નવિ

માનેરે રાયનું, તો કેાણ કરવેા વિચાર ।। કર્મ૦ ।। ૧૦ ।। દ્વાન ન આપે રે ભુપતિ, નટેં જાણી તે વાત ।। હું ધન્ય વાંછું છું રાયનું, રાય વંછે મુજ ઘાત ।। કર્મ૦ ।। ૧૧ ।। દ્વાન લહું જો હું રાયનું, તો મુજ જીવિત સાર ।। એમ મન માંહે ચિંતવી, ચઢીએા ચેાથી રે વાર ।। કર્મ૦ ।। ।। ૧૨ ।। થાલ ભરી શુદ્ધ મેાદકેં, પદ્મણી ઉભી છે બાર ।। હ્યેા હ્યેા કહે છે લેતા નથી, ધન ધન મુની અવતાર ।। કર્મ૦ ।। ૧૩ ।। એમ તિહાં મુનિવર વેાહારતા, નટે પેખ્યા મહાભાગ ।। ધિગૂ ધિગૂ વિષયારે જીવને, એમ નટ પામ્યેા વૈરાગ ।। કર્મ૦ ।। ૧૪ ।। સંવર ભાવેરે કેવલી, થયેા તે કર્મ ખપાય ।। કેવલ મહિમા રે સુર કરે, લબ્ધિવિજય ગુણગાય ।। કર્મ૦ ।। ૧૫ ।। ઇતિ ।।

---

# ।। અથ શ્રી દેવલેાકની સજ્ઝાય ।।

સુધરમાં દેવલેાકમાં, વૈમાન બત્રીશલાખ ।। કેઈ ભેાળા શંકા કરેરે, એ તેા સૂત્ર ભગવતિની શાખરે ।। પૂણ્યનાં ફળ જોજ્યેા ।। ૧ ।। સુધરમાં દેવલેાકમાંરે, પાંચશેં જોજન મેહુલ ।। સત્તાવીશે જોજન ભુંઇતળાંરે ભાઈ, એ સુખતેા નહિ સહેલરે ।। પુ૦ ।। ૨ ।। વેગ ગતિ ચાલે દેવતારે, લાખ જોજન કરે દેહ ।। એકેકા વિમાનનેારે ભાઈ, નાવે છઠે મહિને

છેહરે ।। પુ૰ ।।૩।। હાવભાવ કરતી થકીરે, દેવીઓ આવે હજુર ।। આ ઠામે આવી ઉપન્યા, સ્વામિ શાં કીધાં પુણ્ય પૂરરે ।। પુ૰ ।।૪।। નામ બતાવો ગુરૂ તણોરે, નિલોંભી ઋષિરાય ।। ભવસાગરમાં બુડતાંરે, તુમ હાથલિયેા સંબાયરે ।। પુ૰ ।। ૫ ।। નિલોંભી નિર્લાલચીરે, માગી બદામ ન એક।। દુર્ગતિ પડતાં રાખીયેારે, મને મોકલીયેા દેવ લોકરે ।। પુ૰ ।। ૬ ।। દેવ પ્રત્યે દેવિયેા કહેરે, સુણેા વલ્લભ મોરા નાથ ।। નાટક જુએા એક અમ તણુંરે, પછી જઈ કહેજો સગાંને વાતરે ।। પુ૰ ।। ૭ ।। એક નાટક કરતા થકારે, ગયાં વર્ષ દોય હજાર ।। દેવતા મનમાં ચિંતવેરે, હવે કરવેા કવણ વિચારરે ।। પુ૰ ।। ૮ ।। સઘલેા કુંટુંબ પુરેા થયેારે, હવે કહેશું કેહને જાય ।। દુર્ગંધ ઉડે મનુષ્ય લોકનીરે, હવે જાય અમારી બલાયરે ।। પુ૰ ।। ૯ ।। ઉદયરતન વાચક કહેરે, દેવલોકની સજ્ઝાય ।। ભણે ગણે ને સાંભળેરે, તેનાં પાતક દુર પળાયરે ।। પુ૰ ।। ૧૦ ।। ઇતિ।।

---

# ।। અથ પજુસણની સજ્ઝાય ।।

આજ મારે મન વસ્યારે, ભવીયણ પર્વ પજુસણ મોટા ।। હોલી બલેવને નોરતાં જાણેા, એ સવે છે ઝોટાં ।। આ૰ ।। ૧ ।। ચેાથ છઠ્ઠ અઠમ અઠાઈ, માસ ખમણ

પણ કરીએ ।। દેવગુરૂ આપણે મન ધરીયે, તો ભવસાયર તરીયે ।। આ૦ ।।૨।। અઠાઈ ઘરનો પોસો કરીયે, ગુરૂ વાણી રસ પીજે ।। કલ્પ ઘેર પધરાવો ભકતે, ભાવે મન ઉલસીજે ।। આ૦ ।। ૩ ।। કુંવર ગયવર ખંધ ચઢાવો, ઢોલ નીશાન વજડાવો ।। કલ્પસૂત્ર ગુરૂ પાસે રાખી, પૂજા પ્રભાવના ભાવો ।। આ ।। ૪ ।। તેલાધર દિન રુડો જાણી, કાઠીયા તેર નિવારો ।। સંવત્સરી દિને ખારસો સુણી, ક્રોધ કષાયને વારો ।। આ ।। ૫ ।। મન વચન કાયાએ જે કીધાં, પાપ કર્મ બહુ કુડા ।। મિછામિ દુક્કડં દેઈ કરીને, પડીક્કમણાં કરો રૂડા ।। આ ।। ૬ ।। સરલચિત આણિ પ્રભુજીને, જે નરનારી ઘરસે ।। કહે લઘુ બાલક નિતિવિજયનો, તે શિવલીલા વરસે ।। આ ।। ૭ ।। ઈતિ પજુસણ સજ્ઝાય.

---

# ।।અથ શ્રી મૂર્ખને પ્રતિબોધની સજ્ઝાય।।

જ્ઞાન કદી નવ થાય, મુરખને જ્ઞાન કદી નવ થાય ।। કહેતાં પોતાનું પણ જાય ।। મુરખને૦ ।। ૧ ।। શ્વાન હોય તે ગંગા જળમાં, સોવેળા જો ન્હાય ।। અડસઠ તીરથ ફરિ આવે પણ, શ્વાન પણું નવિ જાય ।। મુરખને૦ ।। કહે૦ ।। ।। ૨ ।। કુર સર્પ પયપાન કરંતા, સંત પણું નવિ થાય ।। કસ્તુરિનું ખાતર જો કીજે, વાસ લસણ નવિ જાય ।। મુર-

ખને૦ ।। કહે૦ ।। ૩ ।। વર્ષા સમે સુગ્રીવતે પક્ષી, કપિ ઉપદેશ કરાય ।। તે કાપને ઉપદેશ ન લાગ્યેા, સુગ્રી ગૃહ વિખરાય ।। મુરખને૦ ।। કહે૦ ।। ૪ ।। લેાહ ધાતુ ટંકણ જો લાગે, અગ્નિ તુરત ઝરાય ।। મુરખને૦ ।। કહે૦ ।। ૫ ।। કાગ કંઠમાં મુક્તાફળની, માળા તે નધરાય ।। ચંદન ચરિતિ અંગ કરિજે, ગર્ધભ ગાય ન થાય ।। મુરખને૦ ।। કહે૦ ।। ૬ ।। સિંહચર્મ કેાઈ શિયાળ સુતને, ધારે વેષ બનાય ।। શિયાળ સુત પણ સિંહ ન હેાવે, શિયાળપણું નવિ જાય ।। મુરખને૦ ।। કહે૦ ।। ૭ ।। તે માટે મુરખથી અળગા, રહેતે સુખીયા થાય ।। ઉખર ભુમિ બીજન હેાવે; ઉલટું બીજ તે જાય ।। મુરખને૦ ।। કહે૦ ।। ૮ ।। સમકિત ધારી સંગ કરી જે, ભવ ભય ભીતિ મિટાય ।। મયાવિજય સદ્-ગુરૂ સેવાથી, બુદ્ધીવિજય ગુણ ગાય ।। મુરખને૦ ।। કહે૦ ।। ।। ૯ ।। ઇતિ સમાપ્ત ।।

---

# ।। અથ બાહુબલની સજ્ઝાય ।।

રાજ તણારે અતિ લેાભિયા, ભરત બાહુબલિ જુઝેરે ।। મૂઠી ઉપાડીરે મારવા, બાહુબલિ પ્રતિ બૂઝેરે ।। વીરામેા રાગજ થકી ઉતરેા ।। ગજ ચડે કેવલ ન હેાયરે ।। વીરા૦ ।। ૧ ।। ઋષભદેવ તિહાં મેાકલે, બાહુ બલિજીની પાસેરે ।।

અંધવ ગજ થકી ઉતરેા, બ્રાહ્મી, સુંદરી એમ ભાખેરે ।। ૨ ।। લેાચ કરીને ચારિત્ર લીયેા, વળી આવ્યેા અભિમાનરે ।। લઘુ અંધવ વાંદું નહી, કાઉસગ્ગ રહ્યા શુભ ધ્યાનરે ।। વીરા૦ ।। ૩ ।। વરસ દિવસ કાઉસગ્ગ રહ્યા, શીત તાપથી સૂકાણારે ।। પંખીડે માળા ઘાલીયા, વેલડીયે વીંટાણારે ।। વીરા૦ ।। ૪ ।। સાધવીનાં વચન સુણી કરી, ચમકયેા ચિત્ત મઝારરે ।। હય ગય રથ સહુ પરિહરયા, વળી આવ્યેા અહંકારરે ।। વીરા૦ ।। ૫ ।। વૈરાગે મન વાળિયું, મૂકયેા નિજ અભિમાનરે ।। પગ ઉપાડયેારે વાંદવા, ઉપન્યું કેવળ જ્ઞાનરે ।। વીરા ।। ૬ ।। પહેાત્યા તે કેવળી પરષદા, બાહુબલી મુનિરાયરે ।। અજરામર પદવી લહી, સમય સુંદર વદે પાયરે ।। વીરા૦ ।। ૭ ।। ઇતિ સમાપ્ત

---

# ૐ નમઃ ।। અથ શ્રી ગજ સુકુમાલનિ સજ્ઝાય ।।

એક દ્વારકા નગરી રાજે રે, કે કૃષ્ણ નરીંદ જયેા ।। તિહાં સય લઘુભ્રાતા નામેરે, કે ગજ સુકુમાલ જયેા ।।૧।। તે પુછે નેમ જીનંદનેરે, કે ગજ સુકુમાલ મુનિ ।। એ મુજથી દુઃખ ન ખમાયરે, કે સૂણેા જીન રાજગુણી ।।૨।। તે કારણ એહવું દાખેારે, કે અક્ષય જિમ વેહેલુ હું પામું, જગગુરૂ

ભાખેારે, કે સૂણેા મુનિ છે દેાહિલેા ॥૩॥ આજ દગ્ધ ભુમિકા જઇનેરે, કે કાઉસગ્ગ જો કરસેા, આજ રજનિ કેવલ પામીરે, કે શીવપદને વરસેા ॥ ૪ ॥ તેનિ સૂણી પ્રભુજીની વાણીરે, કે દગ્ધ ભુમી ચાલ્યેા, તિહાં ઠાણેણું મુણેણું ઝાણેણું, કાઉગ્ગમાં માલ્યેા ॥ ૫ ॥ તવ સેામલસ સરે આવીરે, કે શીર ઉપર સઘડી, કરી ભરી અંગારા તાજરે, કે ચાલ્યેા દૃષ્ટધની ॥૬॥ મુનિ તિહાં સમતા ભાવેરે, કે ક્ષપક શ્રેણી ચડી, તુરંગમ કેવલ બેસીરે, કે શીવપંથ ચાલ્યેા ચડી ॥ ૭ ॥ શ્રી ગજ સુકુમાલ મુનિરે, કે ભવિયણ જે નમસે, તે સીવકમલા સુ વિવેકેરે, કેનાય મુનિ લેસેં ॥ ૮ ॥ ઇતિ સમાપ્ત ॥

---

# ॥ સ્થુલિ ભદ્રજીની સજઝાય ॥

ઉઠે સખિ ઉતાવલીરે, સેર પરેાવિ લાવે ॥ મેાતિના જુમખડાં ॥ ૧ ॥ સ્થુલિભદ્ર આવ્યા આંગણેરે, તેનેા જપિયે જાપ મેાતિનાં ॥ ૨ ॥ આજ અજાણ્યા આવિયારે, ધરતિ એનું ધ્યાન ॥ મેાતિના૦ ॥ ૩ ॥ સુણ સુણ મુજ નવરાવ્યનેરે, સીર સેંથેા સંભાર ॥ મેાતિના૦ ॥ ૪ ॥ લાવે આભૂષણ દાખડારે, કર મુજને શણગાર ॥ મેાતિના૦ ॥ ૫ ॥ આજ અજાણ્યા આવિયારે, જોયા તમારા વેશ ॥

॥ મોતિના૦ ॥ ૬ ॥ જુમ જુમ નાટક નાચતીરે, બોલતી વચન રસાલ ॥ મોતિના૦ ॥ ૭ ॥ પંચ ઇંદ્રિ પંચ પંડવારે ॥ કુંવરી કાયાના પોખ ॥ મોતિનાં૦ ॥ ૮ ॥ ઘડને પડ પુણિયેરે, સરિયે ન આલે ॥ મોતિના૦ ॥ ૯ ॥ હારિ આવી પાયે પડિરે, લાગ્યો મુનિસું રંગ ॥ મોતિના૦ ॥૧૦॥ માનવિજય વાચક ભણેરે, સેરે ભરા૦યો ચંદ ॥ મોતિનાં૦ ॥ ૧૧ ॥

---

# ॥ અથ શ્રી દેવાનંદાની સજ્ઝાય ॥

જિનવર રૂપ દેખી મન હરખી, સ્તનસે દૂધ ઝરાયા ॥ તવ ગૌતમકું ભયા અચંભા, પક્ષ કરણ કુ આયા ॥ ગૌતમ એતો મેરી અમ્મા ॥ ૧ ॥ તસ કૂખે તુમ કાહું ન વસિયા, કવણુક્રિયા ઈણ કમ્મા ॥ ગૌ૦ ॥ ૨ ॥ ત્રિશલા દેવી દેરાણી હુંતી. દેવા નન્દા જેઠાણી ॥ વિષયલોભ કરી કાંઈ ન જાણ્યો, કપટ વાત મન આણી ॥ ગૌ૦ ॥ ૩ ॥ એસા શ્રાપ દિયોદેરાણી, તુમ સંતાન ન હોજો ॥ કર્મ આગળ કોઇનું નહિ ચાલે, ઇન્દ્ર ચક્રવર્ત્તિ જો જો ॥ ગૌ૦ ॥ ૪ ॥ દેરાણી કી રત્નજ–ડાબલી, બહુલાં ચોરાયાં ॥ ઝઘડો કરતાં ન્યાય હુવો તવ, કુચ્છ નાણું પાયાં ॥ ગૌ૦ ॥ ૫ ॥ ભરતરાય જબ ઋષભને પૂછે, એહમે કોઈ જિણુંદા ॥ મરિચી પુત્ર ત્રિદંડી તેરો, ચોવિશમો જિણુંદા ॥ ગૌ૦

॥ ૬ ॥ કુળનો ગર્વ કિયો મે ગૌતમ, ભરતરાય જબ વંદ્યા ॥ મન વચ કાયાએ કરીને, હરખ્યો અતિ આણન્દા ॥ ॥ ગૌ૦ ॥ ૭ ॥ કર્મ સંયોગે ભિક્ષુ કુળ પાયા, જન મન હોવે કબહુ ॥ ઇન્દ્ર અવધિએ જોતા અપહર્યો, દેવભુજંગમ માંહે ॥ ગૌ૦ ॥ ૮ ॥ ત્યાશી દિન તિહાંકણે વસિયો, હરિણગમેષી જબ આયા ॥ સિદ્ધારથ ત્રિશલાદેરાણી, તસ કુંખે છટકાયા ॥ ગૌતમ એ તો૦ ॥૯॥ રૂષભદત્તને દેવાનંદાલેશે સંજમ ભાર, તવ ગૌતમ એ મુગતે જાસે, ભગવતિ સૂત્ર વિચાર ॥ ગૌતમ એ તો૦ ॥૧૦॥ સીધારથ ત્રીસલા દેરાણી, અચ્યુત્તે દેવલોક જાશે ॥ બીજે સ્કંધે આચારાંગે, તે સૂત્રે કહેવાશે ॥ ગૌ૦ ॥૧૧॥ તપગચ્છ શ્રી હીરવિજયસૂરિ, દિયો મનોરથવાણી ॥ સકળચંદ પ્રભુ ગૌતમ પૂજે, ઉલટ મનમાં આણી ॥ ગૌ૦ ॥ ૧૨ ॥ ઇતિ ॥

---

# ॥ જીવને શીખામણની સજ્ઝાય. ॥

સજી ઘરબાર સારૂ, મીથ્યા કહે છે મારૂ મારૂ ॥ તેમાં નથી કસ્યું તારૂરે, પાંમર પ્રાણી ॥ ચેતે તો ચેતાવું તુનેરે ॥ ૧ ॥ પાં૦ ॥ તારે હાથે વવરાસે, તેટલુજ તારૂં થાસે ॥ બીજુ તો બીજાને જાસેરે ॥ પાં૦ ॥ ચે૦ ॥ ૨ ॥ માંખીએ તો મધ કીધું, ન ખાધું ન દાન દીધું ॥ લુટનારે લુટી લીધુંરે ॥ પાં૦ ॥ ચે૦ ॥ ૩ ॥ ખંખેરીને હાથે ખાલી,

ઓચીંતાનું જાવું ચાલી ।। કરે માથાકુટ ઠાલીરે ।। પાં० ।। ચે० ।। ૪ ।। સાહુકારીમાં તું સવાયેા, લક્ષાધિપતિ તું કહેવાયેા ।। સાચુ કહેને સું કમાયેારે ।। પાં० ।। ચે० ૫ ।। આવે તે સાથેજ લેવેા, કમાયેા તું માલ કેવેા ।। આવે તેતેા જટ લેવેારે ।। પાં ०।। ચે०।। ૬ ।। દેવે તુને મણી દીધી, તેની ન કીંમત કીધી ।। મણી સાટે મસી લીધીરે ।। પાં ०।। ચે०।। ૭ ।। ખેાલામાંથી ધન ખેાયું, ધુલથી કપાલ ધેાયું ।। જાણપણું તાંરૂં જોયુરે ।। પાં ०।। ચે० ।। ૮ ।। હજી હાથમાં છે બાજી, કર તું પ્રભુને રાજી ।। કરતારી મુંડી તાજીરે ।। પાં० ।। ચે० ।। ૯ ।। મનનેા વિચાર તારેા, મનમાં રહી જનારેા ।। વલી પાછેા નાવે વારેારે ।। પાં० ।। ચે० ।। ૧૦।। હાથમાંથી બાજી જાસે, પાછલથી પસ્તાવેા થાશે ।। પછી કરી નહી સકાશેરે ।। પાં ०।। ચે० ।। ૧૧ ।। નીકલ્યેા તું શરીરથી, પછી તું માલીક નથી ।। રત્નવિજય કહે કથીરે ।। પાં० ।। ચે० ।। ૧૨ ।।

---

જોને તું પાંટણ જેવા, સારા હતા સેર કેવા ।। આજ તેા ઉજજડ જેવારે ।। આ જીવ જોને જાય છે જગત ચાલ્યુંરે ।। ૧ ।। વલી સીદ્ધપુરવાલેા, મેાટેા જોને રૂદ્રમાલેા ।। કીહાં ગયેા તે રૂપાલેારે ।। આ જીવ० ।। ૨ ।। જાય० ।। રૂડા રૂડા રાણી જાયા, મેલવી અથાગ માયા ।। કાલે તેની

પડિ કાયારે ।। આ જીવ૦ ।। ૩ ।। છત્ર જેને છાયા થાતી, રૂડી જેની રીતી હતી ।। કીહાં ગયા કોડ પતીરે ।। આ જીવ૦ ।। ૪ ।। જ્યારે જે હાજરી થાતા, હાજરે હુકમે હતા ।। તેના તો ના લાગ્યા પત્તારે ।। આ જીવ૦ ।। ૫ ।। કોઇ તો કેવાતા કેવાં, આભના આધાર જેવાં ।। ઉઠી ગયા હેવા હેવારે ।। આ જીવ૦ ।। ૬ ।। જોબનીયાને જાતુ જોઈ, રાખી શકયા નહિ કોઈ ।। સગાં સર્વે રહ્યાં રોઇરે ।। આ જીવ૦ ।। ૭ ।। હાંજરે હજુરી રેતા, ખમા ખમા મુખે કહેતા ।। વીશ્વમાંથી થયા વહેતારે ।। આ જીવ૦ ૮ ।। મુવા જન જેની સાથે, હેતથી પોતાને હાથે, મરણ ન મુકે માથેરે ।। આ જીવ૦ ।। ૯ ।। જસ લીધો શતરૂ જીતી, નવીન ચલાવી નીતિ ।। વેલા તેની ગઈ વીતીરે ।। આ જીવ૦ ।। ૧૦ ।। જગતમાં ખુબ જામ્યેા, વેરવાલી વીસરામ્યેા ।। પણ તે મરણ પાંમ્યેારે ।। આ જીવ૦ ।। ૧૧ ।। નેક નામદાર નામે, જઈ વસ્યા સમસાન ઠામેં ।। રત્નવીજે કહે નાવે કામેરે ।। આ જીવ૦ ।। ૧૨ ।। ઇતિ સજ્ઝાય સંપૂર્ણ ।।

# ।। અંતરાયની સજ્ઝાય ।।

અડસોમાંજો ।। એ દેશી ।।

સરસતિ માતા આદે નમિનેં, સરસ વચન દેનારી ।। અસજ્ઝાયનું થાંનકબોલું, રૂતુવંતિ જે નારી ।। અલગિ

રહેજે ।। ઠાંણાંગ સૂત્રની વાણી ।। કાંને સુણજે ।। ૧ ।। એ ટેક ।। મોટિ આશાતના કુલવતિની, જિનજીએ પરકાસી ।। મલિનપણું જે મનન વિઘારે, તે મિથ્યા મતિવારી ।। અ૦ ઠાં૦ ।। કાં૦ ।। ૨ ।। પેહેલે દિનચંડાલણી સરખી, બ્રહ્મ ઘાતિ નિવલિ બીજે ।। પરશાસન કહે ધોબિણ તિજે, ચોથે શુદ્રી વદીજે ।। અ૦ ।। ઠાં૦ ।। કાં૦ ।। ૩ ।। ખાંડિ પીસી રાંધિ પીએાને, પરને ભોજન પીરસે ।। સ્વાદ ન હોવે ખટ-રસ દોષે, ઘરનિલખમિષોસે ।। અ૦ ।। ઠાં૦ ।। કાં૦ ।। ૪ ।। ચોથે દિવસે દરીસણ સૂઝે, સાતે પૂજા ભણીએ, રૂતુવંતિ મુનિને પડિ લાભે, સદ્દગતિ સહેજે હણીએ ।। અ૦ ।। ઠાં૦ ।। કાં૦ ।। ૫ ।। રૂતુવંતિ પાંણી ભરી લાવે, જિન મંદિર જલ આવે ।। બોધ બિજ નવિ પામે ચેતન, અહૂલ સંસારિ થાવે ।। અ૦ ।। ઠાં૦ કાં૦ ।। ૬ ।। અસ-જ્ઝાઇમાં જિમવા બેસે, પાંત વિચે મન હિસે ।। નાત સવેં અભડાવિ જિમતિ, દૂરગતિમાં ઘણું ભમસે ।। અ૦ ।। ઠાં૦ ।। કાં૦ ।। ૭ ।। સામાયક પડિકમણે ધ્યાંને, સૂત્ર અક્ષર નવિજોગી ।। કોઈ પુરૂષને નવિ આભડિએ, તસદૂ-રસે તન રોગી ।। અ૦ ।। ઠાં૦ ।। કાં૦ ।। ૮ ।। જિન મુખ જોતાં ભવમાં ભમિએ, ચંડાલિણિ અવતાર ।। ભૂંડણ લૂંગણ સાપીણી હોવે, પરભવે ઘણીવાર ।। અ૦ ઠાં૦ કાં૦ ।। ૯ ।। પાપડવડિ બેરાદ્વિક કરસી, તેહનો સ્વાદ વિણસે ।। આત-મનો આતમ છે સાખી, હિયડે જોને તપાસી ।। અ૦ ।। ઠાં૦

॥ કાં० ॥ ૧૦ જાંણી ચોખાઈ ઈમ ભજિયેં, સમકિત કિરિયા શુદ્ધિ ॥ રૂષભવિજય કહે જીન આણાંથી, વહેલાં વરસો સિદ્ધિ ॥ અ० ॥ ઠાં० ॥ કાં० ॥ ૧૧ ॥ ઇતિ અંતરાયની સજ્ઝાય સંપૂર્ણ.

---

# ॥ મોક્ષનગરમાં જવાની સજ્ઝાય ॥

મોક્ષનગર માહરૂ સાસરૂં, અવિચલ સદા સુખવાસરે ॥ આપણા જીનવર ભેટીએ, તિહાં કરો લિલ વિલાસ ॥ ૧ ॥ મો० જ્ઞાનદરસણ આણાં આવિયાં, કરો કરો ભગતિ અપારરે ॥ સિયલ શ્રૃંગાર પેહેરો શોભતા, ઉઠી ઉઠી જીન સમરંત ॥ ૨ ॥ મો० ॥ વિવેક સોવનટિલું તપ, તપે જીવદયા કુંકુમ રોલરે ॥ સમકિતકા જલ નયણુરો, સાચું સાચું વચન તંબોલ ॥ ૩ ॥ મો० સમતા વાટ સોહામણી, ચારીત્ર વેહેલ જોડાવરે ॥ તપ જપ બલદ ધોરી જોતરો, ભાવના ભાવો રસાલ ॥ ૪ ॥ મો० કારમું સાસરૂ પરિહરો, ચેતો ચેતો ચતુરસુજાંણરે ॥ જ્ઞાન વિમલ મુનિ ઇંમ ભણે ॥ તિહાં છે મુગતિનું ઠાંમ ॥ ૫ ॥ મો० સંપૂર્ણ.

# ।। ચંદનબાલાની સજ્ઝાય. ।।

તેતરિયા ભાઈ તેતરિયા ।। એ દેશી ।।

બાલકુમારિ ચંદનબાલા, બોલે બોલ રસાલારે ।। રૂપ અનોપમ નયણ વિશાલા, ગંગાજલ ગુણ માલારે ।। બા૦ ।।૧ । સેઠ ધનાવે મંદિર આંણી, બેટીની પરે જાંણીરે ।। અણુખ અદેખાઈ મનમેં આણિ, તસ ઘરણિ દૂહવાણીરે ।। બા૦ ૨ ।। મુલા કુમતિતણી છે કુડી, ચંદના મસ્તક મુંડીરે ।। બેડી જડિને જોવે મત ઉંડિ, તાલુ દિએ તે ભુંડિરે ।। બા૦ ।। ૩ ।। આવ્યા સેઠ ત્રિહુ દિન અંતે, દિવસ બે પહોર ચઢંતેરે ।। અડદ બાકુલા દિએ એકાંતે, સુપડા ખુણે ખાંતેરે ।। બા૦ ।।૪।। પાંચ દિન ઉણા છમાસી, અભિગ્રહ વિર અભ્યાસીરે ।। આવ્યા આંગણે જોગ વિલાસી, દેખી કુંમરિ ઉલ્લાસીરે ।। બા૦ ।। ૫ ।। એક પગ ઉંબરા બાહિર રાખી, નયણે આંસુ નાખીરે ।। બાકુલડે પડિ લાભે જિનજી, મુક્તિતણી અભીલાષીરે ।। બા૦ ।। ૬ ।। સાઢી બારહ કોડિ પ્રસિદ્ધિ, વૃષ્ટિ સોનઈએક કિધિરે ।। અનુક્રમે સંયમ કમલા લાધિ, મૃગાવતી દિક્ષા દિધીરે ।। બા૦ ।।૭।। એક દિન વીર કોસંબી આવ્યા, ચંદ સુરજ મન ભાવ્યારે ।। મુલગે વિમાને વંદણ આવ્યા, તેજ અધિકત સકાયારે ।। બા૦ ।। ૮ ।। ઉઠો આપણે થાંનિક ચેલિ, જાઇએ બે જણ

ચેહેલીરે ।। એહવિ વાંણિ ન જાએ મેહલી, આવિ ગુરૂણી એ કેલિરે ।। આ૦ ।।૯।। ઘોરઘપટ અંધારે આવિ, રહિ પગે લાગિ અમાવિરે ।। કેવલ લહિ કુકર્મ ખપાવિ, ગુરૂણિએ અબર ન પાવિરે ।। ૧૦ ।। હાથ ઉંચો લેઈ ચંદના જગાવિ, આવે નાગ ઉંનાઇરે ।। તેં અંધારે અબર કિમ પાઈ, કહે કેવલ જ્ઞાન ઉપાઇરે ।। આ૦ ।। ૧૧ ।। એમેં કિધિ માઠિ કરણી, જ્ઞાનિની આશાતના નવિ કરણી રે ।। ચેલિનિ પગે લાગી ગુરૂણી, તુંહિજ તારણ વરણિરે ।।આ૦ ૧૨।। ગુરૂણી ચેલિ કર્મજ છાંડિ, પોહતિકર્મની કોડિરે ।। નય વિજય પંડિત તસ સેવક, કુંવર કહે કરજોડીરે ।।આ૦ ૧૩।। ઈતિ.

---

# સમોવસરણની સજ્ઝાય.

સમવસરણ સીંહાસણેજી ।। વિરજી કરેરે વખાણ ।। દસમે ઉત્તરાધ્યેયનમાંજી, દે ઉપદેશ સુજાણ ।। સમયમાં ગોયમ કરો પ્રમાદ ।। ૧ ।। વીર જિણેસર સીખવેજી, પરિહર મદ વિખવાદ ।। સમયમાં ગોયમ ।। એ આંકણી ।। જિમ તરૂ પંડુ પાનડોજી, પડતાં ન લાગેજી વાર ।। તિમ એ માણસ જીવડોજી, થીર ન રહે સંસાર ।। સ૦ ।। ૨ ।। ડાભ અણિ જલ ઓસનોજી, પિણુયે કરહે જલબિંદ ।। તિમ એ ચંચલ જીવડોજી, ન રહે ઇંદ્ર નરિંદ્ર ।।સ૦।।૩।।

સૂક્ષ્મ નિગોદ ભમિ કરિજી, રાસિ ચઢયેા વ્યવહાર ॥ લાખ ચેારાસી જીવા યેાનીમાંજી, લાધ્યેા નરભવસાર ॥સ૦॥૪॥ શરિર જરાયે ઝઝરેાજી, સીરપર પલિયારે કેસ ॥ ઇંદ્રી બલહીણાં પડયાજી, પગ પગ પેખે કલેસ ॥ સ૦ ॥ ૫ ॥ ભવસાયર તરવા ભણિજી, ચારિત્ર પ્રવહણ પુર ॥ તપ જપ સંયમ આકરેાજી, મેાક્ષ નગર છે દૂર ॥ સ૦ ॥ ૬ ॥ ઇમનિ સુણી પ્રભુ દેસનાજી, ગણધર થયા સાવધાન ॥ પાપ પડલ પાછા પડયાજી, પામ્યા કેવલ જ્ઞાન ॥ સમય૦ ॥ ૭ ॥ ગૌતમના ગુણ ગાવતાજી, ધરસંપતિનિજી કેાડી ॥ વાચક શ્રી કરણ ઇમ ભણેજી, પ્રણમું બે કરજેાડ ॥ સમય૦ ॥ ૮ ॥

---

# દુરમતિની સજઝાય.

॥ વાંસલડી વેરણ થઈ, લીધેારે મારા કંતને ॥ એ દેશી ॥ દુરમતડી વેરણ થઈ, લીધેા રે મારા કંતને ॥ ॥ પુરપત્તની સીયલથી સીથલ કીધેા રે સંગી સંતને ॥ તુને મુમતા માતાએ જાઈ છે, તુ તેા દુતપણામાં ડાઈ છે, તુ તેા વાઘણ થઇને વાઈ છે, હેા દુરમતડી વેરણ થઈ લીધેા રે મારા કંતને ॥ ૧ ॥ એ આંકણી ॥ તું તેા મિથ્યાચરની બેટી છે, તું તેા કપટપણાની પેટી છે, તું તેા લેાભ સંગાતે લેટી છે, હેા દુરમતડી૦

॥ ૨ ॥ મોહ મદીરા પાલો પાયો છે, તેં મારો નાથ ભરમાવ્યો છે, તે તો સુકૃત ખજનો ખાયો છે, ॥ હો દુ૦ ॥ ૩ ॥ તેં તો કપટ કેલવણી કીધી છે, વલિ વાત કરે બહુ ઝીણી છે, પીણ ગુણ ઠાણે ગુણ હીણી છે ॥ હો દુરમતડી૦ ॥ ૪ ॥ મારો કંથ પાસમાં પાડયો છે, મારો વિવેક પુત્ર વીણસાડયો છે, મારો સમકિત મિત્ર તે તોડયો છે, ॥ દુરમતડી૦ ॥ ૫ ॥ તારો માન પુત્ર મન ખારો છે, તે તો દુરગતિ પુરનો ધારો છે, એ તો પાપીને મન પ્યારો છે ॥ હો દુરમતડી વેરણ થઈ લીધોરે મારા કંતને ॥૬॥ કહે દુરમતી દાસ નહિ મારો, મેં તો તેડયો નહિ સ્વામી તારો, એ તો ઉપાધી તણો છે ઉપગારો ॥ હે દુ૦ ॥ ૭ ॥

ઢાલ બીજી.

હો સુમતીજી મુજને એવડો દોષ દીયો શા માટે, હો જગજનુની ઉલટ ચાલતી આવે અમ ઘર વાટે ॥ ૧ ॥ નીર વહે ને નીચે ટાલે, એ ઉંચો ન વહે કોઇ કાલે, એને કલબલ કરીને કોઇ વાલે ॥ હો સુમતીજી એવડો મુજને દોષ દીયો શા માટે ॥ ૨ ॥ એ આંકણી ॥ મેલા ખેલા જીહાં હોકે અણ તેડો જગ તીહાં સહુ જોવે ॥ એ તો ખાંતી નીશ્ચે સઘલી ખોવે ॥ હો૦ સુ૦ ॥ ૩ ॥ જીહાં સંઘ કથા સુણવા આવે, તીહાં આલસ ઉંઘ ઘણી આવે ॥

ભગવંત વચન મન ના ભાવે ।। હો૰ સુ૰ ।। ૪ ।। જીહાં દેવ ગુરૂ દરસણ કરવા, કથા સુણીને પાતિક હરવા, તીહાં મોહ આવે છે મનહરવા ।। હો૰ સુ૰ ।। ૫ ।। સહિ કંથ તુમારો સમજ્જવો, કોઇ પ્રેમ વચનથી પ્રીછાવો, તીહાં દુરમતી કેરો નહિ દાવો ।। હો સુ૰ ।। ૬ ।। જે સુમતિ ચિત ચિતમા ધરસે, સુદ્ધ સમકિત તે સેજે વરસે, ભવ સાયરમાં પીણ તે તરસે ।। હો સુ૰ ।। ૭ ।। જે ઉપાધી તણા ઘરથી ટલશે, જે સમાધિ તણા ઘરમાં ભલશે, તે આનંદ પદવી વરસે ।। હો સુમતિજી મુજને એવડો દોષ દીયો શા માટે ।। ૮ ।।

---

# અથ શ્રી નાગીલાની સજ્ઝાય.

।। ભુદેવ ભાઇ ઘેર આવિયારે, પ્રતિ બોધવા મુનિ રાજરે ।। હાથમાં તે લીધો ઘૃતનો પાતરો રે, ભાઇ મુને આઘેરો વલાવરે ।। નવિ રે પરણ્યા તે ગોરી નાગીલા રે ।। ૧ ।। ના૰ ।। એમ કરી ગુરૂજિ પાસે આવીઆ રે, ગુરૂજી પૂછે કાંઇ દિક્ષાના ભાવ રે ।। લાજે નાકારો નવિ કહ્યો રે, દિક્ષા લિધિ ભાઇને ભાવ રે ।। ૨ ।। ન૰ ।। બાર વરસ સંજમે રહ્યા રે, મનમાં ધરતા નાગીલાનું ધ્યાન રે ।। હા હા મુરખ એમે સુ કર્યું રે, નાગિલા તજી જીવન પ્રાણ

રે ।। ૩ ।। ન૦ ।। માતને પિતા તેહને નથીરે, એકલડી અબલા બાલ રે ।। સોલ વરસની સુંદરી રે, હવે લહુ તેહની સંભાલ રે ।। ૪ ।। ન૦ ।। ભાવ દેવ ભાગેચિત્તે આવીયેા રે, વિણ ઓલખી પૂછે ઘરની નાર રે ।। કેાઇએ દીઠીરે ગેારી નાગીલા રે, અમે આવ્યા છે વ્રત છેાડનહારરે ।। ૫ ।। ન૦ ।। અમર કેાક તજિ કરી રે, અરક ગ્રહે કેાણ હાથ રે ।। પામી સુખ તજિ કહીરે, પડિયેા પડિયેા કાષ્ટ જંજાલ રે ।। ૬ ।। ન૦ ।। નારી ભણે રે સુણેા સાધુજી રે, વામ્યેા ન લેવે કેાઈ આહાર રે ।। હસ્તિ છંડિ ને ખર કેાઈ નવિ ચડે રે, તુમે છેા જ્ઞાનના ભંડાર રે ।। ૭ ।। ન૦ ।। ઉદક વાંમે લિયે આહારને રે, તે નહિ માનવનેા આચાર રે ।। તમે જે ઘર તરૂણી તજ્યા રે, હવે સિતેહની સંભાલ રે ।। ૮ ।। ન૦ ।। નારી નરકની ખાણ છે રે, નરકનિ દિવિ છે નાર રે ।। તુમે તેા મહામુનિ રાજ છેા રે, જેમ પામેા ભવનેા પાર રે ।। ૯ ।। ન૦ ।। ધન ધન સુબાહુ સાલીભદ્રનેરે, ધન ધન મેઘકુમારરે ।। નારી તજીને સંજમે રહ્યા રે, ધન ધન ધનેા અણગાર રે ।। ૧૦ ।। ન૦ ।। દેવકી સુત સેાલસાતણા રે, નેમ તણિ સુણી વાણ રે ।। બત્રીસ બત્રીસ પીયા તણી રે, પરિહર્યા ભેાગ વીલાસ રે ।। ૧૧ ।। ન૦ ।। અંકુશે ગજ વશ્ય આણીયેા રે, રાજેમતિને રે નેમિ રે ।। તુમ વચને અંકુસે આણીયા રે, નાગીલાયે ભાવદેવ તામ રે ।। ૧૨ ।। ન૦ ।। નાગીલાએ

નાથ સમજાવીયો રે, ફરી લીધો સંજમ ભાર રે ॥ ભાવદેવ દેવલોકે ગયા રે, હુવા છે શીવ કુમાર રે ॥ ૧૩ ॥ ન૦ ॥ ત્રીજે ભવે જંબૂસ્વામીજી રે, પરણ્યા પદ્મણી આઠ રે ॥ કોડ નવાણું કંચન લાવીયા રે, તે છે સીદ્ધાંતનો પાઠ રે ॥ ૧૪ ॥ ન૦ ॥ પ્રભવાદિક ચોર પાંચસે રે, પદ્મણી આઠે નાર રે ॥ કરમ ખપાવી મુગતે ગયા રે, સભય સુંદર સુખકાર રે ॥ ૧૫ ॥ ન૦ ॥ ઇતિ નાગીલાની સજ્ઝાય સંપૂર્ણ.

---

# વૈરાગ્યની સજ્ઝાય.

॥ એવંતિનગરી સોહામણી જિરે, રાજા કેતુરેરાય ॥ વનમાં ગયા મુનિ વાંદવાજીરે, મનવસીયો વૈરાગ્ય ॥ મુનિશ્વર જુવો ભગવંતના કેણ ॥ ૧ ॥ ઘેર આવિ કહ્યું માતનેજી, અમે લેસું સંજમ ભાર ॥ મારો તો કુંવર નાનડોજીરે, એ અણુઘટતું થાય ॥ મુનિ૦ ॥ ૨ ॥ વાઘણ-સિંહ વંદર વસેજીરે, ખડગ કુંવર કેમ જાય ॥ પાંચસે જણ આગળ કર્યાજીરે ॥ મેહલ્યા કુંવરની પાસ ॥ મુ૦ ॥ ૩ ॥ સ્વારથ નગરીમાં આવીયાજિરે, શ્રાવક હરખ અપાર ॥ આ નગરી અનેવિતણી જીરે, અહીંયા હરખ અપાર ॥ મુ૦ ॥ ૪ ॥ જણ સઘલા જમવા ગયા જીરે, જતીને

મેલ્યા રે એક ।। આહાર લેવા તવ ઉઠીયાજીરે, સ્વારથ નગરીમાં જાય ।। મુ૦ ।। ૫ ।। રાજાને રાણી હરખતાજીરે, નયણે વછુટયારે નિર ।। આવો તે મારો બંધવોજીરે, ક્રોધ ચડયો અપાર ।। મુ૦ ।। ૬ ।। રાજાએ જનિને બોલાવિયા જીરે, જતિને દીયો પ્રહાર ।। જન જઈ રૂપીને મલ્યા જીરે, વચને જાલ્યો હાથ ।। મુ૦ ।। ૭ ।। મસાણ ભુમીકામાં લેઈ ગયા જીરે, કંપ્યા નહિ રે લગાર ।। ત્વચા ઉતારી જીવતાં જીરે, એ રાણીનો વીર ।। મુ૦ ।। ૮ ।। જણ જમીને આવીયા જીરે, સોધવા લાગ્યા રે વચ્છ ।। તે નજરે પડયા નહિ જીરે, હિયડું ફાટી જાય ।। મુ૦ ।। ૯ ।। રાજાએ જનને બોલાવીયા જીરે, રાજા પૂછે રે વાત ।। કેઈ નગરીમાં કયાં હુતી જીરે, હોતા કોની પાસ ।। મુ૦ ।। ૧૦ ।। એવંતિ તે નગરી સોહામણી જીરે, રાજા તે કેતુરે રાજ ।। પણ કુંવરે દીક્ષા લિધીજીરે, હુંતા અમારી પાસ ।। મુ૦ ।। ૧૧ ।। હા હા અનરથ મેં કર્યો જીરે, હણુતાં ન કર્યો વિચાર ।। અણ વિચાર્યું મેં કર્યું જીરે, હણીયું નાનું બાલ ।। મુ૦ ।। ૧૨ ।। રાણીએ સંજમ આદર્યો જીરે, રાજા જંપ ન ખાય ।। ઘેર જવું જુગતું નહિં જીરે, લીનો સંજમ ભાર ।। મુ૦ ।। ૧૩ ।। રાય રાણી સંજમ લિધો જીરે, ઉતર્યા મોહ નીજાલ ।। તપ કરતાં અતિ આકરો જીરે, કરતા ઉગ્ર વિહાર ।। મુ૦ ।। ૧૪ ।। પંચ સુમતિ ત્રણ ગુપ્તિ જીરે, મલિન ન કીધો વીચાર ।। કર્મ ખપાવી હુવા કેવલી જીરે,

પહોત્યા મુક્તિ મોઝાર ॥ મુ૦ ॥ ૧૫ ॥ હિરવિજયની વિનતી જીરે, લબ્ધિ વિજયની જોડ ॥ આ સજ્ઝાય સહૂને ગમે જીરે, સહૂને ઉપજે વૈરાગ્ય ॥ મુની૦ ॥ ૧૬ ॥

---

# આસાઢાભૂતિની સજ્ઝાય.

ઢાલ પહેલી.

શ્રી શ્રુતદેવી ચિત્ત ધરી, સદ્દગુરૂનેં સુપ્રસાદ ॥ સાધુજી ॥ માયા પિંડ ન લીજીએ, આષાઢા સંવાદ ॥ સાધુજી૦ ॥ ૧ ॥ માયા પિંડ ન લીજીએ ॥ વચ્છ પાટણમાંહિ વસે, સેઠ કમલસુ વિભૂત ॥ સા૦ ॥ તાસ જસોદ્દા ભારયા, તસ સુત આષાઢાભૂત ॥ સા૦ ॥ ૨ ॥ મા૦ ॥ વરસ ઇગ્યારમે વ્રત ગ્રહયું, ધર્મ રૂચી ગુરૂ પાસ ॥ સા૦ ॥ ચારિત્ર ચોખું પાલતો, કરતો ધર્મ અભ્યાસ ॥ સા૦ ॥ ૩ ॥ મા૦ ॥ મંત્ર તંત્ર મણિ ઓષધિ, થયો તેહમાં પણ જાણ ॥ સા૦ ॥ વિહાર કરંતા આવિયા, રાજગ્રહી શુભ ઠાણ ॥ સા૦ ॥ ૪ ॥ મા૦ ॥ ગુરૂને પુછિ ગોચરી, ગયો આષાઢો તેહ ॥ સા૦ ॥ ભમતો ભમતો આવિયો, નાટકિયાને ગેહ ॥ સા૦ ॥ ૫ ॥ મા૦ ॥ લાડુ વોહરી આવીયો, ઘર બાહિર ભમિક્ષ ॥ સા૦ ॥ લાડુ એ ગુરૂને હોંસે, સાહમું જોસે શીષ્ય ॥ સ૦ા ॥ ૬ ॥ મા૦ ॥ રૂપ વિદ્યાએ ફેરવી,

લાડુ વિહરે પંચ ।। સા૦ ।। ગોખે બેઠા નિરખીયેા, નાટ-કિયે એ સંચ ।। સા૦ ।। ૭ ।। મા૦ ।। પગે લાગીને વિનવે, અહમ ઘેર આવજો નિત્ય ।। સા૦ ।। લાંડુ પાંચ વિહરી જાજયેા, નાં આણુજો મનમાં ભિત ।। સા૦ ।। ૮ ।। મા૦ ।। લાલચ લાગિ લાડુએ, દિનપ્રતિ વિહરી જાય ।। સા૦ ।। ભાવ રત્ન કહે સાંભલેા ।। આગલ હવે જે થાય ।। સા૦ ।। ૯ ।।

ઢાલ બીજી.

નિજ પુત્રીઓને કહે રે, નાટકીયેા નિરધાર રે ।। મેાહનીયા, ચિંતામણી સમજે છે એ જતિ રે, કરો તુમ્હે ભરતાર રે ।। મેાહ૦ ।। ૧ ।। આવેાને સેાહામણા રે ।। મધ્યાનેં મુનિ આવિયા રે, લાડુ વિહરણ કાજ રે ।। મેા૦ ।। તાત આદશેં તિણેં કર્યા રે, સવિ સિણગારના સાજ રે ।। મેા૦ ।। ૨ ।। આ૦ ।। ભુવન સુંદરી જયસુંદરી રે, રૂપે યેાવનપરે હરે ।। મેા૦ ।। મુનિવરને કહે મલપતી રે, તુમને સ્યુંપી દેહ રે ।। મેા૦ ।। ૩ ।। આ૦ ।। ઘેર ઘેર ભીક્ષા માંગવિ રે, સહિ એ દુખ અસરાલે રે ।। મેા૦ ।। કુણી કાયા તુમતણી રે, દેાહલિ દીનકર જાલરે ।। મેા૦ ।। ૪ ।। આ૦ ।। મુખમલકડે બેાલતી રે, નયણ વયણ ચપલાસે રે ।। મેા૦ ।। ચારિત્રથી ચિત્તચૂકયેા રે, વ્યાપ્યેા વિષ વિલાસ રે ।। મેા૦ ।। ૫ ।। આજલસરિખું જગમાં જુએા રે, પાડે પાહાણમા વાટ રે ।। મેા૦ ।। તિમ અબલા લગાવતી રે, ધિરાને

પણ કાતિ રે ॥ મો૦ ॥ ૬ ॥ આ૦ ॥ મુનિ કહે મુજ ગુરૂને કહિ રે, આવીસ વહેલો આંહિ રે ॥ મો૦ ॥ ભાવ રત્ન કહે સાંભલો રે, વાટિ જોયે ગુરૂ ત્યાંહી રે ॥મે૦॥૭॥

ઢાલ ત્રીજી.

॥ નદિ યમુના કે તીર ઉડે દોય પંખીય ॥ એ દેશી ॥

ગુરૂ કહે એવડી વાર ચેલા તુમને કિહાં થઇ, ત્રટકી બોલ્યો તામ ॥ ભાખેં સુમતિ ગઇ, ઘેર ઘેર ભિક્ષા માગવી, દુખ અપાર રે ॥ ઉપરિ તુમ્હચાં વયણ ખડગની ધાર રે ॥ ૧ ॥ આજ નાટકણિ બેમલિ મુજ જાવું તિહાં, તુમચિ આજ્ઞા લેવા હું આવ્યો છું ઇહિં ॥ ગુરૂ કહે નારી કુડ કપટ તણિ ખાણિ એ, કિમ રાચ્યો મીઠે વયણે ॥ તું ચતુર સુજાણ એ ॥ ૨ ॥ ગરજ પડે ઘેલી થાએ, બોલે હસી હસી ॥ વિણ ગરજે વિકરાલ કે જાણે રાક્ષસી ॥ આપ પડેં દુરગતિમાં પરનેં પાડતી ॥ કરિ અનાચાર જે પતિને, પાય એ લગાડતી ॥ ૩ ॥ બાઈ જુઠા સમને ભાજે તણુખલા, ત્રોડે દારા દાંતમાં ઘાલે ડાંખલાં ॥ એકને બિજ કરાવે, એક એકસ્યું રમે ॥ તે નારિનું મુખડું દિઠું ચેલા કિમ ગમે ॥ ૪ ॥ અનેકપાપની રાસીથી નારિપણુ લહે, મહા નિશીથે વીરજીણેસર ઇમ કહે ॥ અતિ અપજસનો ઠાંમ એ નારિનો સંગ એ ॥ તે ઉપર ચેલા કિમ ધરિએ રંગ એ ॥ ૫ ॥ એમ ગુરૂનિ સીખામણ ન ધરિ સાર એ

।। તવ ગુરૂ તેહનેં મદિરા માંસ નિવાર એ, નાટકિને ઘેર તીહાંથી આષાઢો આવિયો ।। પરણી નારી એ અભક્ષ વહોરાવીયો ।। ૬ ।। વિલસે ભોગ ભુખ્યો જિમ ખાંઈ, ઉતાવલો ધન ઉપાવે વિવિધ વિદ્યાનાટિક ભલે ।। વ્રત છંડા ઉપર મંડાવીઉં ।। જુઓ જુઓ૦ ।। ભાવ રત્ન કહેનારી અથાગ કપટ કુઓ ।। ૭ ।।

ઢાલ ચોથી.

।। ચતુર સનેહિ મોહના ।। એ દેશી ।।

સુખ વિલસંતા એક દિને, નાટિકિયો પરદેશી રે ।। આવિ સિંહરથ રાયને, વાત કહે ઉદેશી રે ।। સુખ૦ ।।૧।। જીત્યા નાટ અનેક અમેં, બાધ્યા પુંતલા એ હોરે ।। તુમ્હ નટ હોયે તો તેડીએ, અમસ્યું વાદે જે હોય રે ।।સુ૦।।૨।। એ યેં આષાઢો તેડીયો, જીત્યા સઘલા નટો રે ।। છોડવ્યાં તસ પૂતલાં, ઘેર આવ્યા ઉદભટો રે ।। સુ૦ ।। ૩ ।। કેડેથી નારી એં કર્યા, મદિરા માંસ આહારો ।। નગનપડિ વિમન કરી, માખીના ભણુકારો રે ।। સુ૦ ।। ૪ ।। દેખી આષાડો ચિંતવે, અહો અહો નારિ ચરિત્રો રે, ગંગા એ ગઇ ગદંભિ, ન હોયેં કહિ એં પવિત્રો રે ।। સુ૦ ।। ૫ ।। ઘરથી એક ઘડિ ગયો, તવ એહના એ ટંગો રે ।। નારિ ન હોયેં કેહની, ગુરૂ વયણે ધર્યો રંગ રે ।। સુ૦ ।। ૬ ।। નૃત્ય દેખાડી રાયને, સસરાને ધન આલ્યુ રે ।। ભાવરત્ન કહે સાંભલો, આષાઢે મન વાલ્યું રે ।। સુ૦ ।।૭।।

## ઢાલ પાંચમી.

।। રાગ ધોરણી ।। પાંચસેં કુંમરને મેલીયા રે, નાટિક કરવા જેહ, લેઈ આષાઢો આવીયો રે, ગુરૂ પાંસે ગુણ ગેહો રે ।। ૧ ।। ગુરૂ આજ્ઞા ધરો ।। માયા પિંડ નિવારો રે, મમતા પરિહરો ।। આષાઢેં વ્રત આદર્યું રે, પાંચસે વલિ રે કુંમાર ।। પાપ આલોઈ આપણાં રે, પાલે નિરતિચારો રે ।। ગુરૂ૦ ।। ૨ ।। દેઈ ભવિયણને દેશના રે, વિચરે દેશ વિદેશ ।। પાંચસેં મુનિ પરીવારસ્યું રે, તપ જપ કરે અસેસરે ।। ગુ૦ ।। ૩ ।। અણસણ લેઇ અનિમિષ થયો રે, આષાઢો મુનિ તેહ ।। પિંડવે શુદ્ધિની વૃત્તિમા રે, ઈમ સબંધ છે એહો રે ।। ગુ૦ ।। ૪ ।। માયા પિંડ મત લિજિયે રે, ધરિએ ગુરૂના રે વયણ ।। જુઓ આષાઢાની પરે રે, ફરિ લહ્યો વ્રત રયણો રે ।। ગુ૦ ।। ૫ ।। શ્રીપુનિમગચ્છ ગુણ નિલો રે, પ્રધાન સાષા કહેવાય ।। શ્રુત અભ્યાસ પરંપરા રે, પુસ્તકના સંપ્રદાયો રે ।। ગુ૦ ।। ૬ ।। વિચક્ષણ શ્રાવક શ્રાવીકા રે, સાંભળે સુનિસદિસ ।। શ્રી મહીમા પ્રભસૂરિનો રે, ભાવ રત્ન સુજગીસો રે ।। ગુ૦ ।। ૭ ।।

શ્રી આસાઢાભૂતિની સજ્ઝાય સંપૂર્ણ.

# શ્રીમંધરસ્વામીના રાસડો.

ઓ મારા મંદિર સ્વામી આપજી, તમે તો મહા વિદેહમાં વસ્યા ।। મને ભરત ક્ષેત્રમાં મેલિ ગયા છો ।। મને ચોરાસી લાખ જીવાયોની માંહે ।। ભમવા મેલિ ગયા છો રે ।। હું સીખી ।। મે તો ચોરાસી લાખ જીવાયોની માંહે ભમ્યા નથી જાતા ।। હૈ હૈ હું સુક્ષમ નીગોદમાંથી ।। કરમ નીરજરા કરી ।। બાદર નીગોદમાં આવ્યો ।। મેં છેદન ભેદનની વેદનાઓ સહિ ।। હવે તો મે એ છેદન ભેદનની વેદનાઓ નથી સહેવાતી રે ।। હું સીખી ।। તમે તો આંઠ કરમ ક્ષય કરી બેઠા ।। તમે તો સંસારમાં અથડાતા નથી ।। મને આઠ કરમ વલગી રહ્યા છે ।। મારે એ આઠ કર્મ પાતલા કયારે પડસે રે ।। હું સીખી ।। હું આઠ કરમથી કયારે છુટીસ ।। એ આઠ કરમ છુટવા ।। વારો કયારે આવસે ।। ઓ મારા સીધ સરૂપી આપજી ।। મને આ સંસારની વેદનાઓ નથી સહેવાતી રે ।। હું સીખી ।। આ આતમા બલિઓ કયારે થસે ।। આ અસંખ્યાત પ્રદેસે ।। અનંતી કરમની વર્ગણા એ વેરાઈ રહ્યો છું ।। આ મનુષનો ભવ પામ્યો ।। આ પાંચ ઇંદ્રીપરવડા પાંમ્યો ।। આરજ ક્ષેત્ર પામ્યો ।। દેવગુરૂની સામગ્રી મલી ।। પણ આ ભારે કરમી જીવ છે ।। કર્મની અંતરાયે કરી વેરાઈ રહ્યો છે રે ।।

।। હું સખી ।। મોહ રૂપી આ જાલમાં ।। મુઝાઈ રહ્યો છે ।। મને ભારે જોરે લુટી લિધો છે ।। આ જીવ રાગ-દ્વેષને વસ પડયો છે ।। એ આતમા તારી સી ગતી થાસે ।। છતો જીન ધરમ પામ્યો પણ મારા મનમાએલે વહી ગયા છે રે ।। હું સીખી ।। રતન ચીંતામણિ સરીખો ધર્મ પામ્યો ।। મનથી ન લાધો પણ સાધ્યો નહિ ।। જાણે તમે તો ચઉદ રાજ ઉંચા જઈ બેઠા ।। જોજનને ચોવીસમે ભાગે ।। ગાઉને છઠે ભાગે ।। અનંતા અનંતા સીદ્ધ ।। ભગવાન સીદ્ધીપદને વર્યા ।। મને તો આ સંસારના દુઃખ નથી સહેવાતા રે ।। હું સીખી ।। મને તો આ સંસારમાં નથી રહેવાતુ ।। મને આઠ કર્મ વલગી રહ્યા છે ।। તે મુકવાનો વારો કયારે આવસે ।। હું આ સંસાર સમુદ્ર તરી પાર કયારે પાંમીસ ।। તમે તો વેગલા જઈ વસ્યા છો રે ।। હું સીખી ।। ઇતિ સંપૂર્ણ.

---

# અથ દીવાનિ સજઝાય.

દસદ્વારે દિવો કર્યો એ, સૂત્ર સીદ્ધાંતનિ સાખ ।। ભવિ જીવ સાંભલો રે, ચારે ખુણેને કુહિયેં ।। ઉંચિ નિચિ જાણુ, પુરવ પચ્છિમ બે કહીયેં ।। ઉત્તર દક્ષિણ જાણ ।। ભવ ।। કોઈ દિવામાં પડવા ગયારે, કોઇક બલે દિવા હેઠા ।। ભવિ।।

કોઇક ચોટચો કોડીયેરે, કોઇક ઝલે ઝપલાઈ જીવ ।। ભવિ૦ ।।
એવું જાણી દયા પાલજ્યોરે, એ છે પહેલી ઢાલ ।। ભવિ૦ ।।
નાના મછરીયા કુદડા, એ તો તડ તડ ધારણીરે થાય ।।
મોટો મછરી કુદડા, તેને વલી પીડા થાય ।। અજ્ઞાની દિવો
બલે સારી રાત ।। ૧ ।। દસ પ્રાણુ પોતા તણા, મચ્છર
પુદ્ગના આઠ પ્રાણ ।। પ્રાણુ વાલા પોતા તણા, એ તો
પ્રાણ જીવનો આધાર ।। અજ્ઞા૦ ।। ૨ ।। એક અજ્ઞાની
ઇમ કહે, મને નહિ આવે અંધારે ઉંઘ ।। પોતે સુખે
સુઈ રહ્યો, માંહિ બલે પતંગીયા જીવ ।। અ૦ ।। ૩ ।।
એક અજ્ઞાની ઇમ કહેરે, મને પડીરે દિવાની ઢાલ ।। સોડ
વાલીને સૂઇ રહ્યો, માંહી બલે રે મોટી છકાય ।। અ૦ ।।
।। ૪ ।। વનમાં બાંધો પાંચ પારધિ, ઘેરે માંડો દીવો જેથી
ધીક ।। એરે જીવ્યાની લાલચે, એ તો જીવે સ્વાદે જાય
।। અ૦ ।। ૫ ।। જલ ચલ થલમાંહે હતો, તારે હતિ
અંધારી રાત ।। નવ કોટી રહ્યો રાબડે; એ તો ભૂલી ગયો
એ વાત ।। અ૦ ।। ૬ ।। આંખ દુખે પોતાતણી, ત્યારે
થર થર ધ્રુજે દેહ ।। પર પીડા નવિ જાણીયે, એ તો અ-
જ્ઞાનીની ઢાલ ।। વીર કહે સુણો ગોયમા, અજ્ઞાનીનો ના
આવે પાર ।। ભારે કરમી જીવડો, એ તો નિશ્ચે નરકે
જાય ।। અ૦ ।। ૭ ।। વીર કહે સુણો ગોયમા. જ્ઞાનીનો
આવે પાર ।। હલવા કર્મી જીવડો, એ તો નિશ્ચે મોક્ષે
જાય ।। અજ્ઞાની દીવો બલે સારી રાત ।। ૮ ।।

# અસજ્ઝાય લીજ્યતે.

તારા ખરે તો સૂત્રની અસજ્ઝાય ।। ૧ ।। એક પહોર સુધી ।।૧।। પાંચવર્ણો વાદલાં થાય તો અસજ્ઝાયઈ ૧ પહોર સુધી ।। ૨ ।। અકાલે ગાજવિજ થાય તો અસજ્ઝાઈ ૧ પહોર સુધી ।। ૩ ।। અકાલે વીજલી થાય તો અસજ્ઝાઈ ૧ પહોર સુધી ।। ૪ ।। કાટકો પડે તો અસજ્ઝાઇ ૧ પહોર સુધી ।। ૫ ।। અજવાલી બીજની અસજ્ઝાઈ રાતે ચાર ઘડી સુધી ।। ૬ ।। ધુવર પડે તો સૂત્રની અજ્ઝાઈ વરસે ત્યાં સુધી ।। ૭ ।। ઠાર પડે તો સૂત્રની અસજ્ઝાઈ ।। ૮ ।। લીલેા હાડકુ પડયું હોય તો ૧૦૦ હાથ તથા ૬૦ હાથ અસજ્ઝાઈ ।। ૯ ।। મંસ પડયેા હોય તો ૬૦ હાથ અથવા ૧૦૦ હાથ અસજ્ઝાઇ ।।૧૦।। આંધી ચડે તો સૂત્રની અસજ્ઝાઈ જ્યાં લગે રહે ત્યાં સુધી ।। ૧૧ ।। રૂદ્ર પડે તો ૬૦ હાથ અથવા ૧૦૦ હાથ સુધી અસજ્ઝાઈ ।। ૧૨ ।। મસાણ ભુમિકાથી હાથ ૧૦૦ સુધી અસજ્ઝાઈ ।। ૧૩ ।। ચંદ્રગ્રહણ જધન્ય ૮ પહોર ઉત્કૃષ્ટ ૧૨ પહોર અસજ્ઝાઈ ।। ૧૪ ।। સૂર્યગ્રહણ જગન્ય ૮ પહોર ઉત્કૃષ્ટ ૧૨ પહોર અસજ્ઝાઈ ।। ૧૫ ।। અસુચીપણું હોય તો દ્રષ્ટીમાં આવે ત્યાં સુધી અસજ્ઝાઈ ।। ૧૬ ।। મોટો રાજા પડે તો નવો રાજા બેસે ત્યાં સુધી અસજ્ઝાઇ ।।૧૭।। પંચેદ્રિનું કલેવર પડયું હોય તો ૧૦૦ હાથ સુધી અસજ્ઝાઇ

॥ ૧૮ ॥ અસાડ સુદી ૧૫ ની અસજ્ઝાઈ ॥ ૧૯ ॥ અસાડ વદી એકમની અસજ્ઝાઈ ॥ ૨૦ ॥ ભાદ્રવા સુદ પુનમની અસજ્ઝાઇ ॥ ૨૧ ॥ ભાદ્રવા વદ પડવેની અસજ્ઝાઈ ॥ ૨૨ ॥ ચૈતર સુદ પુનમની અસજ્ઝાઈ ॥ ૨૩ ॥ ચૈતર વદ પડવેની અસજ્ઝાઇ ॥ ૨૪ ॥ બે ઘડી પ્રભાતકાલની અસજ્ઝાઇ ॥ ૨૫ ॥ બે ઘડી મધ્યાંન કાલની અસજ્ઝાઈ ॥ ૨૬ ॥ બે ઘડી મધ્યાંન રાત્રીની અસજ્ઝાઈ ॥ ૨૭ ॥ બે ઘડી સંધ્યા કાલની અસજ્ઝાઇ ॥ ૨૮ ॥ મોટો સંગ્રામ થાય તો જ્યાં સુધી રહે ત્યાં સુધી અસજ્ઝાઇ ॥ ૨૯ ॥

॥ ઇતિ અસજ્ઝાય સંપૂર્ણ ॥

---

# નેમિનાથજીની સજ્ઝાય.

કોડ ઉપાય કરી ચુકિ, પાંછા ન વલ્યા નાથજી ॥ કુંવારી મુકી રે મુજને એકલી, ગયા મુજ જીવણહારજી ॥ દયા ન લાવ્યારે પ્રભુ માહરી ॥ ૧ ॥ કષી કષીરે ભર જોબને, એલે જાશે અવતારજી ॥ નર વિનાની નારીને, બેસે કલંક અપારજી ॥૨॥ ૬૦॥ પાપ કર્યા મેં પરભવે, પોપટ પુર્યા પાંજરા માંહેજી ॥ તે જીવના દોસ લાગીયા, શું કરે માયને બાપજી ॥ ૬૦ ॥૩॥ મને વહાલા મુજ નેમપતિ, ધારી બેઠી એ વાટજી ॥ પાણી ગ્રહણ બિજા નહિ રૂચે, મુજ લાગસે

દોષજી ॥ ૬૦ ॥ ૪ ॥ હઠ ન કરો મહારી દીકરી, શેને થઇને અકલાવોજી ॥ નેમ સરીખો પતિ લાવસ્યું, થાસે જન્મના સુખજી ॥ ૬૦ ॥ ૫ ॥ માતપીતા તુમે માહરા, એવી ન બોલો વાતજી ॥ નેમ વિના બીજા માહરે, સવે ભ્રાત ને તાતજી ॥ ૬૦ ॥ ૬ ॥ હઠ ન કરો મહારી દિકરી, શેને થઇને અકલાવોજી ॥ માત પિતાનું કહ્યું માનીને, દીકરીને દે તીહાં જાયજી ॥ ૬૦ ॥ ૭ ॥ નહિ નહિ કરૂં માયરે, નેમ વિના બીજો ભરથારજી ॥ સંસાર છોડિ સંજમ આદરૂં, કરૂ સફલ અવતારજી ॥ ૬૦ ॥ ૮ ॥ હિરવિજય ગુરૂ હીરલો, વીર વિજય ગુણ ગાયજી ॥ લબ્ધી વિજય ગુરૂ રાજીયા, તેને પણ નમુ પાયજી ॥૬૦॥૯॥ ઇતિ નેમ સજ્ઝાય.

°°°°○°°°°

# અથ સૂતક વિચાર પ્રારંભ.

## પ્રથમ કોઇને ઘેર જન્મ થાય તે વિષે.

૧ પુત્ર જન્મે ત્યારે દીન ૧૦ નું તથા પુત્રી જન્મે દીન ૧૧ અને રાત્રે જન્મે તો દીન ૧૨ નું સુતક.

૨ બાર દિવસ ઘરના માણસ દેવ પુજા કરે નહી.

૩ ન્યારા (જુદા) જમતા હોય તો બીજાંના ઘરના પાણીથી જીનની પુજા કરે અને સુવાવડ કરનારી તથા કરાવનારને તો નવકાર ગણવો પણ સુજે નહી.

૪ પ્રસવવાળી સ્ત્રી માસ ૧ સુધી જીનપ્રતિમાની પૂજા કરે નહીં અને સાધુને પણ વહોરાવે નહીં એમ વિચારસાર પ્રકરણ મધે કહ્યું છે.

૫ ઘરના ગોત્રીને દીન ૫ સુતક જાણવું.

૬ વ્યવહાર ભાષ્યની મલયગીરીકૃત ટીકા મધે જન્મનું સુતક દીન ૧૦ કહ્યું છે.

૭ ગાય, ઘોડી, ઉંટડી, ભેંસ ઘરમાં પ્રસવે તો દીન ૨ નું અને વનમાં પ્રસવે તો દીન ૧ નું સુતક.

૮ ભેંસ પ્રસવે તો દીન ૧૫ તથા ગાય પ્રસવે તો ૧૦ દીન તથા છાલી બકરી પ્રસવે તો દીન ૮ તથા ઉંટણી પ્રસવે તો દીન ૧૦ પછી તેમનું દૂધ કલ્પે.

૯ દાસ દાસી કે જેનો આપણેજ આશ્રયે જન્મ થાય તો અને આપણી નજર આગળજ રહ્યા હોય તો ૨૮ પહોરનું સુતક જાણવું.

## ૠતુવંતી સ્ત્રી સંબંધી સુતક નિર્ણય.

૧ દીન ૩ સુધી ભાંડાદીકને જુવે નહીં દીન ચાર લગી પડીક્કમણાદિક કરે નહીં પણ તપસ્યા કરે તે લેખે લાગે દીન ૫ પછી જીન પૂજા કરે રોગાદિક કારણે ૩ દીવસ વિત્યા પછી પણ જો દૂધીર દીઠામાં આવે તો તેનો દોષ નથી વિવેકે કરી પવિત્ર થઈ જીન પ્રતિમાદીક જીન દર્શન અગ્રપૂજાદિક કરે તથા સાધુને પડીલાભે

પણ જીન પ્રતિમાની અંગ પૂજા ન કરે એમ ચર્ચરી ગ્રંથમાં કહ્યું છે.

## મૃત્યુ સંબંધી સુતકનો વિચાર.

૧ ઘરનું કોઈ મરણ પામેલું હોય તો દીન ૧૨ નું સુતક. તેને ઘેર સાધુ આહાર લે નહીં. તેના ઘરમાં અગ્નિ તથા જળથી જીન પૂજા થાય નહી એમ નિશીથચુર્ણીમાં કહ્યું છે. નીશીથસુત્રના ૧૬ મા ઉદ્દેશામાં જન્મ તથા મરણનું ઘર દુગંચ્છનીક કહ્યું છે.

૨ મૃત્યુવાળા પાસે સુવે તો દીન ૩ પૂજા ન કરે.

૩ કાંધીયા દેવ પૂજા પડિકમણાદિક, ૩ દીન ન કરે. પરંતુ જો નવકારનું ધ્યાન મનમાં કરે તો તેને કાંઇ પણ બાધ નથી.

૪ મૃતકને અડકયા ન હોય તો સ્નાન કીધે શુદ્ધ થાય.

૫ અન્ય પુરૂષ જો મૃતકને અડકયા હોય તો તે શોલ પહોર પર્યંત પડીક્કમણાદિક ન કરે.

૬ જેને ઘેર જન્મ તથા મર્ણનું સુતક થાય તેને ઘેર જમનારા દીન બાર સુધી જીનપૂજા કરે નહીં.

૭ વેષના પાલટનારા આઠ પહોર સુતક પાલે.

૮ જન્મે તે દિવસે મૃત્યુ થાય અથવા દેશાંતરે મરણ પામે અથવા યતી મરે તો દીન ૧ નું સુતક.

૯ આઠ વરસનું નાનું બાળક મરણ પામે તો દીન ૮ નું સુતક વિચારસાર પ્રકરણમાં કહ્યું છે.

૧૦ ગાય પ્રમુખનું મૃત્યુ થાય તો કલેવર ઘરની બહાર લઇ ગયા પછી દીન ૧ લગે સુતક અને અન્ય તિર્યંચનું કલેવર પડયું હોય તેને ઘેરથી બહાર લેઇ જાય તીહાં સુધી સુતક પછી નહીં.

૧૧ દાસ દાસી જે આપણી નિશ્રાએ ઘરમાં રહ્યાં હોય તેનું મૃત્યુ થાય તો ત્રણ દિવસ સુતક લાગે.

૧૨ જેટલા મહીનાનો ગર્ભ પડે તેટલા દિવસ સુતક લાગે.

૧૩ પરદેશ ગયેલાનું મરણ સાંભળે તો ૧ તથા ૨ દિવસનું સુતક લાગે એમ કલ્પ ભાષ્યમાં કહ્યું છે. ગોમુત્રમાં ૨૪ પહોર ભેંસના મુત્રમાં ૧૬ પહોરે, ગાડર. ગધેડી તથા ઘોડીના મુત્રમાં ૮ પહોર અને નર નારીના મુત્રમાં અંતર્મુહુર્ત્તમાં સમૂર્ચ્છિમ્ જીવ ઉપજે.

---

# સંસાર દાવાની થોય.

શ્રીઆદિનાથં, નતનાકિનાથં ॥ લક્ષ્મી સનાથં, કૃત પાપમાથં ॥ સંવેગ તાન્ય ત્કૃત હેમ હિરં, સંસાર દાવાનલ દાહ નિરં ॥ ૧ ॥ નિર્વાણ ચેાષી દ્રનબદ્ધ રાગં, સશ્રીકભાલં ગદસાખી નાગં ॥ સંસ્તો મિસન સિતકર્મ વિરં, સંમોહ

ધુલી હરણે સમીરં ॥ ૨ ॥ વિસાર દ્વૈન્દિત્ય ગુણ ત્યતાનં, મીડે વૃષાંકં વિગતાભિમાનં ॥ સદ્ સહસ્ત્રા પહંત સરીરં, માયા રસાદારણ સારસીરં ॥ ૩ ॥ કલ્લાણુકંદોદય કંદ કલ્પં, સદવાંછિતાર્થૈક વિધાન કલ્પં ॥ આદિ પ્રભુ પુન્ય સમાભૃકીરં, નમામિવિરં ગીરી સાર ધિરં ॥ ૪ ॥

---

## નમુક્કારસહિઅંનું પચ્ચખ્ખાણ.

ઉગ્ગએસુરેનમુક્કારસહિઅં, પચ્ચખ્ખાઈ ચઉવિહંપિ-આહારં, અસણું પાણું ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણું સહસાગારેણું વોસિરે.

---

## અથ નમુક્કારસહિઅં મુઠસહિઅંનું પચ્ચખ્ખાણ.

ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં મુઠ્ઠસાહિઅં, પચ્ચખ્ખાઈ ચઉવિહંપિઆહારં અસણું પાણં ખાઇમં સાઇમં, અન્નત્થણાભોગેણું સહસાગારેણું મહત્તરાગારેણું, સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરે.

---

## અથ પોરસિસાઢ્ઢપોરસિનું પચ્ચખ્ખાણ.

ઉગ્ગએસૂરે નમુક્કારસાહિઅં પોરિસિં સાઢપોરિસિં મુઠ્ઠ સહિઅં પચ્ચખ્ખાઈ, ઉગ્ગએસૂરે ચઉવ્વિહંપિઆહારં

અસણું પાણું ખાઇમં સાઇમં અન્નત્થણા ભોગેણું સહસાગારેણું પચ્છન્નકાલેણું દિસામોહેણું સાહુવયણેણું મહત્તરાગારેણું સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરે.

---

## અથ પુરિમઢ્ઢ અવઢ્ઢનું પચ્ચખ્ખાણ.

સૂરેઉગ્ગએ નમુક્કારસહિઅં પુરિમઢ્ઢં અવઢ્ઢંમુઠસહિઅં પચ્ચખ્ખાઇ, સૂરેઉગ્ગએ ચઉવીહંપિ આહારં અસણું પાણું ખાઇમં સાઇમં, અન્નત્થણા ભોગેણું સહસાગારેણું પચ્છન્નકાલેણું દિસામોહેણું, સાહુવયણેણું મહત્તરાગારેણું સવ્વસમાહવત્તિઆગારેણું વોસિરે.

---

## વિગઈ નિવિગઈનું પચ્ચખ્ખાણ.

વિગઇઓ નિવિગઇઅ પચ્ચખ્ખાઈ અન્નત્થણાભોગેણું સહસાગારેણું લેવાલેવેણું ગિહત્થસંસટ્ઠેણું ઉક્ખિત્તવિવેગેણું પડુચ્ચમક્ખિએણું પારિટ્ઠાવણિયાગારેણું મહત્તરાગારેણં વોસિરે.

---

## બેઆસણા તથા એકાસણાનું પચ્ચખ્ખાણ.

ઉગ્ગએસૂરે નમુક્કારસાહઅં પોરિસિં સાહપોરિસિં પુરિમઢ્ઢ મુઠ્ઠસહિઅં પચ્ચખ્ખાઇ, ઉગ્ગએસૂરે ચઉવીહંપિઆહારં અસણં, પાણં ખાઇમં સાઇમં, અન્નત્થણા ભોગેણં, સહસ્સાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવય-

ણેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં, એકાસણં, બેઆસણં, પચ્ચક્ખાઈ, તિવિહંપિઆહારં, અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં. સાગારિઆગારેણં આઉટણપસારેણં ગુરૂઅબ્ભુટ્ઠાણેણં પારિટ્ઠાવણિઆગારેણં મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં; પાણસ્સ લેવેણવા અલેવેણવા અચ્છેણવા બહુલેવેણવા સસિત્થેણવા અસિત્થેણવા વોસિરામિ.

---

## અથ આયંબિલનું પચ્ચક્ખાણ.

ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં પોરસિં સાઢ્ઢપોરસિં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ ઉગ્ગએસૂરે ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં સાહુવયણેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં આયંબિલ. પચ્ચક્ખાઈ અન્નત્થણાભોગેણં સહસાગારેણં લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં ઉખિત્તવિવેગેણં પારિટ્ઠાવણિઆગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહવત્તિઆગારેણં એગાસણં પચ્ચક્ખાઈ તિવિહંપિ આહારં અસણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં સાગારિઆગારેણં .આઉટણપસારેણં ગુરૂઅબ્ભુટ્ઠાણેણં પારિઠાવણિઆગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં પાણસ્સ લેવેણવા અલેવેણવા અચ્છેણવા બહુલેવેણવા સાસત્થેણવા વોસિરે.

---

## અથ ચઉવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ.

સુરે ઉગ્ગએ–અભત્તટ્ઠં પચ્ચખ્ખાઈ ચઉવ્વિહંપિ આહારંઅસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરે.

---

## અથ તિવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ.

સુરે ઉગ્ગએ અભત્તટ્ઠં પચ્ચખ્ખાઈ તિવિહંપિઆહારં અસણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પારિઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવતિઆગારેણં પાણહાર પોરિસિં સાઢ્ઢપોરિસિં મુટ્ઠિસહિઅં ઘરસહિઅં પચ્ચખ્ખાઈ ઉગ્ગએસૂરે પુરિમઢ્ઢ અવઢ્ઢં પચ્ચખ્ખાઈ અન્નત્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં સાહુવયણેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં પાણસ્સલેવેણવા અલેવેણવા અચ્ચેણવા બહુલેવેણવા સસિત્થેણવા અસિત્થેણવા વોસિરે.

---

## અથ ચઉત્થ છઠભત્તાદિકનું પચ્ચખ્ખાણ.

સુરે ઉગ્ગએ ચઉત્થભત્ત અભત્તટ્ઠં પચ્ચખાઈ સુરે ઉગ્ગએ છટ્ઠભત્તં અભત્તટ્ઠં પચ્ચખ્ખામિ પાણહાર પોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચખ્ખાઈ અન્નત્થણા ભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં પાણસ્સલેવેણવા

અલેવેણવા અચ્છેણવા બહુ લેવેણવા સસિત્થેણવા અસિ-
ત્થેણવા વોસિરે.

---

## અથ ગંઠસહિઅં આદિ અભિગ્રહોનું પચ્ચખ્ખાણ.

ગંઠસહિઅં વેઢસહિઅં દિવસહિઅં થિમુગસહિઅં
મુઠિસહિઅં પચ્ચખ્ખાઈ અન્નત્થણાભોગેણં સહસાગારેણં
મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરે.

---

## અથ ચૌદ નિયમ ધારનારને દેશાવગાસિકનું પચ્ચખ્ખાણ.

દેસાવગાસિઅં ઉવભોગ પરિભોગ પચ્ચખાઈ અ-
ન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિ-
વત્તિયાગારેણં વોસિરે. સચિત દ્રવ્વ વગઈ વાણહ તંબોલ
વસ્થ કુસુમેસુ વાહણ સયણ વિલેવણ બંભ દિસિ નાણ
ભત્તેસુ.

---

## અથ સાજનાં પચ્ચખ્ખાણ.

## અથ પાણહાર દિવસચરિમનું પચ્ચખ્ખાણ.

પાણહાર દિવસચરિમ પચ્ચખાઈ અન્નત્થણાભોગેણં
સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં
વોસિરે.

---

## અથ ચઉવિહારનું પચ્ચખાણ.

દિવસચરિમ પચ્ચખાઈ ચઉવ્વહંપિ આહાર અસણં

પાણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

---

## અથ તિવિહારનું પચ્ચખ્ખાણ.

દિવસ ચરિમં પચ્ચખાઇ તિવિહંપિ આહારં અસણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

---

## અથ દુવિહારનું પચ્ચખ્ખાણ.

દિવસ ચરિમં પચ્ચખ્ખાઇ દુવીહંપી આહારં અસણં ખાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહીવત્તિયાગારેણં વોસિરે.

---

## અથ પચ્ચખ્ખાણના આગારની ગાથા.

દોચ્ચેવ નમુક્કારે આગારા છચ્ચેવ પોરિસિએ, સત્તવય પુરિમઢ્ઢે એકાસણંમિ અટ્ઠવણું ॥૧॥ સત્તગઠ્ઠાણેસુઅ, અટ્ઠેવય અંબિલંમિ આગારા, પંચવય અત્તટ્ઠે, છપ્પાણેચરિમચત્તારિ ॥૨॥ પંચ ચઉરો અભિગ્ગહે, નિવ્વિએ અટ્ઠ નવ આગારા અપ્પાઉરણે પંચચઉ, હવંતિસેસેસુચત્તારિ ॥ ૩ ॥ ફાસિઅં

પાલિઅં ફાસિઅં તીરિઅં કિટ્ટિઅં આરાહિઅં જં ચ ન આરાહિઅં, તસ્સ મિચ્છામિ દુક્કડં. ॥૪॥

---

## અથ પચ્ચખ્ખાણ પારવાનો વિધિ.

પ્રથમ ઇરિયાવહિયં પડિક્કમીએ, યાવત જગચિંતામણીનું ચૈત્યવંદન જયવીઅરાય સુધી કરવું, પછી મન્હજિણાણંની સજ્ઝાય કહી મુહપતિ પડિલેહવી. ઇચ્છામિખમાસમણો૦ ઇચ્છકા૦ પચ્ચખાણ પાર્યું તહત્તિ, એમ કહી જમણો હાથ કટાસણા ચરવળા ઉપર થાપી એક નવકાર ગણી પચ્ચખાણ કર્યું હોય તે કહી પાંરવું તે લખીએ છીએ.

ઉગ્ગએસુરે નમુક્કારસહિઅં પોરસિં સાઢ્ઢપોરસિં ગંઠસહિઅંમુઠ્ઠસહિઅં પચ્ચખાણ કર્યું ચઉવ્વિહાર આંબિલ નિવિ એકાસણું બેઆસણું કર્યું તિવિહાર પચ્ચખાણ ફાસિઅં પાલિઅં સોહિઅં તીરિઅં કિટ્ટિઅંઆરાહિઅં જંચ ન આરાહિયં તસ્સ મિચ્છામિ દુક્કડં.

# તત્ર પ્રથમ શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત.

## ।। દીવાલીના દેવવંદન વિધિઃ ।।

પ્રથમ સ્થાપના સ્થાપીયે, પછી ઇરિયાવહિ પડિ-ક્કમી ચૈત્યવંદન કરી, નમુથ્થુણં કહી અર્ધા જયવીયરાય કહીયે, પછી બીજું ચૈત્યવંદન કહી નમુત્થુણં કહીયે, પછી અરિહંત ચેઇયાણં કહી એક નવકારનો કાઉસ-ગ્ગ કરી એક થોય કહી લોગસ્સ કહેવો, પછી એક ન-વકારનો કાઉસ્સગ્ગ કરી બીજી થોય કહેવી, પછી પુ-ખ્ખરવરદી કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુદ્ધાણં કહી એક નવકા-રનો કાઉસ્સગ્ગ કરી ચોથી થોય કહેવી. એજ રીતે બી-જો જોડો થોયોનો કહીને નમુત્થુણં કહેવું. પછી સ્તવન કહી અર્દ્ધા જયવીયરાય કહેવા, પછી ત્રીજું ચૈત્યવંદન કહી સંપૂર્ણ જયવીયરાય કહીયે, એ રીતે પ્રથમ જો-ડો કહેવો. તેવીજ રીતે બીજો જોડો પણ કહેવો ॥ ઇતિ વિધિઃ ॥

---

## ।। અથ પ્રથમ ચૈત્યવંદન ।।

વીર જિનવર વીર જિનવર, ચરમ ચૌમાસ, ન-
યરી અપાપાયે આવીયા ॥ હસ્તિપાલ રાજન સભાયે,
કાર્તિક અમાંવાસ્યા રયણિયે ॥ મુહુર્ત શેષ નિર્વાણ
તાંહિં ॥ સોલ પહોર દેઈ દેશના, પહોત્યા મુક્તિ મઝાર
॥ નિત્ય દીવાલી નય કહે, મલિયા નૃપતિ અઢાર ॥૧॥

## ।। દ્વીતીય ચૈત્યવંદન ।।

દેવ મલિયા દેવ મલિયા, કરે ઉત્સવ રંગ,
મેરઈયાં હાથે ગ્રહી ॥ દ્રવ્ય તેજ ઉદ્યોત કીધો, ભાવ
ઉદ્યોત જિનેંદ્રને ॥ ઠામ ઠામ એહ ઓચ્છવ પ્રસિદ્ધો ॥
લખકોડી છઠ ફલ કરી, કલ્યાણ કરો એહ ॥ કવિ નય-
વિમલ કહે ઈશ્યું, ધન ધન દહાડો તેહ ॥ ૨ ॥

## અથ થોયોનું અષ્ટક, તત્ર પ્રથમ વીરસ્તુતિ.

મનોહર મૂર્ત્તિ મહાવીરતણી, જિણે સોલ પહોર
દેશના પભણી ॥ નવ મલ્લી નવ લચ્છી નૃપતિસુણી,
કહિ શિવ પામ્યા ત્રિભુવન ધણી ॥ ૧ ॥ શિવ પહો-
ત્યા રૂષભ ચઉ દશ ભક્તે, બાવીશ લહ્યા શિવ માસ

થિતે ॥ છઠ્ઠે શિવ પામ્યા વીર વલી, કાતિ વદી અમાવાસ્યા નિરમલી ॥ ૨ ॥ આગામિ ભાવી ભાવ કહ્યાં; દીવાલીકલ્પે જેહ લહ્યા ॥ પુણ્ય પાપ ફલ અજ્ઝયણે કહ્યાં, સવિ તહત્તિ કરીને સદ્દહ્યાં ॥ ૩ ॥ સવિ દેવ મલી ઉદ્યોત કરે, પરભાતે ગૌતમ જ્ઞાન વરે ॥ જ્ઞાનવિમલ સદ્ધા ગુણ વિસ્તરે, જિનશાસનમાં જયકાર કરે ॥ ૪ ॥

## ।। અથ દ્વિતીય વીરસ્તુતિ ।।

જય જય ભવિ હિતકર, વીર જિનેશ્વર દેવ ॥ સુર નરના નાયક, જેહની સારે સેવ ॥ કરૂણારસ કંદો, વંદો આણંદ આણી ॥ ત્રિશલા સુત સુંદર, ગુણ મણિ કેરો ખાણી ॥ ૧ ॥ જસ પંચ કલ્યાણક, દિવસ વિશેષ સુહાવે ॥ પણ થાવર નારક, તેહને પણ સુખ થાવે ॥ તે ચ્યવન[૧] જનમ[૨] વ્રત[૩], નાણ[૪] અને નિર્વાણ[૫] ॥ સવિ જિનવર કેરાં; એ પાંચે અહિઠાણ ॥ ૨ ॥ જિહાં પાંચ સમિતિ યુત, પાંચમહાવ્રત સાર ॥ જેહમાં પરકાશ્યા, વલિ પાંચે વ્યવહાર ॥ પરમેષ્ઠિ[૧] અરિહંત[૨], નાથ[૩] સર્વજ્ઞને પાર[૪] ॥ એહ પંચ પદે લહ્યો; આગમ

અર્થ ઉદાર ॥ ૩ ॥ માત્તંગ સિદ્ધાઈ, દેવી જિનપદ્ધ સેવી ॥ દુઃખ દુરિત ઉપદ્રવ, જે ટાલે નિતમેવી ॥ શાસન સુખદાયી, આઈ સુણેા અરદાશ ॥ શ્રી જ્ઞાનવિમલ ગુણ, પૂરેા વંછિત આશ ॥ ૪ ॥ ઇતિ દ્વિતીય થુઈ જોડા.

## ।। અથ શ્રી મહાવીર જિન સ્તવન ।।

॥ આજ સખી સંખેસરા ॥ એ દેશી ॥

શ્રી મહાવીર મનોહરૂ, પ્રણમું શિર નામી ॥ કંત જશોદા નારિનેા, જિન શિવગતિ ગામી ॥ ૧ ॥ ભગિની જસ સુદંસણા, નંદીવર્ધન ભાઈ ॥ હરિ લંછન હે જાલુએા, સહુકેા ને સુખદાયી ॥ ૨ ॥ સિદ્ધાર્થ ભૂપતી તણેા, સુત સુંદર સેાહે ॥ નંદન ત્રિશલા દેવિનેા, ત્રિભુવન મન મેાહે ॥ ૩ ॥ એક શત દશ અધ્યયન જે, પ્રભુ આપ પ્રકાસે ॥ પુણ્ય પાપ ફલ કેરડાં, સુણે ભવિક ઉલ્લાસે ॥૪॥ ઉત્તરાધ્યયન છત્રીશ જે, કહે અર્થ ઉદાર ॥ સેાલ પહેાર દીયે દેશના, કરે ભવિ ઉપગાર ॥ ૫ ॥ સર્વાર્થ સિધ્ધ મુહૂર્ત્તમાં, પાછલી જે રયણી ॥ યેાગ નિરેાધ કરે તિહાં, શિવની નીસરણી ॥ ૬ ॥ ઉત્તરાફાલ્ગુની ચંદ્રમા, જોગે શુભ આવે ॥ અજરામર પદ

પામીયા, જયજય રવ થાવે ॥ ૭ ॥ ચોસઠ સુરવર આવીયા, જિન અંગ પખાલી ॥ કલ્યાણક વિધિ સાચવી, પ્રગટી દીવાલી ॥ ૮ ॥ લાખ કોડી ફલ પામીયે, જિન ધ્યાને રહીયે ॥ ધીરવિમલ કવિરાજનો, જ્ઞાનવિમલ કહિયે ॥ ૯ ॥ ઇતિ વીરજિન સ્તવન ॥

## ॥ તૃતીય ચૈત્યવંદન ॥

શ્રી સિદ્ધાર્થ નૃપ કુલ તિલો, ત્રિશલા જસમાત ॥ હરિ લંછન તનુ સાત હાથ, મહિમા વિખ્યાત ॥ ત્રીશ વરસ ગૃહવાસ છંડી, લીએ સંયમ ભાર ॥ બાર વરસ છદ્મસ્થ માન, લહી કેવલ સાર ॥ ત્રીશ વરસ એમ સવિ મલી એ, બહોંતેર આયુ પ્રમાણ ॥ દીવાલી દિન શિવ ગયા, કહે નય તેહ ગુણખાણ ॥ ૩ ॥ ઇતિ ચૈત્યવંદન ત્રયમ્ ॥ ઇતિ પ્રથમ જોડો ॥

## ॥ અથ બીજો જોડો ॥

॥ અથ પ્રથમ ચૈત્યવંદન ॥

નમો ગણધર નમો ગણધર, લબ્ધિ ભંડાર ॥ ઇંદ્રભૂતિ મહિમા નિલો, વડ વજ્ર મહાવીર કેરો ॥ ગૌતમ ગોત્રે ઉપન્યો; ગણિ અગ્યાર માંહે વડેરો ॥ કેવ-

લગ્નાન લહ્યું જિણે, દીવાલી પરભાત ॥ જ્ઞાન વિમલ કહે જેહના, નામ થકી સુખશાત ॥ ૧ ॥

## ।। અથ દ્વિતીય ચૈત્યવંદન ।।

ઇંદ્રભૂતિ પહિલો ભણું, ગૌતમ જસ નામ ॥ ગોબર ગામે ઊપન્યા, વિદ્યાના ધામ ॥ પંચ સયા પરિવારશું, લેઈ સંયમ ભાર ॥ વરસ પચાસ ગૃહે વસ્યા, વ્રતે વર્ષજ ત્રીશ ॥ બાર વરસ કેવલ વર્યાએ, બાણું વરસ સવિ આય ॥ નય કહે ગૌતમ નામથી, નિત્ય નિત્ય નવ-નિધિ થાય ॥ ૩ ॥

## ।। અથ પ્રથમ થુઈ જોડો ।।

ઇંદ્રભૂતિ અનુપમ ગુણ ભર્યા; જે ગૌતમ ગોત્રે અલંકર્યા ॥ પંચશત છાત્રશું પરિવર્યા, વીર ચરણ લહી ભવજલ તર્યા ॥ ૧ ॥ ચઉ અઠ દશ દોય જિન-ને સ્તવે, દક્ષિણ પશ્ચિમ ઉત્તર પૂરવે ॥ સંભવ આદિ અષ્ટાપદ ગિરિયે વલી, જે ગૌતમ વંદે લલીલલી ॥ ૨ ॥ ત્રિપદિ પામીને જેણે કરી, દ્વાદશાંગી સકલ ગુણે ભ-રી ॥ દીયે દીક્ષા તે લહે કેવલસિરિ, તે ગૌતમને રહું

અનુસરી ॥ ૩ ॥ જક્ષ માતંગને સિદ્ધાયિકા, સુરિ શાસનની પરભાવિકા ॥ શ્રી જ્ઞાનવિમલ દીપાલિકા, કરો નિત્ય નિત્ય મંગલમાલિકા ॥ ૪ ॥ ઇતિ સ્તુતિઃ ॥

## ॥ અથ દ્વિતીય થુઈ જોડો ॥

શ્રી ઇંદ્રભૂતિ ગણવૃદ્ધિભૂતિં, શ્રીવીરતીર્થાધિપમુખ્યશિષ્યમ્ ॥ સુવર્ણ કાંતિકૃતકર્મશાંતિં; નમામ્યહં ગૌતમગોત્રરત્નમ્ ॥ ૧ ॥ તીર્થંકરા ધર્મધુરા ધુરીણા, યે ભૂતભાવિપ્રતિવર્તમાનાઃ ॥ સમ્યંચકલ્યાણુકવાસરસ્થા, દિશંતુ તે મંગલમાલિકાં ચ ॥ ૨ ॥ જિનેંદ્રવાકયં પ્રથિતપ્રભાવં, કર્માષ્ટકાનેકભેદસિંહમ્ ॥ આરાધિતં શુદ્ધમુનીંદ્રવર્ગૈં, જંગત્યમેયં જયતાત્ નિતાંતમ્ ॥ ૩ ॥ સમ્યગ્દૃશાં વિઘ્નહરા ભવંતુ, માતંગયક્ષઃ સુરનાયકશ્ચ ॥ દીપાલિકાપર્વણિ સુપ્રસન્નઃ, શ્રીજ્ઞાનસૂરિવર દાયકશ્ચ ॥ ૪ ॥ ઇતિ ગૌતમસ્વામીસ્તુતિઃ

## ॥ અથ સ્તવન ॥

॥ તુંગીયા ગિરિ શિખર સોહે ॥ એ દેશી ॥

વીર મધુરી વાંણી ભાંખે, જલધિ જલ ગંભીરરે ॥ ઇંદ્રભૂતિ ચિત્ત ભ્રાંતિ રજકણ, હરણ પ્રવર સમીરરે ॥

વીર૦ ॥ ૧ ॥ પંચ ભૂત થકીજ પ્રગટે, ચેતના વિજ્ઞાનરે ॥ તેહમાં લય લીન થાયે, ન પરભવ સંજ્ઞાન રે ॥ વીર૦ ॥ ૨ ॥ વેદ પદનો અર્થ એહવો, કરે મિથ્યા રૂપ રે ॥ વિજ્ઞાન ઘન પદ વેદ કેરાં, તેહનું એહ સ્વરૂપ રે ॥ વીર૦ ॥ ૩ ॥ ચેતના વિજ્ઞાન ઘન છે, જ્ઞાન દર્શન ઉપયોગ રે ॥ પંચભૂતિક જ્ઞાનમય તે, હોય વસ્તુ સંયોગ રે ॥ વી૦ ॥ ૪ ॥ જિહાં જેહવિ વસ્તુ દેખિયે, હોય તેહવું જ્ઞાન રે ॥ પૂરવ જ્ઞાન વિપર્યયથી, હોય ઉત્તમ જ્ઞાન રે ॥ વી૦ ॥ ૫ ॥ એહ અર્થ સમર્થ જાણી, ભણ્યુ પદ વિપરીત રે ॥ ઇણિપરે ભ્રાંતિ નિરા કરીને, થયા શિષ્ય વિનીત રે ॥ વી૦ ॥ ૬ ॥ દીપાલિકા પ્રભાતે કેવલ, લહ્યું તે ગૌતમસ્વામ રે ॥ અનુક્રમે શિવસુખ લહ્યા તેહને, નય કરે પ્રણામ રે ॥ વીર૦ ॥ ૭ ॥

॥ ઇતિ સ્તવનં ॥

## ॥ અથ દ્વિતીય સ્તવનં ॥

॥ અલબેલાની દેશી ॥

દુઃખહરણી દીપાલિકા રે લાલ, પરવ થયું જગ-માંહિ ॥ ભવિ પ્રાણી રે ॥ વીર નિવાર્ણથી થાપના રે લાલ, આજ લગે ઉચ્છાહિ ॥ ભવિ૦ ॥ ૧ ॥ સમકિત

દૃષ્ટિ સાંભલો રે લાલ, એ આંકણી ॥ સ્યાદ્વદ ઘર-ઘોલીએ રે લાલ, ॥ દર્શનની કરી શુદ્ધિ ॥ ભવિ૦ ॥ ચા-રિત્ર ચંદ્રોદય બાંધયેરે લાલ, ટાલો દુઃકર્મ બુ-દ્ધિ ॥ ભવિ૦ ॥ ૨ ॥ સમ૦ ॥ સેવા કરો જિનરાય ની રે લાલ, દિલ દિઠાં મિઠાશ ॥ ભવિ૦ ॥ વિવિધ પ્રદારથ ભાવના રે લાલ, તે પકવાનની રાશિ ॥ ભવિ૦ ॥ ૩ ॥ સમ૦ ॥ ગુણિજન પદની નામના રે લાલ, તેહિજ જુહાર ભટ્ટાર ॥ ભવિ૦ ॥ વિવેક રતન મેરા-ઇયાં રે લાલ, ઉચિત તે દીપ સંભાર ॥ ભવિ૦ ॥ ૪ ॥ સમ૦ ॥ સુમતિ સુવનિતા હેજશું રે લાલ, મન ઘર-માં કરો વાસ ॥ ભવિ૦ ॥ વિરતિ સાહેલી સાથ શું રે લાલ, અવિરતિ અલચ્છી નિકાસ ॥ ભવિ૦ ॥ ૫ ॥ સમ૦ ॥ મૈત્રાદિકની ચિંતના રે લાલ, તેહ ભલા શણગાર ॥ ભવિ૦ ॥ દર્શન ગુણ વાધા બન્યારે લાલ, પરિમલ પર ઉપગાર ॥ ભવિ૦ ॥ ૬ ॥ સમ૦ ॥ પૂર્વ સિદ્ધ કન્યા પખેરે લાલ, જાનઇયા અણગાર ॥ ભવિ૦ ॥ સિદ્ધશિલા વર વેદિકા રે લાલ, કન્યા નિવૃત્તિ સાર ॥ ભવિ૦ ॥ ૭ ॥ સમ૦ ॥ અનંત ચતુષ્ટય દાય-જો રે લાલ૦ શુદ્ધા યોગ નિરોધ ॥ ભવિ૦ ॥ પાણીગ્રં

હણ પ્રભુજી કરે રે લાલ, સહુને હરખ વિબોધ ॥ ભવિ૦ ॥ ૮ ॥ સમ૦ ॥ ધાણ પરે પર્વ દીપાલિકા રે લાલ, કરતાં કોડિ કલ્યાણ ॥ ભવિ૦ ॥ જ્ઞાનવિમલ પ્રભુ ભક્તિશું રે લાલ, પ્રગટે સકલ ગુણ ખાણ ॥ ભવિ૦ ॥ ૯ ॥ સમ૦ ॥ ઇતિ ॥

## ॥ અથ તૃતીય ચૈત્યવંદન ॥

જીવકેરો જીવકેરો, અછે મનમાંહિ ॥ સંશય વેદ પદે કરી, કહી અર્થ અભિમાન વાર્યો ॥ શ્રી મહાવીર સેવા કરી, ગ્રહી સંયમ આપ તારયો ॥ ત્રિપદિ પામી ગુંથીયા, પૂરવ ચઉદ ઉદાર ॥ નય કહે તેમના નામથી, હોયે જય જયકાર ॥ ૩ ॥ ઇતિ ગૌતમ ચૈત્યવંદન ત્રયમ્ ॥ ઇતિ શ્રી દીવાલીના દેવ વાંદવાનો વિધિ. સમાપ્તઃ

## ॥ અથ શ્રી જ્ઞાનપંચમી દેવવંદન પ્રારંભઃ ॥

### ॥ તત્ર પ્રથમ વિધિ ॥

પ્રથમ બાજોઠ અથવા ઠવણી ઉપર પાંચ પુસ્તકો મૂકીને વાસક્ષેપથી જ્ઞાનની પૂજા કરીયે, વલી પાંચ દીવેટનો દીવો કરીયે, તે જયણાપૂર્વક પુસ્તકને જમણેપાસે

સ્થાપીયે અને ધૂપધાણું ડાબે પાસે મૂકીયે, પુસ્તક આગલ પાંચ અથવા એકાવન સાથીયા કરી, ઉપર શ્રીફલ તથા સોપારી મૂકીયે, યથાશકતે જ્ઞાનની દ્રવ્ય પૂજા કરીયે, પછી દેવ વાંદીયે અને સામાયિક તથા પોસહ મધ્યે વાસપૂજાએ પુસ્તક પૂજીને દેવ વાંદીએ, અથવા દેહેરા મધ્યે બાજોઠ ત્રણ ઉપરાઉપર માંડી, તે ઉપર પાંચ શ્રી જિનમૂર્ત્તિ સ્થાપીયે, તથા મહા ઉત્સવથી પોતાને ઠામે સ્નાત્ર ભણાવીયે. પ્રભુ આગળ જમણી તરફ પુસ્તક માંડયું હોય, તેની પણ વાસ ક્ષેપ પ્રમુખે પૂજા કરીયે; તથા ઉજમણું માંડયું હોય ત્યાં પણ યથાશકતે કરી જિનબિંબ આગળ લઘુ સ્નાત્ર ભણાવીને અથવા સત્તરભેદી પૂજા ભણાવીને પછી શ્રી સૌભાગ્ય પંચમીના દેવ વાંદીયે. ॥

## હવે દેવ વાંદવાનો વિધિ કહે છે.

પ્રથમ પ્રગટ નવકાર કહી ઇરિયાવહી પડિક્કમી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી, ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્ ! મતિ-

જ્ઞાન આરાધનાર્થે ચૈત્યવંદન કરૂં ? એમ કહી પછી યોગમુદ્રાએ બેસી ચૈત્યવંદન કરીયે, તે કહે છે.

## અથ શ્રી મતિજ્ઞાનનું ચૈત્યવંદન

શ્રી સૌભાગ્યપંચમી તણો, સયલ દિવસ સિણ ગાર ॥ પાંચે જ્ઞાનને પૂજીયે, થાય સફલ અવતાર ॥ ૧ ॥ સામાયિક પોસહ વિષે, નિરવદ્ય પૂજા વિચાર ॥ સુગંધ ચૂર્ણાદિક થકી, જ્ઞાન ધ્યાન મનોહાર ॥૨॥ પૂર્વ દિસે ઉત્તર દિશે, પીઠ રચી ત્રણ સાર ॥ પંચ વરણ જિન બિંબને, સ્થાપીજે સુખકાર॥ પંચ પંચ વસ્તુ મેલવી, પૂજા સામગ્રી જોગ ॥ પંચ વરણ કલશા ભરી, હરીયે દુઃખ ઉપભોગ ॥ ૪ ॥ યથાશક્તિ પૂજા કરો, મતિજ્ઞાનને કાજે ॥ પંચ જ્ઞાનમાં ધુરે કહ્યું, શ્રી જિનશાસન રાજે ॥ ૫ ॥ મતિ શ્રુત વિણ હોવે નહી એ, અવધિ પ્રમુખ મહા જ્ઞાન ॥ તે માટે મતિ ધુરે કહ્યું, મતિ શ્રુતમાં મતિ માન ॥ ૬ ॥ ક્ષય ઉપશમ આવરણનો, લબ્ધિ હોયે સમકાલે ॥ સ્વામ્યાદિકથી અભેદ છે, પણ મુખ્ય ઉપયોગ કાલે ॥ ૭ ॥ લક્ષણ ભેદે ભેદ છે, કારણ કારજ યોગે ॥ મતિ સાધન શ્રુત સાધ્ય છે, કંચન કલશ સંયોગે ॥૮॥

પરમાતમ પરમેસરૂ એ, સિધ્ધ સયલ ભગવાન ॥
મતિ જ્ઞાન પામી કરી, કેવલ લક્ષ્મી નિધાન ॥ ૯ ॥
ઇતિ ચૈત્યવંદન ॥૧॥ જંકિંચિ૦ નમુત્થુ૦ ॥ જાવંતિ
જાવંત૦ ॥ નમોર્હંત૦ કહી સ્તવન કહેવું તે આ પ્રમાણે–

---

## ।। અથ સ્તવન લિખ્યતે ।।

॥ રસિયાની દેશી. ॥

પ્રણમો પંચમી દિવસે જ્ઞાનને, ગાજે જગમાં રે જે ॥ સુજ્ઞાની ॥ શુભ ઉપયોગે ક્ષણમાં નિર્જ્જ રે, મિથ્યા સંચિત ખેહ ॥ સુ૦ ॥ ૧ ॥ પ્રણ૦ ॥ સંતપદા-દિક નવ દ્વારે કરી, મતિ અનુયોગ પ્રકાશ ॥ સુ૦ ॥ નય વ્યવહારે આવરણ ક્ષય કરી, અજ્ઞાની જ્ઞાન ઉલ્લાસ ॥ સુ૦ ॥ ૨ ॥ પ્રણ૦ ॥ જ્ઞાની જ્ઞાન લહે નિશ્ચય કહે, દો નય પ્રભુજીને સત્ય ॥ સુ૦ ॥ અંતરમુહૂર્ત્ત રહે ઉપ-યોગથી, એ સર્વ પ્રાણીને નિત્ય ॥ સુ૦ ॥ ૩ ॥ પ્રણ૦ ॥ લબ્ધિ અંતરમુહૂર્ત્ત લઘુપણે, છાશઠ સાગર જિહુ ॥ સુ૦ ॥ અધિકો નરભવ બહુ વિધ જીવને, અંતર કદિયે નદિહુ ॥ સુ૦ ॥ ૪ ॥ પ્રણ૦ ॥ સંપ્રતિ સમયે એક બે પામતા,

હોય અથવા નવિ હોય ॥ સુ૦ ॥ ક્ષેત્ર પલ્યોપમ ભાગ અસંખ્યમાં, પ્રદેશ માને બહુ જોય ॥ સુ૦ ॥ ૫ ॥ ॥ પ્રણ૦ ॥ મતિજ્ઞાન પામ્યા જીવ અસંખ્ય છે, કહ્યા પડિવાઇ અનંત ॥ સુ૦ ॥ સર્વ આશાતન વરજે જ્ઞાનની, વિજયલક્ષ્મી લહો સંત ॥ સુ૦ ॥ ૬ ॥ પ્રણ૦ ॥ ઇતિ શ્રી મતિજ્ઞાન સ્તવનમ્ ॥

પછી જયવીયરાય કહી, ખમાસમણ દેઈ ઇચ્છા કારેણ સંદિસહ ભગવન્ ! શ્રી મતિજ્ઞાન આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં ! મતિજ્ઞાન આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ અને અન્નત્થ ઉસસીએણું. કહી એક લોગસ્સનો ચંદસુનિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી કાઉસ્સગ્ગ પારી નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ કહી પછી થુઇ કહેવી, તે નીચે લખીએ છીએ.

---

## ।। અથ થુઈ ।।

(શ્રી સંખેશ્વર પાસ જિનેસર.—એ દેશી.)

શ્રી મતિજ્ઞાનની તત્ત્વ ભેદથી, પર્યાયે કરી વ્યા-

ખ્યાજી ॥ ચઉવિહ દ્રવ્યાદિકને જાણે, આદેશે કરી હાખ્યા જી ॥ માને વસ્તુ ધર્મ અનંતા, નહી અજ્ઞાન વિવક્ષા જી ॥ તે મતિજ્ઞાનને વંદેા પૂજે, વિજયલક્ષ્મી ગુણ કાંક્ષા જી ॥ ૧ ॥ ઈતિ સ્તુતિ ॥ પછી ખમાસમણ દેઈ એક ગુણનેા દુહેા કહી, પછી બીજું ખમાસમણ દેઈ બીજો ગુણ વરણવવેા ॥ એ રીતે મતિજ્ઞાન સંબંધી અઠ્ઠાવીશ ખમાસમણ દેવાં. તેની પીઠિકાના દુહા લખીએ છીએ.

## ।। દુહા ।।

શ્રી શ્રુતદેવી ભગવતી, જે બ્રાહ્મી લીપીરૂપ ॥ પ્રણમે જેહને ગેાયમા, હું વંદૂ સુખ રૂપ ॥ ૧ ॥ જ્ઞેય અનંતે જ્ઞાનના, ભેદ અનેક વિલાસ ॥ તેહમાં એકાવન કહું, આતમધર્મ પ્રકાશ ॥ ૨ ॥ ખમાસમણ એક એકથી, સ્તવિયે જ્ઞાન ગુણ એક ॥ એમ એકાવન દીજીએ, ખમાસમણ સુવિવેક ॥ ૩ ॥ શ્રી સૌભાગ્યપંચમી દિને, આરાધેા મતિજ્ઞાન ॥ ભેદ અઠ્ઠાવીશ એહના, સ્તવીયે કરી બહુમાન ॥ ૪ ॥ ઈંદ્રિય વસ્તુ પુગ્ગલા, મલવે અવત્તવ નાણ ॥ લેાચન મન વિણ અક્ષતે, વ્યંજનાવ-

ગ્રહ જાણ ॥ ૫ ॥ ભાગ અસંખ્ય આવલિ લધુ, સાસ પહુત ઠિઈ જિકુ ॥ પ્રાપ્યકારી ચઉ ઇંદ્રિયા, અપ્રાપ્ય-કારી દુગ દિકુ ॥ ૬ ॥ ઈતિ ॥

---

## ।। અથ ખમાસમણુના દુહા ।।

સમકિત શ્રદ્ધા વંતને, ઉપન્યો જ્ઞાન પ્રકાશ ॥ પ્રણમુ પદકજ તેહના, ભાવ ધરી ઉલ્લાસ ॥ ૧ ॥ એ દૂહો ગુણ ગુણ દીઠ કહેવો. ખમા૦ ॥ ૧ ॥

## ।। દુહા ।।

નહી વર્ણાદિક યોજના, અર્થાવગ્રહ હોય ॥ નો ઇંદ્રિય પંચ ઇંદ્રિયે, વસ્તુગ્રહણ કાંઈ જોય ॥ સમ૦ ॥ ॥ ૨ ॥ અન્વય વ્યતિરેકે કરી, અંતરમુહૂર્ત પ્રમાણ ॥ પંચેંદ્રિય મનથી હોયે, ઈહા વિચારણા જ્ઞાન ॥ સમ૦ ॥ ॥ ૩ ॥ વર્ણાદિક નિશ્ચય વસે, સુર નર એહિ જ વસ્ત ॥ પંચેંદ્રિય મનથી હોયે, ભેદ અપાય પ્રશસ્ત ॥ સમ૦ ॥ ॥ ૪ ॥ નિરણિત વસ્તુ સ્થિર ગ્રહે, કાલાંતર પણ સાચ ॥ પંચેંદ્રિય મનથી હોયે, ધારણા અર્થ ઉવાચ ॥ સમ૦॥

૫ ॥ નિશ્ચય વસ્તુ ગ્રહે છતે, સતત ધ્યાન પ્રકામ૦ ॥ અપાયથી અધિકે ગુણે, અવિચ્યુતિ ધારણા ઠામ ॥ સમ૦ ॥ ૬ ॥ અવિચ્યુતિ સ્મૃતિતણું, કારજ કારણ જેહ ॥ સંખ્ય અસંખ્ય કાલજ સુધી, વાસના ધારણા તેહ ॥ સમ૦ ॥ ૭ ॥ પૂર્વોત્તર દર્શન દ્વય, વસ્તુ અપ્રાપ્ત એકત્વ ॥ અસંખ્ય કાલે એ તેહ છે, જાતિસ્મરણ તત્વ ॥ સમ૦ ॥ ૮ ॥ વાજિંત્ર નાદ લહી ગ્રહે, એ તો દુંદુભિ નાદ ॥ અવગ્રહાદિક જાણે બહુ, ભેદ એ મતિ આલ્હાદ ॥ સમ૦ ॥ ૯ ॥ દેશ સામાન્યે વસ્તુ છે, ગ્રહે તદપિ સામાન્ય ॥ શબ્દ એ નવ નવ જાતિનો, એ અબહુ મતિમાન ॥ સમ૦ ॥ ૧૦ ॥ એકજ તુરિયના નાદમાં, મધુર તરૂણાદિક જાતિ ॥ જાણે બહુ વિધ ધર્મ-શું, ક્ષય ઉપશમની ભાતિ ॥ સમ૦ ॥ ૧૧ ॥ મધુરતા-દિક ધર્મમાં, ગ્રહવો અલ્પ સુવિચાર ॥ અબહુવિધ મતિ ભેદનો, કીધો અર્થ વિસ્તાર ॥ સમ૦ ॥ ૧૨ ॥ શીઘ્રમેવ જાણે સહી, નવિ હોયે બહુ વિલંબ ॥ ક્ષિપ્ર ભેદ એ જ્ઞાનનો, જાણે મતિ અવલંબ ॥ સ૦ ॥ ૧૩ ॥ બહુ વિચાર કરી જાણીએ, એ અક્ષિપ્રહ ભેદ ॥ ક્ષયો-પશમ વિચિત્રતા, કહે મહાજ્ઞાની સંવેદ ॥ સમ૦ ॥ ૧૪ ॥

અનુમાને કરી કો ગ્રહે, ધ્વજથી જિનવર ચૈત્ય ॥ પૂર્વ પ્રબંધ સંભારીને, નિશ્ચિત ભેદ સંકેત ॥ સ૦ ॥ ૧૫ ॥ બાહિર ચિન્હ ગ્રહે નહી, જાણે વસ્તુ વિવેક ॥ અનિશ્ચિત ભેદ એ ધારીએ, આભિનિબોધિક ટેક ॥ સ૦ ॥ ૧૬ ॥ નિઃસંદેહ નિશ્ચયપણે, જાણે વસ્તુ અધિકાર ॥ નિશ્ચિત અર્થ એ ચિંતવો, મતિજ્ઞાન પ્રકાર ॥ સ૦ ॥ ૧૭ ॥ એમ હોયે વા અન્યથા, એમ સંદેહે જુત્ત ॥ ધરે અનિશ્ચિત ભાવથી, વસ્તુ ગ્રહણ ઉપયુત્ત ॥ સ૦ ॥ ૧૮ ॥ બહુ પ્રમુખ ભેદે ગ્રહ્યું, જિમ એકહા તિમ નિત્ય ॥ બુદ્ધિ થાયે જેહને, એ ધ્રુવભેદનું ચિત્ત ॥ સ૦ ॥ ૧૯ ॥ બહુ પ્રમુખ રૂપે કહા, કહા અબહ્વાદિક રૂપ ॥ એ રીતે જાણે તહા, ભેદ અધ્રુવ સ્વરૂપ ॥ સ૦ ॥ ૨૦ ॥ અવગ્રહાદિક ચઉભેદમાં, જાણવા યોગ્ય તે જ્ઞેય ॥ તે ચઉભેદે ભાંખીયો, દ્રવ્યાદિકથી ગણેય ॥ જાણે આદેશે કરી, કેટલા પર્યાય વિસિટ્ઠ ॥ ધર્માદિક સવિ દ્રવ્યને, સામાન્ય વિશેષ ગરિટ્ઠ ॥ સમ૦ ॥ ૨૧ ॥ સામાન્યા દેશે કરી, લોકાલોક સ્વરૂપ ॥ ક્ષેત્રથી જાણે સર્વને, તત્ત્વ પતીત અનુરૂપ ॥ સમ૦ ॥ ૨૨ ॥ અતીત અનાગત વર્તના, અદ્ધા સમય વિશેષ ॥ આદેશે જાણે સહુ, વિતથ નહી લવલેશ ॥ સમ૦ ॥ ૨૩ ॥ ભાવથી સવિ હું

ભાવનો, જાણે ભાગ અનંત ॥ ઉદયિકાદિક ભાવ જે, પંચ સામાન્યે લહંત ॥ સમ૦ ॥ ૨૪ ॥ અશ્રુત નિશ્ચિત માનિયે, મતિના ચાર પ્રકાર ॥ શીઘ્ર સમય રોહા પરે, અકલ્પ ઉત્પાતકી સાર ॥ સમ૦ ॥ ૨૫ ॥ વિનય કરંતા ગુરૂતણો, પામે મતિ વિસ્તાર ॥ તે વિનયિકી મતિ કહી, સઘળા ગુણ શિરદાર ॥ સમ૦ ॥ ૨૬ ॥ કરતાં કાર્ય અભ્યાસથી, ઉપજે મતિ સુવિચાર ॥ તે બુદ્ધિ કહી કાર્મકી, નંદીસૂત્ર મોઝાર ॥ સમ૦ ॥ ૨૭ ॥ જે વયના પરિપાકથી, લહે બુદ્ધિ ભરપૂર ॥ કમલવને મહા હંસને, પારિણામિકી એ સનૂર ॥ અડવીશ બત્રીશ દુગ ચઉ, ત્રણશે ચાલીશ જેહ ॥ દર્શનથી મતિભેદ તે, વિજયલક્ષ્મી ગુણગેહ ॥ સ૦ ॥ ૨૮ ॥ એ મતિ જ્ઞાનના અષ્ટાવિંશતિ ભેદ કહ્યા ॥

---

## ।। અથ દ્વિતિય શ્રુતજ્ઞાન ચૈત્યવંદન ।।

શ્રી શ્રુતજ્ઞાનને નિત્ય નમો, સ્વ પર પ્રકાશક જેહ ॥ જાણે દેખે જ્ઞાનથી, શ્રુતથી ટલે સંદેહ ॥ અનભિલાપ્ય અનંત ભાવ, વચન અગોચર દાખ્યા ॥ તેહનો ભાગ અનંતમો, વચન પર્યાયે આખ્યા ॥ વલી કથનીય

પદાર્થનો એ, ભાગ અનંતમો જેહ ॥ ચઉદે પૂરવમાં રચ્યો, ગણધર ગુણ સસનેહ ॥ ૧ ॥ માંહોમાંહે પૂરવધરા, અક્ષર લાભે સરિખા ॥ છઠ્ઠાણવડીયા ભાવથી, તે શ્રુત મતિય વિશેખા ॥ તેહિ જ માટે અનંતમે, ભાગ નિબદ્ધા વાચા ॥ સમકિત શ્રુતના માનીયે, સર્વ પદારથ સાચા ॥ દ્રવ્ય ગુણ પર્યાયે કરી, જાણે એક પ્રદેશ ॥ જાણે તે સવિ વસ્તુને, નંદીસૂત્ર ઉપદેશ ॥ ૨ ॥ ચોવીશ જિનના જાણીએ, ચઉદ પૂરવધર સાધ ॥ નવશત તેત્રીશ સહસ છે, અડાણું નિરૂપાધ ॥ પરમત એકાંતવાદીનાં, શાસ્ત્ર સકલ સમુદાય ॥ તે સમકિતવંતે ગ્રહ્યાં, અર્થ યથારથ થાય ॥ અરિહંત શ્રુત કેવલી કહે એ, જ્ઞાનાચાર ચરિત્તા ॥ શ્રુતપંચમી આરાધવા, વિજયલક્ષ્મીસૂરિ ચિત્ત ॥ ૩ ॥ ઇતિ ચૈત્યવંદન ॥ જંકિંચિ૦ નમુત્થુ૦ ॥ જાવંતિ૦ ॥ જાવંત૦ નમોઽર્હત્ ॥ પછી નીચેનું સ્તવન કહેવું.

---

## ॥ અથ સ્તવન લિખ્યતે ॥

॥ હરીયા મન લાગ્યો, ॥ એ દેશી ॥

શ્રી શ્રુત ચઉદ ભેદે કરી, વરણવે શ્રી જિન રાજરે ॥ ઉપધાનાદિ આચારથી, સેવિયે શ્રુત મહારાજરે ॥

શ્રુત શું દિલ માન્યો ॥ દિલ માન્યો રે, મારા મન માન્યો, પ્રભુ આગમ સુખકાર રે ॥ શ્રુત૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ એકાદિ અક્ષર સંયોગથી, અસંયોગી અનંત રે ॥ સ્વપર પર્યાયે એક અક્ષરો, ગુણ પર્યાય અનંત રે ॥ શ્રુત૦ ॥ ૨ ॥ અક્ષરનો અનંતમો, ભાગ ઉઘાડો છે નિત્યરે ॥ તે તો અવરાએ નહી, જીવ સૂક્ષ્મનું એ ચિત્તરે ॥ શ્રુત૦ ॥ ૩ ॥ ઇચ્છે[૧] સાંભલવા[૨] ફરી[૩] પૂછે, નિસુણિ[૪] ગ્રહે[૫] વિચારંત[૬] રે ॥ નિશ્ચય[૭] ધારણાતિમ કરે, ધીગુણ આઠ[૮] એ ગણંત રે ॥ શ્રુત૦ ॥ ૪ ॥ વાદી ચોવીશ જિનતણા, એક લાખ છત્રીશ હજાર રે ॥ બશે સયલ સભા માંહે, પ્રવચન મહિમા અપારરે ॥ શ્રુત૦ ॥ ૫ ॥ ભણે ભણાવે સિદ્ધાંતને, લખે લખાવે જેહ રે ॥ તસ અવતાર વખાણીયે, વિજયલક્ષ્મી ગુણ ગેહરે ॥ શ્રુત૦ ॥ ૬ ॥ ઇતિ સ્તવનમ ॥

---

## ।। અથ વિધિ ।।

પછી જયવીયરાય કહી, ખમાસમણ દેઈ ઇચ્છા કારેણ સંદિસહ ભગવન્ શ્રી શ્રુતજ્ઞાન આરાધનાર્થે કા-

ઉસ્સગ્ગ કરૂં? ઇચ્છં! શ્રુતજ્ઞાન આરાધનાર્થ કરેમિ કાઉસ્સગ્ગં ॥ વંદણ૦ ॥ અન્નત્થ૦ ॥ લોગસ્સ૦ ચંદેસુનિમ્મલયરા સુધીનો ॥ ન૦ ચાર નવકારનો કાઉસ્સગ્ગ પારીને થોય કહેવી, તે કહે છે.

---

## ॥ અથ થુઈ ॥

॥ ગોયમ બોલે ગ્રંથ સંભાલી ॥ એ દેશી ॥

ત્રિગડે બેસી શ્રી જિન ભાણ, બોલે ભાષા અમિયસમાણ ॥ મત અનેકાંત પ્રમાણ ॥ અરિહંત શાસન સફરી સુખાણ, ચઉ અનુયોગ જિહાં ગુણખાણ ॥ આતમ અનુભવ ઠાણ ॥ સકલ પદારથ ત્રિપદી જાણ, જોજન ભૂમિ પસરે વખાણ ॥ દોષ બત્રીશ પરિહાણ ॥ કેવલી ભાષિત તે શ્રુત નાણ, વિજયલક્ષ્મી સૂરિ કહે બહુમાન ॥ ચિત્ત ધરજો તે સયાણ ॥ ૧ ॥ ઇતિ સ્તુતિ ॥

પછી ખમાસમણ દેઈ શ્રુત જ્ઞાનના ચઉદ ગુણ વર્ણવાને અર્થે દુહા કહેવા, તે લખીએ છીએ.

---

## ।। દુહા ।।

વંદો શ્રી શ્રુતજ્ઞાનને, ભેદ ચતુર્દશ વીશ ॥ તેહમાં ચઉદશ વરણવું, શ્રુત કેવલી શ્રુતઈશ ॥ ૧ ॥ ભેદ અઢાર પ્રકારના, એમ સવિ અક્ષર માન ॥ લબ્ધિ સંજ્ઞા-વ્યંજન વિધિ, અક્ષર શ્રુત અવધાન ॥ ૨ ॥ અથ પીઠિકા ॥ પવયણ શ્રુત સિદ્ધાંત તે, આગમ સમય વખાણ ॥ પૂજે બહુ વિધ રાગથી, ચરણ કમલચિત્ત આણ ॥ ૧ ॥ એ દુહા ॥ ગુણ ગુણ દીઠ કહેવો ॥ કરપલ્લવ ચેષ્ટા દિકે, લખે અંતર્ગત વાચ ॥ એહ અનક્ષર શ્રુત તણો, અર્થ પ્રકાશક સાચ ॥ પવ૦ ॥ ૨ ॥ સંજ્ઞા જે દીહકાલિકી, તેણે સન્નિયા જાણ ॥ મન ઇંદ્રિયથી ઊપન્યું, સંજ્ઞી શ્રુત અહિઠાણ ॥ પવ૦ ॥ ૩ ॥ મન રહિત ઇંદ્રિય થકી, નિપન્યું જેહને જ્ઞાન ॥ ક્ષય ઉપશમ આવરણથી, શ્રુત અસંજ્ઞી વખાણ ॥ પવ૦ ॥ ૪ ॥ જે દર્શન દર્શન વિના, દર્શન તે પ્રતિપક્ષ ॥ દર્શન દર્શન હોય જિહાં, તે દર્શન પ્રત્યક્ષ ॥ લલિત ત્રિભંગી ભંગભર, નૈગમાદિ નયભૂર ॥ શુદ્ધ શુદ્ધતર વચનથી, સમકિત શ્રુત વડનૂર ॥ પવ૦ ॥ ॥૫॥ ભંગ જાલ નર બાલ મતિ, રચે વિવિધ આયાસ ॥ તિહાં દર્શન દર્શન તણો, નહીં નિદર્શન ભાસ ॥ સદ્ગ-

અસદ્ગ્રહ વહેંચણ વિના, ગ્રહે એકાંતે પક્ષ ॥ જ્ઞાન ફલ પામે નહીં, એ મિથ્યા શ્રુત લક્ષ ॥ પવ૦ ॥ ૬ ॥ ભરતાદિક દશ ક્ષેત્રમાં, આદિ સહિત શ્રુત ધાર ॥ નિજ નિજ ગણધર વિરચિયેા, પામી પ્રભુ આધાર ॥ પવ૦ ॥ ૭ ॥ દુપ્પસહ સૂરીશ્વર સુધિ, વર્તશે શ્રુત આચાર ॥ એક જીવને આશરી, સાદિ સાંત સુવિચાર ॥ પવ૦ ॥ ૮ ॥ શ્રુત અનાદિ દ્રવ્ય નય થકી, શાશ્વત ભાવ છે એહ ॥ મહાવિદેહમાં તે સદા, આગમ રયણ અછેહ ॥ પવ૦ ॥ ૯ ॥ અનેક જીવને આશરી, શ્રુત છે અનાદિ અનંત ॥ દ્રવ્યાદિક ચઉ ભેદમાં, સાદિ અનાદિ વિરતંત ॥ પવ૦ ॥ ૧૦ ॥ સરિખા પાઠ છે સૂત્રમાં, તે શ્રુત ગમિક સિદ્ધાંત ॥ પ્રાયે દૃષ્ટિવાદમાં, શેાભિત ગુણ અનેકાંત ॥ પવ૦ ॥ ૧૧ ॥ સરિખા આલાવા નહી, તે કાલિક શ્રુતવંત ॥ અગમિક શ્રુત એ પૂજીયે, ત્રિકરણ યેાગ હસંત ॥ પવ૦ ॥ ૧૨ ॥ અઢાર હજાર પદે કરી, આચારાંગ વખાણ ॥ તે આગલ દુગુણા પદે, અંગપ્રવિષ્ટ સુઅનાણ ॥ પવ૦ ॥ ૧૩ ॥ બાર ઉપાંગહ જેહ છે, અંગ બાહિર શ્રુત તેહ ॥ અનંગ પ્રવિષ્ટ વખાણીયે, શ્રુત લક્ષ્મીસૂરિ ગેહ ॥ પવ૦ ॥ ૧૪ ॥ ઇતિ શ્રુતજ્ઞાનં. ॥

## ।। અથ તૃતીય અવધિજ્ઞાન ચૈત્યવંદન ।।

અવધિ જ્ઞાન ત્રીજું કહ્યું, પ્રગટે આત્મ પ્રત્યક્ષ ॥ ક્ષય ઉપશમ આવરણનો, નવી ઇંદ્રિય આપેક્ષ ॥ દેવ નિરય ભવ પામતાં, હોય તેહને અવશ્ય ॥ શ્રદ્ધાવંત સમય લહે, મિથ્યાત વિભંગ વશ્ય ॥ નર તિરિય ગુણથી લહે, શુભ પરિણામ સંયોગ ॥ કાઉસ્સગ્ગમાં મુનિ હાસ્યથી, વિઘટયો તે ઉપયોગ ॥ ૧ ॥ જઘન્યથી જાણે જુએ, રૂપી દ્રવ્ય અનંતા ॥ ઉત્કૃષ્ટા સવિપુદ્ગલા, મૂર્તિ વસ્તુ મુણંતા ॥ ક્ષેત્રથી લઘુ અંગુલતણો, ભાગ અસંખિત દેખે ॥ તેહમાં પુદ્ગલ ખંધ જે, તેહને જાણે પેખે ॥ લોક પ્રમાણે અલોકમાં એ, ખંડ અસંખ્ય ઉક્ખિડ ॥ ભાગ અસંખ્ય આવલિતણો, અદ્ધા લઘુપણે દિઠ ॥ ૨ ॥ ઉત્સર્પિણી અવસર્પિણિ એ, અતીત અનાગત અદ્ધા ॥ અતિશય સંખ્યા તિગપણે, સાંભળો ભાવ પ્રબંધા ॥ એક એક દ્રવ્યમાં ચાર ભાવ, જગન્યથી તે નિરખે ॥ અસંખ્યાતા દ્રવ્ય દીઠ, પર્યવ ગુરૂથી પરખે ॥ ચાર ભેદ સંક્ષેપથી એ, નંદીસૂત્ર પ્રકાસે ॥ વિજયલક્ષ્મીસુરિ તે લહે, જ્ઞાન ભક્તિ સુવિલાસે ॥ ૩ ॥ ઇતિ ચૈત્યવંદનં સમાપ્તં ॥

પછી જંકિંચિ નમુત્થણું૦ ॥ જાવંતિ૦ જાવંત ॥ નમોઽર્હત્૦ ॥ કહી સ્તવન કહેવું, તે કહે છે.

---

## ।। અથ સ્તવન ।।

॥ કુમર ગભારો નજરે દેખતાં જી ॥ એ દેશી ॥

પૂજો પૂજો અવધિજ્ઞાનને પ્રાણિયારે, સમકિતવંતને એ ગુણ હોય રે ॥ સવિ જિનવર એ જ્ઞાને અવતરીરે, માનવ મહોદય જોયરે ॥ પૂજો૦ ॥ ૧ ॥ શિવરાજ ઋષિ વિપર્યય દેખતોરે, દ્વીપ સાગર સાતસાતરે ॥ વીર પસાયે દોષ વિભંગ ગયોરે, પ્રગટયો અવધિ ગુણ વિખ્યાતરે ॥ પૂજો૦ ॥ ૨ ॥ ગુરૂ સ્થિતિ સાધિક છાસઠ સાગરૂરે, કોઈને એક સમય લઘુ જાણુરે ॥ ભેદ અસંખ્ય છે તરતમ યોગથીરે, વિશેષાવશ્યકમાં એહ વખાણુ રે ॥ પૂજો૦ ॥ ૩ ॥ ચારશે એક લાખ તેત્રીશ સહસ છેરે, ઓહીનાણી મુણિંદ રે ॥ ઋષભાદિક ચઉવીશ જિણંદનારે, નમે પ્રભુ પદ અરવિંદ રે ॥પૂજો૦ ॥૪॥ અવધિજ્ઞાની આણંદને દીએરે, મિચ્છામિદુક્કડં ગોયમ સ્વામિરે ॥ વરજો આશાતન જ્ઞાન જ્ઞાની તણી રે, વિજયલક્ષ્મી સુખધામ રે ॥ પૂજો૦ ॥ ૫ ॥ ઇતિ અવધિજ્ઞાન સ્તવનં ॥૩॥ પછી જયવીયરાય

કહી ખમાસણ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! અવધિજ્ઞાન આરાધનાર્થે કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં અવધિ જ્ઞાન આરાધનાર્થે કરેમિ કાઉસ્સગ્ગં૦ વંદણ૦ ॥ અન્નત્થ૦ ॥ લોગસ્સનો કા૦ કરી ॥ ન૦ ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી થોય કહેવી, તે લખીએ છીએ.

---

## ।। અથ થુઈ ।।

॥ રાંખેશ્વર સાહિબ જે સમરે ॥ એ દેશી ॥

ઓહી નાણસહિત સવિજિનવરૂ, ચવિ જનની કુખે અવતરૂ ॥ જસ નામે લહીયે સુખ તરૂ, સવિ ઈતિ ઉપદ્રવ સંહરૂ ॥ હરિપાઠક સંશય સંહરૂ, વીર મહિમા જ્ઞાન ગુણાયરૂં ॥ તે માટે પ્રભુજી વિશ્વંભરૂ, વિજયાંકિત લક્ષ્મી સુહંકરૂ ॥ ૧ ॥ ઈતિ સ્તુતિ ॥ પછી ખમાસમણ દેઈ ઉભા થઈ ગુણ વર્ણવવાને અર્થે પીઠિકાના દુહા કહેવા, તે કહે છે.

---

## ।। દુહા ।।

અસંખ્ય ભેદ અવધિતણા, ષટ તેહમાં સામાન્ય ॥
ક્ષેત્ર પનક લઘુથી ગુરૂ, લોક અસંખ્ય પ્રમાણ ॥ ૧ ॥

લોચન પરેસાથે રહે, તે અનુગામિક ધામ ॥ છાસઠ સાગર અધીક છે, એક જીવ આશરી ઠામ ॥ ૨ ॥ ઉપન્યો અવધિજ્ઞાનનો, ગુણ જેહને અવિકાર ॥ વંદના તેહને માહરી, શ્વાસ માંહે સો વાર ॥ ૩ ॥ આ દુહા સર્વત્ર ખમાસમણે કહેવા ॥ જે ક્ષેત્રે એાહિ ઉપન્યું, તિહાં રહ્યા વસ્તુ દેખંત ॥ થિર દીપકની ઉપમા, અનનુગામી લહંત ॥ ઉપ૦ ॥ ૨ ॥ અંગુલ અસંખ્યેય ભાગથી, વધતું લોક અસંખ ॥ લોકાવધિ પરમાવાધ, વર્દ્ધમાન ગુણ કંખ ॥ ઉપ૦ ॥ ૩ ॥ યોગ્ય સામગ્રી અભાવથી, હીયમાન પરિણામ ॥ અધ અધ પૂરવ યોગથી, એહવો મનનો કામ ॥ ઉપ૦ ॥ ૪ ॥ સંખ્ય અસંખ્ય જોજન સુધી, ઉત્કૃષ્ટો લોકાંત ॥ દેખી પ્રતિપાતિ હોયે, પુદ્ગલ દ્રવ્ય એકાંત ॥ ઉપ૦ ॥ ૫ ॥ એક પ્રદેશ અલોકનો, પેખે જે અવધિનાણ ॥ અપડિવાઈ અનુક્રમે, આપે કેવલ નાણ ॥ ઉપ૦ ॥ ૬ ॥ ઇતિ અવધિજ્ઞાન સંપૂર્ણ. ॥ પછી ખમાસમણ દેઈ ચૈત્યવંદન કરવું.

---

## ॥ અથ ચતુર્થ મનઃપર્યવ જ્ઞાન ચૈત્યવંદન ।

શ્રી મનઃપર્યવ જ્ઞાન છે, ગુણ પ્રત્યયી એ જાણે ॥

અપ્રમાદિ ઋદ્ધિવંતને, હોય સંયમ ગુણઠાણે ॥ કોઇકે ચારિત્રવંતને, ચઢતે શુભ પરિણામે ॥ મનના ભાવ જાણે સહી, સાગાર ઉપયોગ હામે ॥ ચિંતવિતા મનો દ્રવ્યના એ, જાણે ખંધ અનંતા ॥ આકાશે મનોવર્ગણા, રહ્યા તે નવિ મુણંતા ॥ ૧ ॥ સંજ્ઞી પંચેંદ્રિય પ્રાણિયે, તનુ યોગે કરી ગ્રહીયા ॥ મનયોગે કરી મનપણે, પરિણમે તે દ્રવ્ય મુણીયા ॥ તીર્છું માણસ ક્ષેત્રમાં, અઢી દ્વીપ સહિ વિલોકે ॥ તિર્છા લોકના મધ્યથી, સહસ જોયણ અધોલોકે ॥ ઊરધ જાણે જ્યોતિષી લગે એ, પલિયનો ભાગ અસંખ્ય ॥ કાલથી ભાવ થયા થશે, અતીત અનાગત સંખ્ય ॥ ૨ ॥ ભાવથી ચિંતિત દ્રવ્યના, અસંખ્ય પર્યાય જાણે ॥ ઋજુમતિથી વિપુલ-મતિ, અધિકા ભાવ વખાણે ॥ મનના પુદ્ગલ દેખીને, અનુમાને ગ્રહે સાચું ॥ વિતથપણું પામે નહી, તે જ્ઞાને ચિત્ત રાચું ॥ અમૂર્તિ ભાવ પ્રગટપણે એ, જાણે શ્રી ભગવંત ॥ચરણકમલ નમુ તેહનાં, વિજયલક્ષ્મી ગુણવંત ॥૩॥ઇતિચૈત્યવંદનમ્ ॥ પછી જંકિંચિન મુત્થુણં ॥ જાવંતિ૦ ॥ જાવંત ॥ નમોઽર્હત્૦ કહીને સ્તવન કહેવું.

# ।। અથ સ્તવન લિખ્યતે ।।

॥ જી રે જી એ દેશી ॥

જી રે માહરે શ્રી જિનવર ભગવાન, અરિહંત નિજ નિજ જ્ઞાનથી ॥ જી રે જી ॥ જી૦ ॥ સંયમ સમય જાણંત, તવ લોકાંતિક માનથી ॥ જી રે જી ॥૧॥ જી૦ ॥ તીર્થ વર્તાવો નાથ, ઇમ કહી પ્રણમે તે સુરા ॥ જી રે જી ॥ જી૦ ॥ ષટ અતિશયવંત દાન, લેઈ હરખે સુર નરા ॥ જી રે જી ॥ ૨ ॥ જી૦ ॥ ઇણવિધ સવિ અરિહંત, સર્વવિરતિ જબ ઉચ્ચરે ॥ જી રે જી ॥ જી૦ ॥ મનઃપર્યવ તવ નાણ, નિર્મલ આતમ અનુસરે ॥ જી રે જી ॥ ૩ ॥ જી૦ ॥ જેહને વિપુલમતિ તેહ, અપ્રતિપાતી પણે ઉપજે ॥ જી રે જી ॥ જી૦ ॥ અપ્રમાદિ ઋદ્ધિવંત, ગુણઠાણે ગુણ નીપજે ॥ જી રે જી ॥ ૪ ॥ જી૦ ॥ એક લક્ષ પીસ્તાલીશ હજાર, પાંચશે એકાણું જાણીએ ॥ જી રે જી ॥ જી૦ ॥ મનનાણી મુનિરાજ, ચોવીશ જિનના વખાણીયે ॥ જી રે જી ॥ ૫ ॥ જી૦ ॥ હું વંદૂ ધરી નેહ, સવિ સંશય હરે મનતણા ॥ જી રે જી ॥ જી૦ વિજયલક્ષ્મી શુભ ભાવ, અનુભવ જ્ઞાનના ગુણ ઘણા ॥ જી રે જી ॥ ૬ ॥ ઇતિ મનઃ પર્યવ જ્ઞાન સ્તવનં ॥

પછી જયવીયરાય કહી, ખમાસણ દેઈ ઇચ્છા-કારેણ સં૦ મનઃ પર્યવ જ્ઞાન આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં ? મનઃપર્યવ જ્ઞાન આરાધનાર્થં કરેમિ કાઉ-સ્સગ્ગં૦ ॥ વંદણ વ૦ ॥ અનત્થ૦ લોગસ્સ૦ ન૦ ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી થોય કહેવી, તે લખીયે છીએ.

---

## ।। અથ થોય લિખ્યતે ।।

॥ શ્રી શંખેશ્વર પાસ જિનેશ્વર ॥ એ દેશી ॥

પ્રભુજી સર્વ સામાયિક ઉચ્ચરે, સિદ્ધ નમી મદ વારી જી ॥ છદ્મસ્થ અવસ્થા રહે છે જિહાં લગે, યોગા-સન તપ ધારી જી ॥ ચોથું મનઃપર્યવ તવ પામે, મનુજ લોક વિસ્તારી જી ॥ તે પ્રભુને પ્રણમો ભવિ પ્રાણી, વિજયલક્ષ્મી સુખકારી જી ॥ ઇતિ સ્તુતિ ॥ પછી ખમા. સમણ દેઈ ઉભા રહી ગુણ સ્તવવા અર્થે પીઠિકાના દુહા કહેવા તે લખીયે છીએ ॥

---

## ।। અથ દુહા ।।

મનઃપર્યવ દુગ ભેદથી, સંયમ ગુણ લહી શુદ્ધ ॥

ભાવ મનોગત સંજ્ઞીના, જાણે પ્રગટ વિશુદ્ધ ॥ ૧ ॥ ઘટ એ પુરૂષે ધારીયો, ઈમ સામાન્ય ગ્રહંત ॥ પ્રાયે વિશેષ વિમુખ લહે, રૂજુમતિ મનહ મુણંત ॥ ૨ ॥ એ ગુણ જેહને ઉપન્યો, સર્વ વિરતિ ગુણઠાણ ॥ પ્રણમું હિતથી તેહના, ચરણ કમલ ચિત્ત આણ ॥ ૧ ॥ નગર જાતિ કંચન તણો, ધાર્યો ઘટ એહ રૂપ ॥ ઈમ વિશેષ મન જાણતો, વિપુલમતિ અનુરૂપ ॥ ૨ ॥ એ ગુણ જેહ ને૦ એ આંકણી ॥ ઇતિ મનઃપર્યવ જ્ઞાન સંપૂર્ણમ્ ॥

હવે ખમાસમણ દેઈને, પંચમ કેવલજ્ઞાનનું ચૈત્યવંદન કરવું તે કહે છે.

---

## ।। અથ ચૈત્યવંદન ।।

શ્રી જિન ચઉનાણી થઈ; શુકલધ્યાન અભ્યાસે ॥ અતિશય અતિશય આત્મ રૂપ, ક્ષણ ક્ષણ પ્રકાશે ॥ નિદ્રા સ્વપ્ન જાગર દશા, તે સવિ દૂરે હોવે ॥ ચોથી ઉજાગર દશા, તેહનો અનુભવ જોવે૦ ક્ષપકશ્રેણી આરોહિયા એ, અપૂર્વ શક્તિ સંયોગે ॥ લહી ગુણઠાણું બારમું, તુરીય કષાય વિયોગે ॥ ૧ ॥ નાણ દંસણ આ વરણ મોહ, અંતરાય, ઘનઘાતી ॥ કર્મ દુષ્ટ ઉચ્છેદીને, થયા

પરમાતમ જાતી ॥ દોય ધરમ સવિ વસ્તુના, સમયાંતર ઉપયોગ ॥ પ્રથમ વિશેષ પણે ગ્રહે, બીજે સામાન્ય સંયોગ ॥ સાદિ અનંત ભાંગે કરી એ, દર્શન જ્ઞાન અનંત ॥ ગુણઠાણું લહી તેરમું, ભાવ જિણંદ જયવંત ॥ ૨ ॥ મૂલ પયડિમાં એક બંધ, સત્તા ઉદયે ચાર ॥ ઉત્તર પયડીનો એક બંધ, તિમ ઉદય રહે બાયાલ ॥ સત્તા પંચાસી તણી, કર્મ જેહવાં રજ્જુ છાર ॥ મન વચ કાયા યોગ જાસ, અવિચલ અવિકાર ॥ સયોગી કેવલી તણી એ, પામી દશાયે વિચરે ॥ અક્ષય કેવલજ્ઞાનના, વિજયલક્ષ્મી ગુણ ઉચ્ચરે ॥ ૩ ॥ ઇતિ શ્રી કેવલજ્ઞાન ચૈત્યવંદન ॥

---

પછી જંકિંચિ નમુથ્થુ૰ જાવંતિ૰ જાવંત૰ ॥ નમોર્હત્૰ ॥ કહી સ્તવન કહેવું તે લખીયે છીએ.

## ॥ અથ સ્તવન લિખ્યતે ॥

॥ કપૂર હોયે અતિ ઉજલો રે ॥ એ દેશી ॥

શ્રી જિનવરને પ્રગટ થયું રે, ક્ષાયિક ભાવે જ્ઞાન ॥ દોષ અઢાર અભાવથી રે, ગુણ ઉપન્યા તે પ્રમાણ રે ॥ ભવિયા વંદો કેવલજ્ઞાન ॥ ૧ ॥ પંચમી દિન ગુણ ખાણ રે ॥ ભવિયા વંદો૰ એ આંકણી ॥ અનામીના

નામોનેરે, કિશ્યો વિશેષ કહેવાય ॥ એતો મધ્યમાં વૈખરી રે, વચન ઉલ્લેખ ઠરાય રે ॥ ભવિ૦ ॥૨॥ વંદો૦ ॥ ધ્યાન ટાણે પ્રભુ તું હોવે રે, અલખ અગોચર રૂપ ॥ પરા પશ્યંતિ પામીને રે, કાંઈ પ્રમાણે મુનિ ભૂપ રે ॥ ભવિ૦ ॥ ૩ ॥ વંદો૦ ॥ છતી પર્યાય જે જ્ઞાનની રે ॥ તે તો નવિ બદલાય ॥ જ્ઞેયની નવ નવી વર્તના રે, સમયમાં સર્વ જણાય રે ॥ ભવિ૦ ૪ ॥ વંદો ॥ બીજા જ્ઞાન તણી પ્રભા રે, એહમાં સર્વ સમાય ॥ રવિ પ્રભાથી અધિક નહી રે, નક્ષત્ર ગણ સમુદાય રે ॥ ભવિ૦ ॥ ૫ ॥ ॥ વંદો૦ ॥ ગુણ અનંતા જ્ઞાનના રે, જાણે ધન્ય નર તેહ ॥ વિજયલક્ષ્મી સૂરિ તે લહે રે, જ્ઞાન મહોદય ગેહ રે ॥ ભાવિ૦ ॥૬॥ વંદો૦ ઇતિ કેવલ જ્ઞાન સ્તવનમ્ ॥ પછી ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી કેવલજ્ઞાન આરાધનાર્થ કાઉસ્સગ્ગં ॥ કરૂં ! ઇચ્છં ! કેવલજ્ઞાન આરાધનાર્થ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ વ૦ ॥ અન્નત્થ૦ ॥ લોગસ્સ ॥ ન૦ ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી નમોઽર્હર્ત૦ કહી થોય કહેવી, તે લખીયે છીયે.

## ।। અથ થોય ।।

છત્રત્રય ચામર, તરૂ અશોક સુખકાર ॥ દિવ્ય ધ્વની દુંદુભિ, ભામંડલ ઝલકાર ॥ વરસે સુર કુસુમે, સિંહાસન જિન સાર ॥ વંદે લક્ષ્મી સૂરિ, કેવલ જ્ઞાન ઉદાર ॥ ઇતિ સ્તુતિ ॥ પછી ખમાસમણ દેઈ ઉભા રહી ગુણ સ્તવવા અર્થે દુહા કહેવા, તે લખીયે છીએ.

---

## ।। અથ દુહા લિખ્યતે ।।

બહિરાતમ ત્યાગે કરી, અંતર આતમ રૂપ ॥ અનુભવિ જે પરમાત્મા, ભેદ એક જ ચિદ્રૂપ ॥ ૧ ॥ પુરૂષોત્તમ પરમેશ્વરૂ, પરમાનંદ ઉપયોગ ॥ જાણે દેખે સર્વને, સ્વરૂપ રમણ સુખ ભોગ ॥ ૨ ॥ ગુણ પર્યાય અનંતતા, જાણે સઘલા દ્રવ્ય ॥ કાલ ત્રય વેદિ જિણંદ, ભાષિત ભવ્યાભવ્ય ॥ ૩ ॥ અલોક અનંતો લોકમાં, થાપે જેહ સમથ્થ ॥ આતમ એક પ્રદેશમાં, વીર્ય અનંત પસત્થ ॥ ૪ ॥ કેવલ દંસણ નાણનો, ચિદાનંદ ઘન તેજ ॥ જ્ઞાન પંચમી દિન પૂજીયે, વિજયલક્ષ્મી શુભ હેજ ॥ ૫ ॥ ઇતિ શ્રી વિજયલક્ષ્મીસૂરિ કૃતં વિધિ સહિતં શ્રી જ્ઞાનપંચમી દેવવંદન સમાપ્તમ્ ॥

# ।। અથ પંડીત શ્રી રૂપવિજયજીકૃત મૌન એકાદશીનાં દેવવંદન પ્રારંભઃ ।।

॥ તત્ર પ્રથમ ચૈત્યવંદન ॥

નગર ગજપુર, પુરંદર પુર, શોભયા અતિ જિ-ત્વરં ॥ ગજ વાજિ રથ વર કોટિ કલિતં, ઇંદિરાભૃત મંદિરં ॥ નરનાથ બત્રીસ સહસ સેવિત, ચરણપંકજ સુખકરં ॥ સુર અસુર વ્યંતર નાથ પૂજિત, નમો શ્રી અર જિનવરં ॥ ૧ ॥ અપ્સરા સમ રૂપ અદ્ભૂત, કલા યૌવન ગુણ ભરી ॥ એક લાખ બાણુ સહસ ઉપર, સોહિએ અંતેઉરી ॥ ચોરાશી લખ ગજ વાજી સ્યંદન, કોટિ છન્નૂ ભટવરં ॥ સુર અ૦ ॥ ૨ ॥ સગપણિંદી સગ એગિંદી, ચઉદ રત્નશું શોભિતં ॥ નવ નિધાના-ધિપતિ નાકી, ભક્તિભાવ ભરૈર્નતં ॥ કોટિ છન્નૂ, ગ્રામ નાયક, સકલ શત્રુ, વિજિત્વરં ॥ સુર અ૦ ॥૩॥ સહસ અષ્ટો-ત્તર લક્ષિત સુલંછનં કનકચ્છ-વિં ॥ ચિન્હ નંદાવર્ત્ત શોભિત સ્વપ્રભા નિર્જિત રવિં ॥ ચક્રિ સપ્તમ ભુક્ત ભોગી અષ્ટાદશમો, જિનવરં ॥ સુર અ૦ ॥૪॥ લોકાંતિકામર બોધિતો જિન, ભક્ત રાજ્ય

રભાભરં ॥ મૃગશિર એકાદશી, શુકલપક્ષે ગ્રહિત સંયમ સુખકરં ॥ અરનાથ પ્રભુ પદ, પદ્મ સેવન, શુદ્ધરૂપ સુખાકરં ॥ સુર અ૦ ॥ ૫ ॥ ઇતિ ચૈત્યવંદન, પછી જં-કિંચિ નમુત્થુણં૦ જયવીયરાય અર્દ્ધા કહી ખમાસમણ દેઇને ચૈત્યવંદન કરવું તે કહે છે.

---

## ।। અથ ચૈત્યવંદન લિખ્યતે ।।

રાય સુદર્શન કુલ નભે, નૂતન દિનમણી રૂપ ॥ દેવી માતા જનમિયો, નમે સુરાસુર ભૂપ ॥ ૧ ॥ કુમર રાજ્ય ચક્રીપણે, ભોગવી ભોગ ઉદાર ॥ ત્રૈશઠ સહસ વરષાં પછી, લીયે પ્રભુ સંયમભાર ॥ ૨ ॥ સહસ પુરૂષ સાથે લીયે, સંયમ શ્રી જિનરાય ॥ તસ પદ પદ્મ નમ્યા થકી, શુદ્ધ રૂપ નિજ થાય ॥ ૩ ॥ ઇતિ ચૈત્યવંદન ॥ પછી જંકિંચિ૦ ॥ નમુત્થુણં૦ ॥ અરિહંત ચેઇયાણં કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી થોયો કહેવી, તે કહે છે.

---

## ।। અથ થોયો લિખ્યતે ।।

શ્રી અરનાથ જિનેશ્વરૂ, ચક્રી સપ્તમ સોહે ॥ કનક વરણ છબિ જેહની, ત્રિભુવન મન મોહે ॥ ભોગ કર-

મનો ક્ષય કરી, જિન દીક્ષા લીધી ॥ મનઃપર્યવ નાણી થયા, કરી યોગની સિદ્ધી ॥ ૧ ॥ માગશિર સુદિ એકાદશી, અર દીક્ષા લીધી ॥ મલ્લિજનમ વ્રત કેવલી, નમી કેવલ ઋદ્ધિ ॥ દશ ક્ષેત્રે ત્રણ કાલનાં, પંચ પંચ કલ્યાણ ॥ તિણે એ તિથિ આરાધતાં, લહીએ શિવપુર ઠાણ ॥૨॥ અંગ ઇગ્યાર આરાધવાં, વલિ બાર ઉપાંગ ॥ મૂલસૂત્ર ચારે ભલાં, ષટ છેદ સુચંગ ॥ દશ પયન્ના દીપતા, નંદી અનુયોગદ્વાર ॥ આગમ એહ આરાધતાં, લહો ભવ જલ પાર ॥૩॥ જિનપદ સેવા નિત્ય કરે, સમકિત શુચિકારી ॥ જક્ષેશ જક્ષ સોહામણો, દેવી ધારણી સારી ॥ પ્રભુ પદ પદ્મની સેવના, કરે જે નરનારી ॥ ચિદાનંદ નિજ રૂપને, લહે તે નિરધારી ॥૪॥ ઈતિ સ્તુતિ ॥ પછી નમુત્થુણં અરિહંત ચેઇયાણં કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પછી થોય કહેવી. તે કહે છે.

---

## ।। અથ થોયો લિખ્યતે ।।

શ્રી અર જિન ધ્યાવો ॥ પુણ્યના થોક પાવો ॥ સવિ દુરિત ગમાવો, ચિત્ત પ્રભુ ધ્યાન લાવો ॥ મદ મદન ગમાવો, ભાવના શુદ્ધ ભાવો ॥ જિનવર ગુણ

ગાવો, જિમ લહો મોક્ષ ઠાવો ॥ ૧ ॥ સવિ જિન સુખકારી ॥ ક્ષય કરી મોહ ભારી ॥ કેવલ શુચિ ધારી, માન માયા નિવારી ॥ થયા જગ ઉપગારી, ક્રોધ યોદ્ધા પહારી ॥ શુચિ ગુણ ગણધારી, જે વરયા સિદ્ધિ નારી ॥ ૨ ॥ નવતત્ત્વ વખાણી, સપ્તભંગી પ્રમાણી ॥ સગ નયથી મિલાણી, ચાર અનુયોગ ખાણી ॥ જિનવરની વાણી, જે સુણે ભવ્ય પ્રાણી ॥ તિણે કરી અઘ હાણી, જઇ વરે સિદ્ધિ રાણી ॥ ૩ ॥ સમકિતિ નર નારી, તેહની ભક્તિકારી ॥ ધારણી સૂરિ સારી; વિઘ્નના થોક હારી ॥ પ્રભુ આણા કારી, લચ્છિ લીલા વિહારી ॥ સંઘ દુરિત નિવારી, હોજ્યો આણંદ કારી ॥ ૪ ॥ ઇતિ સ્તુતિ ॥ પછી નમુત્થુણં કહી જાવંતી ચેઇઆઈં કહી પછી જાવંત કેવિસાહૂ કહી પછી નમોર્હત્ કહી સ્તવન કહેવું તે લખીએ છીએ.

---

## ।। અથ સ્તવન લિખ્યતે ।।

॥ ફતેમલના ગીતની દેશી ॥

જગપતિ શ્રી અર જિન જગદીશ, હસ્તિનાગ પુર રાજીયો ॥ જગપતિ રાય સુદર્શન નંદ, મહિમા મહિ

આંહે ગાજીયો ॥ ૧ ॥ જગપતિ કંચન વરણ શરીર, કામિત પુરણ સુરતરૂ ॥ જગપતિ લંછન નંદાવર્ત, ત્રણ ભુવન મંગલકરૂ ॥ ૨ ॥ જગપતિ ષટખંડ ભરત અખંડ, ચક્રવર્ત્તિની સંપદા ॥ જગપતિ સહસ બત્રીશ ભૂપાલ, સેવિત ચરણ કમલ સદા ॥ ૩ ॥ જગપતિ સોહે સુંદર વાન, ચઉસઠ સહસ અંતેઉરી ॥ જગપતિ ભોગવી ભોગ રસાલ, જોગદશા ચિત્તમાં ધરી ॥ ૪ ॥ જગપતિ સહસ પુરૂષ સંઘાત, મૃગશિર શુદિ એકાદશી, જગપતિ સંયમ લીયે પ્રભુ ધીર; ત્રિકરણ યોગે ઉલ્લસી ॥ ૫ ॥ જગપતિ ચોસઠ સુરપતિ તામ, ભક્તિ કરે ચિત્ત ગહ ગહી ॥ જગપતિ નાચે સુર વધુ કોડિ, અંગ મોડી આગલ રહી ॥ ૬ ॥ જગપતિ વાજે નવ નવ છંદ, દેવ વાજિંત્ર સોહામણાં ॥ સુરપતિ દેવદુષ્યઠવે ખંધ, પુષ્પ વૃષ્ટિ કરે સુર ઘણા ॥ ૭ ॥ જગપતિ ધન્ય વેલા ઘડી તેહ, ધન્ય તે સુરનર ખેચરા ॥ જગપતિ જેણે કલ્યાણક દીઠ, ધન્ય જનમ તે ભવ તરયા ॥૮॥ જગપતિ પ્રભુપદ પદ્મની સેવ, ત્રિકરણ શુદ્ધે જે કરે ॥ જગપતિ કરીય કરમનો અંત, શુદ્ધરૂપ નિજ તે વરે ॥ ૯ ॥ ઈતિ શ્રી

અરજિન સ્તવનમ્ ॥ પછી જયવીયરાય અદ્ધા કહીને ચૈત્યવંદન કહેવું, તે લખીએ છીયે ॥

---

## ।। અથ ચૈત્યવંદન ।।

અવધિજ્ઞાને આભોગિને, નિજ દીક્ષા કાલ ॥ દાન સંવચ્છરી જિન દીયે, મનોવાંછિત તતકાલ ॥ ૧ ॥ ધન કણ કંચન કામિની, રાજ ઋદ્ધિ ભંડાર ॥ છંડી સંયમ આદરે, સહસ પુરૂષ પરિવાર ॥ ૨ ॥ મૃગશિર શુદિ એકાદશી એ, સંયમ લીયે મહારાજ ॥ તસ પદ પદ્મ સેવન થકી, સીઝે સઘળાં કાજ ॥ ૩ ॥ ઈતિ ચૈત્યવંદનમ્ ॥ પછી જંકિંચિ. નમુત્થુણં કહીને, જયવીયરાય સંપૂર્ણ કહેવા ॥ ઈતિ પ્રથમ દેવવંદન જોડો કહ્યો ॥ ૧ ॥ એજ રીતે બીજા ચાર જોડાની વિધિ જાણવી ॥ હવે બીજે જોડો કહેવો, ત્યાં પ્રથમ ચૈત્યવંદન કહે છે.

---

## ।। અથ પ્રથમ ચૈત્યવંદન લિખ્યતે ।।

જય જય ભલ્લિ જિણંદ ચંદ, ગુણ કંદ અમંદ ॥ નમે સુરાસુર ચંદ, તિમ ભૂપતિ વૃંદ ॥ ૧ ॥ કુસુમગેહ

શય્યા કુસુમ, કુસુમાભરણ સોહાય ॥ જનની કુખે જબ જિન હુતા, મલ્લિ નામ તિણે ઠાય ॥ ૨ ॥ કુંભ નરેશ્વર કુલતિલો એ, મલ્લિનાથ જિનરાજ ॥ તસ પદ પદ્મ નમ્યા થકી, સિઝે સઘળાં કાજ ॥૩॥ ઇતિ પ્રથમ ચૈત્યવંદનમ્॥

---

## ॥ અથ દ્વિતીય ચૈત્યવંદન લિખ્યતે ॥

નીલ વરણ દુઃખ હરણ, શરણ શરણાગત વત્સલ ॥ નિરૂપમ રૂપ નિધાન સુજસ, ગંગાજલ નિરમલ ॥૧॥ સુગુણ સુરાસુર કોડિ દોડિ, નિત્ય સેવા સારે ॥ ભક્તિ જુક્તિ નિત્યમેવ કરી, નિજ જન્મ સુધારે ॥ ૨ ॥ બાલપણે જિનરાજને એ, સવિ મલી હુલરાવે ॥ જિન મુખ પદ્મનિહાલીને, બહુઆણંદ પાવે ॥ ૩ ॥ ઇતિ દ્વિતીય ચૈત્યવંદનમ્ ॥

---

॥ હવે થોય જોડા બે કહે છે ॥

## ॥ અથ થોયોનો પ્રથમ જોડો ॥

સુણસુણરે સાહેલી, ઉઠી સહુથી પહેલી, કરી સ્નાન વહેલી, જિમ વધે પુણ્ય વેલી ॥ તજી મોહની પલ્લી,

ખંડ કરી કામવલ્લી ॥ કરી ભક્તિ સુભલ્લી, પૂજિજિન દેવ મલ્લી ॥ ૧ ॥ સવિજિન સુખકારી, મોહ નિદ્રા નિવારી ॥ ભવિજન નિસ્તારી, વાણી સ્યાદ્વાદ ધારી ॥ નિર્મલ ગુણ ધારી, ધૌત મિથ્યાત ગારી ॥ નમિએ નર નારી, પાપ સંતાપ છારી ॥ ૨ ॥ મૃગશિર અજુઆલી, સર્વ તિથિમાં રસાલી ॥ એકાદશી પાળી, પાપની શ્રેણ ગાલી ॥ આગમમાં રસાલી, તિથિ કહી તે સંભાલી ॥ શિવવધુ લટકાળી, પરણશે દેઈ તાલી ॥ ૩ ॥ વૈરૂટયા દેવી, ભક્તિ હિયડે ધરેવી ॥ જિન ભક્તિ કરેવી, તેહનાં દુઃખ હરેવી ॥ મન મહિર કરેવી, લચ્છી લીલા વરેવી ॥ કવિ રૂપ કહેવી, દેજો સુખ નિત્ય મેવી ॥ ૪ ॥ ॥ ઇતિ ॥

---

## ।। અથ થોયાનો બીજો જોડો ।।

મિથુલાપુરી જાણી, સ્વર્ગ નગરી સમાણી ॥ કુંભ નૃપ ગુણખાણી, તેજથી વજ્રપાણી ॥ પ્રભાવતી રાણી, દેવનારી સમાણી ॥ તસ કુખ વખાણી, જન્મ્યા જિહાં મલ્લિ નાણી ॥ ૧ ॥ દિશિકુમરી આવે, જન્મ કરણી

ઠરાવે ॥ જિનના ગુણ ગાવે, ભાવના ચિત્ત ભાવે ॥ જન્મોત્સવ દાવે, ઇંદ્ર સુર શૈલ ઠાવે ॥ હરિ જિન ગૃહ આવે, લેઇ પ્રભુ મેરૂ જાવે ॥ ૨ ॥ અચ્યુત સુર રાજા, સ્નાત્ર કરે ભક્તિ ભાજા ॥ નિજ નિજ સ્થિતિ ભ્રાજા, પુજે જિન ભક્તિ તાજા ॥ નિજ ચઢત દિવાજા, સૂત્ર મર્યાદ ભાજા ॥ સમક્તિ કરી સાજા, ભોગવે સુખ માજા, ॥ ૩ ॥ સુરવધુ મલી રંગે, ગાય ગુણ બહુ ઉમંગે ॥ જિન લઇ ઉચ્છરંગે, ગોદે થાપે ઉમંગે ॥ જિન પતિને સંગે, ભક્તિ રંગ પ્રસંગે ॥ સંઘ ભક્તિ તરંગે, પામે લચ્છી અભંગે ॥ ૪ ॥ ઇતિ સ્તુતિ ॥ એ થોયોના બે જોડા કહ્યા ॥

---

## ।। અથ સ્તવન લિખ્યતે ।।

॥ મારો પીયુડો પરઘર જાય, સખી શું કહીયે રે ॥ ॥ કિમ એકલડાં રહેવાય, વિયોગે મરિયેરે ॥ એદેશી ॥

મિથિલા તે નયરી દીપતી રે, કુંભ નૃપતિ કુલ હંસ ॥ મલ્લિ જિણંદ સોહામણો રે; સયલ દેવ અવતંસ ॥ ૧ ॥ સખી સુણ કહિયેરે, મહારો જિનજી મોહનવેલિ, હિયડે વહિયેરે, ॥ એ આંકણી ॥ છપ્પનદિશી

કુમરી મલી રે, કરતી જન્મનાં કાજ ॥ હેજલી હરખે કરી રે, હુલરાવે જિનરાજ ॥ સખી૦ ॥ ૨ ॥ મહારે૦ ॥ વીણા વજ્રવે વાલહી રે, લળી લળી જિન ગુણ ગાય ॥ ચિરંજીવો એ બાલુડો રે, જિમકંચન ગિરિ રાય ॥ ॥ સખી૦ ॥ ૩ ॥ મહા૦ ॥ કેઈ કરમાં વીંજણ ગ્રહીરે, વીંજે હરખે વાય ॥ ચતુરા ચામર ઢાળતી રે, સુરવધુ મન મકલાય ॥ સખી૦ ॥ ૪ ॥ મહા૦ ॥ નાચે સાચે પ્રેમથીરે, રાચે માંચે ચિત્ત ॥ જાચે સમકિત શુદ્ધતા રે, ભવજલ તરણ નિમિત્ત ॥ સખી૦ ॥ ૫ ॥ ॥ મહા૦ ॥ ઉંર શિર સ્કંધ ઉપર ધરે રે, સુરવધુ હોડા હોડિ ॥ જગત તિલક ભાલે ધરી રે, કરતી મોડા મોડિ ॥ સ૦ ॥ ॥ ૬ ॥ મહા૦ તવ સુરપતિ સુરગિરિ શિરે રે; નમન કરે કરજોડિ ॥ તીર્થોદક કુંભા ભરી રે, સાઠ લાખ એક કોડિ ॥ સ૦ ॥ ૭ ॥ મહા૦ ॥ જિન જનની પાસે ઠવી રે, વરસી રયણનિ રાશિ ॥ સુરપતિ નંદીશ્વર ગયા રે, ધરતાં મન ઉલ્લાસ ॥ સ૦ ॥ ૮ ॥ મહા૦ ॥ સુરપતિ નરપતિએ કરયો રે, જન્મ ઓચ્છવ અતિ ચંગ ॥ મલ્લિ જિણંદ પદ પદ્મશું રે, રૂપ વિજય ધરે રંગ ॥સ૦ ॥ ૯ ॥ મહા૦

## ।। અથ તૃતિય ચૈત્યવંદન લિખ્યતે ।।

પુરૂષોત્તમ પરમાતમા, પરમ જ્યોતિ પરધાન ॥ પરમાનંદ સ્વરૂપ રૂપ, જગમાં નહીં ઉપમાન ॥ ૧ ॥ મરકત રત્ન સમાન વાન, તનુ કાંતિ બિરાજે ॥ મુખ સોહા શ્રીકાર દેખી, વિધુમંડલ લાજે ॥ ૨ ॥ ઈંદ્રિ વર દલ નયન સયલ, જન આણંદકારી ॥ કુંભરાય કુલ ભાણ ભાલ, દીધિત મનોહારી ॥ ૩ ॥ સુરવધુ નરવધુ મલિ મલિ, જિનગુણ ગણ ગાતી ॥ ભક્તિ કરે ગુણ વંતની, મિથ્યા એધ ઘાતી ॥ ૪ ॥ મલ્લિ જિણંદ પદ પદ્મની એ, નિત્ય સેવા કરે જેહ ॥ રૂપવિજય પદ સંપદા, નિશ્ચય પામે તેહ ॥ ૫ ॥ ઈતિ તૃતીય ચૈત્યવંદનમ્ ॥ ઈતિ દ્વિતીય જોડો સંપૂર્ણ ॥

---

## ।। અથ તૃતિય જોડો પ્રારભ્યતે ।।

## ।। અથ પ્રથમ ચૈત્યવંદન ।।

અદ્‌ભૂત રૂપ સુગંધિ શ્વાસ, નહીં રોગ વિકાર ॥ મેલ નહી જસ દેહ રેહ, પ્રસ્વેદ લગાર ॥ ૧ ॥ સાગર વર ગંભીર ધીર, સુરગિરિ સમ જેહ ॥ ઔષધિપતિ

સમ સૌમ્ય કાંતિ, વર ગુણ ગણ ગેહ ॥૨॥ સહસ અષ્ટો-ત્તર લક્ષણે એ, લક્ષિત જિનવર દેહ ॥ તસ પદ પદ્મ નમ્યા થકી, ન રહે પાપની રેહ ॥૩॥ ઇતિ પ્રથમ ચૈત્યવંદન.

## ।। અથ દ્વિતીય ચૈત્યવંદન ।।

મલ્લિનાથ શિવ સાથ, આઠ વર અક્ષયદાયી ॥ છાજે ત્રિભુવન માંહિ, અધિક પ્રભુની ઠકુરાઈ ॥ અનુત્તર સુરથી અનંત ગુણ, તનુ શોભા છાજે ॥ આહાર નિહાર અદૃશ જાસ, વર અતિશય રાજે ॥ ૨ ॥ મૃગશિર શુદિ એકાદશી એ, લીયે દીક્ષા જીનરાજ ॥ તસ પદ પદ્મ નમ્યા થકી, સીઝે સઘલાં કાજ ॥ ૩ ॥ ઇતિ ॥

## ।। અથ થોયોનો પ્રથમ જોડો ।।

નમો મલ્લિ જિણંદા, જિમ લહો સુખ વૃંદા ॥ દલિ દુરગતિ દંદા, ફેરિ સંસાર ફંદા ॥ પદ યુગ અર વિંદા, સેવિયે થઈ અમંદા ॥ જિમ શિવસુખ કંદા, વિસ્તરે છંડિ દંદા ॥ ૧ ॥ જિનવર જયકારી, વિશ્વ ભવ્યોપકારી ॥ કરે જગ વ્રત ત્યારી, જ્ઞાન ત્રીજે

નિહારી ॥ તવ સુર અધિકારી, વીનવે ભક્તિ ધારી ॥ વરો સંયમ નારી, પરિગ્રહારંભ છારી ॥ ૨ ॥ મણ પજ્જવ નાણી, હુઆ ચારિત્ર ખાણી ॥ સુરનર ઇંદ્રાણી, વંદે બહુ ભાવ આણી ॥ તે જિનની વાણી, સૂત્રમાંહિં લખાણી ॥ આદરે જેહ પ્રાણી, તે વરે સિદ્ધિ રાણી ॥ ૩ ॥ પારણું જસ ગેહે, નાથ કરે જઈ સ્વદેહે ॥ ભરે કંચન મેહે; ઓકતસ દેવ નેહે ॥ સંઘ દુરિત હરેહિં, દેવ દેવી વરેહિં ॥ કુબેર સુરેહિં, રૂપ વિજય પ્રદેહિં ॥ ૪ ॥ ઇતિ થોયો ॥

---

## ।। અથ દ્વિતિય થોય જોડો ।।

ભલ્લિ જિન નામે, સંપદા કોડિ પામે ॥ દુરગતિ દુઃખ વામે, સ્વર્ગનાં સુખ જામે ॥ સંયમ અભિરામે, જે યથાખ્યાત નામે ॥ કરી કર્મ વિરામે, જઈ વસે સિદ્ધિ ધામે ॥ ૧ ॥ પંચ ભરહ મઝાર; પંચ ઐરવ્રત સાર ॥ ત્રિહું કાલ વિચાર, નેવુ જિનનાં ઉદાર ॥ કલ્યાણક વાર, જાપ જપિયે શ્રીકાર ॥ જિમ કરી ભવપાર, જઈ વરો સિદ્ધિ નાર ॥ ૨ ॥ જિનવરની વાણી, સૂત્ર માંહે ગુંથાણી ॥ ષટ દ્રવ્ય વખાણી, ચાર અનુ-

ચોગ ખાણી ॥ સગભંગી પ્રમાણી; સપ્તનયથી ઠરાણી ॥ સાંભળે દિલ આણી, તે વરે સિદ્ધિરાણી ॥ ૩ ॥ વૈરૂટયા દેવી, મલ્લિ જિન પાય સેવી ॥ પ્રભુગુણ સમરેવી, ભક્તિહિયડે ધરેવી ॥ સંઘ દુરિત હરેવી, પાપ સંતાપ ખેવી ॥ રૂપ વિજય કહેવી, લચ્છી લીલા વરેવી ॥ ૪ ॥ ઈતિ.

---

## ।। અથ સ્તવન લિખ્યતે ।।

॥ સખી આવી દેવ દીવાલી રે ॥ એ દેશી ॥

પંચમ સુરલોકના વાસી રે, નવ લોકાંતિક સુવિલાસી રે, કરે વિનતિ ગુણની રાશી ॥ ૧ ॥ મલ્લિજિન નાથજી વ્રત લીજેરે ॥ ભવિ જીવને શિવસુખ દીજે ॥ મલ્લિ૦ ॥ એ આંકણી ॥ તુમે કરૂણારસ ભંડાર રે, પામ્યા છો ભવજલ પારરે, સેવકનો કરો ઉદ્ધાર ॥ મલ્લિ૦ ॥ ૨ ॥ ભવિ૦ પ્રભુ દાન સંવત્સરી આપે રે, જગનાં દારિદ્ર દુઃખ કાપે રે, ભવ્યત્વ પણે તસ છાપે ( થાપે ) ॥ મ૦ ॥ ૩ ॥ ભવિ૦ ॥ સુરપતિ સઘલા મલિ આવે રે, મણિ રયણ સોવન વરસાવે રે, પ્રભુ ચરણે શીશ નમાવે ॥ મ૦ ॥ ૪ ॥ ભવિ૦ ॥ તીર્થોદક કુંભા લાવે રે, પ્રભુને

સિંહાસન ઠાવે રે, સુરપતિ ભકતે નવરાવે ॥ મલ્લિ૦ ॥ ૫ ॥ ભવિ૦ ॥ વસ્ત્રાભરણે શણગારે રે, પુલ માળા હૃદય પર ધારે રે, દુઃખડાં ઇંદ્રાણી ઉવા રે ॥ મ૦ ॥ ૬ ॥ ભવિ૦ મલ્યા સુર નર કોડા કોડી રે; પ્રભુ આગે રહ્યા કરજોડીરે, કરે ભક્તિ યુક્તિ મદ મોડી ॥ મ૦ ॥૭॥ ભવિ મૃગશિર શુદિની અજુઆલી રે, એકાદશી ગુણની આલી રે, વરયા સંયમ વધુ લટકાલી ॥ મ૦ ॥૮॥ ભવિ૦॥ દીક્ષા કલ્યાણક એહ રે, ગાતાં દુઃખ ન રહે રેહ રે, લહે રૂપવિજય જસ નેહ ॥ મ૦ ॥ ૯ ॥ ભવિ૦ ॥ ઇતિ શ્રી મલ્લિજિન સ્તવનમ્ ॥

---

## ।। અથ તૃતીય ચૈત્યવંદન ।।

જયજય મલ્લિજિણંદ દેવ, સેવા સુરપતિ સારે ॥ મૃગશિર શુદિ એકાદશી, સંયમ અવધારે ॥ ૧ ॥ અભ્યંતર પરિવારમેં, સંયતિ ત્રણશે જાસ ॥ ત્રણશે ષટ નર સંયમે, સાથે વ્રત લીએ ખાસ ॥૨॥ દેવ દુષ્ય ખંધે ધરીએ, વિચરે જિનવર દેવ ॥ તસ પદ પદ્મની સેવના, રૂપ કહે નિત્ય મેવ ॥૩॥ ઇતિ ત્રીજો જોડો સંપૂર્ણ. ॥

---

## ।। અથ ચોથો જોડો પ્રારંભ ।।

॥ ત્યાં પ્રથમ પહેલું ચૈત્યવંદન કહે છે ॥

વૈદર્ભદેશ મિથિલાપુરી, કુંભ નૃપતિ કુલભાણ ॥ પુણ્યવલ્લી મલ્લિ નમો, ભવિયણ સુહઝાણ ॥ ૧ ॥ પ-ણવિશ ધનુષની દેહડી, નીલ વરણ મનોહાર ॥ કુંભ લંછન કુંભની પરે, ઉતારે ભવ પાર ॥ ૨ ॥ મૃગશીર શુદિ એકાદશી એ, પામ્યા પંચમ નાણ ॥ તસ પદ પદ્મ વંદન કરી, પામો શાશ્વત ઠાણ ॥ ૩ ॥ ઇતિ પ્રથમ ચૈત્યવંદન ॥

---

## ।। અથ દ્વિતિય ચૈત્યવંદન ।।

પહેલું ચોથું પાંચમું, ચારિત્ર ચિત્ત આવે ॥ ક્ષ-પક શ્રેણી જિનજી ચઢી; ઘાતિકર્મ ખપાવે ॥ ૧ ॥ દીક્ષા દિન શુભ ભાવથી, ઉપન્યું કેવલ નાણ ॥ સમ-વસરણસુરવરરચે, ચઉવિહ સંઘ મંડાણ ॥ ૨ ॥ વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય ॥ તસપદ પદ્મ નમ્યા થકી, ચિદ્રુપ ચિત્ત ઠાય ॥ ૩ ॥ ઇતિ દ્વિતિય ચૈત્યવંદન ॥

---

## ।। અથ થોયો જોડા બે લિખ્યતે ।।

નમો મલ્લિ જિણંદા, જસ નમે દેવ વૃંદા ॥ તિમ ચોસઠ ઇંદા, સેવે પાદારવિંદા ॥ દુરગતિ દુઃખ દંદા, નામથી સુખ કંદા ॥ પ્રભુ સુજસ સુરિંદા, ગાય ભકતે નરિંદા ॥ ૧ ॥ નવતિ જિનરાયા, શુકલ ધ્યાને સુહાયા॥ સોહં પદ પાયા, ત્યક્ત મદ મોહ માયા ॥ સુર નર ગુણ ગાયા, કેવલ શ્રી સુહાયા ॥ તે સવિ જિન રાયા, આપજો મોક્ષ માયા ॥ ૨ ॥ કેવલ વર નાણે, વિશ્વના ભાવ જાણે ॥ બાર પરષદ ઠાણે, ધર્મ જીનજી વખાણે॥ ગણધર તિણે ટાણે, ત્રિપદીએ અર્થ માણે ॥ જે રહે સુહઝાણે, તે રમે આત્મ નાણે ॥૩॥ વૈરૂટયા દેવી, ભક્તિ હિયડે ધરેવી ॥ જિન સેવ કરેવી, વિઘ્નનાં વૃંદ ખેવી॥ સંઘ દુરિત હરેવી, લચ્છી લીલા વરેવી ॥ રૂપ વિજય કહેવી, આપજો મૌજ દેવી ॥ ૪ ॥ ઇતિ ॥

---

## ।। અથ દ્વિતિય સ્તુતિ ।।

મલ્લિ જિનરાજા, સેવીયે પુણ્ય ભાજા ॥ જિમ ચઢત દિવાજા, પામિયે સુખ તાજા ॥ કોઈ લોપે ન

આજ, નિત્ય નવા સુખ સાજ ॥ કોઈ ન કરે જા જા, પુણ્યની એહ માજા ॥ ૧ ॥ મલ્લિ નમી નામે, કેવલ જ્ઞાન પામે ॥ દશ ખેત્ર સુઠામે, તિમજ ભિન્ન ભિન્ન નામે ॥ ત્રણ્ય કાલ નિમામે, ઘાતિયાં કર્મ વામે ॥ તે જિન પરિણામે, જઈ વસે સિદ્ધિ ધામે ॥ ૨ ॥ જિનવરની વાણી, ચાર અનુયોગ ખાણિ ॥ નવતત્ત્વ વખાણી, દ્રવ્ય ષટમાં પ્રમાણી ॥ ગણધરે ગુંથાણી, સાંભલે જેહ પ્રાણી ॥ કરી કર્મની હાણી, જઈ વરે સિદ્ધિ રાણી ॥૩॥ સુર કુબેર આવે, શીશ જિનને નમાવે ॥ મિથ્યાત ખપાવે, શુદ્ધ સમ્યકત્વ પાવે ॥ પુણ્ય થોક જમાવે, સંઘ ભક્તિ પ્રભાવે ॥ પદ્મવિજય સુહાવે, શિષ્ય તસ રૂપ ગાવે ॥ ૪ ॥ ઈતિ સ્તુતિ ॥

---

## ।। અથ સ્તવન લિખ્યતે ।।

સાંભલ રે તું સજની મોરી, રજની કિહાં રમી આવી જી રે ॥ એ દેશી ॥

મલ્લિ જિનેશ્વર અરચિત કેશર, અલવેસર અવિનાશી જી ॥ પરમેશ્વર પૂરણ પદ ભોક્તા, ગુણરાશી

શિવ વાસી ॥ જિનજી ધ્યાવો જી ॥ ૧ ॥ મલ્લિજિ-
ણંદ મુણિંદ, ગુણ ગણ ગાવો જી ॥ એ આંકણી ॥
મૃગશિર શુદિ એકાદશી દિવસે, ઉપન્યું કેવલનાણ
જી ॥ લોકાલોક પ્રકાશક ભાસક, પ્રગટયો અભિનવ
ભાણ૦ ॥ જિ૦ ॥ ૨ ॥ મલ્લિ૦ ॥ મત્યાદિક ચઉ ના-
ણનું ભાસન, એહમાં સકલ સમાય જી ॥ ગ્રહ ઉડુ તારા
ચંદ પ્રભા જિમ, તરણી તેજમાં જાય ॥ જિન૦ ॥ ૩ ॥
॥ મ૦ ॥ જ્ઞેયભાવ સવિ જ્ઞાને જાણે, જે સામાન્ય વિશેષ
જી ॥ આપ સ્વભાવે રમણ કરે પ્રભુ, તજી પુદ્ગલ સં-
કલેશ ॥ જિન૦ ॥ ૪ ॥ મન૦॥ ચાલીસ સહસ મહામુનિ
જેહના, રત્નત્રયિ આધાર જી ॥ સહસ પંચાવન સાહુ-
ણી જાણો,ગુણમણિ રયણ ભંડાર ॥ જિ૦ ॥ ૫ ॥ મ૦॥
શત સમ ન્યુન સહસ પંચાવન, વરસ કેવલ ગુણ ધર-
તા જી ॥ વિચરે વસુધા ઉપર જિનજી, બહુ ઉપગારને
કરતા ॥ જિ૦ ॥ ૬ ॥ મ૦ ॥ કેવલનાણ કલ્યાણક જિ-
નનું, જે ભવિયણ નિત્ય ગાવેજી ॥ જિન ઉત્તમ પદ
પદ્મ પ્રભાવે, શુદ્ધ રૂપ તે પાવે ॥ જિ૦ ॥ ૭ ॥ મ૦ ॥
ઈતિ સ્તવનં ॥

---

## ।। અથ તૃતીય ચૈત્યવંદન ।।

જય નિર્જિત મદમલ્લ, શલ્યત્રય વર્જિત સ્વામી ॥ જય નિર્જિત કંદર્પ દર્પ, નિજ આતમરામી ॥ ૧ ॥ દુર્જય ઘાતિકર્મ મર્મ, ભંજન વડવીર ॥ નિર્મલ ગુણ સંભાર સાર, સાગર વર ગંભીર ॥ ૨ ॥ અનંત જ્ઞાને દર્શન ધરૂ એ, મલ્લિ જિણંદ મુણિંદ ॥ વદન પદ્મ તસ દેખતાં, લહે ચિદ્રૂપ અમંદ ॥ ૩ ॥ ઇતિ તૃતીય ચૈત્યવંદન ॥ ઇતિ ચોથો જોડો સંપૂર્ણ. ॥

---

## ।। અથ પાંચમો જોડો લિખ્યતે ।।

॥ તિહાં પ્રથમ ચૈત્યવંદન ॥

સકલ સુરાસુર ઇંદ વૃંદા, ભાવે કરજોડી ॥ સેવે પદપંકજ સદા, જવન્ય થકી એક કોડી ॥ ૧ ॥ જસ ધ્યાન એક તાન, કરે જે સુરનર ભાવે ॥ સંકટ કષ્ટ દૂરે ટલે, શુચિ સંપદ પાવે ॥ ૨ ॥ સર્વ સમિહિત પૂરવા એ, સુરતરૂ સમ સોહાય ॥ તસ પદ પદ્મ પૂજ્યા થકી, નિશ્ચય શિવ સુખ થાય ॥ ૩ ॥

—***—

## ।। અથ દ્વિતીય ચૈત્યવંદન ।।

નમો નમો શ્રીનમિ જિનવરૂ, જગનાથ નગીનો ॥ પદ યુગ પ્રેમે જેહના, પૂજે પતિ શચિનો ॥ ૧ ॥ સિં-હાસન આસન કરી, જગ ભાસન જિનરાજ ॥ મધુર ધ્વનિ દીયે દેશના, ભવિ જનને હિત કાજ ॥ ૨ ॥ ગુણ પાંત્રીશ અલંકરી એ, પ્રભુ મુખ પદ્મની વાણી ॥ તે નમિ જિનની સાંભલી, શુદ્ધ રૂપ લહે પ્રાણી ॥ ॥ ૩ ॥ ઈતિ ॥

—(૦)—

## ।। અથ થોયો જોડા બે ।।

શ્રી નમિજિન નમિયે, પાપ સંતાપ ગમીયે ॥ નિજ તત્ત્વમાં રમીયે, સર્વ અજ્ઞાન વમીએ ॥ સવિ વિઘ્નને દમીયે, વર્તિયે પંચ સમીયે ॥ નવિ ભવ વન ભમીયે, નાથ આણા ન ક્રમીયે ॥ ૧ ॥ દશે ખેત્રના ઈશ, તીર્થ-પતિ જેહ ત્રીશ ॥ ત્રિહું કાલ ગણીશ, નેવુ જિનવર નમીશ ॥ અર્હંતે પદ ત્રીશ, સાઠ દીક્ષા જપીશ ॥ કેવ-લી જગદિશ, સાઠ સંખ્યા ગણીશ ॥ ૨ ॥ સગ નય

યુત વાણી, દ્રવ્ય છક્કે ગવાણી ॥ સગ ભંગી ઠરાણી, નવ તત્ત્વે વખાણી ॥ જે સુણે ભવિ પ્રાણી, શુદ્ધ શ્રદ્ધાન આણી ॥ તે વરે શિવરાણી, શાશ્વતાનંદ ખાણી ॥ ૩ ॥ દેવી ગંધારી, શુદ્ધ સમ્યકત્વ ધારી ॥ પ્રભુ સેવા કારી, સંઘ ચઉવિહ સંભારી ॥ કરે સેવના સારી, વિઘ્ન દૂરે વિદારી ॥ રૂપવિજયને પ્યારી, નિત્ય દેવી ગંધારી ॥૪॥ ઇતિ પ્રથમ થોય જોડો ॥

## ।। અથ દ્વિતીય થોય જોડો ।।

નમિ જિન જયકારી, સેવિયે ભક્તિ ધારી ॥ મિથ્યાત્વ નિવારી, ધારીએ આણ સારી ॥ પર ભાવ વિસારી, સેવિયે સુખકારી ॥ જિમ લહે શિવ નારી, કર્મ મલ દૂરે ડારી ॥ ૧ ॥ વર કેવલનાણી, વિશ્વના ભાવ જાણી ॥ શુચિ ગુણ ગણ ખાણી, શુદ્ધ સત્તા પ્રમાણી ॥ ત્રિભુવનમાં ગવાણી, પ્રીતિ કાંતા વખાણી ॥ તે જિન ભવિ પ્રાણી, વંદીયે ભાવ આણી ॥ ૨ ॥ આગમની વાણી, સાત નયથી વખાણી ॥ નવતત્ત્વ ઠરાણી, દ્રવ્ય ષટમાં પ્રમાણી ॥ સગ ભંગ ભરાણી, ચાર અનુયોગે

જાણી ॥ ધન્ય તાસ કમાણી, જે ભણે ભાવ આણી ॥ ॥૩॥ એકાદશી સારી, મૃગશીર્ષે વિચારી ॥ કરે જે નર નારી, શુદ્ધ સમ્યકત્વ ધારી ॥ તસ વિઘ્ન વિદારી, દેવી ગંધારી સારી ॥ રૂપવિજયને ભારી, આપજો લચ્છી પ્યારી ॥ ૪ ॥ ઇતિ ॥

—ooo○○○ooo—

## ॥ અથ સ્તવન લિખ્યતે ॥

થારા મહેાલા ઉપર મેહ ઝબૂકે વીજલી,

મારા લાલ ॥ એ દેશી ॥

પરમ રૂપ નિરંજન, જન મન રંજણેા ॥ લલના ॥ ભક્તિવચ્છલ ભગવંત, તું ભવ ભય ભંજણેા ॥ લ૦ ॥ જગત જંતુ હિતકારક, તારક જગધણી ॥ લ૦ ॥ તુજ પદ પંકજ સેવ, હેવ મુજને ઘણી ॥ લ૦ ॥ ૧ ॥ આવ્યેા રાજ હજુર, પૂરવ ભક્તિ ભરે ॥ લ૦ ॥ આપેા સેવના આપ, પાપ જિમ સવિ ટલે ॥ લ૦ ॥ તુમ સરિખા મહારાજ, મેહેર જો નહિ કરે ॥ લ૦ ॥ તેા અમ સરિખા જીવનાં કારજ કિમ સરે ॥ લ૦ ॥ ૨ ॥ જગતારક જિનરાજ, બિરૂદ છે તુમ તણેા ॥ લ૦ ॥ આપેા સમ-

કિત દાન, પરાયા મત ગણેા ॥ લ૦ ॥ સમરથ જાણી દેવ, સેવના મેં કરી ॥ લ૦ ॥ તું હિજ છે સમરથ, તરણ તારણ તરી ॥ લ૦ ॥ ૩ ॥ મૃગશિર શિત એકાદશી, ધ્યાન શુકલ ધરી ॥ લ૦ ॥ ઘાતિકરમ કરી અંત કે, કેવલ શ્રી વરી ॥ લ૦ ॥ જગ નિસ્તારણ કારણ, તીરથ થાપીયેા ॥ લ૦ ॥ આતમ સત્તા ધર્મ, ભવ્યને આપીયેા ॥ લ૦ ॥ ૪ ॥ અમ વેલા કિમ આજ, વિલંબ કરી રહ્યા ॥ લ૦ ॥ જાણેા છેા મહારાજ, સેવકે ચરણાં ગ્રહ્યાં ॥ લ૦ ॥ મન માન્યા વિના માહરૂં, નવિ છેાડું કદા ॥ લ૦॥ સાચેા સેવક તેહ જે, સેવ કરે સદા ॥ લ૦ ॥ ૫ ॥ વમા માત સુજાત, કહાવેા શ્યું ઘણું ॥ લ૦ ॥ આપેા ચિદાનંદ દાન, જનમ સફલેા ગણું ॥ લ૦ ॥ જિન ઉત્તમ પદ પદ્મ, વિજય પદ દીજીએ ॥ લ૦ ॥ રૂપ વિજય કહે સાહિબ, મુજરેા લીજીએ ॥ લ૦ ॥ ૬ ॥ ઇતિશ્રી નમિનાથ જિન સ્તવનં ॥

---

## ।। અથ તૃતિય ચૈત્યવંદન ।।

સકલ મંગલ કેલિ કમલા, મંદિરં ગુણ સુંદરં ॥ વર કનક વર્ણ સુપર્ણ પતિ જસ, ચરણ સેવે મનહરં॥

અમરાવતી સમ નયરી મિથિલા, રાજ્ય ભાર ધુરા-
ધરં ॥ પ્રણુમામિ શ્રી નમિનાથ જિનવર, ચરણ પંકજ
સુખકરં ॥ ૧ ॥ ગજ વાજિ સ્યંદન દેશ પુર ધન, ત્યાગ
કરી ત્રિભુવન ધણી ॥ ત્રણશે અડયાશી કોડિ ઉપર, દીએ
લખ એંશી ગણી ॥ દીનાર જનની જનક નામાંકિત,
દીયે ઇચ્છિત જિનવરં ॥ પ્રણ૦ ॥ ૨ ॥ સહસ્રામ્ર વનમાં
સહસ નર યુત, સૌમ્ય ભાવ સમાચરે ॥ નર ક્ષેત્ર સંજ્ઞી
ભાવ વેદી, જ્ઞાન મનઃ પર્યવવરે ॥ અપ્રમત્ત ભાવે ઘાતિ
ચઉખય, લહે કેવલ દિનકરં ॥ પ્રણ૦ ॥ ૩ ॥ તવ સ-
કલ સુરપતિ ભક્તિ નતિ કરી, તીર્થપતિ ગુણ ઉચ્ચરે
॥જય જગતજંતુ જાત કરૂણા, વંત તું ત્રિભુવન શિરે॥
જય અકલ અચલ અનંત અનુપમ, ભવ્ય જન મન
ભયહરં ॥ પ્રણ૦ ॥ ૪ ॥ સમ્યદશ જસ ગણધરા મુનિ,
સહસ વિંશતિ ગુણનીલા ॥ સહસ એકતાલીશ સાહુણી,
સોલસે કેવલી ભલા ॥ જિનરાજ ઉત્તમ પદ્મની પરે,
રૂપવિજય સુહાકરં ॥ પ્રણ૦ ॥ ૫ ॥ ઇતિ તૃતીય ચૈત્ય-
વંદનમ્ ॥ પછી જંકિંચિ નમુત્થુણં કહી જયવીય-
રાય સંપૂર્ણ કહેવા ॥ ઇતિ પંડિત શ્રી રૂપવિજયજી
કૃત મૌનએકાદશીના દેવવંદન સમાપ્તં ॥

# ।। અથ શ્રી મૌનએકાદશીનું દોઢશો કલ્યાણુકનું ગણણું પ્રારંભઃ

## ૧ જંબુદ્વીપે ભરતે અતીત ચોવીશી.

૪ શ્રી મહાયશઃ સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી સર્વાનુભૂતિ અર્હતે નમઃ ॥
૬ શ્રી સર્વાનુભૂતિ નાથાય નમઃ ॥
૬ શ્રી સર્વાનુભૂતિ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી ધરનાથાય નમઃ ॥

## ૨ જંબુદ્વીપે ભરતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી નમિનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી મલ્લિનાથ અર્હતે નમઃ ॥
૧૯ શ્રી મલ્લિનાથ નાથાય નમઃ ॥
૧૯ શ્રી મલ્લિનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી અરનાથ નાથાય નમઃ ॥

## ૩ જંબુદ્વીપે ભરતે અનાગત ચોવીશી.

૪ શ્રી સ્વયંપ્રભ સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી દેવશ્રુત અર્હતે નમઃ ॥
૬ શ્રી દેવશ્રુત નાથાય નમઃ ॥
૬ શ્રી દેવશ્રુત સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી ઉદયનાથ નાથાય નમઃ ॥

---

## ૪ ઘાતકીખંડે પૂર્વભરતે અતીત ચોવીશી.

૪ શ્રી અકલંક સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી શુભંકરનાથ અર્હતે નમઃ ॥
૬ શ્રી શુભંકરનાથ નાથાય નમઃ ॥
૬ શ્રી શુભંકરનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી સમ્પ્રનાથ નાથાય નમઃ ॥

---

## ૫ ઘાતકીખંડે પૂર્વભરતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી બ્રહ્મેંદ્રનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી ગુણનાથ અર્હતે નમઃ ॥
૧૯ શ્રી ગુણનાથ નાથાય નમઃ ॥

૧૯ શ્રી ગુણનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી ગાંગિકનાથ નાથાય નમઃ ॥

---

## ૬ ધાતકીખંડે પૂર્વભરતે અનાગત ચોવીશી.

૪ શ્રી સાંપ્રત સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી મુનિનાથ અર્હતે નમઃ ॥
૬ શ્રી મુનિનાથ નાથાય નમઃ ॥
૬ શ્રી મુનિનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી વિશિષ્ટનાથ નાથાય નમઃ ॥

——:o:——

## ૭ પુષ્કરવરદ્વીપે પૂર્વભરતે અતીત ચોવીશી.

૪ શ્રી સુમૃદુનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી વ્યક્તનાથ અર્હતે નમઃ ॥
૬ શ્રી વ્યક્તનાથ નાથાય નમઃ ॥
૬ શ્રી વ્યક્તનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી કલાશત નાથાય નમઃ ॥

---

## ૮ પુષ્કરવરદ્વીપે પૂર્વ ભરતે વર્ત્તમાન ચોવીશી

૨૧ શ્રી અરણ્યવાસ સર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી યોગનાથ અર્હતે નમઃ ॥
૧૯ શ્રી યોગનાથ નાથાય નમઃ ॥
૧૯ શ્રી યોગનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી અયોગનાથ નાથાય નમઃ ॥

## ૯ પુષ્કરવરદ્વીપે પૂર્વ ભરતે અનાગત ચોવીશી

૪ શ્રી પરમ સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી શુદ્ધાર્ત્તિનાથ અર્હતે નમઃ ॥
૬ શ્રી શુદ્ધાર્ત્તિનાથ નાથાય નમઃ ॥
૬ શ્રી શુદ્ધાર્ત્તિનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી નિઃકેશનાથ નાથાય નમઃ ॥

---

## ૧૦ ઘાતકીખંડે પશ્ચિમ ભરતે અતીત ચોવીશી.

૪ શ્રી સર્વાર્થ સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી હરિભદ્ર અર્હતે નમઃ ॥

૬ શ્રી હરિભદ્ર નાથાય નમઃ ॥
૬ શ્રી હરિભદ્ર સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી મગધાધિપ નાથાય નમઃ ॥

---

## ૧૧ ઘાતકીખંડે પશ્ચિમભરતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી પ્રયચ્છ સર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી અક્ષોભનાથ અર્હતે નમઃ ॥
૧૯ શ્રી અક્ષોભનાથ નાથાય નમઃ ॥
૧૯ શ્રી અક્ષોભનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી મલયસિંહ નાથાય નમઃ ॥

---

## ૧૨ ઘાતકીખંડે પશ્ચિમભરતે અનાગત ચોવીશી.

૪ શ્રી દિનરૂક્ સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી ધનદનાથ અર્હતે નમઃ ॥
૬ શ્રી ધનદનાથ નાથાય નમઃ ॥

૬ શ્રી ધનદનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી પૌષધનાથ નાથાય નમઃ ॥

---

## ૧૩ પુષ્કરવરદ્વીપે પશ્ચિમભરતે અતીત ચોવીશી.

૪ શ્રી પ્રલંબ સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી ચારિત્રનિધિ અર્હતે નમઃ ॥
૬ શ્રી ચારિત્રનિધિ નાથાય નમઃ ॥
૬ શ્રી ચારિત્રનિધિ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી પ્રશમરાજિત નાથાય નમઃ ॥

---

## ૧૪ પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ભરતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી સ્વામી સર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી વિપરીતનાથ અર્હતે નમઃ ॥
૧૯ શ્રી વિપરીતનાથ નાથાય નમઃ ॥
૧૯ શ્રી વિપરીતનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી પ્રસાદનાથ નાથાય નમઃ ॥

## ૧૫ પુષ્કરવરદ્વીપે પશ્ચિમભરતે અનાગત ચોવીશી.

૪ શ્રી અઘટિતનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી ભ્રમણેન્દ્રનાથ અર્હતે નમઃ ॥
૬ શ્રી ભ્રમણેન્દ્રનાથ નાથાય નમઃ ॥
૬ ભ્રમણેન્દ્રનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી ઋષભચંદ્ર નાથાય નમઃ ॥

---

## ૧૬ જંબુદ્વીપે ઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી દયાંત સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી અભિનંદનનાથ અર્હતે નમઃ ॥
૬ શ્રી અભિનંદનનાથ નાથાય નમઃ ॥
૬ શ્રી અભિનંદનનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી રત્નેશનાથ નાથાય નમઃ ॥

---

## ૧૭ જંબુદ્વીપે ઐરવતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી શ્યામકોષ્ટ સર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી મરૂદેવનાથ અર્હતે નમઃ ॥
૧૯ શ્રી મરૂદેવનાથ નાથાય નમઃ ॥
૧૯ શ્રી મરૂદેવનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી અતિપાર્શ્વનાથ નાથાય નમઃ ॥

—∘∘∘∘◉◉◉∘∘∘∘—

## ૧૮ જંબુદ્વીપે ઐરવતે અનાગત ચોવીશી

૪ શ્રી નંદીષેણ સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી વ્રતધરનાથ અર્હતે નમઃ ॥
૬ શ્રી વ્રતધરનાથ નાથાય નમઃ ॥
૬ શ્રી વ્રતધરનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી નિર્વાણનાથ નાથાય નમઃ ॥

## ૧૯ ધાતકીખંડે પૂર્વઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી સૌંદર્ય સર્વજ્ઞાય નમઃ ॥

૬ શ્રી ત્રિવિક્રમનાથ અર્હતે નમઃ ॥
૬ શ્રી ત્રિવિક્રમનાથ નાથાય નમઃ ॥
૬ શ્રી ત્રિવિક્રમનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી નરસિંહનાથ નાથાય નમઃ ॥

---

## ૨૦ ધાતકીખંડે પુર્વઐરવતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી ખેમંત સર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી સંતોષિતનાથ અર્હતે નમઃ ॥
૧૯ શ્રી સંતોષિતનાથ નાથાય નમઃ ॥
૧૯ શ્રી સંતોષિતનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી કામનાથ નાથાય નમઃ ॥

---

## ૨૧ ધાતકીખંડે પુર્વઐરવતે અનાગત ચોવીશી.

૪ શ્રી મુનિનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી ચંદ્રદાહ અર્હતે નમઃ ॥

૬ શ્રી ચંદ્રદાહ નાથાય નમઃ ॥
૬ શ્રી ચંદ્રદાહ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી દિલાદિત્ય નાથાય નમઃ ॥

---

## ૨૨ પુષ્કરાર્દ્ધે પૂર્વઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી અષ્ટાહિક સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી વણિક્‌નાથ અર્હંતે નમઃ ॥
૬ શ્રી વણિક્‌નાથ નાથાય નમઃ ॥
૬ શ્રી વણિક્‌નાથ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી ઉદયજ્ઞાન નાથાય નમઃ ॥

---

## ૨૩ પુષ્કરાર્દ્ધે પૂર્વઐરવતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી તમોકંદ સર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી સાયકાક્ષ અર્હંતે નમઃ ॥
૧૯ શ્રી સાયકાક્ષ નાથાય નમઃ ॥

૧૯ શ્રી સાયકાક્ષ સર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી ક્ષેમંતનાથ નાથાય નમઃ ॥

——:o:——

## ૨૪ પુષ્કરાર્દ્ધે પૂર્વઐરવતે અનાગત ચોવીશી.

૪ શ્રી નિર્વાણિક સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી રવિરાજ અર્હતે નમઃ ॥
૬ શ્રી રવિરાજ નાથાય નમઃ ॥
૬ શ્રી રવિરાજ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી પ્રથમનાય નાથાય નમઃ ॥

---

## ૨૫ ઘાતકીખંડે પશ્ચિમઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી પુરૂરવા સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી અવબોધ અર્હતે નમઃ ॥
૬ શ્રી અવબોધ નાથાય નમઃ ॥

૬ શ્રી અવબોધ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી વિક્રમેંદ્ર નાથાય નમઃ ॥

---

## ૨૬ ધાતકીખંડે પશ્ચિમ ઐરવતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી સુશાંતિ સર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી હરદેવ અર્હતે નમઃ ॥
૧૯ શ્રી હરદેવ નાથાય નમઃ ॥
૧૯ શ્રી હરદેવ સર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી નંદિકેશ નાથાય નમઃ ॥

---

## ૨૭ ધાતકીખંડે પશ્ચિમ ઐરવતે અનાગત ચોવીશી.

૪ શ્રી મહામૃગેંદ્ર સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી અશોચિત અર્હતે નમઃ ॥
૬ શ્રી અશોચિત નાથાય નમઃ ॥

૬ શ્રી અશોચિત સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી ધર્મેંદ્રનાથ નાથાય નમઃ ॥

## ૨૮ પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી અશ્વવૃંદ સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી કુટિલક અર્હતે નમઃ ॥
૬ શ્રી કુટિલક નાથાય નમઃ ॥
૬ શ્રી કુટિલક સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી વર્દ્ધમાન નાથાય નમઃ ॥

## ૨૯ પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ઐરવતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી નંદિકેશ સર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી ધર્મચંદ્ર અર્હતે નમઃ ॥
૧૯ શ્રી ધર્મચંદ્ર નાથાય નમઃ ॥
૧૯ શ્રી ધર્મચંદ્ર સર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી વિવેકનાથ નાથાય નમઃ ॥

## ૩૦ પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ઐરવતે અનાગત ચોવીશી.

૪ શ્રી કલાપક સર્વજ્ઞાય નમઃ
૬ શ્રી વિશોમનાથ અર્હંતે નમઃ ॥
૬ શ્રી વિશોમનાથ નાથાય નમઃ ॥
૬ શ્રી વિશોમનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી અરણ્યનાથ નાથાય નમઃ ॥

## અથ પંડિત શ્રી વીરવિજયજી વિરચિત ॥ ચૈામાસી દેવવંદન વિધિ: પ્રારંભઃ ॥

એનો વિધિ આવી રીતે છે કે, પ્રથમ ઈરિયાવહિ પડિક્કમી પછી ખમાસમણ દેઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરૂં ? એમ કહી ચૈત્યવંદન કહીયે, તે લખીયે છીએ.

# ।। અથ ચૈત્યવંદન ।। પ્રારંભ ।।

॥ દોહા. ॥

શ્રી શંખેશ્વર ઈશ્વરં, પ્રણમી ત્રિકરણ યોગ ॥ દેવ નમન ચઉમાસીયે, કરશું વિધિ સંયોગ ॥ ૧ ॥ ઋષભા જિત સંભવ તથા, અભિનંદન જિનચંદ ॥ સુમતિ પદ્મ પ્રભ સાતમા, સ્વામી સુપાસ જિણંદ ॥ ૨ ॥ ચંદ્રપ્રભ સુવિધિ જિન, શ્રી શીતલ શ્રેયાંસ ॥ વાસુપૂજ્ય વિમલ તથા, અનંત ધર્મ વર વંશ ॥૩॥ શાંતિ કુંથુ અર પ્રભુ, મલ્લી સુવ્રત સ્વામ ॥ નમિ નેમીસર પાસ જિન, વર્દ્ધ-માન ગુણધામ ॥૪॥ વર્ત્તમાન જિન વંદતાં એ, વાંધા દેવ ત્રિકાલ ॥ પ્રભુ શુભ ગુણ મુગતા તણી, વીર રચે વર માલ ॥૫॥ ઇતિ ચૈત્યવંદન ॥ અહિં નમુત્થુણં કહી અર્ધા જયવિયરાય કહીયે, પછી ખમાસમણ દેઇ ઇચ્છા કારેણ :સંદિસહ ભગવન્ ઋષભજિન આરાધનાર્થે ચૈત્યવંદન કરૂં ઇચ્છં૦ એમ કહી ચૈત્યવંદન કહીયે તે લખીએ છીએ. ॥

---

# ।। અથ ઋષભાજન ચૈત્યવંદન ।।

સર્વારથસિદ્ધે થકી, ચવિયા આદિ જિણંદ ॥ પ્રથમ

રાય વિનિતા વસે, માનવ ગણ સુખ કંદ ॥ ૧ ॥ યોનિ નકુલ જિણંદને, હાયન એક હજાર ॥ માનાતી તે કેવલી, વડ હેઠે નિરધાર ॥ ૨ ॥ ઉત્તરાષાઢા જનમ છે એ, ધન-રાશિ અરિહંત ॥ દશ સહસ પરિવારશું, વીર કહે શિવ કંત ॥ ૩ ॥ ઈતિ ॥

અહીં નમુત્થુણં કહી પછી અરીહંત ચેઇયાણં કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી થોય કહેવી તે લખીયે છીયે.

## ।। અથ થોય પ્રારંભ ।।

ત્યાશીલાખ પૂરવ ઘરવાસે, વસીયા પરિકર યુક્તા જી ॥ જનમ થકી પણ દેવતરૂ ફલ, ક્ષીરોદધિ જલ ભોક્તા જી ॥ મઈ સુઅઓહિ નાણે સંયુત્ત, નયણ વયણ કજ ચંદા જી ॥ ચાર સહસશું દિક્ષા શિક્ષા, સ્વામી રૂષભ જિણંદા જી ॥ ૧ ॥ અહીં લોગસ્સ૦ ॥ કહી એક નવ-કારનો કાઉસ્સગ્ગ કરીયે ॥ પછી મનપર્યવ તવ નાણ ઉપન્યું, સંયત લિંગ સહાવા જી ॥ અઢિય દ્વીપમાં સન્ની પંચેંદ્રિય, જાણે મનોગત ભાવા જી ॥ દ્રવ્ય અનંતા સૂક્ષ્મ

તીચ્છા, અઢારશે ખિત્ત ઠાયા જી, ॥ પલિય અસંખમ ભાગ ત્રિકાલિક, દ્રવ્ય અસંખ્ય પર જાયા જી ॥ ૨ ॥ અહીં પુખ્ખરવરદી૦ કહી એક નવકારનો કાઉસ્સગ કરીયે ॥ ૠષભ જિણેસર કેવલ પામી, રયણ સિંહાસણ ઠાયાજી ॥ અનભિલપ્પ અભિલપ્પ અનંતા, ભાગ અનંત ઉચ્ચરાયાજી ॥ તાસ અનંતમે ભાગે ધારી, ભાગ અનંતે સૂત્રેજી ॥ ગણધર રચિયાં આગમ પૂજી, કરીયે જનમ પવિત્ર જી ॥ ૩ ॥ અહીં સિદ્ધાણું બુદ્ધાણું કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરીયે ॥ ગોમુખ જક્ષ ચક્રેસરી દેવી, સમકિત શુદ્ધ સોહાવે જી ॥ આદિ દેવની સેવ કરંતિ, શાશન શોભ ચઢાવે જી ॥ શ્રદ્ધા સંયુત જે વ્રતધારી, વિઘન તાસ નિવારે જી ॥ શ્રી શુભ વીર વિજય પ્રભુ ભગતે, સમરે નિત્ય સવારે જી ॥ ૪ ॥ ઇતિ થોય ॥ અહીં નમુત્થુણં૦ ॥ જાવંતિ ચેઇ૦ ॥ જાવંત કેવિ૦ ॥ નમોઽર્હત્ સિદ્ધા૦ કહીયે ॥

## ॥ અથ સ્તવન પ્રારંભ ॥

॥ કપૂર હોય અતિ ઉજલો રે ॥ એ દેશી ॥

જ્ઞાનરયણ રયણાયરૂ રે, સ્વામી ૠષભ જિણંદ ॥

ઉપગારી અરિહા પ્રભુ રે, લોક લોકોત્તરા નંદ રે ॥ ભવિયાં ॥ ૧ ॥ ભાવે ભજો ભગવંત ॥ મહિમા અતુલ અનંત રે ॥ ભવિયાં ભાવે એ આંકણી ॥ તિગ તિગ આરક સાગરૂરે, કોડાકોડી અઢાર ॥ યુગલા ધર્મ નિવારીયો રે, ધર્મ પ્રવર્તન હારરે ॥ ભ૦ ॥ ૨ ॥ જ્ઞાના તિશયે ભવ્યના રે, સંશય છેદનહાર ॥ દેવ નરા તિરિ સમઝીયા રે, વચનાતિષય વિચાર રે ॥ ભ૦ ॥ ૩ ॥ ચાર ઘને મધવા સ્તવે રે, પૂજાતિશય મહંત ॥ પંચઘને યોજન ટલેરે, કષ્ટ એ તૂર્ય પ્રસંત રે ॥ભ૦॥ ૪ ॥ યોગ ક્ષેમંકર જિનવરૂ રે, ઉપશમ ગંગા નીર ॥ પ્રીતિ ભક્તિપણે કરી રે, નિત્ય નમે શુભ વીર રે ॥ભ૦॥ ૫ ॥ ઈતિ ॥ સ્તવનં પછી જયવીયરાય અર્ધા કહેવા ॥ ઈતિ અહીં ખમાસમણ૦ ઇચ્છાકારેણ૦ શ્રી અજિતનાથજિન આરાધનાર્થં૦ ॥ ચૈત્યવંદન કરૂં.

---

## ॥ અથ અજિતનાથ ચૈત્યવંદન પ્રારંભઃ ॥

આવ્યા વિજય વિમાનથી, નગરી અયોધ્યા ઠામ,
માનવ ગણરિખ રોહિણી, મુનિ જનના વિશ્રામ ॥૧॥

અજિતનાથ વૃષ રાશિયે, જનમ્યાઃ જગદાધાર ॥ યોનિ ભુજંગમ ભયહરૂ, મોને વર્ષ તે બાર ॥૨॥ સપ્તપરણ તરૂ હેઠલે એ, જ્ઞાન મહોત્સવ સાર ॥ એક સહસ્સશું શિવ વર્યા, વીર ધરે બહુ પ્યાર ॥ ૩ ॥ ઇતિ ચૈત્યવંદન પછી નમુત્થુણં૦ ॥ અરિહંત ચેઇ૦ ॥ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી થોય કહેવી ॥

—***—

## ॥ અથ થોય પ્રારભ્યતે ॥

॥ પ્રહ ઉઠી વંદૂ ॥ એ દેશી ॥

જબ ગર્ભે સ્વામી, પામી વિજયા નાર ॥ જીતે નિત્ય પીયુને, અક્ષ ક્રીડન હુંશીયાર ॥ તિણે નામ અજિત છે, દેશના અમૃત ધાર ॥ મહા જક્ષ અજિતા, વીર વિઘન અપહાર ॥૧॥ એ થોય કહી ઉભા થકાં જયવીયરાય અર્ધા કહેવા ॥ ઇતિ અજિત જિનસ્તવન ॥ એ રીતે સર્વ તીર્થંકરનાં ચૈત્યવંદન થોયો અને સ્તવન કહેવાં ॥ યાવત્ શાશ્વતા જિન સુધીનાં પણ કહેવાં ॥

## ।। અથ સંભવજીન ચૈત્યવંદન ।।

સત્તમ ગેવિજ ચવન છે, જનમ્યા મૃગશિર માંહિ॥
દેવ ગણે સંભવ જિના, નમીયે નિત્ય ઉત્સાહી ॥ ૧ ॥
સાત્વથી પુરી રાજીયો, મિથુન રાશિ સુખકાર ॥ પન્નગ
યોનિ પામીયા યોનિ નિવારણહાર ॥ ૨ ॥ ચઉદ વરસ
છદ્મસ્થમાં એ, નાણ શાલ તરૂ સાર ॥ સહસ ત્રતીશું
શિવ વર્યા, વીર જગત આધાર ॥ ઇતિ ॥

—(૦)—

## અથ થોય પ્રારંભ ।।

॥ શાંતિ જિનેસર સમરીયે ॥ એ દેશી ॥

સંભવ સ્વામી સેવીયે, ધન્ય સજ્જન દીહા ॥ જિન
ગુણ માલા ગાવવા, ધન્ય તેહની જીહા ॥ વયણ સુગંગ
તરંગમાં, ન્હાતા શિવગેહી ॥ ત્રિમુખ સુર દુરિતારિકા,
શુભ વીર સનેહી ॥ ૧ ॥ ઇતિ ॥

---

## ।। અથ શ્રી અભિનંદન ચૈત્યવંદન ।।

ચવ્યા જયંત વિમાનથી, અભિનંદન જિનચંદ ॥
પુનર્વસુમાં જનમીયા, રાશિ મિથુન સુખ કંદ ॥ ૧ ॥

નયરી અયોધ્યાનો ધણી, યોનિ વર મંજર ॥ ઉગ્રવિહાર તપ તપ્યા, ભૂતલ વરસ અઢાર ॥ વલી રાયણ પાદવ તલે એ, વિમલ નાણ ગણ દેવ ॥ મોક્ષ સહસ્સ મુનિશું ગયાં, વીર કરે નિત્ય સેવ ॥ ઇતિ ॥

---

## ।। અથ થોય પ્રારંભતે ।।

॥ અપા પદમ લંધનં ॥ એ ચાલ ॥

અભિનંદન ગુણમાલિકા, ગાવતી અમરાલિકા ॥ કુમતકી પરજાલિકા, શિવ વહુવર માલિકા ॥ લગે ધ્યાનકી તાલિકા, આગમની પરનાલિકા ॥ ઇશ્વિરો સુર આલિકા, વીર નમે નિત્ય કાલિકા ॥ ૧ ॥ ઇતિ ॥

---

## ।। અથ શ્રી સુમતિનાથ ચૈત્યવંદન ।।

સુમતિ જયંત વિમાનથી, રહ્યા અયોધ્યા ઠામ ॥ રાક્ષસ ગણ પંચમ પ્રભુ, સિંહરાશિ ગુણ ધામ ॥ ૧ ॥ મઘા નક્ષત્રે જનમીયા, મુષક યોની જગદીશ ॥ મોહ રાય સંગ્રામમાં, વરસ ગયાં છવ્વીશ ॥ ૨ ॥ જીત્યો પ્રિયંગુ તરૂ એ, સહસ મુનિ પરિવાર ॥ અવિનાશી પદવી વર્યા, વીર નમે સો વાર ॥ ૩ ॥

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

॥ ત્વમશુમાન્યભિનંદનનંદિતા ॥ એ દેશી ॥

સુમતિ સ્વર્ગ દિયે અસુમંતને, ભમત મોહ નહિ ભગવંતને ॥ પ્રગટ જ્ઞાન વરે શિવ બાલિકા, તુંબરૂ વીર નમે મહાકાલિકા ॥ ૧ ॥ ઈતિ ॥

---

## ।। અથ શ્રી પદ્મપ્રભ ચૈત્યવંદન ।।

ગૈવેયક નવમે થકી, કોસંબી ઘર વાસ ॥ રાક્ષસ ગણ નક્ષતરૂ, ચિત્રા કન્યા રાશ ॥ ૧ ॥ વૃશ્ચિક યોનિ પદ્મપ્રભ, છદ્મસ્થ ષટ માસ ॥ તરૂ છત્રોધે કેવલી, લોકાલોક પ્રકાશ ॥ ૨ ॥ ત્રણ અધિક શત આઠશું એ, પામ્યા અવિચલ ધામ ॥ વીર કહે પ્રભુ માહરે, ગુણ શ્રેણી વિશ્રામ ॥ ૩ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

॥ નંદીશ્વરે વર દ્વીપ સંભારૂં ॥ એ ચાલ ॥

પદ્મપ્રભુ હત છદ્મ અવસ્થા, શિવસદ્મે સિદ્ધા અરૂપસ્થા ॥ નાણને દંસણ દોય વિલાસી, વીર કુસુમ શ્યામા જિનુપાસી ॥ ૧ ॥

## ।। અથ શ્રી સુપાર્શ્વજિન ચૈત્યવંદન ।।

ગ્રેવીજ છ્હેથી ચવ્યા, વાણારસીપુરી વાસ ॥ તુલા વિશાખા જન્મીયા, તપ તપીયા નવ માસ ॥ ૧ ॥ ગણ રાક્ષસ વૃક યોનિયે, શોભે સ્વામી સુપાસ ॥ શિરિષ તરૂ તલે કેવલી, જ્ઞેય અનંત વિલાસ ॥ ૨ ॥ મહાનંદ પદવી લહીએ, પામ્યા ભવનો પાર ॥ શ્રી શુભ વીર કહે પ્રભુ, પંચ સયા પરિવાર ॥ ૩ ॥ ઇતિ ॥

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

॥ શ્રાવણ શુદ્ધિ દિન પંચમી એ ॥ એ દેશી ॥

અષ્ટ મહાપડિહારશું એ, શોભે સ્વામી સુપાસ તો ॥ મહાભાગ્ય અરિહા પ્રભુ એ, સુર નર જેહના દાસ તો ॥ ગુણ અતિશય વરણવ્યા એ, આગમ ગ્રંથ મોઝાર તો ॥ માતંગ શાંતા સુર સુરી એ, વીર વિઘન અપહાર તો ॥

## ।। અથ શ્રી ચંદ્રપ્રભ ચૈત્યવંદન ।।

ચંદ્રપ્રભ ચંદ્રાવતી, પુરિ ચવિયા વિજયંત ॥ અનુરાધાયે જનમીયા, વૃશ્ચિક રાશિ મહંત ॥ ૧ ॥ મૃ-

ગયોનિગણુ દેવનો, કેવળ વિણ ત્રિક માસ ॥ પામ્યા નાગ તરૂ તલે, નિર્મલનાણ વિલાસ ॥ ૨ ॥ પરમાનંદ પદ પામીયા એ, વીર કહે નિરધાર ॥ સાથે સલુણા શોભતા, મુનિવર એક હજાર ॥ ૩ ॥

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

॥ શાંતિ જિનેસર સમરીયે એ ॥ દેશી ॥

ચંદ્રપ્રભ મુખ ચંદ્રમા, સખિ જોવા જઈએ ॥ દ્રવ્ય ભાવ પ્રભુ દરિસણે, નિર્મલતા થઇએ ॥ વાણી સુધારસ વેલડી, સુણિએ તતખેવ ॥ ભજે ભદંત ભૃકુટિ કા, વીરવિજય તે દેવ ॥ ૧ ॥ ઈતિ ॥

## ।। અથ શ્રી સુવિધિનાથ ચૈત્યવંદન ।।

સુવિધિનાથ સુવિધે નમું, શ્વાન યોનિ સુખકાર ॥ આવ્યા આણત સ્વર્ગથી, કાકંદી અવતાર ॥ ૧ ॥ રાક્ષસ ગણ ગુણવંતને, ધનરાશિ રિખ મૂલ ॥ વરસાચાર છદ્મસ્થમાં, કર્મ શશક શાર્દૂલ ॥ ૨ ॥ મલ્લી તરૂ તલે કેવલી એ, સહસ મુનિ સંઘાત ॥ બ્રહ્મ મહોદય પદ વરયા, વીર નમે પરભાત ॥ ૩ ॥

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

સુવિધિ સેવા કરતા દેવા, તજી વિષય વાસના ॥ શિવ સુખ દાતા જ્ઞાતા ત્રાતા, હરે દુઃખ દાસના ॥ નય ગમ ભંગે રંગે ચંગે, વાણિ ભવ હારિકા ॥ અમર અતી તે મોહાતીતે, વિરંચ સુતારિકા ॥ ૧ ॥ ઇતિ ॥

---

## ।। અથ શ્રી શીતલનાથ ચૈત્યવંદન ।।

દશમા સ્વર્ગ થકી ચવ્યા, દશમા શીતલનાથ ॥ ભદ્દિલપુર ધનરાશિએ, માનવ ગણ શિવ સાથ ॥ ૧ ॥ વાનર યોનિ જીણંદને, પૂર્વાષાઢા જાત ॥ તિગ વરસાંતર કેવલી, પિયંગુ વિખ્યાત ॥ ૨ ॥ સંયમધર સહસે વરયા એ, નિરૂપમ પદ નિર્વાણ ॥ વીર કહે પ્રભુ ધ્યાનથી, ભવ ભવ કોડિ કલ્યાણ ॥ ૩ ॥ ઇતિ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

॥ પ્રહ ઉઠી વંદૂ ॥ એ દેશી ॥

શીતલ પ્રભુ દર્શન, શીતલ અંગ ઉવંગે ॥ કલ્યાણક પંચે, પ્રાણિ ગણ સુખ સંગે ॥ તો વચન સુણંતાં, શીતલ કિમ નહિ લોકા ॥ શુભ વીર તે બ્રહ્મા, શાસનદેવી અશોકા ॥ ૧ ॥ ઇતિ ॥

---

## ।। અથ શ્રી શ્રેયાંસનાથ ચૈત્યવંદન ।।

અચ્યુતથી પ્રભુ ઉતરયા, સિંહપુર શ્રેયાંસ ॥ યૌનિ વાનર દેવ ગણ, દેવ કરે પરશંસ ॥ ૧ ॥ શ્રવણે સ્વામી જનમીયા, મકરરાશિ દુગ વાસ ॥ છદ્મસ્થા તિદુક તલે, કેવલ મહિમા જાસ ॥ ૨ ॥ વાચંયમ સહસે સહી એ, ભવ સંતતિનો છેહ ॥ શ્રી શુભ વીરને સાંઇશું, અવિચલ ધર્મ સ્નેહ ॥ ૩ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

॥ શ્રી સીમંધર દેવ સુહંકર ॥ એ દેશી ॥

શ્રી શ્રેયાંસ સુહંકર પામી, ઇચ્છે અવર કુણ દેવાજી ॥ કનક તરૂ સેવે કુણ પ્રભુને, છંડી સુરતરૂ સેવાજી ॥ પૂર્વાપર અવિરોધિ સ્યાત્પદ, વાણી સુધારસ વેલી જી ॥ માનવી ભણુએસર સુપસાયે, વીર હૃદયમાં રેલી જી ॥ ૧ ॥ ઇતિ ॥

—(૦)—

## ।। અથ શ્રી વાસુપૂજ્ય જિન ચૈત્યવંદન ।।

પ્રાણુતથી પ્રભુ પાંગરયાં, ચુંપે ચંપા ગામ ॥ શિવ મારગ જાતાં થકાં, ચંપક તરૂ વિસરામ ॥ ૧ ॥ અશ્વ

યોનિ ગણુ રાક્ષસ, શતભિષા કુંભરાશિ ॥ પાડલ હેઠે કેવલી, મૌનપણે ઇંગ વાસિ ॥ ૨ ॥ ષટ શત સાથે શિવ થયા એ, વાસુપૂજ્ય જિનરાજ ॥ વીર કહે ધન્ય તે ઘડી, જવ નિરખ્યા મહારાજ ॥ ૩ ॥

---

## ।। અથ થોય પ્રારંભ ।।

॥ કનક તિલક ભાલે ॥ એ દેશી ॥

વિમલ ગુણ આગારં, વાસુપૂજ્ય સકારં, નિહત વિષ વિકારં, પ્રાપ્ત કૈવલ્ય સારં ॥ વચન રસ ઉદ્ગારં, મુક્તિ તત્ત્વં વિચારં ॥ વીર વિધન નિવારં, સ્તૌમિ ચંડા કુમારં ॥ ૧ ॥

---

## ।। અથ શ્રી વિમલનાથ ચૈત્યવંદન ।।

અષ્ટમ સ્વર્ગ થકી ચવી, કંપિલપુરમાં વાસ ॥ ઉત્તર ભાદ્રપદે જિન, માનવ ગણુ મીનરાશ ॥૧॥ યોનિ છાગ સુહંકરૂ, વિમલનાથ ભગવંત ॥ દોય વરસ તપ નિર્જલે, જંબૂતલે અરિહંત ॥૨॥ ષટ્ સહસ મુનિ સાથશું એ, વિમલ વિમલ પદ પાય ॥ શ્રી શુભવીરને સાંધશું, મલવાનું મન થાય ॥ ૩ ॥

## ।। અથ થોય પ્રારંભ ।।

॥ ચોપાઇની ચાલ ॥

વિમલનાથ વિમલ ગુણ વર્યા, જિનપદ ભોગી ભવ નિસ્તર્યા ॥ વાણી પાંત્રીશ ગુણ લક્ષણી, છમ્મુહ સુર પ્રવરા જક્ષણી ॥ ૧ ॥ ઇતિ ॥

---

## ।। અથ શ્રી અનંતનાથ ચૈત્યવંદન ।।

દેવલોક દશમા થકી, ગયા અયોધ્યા ઠામ ॥ હસ્તિ યોનિ અનંતને, દેવ ગણે અભિરામ ॥ ૧ ॥ રેવતીએ જન્મ્યા પ્રભુ, મીનરાશિ સુખકાર ॥ ત્રણ્ય વરસ છદ્મસ્થમાં, નહિ પ્રશ્નાદિ ઉચ્ચાર ॥ ૨ ॥ પીંપલ વૃક્ષે પામીયા એ, કેવલ લક્ષ્મી નિદાન ॥ સાત સહસશું શિવ વર્યા, વીર કહે બહુમાન ॥ ૩ ॥ ઇતિ ॥

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

॥ વસંતતિલકા વૃત્તમ્ ॥

જ્ઞાનાદિકા ગુણવરા નિવસંત્યનંતે, વજ્રી સુપર્વમહિતે જિનપાદપદ્મે ॥ ગ્રંથાર્ણ વે મતિવરાઃ પ્રણુતિ સ્મ ભક્ત્યા, પાતાલચાંકુશિ સુરી, શુભ વીર દક્ષાઃ ॥

## ।। અથ શ્રી ધર્મનાથ ચૈત્યવંદન ।।

વિજય વિમાન થકી ચવ્યા, રત્નપુરે અવતાર ॥ ધર્મનાથ ગણ દેવતા, કર્કરાશિ મનોહાર ॥ ૧ ॥ જન્મ્યા પુષ્ય નક્ષતરે, યોનિ છાગ વિચાર ॥ દોય વરસ છદ્મસ્થ માં વિચરયા ધર્મ દયાલ ॥ ૨ ॥ દધિપર્ણાધો કેવલી, વીર વરયા બહુ રીદ્ધ ॥ કર્મ ખપાવીને હુવા, અડસય સાથે સિદ્ધ ॥ ૩ ॥ ઇતિ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

॥ શંખેશ્વર પાસજી પૂજીએ ॥ એ દેશી ॥

સખિ ધર્મ જિણેસર પૂજીએ, જિન પૂજે મોહને ધ્રુજીએ ॥ પ્રભુ વયણ સુધારસ પીજીએ, કિન્નર કંદર્પા રીજીએ ॥ ૧ ॥ ઇતિ ॥

---

## ।। અથ શ્રી શાંતિજિન ચૈત્યવંદન ।।

સર્વારથસિદ્ધે થકી, ચવીયા શાંતિ જિનેશ ॥ હસ્તી નાગપુર અવતર્યા, યોનિ હસ્તિ વિશેષ ॥ ૧ ॥ માનવ ગણ ગુણવંતને, મેષરાશિ સુવિલાસ ॥ ભરણી એ જન્મ્યા પ્રભુ, છદ્મસ્થા ઇગ વાસ ॥ ૨ ॥ કેવલ નંદી તરૂ-

તલે એ, પામ્યા અંતર જાણ ॥ વીર કરમને ક્ષય કરી, નવ શતશું નિરવાણ ॥ ૩ ॥ ઈતિ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

શાંતિ જિનેસર સમરીયે ॥ એ દેશી ॥

શાંતિ સુહંકર સાહિબો, સંયમ અવધારે ॥ સુમતિને ઘરે પારણું, ભવપાર ઉતારે ॥ વિચરંતા અવની તલે, તપ ઉગ્રવિહારે ॥ જ્ઞાન ધ્યાન એક તાનથી, તિર્યંચને તારે ॥ ૧ ॥ પાસ વીર વાસુપૂજ્યને, નેમ મલ્લીકુમારી ॥ રાજ્ય વિહૂણા એ થયા, આપે વ્રતધારી ॥ શાંતિનાથ પ્રમુખા સવિ, લહી રાજ્ય નિવારી ॥ મલ્લી નેમ પરણ્યા નહીં, બીજા ઘરબારી ॥ ૨ ॥ કનક કમલ પગલાં ઠવે, જગ શાંતિ કરીજે ॥ રયણ સિંહાસન બેસીને, ભલી દેશના દીજે ॥ યોગાવંચક પ્રાણીયા, ફલ લેતા રીજે ॥ પુષ્કરાવર્તના મેઘમાં, મગસેલ ન ભીંજે ॥ ૩ ॥ ક્રોડવદન શુકરારૂઢો, શ્યામ રૂપે ચાર ॥ હાથ બીજોરું કમલ છે, દક્ષિણ કર સાર ॥ જક્ષ ગરૂડ વામ પાણીએ, નકુલાક્ષ વખાણે ॥ નિર્વાણીની વાત તો, કવિ વીર તે જાણે ॥ ૪ ॥ ઈતિ ॥

---

# ।। અથ સ્તવન પ્રારંભ ।।

॥ રાગ પૂર્વી ॥

ક્ષણ ક્ષણ સાંભરે શાંતિ સલૂણા, ધ્યાન ભૂવન જિન રાજ પરૂણા ॥ ક્ષ૦ ॥ શાંતિ જિનંદકો નામ અમીસે, ઉલ્લસિત હોત હમરોમ વપુના ॥ ક્ષ૦ ॥ ભવ ચોગાનમે ફિરતે પાએ, છોરત મેં નહિ ચરણ પ્રભુનાં ॥ ક્ષ૦ ॥૧॥ છીન્નરમેં રતિ કબહૂ ન પાવે, જે ઝીલે જલગંગ યમુનાં ॥ ક્ષ૦ ॥ તુમ સમ હમ શિર નાથ ન થાશે, કર્મ અબૂના હૂના ધૂના ॥ ક્ષ૦ ॥ ૨ ॥ મોહ લરાઈ મેં તેરી સહાઈ, તો ક્ષણુમેં છિન્ન છિન્ન કટુના । ક્ષ૦ ॥ નાહેં ઘટે પ્રભુ આના કૂના, અચિરા સુત પતિ મોક્ષવધૂના॥ ક્ષ૦ ॥ ૩ ॥ ઓરકી પાસમેં આશ ન કરતે, ચાર અનંત પસાય કરૂના ॥ક્ષ૦॥ કયું કર માગત પાસ ધત્તુરે, યુગલિક યાચક કલ્પતરૂના ॥ ક્ષ૦ ॥ ૪ ॥ ધ્યાન ખડ્ગ વર તેરે આસંગે, મોહ ડરે સારી ભીક ભરૂના ॥ક્ષ૦॥ ધ્યાન અરૂપી તો સાંઈ અરૂપી, ભક્તે ધ્યાવત તાના તૂના ॥ક્ષ૦॥૫॥ અનુભવ રંગ વધ્યો ઉપયોગે, ધ્યાન સુપાનમેં કાથા ચૂના ક્ષ૦ ॥ ચિદાનંદ જકઝોલ ઘટાસેં, શ્રી શુભ વીરવિજય પડિપુન્ના ॥ક્ષ૦॥ ॥ ૬ ॥ ઇતિ ॥

## ।। અથ શ્રી કુંથુનાથ ચૈત્યવંદન ।।

લવસત્તમ સુરભવ તજી, ગજપુર નયર નિવાસ ॥ રાક્ષસગણ કૃતિકા જની, કુંથુનાથ વૃષરાશિ ॥ ૧ ॥ સોલ વરસ છદ્મસ્થમાં, જિનવર યોનિ છાગ ॥ ઘાતિ-કર્મ ઘાતે કરી, તિલક તલે વીતરાગ ॥ ૨ ॥ શૈલેશી, કરણે કરી એ, એક સહસ પરિવાર ॥ શિવમંદિર સિધા-વતાં, વીર ધણું હુંશીયાર ॥ ૩ ॥ ઈતિ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

વશી કુંથુ વ્રતી તિલકો જગતિ, મહિમા મહતી નત ઇંદ્રતતી ॥ પ્રથિતાગમ જ્ઞાનગુણા વિમલા, શુભવીર મતા ગાંધર્વ બલા ॥ ૧ ॥ ઈતિ ॥

---

## ।। અથ અરનાથ ચૈત્યવંદન ।।

ઠાણ સવ્વટ્ઠ થકી ચવ્યા, નાગપુરે અરનાથ ॥ રેવતી જન્મ મહોત્સવા, કરતા નિર્જર નાથ ॥ ૧ ॥ જયકર યોનિ ગજવર, રાશિ મીન ગણદેવ ॥ ત્રણ્ય વરસમાં થિર થઇ, ટાલે મોહની ટેવ ॥ ૨ ॥ પામ્યા અંબ તરૂ તલે

એ, ખાયિકભાવે નાણ ॥ સહસ મુનિવર સાથશું, વીર કહે નીર્વાણ ॥ ૩ ॥ ઇતિ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

॥ ત્વમશુભાન્યભિનંદનનંદિતા ॥ એ દેશી ॥

અર વિભૂ રવિ ભૂતલ દ્યોતકં, સુમનસા મનસા ર્ચિત પત્કજે ॥ જિનગિરા ન ગિરા પરતારિણી, પ્રણુત યક્ષપતિ વીર ધારિણી ॥

---

## ।। અથ શ્રી મલ્લિનાથ ચૈત્યવંદન ।।

મલ્લી જયંત વિમાનથી, મિથિલા નયરી સાર ॥ અશ્વિની યોનિ જયંકરૂ, અશ્વનીયે અવતાર ॥ ૧ ॥ સુરગણ રાશિ મેષ છે, વંદિત સ્વર્ગા લોક ॥ છદ્મસ્થા અહો રાતિની, કેવલ વૃક્ષ અશોક ॥ ૨ ॥ સમવસરણે બેસી કરી એ, તીર્થ પ્રવર્તન હાર ॥ વીર અચલ સુખને વર્ષા, પંચસયા પરિવાર ॥

—:o:—

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

॥ નંદીશ્વર વર દ્વીપ સંભાલું, ॥ એ દેશી ॥

મલ્લિનાથ મુખચંદ નિહાલું, અરિહા પ્રણમી પાતક ટાલું ॥ જ્ઞાનાનંદ વિમલપુર સેર, ધરણ પ્રિયા શુભ વીર કુબેર ॥ ૨ ॥

---

## ।। અથ શ્રી મુનિસુવ્રત સ્વામિ ચૈત્યવંદન ।।

સુવ્રત અપરાજિતથી, રાજગૃહી રહેઠાણ ॥ વાનર યોનિ રાજતી, સુંદર ગણ ગિર્વાણ ॥ ૧ ॥ શ્રવણ ન ક્ષેત્રે જનમીયા, સુરવર જય જયકાર ॥ મકરરાશિ છદ્મસ્થમાં, મૌન માસ અગીયાર ॥ ૨ ॥ ચંપક હેઠે ચાંપીયાં એ, જે ઘનઘાતિચાર ॥ વીર વડો જગમાં પ્રભુ, શિવપદ એક હજાર ॥ ૩ ॥ ઈતિ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

॥ અહહ મુદિરે ॥ એ દેશી ॥

સુવ્રત સ્વામી આતમરામી, પૂજે ભવિ મન રૂલી ॥ જિનગુણ થુણીએ પાતક હણીએ, ભાવ સ્તવ સાંકલી ॥ વચને રહીએ જુઠ ન કહીએ, ટલે ફલ વંચકો ॥ વીર જિણુપાસી નરદત્તા, વરૂણ જિનાર્ચકો ॥ ૧ ॥

---

## અથ શ્રી નમિનાથ ચૈત્યવંદન ।।

દશમા પ્રાણત સ્વર્ગથી, આવ્યા શ્રી નમિનાથ ॥ મિથિલા નયરી રાજીયો, શિવપુર કેરો સાથ ॥ ૧ ॥ યોનિઅશ્વ અલંકરી, અશ્વનિ ઊદયો ભાણ ॥ મેષરાશિ સુર ગણ નમું, ધન્ય તે દિન સુવિહાણ ॥ ૨ ॥ નવ માસાંતરે કેવલીએ, બકુલ તલે નિરધાર ॥ વીર અનુપમ સુખ વરયા, મુનિ પરિતંત હજ્જર ॥ ૩ ॥ ઇતિ ॥

—***—

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

॥ શ્રાવણ શુદિ દિન પંચમી એ ॥ દેશી ॥

શ્રી નમિનાથ સોહામણા એ, તીર્થપતિ સુલતાન તો ॥ વિશ્વંભર અરિહા પ્રભુ એ, વીતરાગ ભગવાનતો ॥ રત્ન ત્રયી જસઉજલી એ, ભાંખે ષટ્‌દ્રવ્ય જ્ઞાન તો ॥ ભૃકુટી સુર ગંધારિકા એ, વીર હૃદય બહુમાન તો ॥૧॥ઇતિ॥

---

## ।। અથ શ્રી નેમિનાથ ચૈત્યવંદન ।।

નેમિનાથ બાવીસમા, અપરાજિતથી આય ॥ સૌરીપુરમાં અવતરયા, કન્યારાશિ સુહાય ॥ ૧ ॥ યોનિ વાઘ વિવેકીને, રાક્ષસ ગણ અદભુત ॥ રિખ ચિત્રા ચોપન

દિને, નૈાનવતા મનપૂત ॥ ૨ ॥ વેતસ હેઠે કેવલી એ, પંચસયાં છત્રીશ ॥ વાચંયમશું શિવ વરયા, વીર નમે નિશ દીશ ॥ ૩ ॥

---

## ।। અથ થેાય લિખ્યતે ।।

॥ કનક તિલકભાલે ॥ એ દેશી ॥

દુરિત ભય નિવારં, મેાહ વિધ્વંસકારં, ગુણવત ભવિકારં, પ્રાપ્તસિદ્ધિ મુદારં ॥ જિનવર જયકારં, કર્મ સંકલેશહારં, ભવજલનિધિતારં, નૌમિ નેમિકુમારમ્ ॥ ૧ ॥ અડજિનવર માતા, સિદ્ધિ સૌધે પ્રયાતા, અડ જિનવર માતા, સ્વર્ગ ત્રીજે વિખ્યાતા ॥ અડજિનવર માતા, પ્રાપ્ત માહેંદ્ર શાતા ॥ ભવ ભય જિનત્રાતા, સંતને સિદ્ધિ દાતા ॥ ૨ ॥ ૠષભ જનક જાવે, નાગ-સુર ભાવ પાવે, ઇશાન સગ કહાવે, શેષ કાંતા સભાવે ॥ પદ્મમાસન સુહાવે, નેમ આયંત પાવે, શેષ કાઉસ્સગ્ગ ભાવે, સિદ્ધિસૂત્રે પડાવે ॥ ૩ ॥ વાહન પુરૂષ જાણી, કૃષ્ણ વર્ણે પ્રમાણી, ગેામેધને ષટ પાણી, સિંહ બેડી વરાણી ॥ તનુ કનક સમાણી, અંબિકા ચાર પાણી, નેમ ભગતિ ભરાણિ, વીર વિજયે વખાણી ॥ ૪ ॥

---

## ।। અથ સ્તવન પ્રારંભ ।।

॥ મલ્લિનાથ વિના દુઃખ કોણ ગમે ॥ એ દેશી ॥

રહો રહો રે યાદવ દો ઘડીયાં ॥ ૨૦ ॥ દો ઘડીયાં દો ચાર ઘડીયાં ॥ ૨૦ ॥ શિવા માત મલ્હાર નગીને, ક્યું ચલીએ હમ વિછડીયાં ॥ ૨૦ ॥ યાદવ વંશ વિભૂષણ સ્વામી, તુમે આધાર છો અડવડીયાં ॥ ૨૦ ॥ ॥ ૧ ॥ તો બિન ઓરસે નેહ ન કીનો, ઓર કરનકી આંખડીયાં ॥ ૨૦ ॥ ઇતને બિચ હમ છોડ ન જઈએ, હોત બુરાઇ લાજડીયાં ॥ ૨૦ ॥ ૨ ॥ પ્રીતમ પ્યારે કેહ કર જનાં, જે હોત હમ શિર બાંકડિયાં ॥ ૨૦ ॥ હાથસેં હાથ મિલાદે સાંઇ, ફૂલ બિછાઉં સેજડીયાં ॥ ૨૦ ॥ ૩ ॥ પ્રેમકે પ્યાલે બહુત મસાલે, પીવત મધુરે સેલડીયાં ॥૨૦॥ સમુદ્ર વિજય કુલ તિલક નેમકું, રાજુલ ઝરતી આંખડીયાં ॥ ૨૦ ॥ ૪ ॥ રાજુલ છોર ચલે ગિરનારે, નેમ યુગલ કેવલ વરીયા ॥૨૦॥ રાજિમતિ પણ દીક્ષા લીની, ભાવના રંગ રસે ચડીયાં ॥ ૨૦ ॥ ૫ ॥ કેવલ લઇ કરી મુગતિ સિધારે, દંપતી મોહન વેલડીયાં ॥ ૨૦ ॥ શ્રી શુભ વીર અચલ ભઈ જોડી, મોહરાય શિર લાકડીયાં ॥ ૨૦ ॥ ૬ ॥ ઇતિ ॥

———

## ।। અથ શ્રી પાર્શ્વનાથ ચૈત્યવંદન ।।

નયરી વાણારસીયે થયા, પ્રાણતથી પરમેશ ॥ યોનિ વ્યાઘ્ર સુહં કરૂ, રાક્ષસ ગણ સુવિશેષ ॥ ૧ ॥ જન્મ વિશાખાયે થયો, પાર્શ્વ પ્રભુ મહારાય ॥ તુલા રાશિ છદ્મસ્થમાં, ચોરાશી દિન જાય ॥ ૨ ॥ ધવતરૂ પસે પામીયા એ, ખાયિક દુગ ઉપયોગ ॥ મુનિ તેત્રીશે શિવ વર્યા, વીર અખય સુખ ભોગ ॥ ૩ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

॥ સુવિધિ સેવા ॥ એ દેશી ॥

પાસ જિણંદા વામા નંદા, જબ ગરભે ફલી ॥ સુપના દેખે અર્થ વિશેષે, કહે મધવા મલી ॥ જિનવર જાયા સુર હુલરાયા, હુઆ રમણિ પ્રિયે ॥ નેમી રાજી ચિત્ત વિરાજી, વિલોકિતવ્રત લીયે ॥ ૧ ॥ વીર એકાકી ચાર હજારે, દીક્ષા ધુર જિનપતિ ॥ પાસને ભલિ ત્રય શત સાથે, બીજા સહસે વ્રતી ॥ ષટ શત સાથે સંયમ ધરતા, વાસુપૂજ્ય જગ ધણી ॥ અનુપમ લીલા જ્ઞાન રસીલા, દેજો મુજ નેધણ. ॥ ૨ ॥ જિનમુખ દિઠી વાણી મીઠી, સુરતરૂ વેલડી ॥ દ્રાક્ષ વિહાસે ગઈ

વનવાસે, પીલે રસ શેલડી ॥ સાકર સેંતી તરણાં લેતી, મુખે પશુ ચાવતી ॥ અમૃત મીઠું સ્વર્ગે દીઠું, સુરવધૂ ગાવતી ॥ ૩ ॥ ગજમુખ દક્ષો વામન યક્ષો, મસ્તકે ફણાવલી ॥ ચાર તે બાંહી કચ્છપ વાહી, કાયા જસ શામલી ॥ ચઉકર પ્રૌઢા નાગારૂઢા, દેવી પદ્માવતી ॥ સોવન કાંતિ પ્રભુ ગુણ ગાતી, વીર ઘરે આવતી ॥ ૪ ॥ ઈતિ ॥

---

## ।। અથ સ્તવન પ્રારંભ ।।

॥ જિણંદરાય હે ॥ એ દેશી ॥

આજ શંખેશ્વર જિન ભેટીએ, ભેટંતાં ભવદુઃખ નાસે ॥ સાહેબ મોરા રે ॥ જયો અશ્વસેન કુલ ચંદ્રમા, માતા વામા સુત પાસ ॥ સા૦ ॥ આ૦ ॥ ૧ ॥ ભક્તિવત્સલ જન ભયહરૂ, હસતાં હણીયા ષટ્ હાસ્ય ॥ સા૦ ॥ દાનાદિક પાંચને દૂહવ્યા, ફરી નાવે પાસની પાસ ॥ સા૦ ॥ આ૦ ॥૨॥ કરી કામને કારમી કમકમી, મિથ્યાત્વને ન દીઉં માન ॥ સા૦ ॥ અવિરતિને રતિ નહિ એક ઘડી, અગુણિ અલગું અજ્ઞાન ॥ સ૦ ॥ આ૦ ॥ ૩ ॥ નિંદક નિદ્રાને નાસવી, મૃત રાગને રોગ અપાર ॥ સા૦ ॥ એક

ધક્કે દ્વેષને ઠેલીયેા, એમ નાઠા દેાષ અઢાર ॥ સા૦ ॥ આ૦ ॥ ૪ ॥ વલી મત્સર મેાહ મમત ગયેા, અરિહા નિરિહા નિરદેાષ ॥ સ૦ ॥ ધરણેંદ્ર કમઠ સુર બિંહુ પરે, તુસ માત્ર નહી તેાસ રેાષ ॥ સ૦ ॥ આ૦ ॥ ૫ ॥ અચરિજ સુણને એક તેણે સમે, શત્રુને સમકિત દાય ॥ સ૦ ॥ ચંદન પારસ ગુણ અતિ ઘણા, અક્ષર થેાડે ન કહાય ॥ સા૦ ॥ આ૦ ॥ ૬ ॥ જાગરણ દશા ઉપર ચઢયા, ઉન્નગરણે વીતરાગ ॥ સા૦ ॥ આલંબન ધરતાં પ્રભુતણું, પ્રભુતા સેવક સૌભાગ્ય ॥ સા૦ ॥ આ૦ ॥ ૭ ॥ ઉપાદાન કારણ કારજ સધે, અસાધારણ કારણ નિત્ય ॥ ॥ સા૦ ॥ જો અપેક્ષા કારણ ભવિ લહે, ફલદા કારણ નિમિત્ત ॥ સા૦ ॥ આ૦ ॥ ૮ ॥ પ્રભુ ત્રાયક સાયકતા ધરી, દાયક નાયક ગંભીર ॥ સા૦ ॥ નિજ સેવક જાણી નિવાજીયે, તુમ ચરણે નમે શુભ વીર ॥ સા૦ ॥ આ૦ ॥ ૯ ॥

---

## ॥ અથ શ્રી વર્દ્ધમાન જિન ચૈત્યવંદન ॥

ઉર્દ્ધલેાક દશમા થકી, કુંડપુરે મંડાણ ॥ વૃષભ યેાનિ ચઉવીશમા, વર્દ્ધમાન જિન ભાણ ॥ ૧ ॥ ઉત્તરાફાલ્ગુની ઉપન્યા, માનવ ગણ સુખદાય ॥ કન્યારાશિ

છદ્મસ્થમાં, બાર વરસ વહી જાય ॥ ૨ ॥ શાલવિશાલ તરૂ તલે એ, કેવલનિધિ પ્રગટાય ॥ વીર બિરૂદ ધરવા ભણી, એકાકી શિવ જાય ॥ ૩ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

॥ ગૌતમ બોલે ગ્રંથ સંભાલી ॥ એ દેશી ॥

વીર જગત્પતિ જન્મજ થાવે, નંદન નિશ્ચિતશિખર રહાવે, આઠ કુમારી ગાવે ॥ અડ ગજદંતા હેડે વસાવે, રૂચક ગિરિથી છત્રીશ જાવે, દ્વીપક રૂચક ચઉ ભાવે ॥ છપ્પન દિગકુમરી હુલરાવે, સૂતી કરમ કરી નિજ ઘર પાવે, શક્ર સુઘોષા વજ્જવે ॥ સિંહનાદ કરી જ્યોતિષી આવે, ભવન વ્યંતર શંખપડહે મિલાવે, સુરગિરિજન્મ મહ્હાવે ॥ ૧ ॥ રૂષભ તેર શશિ સાત કહીજે, શાંતિનાથ ભવ બાર સુણીજે, મુનિસુવ્રત નવ કીજે ॥ નવ નેમીશ્વર નમન કરીજે, પાસ પ્રભુના દશ સમરીજે, વીર સત્તાવીશ લીજે ॥ અજિતાદિક જિન શેષ રહીજે, ત્રણ્યત્રણ્ય ભવ સધલેડવીજે, ભવ સમકિતથી ગણીજે ॥ જિન નામ બંધ નિકાચિત કીજે, ત્રીજે ભવ તપ ખંતી ધરીજે, જિનપદ ઉદયે સીજે ॥ ૨ ॥ આચારાંગ આદે અંગ અગ્યાર,

ઉવવાઈ આદે ઉપાંગ તે બાર, દશ પયન્ના સાર ॥ છ છેદસૂત્ર વિચિત્ર પ્રકાર, ઉપગારી, મુલસૂત્ર તે ચાર, નંદી અનુયોગદ્વાર ॥ એ પીસ્તાલીશ આગમ સાર, સુણતાં લહીયે તત્ત્વ ઉદાર, વસ્તુ સ્વભાવ વિચાર ॥ વિષય ભુજંગિની વિષ અપહાર, એ સમો મંત્ર ન કો સંસાર, વીરશાસન જયકાર ॥ ૩ ॥ નકુલ બીજોરૂ દોય કર ઝાલી, માતંગ સુર શામ કાંતી તેજાલી, વાહન ગજ શૂંઢાલી ॥ સિંહ ઉપર બેઠી રઢીયાલી, સિદ્ધાયિકા દેવી લટકાલી, હરિતાભા ચાર ભુજાલી ॥ પુસ્તક અભયા જિમણે ઝાલી, માતુલિંગને વીણા રસાલી, વામ ભુજા નહીં ખાલી ॥ શુભ ગુરૂ ગુણ પ્રભુ ધ્યાન ઘટાલી, અનુભવ નેહશું દેતી તાલી, વીર વચન ટંકશાલી ॥ ૪ ॥ ઇતિ ॥

---

## ।। અથ સ્તવન લિખ્યતે ।।

( રાગ બંગાલ. )

ત્રિશલાનંદન ચંદન શીત, દર્શન અનુભવ કરીયે નિત્ય ॥ સ્વામી સેવીએ ॥ તુમ દરશનથી અલગા જેહ, વલગ્યા કર્મ પિશાચને છેહ ॥ સ્વામી સેવીયે ॥ ૧ ॥ હું પણ ભમીયો આ સંસાર, દર્શન દીઠા વિણ નિરધાર ॥

સ્વા૦ ॥ અબ તુમ દર્શન દીહું રત્ન, નિજ ઘરમાં રહી કરશું યત્ન ॥ સ્વા૦ ॥ ૨ ॥ દર્શનથી જો દર્શન થાય, તે આણંદ તો જગત ન માય ॥ સ્વા૦ ॥ ભવ ભ્રમણાદિક દૂરે જાય, ભવ થિતિ ચિત ન અલ્પ ઠરાય ॥ સ્વા૦ ॥૩॥ તસ લક્ષણ પ્રગટે ઘટમાંહિ, વૈશાલિક પ્રભુ તુઠો ઉચ્છાહીં ॥ સ્વા૦ ॥ અમૃત લેશ લહે એકવાર, રોગ નહીં ફરી અંગ મોઝાર, ॥ સ્વા૦ ॥ ૪ ॥ દર્શન ફરશન હોવે તાસ, સંવેદન દર્શનનો નારા ॥ સ્વા૦ ॥ પણ જો જાય પલાદું પાસ, તો મહ મહકે વાસ બરાસ ॥ સ્વા૦ ॥૫। દેવકુદેવની સેવા કરંત, ન લહ્યું દર્શન શ્રી ભગવંત ॥ સ્વા૦ ॥ એક ચિત્ત નહીં એકની આશ, પગ પગ તે દુનિયાના દાસ ॥ સ્વા૦ ॥ ૬ ॥ વેશ ખાટ પરે ક્ષીણ કેઈ ઘાટ, તસ સુખ દર્શન દૂરે દાટ ॥ સ્વા૦ ॥ લોક કહે ધિગ ચિત્ત ઉચ્ચાટ, ઘર ઘર ભટકે તે બારે વાટ ॥ સ્વા૦ ॥ ૭ ॥ તિણવિધ ભટકયો કાલ અનંત, મલિયા કલિયા નહિ અરિહંત ॥ સ્વા૦ ॥ તે દિન દર્શન તો પતિપક્ષ, હવે દર્શન ફલશે પ્રત્યક્ષ ॥ સ્વા૦ ૮ ॥ પ્રીતિ ભક્તિયે ચોલનો રંગ, ગુણ દર્શને ગયો રંગ પતંગ ॥ સ્વા૦ ॥ અણમલવે હુવે મન ઉત્કંઠ, મલવે દુઃખ કરે વિરહે ઉલ્લંઠ ॥ સ્વા૦ ॥ ૯ ॥ અનુભવ દર્શને બિહું દુઃખ નાસ, રાતિ દિવસ રહો

હઇડા પાસ૦ ॥ સ્વા૦ ॥ ક્ષય ઉપશમ ગુણ ખાયક દાય, ગર્ભવતિ પ્રિયા પુત્ર જણાય ॥ સ્વા૦ ॥ ૧૦ ॥ રંગ મહોલમાં ઉત્સવ થાય, મોહ કુટુંબ તે રોતું જાય ॥ સ્વા૦ ॥ શ્રી શુભ વિજય સુણો જગદીશ, વીર કહે પછે દેજો આશીષ ॥ સ્વા૦ ॥ ૧૧ ॥ ઇ૦

---

## ॥ અથ શાશ્વતા અશાશ્વતા જિન આરાધનાર્થં ચૈત્યવંદન પ્રારભ્યતે ॥

॥ શ્લોક. ॥

ચતુર્વિંશતીહાર્હતા વંદિતાશ્ચાધુના સંસ્તવિષ્યે ત્રિલોકે વિલોકાઃ ॥ ચતુર્ધાભિધાઃ સદ્ગુણાલંકૃતેભ્યો, નમામિ મુદા શાશ્વતાઽશાશ્વતેભ્યઃ ॥ ૧ ॥ સુધર્માદિકે તાવિષે ચૈત્યમાલા, તથાચાંતિમેનુત્તરેઽર્હદ્ધિશાલા ॥ વસુ વેદનંદર્ષિ ખંદ્વિત્રિકેભ્યો ॥ નમામિ૦ ॥ ૨ ॥ ગભસ્ત્યાલયે શીતરશ્મીનિવાસે, ગ્રહે તારકે ચોડુની ચૈત્યગેહાઃ ॥ અસંખ્યા જિનેંદ્રા વિતેંદ્રા કૃતેભ્યો ॥ ન૦ ॥ ॥ ૩ ॥ વસુદ્ધિકૃતે વ્યંતરેઽસંખ્ય ચૈત્યે, સુરાદ્યા દશાનાં જિનૌકાઃ સ્મૃતાશ્ચ ॥ ગ્રહાંકા મિતાઃ પારગાઃ સંતિતેભ્યો ॥ ન૦ ॥

॥૪॥ સુરાદ્રૌ નગે નૈષધે નીલવંતે, ગિરૌ કુંડલે રોચકે નાગદંતે ॥ હિમાદ્રૌ ચ વૈતાઢયગ્રામ્યાર્ચિતેભ્યો ॥ ન૦ ॥ ॥ ૫ ॥ તરૌ શાલ્મલી જંબુ નંદીશ્વરેષુ, વખારે વિચિત્રે ત્રિકૂટે ચકૂટે ॥ મુકુટે ક્ષિતૌચ્ચકવાલાંતરેભ્યો ॥ ન૦ ॥ ૬॥ સ્થિતે ચિત્રકુટેબુંદે સિદ્ધક્ષેત્રે, સમેતો જયંતા ચલાડષ્ટા પદેષુ ॥ કુલાદ્રૌ ચ વિંધ્યાચલે રૌહણેભ્યો ॥ન૦॥૭॥ વિરાટે અધાટે કુરૌ મેદપાટે, શ્રિમાલે ચ ભોટે સ્થિતા ચક્રકોટે ॥ દ્રહે દેવકૂટે દ્રવિડેડર્હતેભ્યો ॥ ન૦ ॥ ૮ ॥ તિલંગે કલિંગે પ્રયાગે ચ બોધે, સુરાષ્ટ્રાગવંગાર્દ્ધ ગંગાપગાસુ ॥ જનૈઃ કન્ય કુબ્જે તમાલેર્ચિતેભ્યો ॥ ન૦ ॥ ૯॥ જલે કૌશલે નાહલે જંગલે વા, સ્થલે પક્ષિદેશે વને સિંહલે વા ॥ નગર્યુજ્જયિન્યાદિકા સ્વંતરેભ્યો ॥ ન૦ ॥ ॥ ૧૦ ॥ અનેનૈવ સંખ્યત્વ વંધ્યં ત્રિસંધ્યં, જિનઃ સંસ્તુવંતિ ચતુર્માસિ વક્ત્રે ॥ ભવેત્તીર્થયાત્રા ગૃહે તિષ્ઠતેભ્યો ॥ ન૦ ॥ ૧૧ ॥ ઇતિ સાશ્વત મુખ્ય વિભોઃ સ્તવનં, રચિત્તં લચિતં સુગુણૈઃ પ્રવરં ॥ પરિરંજિત દક્ષ સભા નિકરં, કુરૂતાં શુભ વીર સુખં સખરં ॥ ૧૨ ॥ ઇતિ ॥ પછી જંકિંચિ કહી નમુત્થુણં કહી, અરિહંત ચૈઇયાણં કહી એક નવકારનો કાઉસ્સગ કરી થોય કહેવી ॥

# ।। અથ થોય જોડો પ્રારભ્યતે ।।

॥ નંદીસર વર ॥ એ દેશી ॥

નમોઽર્હત્ ॥ ૠષભાનન ચંદ્રાનન જાણો, વારિષેણ શાશ્વત વર્દ્ધમાનો ॥ પૂરવ પશ્ચિમ ઉત્તર ઠાણો, દક્ષિણ પડિમા ભાગ પ્રમાણો ॥ ૧ ॥ લોગસ્સ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો, ઉર્ધ્વલોકે જિનબિંબ ઘણેરાં, ભવનપતિમાં ઘર ઘર દેહેરાં॥ વ્યંતર જ્યોતિષી ત્રીચ્છેં અનેરાં, ચારે શાશ્વત નામ ભલેરાં ॥ ૨ ॥ પુષ્ખર૦ ॥ નો૦ ભરતાદિક જે ક્ષેત્ર સુહાવે, કાલત્રિકે જે અરિહા અનેરાં, ચારે શાશ્વત નામ ભલેરાં ॥ ૨ ॥ પુષ્ખર૦ ॥ નો૦ ભરતાદિક જે ક્ષેત્ર સુહાવે, કાલત્રિકે જે અરિહા આવે ॥ ચાર નામ એ નિશ્ચય થાવે, અંગ ઉવંગે વાત જણાવે ॥ ૩ ॥ સિદ્ધાણું૦ ॥ કાઉ૦ ॥ નો૦ ॥ ૧ ॥ નમોઽર્હત્૦ ॥ પંચ કલ્યાણુકે હર્ષ અધુરે, નંદીશ્વર દ્વીપે જઈ પુરે॥ હર્ષ મહોત્સવ કરત અઠાઈ, દેવ દેવી શુભવીરે વધાઈ ॥૪॥ પછી બેસી નમુત્થુણં કહી જાવંતિ૦ કહેવી નમોઽર્હત્૦ ॥ કહેવું ॥

# ।। અથ સ્તવન પ્રારભ્યતે ।।

॥ રાગ ફાગ ॥ થાવા ગજ્જય ॥ એ દેશી ॥

સાસય પડિમા સુંદર, જિનધર કહેશું તેહ ॥
ચારણ મુનિવર વંદી, ભગવઇ માંહે જેહ ॥ ઉર્ધ્વ-
લોકે ચુલસી લખ, સહસ સત્તાણું ત્રેવીશ ॥ સાતકોડિ
લખ બિહુત્તેર. ભુવણે ચૈત્ય ગણીશ ॥ ૧ ॥ જોઇ વણેસુ
અસંખા, કુંડલ રૂચકે ચાર ॥ નંદીસર વર બાવન, એ
સાઠે ચઉ બાર ॥ તિ દુવારાં શેષ જિનધર, દ્વાર દ્વાર
તિહાં દીઠ ॥ મુખમંડપ રંગમંડપ, સખરી મણિમય પીઠ
॥ ૨ ॥ તસ ઉપર વર થુભે, ચિંહું દિશિ પડિમા ચાર ॥
તદનંતર મણિપીઠ, યુગલ વરતે સુખકાર ॥ વૃક્ષ અશોક
ધરમધ્વજ, વાવ પુષ્ખરિણી જ્યાંહી ॥ ભવન ભવન
પ્રતિ પડિમા, અષ્ટોતર શત માંહી ॥ ૩ ॥ પંચસયા
ધનુ મોટી, પડિમા લઘુ સાત હાથ ॥ મણિપીઠે દેવછંદે,
સિંહાસન બેઠા નાથ ॥ છત્ર ધરે એક ચામર, ધારી પ-
ડિમાદોય ॥ નાગ ભૂઆ વલી જખ્ખા, કુંડ ધરા દોય
દોય ॥ ૪ ॥ જોઇસિ વ્યંતર કલ્પ, નિવાસી ભવણ નિ-
કાય ॥ ઉપપાતી અભિષેકા, લંકારા વ્યવસાય ॥ સભા
સુધર્મા પંચમી, મંડપ પટકે જુત્ત ॥ પ્રત્યેકતિ દુવારાં.

જિનધર જિન અદ્દભૂત ॥ ૫ ॥ જ્યેઇસાદિક માંહિ, થુભ પ્રત્યેકે બાર ॥ પ્રત્યેકે પ્રતિમા નતિ, કરીયે નિત્ય સવાર ॥ થુભ સભાશું ગણુતાં, સાસય પડિમા સાઠ ॥ ચેઇઅ બિંબ મિલંતાં, ભવણે અસિ સો પાઠ ॥ ૬ ॥ શત પંચાસ બહુંત્તર, યોજન કહીયે જેહ ॥ લાંબા પહોલાં ઉંચાં, અનુક્રમે ભવિએ તેહ ॥ સ્વર્ગ નંદીશ્વર કુંડલ, રૂચકે ભવન પ્રમાણ ॥ તીસ કુલ ગિરિ દશ કુરૂ, મેરૂવને અસિઆણ ॥ ૭ ॥ અયસી વખારે જિનધર, ગજદંતાયે વીશ ॥ મણુઅ નગે ઇખુકારે, ચાર ચાર સુજગીશ ॥ પૂર્વ વિહિત પરિમાણથી, અર્દ્ધ પ્રમાણે જાણ ॥ તેહથી અર્દ્ધ પ્રમાણે, નાગાદ્રિ પરિમાણ ॥૮॥ તેથી વ્યંતર અરધા, ચાલીશ દિગ્ગજ સાર ॥ અયસી દ્રહે કંચનગિરિ, દહેરાં એક હજાર ॥ સિત્તેર મહાનઈ દીર્ઘ, વૈતાઢયે એકસો સિત્તેર ॥ ત્રણશે અયસી કુંડે, જિન વચને નહિ ફેર ॥ ૯ ॥ વીશ જમગ પંચ ચૂલા, જિનધર પડિમા ઘેર ॥ જંબુ પમુહ દશ તરૂએ, અગીઆરસે સિતેર ॥ વૃત વૈતાઢયે વીશ કોશ, દીહ અર્દ્ધ વિસ્તાર ॥ ધણુસય ચઉદશ ચાલીશ, ઊંચપણે અવધાર ॥ ૧૦ ॥ નંદીશ્વર વિદિશે સક્કી, શાણ પ્રિઆ આઠ આઠ ॥ તસ નયરે ત્રીછેં સવિ, દુત્રીસ સય ગુણ સાઠ ॥ ત્રિભુવન માંહે દેહેરાં,

સગવન લખ અડ કોડિ ॥ દોયસે બ્યાસી હવે સુણો, બિંબ નમું કર જોડી ॥ ૧૧ ॥ તેરશે નવ્યાશી કોડી, સાઠ લાખ અસુરાઈ જાણ ॥ તિગ લખ સહસ એકાણું, ત્રણશે વીશ તીચ્છેં પ્રમાણ ॥ એકસો બાવન કોડિ, ચોરાણું લાખ સમેત ॥ સહસ ચુંઆલીસ સગ સય, સાઠ વિમાનિક ચૈત્ય ॥ ૧૨ ॥ પન્નરસે દુચત કોડિ, અડવન્ન લાખ સુહાય ॥ છત્રીશ સહસને અયસી, ત્રિભુવન બિંબ કહાય ॥ ચઉમાસીદિન ચિંતિએ, ચતુર ભિધ નિજ-ચિત્ત ॥ જો હોત વિદ્યા લબ્ધિ તો, વીરવિજય નમે નિત્ત ॥ ૧૩ ॥ ઈતિ ॥

પછી બેઠા થકા જયવીયરાય પૂરા કહિયે, ખમાસ-મણ દેઈ ઈચ્છાકારેણ કહી શાશ્વતા અશાશ્વતા જિન આરાધનાર્થ કાઉસ્સગ્ગ કરૂં ? ઈચ્છં ! કરેમિ કાઉસ્સગ્ગં અનત્થ ઉસસિએણં કહી કાઉસ્સગ્ગ પુર્ણ ચાર લોગ-સ્સનો કરી મહોટી શાંતિ સાંભળીને પારીને એક લોગસ્સ પ્રકટ કહી, પછી તેર વાર નવકાર ગણીએ, શ્રી સિદ્ધા-ચલ સિદ્ધક્ષેત્ર, અષ્ટાપદ આદીશ્વર, પુંડરીક ગણધર ભગવાનને, નમો જિણાણં એ પાઠ તેર વખત કહીયે.

પછી બેસીને જુદાં જુદાં પાંચ તીર્થનાં પાંચ સ્તવન કહીયે તે લખીયે છીયે.

# ।। અથ સિદ્ધાચલ સ્તવન ।।

॥ શીતલ જિન સહજાનંદી ॥ એ દેશી ॥

વિમલાચલ વિમલા પાણી, શીતલ તરૂ છાયા ઠરાણી ॥ રસ વેધક કંચન ખાણી, કહે ઇંદ્ર સુણો ઇંદ્રાણી ॥ ૧ ॥ સનેહી સંત એ ગિરિ સેવો, ચઉદ ક્ષેત્રમાં તીર્થ ન એવો ॥ સ૦ ॥ ષટ 'રી' પાલી ઉલ્લસીએ, છઠ્ઠ અઠ્ઠમે કાયા કસીએ ॥ મોહ મલ્લની સામા ધસીએ, વિમલાચલ વેગે વસીએ ॥ સ૦ ॥ ૨ ॥ અન્ય સ્થાનક કર્મ જે કરીએ, તે હિમગિરિ હેઠે હરીએ, પાછળ પ્રદક્ષિણા ફરીએ, ભવજલધિ હેલાં તરીએ ॥ સ૦ ॥ ૩ ॥ શિવમંદિર ચઢવા કાજે, સોપાનની પંક્તિ બિરાજે ॥ ચઢતાં સમકિતી છાજે, દૂર ભવિયાં અભવ્ય તે લાજે ॥ સ૦ ॥ ॥૪॥ પાંડવ પમુહા કેઈ સંતા, આદીશ્વર ધ્યાન ધરંતા, પરમાતમ ભાવ ભજંતા, સિદ્ધાચલ સિદ્ધ અનંતા ॥ સ૦ ॥ ૫ ॥ ષટમાસી ધ્યાન ધરાવે, શુક રાજાનું રાજ્યનિપાવે ॥ બહિરંતર શત્રુ હરાવે, શત્રુંજય નામ ધરાવે ॥ સ૦ ॥ ૬ ॥ પ્રણિધાને ભજે ગિરિ જાચો, તીર્થંકર નામ નિકાચો ॥ મોહરાયને લાગે તમાચો, શુભ વીર વિમલગિરિ સાચો ॥ સ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

# ॥ અથ શ્રી ગિરનારજીનું તીર્થ સ્તવન ॥

॥ જાત્રા નવાણું કરીએ વિમલગિરિ ॥ એ દેશી ॥

સહસાવન જઈ વસિએ, ચાલોને સખી સહસાવન જઈ વસીએ ॥ ઘરનો ધંધો કબુઅ ન પૂરો, જો કરીએ અહો નિસિએ ॥ પીયરમાં સુખ ઘડીયે ન દીઠું, ભય કારણ ચઉ દિશિયે ॥ ચા૦ ॥ ૧ ॥ નાક વિહૂણા સયલ કુટુંબી, લજ્જા કિમપિ ન પરિએ ॥ ચા૦ ॥ ભેલાં જમીએ ને નજર ન હીસે, રહેવું ઘોર તમસીએ ॥ચા૦ ॥૨॥ પીયર પાછલ છલ કરી મહેલ્યું, સાસરીએ સુખ વસીએ ॥ ચા૦ ॥ સાસુડી તે ઘર ઘર ભટકે, લોકને ચટકે ડસીએ ॥ ચા૦ ॥ ૩ ॥ કહેતાં સાસુ આવે હાંસુ, ભુંશીએ મુખ લેઈ મશીએ ॥ચા૦॥ કંત અમારો બાલો ભોલો, જાણે ન અસિ મસિ કસીએ ॥ ચા૦ ॥ ૪ ॥ જૂઠા બોલી કલહણ શીલા, ઘર ઘર શુની જ્યું ભસીએ ॥ ચા૦ ॥ એ દુઃખ દેખી હઈડું મૂઝે, દુર્જનથી દૂર ખસીએ ॥ ચા૦ ॥ ૫ ॥ રૈવતગિરિનું ધ્યાન ન ધરીયું, કાલ ગયો હસમશીએ ॥ ચા૦ ॥ શ્રી ગિરનારે ત્રણ્ય કલ્યાણક, નેમિ નમન ઉલ્લસીએ ॥ ચા૦ ॥ ૬ ॥ શિવ વરશે ચોવીશ જિનેશ્વર, અનાગત ચઉવીશીએ ॥ચા૦॥

કૈલાસ ઉજ્જયંત રૈવત કહીએ, શરણ ગિરિને ફરસીએ ॥ ચા૦ ॥ ૭ ॥ ગિરનાર નંદભદ્ર એ નામે, આરે આરે છઠ્ઠવિશિએ ॥ ચા૦ ॥ દેખી મહી તલ મહિમા મહોટો, પ્રભુ ગુણ જ્ઞાન વરસિયે ॥ચા૦॥૮॥ અનુભવ રંગ વધે તેમ પૂજે; કેશર ઘસી ઓરશીએ ॥ચા૦॥ ભાવસ્તવ સુત કેવલ પ્રગટે, શ્રી શુભવીર વિલસીએ ॥ ચા૦ ॥ ૯ ॥

---

## ।। અથ શ્રી આબુગિરી સ્તવન ।।

॥ ચિત્ત ચેતો રે ॥ એ દેશી ॥

આદિ જિણેસર પૂજતાં દુઃખ મેટો રે ॥ આબૂ ગઢ દૃઢ ચિત્ત ॥ ભવિક જઈ ભેટો રે ॥ દેલવાડે દેહરાં નમી ॥દુઃખ॥ ચાર પરિમિત નિત્ય ॥ ભ૦ ॥ ૧ ॥ વીશ-ગજ બલ પદમાવતી ॥ દુઃ૦ ॥ ચક્કેસરી દ્રવ્ય આણ ॥ ॥ ભ૦ ॥ શંખદીયે અંબીસુરી ॥ દુઃ૦ ॥ પંચ કોશ વહે બાણ ॥ ભ૦ ॥ ૨ ॥ બાર પાદશાહ જીતીને ॥ દુઃ૦ ॥ વિમલ મંત્રી આલ્હાદ ॥ ભ૦ ॥ દ્રવ્ય ભરી ધરતી કીયો ॥ દુઃ ॥ ઋષભદેવ પ્રાસાદ ॥ ભ૦ ॥ ૩ ॥ બિહુત્તેર અ-ધિકાં આઠશે ॥ દુઃ૦ ॥ બિંબ પ્રમાણ કહાય ॥ ભ૦ ॥ પન્નરશે કારીગરે ॥ દુઃ૦ ॥ વરસ ત્રિકે તે થાય ॥ ભ૦ ॥

॥ ૪ ॥ દ્રવ્ય અનુપમ ખરચિયો ॥ દુઃ૦ ॥ લાખ ત્રેપન બારકોડી ॥ ભ૦ ॥ સંવત દશ અઠાશીએ ॥ દુઃ૦ ॥ પ્રતિષ્ઠા કરી મનહોડી ॥ ભ૦ ॥ ૫ ॥ દેરાણી જેઠાણીના ગોખડા ॥ દુઃ૦ ॥ લાખ અઢાર પ્રમાણ ॥ ભ૦ ॥ વસ્તુપાલ તેજપાલની ॥ દુઃ ॥ એ દોય કાંતા જાણ ॥ ભ૦ ॥ ૬ ॥ મૂલ નાયક નેમીસરૂ ॥ દુઃ૦ ॥ ચારશે અડશઠ બિંબ ॥ ભ૦ ॥ ઋષભ ધાતુમય દેહરે ॥ દુઃ૦ ॥ એકસો પિસ્તાલીશ બિંબ ॥ ભ૦ ॥ ૭॥ ચઉમુખ ચૈત્ય જુહારી એ ॥દુઃ॥ કાઉસ્સગ્ગીયા ગુણવંત ॥ ભ૦ ॥ બાણુ મિત્ત તેહમાં કહું ॥ દુઃ૦ ॥ અગન્યાસી અરિહંત ॥ભ૦॥૮॥ અચલગઢે પ્રભુજી ઘણા ॥ દુ૦ ॥ જાત્રા કરે હુંશીયાર ॥ ભ૦ ॥ કોડિ તપે ફલ જે લહે ॥દુઃ૦॥ તે પ્રભુ ભક્તિ વિચાર ॥ ભ૦ ॥ ૯ ॥ સાલંબન નિરાલંબને ॥ દુ૦ ॥ પ્રભુ ધ્યાને ભવપાર ॥ ભ૦ ॥ મંગલ લીલા પામીયે ॥ ॥ દુઃ૦ ॥ વીરવિજય જયકાર ॥ ભ૦ ॥ ૧૦ ॥ ઇતિ ॥

---

## ।। અથ અષ્ટાપદ સ્તવન ।।

॥ કુંવર ગંભારો નજરે દેખતાંજી ॥ એ દેશી ॥
ચઉ અઠ દશ દોય વંદીએ જી, વર્તમાન જગીશરે॥

અષ્ટાપદ ગિરિ ઉપરે જી, નમતાં વાધે જગીશ રે ॥ ચ૦ ॥ ૧ ॥ ભરત ભરતપતિ જિન મુખે જી, ઉચ્ચરીયાં વ્રત બાર રે ॥ દર્શન શુદ્ધિને કારણે જી, ચોવીસ પ્રભુનોવિહાર રે ॥ ચ૦ ॥ ૨ ॥ ઉંચપણે કોશ તિગ કહ્યા જી, યોજન એક વિસ્તાર રે ॥ નિજ નિજ માન પ્રમાણ ભરાવીયાજી, બિંબ સ્વપર ઉપગાર રે ॥ ચ૦ ॥ ૩ ॥ અજિતાદિક ચઉદાહિણે જી, પચ્છીમે પઉમાઈ આઠરે ॥ અનંત આદે દશ ઉત્તરે જી, પૂરવે ઋષભ વીર પાઠ રે ॥ ચ૦ ॥ ૪ ॥ ઋષભ અજિત પૂરવે રહ્યા જી, એ પણ આગમ પાઠ રે ॥ આતમ શકતે કર જાતરા જી, તે ભવ મુક્તિ વરે હણી આઠ રે ॥ ચ૦ ॥ ૫ ॥ દેખો અચંભોશ્રી સિદ્ધાચલ જી, હુઆ અસંખ્ય ઉદ્ધાર રે ॥ આજ દિને પણ ઇણ ગિરે જી, ઝગમગ ચૈત્ય ઉદાર રે ॥ ચ૦ ॥ ૬ ॥ રહેશે ઉત્સર્પિણી લગે જી, દેવ મહિમા ગુણ દાખ રે ॥ ॥ સિહનિષધાદિક થિરપણે જી, વસુદેવહિંડની સાખ રે ॥ ચ૦ ॥ ૭ ॥ કેવલી જિન મુખે મેં સુણ્યો જી, ઇણ વિધે પાઠ પઢાય રે ॥ શ્રીશુભ વીર વચન રસે જી,ગાયો ઋષભ શિવ ઠાય રે ॥ ચ૦ ॥ ૮ ॥ ઇતિ ॥

# ।। અથ શ્રી સમેતશિખર સ્તવન ।।

॥ ભમરા ભૂધર શેં નાવ્યો ॥ એ દેશી ॥

નામ સુણત શીતલ શ્રવણા, જસ દર્શન શીતલ નયનાં ॥ સ્તવન કરત શીતલ વયણાં રે ॥ ૧ સમેતશિખર ભેટણ અલજો, મુજ મન બહુ ભવિ સાંભલજો રે ॥ ॥ અનુભવ મિત્ર સહિત મલજો રે ॥ સ૦ ॥ ૨ ॥ જંબૂ દ્વીપ દાહિણ ભરતે, પૂરવ દેશે અનુસરતે, સમેત શિખર તીરથ વરતે રે ॥ સ૦ ॥ ૩ ॥ જસ દર્શન ઘન કર્મ દહે, દિનકર તાપ ગગન વહે, શશી વસી પદ્મ વિનાશ લહે રે ॥ સ૦ ॥ ૪ ॥ અજિતાદિક દશ શિવ વરીયા, વિમલાદિક નવ ભવ તરિયા, પાર્શ્વનાથ એમ વીશ મળીયા રે ॥ સ૦ ॥ ૫ ॥ મુક્તિ વખાં પ્રભુ ઈણ ઠામે, વીશે ટુંકે અભિરામે, વીશ જિનેશ્વરને નામે રે ॥ સ૦ ॥ ૬ ॥ ઉત્તર દિશ ઐરવત માંહિ, શ્રી સુપ્રતિષ્ટ ગિરિ જ્યાંહિ, સુચંદ્રાદિક, વીશ ત્યાંહિ રે ॥ સ૦ ૭ ॥ ઈમ દશ ક્ષેત્રે વીશ લહ્યા, એક એક ગિરિવર સિદ્ધ થયા, તીચ્છોગાલી પયન્ને કહ્યા રે ॥ સ૦ ॥ ૮ ॥ રત્નત્રયી જેહથી લહીએ, ભવજલ પાર તે નિરવહિએ, સજ્જન તીરથ તસ

કહીયે રે ॥ સ૦ ॥ ૯ ॥ કલ્યાણક એક જિહાં થાય, તે પણ તીરથ કહેવાય, વીશ જિનેશ્વર શિવ જાય રે ॥ સ૦ ॥ ૧૦ ॥ તેણે એ ગિરિવર અભિરામ, મુનિવર કોડિ શિવ ઠામ; શિવ વહૂ ખેલણ આરામ રે ॥ સ૦ ॥ ॥૧૧॥ મુનિવર સૂત્ર અરથ ધારી, વિચરે ગગનલબ્ધિ પ્યારી, દેખી તીરથ પયચારી રે ॥ સ૦ ॥ ૧૨ ॥ સમેતશિખર સુપ્રતિષ્ટ તણી, ઠવણા પૂજન દુઃખ હરણી, ઘેર બેઠાં શિવ નીસરણી રે ॥ ચ૦ ॥ ૧૩ ॥ દર્શને જસ દર્શન વરીએ; લહી શુભ સુખ દુઃખડાં હરીએ, વીરવિજય શિવમંદિરીયે રે ॥ સ૦ ॥ ૧૪ ॥

ઈતિ શ્રીમત્સંવિગ્ન સુગ્ન પ્રાગ્ન તજ્ઞ તંત્રગ્ન તપો ગણસ્થિત પંડિત શ્રી ૧૦૮ શ્રી ક્ષમાવિજય ગણિ શિષ્ય યશોવિજયગણિ શિષ્ય પંડિત શ્રી શુભવિજય ગણિ શિષ્યેણ (શ્રીવીરવિજયેણ) વિરચિતાબ્દ (૧૮૬૫) આષાઢ શુકલ પ્રતિપદિ ધસ્ત્રૈત્રિક ચાતુર્માસિક દેવવંદનવિધિ પરિપૂર્ણતાં પ્રાપ્તઃ ॥

—***—

# ॥ અથ શ્રી પદ્મવિજયજી વિરચિતં ॥
# ચૈામાસી દેવવંદન વિધિઃ પ્રારંભઃ ॥

॥ તત્ર પ્રથમ આદિજિન ચૈત્યવંદન ॥

વિમલ કેવલ જ્ઞાન કમલા. કલિત ત્રિભુવન હિત કરં ॥ સુરરાજ સંસ્તુત ચરણ પંકજ નમેા આદિજિનેશ્વરં ॥૧॥ વિમલ ગિરિવર શૃંગ મંડન, પ્રવર ગુણ ગણ ભૂધરં ॥ સુર અસુર કિન્નર કેાડિ સેવિત ॥ ન૦ ॥ ૨ ॥ કરતી નાટક કિન્નરી ગણ, ગાય જિન ગુણ મનહરં ॥ નિર્જરા વલી નમે અહનિશ ॥ ન૦ ॥ ૩ ॥ પુંડરીક ગણપતિ સિદ્ધિ સાધિત, કેાડિ પણ મુનિ મનહરં ॥ શ્રી વિમલ ગિરિવર શૃંગ સિદ્ધા ॥ ન૦ ॥૪॥ નિજસાધ્ય સાધન સુર મુનિવર, કેાડિનંત એ ગિરિવરં ॥ મુગતિ રમણિ વરવા રંગે ॥ ન૦ ॥ ૫ ॥ પાતાલ નરસુર લેાકમાંહે, વિમલ ગિરિવર તેા પરં ॥ નહિ અધિક તીરથ તીર્થપતિ કહે ॥ ન૦ ॥ ૬ ॥ ઇમ વિમલ ગિરિવર શિખર મંડણ, દુઃખ વિહંડણ ધ્યાઈએ ॥ નિજ શુદ્ધ સત્તા સાધનાર્થે, પરમ જ્યેાતિની પાઈએ ॥૭॥ જિત મેાહ કેાહ વિછેાહ નિદ્રા,

પરમપદસ્થિત જય કરં ॥ ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુહિત કરં ॥ ૮ ॥ ઈતિ ॥

—:o:—

## ।। અથ શ્રી ઋષભદેવ નમસ્કાર ।।

આદિદેવ અલવેસરૂ, વિનીતાનો રાય ॥ નાભિરાય કુલ મંડણો, મરૂદેવા માય ॥ ૧ ॥ પાંચશે ધનુષની દેહડી, પ્રભુ પરમદયાલ ॥ ચોરાશી લખ પૂર્વનું, જસઆયુ વિશાલ ॥૨॥ વૃષભ લંછન જિન વૃષધરૂ એ, ઉત્તમ ગુણ મણિ ખાણ ॥ તસ પદ પદ્મ સેવન થકી, લહીએ અવિચલ ઠાણ ॥ ૩ ॥

## ।। અથ ચાર થોયો પ્રારભ્યતે ।।

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા ॥ મરૂદેવી માયા, ધોરી લંછન પાયા ॥ જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા ॥ કેવલ સિરિરાયા, મોક્ષનગરે સધાયા ॥ ૧ ॥ સવિ જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી ॥ દુર્ગતિ દુઃખ ભારી, શોક સંતાપ વારી ॥ શ્રેણીક્ષપક સુધારી, કેવલાનંત ધારી ॥ નમીયે નરનારી, જેહ વિશ્વો-

પકારી ॥ ૨ ॥ સમોસરણે બેઠા, લાગે જે જિનજી મીઠા ॥ કરે ગણુપ પઢહુા, ઇંદ્ર ચંદ્રાદિ દીઠા ॥ દ્વાદશાંગી વરિહુા, ગુંથતા ટાલે રિહુા ॥ ભવિજન હોય હિહુા, દેખી પુણ્યે ગરિહુા ॥ ૩ ॥ સુર સમકિત વંતા, જેહ ઋદ્ધે મહંતા ॥ જેહ સજ્જન સંતા, ટાલીયે મુજ ચિંતા ॥ જિનવર સેવંતા વિઘ્ન વારો દુરંતા ॥ જિન ઉત્તમ થુણંતા, પદ્મને સુખ દિંતા ॥ ૪ ॥ ઇતિ ॥

---

## ॥ અથ સ્તવન પ્રારભ્યતે ॥

॥ સોના તે કેરૂં મ્હારૂં બેડલું મારૂજી, વાવ્ય ખોદાવ ॥
॥ એ દેશી ॥

પ્રથમ જિણેસર પ્રણમીયે, જાસ સુગંધી રે કાય ॥ કલ્પવૃક્ષ પરે તાસ, ઇંદ્રાણી નયન જે, ભૃંગપરે લપટાય ॥૧॥ રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ ॥ તેહથી પ્રતિહત તેહ, માનું કોઈનવિ કરે, જગમાં તુમશું રે વાદ ॥ ૨ ॥ વિગર ધોઈ તુજ નિરમલી, કાયા કંચન વાન ॥ નહિં પ્રસ્વેદ લગાર, તારે તું તેહને, જે ધરેતાહરૂંરે ધ્યાન ॥ ૩ ॥ રાગ ગયો તુજ મન થકી, તેમાં ચિત્રન કોઈ ॥ રૂધિર આમિષથી, રાગ ગયો તુજ જનમથી, દૂધ

સહોદર હોય ॥ ૪ ॥ શ્વાસોશ્વાસ કમલ સમો, તુજ લોકોત્તર વાત ॥ દેખે ન આહાર નિહાર, ચરમચક્ષુ ધણી, એહવા તુજ અવદાત ॥ ૫ ॥ ચાર અતિશય મૂલથી, એાગણીશ દેવના કીધ ॥ કર્મ ખપ્યાથી અગ્યાર, ચોત્રીશ એમ અતિશયા, સમવાયાંગે પ્રસિદ્ધ ॥ ૬ ॥ જિન ઉત્તમ ગુણ ગાવતાં,ગુણ આવે નિજ અંગ॥ પદ્મવિજય કહે એહ સમય પ્રભુ પાલજો, જિમ થાઉં અખય અભંગ ॥ ૭ ॥

---

## ।। અથ શ્રી અજિતનાથ ચૈત્યવંદન ।।

અજિતનાથ પ્રભુ અવતરયો, વિનિતાનો સ્વામી ॥ જિતશત્રુવિજયા તણો, નંદન શિવગામી ॥૧॥ બહોંતેર લાખ પૂરવ તણું, પાલ્યું જિણે આય ॥ ગજ લંછન લંછન નહિ, પ્રણમે સુર રાય ॥ સાડા ચારશે ધનુષની એ, જિનવર ઉત્તમ દેહ ॥ પાદ પદ્મ તસ પ્રણમીયે, જિમ લહીયે શિવ ગેહ ॥ ૧ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

વિજયા સુત વંદો, તેજથી જયું દિણંદો, શીતલતા

એ ચંદો, ધીરતાએગિરિંદો॥ મુખ જિમ અરવિંદો, જાસ સેવે સુરીં દો, લહો પરમાણંદો, સેવતા સુખ કંદો ॥૧॥

---

## ।। અથ શ્રી સંભવનાથ ચૈત્યવંદન ।।

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ ॥ જિતારી નૃપ નંદનો, ચલવે શિવ સાથ ॥૧॥ સેના નંદન ચંદને, પૂજો નવ અંગે ॥ ચારશે ધનુષનું દેહ માન, પ્રણમો મન રંગે ॥ સાઠ લાખ પૂરવ તણું એ, જિનવર ઉત્તમ આય, તુરગ લંછન પદ પદ્મને, નમતાં શિવ સુખ થાય ॥ ૩ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

સંભવ સુખદાતા,જેહ જગમાં વિખ્યાતા,ષટ્જીઉના ત્રાતા, આપતા સુખશાતા ॥ માતાને ભ્રાતા, કેવલજ્ઞાન જ્ઞાતા,દુઃખ દોહગ ત્રાતા, જસ નામે પલાતા ॥૧॥ઇતિ॥

---

## ।। અથ શ્રી અભિનંદન ચૈત્યવંદન ।।

નંદન સંવર રાયનો, ચોથા અભિનંદન ॥ કપિલં-

છન વંદન કરો, ભવ દુખ નિકંદન ॥૧॥ સિદ્ધારથા જસ માવડી, સિદ્ધારથ જિનરાય ॥ સાડાત્રણશે ધનુષમાન, સુંદર જસ કાય ॥૨॥ વિનિતા વાસી વંદીયે એ, આયુ લખ પંચાસ ॥ પૂરવ તસ પદ પદ્મને, નમતાં શિવપુર વાસ ॥ ૩ ॥ ઇતિ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

સંવર સુત સાચો, જસ સ્યાદ્વાદ વાચો, થયો હિરો જાચો, મોહને દેઈ તમાચો ॥ પ્રભુ ગુણ ગણ માચો, એહને ધ્યાને રાચો, જિનપદ સુખ સાચો, ભવ્ય પ્રાણી નિકાચો ॥ ૧ ॥ ઇતિ ॥

---

## ।। અથ શ્રી સુમતિનાથ ચૈત્યવંદન ।।

સુમતિનાથ સુહંકરૂ, કોસલ્યા જસ નયરી ॥ મેઘરાય મંગલ્યા તણો, નંદન જિતવયરી ॥ ૧ ॥ ક્રૌંચ લંછન જિનરાજિયો, ત્રણશે ધનુષની દેહ ॥ ચાલીશ લાખ પૂરવતણું, આયુ અતિ ગુણગેહ ॥ ૨ ॥ સુમતિ ગુણે કરી જે ભરયો એ, તરયો સંસાર અગાધ ॥ તસ પદ પદ્મ સેવા થકી, લહો સુખ અવ્યાબાધ ॥ ૩ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

સુમતિ સુમતિ દાયી, મંગલા જસ માઈ, મેરૂને રાઈ, ઓર એહને તુલાઈ ॥ ક્ષય કીધા ઘાઈ, કેવલ જ્ઞાન પાઈ, નહિં ઊણિમ કાંઈ, સેવિયે તે સદાઈ ॥ ૧ ॥ ઇતિ.

---

## ।। અથ શ્રી પદ્મપ્રભ ચૈત્યવંદન ।।

કોસંબીપુર રાજીયો, ધર નરપતિ તાય ॥ પદ્મપ્રભ પ્રભુતામયી, સુસિમા જસ માય ॥૧॥ ત્રીશ લાખ પૂરવ તણું, જિન આયુ પાલી ॥ ધનુષ અઢીશેં દેહડી, સવિ કર્મને ટાલી ॥ ૨ ॥ પદ્મ લંછન પરમેશ્વરૂ એ, જિન-પદ પદ્મની સેવ ॥ પદ્મવિજય કહે કીજિએ, ભવિજન સહુ નિતમેવ ॥ ૩ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

અઢીસે ધનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા, સુસિમા જસ માયા, શુકલ જે ધ્યાન ધ્યાયા ॥ કેવલ વર પાયા, ચામરાદિધરાયા ॥ સેવે સુરરાયા, મોક્ષ નગરે સધાયા ॥૧॥

---

## ।। અથ શ્રી સુપાસજિન ચૈત્યવંદન ।।

શ્રી સુપાસ જિણંદ પાસ, ટાલ્યો ભવ ફેરો ॥ પૃથિવી માત ઉરે જયો, તે નાથ હમેરો ॥ ૧ ॥ પ્રતિષ્ટિત સુત સુંદરૂ, વાણારસી રાય ॥ વીશ લાખ પૂરવ તણું, પ્રભુજીનું આય ॥ ૨ ॥ ધનુષ બશેં જિન દેહડીએ, સ્વસ્તિક લંછન સાર ॥ પદ પદ્મે જસ રાજતો, તાર તાર ભવ તાર ॥ ૩ ॥ ઇતિ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

સુપાસ જિન વાણી, સાંભલે જેહ પ્રાણી ॥ હૃદયે પહેંચાણી, તે તરસ્યા ભવ્ય પ્રાણી ॥ પાંત્રીશ ગુણખાણી, સૂત્રમાં જે ગુંથાણી ॥ ષટ્ દ્રવ્યશું જાણી, કર્મ પીલેન્યું ઘાણી ॥ ૧ ॥ ઇતિ

---

## ।। અથ શ્રી ચંદ્રપ્રભ ચૈત્યવંદન ।।

લક્ષ્મણા માતા જનમીયો, મહસેન જસ તાય ॥ ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય ॥ ૧ ॥ દશ લખ પૂરવ આઉખું, દોઢશો ધનુષની દેહ ॥ સુર નર-

પતિ સેવા કરે, ધરતા અતિસ સનેહ ॥ ૨ ॥ ચંદ્રપ્રભ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર ॥ પદ્મવિજય કહે પ્રણમીયે, મુજ પ્રભુ પાર ઉતાર ॥ ૩ ॥

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

સેવે સુર વૃંદા, જસ ચરણારવિંદા, અઠમ જિન ચંદા, ચંદ વર્ણે સોહંદા ॥ મહસેન નૃપ નંદા, કાપતા દુઃખ દંદા ॥ લંછન મિષ ચંદા, પાય માનું સેવિંદા ॥૧॥

## ।। અથ શ્રી સુવિધિનાથ ચૈત્યવંદન ।।

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત ॥ મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત ॥૧॥ આયુ બે લાખ પૂરવ તણું, શત ધનુષની કાય ॥ કાકંદી નયરી ધણી, પ્રણમું પ્રભુ પ્રાય ॥ ૨ ॥ ઉત્તમ વિધિ જેહથી લહ્યો એ, તેણે સુવિધિ જિન નામ ॥ નમતાં તસ પદ પદ્મને, લહીએ શાશ્વત ધામ ॥ ૩ ॥

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

નરદેવ ભાવદેવો, જેહની સારે સેવો, જેહ દેવાધિ-

દેવો, સાર જગમાં ન્યું મેવો ॥ જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો, સુવિધિ જિન જેહવો, મોક્ષ દે તતખેવો ॥ ૧ ॥ ઇતિ ॥

---

## ।। અથ શ્રી શીતલનાથ ચૈત્યવંદન ।।

નંદા દઢરથ નંદનો, શીતલ શીતલનાથ ॥ રાજભદ્દિલપુર તણો, ચલવે શિવ સાથ ॥ ૧ ॥ ૧ લાખ પૂરવનું આઉખું, નેવું ધનુષ પ્રમાણ ॥ કાયા માયા ટાલીને, લહ્યા પંચમ નાણ ॥ ૨ ॥ શ્રીવત્સ લંછન સુંદરૂ એ, પદ પદ્મે રહે જાસ ॥ તે જિનની સેવા થકી, લડીયે લીલ વિલાસ ॥ ૩ ઇતિ.

---

## ।। અથ શ્રી શીતલનાથની સ્તુતિ ।।

શીતલ જિન સ્વામી, પુણ્યથી સેવ પામી, પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી ॥ જે શિવગતિ ગામી, શાશ્વતાનંદ ધામી, ભવિ શિવસુખ કામી, પ્રણમીયે શીશ નામી ॥ ૧ ॥

---

## ।। અથ શ્રી શ્રેયાંસનાથ ચૈત્યવંદન ।।

શ્રી શ્રેયાંસ અગ્યારમા, વિષ્ણુ નૃપ તાય ॥ વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષની કાય ॥ ૧ ॥ વરસ ચોરાશી લાખનું, પાલ્યું જેણે આય ॥ ખડગી લંછન પદકજે, સિંહપુરીનો રાય ॥ ૨ ॥ રાજ્ય તજી દીક્ષા વરીએ, જિનવર ઉત્તમ જ્ઞાન ॥ પામ્યા તસ પદ પદ્મને, નમતાં અવિચલ થાન ॥ ૩ ॥ ઇતિ ॥

---

## ।। અથ થોય પ્રારંભ ।।

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત, પ્રભુના અવદાત, તીન ભુવને વિખ્યાત ॥ સુરપતિ સંઘાત, જસ નિકટ આયાત, કરી કર્મનો ઘાત, પામીયા મોક્ષ સાત ॥ ૧ ॥ ઇતિ ॥

---

## ।। અથ શ્રી વાસુપૂજ્ય જિન ચૈત્યવંદન ।।

વાસવ વંદિત વાસુ પૂજ્ય, ચંપાપુરી ઠામ ॥ વાસુ પૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ ॥૧॥ મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ ॥ કાયા આયુ વરસ

વલી, બહોત્તેર લાખ વખાણ ॥ ૨ ॥ સંઘ ચતુર્વિધ થાપીને એ, જિન ઉત્તમ મહારાય ॥ તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદી થાય ॥ ૩ ॥

---

## ॥ અથ થોય પ્રારંભ ॥

વિશ્વના ઉપગારી, ધર્મના આદિકારી ॥ ધર્મના દાતારી, કામ ક્રોધાદિ વારી ॥ ॥ તાર્યો નર નારી, દુઃખ દોહગ હારી ॥ વાસુપૂજ્ય નિહારી, જાઉં હું નિત્ય વારી ॥ ૧ ॥ ઇતિ ॥

---

## ॥ અથ વિમલનાથ ચૈત્યવંદન ॥

કંપિલપુર વિમલ પ્રભુ, શ્યામા માત મલ્હાર ॥ કૃતવર્મા નૃપ કુલ નભે, ઉગમીયો દિનકાર ॥ ૧ ॥ લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય ॥ સાઠ લાખ વરસા તણું, આયુ સુખદાય ॥ ૨ ॥ વિમલ વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ ॥ તુજ પદ પદ્મ વિમલ પ્રત્યે, સેવું ધરી સસનેહ ॥ ૩ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો ॥ શ્યામાંબ મલ્હારો, વિશ્વ કીર્તિ વિકારો ॥ યોજન વિસ્તારો, જસ વાણી પ્રસારો ॥ ગુણગણ આધારો, પુણ્યના એ પ્રકારો ॥ ૧ ॥ ઇતિ ॥

---

## ।। અથ શ્રી અનંતનાથ ચૈત્યવંદન ।।

અનંત અનંત ગુણ આગરૂ, અયોધ્યા વાસી ॥ સિંહસેન નૃપનંદનો, થયો પાપ નિકાસી ॥ ૧ ॥ સુજસા માતા જનમીયો, ત્રીશ લાખ ઉદાર ॥ વરસ આઉખું પાલીયું, જિનવર જયકાર ॥ ૨ ॥ લંછન સીંચણા તણું એ, કાયા ધનુષ પંચાસ ॥ જિનપદ પદ્મ નમ્યા થકી, લહિયે સહજ વિલાસ ॥ ૩ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

અનંત અનંતનાણી, જસ મહિમા ગવાણી ॥ સુરનર તિરિ પ્રાણી, સાંભલે જસ વાણી ॥ એક વચન

સમજણી, છેહ સ્યાદ્વાદ જાણી ॥ તર્યા તે ગુણ ખાણી, પામિયા સિદ્ધિ રાણી ॥ ૧ ॥ ઇતિ ॥

---

## ।। અથ શ્રી ધર્મનાથ ચૈત્યવંદન ।।

ભાનુ નંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત ॥ વજ્ર લંછન વજ્રી નમે, ત્રણ ભુવન વિખ્યાત ॥ ૧ ॥ દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુ પીસ્તાલીશ ॥ રત્નપુરીનો રાજીયો, જગમાં જસ જગીશ ॥ ૨ ॥ ધર્મ મારગ જિનવર કહી એ, ઉત્તમ જન આધાર ॥ તેણે તુજ પાદ પદ્મ તણી, સેવા કરૂં નિરધાર ॥ ૩ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

ધરમ ધરમ ધોરી, કર્મના પાસ તોરી ॥ કેવલ શ્રી જોરી, છેહ ચોરે ન ચોરી ॥ દર્શન મદછોરી, જાય ભાગા સટોરી ॥ નમે સુર નર કોરી, તે વરે સિદ્ધિ ગોરી ॥૧॥ઇતિ.

---

## ।। અથ શ્રી શાંતિજિન ચૈત્યવંદન ।।

શાંતિ જિનેસર સોલમા, અચિરા સુત વંદો ॥ વિશ્વસેન કુલ નભ મણિ, ભવિજન સુખ કંદો ॥ ૧ ॥

મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ ॥ હ-
ત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાણ ॥ ૨ ॥
ચાલીશ ધનુષની દેહડી એ, સમ ચઉરસ સંઠાણ ॥ વં-
દન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ ॥૩॥ ઈતિ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

વંદો જિન શાંતિ, જસ સોવન કાંતિ, ટાલે ભવ
ભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ ॥ દ્રવ્ય ભાવ અરિ પાંતિ,
તાસ કરતા નિકાંતિ, ધરતા મન ખાંતિ, શોક સંતાપ
વાંતિ ॥૧॥ દોય જિનવર નીલા, દોય ધોલા સુશીલા,
દોય રક્ત રંગીલા, કાઢતા કર્મ કીલા ॥ ન કરે કોઈ
હીલા, દોય શ્યામ સલીલા ॥ સોલ સ્વામીજી પીલા,
આપજ્યો મોક્ષ લીલા ॥૨॥ જિનવરની વાણી, મોહવલ્લી
કૃપાણી, સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી ॥ અરથે
ગુંથાણી, દેવ મનુષ્ય પ્રાણી ॥ પ્રણમો હિત આણી,
મોક્ષની એ નિશાણી ॥ ૩ ॥ વાધેસરી દેવી, હર્ષ હિયડે
ધરેવી, જિનવર પય સેવી, સાર શ્રદ્ધા વરેવી ॥ જે નિત્ય
સમરેવી, દુઃખ તેહનાં હરેવી, પદ્મવિજય કહેવી, ભવ્ય
સંતાપ ખેવી ॥ ૪ ॥ ઈતિ ॥

---

# ।। અથ શ્રી શાંતિનાથ જિન સ્તવન ।।

॥ ગરબો કોણને કોરાવ્યો કે નંદજીના લાલ રે ॥
॥ એ દેશી ॥

સોલમાં શાંતિ જિનેસર દેવ કે, અચિરાના નંદરે ॥ જેહની સારે સુરપતિ સેવકે ॥ અ૦ ॥ તિરિ નર સુર સહુ સમુદાયકે ॥ અ૦ ॥ એક યોજન માંહે સમાયકે ॥ અ૦ ॥ ૧ ॥ તેહને પ્રભુજીની વાણી કે ॥ અ૦ ॥ પરિણમે સમજે ભવિ પ્રાણી કે ॥ અ૦ ॥ સહુ જીવના સંશય ભાંજે કે ॥અ૦॥ પ્રભુ મેઘધ્વનિ એમ ગાજે કે ॥ અ૦ ॥૨॥ જેહને જોયણ સવાસો માન કે ॥ અ૦ ॥ જે પૂર્વના રોગ તેણે થાન કે ॥અ૦॥ સવિ નાશ થાયે નવા નાવે કે ॥અ૦॥ ષટ માસ પ્રભુ પરભાવે કે ॥ અ૦ ॥ ૩ ॥ જિહાં જીનજી વિચરે:રંગ કે ॥અ૦॥ નવિ મુષક શલભ પતંગ કે ॥ અ૦ ॥ નવિ કોઇનેઃવયર વિરોધકે ॥ અ૦ ॥ અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ રોધકે ॥ અ૦ ॥ ૪ ॥ નિજ પરચક્રનો ભય નાસે કે ॥ અ૦ ॥ વલી મરકી નાવે પાસે કે ॥ અ૦ ॥ પ્રભુ વિચરે તિહાં ન દુકાલ કે ॥ અ૦ ॥ જાયે ઉપદ્રવ સવિ તતકાલકે ॥ અ૦ ॥ ૫ ॥ જસ મસ્તક પૂઠે રાજે કે ॥અ૦॥ ભામંડલ રવિપરે છાજે કે ॥અ૦॥ કર્મ-

ક્ષયથી અતિશય અગીયાર કે ॥અ૦॥ માનું યોગ્ય સા-
મ્રાજ્ય પરિવાર કે ॥ અ૦ ॥ ૬ ॥ કબ દેખું ભાવ એ ભાવે
કે ॥ અ૦ ॥ એમ હોંશ ઘણી ચિત્ત આવે કે ॥ અ૦ ॥ શ્રી-
જિન ઉત્તમ પરભાવે કે ॥ અ૦ ॥ કહે પદ્મવિજય બની
આવે કે ॥ અ૦ ॥ ૭ ॥ ઈતિ ॥

---

## ॥ અથ શ્રી કુંથુનાથ ચૈત્યવંદન પ્રારંભ ॥

કુંથનાથ કામિત દીયે, ગજપુરનો રાય ॥ સિરિ
માતા ઉરે અવતરયો, શુર નરપતિ તાય ॥ ૧ ॥ કાયા-
પાંત્રીશ ધનુષની, લંછન જસ છાગ ॥ કેવલ જ્ઞાનાદિક
ગુણા, પ્રણમો ધરી રાગ ॥ ૨ ॥ સહસ પંચાણું વરસનું
એ, પાલી ઉત્તમ આય ॥ પદ્મ વિજય કહે પ્રણમીયે,
ભાવે શ્રી જિનરાય ॥ ૩ ॥

---

## ॥ અથ થોય પ્રારભ્યતે ॥

કુંથ જિન નાથ, જે કરે છે સનાથ, તારે ભવપાથ,
જે ગ્રહી ભવ્ય હાથ ॥ એહનો તજે સાથ, ભાવલે દીયે
બાથ ॥ તરે સુર નર સાથ; જે સુણે એક ગાથ ॥

---

## ।। અથ શ્રી અરનાથ ચૈત્યવંદન ।।

નાગપુરે અર જિનવરૂ, સુદર્શન નૃપનંદ ॥ દેવી માતા જનમીયેા, ભવિ જન સુખકંદ ॥ ૧ ॥ લંછનનંદા વર્ત્તનું, કાયા ધનુષહ ત્રીશ ॥ સહસ ચેારાશી વરસનું, આયુ જાસ જગીશ ॥૨॥ અરૂજ અજર અજ જિનવરૂ એ, પામ્યા ઉત્તમ ઠાણ ॥ તસ પદ પદ્મ આલંબતાં, લહીયે ઇમ નિરવાણ ॥ ૩ ॥

---

## ।। અથ થેાય પ્રારભ્યતે ।।

અર જિનવર રાયા, જેહની દેવી માયા, સુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા ॥ નંદાવર્ત્ત પાયા, દેશના શુદ્ધ દાયા, સમવસરણ વિરચાયા, ઇંદ્રિઇંદ્રાણી ગાયા. ॥૧॥

---

## ।। અથ શ્રી મલ્લિનાથ ચૈત્યવંદન ।।

મલ્લિનાથ એાગણીશમા, જસ મિથુલા નયરી ॥ પ્રભાવતી જસ માવડી, ટાલે કર્મ વયરી ॥ ૧ ॥ તાતશ્રી કુંભ નરેસરૂ, ધનુષ પચ્ચવીશની કાયા ॥ લંછન કલશ મંગલકરૂ, નિર્મમ નિરમાય ॥ ૨ ॥ વરસ પંચાવનસહ-

સનું એ, જિનવર ઉત્તમ આય ॥ પદ્મવિજય કહે તેહને, નમતાં શિવસુખ થાય ॥ ૩ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

મલ્લિજિન નમીયે, પુરવલાં પાપ ગમીયે, ઈંદ્રિય ગણ દમિયે, આણ જિનની ન ક્રમીયે ॥ ભવમા નવિ ભમીયે, સર્વ પરભાવ વમીયે, નિજ ગુણમાં રમીયે, કર્મ મલ સર્વ ધમીયે ॥ ૧ ॥ ઈતિ ॥

---

## ।।અથ શ્રી મુનિસુવ્રત સ્વામી ચૈત્યવંદના।।

મુનિસુવ્રત જિન વીશમા, કચ્છપનું લંછન ॥ પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપ નંદન ॥ ૧ ॥ રાજગૃહી નગરી ધણી, વીશ ધનુષ શરીર ॥ કર્મનિકાચિત રેણુ વ્રજ, ઉદ્દામ સમીર ॥ ૨ ॥ ત્રીશ હજાર વરસતણું એ, પાલી, આયુ ઉદાર ॥ પદ્મવિજય કહે શિવ લહ્યા, શાશ્વત સુખ નિરધાર ॥ ૩ ॥ ઈતિ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

મુનિસુવ્રત નામે, જે ભવિ ચિત્ત કામે ॥ સવિ સંપત્તિ પામે, સ્વર્ગનાં સુખ જામે ॥ દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે ॥ સવિ કર્મ વિરામે, જઈ વસે સિદ્ધિ ધામે ॥ ૧ ॥ ઇતિ ॥

---

## ।। અથ શ્રી નમીનાથ ચૈત્યવંદન ।।

મિથિલા નયરી રાજીયો, વપ્રા સુત સાચો ॥ વિજયરાય સુત છોડીને, અવરા મત માચો ॥ ૧ ॥ નીલકમલ લંછન ભલું, પન્નર ધનુષની દેહ ॥ નમિ જિનવરનું સોહતું, ગુણ ગણ મણિ ગેહ ॥ ૨ ॥ દશ હજાર વરસ તણું એ, પાલ્યું પરગટ આય ॥ પદ્મવિજય કહે પુણ્યથી, નમિયે તે જિનરાય ॥ ૩ ॥

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

નમિયે નમિ નેહ, પુણ્ય થાયે જ્યું દેહ ॥ અઘ સમુદય જેહ, તે રહે નાહી રેહ ॥ લહે કેવલ તેહ, સેવનાકાર્ય એહ ॥ લહે શિવપુર ગેહ, કર્મનો આણી છેહ ॥૧॥

## ।। અથ શ્રી નેમિનાથ ચૈત્યવંદન ।।

નેમિનાથ બાવીશમા, શિવા દેવી માય ॥ સમુદ્રવિ-જય પૃથિવીપતિ, જે પ્રભુના તાય ॥ ૧ ॥ દશહ ધનુષની દેહડી, આયુ વરસ હજાર ॥ શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર ॥ ૨ ॥ સૌરીપુર નયરી ભલી એ, બ્રહ્મ-ચારી ભગવાન ॥ જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિ-ચલ થાન ॥ ૩ ॥

## ।। અથ થોય જોડો પ્રારભ્યતે ।।

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી ॥ તેહના પરિ-હારી, બાલથી બ્રહ્મચારી ॥ પશુઆં ઉગારી, હૂઆ ચા-રિત્રધારી, ॥ કેવલ શ્રી સારી, પામીયા ઘાતી વારી ॥૧॥ ત્રણ જ્ઞાન સંયુત્તા, માતની કૂખે હૂંતા॥ જનમે પુરહૂંતા, આવી સેવા કરંતા॥ અનુક્રમે વ્રત કરંતા, પંચ સમિતિ ધરંતા ॥ મહિયલ વિચરંતા, કેવલશ્રી વરંતા ॥૨॥ સવિ સુર વર આવે, ભાવના ચિત્ત લાવે ॥ ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે॥ સિંહાસન ઠાવે, સ્વામિના ગુણ ગાવે॥ તિહાં જિનવર આવે, તત્ત્વ વાણી સુણાવે ॥૩॥ શાસન

સુરી સારી, અંબિકા નામ ધારી॥ જે સમકિતિ નરનારી, પાપ સંતાપ વારી ॥ પ્રભુ સેવા કારી, જપ જપીએ સવારી, સંઘ દુરિત નિવારી, પદ્મને જેહ પ્યારી ॥૪॥ ઇતિ ॥

---

## ।। અથ શ્રી નેમિનાથ જિન સ્તવન ।।

આવો જમાઈ પ્રાહુણા, જયવંતા જી ॥ એ દેશી ॥

નિરખો નેમિ જિણંદને, અરિહંતા જી ॥ રાજીમતિ કર્યો ત્યાગ, ભગવંતા જી ॥ બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો ॥ અ०॥ અનુક્રમે થયા વીતરાગ ॥ ભ० ॥ ૧ ॥ ચામર ચક્ર સિંહાસન ॥ અ० ॥ પાદપીઠ સંયુક્ત ॥ ભ० ॥ છત્ર ચાલે આકાશમાં ॥ અ० ॥ દેવદુંદુભિ વર ઉત્ત ॥ભ०॥૨॥ સહસ જોયણ ધ્વજ સોહતો ॥અ०॥ પ્રભુ આગલ ચાલંત ॥ ભ० ॥ કનક કમલ નવ ઉપરે ॥ અ० ॥ વિચરે પાય ઠવંત ॥ ભ० ॥ ॥૩॥ ચાર મુખે દીયે દેશના ॥અ०॥ ત્રણ ગઢ ઝાકઝમાલ ॥ ભ० ॥ કેશ રોમ શ્મશ્રુ નખા ॥ અ०॥ વાધે નહીં કોઈ કાલ ॥ ભ० ॥ ૪ ॥ કાંટા પણ ઊંધા હોય ॥ અ० ॥ પંચવિષય અનુકૂલ ॥ભ०॥ ષટ્ઋતુ સમકાલે ફલે ॥ અ० ॥ વાયુ નહીં પ્રતિકુલ ॥ ભ० ॥ ૫ ॥ પાણી સુગંધ:સુર કુસુમની ॥ અ० ॥ વૃષ્ટિ હોય સુરસાલ ॥ભ०॥ પંખી:દીયે સુપ્રદક્ષિણા ॥ અ० ॥ વૃક્ષ નમે

અસરાલ ॥ ભ૦ ॥ ૬ ॥ જિન ઉત્તમ પદ પદ્મની ॥ અ૦ ॥ સેવ કરે સુર કોડી ॥ ભ૦ ॥ ચાર નિકાયના જઘન્યથી ॥ અ૦ ॥ ચૈત્યવૃક્ષ તેમ જોડી ॥ ભ૦ ॥ ૭ ॥ ઇતિ.

---

## ॥અથ શ્રી પાર્શ્વજીન ચૈત્યવંદન પ્રારંભા॥

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ ॥ વામા માતા જનમીયો, અહિ લંછન જાસ ॥ ૧ ॥ અશ્વસેનસુત સુખ કરૂ, નવ હાથની કાયા ॥ કાશી દેશ વાણારશી, પુણ્યે પ્રભુ આયા ॥ ૨ ॥ એકસો વરસનું આઉખું એ, પાલી પાસ કુમાર ॥ પદ્મ કહે મુકતે ગયા, નમતાં સુખ નિરધાર ॥ ૩ ॥ ઇતિ ॥

---

## ॥ અથ ચાર થોયો પ્રારંભ ॥

॥ શ્રી પાસ જિણંદા, મુખ પૂનમ ચંદા ॥ પદ યુગ અરવિંદા, સેવે ચોશઠ ઇંદા ॥ લંછન નાગિંદા, જાસ પાયે સોહંદા ॥ સેવે ગુણી વૃંદા, જેહથી સુખ કંદા ॥ ૧ ॥ જનમથી વર ચાર, કર્મ નાસે અગ્યાર ॥ ઓગણીશ નિરધાર, દેવ કીધા ઉદાર ॥ સવિ ચોત્રીશ ધાર, પુણ્યના એ પ્રકાર ॥ નમિયે નર નાર, જેમ સંસાર પાર ॥ ૨ ॥

એકાદશ અંગા, તેમ બારે ઉવંગા ॥ ષટ છેદ સુસંગા, મૂલ ચારે સુરંગા ॥ દશ પઇન્ન સુસંગા, સાંભલો થઈ એકંગા ॥ અનુયોગ બહુ ભંગા, નંદી સૂત્ર પ્રસંગા ॥૩॥ પાસે યક્ષ પાસો, નિત્ય કરતો નિવાસો ॥ અડતાલીશ જાસો, સહસ પરિવાર ખાસો ॥ સહુએ પ્રભુ દાસો, માગતા મોક્ષ વાસો ॥ કહે પદ્મ નિકાસો, વિઘ્નના વૃંદ પાસો ॥ ૪ ઈતિ ॥

---

## ।। અથ શ્રી પાર્શ્વજિન સ્તવન ।।

॥ માહરા પાસ જી રે લો ॥ એ દેશી ॥

જિનજી ત્રેવીશમો જિન પાસ, આશ મુજ પૂરવે રે લો ॥ મહારા નાથજી રે લો૦ ॥ જિ૦ ॥ ઇહ ભવ પરભવ દુઃખ, દોહગ સવિ ચૂરવે રે લો ॥ મા૦ ॥ જિ૦ ॥ આઠ પ્રાતિહાર્યશું, જગમાં તું જયો રે લો ॥ મા૦ ॥ જિ૦ ॥ તાહરા વૃક્ષ અશોકથી, શોક દૂરે ગયો રે લો ॥ મા૦ ॥ ૧ ॥ જિ૦ ॥ જાનુ પ્રમાણ ગીર્વાણ, કુસુમ વૃષ્ટિ કરેરે લો ॥ મા૦ ॥ જિ૦ ॥ દિવ્યધ્વનિ સુર પૂરે કે, વાંસલીયે સ્વરે રે લો ॥ મા૦ ॥ જિ૦ ॥ ચામર કેરી હાર ચલંતી, એમ કહે રે લો ॥ મા૦ ॥ જિ૦ ॥ જે નમે અમ પરે તે

ભવિ, ઉર્ધ્વગતિ લહે રે લો ॥ મા૦ ॥ ૨ ॥ જિ૦ ॥ પાદ પીઠ સિંહાસન, વ્યંતર વિરચિયે રે લો ॥ મા૦ ॥ જિ૦ ॥ તિહાં બેસી જિનરાજ, ભવિક દેશના દિયે રે લો ॥ મા૦ ॥ જિ૦ ॥ ભામંડલ શિર પૂંઠે, સૂર્ય પરે તપે રે લો ॥ મા૦ ॥ જિ૦ ॥ નિરખી હરખે જેહ, તેહનાં પાતક ખપે રે લો ॥ મા૦ ॥ જિ૦ ॥ દેવદુંદુભિનો નાદ, ગંભિર ગાજે ઘણો રે લો ॥ મા૦ ॥ જિ૦ ॥ ત્રણ છત્ર કહે તુજ કે, ત્રિભુવન પતિતણો રે લો ॥ મા૦ ॥ જિ૦ ॥ એ ઠકુરાઈ તુઝ કે, બીજે નવિ ઘટે રે લો ॥ મા૦ ॥ જિ૦ ॥ રાગી દ્વેષી દેવ કે, તે ભવમાં અટે રે લો ॥ મા૦ ॥૪॥ જિ૦ પૂજક નિંદક દોય કે, તાહરે સમપણે રે લો ॥મા૦ જિ૦ ॥ કમઠ ધરણપતિ ઉપર, સમચિત્ત ગણે રે લો ॥ મા૦ ॥ જિ૦ ॥ પણ ઉત્તમ તુજ પાદ, પદ્મ સેવા કરે રે લો ॥ મા૦ ॥ જિ૦ ॥ તેહ સ્વભાવે ભવ્ય કે, ભવસાયર તરે રે લો ॥ મા૦ ॥ ૫ ॥ ઇતિ ॥

---

## ॥અથ શ્રી વર્દ્ધમાન સ્વામિ ચૈત્યવંદના॥

સિદ્ધારથ સુત વંદિયે, ત્રિશલાનો જાયો॥ ક્ષત્રિકુંડમાં

અવતર્યો, સુર નરપતિ ગાયો ॥ ૧ ॥ મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાયા ॥ બહોંત્તેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાયા ॥૨। ખિમાવિજય જિનરાયનાએ, ઉત્તમ ગુણ અવદાત ॥ સાત બોલથી વર્ણવ્યો, પદ્મ-વિજય વિખ્યાત ॥ ૩ ॥

---

## ।। અથ થોય જોડો પ્રારભ્યતે ।।

મહાવીર જિણુંદા, રાય સિદ્ધાર્થ નંદા ॥ લંછન મૃગેંદા, જસ પાયે સોહંદા ॥ સુર નર વર ઈંદા, નિત્ય સેવા કરંદા, ટાલે ભવ ફંદા, સુખ આપે અમંદા ॥૧॥ અડ જિનવર માતા, મોક્ષમાં સુખ શાતા ॥ અડ જિનની ખ્યાતા, સ્વર્ગ ત્રીજે આખ્યાતા ॥ અડ જિનપ જનેતા, નાક માહેંદ્રયાતા, સવિ જિનવર નેતા, શાશ્વતાં સુખ દેતા ॥ ૨ ॥ મલ્લી નેમિ પાસ, આદિ અટ્ઠમ ખાસ ॥ કરી એક ઉપવાસ, વાસુપૂજ્ય સુવાસ ॥ શેષ છટ્ઠ સુવિલાસ, કેવલજ્ઞાન જસ ॥ કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાસ ॥ ૩ ॥ જિનવર જગદીશ, જસ મહોટી જગીશ, નહિં રાગને રીશ, નામીયે તાસ શીશ ॥ માતંગ સુર ઇશ,

સેવતો રાતિ દીસ, ગુરૂ ઉત્તમ અધીશ, પદ્મ ભાંખે સુશીષ ॥ ૪ ॥ ઇતિ ॥

---

## ।। અથ સ્તવન પ્રારભ્યતે ।।

॥ ગેબર સાગરી પાલ, ઉલી દોય નાગરી મારા લાલ ॥
॥ એ દેશી ॥

શાસન નાયક શિવસુખ દાયક, જિનપતિ ॥ મારા લાલ ॥ પાયક જસ સુરાસુર, ચરણે નરપતિ ॥ મા૦ ॥ સાયક કંદર્પ કેરા, જેણે નવિ ચિત્ત ધરાં ॥ મા૦ ॥ ઢાયક પાતક વૃંદ, ચરણ અંગી કરાં ॥ ॥ મા૦ ॥ ૧ ॥ ખાયક ભાવે કેવલ, જ્ઞાનદર્શન ધરે ॥ મા૦ ॥ જ્ઞાયક લોકાલોકના, ભાવ શું વિસ્તરે ॥ મા૦ ॥ ઘાયક ઘાતિકર્મ, મર્મની આપદા ॥ મા૦ ॥ લાયક અતિશય ભાતિ, હાર્યની સંપદા ॥ મા૦ ॥ ૨ ॥ કારક ષટક થયાં તુજ, આતમ તત્વમાં ॥ મા૦ ॥ ધારક ગુણ સમુદાય, સયલ એકત્વમાં ॥ મા૦ ॥ નારક નર તિરિ દેવ, ભ્રમણથી હું થયો ॥ મા૦ કારક જેહ વિભાવ, તેણે વિપરિત ભયો ॥ મા૦ ॥ ૩ ॥ તારક તું ભવિ જીવને, સમરથમેં લહ્યો ॥ મા૦ ॥ ઠારક કરૂણારસથી, ક્રોધાનલ દહ્યો ॥ મા૦ ॥ વારક જેહ ઉપાધિ

અનાદિની સહચરી ॥ મા૦ ॥ કારક નિજ ગુણ રૂદ્ધિ, સેવકને અરાબરી ॥ મા૦ ॥ ૪ ॥ વાણી એહવી સાંભલી, જિન આગમ તણી ॥ મા૦ ॥ જાણી ઉત્તમ આશ, ધરી મનમાં ઘણી ॥ મા૦ ॥ ખાણી ગુણની તુજ પદ, પદ્મની ચાકરી ॥ મા૦ ॥ આણી હૈયડે હેજ, કરૂં નિજ પદ કરી ॥ મા૦ ॥ ૫ ॥ ઈતિ શ્રી મહાવીર જિનસ્તવનં, પછી જયવીયરાય પૂરા કહેવા ॥

---

## ॥અથ શાશ્વતા અશાશ્વતા પ્રભુ ચૈત્યવંદના॥

કોડી સાત ને લાખ બોહોંત્તેર વખાણું, ભુવન પતિ ચૈત્ય સંખ્યા પ્રમાણું ॥ એંશી સેો જિનબિંબ એક ચૈત્ય ઠામે, નમેા સાસય જિનવરા મેાક્ષ કામે ॥ ૧ ॥ કોડી તેરશેાને નવ્યાશી વખાણે, સાડ લાખ ઉપર સવિ બિંબ જાણે ॥ અસંખ્યાત વ્યંતર તણા નગ્ર નામે ॥ ન૦ ॥ ૨ ॥ અસંખ્યાત તિહાં ચૈત્ય તેમ જ્યેાતિષીયે, બિંબ એકશત એંશી ભાંખ્યાં ઋષિયે ॥ નમે તે મહાસિદ્ધિ નવનિદ્ધિ પામે ॥ ન૦ ॥ ૩ ॥ વલી બાર દેવલેાકમાં ચૈત્ય સાર, ગ્રૈવેક નવ માંહિ દેહરાં ઉદાર ॥ તિમ અનુત્તરે દેખીને, મપડેા ભામે ॥ ન૦ ॥ ૪ ॥ ચેારાશી

લાખ તેમ સત્તાણું સહસ્સા, ઉપર ત્રેવીશ ચૈત્યશોભાયે સરસા ॥ હવે બિંબ સંખ્યા કહું તેહ ધામે ॥ન૦ ॥૫॥ સો કોડીને બાવન કોડી જાણો, ચોરાણું લખ સહસ ચૌંઆલ આણો ॥ સય સાત ને સાઠ ઉપરે પ્રકામે ॥ ન૦ ॥૬॥ મેરૂ રાજધાની ગજદંત સાર, જમક ચિત્ર વિચિત્ર કાંચન વખાર ॥ ઇખુકારને વર્ષધર નામ ઠામે ॥ ન૦ ॥૭॥ વલી દીર્ઘ વૈતાઢયને વૃત જેહ, જંબુ આદિ વૃક્ષે દ્વિશા ગજ છે તેહ ॥ કુંડ મહા નદી દ્રહ પ્રમુખ ચૈત્ય ગ્રામે ॥ ન૦ ॥ ૮ ॥ માનુષોત્તર નગવરે જેહ ચૈત્ય, નંદીસર રૂચક કુંડલ છે પવિત્ત ॥ ત્રિછ્ર્લોકમાં ચૈત્ય નમિયે સુઠામે ॥ ન૦ ॥૯॥ પ્રભુ ઋષભ ચંદ્રાનન વારિષેણ, વલિ વર્દ્ધમાનાભિધે ચાર શ્રેણ ॥ એહ શાશ્વતા બિંબ સવિચાર નામે ॥ ન૦ ॥ ૧૦ ॥ સવિ કોડિ સય પનર બાયાલ ધાર-અઠ્ઠાવન લખ સહસ છત્રીશ સાર, એંશી જોઇશ વણ વિના સિદ્ધિ ધામે ॥ન૦॥૧૧॥ અશાશ્વત જિનવર નમો પ્રેમ આણી, કેમ ભાખિયે તેહ જાણી અજાણી ॥ બહુ તીર્થને ઠામે બહુ ગામ ગામે ॥ ન૦ ॥ ૧૨ ॥ એમ જિન પ્રણમીજે, મોહ નૃપને દમીજે, ભવ ભવ ન ભમીજે, પાપ સર્વે ગમીજે ॥ પર ભાવ વમીજે, જો પ્રભુ અઠ્ઠમીજે,

પદ્મવિજય નમીજે, આતમતત્ત્વે રમીજે ॥ ન૦ ॥ ૧૩ ॥
ઇતિ શ્રી શાશ્વત અશાશ્વત જિન નમસ્કારઃ ॥ અહીં નમુત્થુણં કહીને એક લોગસ્સનો કાઉસ્સગ્ગ, "ચંદેસુ નિમ્મલયરા" સુધી કહેવો, એક જણે કાઉસ્સગ્ગ પારી ચાર થોય સાથે કહેવી તે લખીએ છીયે.

---

## ।। અથ થોય પ્રારભ્યતે ।।

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિષેણ દુઃખ વારે જી ॥ વર્દ્ધમાન જિનવર વલી પ્રણમો, સાશ્વત નામ એ ચારે જી ॥ ભરતાદિક ક્ષેત્રે મલિ હોવે, ચાર નામ ચિત્ત ધારે જી ॥ તેણે ચારે એ શાશ્વત જિનવર, નમિયે નિત્ય સવારે જી ॥૧॥ ઊર્ધ્વ અધો ત્રિર્છા લોકે થઈ, કોડિ પન્ન-રસે જાણો જી ॥ ઉપર કોડી બેતાલીશ પ્રણમો, અડ વન લખ મન આણો જી ॥ છત્રીશ સહસ અસીતે ઉપરે, બિંબ તણો પરિમાણો જી ॥ અસંખ્યાત વ્યંતર જ્યો-તિષિમાં, પ્રણમું તે સુવિહાણોજી ॥૨॥ રાયપસેણી જી-વાભિગમે, ભગવતી સૂત્રે ભાંખીજી ॥ જંબૂદ્વીપ પન્નતિ ઠાણાંગે, વિવરીને ઘણું દાખી જી ॥ વલીય અશાશ્વતી જ્ઞાતાકલ્પમાં, વ્યવહાર પ્રમુખે આખી જી ॥ તે જિનપ્ર-

તિમા લોપે પાપી, જિહાં બહુ સૂત્ર છે સાખી જી ॥ ૩ ॥ એ જિનપૂજાથી આરાધક, ઈશાન ઇંદ્ર કહાયા જી ॥ તેમ સુરિયાભ પ્રમુખ બહુ સુરવર, દેવી તણા સમુદાયા જી ॥ નંદીસર અઠ્ઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયા જી ॥ જિન ઉત્તમ કલ્યાણક દિવસે, પદ્મવિજય નમે પાયા જી ॥ ૪ ॥ ઇતિ ॥

અહીંયા લગતીજ મહોટી શાંતિ એક જણે કહેવી અને બીજા સર્વ કાઉસ્સગ્ગમાં સાંભલે, પછી સર્વ જણ કાઉસ્સગ્ગ પારીને પ્રગટ એક લોગસ્સ પૂર્ણ કહે. પછી બેસીને સર્વ જણ તેર નવકાર ગણે. ત્યાર પછી " શ્રી સિદ્ધાચલ સિદ્ધક્ષેત્ર અષ્ટાપદ આદીશ્વર પુંડરીક ગણધરાય, નમો નમઃ ॥ એ પાઠ તેર વખત સર્વ જનોયે કહેવો. પછી પાંચ તીર્થનાં પાંચ સ્તવન કહેવાં, તે લખીયે છીયે.

## ॥ અથ શ્રી શત્રુંજય સ્તવન ॥

॥ જસોદા માવડી ॥ એ દેશી ॥

જાત્રા નવાણું કરીયે વિમલગિરિ ॥ જા૦ ॥ એ આંકણી ॥ પૂરવ નવાણું વાર શેત્રુંજગિરિ, ઋષભ જિણંદ સમોસરીયે ॥ વિ૦ ॥ ૧ ॥ કોડી સહસ ભવ પાતિક

ત્રુટે, શેત્રુંજ સાહામા ડગ ભરીયે ॥ વિ૦ ॥ ૨ ॥ સાત છઠ દોય અઠ્ઠમ તપસ્યા, કરી ચઢીયે ગિરિવરિયે ॥ વિ૦ ॥૩॥ પુંડરીક પદ જપીયે હરખે, અધ્યવસાય શુભ ધરીયે ॥વિ૦॥૪॥ પાપી અભવિ નજરે ન દેખે, હિંસક પણ ઉદ્ધરિયે ॥ વિ૦ ॥ ૫ ॥ ભુઈ સંથારો ને નારી તણો સંગ, દૂર થકી પરહરીયે ॥વિ૦॥૬॥ સચિત્ત પરિહારીને એકલ આહારી, ગુરૂ સાથે પંદ ચરિયે ॥વિ૦॥૭॥ પંડિ-ક્રમણાં દોય વિધિશું કરીયે, પાપ પડલ વિખરીયે ॥વિ૦ ॥૮॥ કલિકાલે એ તીરથ મહોટું, પ્રવહણ જેમ ભરદરીયે ॥વિ૦॥૯॥ ઉત્તમ એ ગિરિવર સેવંતાં, પદ્મ કહે ભવ તરીયે ॥ વિ૦ ॥ ૧૦ ॥ ઈતિ ॥

## ॥ અથ શ્રી ગિરનારજીનું સ્તવન ॥

॥ મહારા વાલાજી ॥ એ દેશી ॥

તોરણથી રથ ફેરી ચાલ્યા કંતરે; પ્રીતમજી ॥ આઠ ભવની પ્રીતડી ત્રોડી તંત ॥ માહારા પ્રીતમજી ॥ નવમે ભવ પણ નેહ ન આણો મુઝરે ॥પ્રી૦॥ તો શે કારણ એટલે આવવું તુજજ ॥મા૦॥૧॥ એક પોકાર સુણી તીર્યંચનો એમ રે ॥પ્રી૦॥ મૂકો અબલા રોતી પ્રભુજી કેમ ॥મા૦॥ ષટ જીવના રખવાલમાં શિરદાર રે ॥પ્રી૦॥ તો કેમ વિ-

લવતી સ્વામી મૂકો નારી ॥ મા૦ ॥ ૨ ॥ શિવવધુ કેરૂં એહવું કહેવું રૂપરે ॥ પ્રી૦ ॥ મુઝ મૂકીને ચિત્તમાં ધરી જિન ભૂપ ॥ મા૦ ॥ જિનજી લિયે સહસાવનમાં વ્રત-ભાર રે ॥પ્રી૦॥ ઘાતી કરમ ખપાવીને નિરધાર ॥મા૦॥૩॥ કેવલ ઋદ્ધિ અનંતી પ્રગટ કીધરે ॥ પ્રી૦ ॥ જાણી રા-જુલ એમ પ્રતિજ્ઞા લીધ ॥ મા૦ ॥ જે પ્રભુજીયે કીધું કરવું તેહ રે ॥પ્રી૦॥ એમ કહી વ્રતધર થઈ પ્રભુ પાસે જેહ ॥ મા૦ ॥ ૪ ॥ પ્રભુ પહેલાં નિજ શોકયનું જોવા રૂપરે ॥પ્રી૦॥ કેવલજ્ઞાન લહી થઈ સિદ્ધ સરૂપ ॥ મા૦ ॥ શિવવધુ વરીયા જિનવર ઉત્તમ નેમ રે ॥ પ્રી૦ ॥ પદ્મ કહે પ્રભુ રાખ્યો અવિચલ પ્રેમ ॥ મા૦ ॥ ૫ ॥

## ।। અથ શ્રી આબુજિનું સ્તવન ।।

કોયલો પરવત ધૂંધલો રે લો ॥ એ દેશી ॥

આબુ અચલ રલિયામણો રે લો, દેલવાડે મનો-હાર ॥ સુખકારી રે ॥ વાદ લીયે જે સ્વર્ગશું રે લો, દેઉલ દીપે ચાર ॥ બલીહારી રે ॥૧॥ ભાવ ધરીને ભેટીયે રે લો ॥ એ આંકણી ॥ બાર પાદશાહ વશ કીયા રે લો, વિમલ મંત્રીસર સાર ॥ સુ૦ ॥ તેણે પ્રાસાદ નિપાઇયો રે લો, ઋષભજી જગદાધાર ॥ બલીહારી રે ॥૨॥ આબુ

અચલ રલીયામણો રે લો ॥ તેહ ચૈત્યમાં જિનવર રે લો ॥ આઠશે ને છોંતેર ॥સુ૦॥ જેહ દીઠે પ્રભુ સાંભરે રે લો, મોહ કરયો જેણે જેર ॥ બ૦ ॥ આબુ૦ ॥ ૩ ॥ દ્રવ્ય ભરી ધરતી ભવી રે લો, લીધી દેઉલ કાજ ॥સુ૦॥ ચૈત્ય તિહાં મંડાવીયો રે લો, લેવા શિવપુર રાજ ॥બ૦॥આબુ ॥૪॥ પન્નરશે કારીગરા રે લો, દીવીધરા પ્રત્યેક ॥ સુ૦ ॥ તેમ મર્દન કારક વલી રે લો, વસ્તુપાલ એ વિવેક ॥ બ૦ ॥ આ૦ ॥ ૫ ॥ કોરણી ઘોરણી તિહાં કરી રે લો, દીઠે બને તે વાત ॥સુ૦॥ પણ નવિ જાયે મુખે કહી રે લો, સુર ગુરૂ સમ વિખ્યાત ॥ બ૦ ॥ આ૦ ॥૬॥ ત્રણે વરસે નીપન્યો રે લો, તે પ્રાસાદ ઉત્તંગ ॥ સુ૦ ॥ બાર કોડી ત્રેપન લક્ષને રે લો, ખરચ્યા દ્રવ્ય ઉછરંગ ॥બ૦॥આ૦॥ ॥ ૭ ॥ દેરાણી જેઠાણીના ગોખડા રે લો, દેખતાં હરખ તે થાય ॥ સુ૦ ॥ લાખ અઢાર ખરચીયાં રે લો, ધન્ય ધન્ય એહની માય ॥ બ૦ ॥ આ૦ ॥ ૮ ॥ મૂલ નાયક નેમીશ્વરૂ રે લો, જન્મ થકી બ્રહ્મચાર ॥ સુ૦ ॥ નિજ સત્તા રમણી થયો રે લો, ગુણ અનંત આધાર ॥ બ૦ ॥ ॥આ૦॥૯॥ ચારશેને અડસઠ ભલા રે લો, જિનવર બિંબ વિશાલ ॥સુ૦॥ આજ ભલે મેં ભેટીયા રે લો, પા-

ય ગયાં પાયાલ ॥ ભ૦ ॥ અ૦ ॥ ૧૦ ॥ ઋષભ ધાતુમયી દેહરે રે લો, એકસો પિસ્તાલીશ બિંબ ॥સુ૦॥ ચૌમુખ ચૈત્ય જુહારિયે રે લો, મરૂધરમાં જેમ અંબ ॥ ભ૦ ॥ આ૦ ॥ ૧૧ ॥ બાણું કાઉસ્સગ્ગીઆ તેહમાં રે લો, અ-ગન્યાસી જિનરાય ॥ સુ૦ ॥ અચલગઢે બહુ જિનવરા રે લો, વંદુ તેહના પાય ॥ ભ૦ ॥ આ૦ ॥૧૨॥ ધાતુમયી પરમેશ્વરા રે લો, અદ્ભૂત જાસ સ્વરૂપ ॥ સુ૦ ॥ ચૌ-મુખ મુખ્ય જિન વંદતાં રે લો, થાયે નિજ ગુણ ભૂપ ॥ ભ૦ ॥ અ૦ ॥ ૧૩ ॥ અઢારશે ને અઢારમા રે લો, ચઇતર વદિ ત્રીજ દિન્ન ॥ સુ૦ ॥ પાલણપુરના સંઘશું રે લો, પ્રણમી થયો ધન ધન્ન ॥ ભ૦ ॥ ॥ આ૦ ॥ ૧૪ ॥ તિમ શાંતિ જગદીશરૂ રે લો, યાત્રા કરી અદ્ભૂત ॥ સુ૦ ॥ જે દેખી જિન સાંભરે રે લો, સેવ કરે પુરહુંત ॥ ભ૦ ॥ આ૦ ॥ ૧૫ ॥ એમ જાણી આબુતણી રે લો, જાત્રા કરશે જેહ ॥ સુ૦ ॥ જિન ઉત્તમ પદ પામશે રે લો, પદ્મવિજય કહે તેહ ॥ ભ૦ ॥ આ૦ ॥ ૧૬ ॥

## ।। અથ અષ્ટાપદ સ્તવન ।।

અષ્ટાપદ અરિહંતજી, મ્હારા વ્હાલાજી રે ॥ આ-દીશ્વર અવધાર ॥ નમીયે નેહશું ॥ મ્હારા૦ ॥ દશહ-

જર મુણિંદશું ॥ મા૦ ॥ વરિયા શિવવધુ સાર ।
નમીયે૦ ॥ ભરત ભૂપ ભાવે કર્યો ॥ મા૦ ॥ ચઉમુખ
ચૈત્ય ઉદાર ॥ ન૦ ॥ જિનવર ચોવીશે જિહાં ॥ મા૦ ॥
થાપ્યા અતિ મનોહાર ॥ ન૦ ॥ ૨ ॥ વરણ પ્રમાણે
બિરાજતા ॥ મા૦ ॥ લંછનને અલંકાર ॥ ન૦ ॥
સમ નાસાયે શોભતા ॥ મા૦ ॥ ચિહું દિશે ચાર પ્ર-
કાર ॥ ન૦ ॥ મંદોદરી રાવણ તિહાં ॥ મા૦ ॥
નાટક કરતાં વિચાલ ॥ ન૦ ॥ ત્રુટિ તાંત તવ રાવણે
॥ મા૦ ॥ નિજ કર વીણા તતકાલ ॥ ન૦ ॥ ૪ ॥
કરી બજાવી તિણે સમે ॥ મા૦ ॥ પણ નવિ ત્રોડયુ
તે તાન ॥ ન૦ ॥ તીર્થંકર પદ બાંધીયું ॥ મા૦ ॥
અદ્‌ભૂત ભાવશું ગાન ॥ ન૦ ॥ ૫ ॥ નિજ લબ્ધે
ગૌતમ ગુરૂ ॥ મા૦ ॥ કરવા આવ્યા તે જાત ॥ ન૦ ॥
જગચિંતામણી તિહાં કર્યું ॥ મા૦ ॥ તાપસ બોધ
વિખ્યાત ॥ ન૦ ॥ ૬ ॥ એ ગિરિ મહિમા મોટકો ॥
॥ મા૦ ॥ તેણે ભવ પામે જે સિદ્ધ ॥ ન૦ ॥ જે નિજ
લબ્ધે જિન નમે ॥ મા૦ ॥ પામે શાશ્વત ઋદ્ધિ ॥ ન૦
॥ ૭ ॥ પદ્મવિજય કહે એહના ॥ મા૦ ॥ કેતાં કરૂં
રે વખાણ ॥ ન૦ ॥ વીરે સ્વમુખે વરણવ્યો ॥ મા૦ ॥
નમતાં કોડી કલ્યાણ ॥ ન૦ ॥ ૮ ॥ ઇતિ ॥

# ।। અથ શ્રી સમેતશિખર સ્તવન ।।

॥ ક્રીડા કરી ઘરે આવીયો ॥ એ દેશી ॥

સમેતશિખર જિન વંદિયે, મોટું તીરથ એહ રે ॥ પાર પમાડે ભવ તણો, તીરથ કહિયે તેહ રે ॥ સમેત૦ ॥ ૧ ॥ અજિતથી સુમતિ જિણંદ લગે, સહસ મુનિ પરિવાર રે ॥ પદ્મપ્રભ શિવસુખ વર્યા, ત્રણશે અડ અણગાર રે ॥ સમેત૦ ॥ ૨ ॥ પાંચશે મુનિ પરિવાર સું, શ્રી સુપાસ જિણંદ રે ॥ ચંદ્રપ્રભ શ્રેયાંસ લગે, સાથે સહસ મુણિંદ રે ॥ સમેત૦ ॥ ૩ ॥ છ હજાર મુનિરાજશું, વિમલ જિનેશ્વર સીધા રે ॥ સાત સહસશું ચૌદમા, નિજ કારય વર કીધા રે ॥ સ૦ ॥ ૪ ॥ એકશો આઠશું ધર્મજી, નવસેશું શાંતિનાથ રે, કુંથુ અર એક સહસશું, સાચો શિવપુર સાથ રે ॥ સ૦ ॥૫॥ મલ્લિનાથ શત પાંચશું, મુનિ નમિ એક હજાર રે ॥ તેત્રીશ મુનિ યુત પાસજી, વરિયા શિવસુખ સાર રે ॥ સ૦ ॥ સત્તાવીશ સહસ ત્રણસે, ઉપરે ઓગણપચાસ રે ॥ જિન પરિકર બીજા કેઈ, પામ્યા શિવપુર વાસ રે ॥ સ૦ ॥ ૭ ॥ એ વીશે જિન એણે ગિરે, સિધ્યા અણસણ લેઇ રે ॥ પદ્મવિજય કહે પ્રણમીયે, પાસ સામલનું ચેઇ રે ॥ સ૦ ॥ ૮ ॥ ઇતિ ॥ (સમાપ્ત.)

## દિવસનાં ચોઘડીયાં

| રવી | સોમ | મોમ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| લાભ | શુભ | ચળ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ |
| કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત |
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |

## રાત્રિનાં ચોઘડીયાં

| રવી | સોમ | મોમ | બુધ | ગુરૂ | શુક્ર | શની |
|---|---|---|---|---|---|---|
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ |
| ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત |
| કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચળ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચળ | કાળ |
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |